

કેવા તું કામણ કરે

।।શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ।।
।।શ્રી શત્રુંજય તીર્થાધિપતિ શ્રી ઋષભસ્વામિને નમઃ।।
।।ગિરનાર મંડન શ્રી નેમિનાથાય નમઃ।।
।।શ્રી સિદ્ધિ-ભદ્ર-ઉંકાર-અરવિંદસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ।।



Keva Tu Kaman Kare...

કેવા તું કામણ કરે

8th Edition

આવૃત્તિ: **આઠમી - વિ.સં.૨૦૮૨**

નકલ: પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦, દ્વિતીય આવૃત્તિ : ૩૦૦૦
તૃતીય આવૃત્તિ : ૧૦૦૦, ચતુર્થ આવૃત્તિ : ૧૦૦૦
પાંચમી આવૃત્તિ : ૪૦૦૦, છઠ્ઠી આવૃત્તિ : ૫૧૦૦
સાતમી આવૃત્તિ : ૫૦૦૦, **આઠમી આવૃત્તિ : ૪૦૦૦**

મૂલ્ય: **₹૧૦૦/- • Also Available in Hindi**

પ્રકાશક: **ૐકાર પરિવાર - +91 99037 30108**

મુદ્રક : PARMESHWAR STUDIOS
+91 99017541188

પ્રાપ્તિસ્થાન:

સુરત: **ARHAM JAIN UPAKARAN BHANDAR,** Exult Shopper, #47, Near Ganesh Temple, Vesu, Surat, Gujarat - 395007

ARIHANT (ARHAM) JAIN UPKARAN BHANDAR
Shop No.8, Siddhachal Avenue,
Near Vasudarshan Char Rasta, Pal, Surat - Gujarat
Ph: +91 94284 53549 (Girish Doshi)

SHREE SHANKHESHWAR JAIN UPKARAN BHANDAR
Chota Bazaar, Road, Gopipura, Surat, Gujarat 395003

SHREE MAHAVIR JAIN UPKARAN BHANDAR
Subhash Nagar, Gopipura, Surat, Gujarat - 395001

અમદાવાદ: **104, NAVRATNA APARTMENT**, Opp. Annapurna Hall, Besides Bodyline Hospital, New Vikas Gruh Road, Paldi - Ahmedabad

શંખેશ્વર: **MAHAVEER JAIN UPKARAN BHANDAR**
Sankheshwar (Dinesh Bhai - +91 94270 39631)

મુંબઈ: **NAMAMI THE SPRITUAL SAARTHI**, Shop No.3, Jawahar Nagar Rd, Opp. Nirman Diagnostic Center, No.4, Goregaon West, Mumbai, Maharashtra 400104

NAMAMI THE SPRITUAL SAARTHI,
Shop No.4/ B, Dutta Krupa Building - Bawelawadi,
Opp.Voltas House, Dr. Babasaheb Ambedkar Road,
Chinchpokli-east, Mumbai - 400011

આ પુસ્તક અંગે જે કોઈ સૂચન હોય તે 'કેવા તું કામણ કરે' ટાઇટલ લખી ૯૮૭૯૨ ૫૯૪૬૦/૯૮૩૩૫ ૭૧૭૭૬ પર વોટ્સઅપ કરવો.

..પ્રસ્તાવના..

કવિવર રવીન્દ્રનાથ ટાગોર
એક પ્રાર્થનામાં કહે છે :
'આમિ સંસારે મન દિયે છિનુ,
તુમિ આપની સે મન નીયે છ...'
(મેં મારું મન સંસારમાં પરોવ્યું
હતું, તમે જાતે જ તે મનને લઈ
લીધું..)
કેવા જ નો ઝેરનું કામણ !
એક ક્ષણ..., ના, એક ક્ષણ,
બીની બીની આંખે 'એ'નું દિવ્ય
રૂપ જોવાયું, બસ, આપણે 'એ'ના
થઈ ગયા !

મણીપાદ્યાય વસીષ્ઠ વિજય મહારાજે
આવી જ કોઈ પોતાની અનુભૂતિને
શબ્દોમાં ઝાલી : 'સ્વામી ! તમે તો
કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું !'

પ્રભુ ! મારા એ ઘવાયેલા ચિત્તને
તમારી પાસે જ રાખજો હોં ! આપની પાસે
એ કાયમ કબજે થઈને રહેશે.
પ્રસ્તુત સંસરમાં ભક્ત હૃદયનું સંગીત
પાને પાને સાંભળવા મળશે.

૧૫/૧૨૩
જુવન ભાનુ માનસ મંદિરમ્ તીર્થ

દીપ !

..પ્રસ્તાવના..

ઉપાધ્યાય યશોવિજયજી ગણિવરે
શ્રી ઋષભદેવ ભગવાનના સ્તવનમાં
ગાયું છે -

'ભક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી'

ભક્તહૃદયને પ્રભુ ભક્તિ કરવાની એવી
તલપ જાગે છે કે ક્યારેક એ વિચારમાં
પડી જાય છે કે જે ભક્તિમાં જાગ્યું તો
ત્યાં પ્રભુ ભક્તિ નહીં થઇ શકે.

આવા પ્રભુભક્તોના હૃદયમાંથી નિકળેલા
ભક્તિ-ગીતો, સ્તવનોનો એક અનોખો
સંગ્રહ 'કેવા નું ડામણ કરે' એ નામે
પ્રસ્તુત છે.

અહીં પાને પાને આને પંક્તિઓ.
પંક્તિઓ ભક્તહૃદયના ઉદ્ગારો છે.
ક્યાંક પ્રભુ મિલનનો આનંદ છે. ક્યાંક
વિરહની વ્યથા છે.

ભક્ત કવિઓની આંગળી પકડીને
પ્રભુને મળવાનો સરસ મજાનો ઉપક્રમ
એટલે 'કેવા નું ડામણ કરે.'

આ લઘુપુસ્તિકાએ ભક્તહૃદયો ઉપર
કેવા ડામણ કર્યા છે કે તુંડ સમયમાં
નવી નવી આવૃત્તિઓ આપના હાથમાં
આવી રહી છે.

એના સહારે પ્રભુભક્તિમાં ગળાડૂબ
ડૂબી જઇએ.

આ. પુણ્યચન્દ્ર સૂરિ

આઠમી આવૃત્તિ વેળાએ પ્રકાશકની કલમે



શ્રીસંઘની એકતા માટે પોતાનું જીવન સમર્પણ કરનાર વિ.સં.૨૦૪૪ના શ્રમણ સંમેલનના મુખ્ય સૂત્રધાર, પ.પૂ.આ.ભ.**શ્રી ઉૐકારસૂરીશ્વરજી મહારાજા** તેઓશ્રીના શિષ્ય પટ્ટપ્રભાવક, ભક્તિયોગાચાર્ય પ.પૂ.આ.ભ.**શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજા**ના મંગળ આશીર્વાદ તથા અપ્રમત્તતાનું એવરેસ્ટ પ.પૂ.આ.ભ.**શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની પ્રેરણાથી તથા સદ્‌ગુરુ ચરણોપાસક પ.પૂ.આ.ભ.**શ્રી રાજપુણ્યસૂરીશ્વરજી મહારાજા** તેમજ આધ્યાત્મિક પ્રવચનકાર પ.પૂ.આ.ભ.**શ્રી ભાગ્યેશવિજયસૂરીશ્વરજી મહારાજા**ની પ્રેરણા અને માર્ગદર્શનથી પ.પૂ.મુ.**શ્રી ત્રીંકારરત્નવિ.મ.સા.**ના માર્ગદર્શન હેઠળ '**શ્રી ઉૐકાર પરિવાર**' સુંદર મઝાની શાસનભક્તિ કરી રહ્યું છે.

'**કેવા તું કામણ કરે**' પુસ્તક, જેમાં સ્તવન અને ભક્તિગીતોની બાજુમાં Q.R.Code હોવાથી શ્રાવકવર્ગે એવા ઉલ્લાસભર્યો પ્રતિસાદ આપ્યો કે માત્ર ટૂંક સમયમાં આજ સુધી ૩૧૦૦૦થી વધુ નકલો પૂરી થઈ ચૂકી છે. આવી અકલ્પનીય સફળતા મળી હોવાથી અને છતાં પણ ખૂબ જ માંગ રહેતી હોવાથી સાધુ-સાધ્વીજી ભગવંતની પ્રેરણાથી નવા સ્તવનો, ભક્તિગીતો ઉમેરી આઠમી આવૃત્તિ બહાર પાડવાનો નિર્ણય કર્યો.

'**કેવા તું કામણ કરે**' પુસ્તકના આધારે પ્રભુભક્ત પ્રભુમાં મગ્ન બની રહે તે જ એક માત્ર અભિલાષા...

લિ.ઉૐકાર પરિવાર

"કેવા તું કામણ કરે"ની વિશેષતા

- નમસ્કાર મહામંત્રમય પ્રાચીન શ્રી વજ્રપંજર સ્તોત્ર, પરમાત્મા-ભક્તિમય શ્રીવર્ધમાન શક્રસ્તવ સ્તોત્ર તેમજ મહામંગલકારી શ્રી ભક્તામર સ્તોત્રથી મંડીત...
- સંસ્કૃત ચોવીશ ભગવાનના થોય જોડા...
- શ્રી શત્રુંજય મહાતીર્થ, ૨૪ તીર્થંકર, સીમંધર સ્વામી, સામાન્યજિન, પર્વ તિથિના સ્તવનાદિ અને હૃદયસ્પર્શી અર્વાચીન ગીતોથી સંગ્રહિત...
- નવકાર મંત્ર આરાધક પંન્યાસજી મ.સા. અને અધ્યાત્મયોગી, પરમાત્મ રસિક કલાપૂર્ણસૂરિ મ.સા.એ જે દેવચંદ્ર ચોવીશી અને આનંદઘન ચોવીશી ઘૂંટી હતી તે ચોવીશીથી અલંકૃત...
- યશોવિજય ચોવીશી, માનવિજય આદિ ચોવીશીના પ્રચલિત સ્તવનોથી તરબતર...
- ચોમાસી દેવવંદનનાં ચૈત્યવંદનો, સ્તવનો અને થોયોથી યુક્ત...
- ઘણા ભાવુકને પ્રભુની ભક્તિ કરવાની ઈચ્છા હોય છે, પણ રાગ ના આવડતો અને ગોખવાની ચીવટ ન હોવાથી ભક્તિ કરી શકતા નથી તેના માટે સ્તવન અને ભક્તિગીતની બાજુમાં Barcodeથી રાગ પ્રાપ્ત કરી શકે છે તેમજ સાંભળતા-સાંભળતા સ્તવન-ભક્તિગીત જલ્દી યાદ રહી જાય છે તે માટે લગભગ મોટાભાગના સ્તવનો તેમજ નૂતન ભક્તિગીતોની બાજુમાં QR Code (Barcode) આપવામાં આવ્યા છે. કે જેથી ભક્ત તેને Scan કરીને પરમાત્મ ભક્તિમાં લયલીન બની શકે છે.
- તેમજ આ પુસ્તકની પાછળના Cover Page ઉપર રહેલ QR Code ને Scan કરીને આ પુસ્તકની PDF ને પોતાના Mobile માં Download પણ કરી શકાશે...
- આ પુસ્તકની પાછળ પ્રાચીન સ્તવનોની અકારાદિક્રમ સાથે અનુક્રમણિકા આપેલ છે.
- છેલ્લા પાના ઉપર સવાર-સાંજના પચ્ચક્ખાણ આપવામાં આવ્યા છે...

"કેવા તું કામણ કરે" Collection

સ્તુતિઃ ૯૨ સ્તવનઃ 333 ભક્તિગીતઃ ૨૨૬



..અનુક્રમણિકા..

શ્રી વજ્રપંજર સ્તોત્ર ૦૧
શ્રી વર્ધમાન શકસ્તવ ૦૨
શ્રી ભક્તામર સ્તોત્ર ૦૭
ચૈત્યવંદન વિધિ ૧૫
પરમાત્મ સ્તુતિ વિભાગ ૨૧
પ્રાચીન સંસ્કૃત સ્તુતિ... ૨૧
પરમાત્માની ભાવવાહી સ્તુતિ ૨૩
શ્રી સિદ્ધાચલ મહાતીર્થ ૨૬
::ચૈત્યવંદન::
(૧) વિમલ-કેવલ-જ્ઞાન-કમલા... ૨૬
(૨) શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર... ૩૭
(૩) સોના રુપાના ફૂલડે... ૩૭
::સ્તવન::
(૧) આજ મારાં નયણાં સફળ થયાં... ૩૮
(૨) ઊંચા ઊંચા શત્રુંજયનાં... ૩૮
(૩) ઐસી દશા હો ભગવન... ૩૯
(૪) કયું ન ભયે હમ મોર વિમલગિરિ... ૪૦
(૫) ગિરિવર દરિસણ વિરલા પાવે... ૪૦
(૬) પ્રીતલડી બંધાણી રે વિમલ... ૪૧
(૭) બાપલડા રે પાતિકડા તુમે... ૪૨
(૮) ગિરિરાજકું સદા મોરી વંદના... ૪૩
(૯) ભરતની પાટે ભૂપતિ રે... ૪૩
(૧૦) મનના મનોરથ સવિ ફળ્યા એ... ૪૪
(૧૧) મારું મન મોહ્યું રે... ૪૫
(૧૨) યાત્રા નવ્વાણું કરીએ... ૪૫
(૧૩) વિમલગિરિ વિમલતા સમરીયે... ૪૬
(૧૪) વિમલગિરિ શિખર સુંદર... ૪૬
(૧૫) વિમલગિરિ વંદો રે... ૪૭
(૧૬) વિમલાચલ નિતુ વંદીએ... ૪૮
(૧૭) શત્રુંજય ગઢના વાસી રે... ૪૮
(૧૮) શોભા શી કહું રે શેત્રુંજા તણી... ૪૯
(૧૯) સિદ્ધાચલ શિખરે દીવો રે... ૫૦
(૨૦) સિદ્ધાચલગિરિ ભેટ્યા રે... ૫૧
(૨૧) સિદ્ધાચલના વાસી... ૫૨
(૨૨) સિદ્ધાચલનો વાસી પ્યારો લાગે... ૫૨
શ્રી રાયણ પગલા ૫૫
::ચૈત્યવંદન::
(૧) એહ ગિરિ ઉપર... ૫૫
::સ્તવન::
(૧) નીલુડી રાયણ તરુ તળે... ૫૫
શ્રી પુંડરિક સ્વામી ૫૭
::ચૈત્યવંદન::
(૧) આદીશ્વર જિનરાયનો... ૫૭
::સ્તવન::
(૧) એક દિન પુંડરીક... ૫૭
શ્રી આદિનાથ ભગવાન ૫૯
::ચૈત્યવંદન::
(૧) આદિદેવ અલવેસરુ... ૫૯
(૨) કલ્પવૃક્ષની છાંયડી... ૫૯
(૩) પ્રથમ નાથ પ્રગટ પ્રતાપ... ૬૦
(૪) ચિદાનન્દલીલા... ૬૦
::સ્તવન::
(૧) પ્રથમ જિનેશ્વર પ્રણમીએ... ૬૧
(૨) ઋષભ જિણંદ દયાલ રે... ૬૨
(૩) ઋષભ જિણંદશું પ્રીતડી... ૬૨
(૪) ઋષભ જિણંદા ઋષભ જિણંદા... ૬૩
(૫) ઋષભ જિનરાજ મુજ આજ... ૬૩
(૬) ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે... ૬૫
(૭) ઋષભદેવ હિતકારી... ૬૫
(૮) જગચિંતામણિ જગગુરુ... ૬૬
(૯) જગજીવન જગવાલહો... ૬૭
(૧૦) તુમ દરિસણ ભલે પાયો... ૬૭
(૧૧) દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો... ૬૮
(૧૨) નાભિરાયા વંશે વારું... ૬૮
(૧૩) બાળપણે આપણ સસનેહી... ૬૯
(૧૪) બાલુડો નિઃસ્નેહી થઈ ગયો રે... ૭૦
(૧૫) ભક્તવત્સલ પ્રભુ સાંભળો રે... ૭૦
(૧૬) માતા મરુદેવીના નંદ... ૭૧

(૧૭) શ્રી જગનાથ જગગુરુ દેવ રે... ૭૨
(૧૮) સમરથ સાહિબ સમતા દરિયો... ૭૨
(૧૯) સિદ્ધગિરિ મંડણ પાય નમીજે... ૭૩
(૨૦) સુગુણા સુગુણા સૌભાગી... ૭૪
(૨૧) હું તો પામ્યો પ્રભુના પાય રે... ૭૫
શ્રી અજિતનાથ ભગવાન ૭૮
::ચૈત્યવંદન::
(૧) અજિતનાથ પ્રભુ અવતર્યા... ૭૮
::સ્તવન::
(૧) અજિત અજિતજિન સાહિબા રે... ૭૮
(૨) અજિત જિણંદ દયા કરો રે... ૭૯
(૩) અજિત જિણંદશું પ્રીતડી... ૮૦
(૪) અજિત જિણંદા!... ૮૦
(૫) અજિત જિણેસર ચરણની સેવા... ૮૧
(૬) અજિત જિનેશ્વર સાંભળો રે... ૮૧
(૭) જ્ઞાનાદિક ગુણ સંપદા રે... ૮૨
(૮) તું ગત મેરી જાને જિનજી... ૮૩
(૯) પંથડો નિહાળું રે... ૮૩
(૧૦) પ્રીતલડી બંધાણી રે... ૮૪
(૧૧) શુભ વેળા શુભ અવસરે... ૮૫
શ્રી સંભવનાથ ભગવાન ૮૬
::ચૈત્યવંદન::
(૧) સાવત્થી નયરી ધણી... ૮૬
::સ્તવન::
(૧) મુજરો લ્યોને માહરો સાહિબા... ૮૬
(૨) શ્રી સંભવ જિનરાજજી રે... ૮૭
(૩) શ્રી સંભવજિન સાથે મેં તો... ૮૭
(૪) સંભવ જિન જબ... ૮૮
(૫) સંભવ જિનવર ખુબ બન્યો રે... ૮૯
(૬) સંભવ જિનવર વિનંતી... ૯૦
(૭) સંભવદેવ તે ધુર સેવો સવે રે... ૯૦
(૮) સમકિત દાતા સમકિત આપો... ૯૧
શ્રી અભિનંદનસ્વામી ભગવાન ૯૨
::ચૈત્યવંદન::
(૧) નંદન સંવર રાયનો... ૯૨
::સ્તવન::
(૧) અભિનંદન જિન દરિસણ... ૯૨
(૨) અભિનંદન સ્વામી હમારા... ૯૩
(૩) ક્યું જાણું કયું બની આવશે... ૯૩
(૪) ઠીઠી હો પ્રભુ ઠીઠી જગગુરુ... ૯૪
(૫) પ્રભુ તુજ દરિશન મળીયો... ૯૫
(૬) પ્રભુ! તેરે નયન કી બલિહારી... ૯૬
શ્રી સુમતિનાથ ભગવાન ૯૭
::ચૈત્યવંદન::
(૧) સુમતિનાથ સુહંકરું... ૯૭
::સ્તવન::
(૧) અહો શ્રી સુમતિ જિન... ૯૭
(૨) દિલરંજન જિનરાજજી રે... ૯૯
(૩) લાગ્યો લાગ્યો પ્રભ શું નેહ... ૯૯
(૪) સુમતિ ચરણકજ આતમ... ૧૦૦
(૫) સુમતિનાથ ગુણશું મિલીજી... ૧૦૦
(૬) હો મન! તે તો ક્યું જિન... ૧૦૧
શ્રી પદ્મપ્રભસ્વામી ભગવાન ૧૦૨
::ચૈત્યવંદન::
(૧) કોસંબીપુર રાજિયો... ૧૦૨
::સ્તવન::
(૧) અજબ બની રે મેરે... ૧૦૨
(૨) પદ્મપ્રભ જિન જઈ અલગા... ૧૦૩
(૩) પદ્મપ્રભ જિન! તુજ મુજ... ૧૦૩
(૪) પદ્મપ્રભ પ્રાણ સે પ્યારા... ૧૦૪
(૫) પ્રભુ તેરી મૂરતિ મોહનગારી... ૧૦૫
(૬) શ્રી પદ્મપ્રભ જિન ગુણનિધિ... ૧૦૫
(૭) શ્રી પદ્મપ્રભના નામને રે... ૧૦૬
શ્રી સુપાર્શ્વનાથ ભગવાન ૧૦૭
::ચૈત્યવંદન::
(૧) શ્રી સુપાસ જિણંદ પાસ... ૧૦૭
::સ્તવન::
(૧) ક્યું ન હો સુનાઈ સ્વામી... ૧૦૭
(૨) નિરખી નિરખી તુજ બિંબને... ૧૦૮
(૩) મુજ મન ભમરો... ૧૦૯
(૪) શ્રી સુપાસ આનંદમેં... ૧૦૯
(૫) શ્રી સુપાસ જિન વંદીએ... ૧૧૦
(૬) શ્રી સુપાસ જિનરાજ... ૧૧૧
શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાન ૧૧૨
::ચૈત્યવંદન::
(૧) લક્ષ્મણા માતા જનમીયો... ૧૧૨

::સ્તવન::

(૧) ચંદ્રપ્રભ ચિત્તમાં વસ્યા... ૧૧૨
(૨) ચંદ્રપ્રભની ચાકરી નિત્ય... ૧૧૩
(૩) ચંદ્રપ્રભ જિન સાહિબા રે... ૧૧૩
(૪) દેખણ દે રે સખી! મુને... ૧૧૪
(૫) મુજ ઘટ આવજો રે નાથ... ૧૧૫
(૬) શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા... ૧૧૫
(૭) શ્રી શંકર ચંદ્રપ્રભ રે લો... ૧૧૬

શ્રી સુવિધિનાથ ભગવાન ૧૧૮

::ચૈત્યવંદન::

(૧) સુવિધિનાથ નવમા નમું... ૧૧૮

::સ્તવન::

(૧) તાહરી અજબશી યોગની... ૧૧૮
(૨) દીઠો સુવિધિ જિણંદ... ૧૧૯
(૩) મેં કીનો નહીં... ૧૨૦
(૪) લઘુ પણ હું તુમ મન નવિ... ૧૨૧
(૫) સુણો સુવિધિ જિણંદ... ૧૨૨
(૬) સુવિધિ જિણંદ મુજ... ૧૨૩
(૭) સુવિધિ જિણેસર પાય નમીને... ૧૨૪

શ્રી શીતલનાથ ભગવાન ૧૨૫

::ચૈત્યવંદન::

(૧) નંદા દ્રઢરથ નંદનો... ૧૨૫

::સ્તવન::

(૧) તુજ મુખ સન્મુખ નિરખતાં... ૧૨૫
(૨) મુજ મનડામાં તું વસ્યો રે... ૧૨૬
(૩) શીતલ જિન મોહે પ્યારા... ૧૨૬
(૪) શીતલ જિનપતિ પ્રભુતા... ૧૨૭
(૫) શીતલ જિનપતિ લલિત... ૧૨૮
(૬) શ્રી શીતલજિન ભેટીએ... ૧૨૮

શ્રી શ્રેયાંસનાથ ભગવાન ૧૩૦

::ચૈત્યવંદન::

(૧) શ્રી શ્રેયાંસ અગ્યારમાં... ૧૩૦

::સ્તવન::

(૧) તારક બિરુદ સુણી કરી... ૧૩૦
(૨) તુમે બહુ મૈત્રી રે સાહેબા... ૧૩૧
(૩) મેરો મન! કિતહી ન લાગે... ૧૩૧
(૪) શ્રી શ્રેયાંસ કૃપા કરો... ૧૩૨
(૫) શ્રી શ્રેયાંસ જિન અંતરજામી... ૧૩૨
(૬) શ્રી શ્રેયાંસ જિન સાહિબા... ૧૩૩
(૭) શ્રી શ્રેયાંસ પ્રભુ તણો... ૧૩૪

શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન ૧૩૫

::ચૈત્યવંદન::

(૧) વાસવ વંદિત વાસુપૂજ્ય... ૧૩૫

::સ્તવન::

(૧) તારજો દીન દયાળ... ૧૩૫
(૨) પૂજના તો કીજે રે બારમા... ૧૩૬
(૩) વાસુપૂજ્ય જિન અંતરજામી... ૧૩૬
(૪) વાસુપૂજ્ય જિન ત્રિભુવન... ૧૩૭
(૫) શ્રી વાસુપૂજ્ય નરિંદનોજી... ૧૩૮
(૬) સાહિબા જિનરાજ હમારા... ૧૩૮
(૭) સ્વામી તુમે કાંઈ કામણ... ૧૩૯
(૮) હો જિનવરજી અબ મેરે... ૧૪૦

શ્રી વિમલનાથ ભગવાન ૧૪૧

::ચૈત્યવંદન::

(૧) કંપિલપુર વિમલપ્રભુ... ૧૪૧

::સ્તવન::

(૧) દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે... ૧૪૧
(૨) પ્રભુજી! મુજ અવગુણ... ૧૪૨
(૩) વિમલ જિન વિમલતા... ૧૪૩
(૪) વિમલ જિનેશ્વર જગતનો... ૧૪૩
(૫) વિમલ જિનેશ્વર મુજ... ૧૪૪
(૬) વિમલનાથ મુજ મન વસે... ૧૪૪
(૭) સેવો ભવિયાં વિમલ... ૧૪૫

શ્રી અનંતનાથ ભગવાન ૧૪૬

::ચૈત્યવંદન::

(૧) અનંત અનંત ગુણ આગરું... ૧૪૬

::સ્તવન::

(૧) અનંત જિનરાજના ચરણાની... ૧૪૬
(૨) અનંત પ્રભુ કે આશ કી... ૧૪૭
(૩) કરુણાયર પ્રભુ વીનવું રે... ૧૪૮
(૪) જ્ઞાન અનંતુ તાહરે રે... ૧૪૮
(૫) ધાર તલવારની સોહિલી... ૧૪૯
(૬) પ્રભુ તુજ નામ છે નાથ... ૧૫૦
(૭) મૂરતિ હો પ્રભુ મૂરતિ... ૧૫૧
(૮) શ્રી અનંતજિન શું કરો... ૧૫૨

શ્રી ધર્મનાથ ભગવાન ૧૫૩

::ચૈત્યવંદન::

(૧) ભાનુનંદન ધર્મનાથ... ૧૫૩

::સ્તવન::
(૧) થાશું પ્રેમ બન્યો છે રાજ... ૧૫૩
(૨) ધરમ જગનાથનો ધર્મ... ૧૫૪
(૩) ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું... ૧૫૫
(૪) ધર્મ જિનેશ્વર ધર્મધુરંધર... ૧૫૭
(૫) ધર્મ જિનેશ્વર સુણ... ૧૫૭
(૬) લાગી રે મુને! ધર્મ... ૧૫૮
શ્રી શાંતિનાથ ભગવાન ૧૫૯
::ચૈત્યવંદન::
(૧) શાન્તિ જિનેશ્વર સોલમા... ૧૫૯
(૨) શાંતિ જિનેશ્વર સાહિબા... ૧૫૯
(૩) વિશ્વાતિશાયી મહિમા... ૧૬૦
::સ્તવન::
(૧) સોળમાં શાંતિ જિનેશ્વર દેવ કે... ૧૬૦
(૨) ક્ષણ ક્ષણ સાંભરો શાંતિ... ૧૬૧
(૩) જગ જનમન રંજે રે... ૧૬૨
(૪) જગત દિવાકર જગત... ૧૬૩
(૫) તાર મુજ તાર મુજ તાર... ૧૬૪
(૬) તું પારંગત તું પરમેશ્વર... ૧૬૫
(૭) ધન દિન વેળા ધન ઘડી તેહ... ૧૬૬
(૮) મારો મુજરો લ્યોને રાજ... ૧૬૬
(૯) શાંતિ જિન એક મુજ... ૧૬૭
(૧૦) શાંતિ જિનેશ્વર સાચો... ૧૬૮
(૧૧) શાંતિ જિનેશ્વર સાહિબા રે... ૧૬૮
(૧૨) શાંતિ! તેરે લોચન હૈ... ૧૬૯
(૧૩) શ્રી શાંતિ જિનેશ્વર દીઠો... ૧૬૯
(૧૪) સુણો શાંતિ જિણંદ!... ૧૭૦
(૧૫) સુણો શાંતિ જિનેશ્વર... ૧૭૧
(૧૬) હમ મગન ભયે પ્રભુ ... ૧૭૨
શ્રી કુંથુનાથ ભગવાન ૧૭૪
::ચૈત્યવંદન::
(૧) કુંથુનાથ કામિત દીયે... ૧૭૪
::સ્તવન::
(૧) કુંથુ જિનેશ્વર જાણજો રે... ૧૭૪
(૨) કુંથુ જિનેશ્વર સાચો દેવ... ૧૭૫
(૩) કુંથુ જિનેશ્વર સાહિબ... ૧૭૬
(૪) જ્ઞાની વિણ કિણ આગળ... ૧૭૬
(૫) મનડું કિમહિ ન બાજે હો... ૧૭૭
(૬) સમવસરણ બેસી કરી રે... ૧૭૮
(૭) સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ! ૧૭૯
શ્રી અરનાથ ભગવાન ૧૮૦
::ચૈત્યવંદન::
(૧) નાગપુરે અર જીનવરું... ૧૮૦
::સ્તવન::
(૧) અરનાથકું સદા મોરી... ૧૮૦
(૨) અર જિનવર દીયે દેશના... ૧૮૧
(૩) ધરમ પરમ અરનાથનો... ૧૮૧
(૪) પ્રણમો શ્રી અરનાથ... ૧૮૨
(૫) પ્રભુ! તાહરો તાગ... ૧૮૩
(૬) મારા સાહિબ! શ્રી અરનાથ... ૧૮૪
(૭) શ્રી અરજિન ભવજલનો... ૧૮૫
શ્રી મલ્લિનાથ ભગવાન ૧૮૬
::ચૈત્યવંદન::
(૧) મલ્લિનાથ ઓગણીશમા... ૧૮૬
::સ્તવન::
(૧) પંચમ સુરલોકના વાસી રે... ૧૮૬
(૨) પ્રભુ મલ્લિજિણંદ શાંતિ... ૧૮૭
(૩) મલ્લિ જિણંદ સદા નમીયે... ૧૮૭
(૪) મલ્લિ જિણેસર મુજને... ૧૮૮
(૫) મલ્લિનાથ જગનાથ ... ૧૮૮
(૬) સેવક કિમ અવગણીએ હો... ૧૮૯
શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન ૧૯૧
::ચૈત્યવંદન::
(૧) મુનિસુવ્રત જિન વીશમા... ૧૯૧
::સ્તવન::
(૧) આજ સફલ દિન મુજ તણો... ૧૯૧
(૨) ઓલગડી તો કીજે ... ૧૯૨
(૩) દિલ ભરી દરિશન પાઉં કે... ૧૯૩
(૪) મુનિસુવ્રત જિનરાય... ૧૯૩
(૫) મુનિસુવ્રત જિન વંદતાં... ૧૯૪
(૬) મુનિસુવ્રત મન મોહ્યું મારું... ૧૯૫
(૭) શ્રી મુનિસુવ્રત સાહિબા રે... ૧૯૫
શ્રી નમિનાથ ભગવાન ૧૯૭
::ચૈત્યવંદન::
(૧) મિથિલા નયરી રાજીયો... ૧૯૭

::સ્તવન::

(૧) એકવીસમા જિન આગલેજી... ૧૯૭
(૨) દિલભર દરશન પાઉં રે... ૧૯૮
(૩) મુજ મન પંકજ ભમરલો... ૧૯૮
(૪) શ્રી નમિજિનની સેવા કરતાં... ૧૯૯
(૫) શ્રી નમિ જિનવર સેવ... ૧૯૯
(૬) શ્રી નમિનાથને ચરણે... ૨૦૦
(૭) ષટ્‌દરશણ જિન અંગ... ૨૦૧

શ્રી નેમિનાથ ભગવાન ૨૦૩

::ચૈત્યવંદન::

(૧) નેમિનાથ બાવીશમાં... ૨૦૩
(૨) અપરાજિતથી આવિયા... ૨૦૩
(૩) નેમિ જિનેસર નિયમથી... ૨૦૩

::સ્તવન::

(૧) નિરખ્યો નેમિ જિણંદને... ૨૦૪
(૨) અરજ સુણો હો નેમ... ૨૦૪
(૩) અષ્ટ ભવાંતર વાલહો રે... ૨૦૫
(૪) એકવાર બોલો મારાં નાથ... ૨૦૭
(૫) ગઢ ગિરનારે જઈ રહ્યા રે... ૨૦૭
(૬) જઈને રહેજો મારા વાલાજી... ૨૦૮
(૭) તોરણ આવી રથ ફેરી ગયા... ૨૦૯
(૮) દેખત હી ચિત્ત ચોર લિયો... ૨૦૯
(૯) દેખો માઈ! અજબ રૂપ... ૨૧૦
(૧૦) દ્વારાપુરીનો નેમ રાજિયો... ૨૧૦
(૧૧) નેમજી રે... તોરણે... ૨૧૧
(૧૨) નેમિ જિનેશ્વર નિજ... ૨૧૧
(૧૩) નેમિ નિરંજન નાથ... ૨૧૨
(૧૪) પરમાતમ પૂરણકલા... ૨૧૩
(૧૫) ભવિયણ વંદો ભાવશું રે... ૨૧૪
(૧૬) મૈં આજ દરિસણ પાયા... ૨૧૫

શ્રી પાર્શ્વનાથ ભગવાન ૨૧૮

::ચૈત્યવંદન::

(૧) આશ પૂરે પ્રભુ પાસજી... ૨૧૮
(૨) ૐ નમઃ પાર્શ્વનાથાય... ૨૧૮
(૩) જય ચિંતામણી પાર્શ્વનાથ... ૨૧૯

::સ્તવન::

(૧) જિનજી ત્રેવીશમો જિન પાસ... ૨૧૯
(૨) અંતરજામી સુણ અલવેસર... ૨૨૦
(૩) અખિયાં દરિશન કી હૈ... ૨૨૧
(૪) અખિયાં હરખણા લાગી... ૨૨૧
(૫) અબ મોહે! ઐસી આય... ૨૨૨
(૬) અહો! અહો! પાસજી!... ૨૨૨
(૭) આઈ બસો ભગવાન... ૨૨૩
(૮) આજ મનોરથ માહરો... ૨૨૪
(૯) ઓલગડી અવધારો... ૨૨૪
(૧૦) કોયલ ટહુંકી રહી મધુવન... ૨૨૫
(૧૧) ચિત્ત સમરી શારદા... ૨૨૬
(૧૨) જય! જય! પાસ જિણંદા... ૨૨૭
(૧૩) તાર તુજ તાર મુજ... ૨૨૭
(૧૪) તારા નયના રે પ્યાલા... ૨૨૮
(૧૫) તારી મૂરતિનું નહિ... ૨૨૯
(૧૬) તું પ્રભુ મારો હું પ્રભુ... ૨૩૦
(૧૭) ધ્રુવપદ રામી!... ૨૩૦
(૧૮) નિત્ય સમરું સાહિબ... ૨૩૨
(૧૯) પારસનાથ આધાર... ૨૩૩
(૨૦) પાર્શ્વ જિણંદા વામાજી... ૨૩૩
(૨૧) પાર્શ્વ જિન! તાહરા... ૨૩૪
(૨૨) પાસ શંખેશ્વરા સાર... ૨૩૪
(૨૩) પ્રણામું પદ પંકજ પાસના... ૨૩૫
(૨૪) પ્રભુ જગજીવન જગબંધુ... ૨૩૬
(૨૫) પ્રભુ પાર્શ્વ જિણંદ સદા... ૨૩૭
(૨૬) ભવજલ પાર ઉતાર... ૨૩૭
(૨૭) ભેટીએ ભેટીએ... ૨૩૮
(૨૮) મનમોહન પ્રભુ પાસજી... ૨૩૮
(૨૯) મુખ ખોલ જરા... ૨૩૯
(૩૦) મુજ સરીખા મેવાસી ને... ૨૩૯
(૩૧) મેરે સાહિબ તુમ હિ હો... ૨૪૦
(૩૨) મેરો પ્રભુ પારસ... ૨૪૧
(૩૩) રાધા જેવા ફૂલડાં ને... ૨૪૧
(૩૪) વામાનંદન જગદાનંદન... ૨૪૨
(૩૫) વામાનંદન વંદના... ૨૪૨
(૩૬) શરણ તુમારે આયો... ૨૪૩
(૩૭) શા માટે સાહિબ... ૨૪૪
(૩૮) શ્રી ચિંતામણી પ્રભુ... ૨૪૪
(૩૯) શ્રી શંખેશ્વર નિજ રંગી... ૨૪૫

(૪૦) સમય સમય સો વાર... ૨૪૫
(૪૧) સહજ ગુણ આગરો... ૨૪૬
(૪૨) સાર કર સાર કર સ્વામી... ૨૪૭
(૪૩) સુખદાઈ રે સુખદાઈ... ૨૪૮
(૪૪) સુણો પાર્શ્વ જિનેશ્વર... ૨૪૯
(૪૫) સુરજમંડન પાર્શ્વ જિણંદા... ૨૫૦
(૪૬) હે પ્રભુ! પાર્શ્વ... ૨૫૦
(૪૭) હો અવિનાશી! નાથ... ૨૫૧

શ્રી મહાવીરસ્વામી ભગવાન ૨૫૪

::ચૈત્યવંદન::

(૧) સિદ્ધારથ સુત વંદીએ... ૨૫૪
(૨) નવ ચોમાસી તપ કર્યા... ૨૫૪
(૩) નમો દુર્વારરાગાદિ... ૨૫૫

::સ્તવન::

(૧) શાસન નાયક શિવસુખ દાયક... ૨૫૫
(૨) અહા! કેવું ભાગ્ય જાગ્યું... ૨૫૬
(૩) આજ જિનરાજ! મુજ કાજ... ૨૫૭
(૪) આવ આવ રે માહરા મનડા... ૨૫૮
(૫) કરુણાસાગર જીવજીવન... ૨૫૯
(૬) ગિરુઆ રે ગુણ તુમ તણા... ૨૬૦
(૭) ગોયમ કહે સુણો વીરજી રે... ૨૬૦
(૮) ચઉમાસી પારણું આવે... ૨૬૧
(૯) છેલ્લો બોધ આપી... ૨૬૨
(૧૦) જગપતિ તું તો દેવાધિદેવ!... ૨૬૨
(૧૧) તાર હો તાર પ્રભુ મુજ... ૨૬૩
(૧૨) તારે વયણે મનડું વીંધ્યું રે... ૨૬૪
(૧૩) તેરો દરશ મન ભાયો... ૨૬૪
(૧૪) તો શું પ્રીત બંધાણી... ૨૬૫
(૧૫) દીન દુખિયાનો તું છે... ૨૬૬
(૧૬) ના રે પ્રભુ નહિ માનું... ૨૬૭
(૧૭) મનમંદિર મોહન આવીયે... ૨૬૭
(૧૮) મહાવીરસ્વામી રે વિનંતી... ૨૬૮
(૧૯) માતા ત્રિશલાનંદ કુમાર... ૨૬૯
(૨૦) રુડી ને રઢિયાળી રે... ૨૭૦
(૨૧) વર્ધમાન જિનવરના... ૨૭૧
(૨૨) વિરહ સે ભયો રે ઉદાસી... ૨૭૧
(૨૩) વીર જિણંદ જગત... ૨૭૨
(૨૪) વીર જિનેશ્વર ચરણે... ૨૭૨
(૨૫) વીર વડ ધીર મહાવીર... ૨૭૩
(૨૬) વીર વહેલા આવો રે... ૨૭૪
(૨૭) વીર વિણ વાણી કોણ... ૨૭૬
(૨૮) વીરજી સુણો એક... ૨૭૬
(૨૯) સરસ્વતી સ્વામીને પાયે... ૨૭૭
(૩૦) સિદ્ધારથના રે નંદન... ૨૭૮
(૩૧) સુણ સુગુણ સનેહી... ૨૭૯

શ્રી સીમંધરસ્વામી ભગવાન ૨૮૩

::ચૈત્યવંદન::

(૧) શ્રી સીમંધર! જગધણી... ૨૮૩
(૨) શ્રી સીમંધર! વીતરાગ!... ૨૮૩
(૩) વાણી પાંત્રીસ ગુણભરી... ૨૮૪

::સ્તવન::

(૧) આજ જિનરાજ મુજ... ૨૮૪
(૨) તમે મહાવિદેહ જઈને... ૨૮૫
(૩) તારી મૂરતિએ મન મોહ્યું રે... ૨૮૬
(૪) ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી... ૨૮૭
(૫) પુષ્કલવઈ વિજયે જયો રે... ૨૮૮
(૬) પ્યારા સીમંધર સ્વામી... ૨૮૮
(૭) પ્રભાતે ઊઠી કરું વંદના રે... ૨૮૯
(૮) શ્રી સીમંધર જિનવર સ્વામી... ૨૯૦
(૯) શ્રી સીમંધર વિનંતી... ૨૯૦
(૧૦) શ્રી સીમંધર સાહિબા... ૨૯૧
(૧૧) શ્રી સીમંધર સાહિબા સુણો... ૨૯૧
(૧૨) શ્રી સીમંધર સાહિબા હું કેમ... ૨૯૨
(૧૩) શ્રી સીમંધરસ્વામી મુક્તિના... ૨૯૩
(૧૪) સીમંધર જિન વંદીએ... ૨૯૪
(૧૫) સુણો ચંદાજી! સીમંધર... ૨૯૪

શ્રી સામાન્ય જિન ૨૯૬

::વિવિધ ચૈત્યવંદન::

(૧) શ્રી શાશ્વતા અશાશ્વતા જિન... ૨૯૬
(૨) અલખ અગોચર અકલરૂપ... ૨૯૭
(૩) આજ દેવ અરિહંત નમું... ૨૯૮
(૪) જય જય તું જિનરાજ આજ... ૨૯૯
(૫) તુજ મુરતિને નિરખવા... ૨૯૯
(૬) પદ્મપ્રભુ ને વાસુપૂજ્ય... ૩૦૦
(૭) પરમેશ્વર પરમાતમા... ૩૦૦

::સ્તવન::
(૧) અનંતવિરજ અરિહંત!... ૩૦૦
(૨) અબ મેં સાચો સાહિબ... ૩૦૨
(૩) અબોલડાં શાના લીધાં છે... ૩૦૨
(૪) આજ મારા પ્રભુજી સામું... ૩૦૩
(૫) આનંદ કી ઘડી આઈ... ૩૦૪
(૬) ક્યું કર ભક્તિ કરું... ૩૦૫
(૭) જિણંદા! વે દિન ક્યું... ૩૦૫
(૮) જિન તેરે ચરણ કી શરણ... ૩૦૬
(૯) તો બિન ઓર ન જાચું... ૩૦૬
(૧૦) નિરંજન નાથ મોહે... ૩૦૬
(૧૧) પરમાનંદ વિલાસી... ૩૦૭
(૧૨) પાયોજી! મૈંને તેરો... ૩૦૭
(૧૩) પ્રભુ મેરે ઐસી આય... ૩૦૮
(૧૪) પ્રભુજી! તુમ દીઠે... ૩૦૮
(૧૫) બેર બેર નહિ આવે... ૩૦૯
(૧૬) ભક્તિ સદા સુખદાઈ... ૩૦૯
(૧૭) મન મોહ્યું પ્રભુ ગુણ... ૩૧૦
(૧૮) મારી નાવલડી મઝધાર... ૩૧૦
(૧૯) મેરે પ્રભુશું પ્રગટ્યો... ૩૧૧
(૨૦) મેરો મન! હરખે પ્રભુ... ૩૧૨
(૨૧) વિનંતી કૈસે કરું... ૩૧૨
(૨૨) સકલ સમતા સુરલતાનો... ૩૧૩
(૨૩) હમ લીને હે પ્રભુ... ૩૧૩

ચોવીશ ભગવાનના થોય જોડા ગુજરાતી અને સંસ્કૃત ૩૧૬

વિશિષ્ટ આરાધના વિભાગ ૩૨૬

પાંચમની આરાધના ૩૨૬

::ચૈત્યવંદન::
(૧) શ્રી સૌભાગ્ય પંચમી તણો... ૩૨૬

::સ્તવન::
(૧) શ્રી જિનવરને પ્રગટ થયું રે... ૩૨૭

આઠમની આરાધના ૩૨૮

::ચૈત્યવંદન::
(૧) મહા સુદિ આઠમ દિને... ૩૨૮

::સ્તવન::
(૧) શ્રી રાજગૃહી શુભ ઠામ... ૩૨૯

એકાદશીની આરાધના ૩૩૦

::ચૈત્યવંદન::
(૧) શાસન નાયક વીરજી... ૩૩૦

::સ્તવન::
(૧) પંચમ સુરલોકના વાસી રે... ૧૮૬

પર્યુષણ પર્વની આરાધના ૩૩૨

::ચૈત્યવંદન::
(૧) પર્વ પર્યુષણ ગુણ નીલો... ૩૩૨
(૨) કલ્પતરુવર કલ્પસૂત્ર... ૩૩૩

::સ્તવન::
(૧) સુણજો સાજન સંત... ૩૩૨
(૨) રીઝો રીઝો શ્રી વીર દેખી.... ૩૩૪

સિદ્ધચક્રની આરાધના ૩૩૭

::ચૈત્યવંદન::
(૧) અરિહંત પદ ધ્યાતો થકો... ૩૩૭
(૨) સકલ મંગલ પરમ કમલા... ૩૩૮

::સ્તવન::
(૧) અહો ભવિ પ્રાણી રે... ૩૩૮
(૨) નવપદ ધરજો ધ્યાન... ૩૩૯

:: ચૌમાસી દેવવંદન આરાધના ::

દરેક ભગનાનનું પહેલુ ચૈત્યવંદન, સ્તવન તેમજ થોય બોલવી

શાશ્વતા અશાશ્વતા જિન ચૈત્યવંદન ૨૯૬
થોય ૩૧૪

નૂતન ભક્તિગીત વિભાગ ૩૪૨

(૧) અંતરના અંતરિક્ષમાં મને મળજે... ૩૪૨
(૨) અત્તર અત્તર વરસો છો... ૩૪૩
(૩) અમને દેજો એક જ સ્મિત... ૩૪૩
(૪) અર્પણ કરું શું તને... ૩૪૪
(૫) આ મારા મહારાજજી... ૩૪૪
(૬) આંખડી મીંછાય છે... (શાતા પૂછો) ૩૪૫
(૭) આંખમાંથી શું ઝરે છે... ૩૪૫
(૮) આગમન તારું આગમન... ૩૪૬
(૯) આજ આનંદ અંગ... ૩૪૭
(૧૦) આટલું આપજે નાથ!... ૩૪૭
(૧૧) આજ ટમટમાતા દીવાઓ પર ... ૩૪૮
(૧૨) આપત્તિઓ આવે ભલે... ૩૪૯
(૧૩) આવજો મન મંદિરીયે ૩૪૯
(૧૪) ઈતની શક્તિ હમે દેના... ૩૫૦

(૧૫) એકડે એકથી શરુ કરાવે... ૩૫૧
(૧૬) એક તું બસ એક તું... ૩૫૨
(૧૭) એવું લાગે છે આજે મને... ૩૫૨
(૧૮) એવો મને પ્રેમ છે... ૩૫૩
(૧૯) ઓ પાલનહારે... ૩૫૩
(૨૦) ઓ પ્યારા નાથજી... ૩૫૪
(૨૧) કરુણાના સિંધુ... ૩૫૫
(૨૨) કેવા તું કામણ કરે... ૩૫૫
(૨૩) કેવા શોભે મારા જિનરાયા... ૩૫૬
(૨૪) ખબર ક્યાં છે... ૩૫૭
(૨૫) ખુલ્લા મૂક્યા છે મેં તો... ૩૫૮
(૨૬) ચરણોં મેં તેરે રહકર... ૩૫૯
(૨૭) ચોક પુરાવો... ૩૫૯
(૨૮) છે મુજને તમન્ના તો... ૩૬૦
(૨૯) જનમ જનમથી હું તમારો છું... ૩૬૨
(૩૦) જિનવર સદા તુજ સાથ હો... ૩૬૨
(૩૧) તમારા હૃદય આકાશમાં... ૩૬૩
(૩૨) તમારી લાગી તરસ... ૩૬૩
(૩૩) તમારે ઇશારે તમારી કૃપાથી... ૩૬૪
(૩૪) તમે આંખે કર્યું અંજન... ૩૬૫
(૩૫) તમે આટલાં વસી જાશો હૈયે... ૩૬૫
(૩૬) તમે કલ્પવૃક્ષની છાયા... ૩૬૬
(૩૭) તારજે ડુબાડજે... ૩૬૬
(૩૮) તારા ગુણોની પાટ મને... ૩૬૭
(૩૯) તારા જ પંથે... ૩૬૮
(૪૦) તારા નૈનમાં ૩૬૮
(૪૧) તારા મસ્ત ગુલાબી ગાલ... ૩૬૯
(૪૨) તારા મિલનની લગન ... ૩૬૯
(૪૩) તારા વિના તો કેમ જીવવું... ૩૭૦
(૪૪) તારી કૃપાનો સ્પર્શ મને... ૩૭૧
(૪૫) તારી પાસે એવું શું... ૩૭૨
(૪૬) તારી પ્રીતિની કેવી અસર... ૩૭૨
(૪૭) તારું ધાર્યું બધું થાય છે... ૩૭૩
(૪૮) તારે દ્વારે આવીને કોઈ... ૩૭૪
(૪૯) તારો સથવારો... ૩૭૪
(૫૦) તું એક જ છે મારો... ૩૭૫
(૫૧) તું ખૂબ મને ગમે છે... ૩૭૬
(૫૨) તું છે મુજને સૌથી પ્યારો ... ૩૭૬
(૫૩) તું પ્યાર કા સાગર હૈ... ૩૭૭
(૫૪) તું પ્રેમ દરિયો ૩૭૮
(૫૫) તું મારો નાથ, તું મારો સાથ... ૩૭૯
(૫૬) તુજ કરુણાધારમાં... ૩૮૦
(૫૭) તુજને જોયા કરું... ૩૮૦
(૫૮) તુમ સે હે જોડી... ૩૮૧
(૫૯) તૂ હૈ તો... ૩૮૨
(૬૦) તેરે એહસાન કા બદલા... ૩૮૨
(૬૧) તેરે દ્વાર પે આયા હું... ૩૮૩
(૬૨) દર્શન ક્યારે દેશો... ૩૮૩
(૬૩) દાદા તારા પગલા પડ્યા ને... ૩૮૪
(૬૪) દીયો દયામય તવ દર્શનની... ૩૮૪
(૬૫) દોષથી હર્યોભર્યો છું... ૩૮૫
(૬૬) ધર્મના દાયક તમે ધુરંધર... ૩૮૬
(૬૭) નવાબ શ્રી શંખેશ્વરા... ૩૮૭
(૬૮) નાતા જોડ લિયા... ૩૮૮
(૬૯) નામ તમારું ગમી ગયું છે... ૩૮૮
(૭૦) નિષ્ફળ અમારું જીવન... ૩૮૯
(૭૧) પગથિયે રાહ જોઉં છું... ૩૮૯
(૭૨) પરમાત્મા બની જાશે મારો... ૩૯૦
(૭૩) પરમાતમા... ૩૯૦
(૭૪) પલ પલ તુંહી... ૩૯૧
(૭૫) પ્રભુ વસંતના પગલા... ૩૯૨
(૭૬) પ્રભુ! તમારા પગલે પગલે... ૩૯૨
(૭૭) પ્રભુ! તેં મને જે... ૩૯૩
(૭૮) પ્રભુ! વિરહ તારો હું નહીં રે... ૩૯૩
(૭૯) પ્રભુને સર્વ સોંપીને... ૩૯૪
(૮૦) ફરું છું પહાડ ને જંગલ... ૩૯૫
(૮૧) બહુ આશ ધરીને નાથ... ૩૯૫
(૮૨) ભગવાન! હેં કહાં રે તું... ૩૯૫
(૮૩) ભગવાન પધારે છે... ૩૯૬
(૮૪) ભીની હૈ અઁખિયા... ૩૯૭
(૮૫) મંદિર પધારો સ્વામી! સલુણા... ૩૯૭
(૮૬) મા બનીને આવો પ્રભુજી... ૩૯૮
(૮૭) મારા તારણહાર... ૩૯૮
(૮૮) મારા વ્હાલા પ્રભુ!... ૩૯૯
(૮૯) મારા હૃદય સિંહાસન પર... ૪૦૦
(૯૦) મારા હોઠે તમારું સ્મરણ.... ૪૦૦

(૯૧) મુશ્કિલ ડગર છે... ૪૦૧
(૯૨) મુસાફરી... ૪૦૨
(૯૩) મેરા જીવન તેરી શરણા... ૪૦૩
(૯૪) મેરે સાહેબ ને મુજકો ૪૦૩
(૯૫) યુગોથી હું પુકારું છું... ૪૦૪
(૯૬) રમે રોમ રોમ... ૪૦૪
(૯૭) રાત દિવસ ઉપકારો તારા.. ૪૦૫
(૯૮) રોમે રોમે હું તારો... ૪૦૫
(૯૯) લગની લાગી છે... ૪૦૬
(૧૦૦) લાવો અંતરમાં અંતરીક્ષજી... ૪૦૬
(૧૦૧) વાલમ આવોને... ૪૦૭
(૧૦૨) શંખેશ્વર તું સહારો... ૪૦૮
(૧૦૩) શ્વાસોની માળામાં સમરું હું... ૪૦૯
(૧૦૪) શ્વાસોમાં મારા સમાવું તુજને... ૪૧૦
(૧૦૫) સમયની આ સૂની સૂની... ૪૧૧
(૧૦૬) સિદ્ધારથના રાજકુંવરનું... ૪૧૨
(૧૦૭) સૂરજ કી ગરમી સે... ૪૧૨
(૧૦૮) સ્પર્શે છે તારો પ્યાર... ૪૧૩
(૧૦૯) સ્વામી! તારા સ્નેહનો... ૪૧૩
(૧૧૦) હજી નયનોનાં દ્વારે... ૪૧૪
(૧૧૧) હમેં રાસ્તો કી... ૪૧૫
(૧૧૨) હર શ્વાસમાં સ્મરું... ૪૧૫
(૧૧૩) હું તને કયાં મળું?... ૪૧૬
(૧૧૪) હું તને સમજાવું શું ? ૪૧૭
(૧૧૫) હું તારો તું મારો... ૪૧૮
(૧૧૬) હું દાસ તમારો છું... ૪૧૯
(૧૧૭) હું બાળ તમારો છું... ૪૧૯
(૧૧૮) હું મીરા હું રાધિકા... ૪૨૦
(૧૧૯) હૃદય મંદિરના મારા દેવ... ૪૨૧
(૧૨૦) હે ઉપકારી કૃપા વરસાવો... ૪૨૧
(૧૨૧) હે જીરાવલા! તું... ૪૨૨
(૧૨૨) હે ત્રિશલાના જાયા!... ૪૨૩
(૧૨૩) હે દીનબંધુ! હે દીનાનાથ!... ૪૨૩
(૧૨૪) હે પ્રભુ! હે પ્રભુ!... ૪૨૪
(૧૨૫) હે વીર મહાવીર... ૪૨૫
(૧૨૬) હોઠ કરે છે તારું કીર્તન... ૪૨૫
નમો આદીશ્વરમ્ **૪૨૬**
(૧) અંતરની અયોધ્યાનો રામ છે... ૪૨૬
(૨) આદિનાથ દાદા મારે હૈયે વસોને... ૪૨૬
(૩) ઋષભજી બોલાવે... ૪૨૭
(૪) ગિરિવર પર બેઠા છે... ૪૨૮
(૫) જેની કીકી કાળી છે... ૪૨૯
(૬) દિલ મેં બસ જાઓ આદિનાથ... ૪૩૦
(૭) પ્રથમ રાજેશ્વર પ્રથમ સંયમધર... ૪૩૧
(૮) પ્હાલા આદિનાથ મેં તો... ૪૩૨
(૯) સિદ્ધગિરીને ભેટવાનો... ૪૩૨
(૧૦) સિદ્ધાચલ દરબાર જાજરમાન... ૪૩૩
(૧૧) સિદ્ધાચલ મારો સિદ્ધાચલ... ૪૩૪
(૧૨) સિદ્ધાચલના શિખરોને વંદન... ૪૩૫
(૧૩) હું તો શત્રુંજય નદીની પાસે... ૪૩૫
(૧૪) હો રાજ! મને લાગ્યો છે... ૪૩૬
નેમરસ **૪૩૮**
(૧) આનંદ રંગ... ૪૩૮
(૨) ગિરનારીનાં નેમ... ૪૩૮
(૩) ગિરનારે શોભે દેખો નેમજી... ૪૩૯
(૪) ગિરનારે શ્રી પ્રભુ નેમ છે... ૪૪૦
(૫) જય જય ગરવો ગિરનાર... ૪૪૧
(૬) જય હો ગિરનાર... ૪૪૨
(૭) જોગી બનીને ચાલ્યા નેમકુમાર... ૪૪૩
(૮) નિરખી નયણા ભીંજાય... ૪૪૪
(૯) નેમ તું પ્રાણ આધાર... ૪૪૫
(૧૦) નેમજીના નામની તું લૂંટ... ૪૪૬
(૧૧) નેમ રસ... ૪૪૬
(૧૨) નેમિ નિરંજન... ૪૪૭
(૧૩) નેમિ પ્રીતમ પ્યારા... ૪૪૯
(૧૪) મારા ચિત્તમાં... ૪૪૯
(૧૫) મારા શમણામાં નેમ પ્રભુ... ૪૫૦
(૧૬) રાજુલને નેમ મળી જાશે... ૪૫૧
(૧૭) રોમે રોમે ગિરનાર... ૪૫૨
(૧૮) શ્યામ! કહોને ક્યારે મળશું?... ૪૫૩
(૧૯) સામું જુઓને-૧... ૪૫૩
(૨૦) સામું જુવોને-૨... ૪૫૪
સુગંધનું સરનામું સંયમ **૪૫૬**
(૧) ક્યારે બનીશ હું સાચો રે સંત... ૪૫૬
(૨) છોડવા જેવો સંસાર છોડી... ૪૫૬
(૩) જેનાં પાવન પગલાંથી... ૪૫૭

(૪) ઝૂમે રે ઝૂમે આનંદે... ૪૫૮
(૫) થાવું મારે રજોહરણ રસિયા રે... ૪૫૯
(૬) ધન્ય ધન્ય બનાવીશ જન્મ... ૪૫૯
(૭) પરથી થયા પરાયા... ૪૬૦
(૮) પરમની સફરમાં... ૪૬૧
(૯) મનડો લાગો રે લાગો રે વિરતી મેં... ૪૬૨
(૧૦) મને વેશ શ્રમણનો મળજો રે... ૪૬૨
(૧૧) મારે તો લેવાની છે દીક્ષા... ૪૬૩
(૧૨) મારે બનવું છે અણગાર... ૪૬૪
(૧૩) મુનિ ક્યારે બનીએ... ૪૬૫
(૧૪) રજોહરણ સંગ લગી પ્રીતલડી... ૪૬૫
(૧૫) વિરતી આપો... ૪૬૬
(૧૬) સંયમ ક્યારે મળશે... ૪૬૭
(૧૭) સંયમ મનોરથ... ૪૬૮
(૧૮) સર્વ સ્વીકારની સંયમ યાત્રા... ૪૬૯
(૧૯) સાધનાના પંથે આજે... ૪૭૦
(૨૦) હવે સામું જુઓ પ્રભુ પરમાત્મા... ૪૭૧
મને સદ્‌ગુરુ મળ્યાં ૪૭૨
(૧) ઐસા ચિદ્‌રસ દિયો... ૪૭૨
(૨) આપ છો મારા સંવેગ દાતા... ૪૭૨
(૩) ગુરુ એવા મળ્યા... ૪૭૩
(૪) ગુરુ તત્ત્વ તું... ૪૭૩
(૫) દેવાધિદેવ... ગુરુદેવ... ૪૭૪
(૬) ગુરુમા મને સ્વીકારજો... ૪૭૪
(૭) ગુરુવર યશોવિજય સૂરીશ્વર... ૪૭૫
(૮) જય જય યશોવિજય સૂરિરાયા... ૪૭૬
(૯) જય હો... યશોવિજય સૂરિરાજ... ૪૭૭
(૧૦) તમે છો ભગવન્ તમે સહારા... ૪૭૮
(૧૧) તું ગૌતમ સમ લાગે મને... ૪૭૮
(૧૨) તું છે તો... ૪૭૯
(૧૩) દર્શનથી તારા... ૪૮૦
(૧૪) નાની મારી પગલી ઉપર... ૪૮૦
(૧૫) મારી તો દુનિયા... ૪૮૧
(૧૬) પરમાત્માનું રુપ તું... ૪૮૨
(૧૭) મને સદ્‌ગુરુ મળ્યા... ૪૮૩
(૧૮) મળ્યા સંત સ્વરુપે ભગવંત... ૪૮૩
(૧૯) મહા ઉપકારીને વંદન હજારો... ૪૮૪
(૨૦) માનું ગુરુ અનહદ આભાર... ૪૮૫
(૨૧) મારી ગુરુમાઁ વ્હાલી છે... ૪૮૬
(૨૨) મીલે હો ગુરુ હમકો... ૪૮૭
(૨૩) મેં ઝાલ્યો તારો હાથ... ૪૮૭
(૨૪) મોહે લાગી લગન ગુરુ... ૪૮૮
(૨૫) રંગી દો પ્રભુના રંગે ... ૪૮૮
(૨૬) રોમે રોમે પરમનો વાસ... ૪૮૯
(૨૭) સદ્‌ગુરુ પરમાત્મા... ૪૯૦
નારી અભિષેક ધારા ૪૯૧
(૧) સ્તુતિ... ૪૯૧
(૨) કરીએ મહા-અભિષેક... ૪૯૨
(૩) ઝૂલે મહાવીરજી ખેલે... ૪૯૨
(૪) તારી અભિષેક ધારા... ૪૯૩
(૫) મારા રુપાળા ભગવાન... ૪૯૪
(૬) વીર ઝૂલે, ત્રિશલા ઝુલાવે... ૪૯૪
(૭) સોના રુપાના કળશે... ૪૯૫
(૮) સોનાના પારણીયે ઝૂલે... ૪૯૫
(૯) હાથમાં કળશા ભરી આજ... ૪૯૬
અજબ ધૂન અર્હમ્‌ની ૪૯૭
(૧) અજબ ધુન અર્હમ્‌ની લાગી રે... ૪૯૭
(૨) આણી મન શુદ્ધ આસ્થા... ૪૯૭
(૩) આદેશ્વર વંદના... ૪૯૮
અહો! જિનશાસનમ્ ૪૯૯
(૧) અહો! જિનશાસનમ્... ૪૯૯
(૨) આ શાસન તારણહાર... ૫૦૧
(૩) જિનવર! તારું શાસન... ૫૦૨
(૪) જિનશાસન કા પરચમ... ૫૦૩
(૫) વંદે શાસનમ્... ૫૦૪
(૬) શાસન મેરે શાસન... ૫૦૫
(૭) રજા આપો હવે દાદા!.. ૫૦૬
સજ્ઝાય વિભાગ ૫૦૭
(૧) જગત હૈ સ્વાર્થ કા સાથી... ૫૦૭
(૨) ધર્મ દૃઢતાની સજ્ઝાય... ૫૦૭
(૩) ક્રોધની સજ્ઝાય... ૫૦૮
અનુક્રમણિકા-૨ ૫૧૭
(પ્રાચીન સ્તવનો અકારાદિ ક્રમે)
સવાર-સાંજના પચ્ચક્‌ખાણ ૫૨૨



શ્રી વજ્રપંજર સ્તોત્ર

(રાગઃ રઘુપતિ રાઘવ રાજા રામ.../એક પંખી આવીને...)

ૐ પરમેષ્ઠિ નમસ્કારં, સારં નવ-પદાત્મ-કમ્ ।
આત્મ-રક્ષા-કરં વજ્ર-પંજ-રાભં સ્મરામ્યહમ્ ॥ ॥૧॥

ૐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતમ્ ।
ૐ નમો સવ્વ-સિદ્ધાણં, મુખે મુખ-પટં વરમ્ ॥ ॥૨॥

ૐ નમો આયરિયાણં, અંગ-રક્ષાતિ-શાયિની ।
ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયો-ર્દૃઢમ્ ॥ ॥૩॥

ૐ નમો લોએ સવ્વ-સાહૂણં, મોચકે પાદયોઃ શુભે ।
એસો પંચ નમુક્કારો, શિલા વજ્ર-મયી તલે ॥ ॥૪॥

સવ્વ-પાવ-પ્પણાસણો, વપ્રો વજ્ર-મયો બહિઃ ।
મંગલાણં ચ સવ્વેસિં, ખાદિ-રાંગાર-ખાતિકા ॥ ॥૫॥

સ્વાહાન્તં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મંગલં ।
વપ્રો-પરિ-વજ્ર-મયં, પિધાનં દેહ-રક્ષણે ॥ ॥૬॥

મહા-પ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવ-નાશિની ।
પરમેષ્ઠિ-પદોદ્ભૂતા, કથિતા પૂર્વ-સૂરિભિઃ ॥ ॥૭॥

યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિ-પદૈઃ સદા ।
તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિ-રાધિ-શ્ચાપિ કદાચન ॥ ॥૮॥

આચાર્યશ્રી સિદ્ધસેનસૂરિ વિરચિત

શ્રી વર્ધમાન શકસ્તવઃ

જયતુ જયતુ નિત્યં શ્રી વીતરાગઃ
જયતુ જયતુ નિત્યં શ્રી શક્રેન્દ્રઃ
જયતુ જયતુ નિત્યં શ્રી સિદ્ધસેનસૂરિઃ
જયતુ જયતુ નિત્યં પરમોપકારી શ્રી ગુરુદેવઃ
જયતુ જયતુ નિત્યં શ્રી શકસ્તવઃ

ૐ નમોઽર્હતે, ભગવતે, પરમાત્મને, પરમ-જ્યોતિષે,
પરમ-પરમેષ્ઠિને, પરમવેધસે, પરમયોગિને,
પરમેશ્વરાય, તમસઃપરસ્તાત્, સદોદિતા-દિત્યવર્ણાય,
સમૂલોન્મૂલિતાનાદિસકલ-ક્લેશાય. ॥૧॥

ૐ નમોઽર્હતે,
ભૂર્ભુવઃસ્વસ્ત્રયીનાથમૌલિમન્દારમાલાર્ચિતક્રમાય,
સકલપુરુષાર્થયોનિ-નિરવદ્યવિદ્યાપ્રવર્તનૈકવીરાય,
નમઃસ્વસ્તિસ્વધાસ્વાહાવષડર્થૈકાન્તશાન્તમૂર્તયે,
ભવદ્ભાવિભૂતભાવાવભાસિને, કાલપાશનાશિને,
સત્ત્વરજસ્તમો ગુણાતીતાય, અનન્તગુણાય,
વાઙ્મનોઽગોચરચરિત્રાય, પવિત્રાય, કરણ-કારણાય,
તરણ-તારણાય, સાત્ત્વિક-દૈવતાય, તાત્ત્વિક-જીવિતાય,
નિર્ગ્રન્થપરમબ્રહ્મહૃદયાય, યોગીન્દ્રપ્રાણનાથાય,
ત્રિભુવનભવ્યકુલનિત્યોત્સવાય,
વિજ્ઞાનાનન્દપરબ્રહ્મૈકાત્મ્યસાત્મ્ય-સમાધયે,

હરિહરહિરણ્યગર્ભાદિદેવતા-પરિકલિતસ્વરુપાય,
સમ્યક્શ્રદ્ધેયાય, સમ્યગ્ધ્યેયાય, સમ્યક્શરણ્યાય,
સુસમાહિત-સમ્યક્સ્પૃહણીયાય. ॥૨॥

ૐ નમોઽર્હતે, ભગવતે, આદિકરાય, તીર્થંકરાય,
સ્વયંસમ્બુદ્ધાય, પુરુષોત્તમાય, પુરુષસિંહાય, પુરુષવરપુંડરિકાય,
પુરુષવરગન્ધહસ્તિને, લોકોત્તમાય, લોકનાથાય, લોકહિતાય,
લોકપ્રદીપાય, લોકપ્રદ્યોતકારિણે, અભયદાય, દૃષ્ટિદાય,
મુક્તિદાય, માર્ગદાય, બોધિદાય, જીવદાય, શરણદાય,
ધર્મદાય, ધર્મદેશકાય, ધર્મનાયકાય, ધર્મસારથયે,
ધર્મવરચાતુરન્તચક્રવર્તિને, વ્યાવૃત્તચ્છદ્મને,
અપ્રતિહત-સમ્યગ્જ્ઞાનદર્શનસદ્મને. ॥૩॥

ૐ નમોઽર્હતે, જિનાય જાપકાય, તીર્ણાય તારકાય,
બુદ્ધાય બોધકાય, મુક્તાય મોચકાય, ત્રિકાલવિદે,
પારંગતાય, કર્માષ્ટકનિષૂદનાય, અધીશ્વરાય, શમ્ભવે,
જગત્પ્રભવે, સ્વયમ્ભુવે, જિનેશ્વરાય, સ્યાદ્વાદવાદિને,
સાર્વાય, સર્વજ્ઞાય, સર્વદર્શિને, સર્વતીર્થોપનિષદે,
સર્વપાષણ્ડમોચિને, સર્વયજ્ઞફલાત્મને, સર્વજ્ઞકલાત્મને,
સર્વયોગરહસ્યાય, કેવલિને, દેવાધિદેવાય, વીતરાગાય. ॥૪॥

ૐ નમોઽર્હતે, પરમાત્મને, પરમામાય, પરમકારુણિકાય,
સુગતાય, તથાગતાય, મહાહંસાય, હંસરાજાય,
મહાસત્ત્વાય, મહાશિવાય, મહાબોધાય, મહામૈત્રાય,
સુનિશ્ચિતાય, વિગતદ્વન્દ્વાય, ગુણાબ્ધયે,
લોકનાથાય, જિતમારબલાય. ॥૫॥

ૐ નમોઽર્હતે, સનાતનાય, ઉત્તમશ્લોકાય, મુકુન્દાય,
ગોવિન્દાય, વિષ્ણવે, જિષ્ણવે, અનન્તાય, અચ્યુતાય, શ્રીપતયે,
વિશ્વરુપાય, હૃષીકેશાય, જગન્નાથાય, ભૂર્ભુવઃસ્વઃસમુત્તારાય,
માનંજરાય, કાલંજરાય, ધ્રુવાય, અજાય, અજેયાય, અજરાય,
અચલાય, અવ્યયાય, વિભવે, અચિન્ત્યાય, અસંખ્યેયાય,
આદિસંખ્યાય, આદિકેશવાય, આદિશિવાય, મહાબ્રહ્મણે,
પરમશિવાય, એકાનેકાનન્તસ્વરુપિણે, ભાવાભાવવિવર્જિતાય,
અસ્તિનાસ્તિદ્વયાતીતાય, પુણ્યપાપવિરહિતાય, સુખદુઃખ
વિવિક્તાય, વ્યક્તાવ્યક્તસ્વરુપાય, અનાદિમધ્યનિધનાય,
નમોઽસ્તુ મુક્તિશ્વરાય, મુક્તિસ્વરુપાય. ॥૬॥

ૐ નમોઽર્હતે, નિરાતંકાય, નિઃસંગાય, નિઃશંકાય, નિર્મલાય,
(નિર્મમાય) નિર્દ્વન્દ્વાય, નિસ્તરંગાય, નિરુર્મયે, નિરામયાય,
નિષ્કલંકાય, પરમદૈવતાય, સદાશિવાય, મહાદેવાય, શંકરાય,
મહેશ્વરાય, મહાવ્રતિને, મહાયોગિને, મહાત્મને, પંચમુખાય,
મૃત્યુંજયાય, અષ્ટમૂર્તયે, ભૂતનાથાય, જગદાનન્દદાય,
જગત્પિતામહાય, જગદ્દેવાધિદેવાય, જગદીશ્વરાય, જગદાદિકન્દાય,
જગદ્ભાસ્વતે, જગત્કર્મસાક્ષિણે, જગચ્ચક્ષુષે, ત્રયીતનવે,
અમૃતકરાય, શીતકરાય, જયોતિશ્ચક્રચક્રિણે, મહાજ્યોતિર્દ્યોતિતાય,
મહાતમઃપારેસુપ્રતિષ્ઠિતાય, સ્વયંકર્ત્રે, સ્વયંહર્ત્રે,
સ્વયંપાલકાય, આત્મેશ્વરાય, નમો વિશ્વાત્મને. ॥૭॥

ૐ નમોઽર્હતે, સર્વદેવમયાય, સર્વધ્યાનમયાય, સર્વજ્ઞાનમયાય,
સર્વતેજોમયાય, સર્વમન્ત્રમયાય, સર્વરહસ્યમયાય,
સર્વભાવાભાવજીવાજીવેશ્વરાય, અરહસ્યરહસ્યાય,
અસ્પૃહસ્પૃહણીયાય, અચિન્ત્યચિન્તનીયાય, અકામકામધેનવે,

અસંકલ્પિતકલ્પદ્રુમાય, અચિન્ત્યચિન્તામણયે,
ચતુર્દશરજ્જ્વાત્મકજીવલોકચૂડામણયે,
ચતુરશીતિલક્ષજીવયોનિપ્રાણિનાથાય, પુરુષાર્થનાથાય,
પરમાર્થનાથાય, અનાથનાથાય, જીવનાથાય,
દેવ-દાનવ-માનવ-સિદ્ધસેનાધિનાથાય. ॥૮॥

ૐ નમોઽર્હતે, નિરંજનાય, અનન્તકલ્યાણનિકેતનકીર્તનાય,
સુગૃહીતનામધેયાય, મહીમામયાય, ધીરોદાત્ત-ધીરોદ્ધત-
ધીરશાન્ત-ધીરલલિત-પુરુષોત્તમ-પુણ્યશ્લોક-શતસહસ્રલક્ષ-
કોટિવન્દિતપાદારવિન્દાય, સર્વગતાય. ॥૯॥

ૐ નમોઽર્હતે, સર્વસમર્થાય, સર્વપ્રદાય, સર્વહિતાય,
સર્વાધિનાથાય, કસ્મૈચન-ક્ષેત્રાય, પાત્રાય, તીર્થાય,
પાવનાય, પવિત્રાય, અનુત્તરાય, ઉત્તરાય,
યોગાચાર્યાય, સંપ્રક્ષાલનાય, પ્રવરાય, આગ્રેયાય,
વાચસ્પતયે, માંગલ્યાય, સર્વાત્મનીનાય,
સર્વાર્થાય, અમૃતાય, સદોદિતાય, બ્રહ્મચારિણે, તાયિને,
દક્ષિણીયાય, નિર્વિકારાય, વજ્ર-ઋષભનારાચમૂર્તયે,
તત્ત્વદર્શિને, પારદર્શિને, પરમદર્શિને,
નિરુપમજ્ઞાનબલવીર્યતેજઃશક્ત્યૈશ્વર્યમયાય, આદિપુરુષાય,
આદિપરમેષ્ઠિને, આદિમહેશાય, મહાજ્યોતિઃ-સત્ત્વાય,
(મહાજ્યોતિસ્તત્ત્વાય) મહાર્ધિધનેશ્વરાય, મહામોહસંહારિણે,
મહાસત્ત્વાય, મહાજ્ઞામહેન્દ્રાય, મહાલયાય, મહાશાન્તાય,
મહાયોગીન્દ્રાય, અયોગિને, મહામહીયસે, મહાહંસાય, હંસરાજાય,
મહાસિદ્ધાય, શિવ-મચલ-મરુજ-મનન્ત-મક્ષય-મવ્યાબાધ-
મપુનરાવૃત્તિ-મહાનન્દં-મહોદયં, સર્વદુઃખ-ક્ષયં, કૈવલ્યં, અમૃતં,

નિર્વાણમક્ષરં, પરબ્રહ્મનિઃશ્રેયસ-મપુનર્ભવં, સિદ્ધિગતિનામધેયં
સ્થાનં સંપ્રાપ્તવતે, ચરાચરં અવતે, નમોઽસ્તુ શ્રી મહાવીરાય
ત્રિજગત્સ્વામિને શ્રી વર્ધમાનાય ॥૧૦॥

ૐ નમોઽર્હતે, કેવલિને, પરમયોગિને,
ભક્તિમાર્ગયોગિને, વિશાલશાસનાય, સર્વલબ્ધિસંપન્નાય,
નિર્વિકલ્પાય, કલ્પનાતીતાય, કલાકલાપકલિતાય,
વિસ્ફુરદ્ગુરુશુક્લધ્યાનાગ્નિનિર્દગ્ધકર્મબીજાય,
પ્રાપ્તાનન્તચતુષ્ટયાય, સૌમ્યાય, શાન્તાય, મંગલવરદાય,
અષ્ટાદશદોષરહિતાય, સંસૃત-વિશ્વસમીહિતાય સ્વાહા ॥૧૧॥

ૐ હ્રીં શ્રીં અર્હમ્ નમઃ (૧૦૮ વાર બોલવું)

લોકોત્તમો નિષ્પ્રતિમસ્ત્વમેવ, ત્વં શાશ્વતં મંગલમપ્યધીશ!।
ત્વામેકમર્હન્! શરણં પ્રપદ્યે, સિદ્ધર્ષિ સદ્ધર્મમયસ્ત્વમેવ ॥ ॥૧॥

ત્વં મે માતા પિતા નેતા, દેવો ધર્મો ગુરુઃ પરઃ।
પ્રાણાઃ સ્વર્ગોઽપવર્ગશ્ચ, સત્ત્વં તત્ત્વં ગતિર્મતિઃ ॥ ॥૨॥

જિનો દાતા જિનો ભોક્તા, જિનઃ સર્વમિદં જગત્।
જિનો જયતિ સર્વત્ર, યો જિનઃ સોઽહમેવ ચ ॥ ॥૩॥

યત્ કિઞ્ચિત્ કુર્મહે દેવ! સદા સુકૃતદુષ્કૃતમ્।
તન્મે નિજપદસ્થસ્ય, હું ક્ષઃ ક્ષપય ત્વં જિન! ॥ ॥૪॥

ગુહ્યાતિગુહ્યગોપ્તા ત્વં, ગૃહાણાસ્મત્કૃતં જપમ્ ।
સિદ્ધિઃ શ્રયતિ મામ્ યેન, ત્વત્ પ્રસાદાત્ ત્વયિ સ્થિતમ્ ॥ ॥૫॥

॥ ઇતિ શ્રી વર્ધમાન જિન નામ મંત્ર સ્તોત્રં સમાપ્તમ્ ॥



આચાર્ય શ્રી માનતુંગસૂરિ વિરચિત

શ્રી ભક્તામર સ્તોત્ર

ભક્તામર-પ્રણત-મૌલિ-મણિ-પ્રભાણા-
મુદ્દ્યોતકં દલિત-પાપ-તમો-વિતાનમ્ ।
સમ્યક્-પ્રણમ્ય જિન-પાદ-યુગં યુગાદા-
વાલમ્બનં ભવ-જલે પતતાં જનાનામ્ ॥ ॥૧॥

યઃ સંસ્તુતઃ સકલ-વાઙ્મય-તત્ત્વ-બોધા-
દુદ્ભૂત-બુદ્ધિ-પટુભિઃ સુરલોક-નાથૈઃ ।
સ્તોત્રૈર્જગત્ત્રિતય-ચિત્ત-હરૈ-રુદારૈઃ,
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ॥ ॥૨॥

બુદ્ધ્યા વિનાપિ વિબુધાર્ચિત-પાદપીઠ!
સ્તોતું સમુદ્યત-મતિર્વિગત-ત્રપોઽહમ્ ।
બાલં વિહાય જલ-સંસ્થિત-મિન્દુ-બિમ્બ,
મન્યઃ ક ઈચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્? ॥ ॥૩॥

વક્તું ગુણાન્ ગુણ-સમુદ્ર! શશાંક-કાંતાન્,
કસ્તે ક્ષમઃ સુર-ગુરુ-પ્રતિમોઽપિ બુદ્ધ્યા ।
કલ્પાંત-કાલ-પવનોદ્ધત-નક્ર-ચક્રં,
કો વા તરીતુ-મલ મમ્બુનિધિં ભુજાભ્યામ્? ॥ ॥૪॥

સોઽહં તથાપિ તવ ભક્તિ-વશાન્મુનીશ!
કર્તું સ્તવં વિગત-શક્તિ-રપિ પ્રવૃત્તઃ ।
પ્રીત્યાત્મ-વીર્ય-મવિચાર્ય મૃગો મૃગેન્દ્રં,
નાભ્યેતિ કિં નિજ-શિશોઃ પરિપાલનાર્થમ્ ॥ ॥૫॥

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસ ધામ,
ત્વદ્ભક્તિરેવ-મુખરી-કુરુતે બલાન્મામ્ ।
યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ,
તચ્ચારુ-ચૂત-કલિકા-નિકરૈક-હેતુઃ ॥ ॥૬॥

ત્વત્સંસ્તવેન ભવ-સંતતિ-સન્નિબદ્ધં,
પાપં ક્ષણાત્ક્ષય-મુપૈતિ શરીર-ભાજામ્ ।
આક્રાંત-લોક-મલિનીલમશેષમાશુ,
સૂર્યાંશુ-ભિન્ન-મિવ શાર્વર-મન્ધકારમ્ ॥ ॥૭॥

મત્વેતિ નાથ! તવ સંસ્તવનં મયેદ-
મારભ્યતે તનુ ધિયાપિ તવ પ્રભાવાત્ ।
ચેતો હરિષ્યતિ સતાં નલિની-દલેષુ,
મુક્તાફલ-દ્યુતિ-મુપૈતિ નનૂદ-બિન્દુઃ ॥ ॥૮॥

આસ્તાં તવ સ્તવન-મસ્ત-સમસ્ત-દોષં,
ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ ।
દૂરે સહસ્ર-કિરણઃ કુરુતે પ્રભૈવ,
પદ્માકરેષુ જલજાનિ વિકાસ-ભાંજિ ॥ ॥૯॥

નાત્યદ્ભૂતં ભુવન-ભૂષણ! ભૂત! નાથ!
ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવન્ત-મભિષ્ટુવન્તઃ ।
તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિં વા!
ભૂત્યાશ્રિતં ય ઈહ નાત્મસમં કરોતિ? ॥ ॥૧૦॥

દૃષ્ટ્વા ભવન્ત-મનિમેષ-વિલોકનીયં,
નાન્યત્ર તોષ-મુપયાતિ જનસ્ય ચક્ષુઃ ।
પીત્વા પયઃ શશિકર-દ્યુતિ-દુગ્ધ-સિન્ધોઃ,
ક્ષારં જલં જલનિધેરશિતું ક ઈચ્છેત્? ॥ ॥૧૧॥

યૈઃ શાન્તરાગ-રુચિભિઃ પરમાણુભિસ્ત્વં,
નિર્માપિતસ્ત્રિભુવનૈક-લલામભૂત ।
તાવન્ત એવ ખલુ તેઽપ્યણવઃ પૃથિવ્યાં,
યત્તે સમાનમપરં નહિ રુપમસ્તિ. ॥ ॥૧૨॥

વક્ત્રં ક્વ તે સુર-નરોરગનેત્ર-હારિ,
નિઃશેષ-નિર્જિત-જગત્ત્રિત-યોપમાનમ્ ।
બિમ્બં કલંક-મલિનં ક્વ નિશાકરસ્ય?,
યદ્વાસરે ભવતિ પાણ્ડુ-પલાશ-કલ્પમ્. ॥ ॥૧૩॥

સમ્પૂર્ણ-મણ્ડલ-શશાંક-કલા-કલાપ-
શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લઙ્ઘયન્તિ ।
યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વર! નાથમેકં,
કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ॥ ॥૧૪॥

ચિત્રં કિમત્ર? યદિ તે ત્રિદશાઙ્ગનાભિ-
નીતં મનાગપિ મનો ન વિકાર-માર્ગમ્? ।
કલ્પાન્ત-કાલ-મરુતા ચલિતા-ચલેન,
કિં મન્દરાદ્રિ-શિખરં ચલિતં કદાચિત્? ॥ ॥૧૫॥

નિર્ધૂમ-વર્તિર-પવર્જિત-તૈલપૂરઃ,
કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રકટી-કરોષિ ।
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતા-ચલાનાં,
દીપોઽપરસ્ત્વમસિ નાથ! જગત્પ્રકાશઃ ॥ ॥૧૬॥

નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુ-ગમ્યઃ,
સ્પષ્ટીકરોષિ સહસા યુગપઙ્ગન્તિ; ।
નામ્ભોધરોદર-નિરુદ્ધ-મહા-પ્રભાવઃ,
સૂર્યાતિશાયિ-મહિમાસિ મુનીન્દ્ર! લોકે. ॥ ॥૧૭॥

નિત્યોદયં દલિતમોહ મહાન્ધકારં,
ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્ ।
વિભ્રાજતે તવ મુખાબ્જ-મનલ્પ-કાન્તિ,
વિદ્યોતયઙ્ગદપૂર્વ શશાઙ્ક બિમ્બમ્ ॥ ॥૧૮॥

કિં શર્વરીષુ શશિનાહ્નિ વિવસ્વતા વા?
યુષ્મન્મુખેન્દુ દલિતેષુ તમસ્સુ નાથ! ।
નિષ્પન્ન શાલિ-વન-શાલિનિ જીવલોકે,
કાર્યં કિયજ્જલધરૈ-ર્જલભાર-નમ્રૈઃ? ॥ ॥૧૯॥

જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં,
નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ ।
તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં,
નૈવં તુ કાચશકલે કિરણા-કુલેઽપિ ॥ ॥૨૦॥

મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા,
દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।
કિં વીક્ષિતેન ભવતા? ભુવિ યેન નાડન્યઃ,
કશ્ચિન્મનો હરતિ નાથ! ભવાન્તરેડપિ ॥ ॥૨૧॥

સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્-
નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા; ।
સર્વાદિશો દધતિ ભાનિ સહસ્ર-રશ્મિં,
પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્ ॥ ॥૨૨॥

ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ-
માદિત્યવર્ણ-મમલં તમસઃ પરસ્તાત્ ।
ત્વામેવ સમ્ય-ગુપલભ્ય જયન્તિ મૃત્યું,
નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર! પન્થાઃ ॥ ॥૨૩॥

ત્વામવ્યયં વિભુમચિંત્યમસંખ્યમાદ્યં,
બ્રહ્માણમીશ્વરમનન્ત-મનંગકેતુમ્ ।
યોગીશ્વરં વિદિત-યોગમનેકમેકં,
જ્ઞાનસ્વરુપમમલં પ્રવદન્તિ સન્તઃ ॥ ॥૨૪॥

બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત-બુદ્ધિબોધાત્,
ત્વં શંકરોડસિ ભુવનત્રય-શંકરત્વાત્ ।
ધાતાડસિ ધીર! શિવમાર્ગવિધેર્વિધાનાત્,
વ્યક્તં ત્વમેવ ભગવન્! પુરુષોત્તમોડસિ ॥ ॥૨૫॥

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ!
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય ।
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન! ભવોદધિ-શોષણાય ॥ ॥૨૬॥

કો વિસ્મયોઽત્ર? યદિ નામ ગુણૈરશેષૈ,
સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ! ।
દોષૈરુપાત્ત-વિવિધાશ્રય-જાતગર્વૈઃ,
સ્વપ્નાન્તરેઽપિ ન કદાચિદપીક્ષિતોઽસિ ॥ ॥૨૭॥

ઉચ્ચૈરશોક-તરુ સંશ્રિત મુન્મયૂખ,
માભાતિ રુપમમલં ભવતો નિતાન્તમ્ ।
સ્પષ્ટોલ્લસત્કિરણ મસ્ત-તમો વિતાનં,
બિમ્બં રવેરિવ પયોધર-પાર્શ્વવર્તિ ॥ ॥૨૮॥

સિંહાસને મણિમયૂખ-શિખાવિચિત્રે,
વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્ ।
બિમ્બં વિયદ્વિલસદંશુ-લતાવિતાનં,
તુઙ્ગોદયાદ્રિશિરસીવ સહસ્રરશ્મેઃ ॥ ॥૨૯॥

કુન્દાવદાત-ચલચામર-ચારુશોભં,
વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાન્તમ્ ।
ઉદ્યચ્છશાઙ્ક-શુચિ-નિર્ઝરવારિધાર,
મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌમ્ભમ્ ॥ ॥૩૦॥

છત્રત્રયં તવ વિભાતિ શશાઙ્કકાન્ત,
મુચ્ચૈઃ સ્થિતં સ્થગિતભાનુકર પ્રતાપમ્ ।
મુક્તાફલ-પ્રકર-જાલ-વિવૃદ્ધશોભં,
પ્રખ્યાપયત્-ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ ॥ ॥૩૧॥

ઉન્નિદ્ર-હેમ-નવપઙ્કજ-પુઞ્જકાન્તિ,
પર્યુલ્લસન્-નખ-મયૂખ-શિખાભિરામૌ ।
પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર! ધત્તઃ,
પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ ॥ ॥૩૨॥

ઈત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેન્દ્ર!
ધર્મોપદેશનવિધૌ ન તથા પરસ્ય ।
યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાન્ધકારા,
તાદૃક્ કુતો ગ્રહગણસ્ય વિકાશિનોઽપિ? ॥ ॥૩૩॥

શ્ચ્યોતન્મદાવિલ-વિલોલ-કપોલ મૂલ,
મત્તભ્રમદ્ ભ્રમરનાદ વિવૃદ્ધકોપમ્ ।
ઐરાવતાભમિભમુદ્ધતમાપતન્તં,
દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્ ॥ ॥૩૪॥

ભિન્નેભ-કુમ્ભ-ગલદુજ્જ્વલ-શોણિતાક્ત,
મુક્તાફલ-પ્રકર-ભૂષિત-ભૂમિભાગઃ ।
બદ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિપોઽપિ,
નાક્રામતિ ક્રમ યુગાચલ-સંશ્રિતં તે ॥ ॥૩૫॥

કલ્પાન્ત-કાલ-પવનોદ્ધત-વહ્નિકલ્પં,
દાવાનલં જ્વલિત-મુજ્જ્વલમુત્ફુલિઙ્ગમ્ ।
વિશ્વં જિઘત્સુ-મિવ સમ્મુખમાપતન્તં,
ત્વન્નામ-કીર્તન જલં શમયત્ય-શેષમ્ ॥ ॥૩૬॥

રક્તેક્ષણં સમદ-કોકિલ-કંઠનીલં,
ક્રોધોદ્ધતં ફણિન-મુત્ફણ-માપતન્તમ્ ।
આક્રામતિ ક્રમયુગેન નિરસ્ત-શઙ્ક,
સ્ત્વન્નામ-નાગદમની-હૃદિ યસ્ય પુંસઃ ॥ ॥૩૭॥

વલ્ગત્તુરઙ્ગ-ગજગર્જિત-ભીમનાદ,
માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્ ।
ઉદ્યદ્દિવાકર-મયૂખ-શિખાપવિદ્ધં,
ત્વત્કીર્તનાત્તમ ઈવાશુ ભિદામુપૈતિ ॥ ॥૩૮॥

કુન્તાગ્રભિન્ન-ગજશોણિત-વારિવાહ,
વેગાવતાર તરણાતુર યોધભીમે ।
યુદ્ધે જયં વિજિત-દુર્જય જેયપક્ષા,
સ્ત્વત્-પાદપઙ્કજ-વનાશ્રયિણો લભન્તે ॥ ॥૩૯॥

અમ્ભોનિધૌ ક્ષુભિત-ભીષણ-નક્રચક્ર,
પાઠીન પીઠ ભય દોલ્બણ-વાડવાગ્નૌ ।
રઙ્ગત્તરઙ્ગ-શિખર-સ્થિત-યાનપાત્રા,
ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્-વ્રજન્તિ॥ ॥૪૦॥

ઉદ્ભૂત-ભીષણ-જલોદર-ભારભુગ્નાઃ,
શોચ્યાં દશા-મુપગતાશ્ચ્યુત-જીવિતાશાઃ ।
ત્વત્પાદ-પઙ્કજ-રજોડમૃત-દિગ્ધ-દેહા,
મર્ત્યા ભવન્તિ મકરધ્વજ-તુલ્યરુપાઃ ॥ ॥૪૧॥

આપાદ-કણ્ઠ-મુરુ શૃઙ્ખલ-વેષ્ટિતાઙ્ગા,
ગાઢં બૃહન્નિગડ-કોટિ-નિઘૃષ્ટ-જઙ્ઘાઃ ।
ત્વન્નામ-મન્ત્રમનિશં મનુજાઃ સ્મરન્તઃ,
સદ્યઃ સ્વયં વિગતબંધ-ભયા ભવન્તિ ॥ ॥૪૨॥

મત્ત-દ્વિપેન્દ્ર-મૃગરાજ-દવાનલાહિ,
સઙ્ગ્રામ-વારિધિ-મહોદર-બન્ધનોત્થમ્ ।
તસ્યાશુ નાશ-મુપયાતિ ભયં ભિયેવ,
યસ્તાવકં સ્તવ-મિમં મતિમાનધીતે ॥ ॥૪૩॥

સ્તોત્રસ્રજં તવ જિનેન્દ્ર! ગુણૈર્નિબદ્ધાં,
ભક્ત્યા મયા રુચિર-વર્ણ-વિચિત્ર-પુષ્પામ્ ।
ધત્તે જનો ય ઇહ કણ્ઠગતામજસ્રં;
તં માનતુઙ્ગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ॥ ॥૪૪॥

॥ ઇતિ શ્રી ભક્તામર સ્તોત્ર સમાપ્તમ્ ॥



ચૈત્યવંદન વિધિ

ખમાસમણ સૂત્ર

ઇચ્છામિ ખમાસમણો! વંદિઉં, જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ ।।૧।।

ઇરિયાવહિયં સૂત્ર

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ઇરિયાવહિયં પડિક્કમામિ? ઇચ્છં,
ઇચ્છામિ પડિક્કમિઉં ।।૧।। ઇરિયાવહિયાએ વિરાહણાએ ।।૨।।
ગમણાગમણે ।।૩।। પાણ-ક્કમણે, બીય-ક્કમણે, હરિય-ક્કમણે,
ઓસા-ઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી મક્કડા સંતાણા-સંકમણે ।।૪।।
જે મે જીવા વિરાહિયા ।।૫।। એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા,
ચઉરિંદિયા, પંચિંદિયા ।।૬।। અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા,
સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં
સંકામિયા, જીવિયાઓ વવરોવિયા,તસ્સ મિચ્છામિ દુક્કડં ।।૭।।

તસ્સ-ઉત્તરી સૂત્ર

તસ્સ-ઉત્તરી-કરણેણં, પાયચ્છિત્ત-કરણેણં,
વિસોહીકરણેણં, વિસલ્લી-કરણેણં,
પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં ।।૧।।

અન્નત્થ સૂત્ર

અન્નત્થ-ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં,
જંભાઇએણં, ઉડ્ડુએણં, વાય-નિસગ્ગેણં, ભમલીએ, પિત્ત-
મુચ્છાએ ॥૧॥ સુહુમેહિં અંગ-સંચાલેહિં, સુહુમેહિં ખેલ-
સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠી-સંચાલેહિં ॥૨॥ એવમાઇએહિં
આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥૩॥
જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ ॥૪॥ તાવ
કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥૫॥

(અહીં ચંદેસુ નિમ્મલયરા સુધી એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી નમો અરિહંતાણં બોલી કાઉસ્સગ્ગ પારી ફરી પ્રકટ લોગસ્સ બોલવો.)

લોગસ્સ સૂત્ર

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે।
અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસં પિ કેવલી ॥૧॥
ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ।
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચન્દપ્પહં વંદે ॥૨॥
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ-સિજંસ-વાસુપુજ્જં ચ।
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥૩॥
કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ।
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥૪॥
એવં મએ અભિથુઆ, વિહુય-રય-મલા પહીણ-જર-મરણા
ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥૫॥
કિત્તિય-વંદિય-મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા।
આરુગ્ગ બોહિ લાભં, સમાહિ વર મુત્તમં દિંતુ ॥૬॥
ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા।
સાગરવર-ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૭॥

(ત્રણ ખમાસમણ આપી બેસીને ડાબો પગ
ઊંચો કરી ચૈત્યવંદન મુદ્રાએ ચૈત્યવંદન કરવું.)

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરું? ઇચ્છં

સકલકુશલવલ્લી પુષ્કરાવર્ત્તમેઘો,
દુરિતતિમિર-ભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ,
ભવજલનિધિપોતઃ સર્વસમ્પત્તિહેતુઃ,
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ, શ્રેયસે પાર્શ્વનાથઃ॥

ચૈત્યવંદન

તુજ મૂરતિને નિરખવા, મુજ નયણા તરસે;
તુજ ગુણ ગણને બોલવા, રસના મુજ હરખે. ॥૧॥
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગપદ ફરશે;
તો સેવક તાર્યા વિના કહો કિમ હવે સરશે. ॥૨॥
એમ જાણીને સાહિબા એ, નેક નજર મોહે જોય;
'જ્ઞાનવિમલ' પ્રભુ નજરથી, તેહ શું જે નવિ હોય.॥૩॥

(પુસ્તકમાંથી કોઈ અન્ય ચૈત્યવંદન પણ બોલી શકાય.)

જં કિંચિ સૂત્ર

જં કિંચિ નામ-તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઇં જિણ-બિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ ॥૧॥

નમુત્થુણં સૂત્ર

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં ॥૧॥
આઇગરાણં, તિત્થયરાણં, સયં-સંબુદ્ધાણં ॥૨॥
પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસ-વર-પુંડરીઆણં,
પુરિસ-વર-ગંધહત્થીણં ॥૩॥ લોગુત્તમાણં, લોગ-નાહાણં,

લોગ-હિઆણં, લોગપઈવાણં,લોગ-પજ્જોઅ-ગરાણં ॥૪॥
અભય-દયાણં, ચક્ખુ-દયાણં, મગ્ગ-દયાણં, સરણ-દયાણં,
બોહિ-દયાણં ॥૫॥ ધમ્મ-દયાણં, ધમ્મ-દેસયાણં,
ધમ્મ-નાયગાણં, ધમ્મ-સારહીણં, ધમ્મવર-ચાઉરંત-
ચક્કવટ્ટીણં ॥૬॥ અપ્પડિહય-વરનાણ-દંસણધરાણં, વિયટ્ટ-
છઉમાણં ॥૭॥ જિણાણં, જાવયાણં, તિન્નાણં, તારયાણં,
બુદ્ધાણં, બોહયાણં, મુત્તાણં, મોઅગાણં ॥૮॥ સવ્વન્નૂણં, સવ્વ-
દરિસીણં,સિવ-મયલ-મરૂઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-
મપુણરાવિત્તિ સિદ્ધિગઈ-નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં
જિઅ-ભયાણં ॥૯॥ જે અ અઈયા સિદ્ધા,જે અ ભવિસ્સંતિ-
ણાગએ કાલે, સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥

(પછી મુક્તાશુક્તિ મુદ્રામાં મસ્તકે હાથ જોડી નીચેનું સૂત્ર બોલવું.)

જાવંતિ ચેઈઆઇં સૂત્ર

જાવંતિ ચેઈઆઇં, ઉઢ્ઢે અ અહે અ તિરિઅ-લોએ અ;
સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં ॥૧॥

(પછી ખમાસમણ આપી મુક્તાશુક્તિ મુદ્રામાં મસ્તકે હાથ જોડી નીચેનું સૂત્ર બોલવું.)

જાવંત કેવિ સાહૂ સૂત્ર

જાવંત કેવિ સાહૂ, ભરહેરવય-મહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદણ્ડ-વિરયાણં ॥૧॥

નમોડર્હત્ સૂત્ર

(સ્ત્રીઓએ આ સૂત્ર ન બોલવું.)

નમોડર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ ॥૧॥

(પુસ્તકમાંથી સ્તવન બોલવું.)

ઉવસગ્ગહરં સૂત્ર

ઉવસગ્ગહરં-પાસં, પાસં વંદામિ કમ્મ-ઘણ-મુક્કં,
વિસહર-વિસ-નિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં ।।૧।।
વિસહર-ફુલિંગ-મંતં, કંઠે ધારેઇ જો સયા માણુઓ,
તસ્સ ગહ-રોગ-મારી-દુટ્ઠ-જરા જંતિ ઉવસામં ।।૨।।
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુ-ફલો હોઇ,
નર-તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં ।।૩।।
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પપાય-વબ્ભહિએ,
પાવંતિ અવિગ્ઘેણં,જીવા અયરામરં ઠાણં ।।૪।।
ઇઅ સંથુઓ મહાયસ! ભત્તિબ્ભર-નિબ્ભરેણ હિયએણ,
તા દેવ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ! જિણચંદ! ।।૫।।

(પછી મુક્તાશુક્તિ મુદ્રામાં મસ્તકે હાથ જોડી નીચેનું સૂત્ર બોલવું.)

જય વીયરાય સૂત્ર

જય વીયરાય! જગ ગુરુ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં,
ભવ-નિવ્વેઓ, મગ્ગાણુ-સારિઆ ઇટ્ઠ-ફલ-સિદ્ધિ ।।૧।।
લોગ-વિરુદ્ધ-ચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ,
સુહગુરુ-જોગો તવ્વયણ-સેવણા આભવ-મખંડા ।।૨।।

(મસ્તક પરથી હાથ નીચે કરો.)

વારિજ્જઇ જઇવિ નિયાણ-બંધણં વીયરાય! તુહ સમયે,
તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ।।૩।।
દુક્ખ-ક્ખઓ કમ્મ-ક્ખઓ, સમાહિ-મરણં ચ બોહિ-લાભો અ,
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ! પણામ-કરણેણં ।।૪।।
સર્વ-મંગલ-માંગલ્યં,સર્વ-કલ્યાણ-કારણમ્,
પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ।।૫।।

(પછી ઊભા થઈને આગળના સૂત્રો બોલવા.)

અરિહંત-ચેઇયાણં સૂત્ર

અરિહંત-ચેઇયાણં, કરેમિ કાઉસ્સગ્ગં વંદણ-વત્તિઆએ,
પૂઅણ-વત્તિઆએ, સક્કાર-વત્તિઆએ, સમ્માણ-વત્તિઆએ,
બોહિ-લાભ-વત્તિઆએ નિરૂવસગ્ગવત્તિઆએ, સદ્ધાએ, મેહાએ,
ધિઇએ, ધારણાએ, અણુપ્પેહાએ વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥
અન્નત્થ-ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં,
જંભાઇએણં, ઉડ્ડુએણં, વાય-નિસગ્ગેણં, ભમલીએ, પિત્ત-
મુચ્છાએ ॥૧॥ સુહુમેહિં અંગ-સંચાલેહિં, સુહુમેહિં ખેલ-
સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠી-સંચાલેહિં ॥૨॥ એવમાઇએહિં
આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥૩॥
જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ ॥૪॥
તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥૫॥

(અહીં એક નવકારનો કાઉસ્સગ્ગ કરી
નમો અરિહંતાણં બોલી કાઉસ્સગ્ગ પારવો.
નમોઽર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ બોલી સ્તુતિ બોલવી.)

સ્તુતિ

(આપ પુસ્તકમાંથી કોઈ અન્ય સ્તુતિ પણ બોલી શકો છો.)

શંખેશ્વર પાસજી પૂજિએ, નરભવનો લ્હાવો લીજિએ।
મનવાંછિત પૂરણ સુરતરુ, જય વામાસુત અલવેસરું ॥

(પછી એક ખમાસમણ આપી
અવિધિ આશાતના મિચ્છા મિ દુક્કડં કહેવું.)





પરમાત્મ સ્તુતિ વિભાગ

પ્રાચીન સંસ્કૃત સ્તુતિ

(રાગ : ॐ भूर्भुवस्वः - ગાયત્રી મંત્રધૂન)

દર્શનં દેવ-દેવસ્ય,દર્શનં પાપ-નાશનમ્;
દર્શનં સ્વર્ગ-સોપાનં,દર્શનં મોક્ષ-સાધનમ્ ॥૧॥

ધન્યોઽહં કૃત-પુણ્યોઽહં, નિસ્તીર્ણોઽહં ભવાર્ણવાત્;
અનાદિ ભવ-કાન્તારે, દૃષ્ટો યેન જિનો મયા ॥૨॥

અદ્ય મે સફલં જન્મ, અદ્ય મે સફલા ક્રિયા;
અદ્ય મે સફલં ગાત્રં, જિનેન્દ્ર! તવ દર્શનાત્ ॥૩॥

અદ્ય પ્રક્ષાલિતં ગાત્રં, નેત્રે ચ વિમલી-કૃતે;
મુક્તોઽહં સર્વ-પાપેભ્યો, જિનેન્દ્ર! તવ દર્શનાત્ ॥૪॥

દર્શનાત્ દુરિત-ધ્વંસી, વંદનાત્ વાંછિત-પ્રદઃ;
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ ॥૫॥

(રાગ : ભક્તામર પ્રણત મૌલિ મણિ...)

અદ્યા-ભવત્-સફલતા નયન-દ્વયસ્ય,
દેવ! ત્વદીય-ચરણામ્બુજ વીક્ષણેન।
અદ્ય ત્રિલોક-તિલક! પ્રતિભાસતે મે,
સંસાર-વારિધિ-રયં ચુલુક-પ્રમાણઃ ॥૬॥

(રાગ : સ્નાતસ્યાપ્રતિમસ્ય.../ છે પ્રતિમા મનોહારિણી...)

પૂર્ણા-નન્દ-મયં, મહો-દય-મયં, કૈવલ્ય-ચિદ્-દગ્મયં,
રુપા-તીત-મયં, સ્વરુપ-રમણં, સ્વાભાવિકી શ્રીમયમ્ ।
જ્ઞાનો-દ્યોત-મયં, કૃપા-રસ-મયં, સ્યાદ્વાદ-વિદ્યાલયં,
શ્રી સિદ્ધાચલ-તીર્થરાજ-મનિશં, વન્દેડહ-માદીશ્વરમ્ ॥ ॥૭॥

કિં કર્પૂર-મયં, સુધા-રસ-મયં, કિં ચંદ્ર-રોચિર્મયં,
કિં લાવણ્ય-મયં, મહા-મણિ-મયં, કારુણ્ય-કેલિ-મયમ્ ।
વિશ્વા-નંદ-મયં, મહો-દય-મયં, શોભા-મયં ચિન્મયં,
શુક્લધ્યાનમયં, વપુ-ર્જિનપતે-ર્ભૂયાદ્ ભવા-લમ્બનમ્ ॥ ॥૮॥

નેત્રા-નન્દ-કરી, ભવો-દધિ-તરી, શ્રેયસ્તરો-ર્મંજરી,
શ્રીમદ્-ધર્મ-મહા-નરેન્દ્ર-નગરી, વ્યાપલ્લતા ધૂમરી ।
હર્ષોત્કર્ષ-શુભ-પ્રભાવ-લહરી, રાગ-દ્વિષાં જિત્વરી,
મૂર્ત્તિઃ શ્રી જિન-પુંગવસ્ય ભવતુ, શ્રેયસ્કરી દેહિનામ્ ॥ ॥૯॥

કદા ત્વદાજ્ઞા-કરણાપ્ત-તત્ત્વ-
સ્ત્યક્ત્વા મમત્વાદિ ભવૈકકન્દમ્ ।
આત્મૈકસારો નિરપેક્ષવૃત્તિ
ર્મોક્ષેડપ્યનિચ્છો ભવિતાસ્મિ નાથ! ॥૧૦॥

વિલોકિતે મહાભાગ! ત્વયિ સંસાર-પારગે ।
આસિતું ક્ષણ-મપ્યેકં સંસારે નાસ્તિ મે રતિઃ ॥ ॥૧૧॥

નિશિ દીપોડમ્બુધૌ દ્વીપં, મરૌ શાખી હિમે શિખી ।
કલૌ દુરાપઃ પ્રામોડયં, ત્વત્પાદાબ્જરજઃકણઃ ॥ ॥૧૨॥

નારકા અપિ મોદન્તે, યસ્ય કલ્યાણપર્વસુ ।
પવિત્રં તસ્ય ચારિત્રં, કો વા વર્ણયિતું ક્ષમઃ? ॥ ॥૧૩॥



પરમાત્માની ભાવવાહી સ્તુતિ

જે સાધના પ્રભુ તે કરી, તે સાધના પ્રભુ હું કરું,
જે સાધનો તુજને મળ્યા, તે સાધનો મુજને મળે;
જે સાધ્ય હતું પ્રભુ તાહરું, તે સાધ્ય રહો પ્રભુ માહરું,
જે સિદ્ધિ પ્રભુ તુજને મળી, તે સિદ્ધિ પ્રભુ મુજને મળે. ॥૧॥

તુજ ભક્તિમાં લયલીન બનવું, એક છે મુજ કામના,
આ જીવનની રંગોળીમાં, રંગો પૂર્યા તુજ નામના;
હે મીત તારી પ્રીત તારી, ઝંખના દિલમાં રહે,
વીતરાગ તુજ આરાધનામાં, ક્ષણ ક્ષણ મારી વીતે. ॥૨॥

મળજો મને જનમો જનમ, બસ આપની સંગત પ્રભુ,
રેલાય મારા જીવનમાં, તુજ ભક્તિની રંગત પ્રભુ;
તુજ સ્મરણ ભીનો વાયરો, મુજ આસપાસ વહો સદા,
મુજ અંગે અંગે નાથ તુજ, ગુણમય સુવાસ વહો સદા ॥૩॥

ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યનાં રંગો ધર્યા,
ને ધર્મનો ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું?
સાધુ થઈને હું બહારથી, દાંભિક અંદરથી રહું. ॥૪॥

સુખ દુઃખ સકલ વિસરું વિભુ, એવી મળો ભક્તિ મને,
સૌને કરું શાસન રસી, એવી મળો શક્તિ મને;
સંક્લેશ અગન બુઝાવતી, મળજો અભિવ્યક્તિ મને,
મનને પ્રસન્ન બનાવતી, મળજો અનાસક્તિ મને. ॥૫॥

થાક્યાં હતા ને રથ મળ્યો, તરસ્યાં હતા ને નદી મળી!
તડકે તપ્યા ને તરુ મળ્યાં, રોગી હતા ઔષધિ મળી!
રસ્તો ભૂલ્યા'તા પ્રભુ! અમે, ને માર્ગદર્શક સાંપડ્યો!
અંધકારમાં દીવડો મળ્યો, ભવમાં ભટકતાં તું મળ્યો! ॥૬॥

મુજ પુણ્યની પુષ્ટિ તમે, સંકલ્પની મુષ્ટિ તમે,
ભવ ગ્રીષ્મ તાપે તપ્ત જીવો, પર અમીવૃષ્ટિ તમે;
આ વિશ્વની હસ્તી તમે, મુજ મનતણી મસ્તી તમે,
મુજ નેત્રની દૃષ્ટિ તમે, મુજ સ્વપ્નની સૃષ્ટિ તમે...! ॥૭॥

માર્ગસ્થ જીવો કાજ, ભવનિસ્તારણું તરણું તમે,
અધ્યાત્મના ગુણ બાગમાં, મન મોહતું હરણું તમે;
મુજ પુણ્યનું ભરણું તમે, મુજ પ્રેમનું ઝરણું તમે,
આ વિશ્વના ચોગાનમાં છો, શાશ્વતું શરણું તમે..! ॥૮॥

ક્યારે પ્રભુ! ષટ્કાય જીવના વધ થકી હું વિરમું?
ક્યારે પ્રભુ! રત્નત્રયી આરાધવા ઉદ્યમવળ બનું?
ક્યારે પ્રભુ! મદમાન મૂકી સમતારસમાં લીન બનું?
ક્યારે પ્રભુ! તુજ ભક્તિ પામી મુક્તિગામી હું બનું? ॥૯॥

ક્યારે પ્રભુ! સમ્યક્ત્વની જ્યોતિ હૃદયમાં સ્થિર થશે?
ક્યારે પ્રભુ! વૈરાગ્યવાસિત માહરી હર પલ હશે?
ક્યારે પ્રભુ! સુવિશુદ્ધ ભાવે સર્વવિરતિ સ્પર્શશે?
ક્યારે પ્રભુ! સંસારમાં પણ મુક્તિની ઝાંખી થશે? ॥૧૦॥

પુદ્ગલ પરાવર્તો અનંતા મેં કીધા સંસારમાં,
ભટક્યો અનંતી વાર વળી યોનિ ચોરાશી લાખમાં,
પામ્યો મહાપુણ્યોદયે શાસન તમારૂ આ ભવે,
પામી તને આ ભવ વને ભમવુ નથી મારે હવે. ॥૧૧॥

ઝિલમિલ થતાં દીપક તણાં અજવાસના પડદા પરે,
હરપલ અને હરક્ષણ પ્રભુ! તું નવનવા રૂપો ધરે;
હે વિશ્વમોહન નિરખતાં અનિમેષ નયને આપને,
ત્રણ જગત ન્યોચ્છાવર કરૂં તારી ઉપર થાતું મને. ॥૧૨॥

ભલે ભાવરૂપે ના મળ્યો પણ, નામરૂપે મળ્યો ખરો,
ભલે રૂપ તવ દીઠું નહીં, પ્રતિમા સ્વરૂપે મળ્યો ખરો;
ભલે વદન તવ દીઠું નહીં પણ વચન તારા મેં ગ્રહ્યા,
સુખ શાંતિ સમૃદ્ધિ સમાધિ સિદ્ધિ સુખ મેં કર ગ્રહ્યા. ॥૧૩॥

ભવિતવ્યતા, કર્મો, સ્વભાવ ને કાળ હો વિપરીત ભલે,
ને મુક્તિ માટે માહરો, પુરુષાર્થ હો નબળો ભલે;
તુજ ભક્તિએ અનુકૂળ થાયે, એ બધા તુજ દાસ છે,
તું મુખ્ય હેતુ મોક્ષનો, મુજને સબલ વિશ્વાસ છે. ॥૧૪॥

મેં પ્રીત પુદ્ગલથી કરી, તેથી ભમ્યો સંસારમાં,
જો પ્રીત તુજ સંગે કરું, તો મુક્તિ પણ પલવારમાં;
તારો અચિંત્યપ્રભાવ જાણી, પ્રીત કરતો હું તને,
જો કર્મવશ ભૂલું તને, તો પણ સમરજે તું મને. ॥૧૫॥

પ્રિયતમ સ્વીકાર્યા મેં તને, પ્રીતિ અનાદિકાળની,
તરછોડી કિમ ચાલ્યા તમે, નિષ્ઠૂર ને નિર્દય બની;
ભમતા અનાદિકાળમાં, શોધ્યો તને આ ભવવને,
થાક્યો હવે બોલાવજે, જલ્દી મને તારી કને. ॥૧૬॥

તારું સ્મરણ, તારું રટણ, તારા સુપન જોયા કરું,
તારું શ્રવણ, તારું મનન, તારુ જ ધ્યાન કર્યા કરું;
ક્યારે તરીશ આ ભવથકી, ચિંતા નથી મુજને જરા,
સુક્યા બધા ભવસાગરો, તારા પ્રભાવે માહરા. ॥૧૮॥

ભોગોમહી મેં વેડફ્યો માનવ જનમ અતિ દોહિલો,
ના સાધના કરી મન થકી, શિવરાજ જેથી સોહિલો;
તુજ આણ હૈયે ના ધરી, કરી મોહરાજની ચાકરી,
થાક્યો પ્રભુ હવે માહરો, ઉદ્ધાર કર કરુણા કરી. ॥૧૯॥

પામ્યો તને પરખ્યો નહીં, જાણ્યો તને માણ્યો નહિ,
હોઠે સદા તુજ વાત પણ, હૈયે કદી આણ્યો નહિ;
શિવનગરની કરું ઝંખના, શિવમાર્ગથી ડરતો સદા,
દ્યો તુમ સમું સામર્થ્ય પ્રભુ, જેથી હરું કર્મો બધા. ॥૨૦॥

કાંટા અને કંકર વળી પથ્થર ભરેલા આ પથે,
હું ચાલુ ત્યારે આવજો પ્રભુ આપ મુજ સ્મૃતિપથે;
ઘેરાય જો આંખો તો મારા દૃષ્ટિપથ પર આવજો,
આ રાજપથનો પથિક બનુ વરદાન એવું આપજો. ॥૨૧॥

હે જગતબંધુ! જગતજીવનો બંધુ હું ક્યારે બનું,
હે વિશ્વવત્સલ! પ્રાણીમાત્રનો, મિત્ર હું ક્યારે બનું;
જીવમાત્રના ઋણથી રહ્યો, ઋણમુક્ત હું ક્યારે બનું,
છે એક મારી ભાવના જે તું બન્યો તે હું બનું. ॥૨૨॥

શાસન વસ્યું છે તાહરું પ્રત્યેક શ્વાસોશ્વાસમાં,
શાસન થકી તરીશ હું જીવું છું એ વિશ્વાસમાં;
સૂરજ અને ચંદ્ર છલકે જ્યાં લગી આકાશમાં,
જયવંતુ વર્ત્તો નિત રહો શાસન તુજ પ્રકાશમાં. ॥૨૩॥

સંસારથી સિદ્ધિ સુધીના પંથનો તું સારથી,
મુજ કર્મવનને બાળનારો, એક છે તું મહારથી;
ભવચક્રને તું ભેદતો, તારી કૃપાના ચક્રથી,
છે કેવી મુજ વિડંબના, હજુ ઓળખ્યો તુજને નથી. ॥૨૭॥

મળી હોત નહિ જો આંખ તો દુઃખ એટલું લેખાય ના,
અથવા જો પાંખો હોત તો તુજ દર્શ દૂરે થાય ના;
આંખો મળી પાંખો નથી પ્રભુ! શું કરૂં સમજાય ના,
કાં દૃષ્ટિ દ્યો, કાં શક્તિ દ્યો ક્ષણ એક હવે રહેવાય ના. ॥૨૪॥

વીતરાગ વલ્લભ વિશ્વના વાત્સલ્યતા તારી કેટલી!
સહુ જીવમાં તું શિવ જોતો ભવ્યતા તારી કેટલી!
પોતે તર્યા તેમ સહું તરે તારકતા તારી કેટલી!
સહુ જીવના કલ્યાણ માટે ધર્મની બક્ષિસ ધરી! ॥૨૫॥

તવ નયનમાંથી નિખરતાં, નિર્મળ કિરણ ઝિલ્યા કરું,
ને નિર્વિકાર દશા તણો, હરપળ પ્રભુ અનુભવ કરું;
મુજને કરાવી શુદ્ધિનું, મહાસ્નાન પછી શણગારજો,
હે નાથ! નિર્મળતા તણું, વરદાન મુજને આપજો. ॥૨૬॥

મનનાં મલીન વિચારનો, કોઈ અંત દેખાતો નથી,
કાયા તણી શુભ કરણીનો, કાંઈ અર્થ લેખાતો નથી;
હવે એક ઔષધ આપ તારક, પ્રાર્થના અવધારજો,
હે નાથ! નિર્મળતા તણું, વરદાન મુજને આપજો. ॥૨૭॥

ઉપસર્ગ કરનારા જીવોને પણ ક્ષમા પ્રભુ! દઈ દીધી,
આસક્તને વૈરાગ્ય કેરી સ્પર્શના પ્રભુ! દઈ દીધી;
સ્તવના કરીને યાચતા આ બાળનું મન રાખજો,
હે નાથ! નિર્મળતા તણું વરદાન મુજને આપજો. ॥૨૮॥

જે શરદઋતુના જળ સમા, નિર્મળ મનોભાવો વડે,
ઉપકાર કાજ વિહાર કરતા, જે વિભિન્ન સ્થળો વિશે;
જેની સહનશક્તિ સમીપે, પૃથ્વી પણ ઝાંખી પડે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ॥૨૯॥

કુંજરસમા શૂરવીર જે છે, સિંહસમ નિર્ભય વળી,
ગંભીરતા સાગર સમી, જેના હૃદયને છે વરી;
જેના સ્વભાવે સૌમ્યતા છે, પૂર્ણિમાના ચંદ્રની,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ॥૩૦॥

નિર્વિઘ્ન સ્થિરને અચલ અક્ષય, સિદ્ધિગતિ એ નામનું,
છે સ્થાન અવ્યાબાધ જ્યાંથી નહિ પુનઃ ફરવાપણું;
એ સ્થાનને પામ્યા અનંતા, ને વળી જે પામશે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ॥૩૧॥

ઉપસર્ગ કરનારો કમઠ ઉપસર્ગ હરનારો ધરણ!
બન્ને ઉપર કરુણાસુધા વરસાવતા જેનાં નયન!
જેનાં હૃદયમાં વહી રહ્યું વાત્સલ્યનું પાવન ઝરણ!
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ॥૩૨॥

મૂર્તિ પ્રશમ પાવનસુધા વરસાવનારી જેમની,
વાણી હૃદયે વૈરાગ્યસુખ ઉપજાવનારી જેમની;
આજ્ઞા પરમશાશ્વત પદે પહોંચાડનારી જેમની,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું... ॥૩૩॥

મુજ હૃદયના ધબકારમાં, તારું રટણ ચાલી રહો,
હર શ્વાસને ઉચ્છ્વાસમાં, તારું સ્મરણ ચાલી રહો;
મુજ નેત્રની હર પલકમાં, તારું જ તેજ રમી રહો,
મુજ જિંદગીની હર પળોમાં, તું જ પ્રાણ બની રહો. ॥૩૪॥

આકાશ ભૂષણ સૂર્ય જેવા, દીપતા તપતેજથી,
વળી પૂરતા દિગંતને, કરુણા-ઉપેક્ષા-મૈત્રીથી;
હરખાવતા જે વિશ્વને, મુદિતા તણા સંદેશથી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ॥૩૫॥

જે પૂર્ણ કેવલજ્ઞાન, લોકાલોકને અજવાળતું,
જેના મહાસામર્થ્ય કેરા, પાર કો નવ પામતું;
એ પ્રાપ્ત જેણે ચાર, ઘાતી કર્મને છેદી કર્યું,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. ॥૩૬॥

સવિ રૂપથી અધિકા તમે, સવિ તેજથી અધિકા તમે,
સવિ પુણ્યથી અધિકા તમે, સવિ આત્મથી અધિકા તમે;
સવિ વિશ્વના કલ્યાણના શુભ ભાવે અદકેરા તમે,
હે નાથ! હૈયું દઈ દીધું, હવે આજથી મારા તમે. ॥૩૭॥

સંતપ્ત ચિત્તને ઠારવા, સમતાની જલધારા તમે,
ચંચલ આ ચિત્તને બાંધવા છો,ધ્યાનની ધારા તમે;
મુજ ભવદુઃખ નિવારવા, ભક્તિની રસધારા તમે,
હે નાથ! હૈયું દઈ દીધું, હવે આજથી મારા તમે. ॥૩૮॥

પ્રભુ! પૂર્ણ તું ને અપૂર્ણ હું, નિષ્કામી તું ને કામી હું,
તે સ્વરૂપમાં સ્થિરતા કરી, વિભાવોની મેં ભીડ કરી;
પ્રભુ! આભ-ગાભનું આંતરૂ, દૂરે કરો વિનંતિ કરૂં,
હે નાથ! હૈયું દઈ દીધું હવે આજથી મારા તમે. ॥૩૯॥

આ સૃષ્ટિને અનુકૂલ થઈને સાધના તેં જે કરી,
તેના પ્રભાવે સૃષ્ટિમાં અનુકૂળતા સૌ પાંગરી;
તુજ ચોતરફ રેલાય આહ્લાદક હવા મસ્તીભરી!
અરિહંત! અતિશયવંત, તુજને ભાવથી કરૂં વંદના. ॥૪૦॥

તુજ એક વચને ભવિહૃદયને ભવ્ય સુખશાન્તિ મળે!
સુખ એક પુદ્ગલભોગમાં છે - આ મહાભ્રાન્તિ ટળે!
ને અંતરાત્મામાં અનેરી ઝગઝગિત કાન્તિ ભળે,
અરિહંત! અતિશયવંત, તુજને ભાવથી કરૂં વંદના. ॥૪૧॥

કરુણાજળે ઘુઘવી રહ્યાં, સાગર સમા તારા નયન,
મહાતેજથી ચમકી રહ્યા છે, સૂર્ય સમા તારા નયન;
જ્યાં સૌમ્યતા છલકી રહી છે, ચંદ્ર સમ તારા નયન,
કરુણારસે અંજન કરો, જેથી ખુલે મારા નયન. ॥૪૨॥

અમૃતઝરા તારા નયન, અશ્રુ ભરા મારા નયન,
કરુણાભીના તારા નયન, ભાવે ભીનાં મારા નયન;
અવિકાર છે તારા નયન, અનુરાગી છે મારા નયન,
કરુણારસે અંજન કરો, જેથી ખુલે મારા નયન. ॥૪૩॥

તલ્લીન થઈ તુજ આંખમાં, પીગળી ગયા મારા નયન,
તુજ તેજને સ્પર્શી કરી, ચમકી ગયા મારા નયન;
અંધાર મારો દૂર થયો, ઉજળાં થયા મારા નયન,
કરુણારસે અંજન કરો, જેથી ખુલે મારા નયન. ॥૪૪॥

ભીનાશની આ પૃષ્ઠભૂ પર, મળશે મને મારા પ્રભુ,
હવે કોઈ નથી ચિંતા મને, મળશે મને મારા પ્રભુ;
વિશ્વાસ છે ખુદથી અધિક, મળશે મને મારા પ્રભુ,
આનંદ છે, આનંદ છે, આનંદ બસ આનંદ છે. ॥૪૫॥

પ્રીતિ કરી મેં તારી સાથે, કારણ વિના મારા પ્રભુ,
પ્રભુ તું મને ગમી ગયો, કારણ વિના મારા પ્રભુ;
નિશ્ચે બનીશ હું તારા જેવો, કારણ વિના મારા પ્રભુ,
આનંદ છે, આનંદ છે, આનંદ બસ આનંદ છે. ॥૪૬॥

સંસારની નિઃસારતા, નિર્વાણની રમણીયતા,
ક્ષણક્ષણ રહે મારા જીવનમાં, ધર્મની કરણીયતા;
સમ્યક્ત્વની જ્યોતિ હૃદયમાં, ઝળહળે શ્રેયસ્કરી,
પ્રભુ! આટલું જનમોજનમ, દેજે મને કરુણા કરી. ॥૪૭॥

સવિ જીવ કરું શાસનરસી, આ ભાવના હૈયે વહું,
કરુણાઝરણમાં રાતદિન હું, જીવનભર વહેતો રહું;
શણગાર સંયમનો સજું, ઝંખું સદા શિવસુંદરી,
પ્રભુ! આટલું જનમોજનમ, દેજે મને કરુણા કરી. ॥૪૮॥

ગુણીજન વિશે પ્રીતિ ધરું, નિર્ગુણ વિશે મધ્યસ્થતા,
આપત્તિ હો, સંપત્તિ હો, રાખું હૃદયમાં સ્વસ્થતા;
સુખમાં રહું વૈરાગ્યથી, દુઃખમાં રહું સમતા ધરી,
પ્રભુ! આટલું જનમોજનમ, દેજે મને કરુણા કરી. ॥૪૯॥

મનમાં સ્મૃતિ, મૂર્તિ નયનમાં, વચનમાં સ્તવના રહે,
મુજ રક્તના હર બુંદમાં, જિનરાજ! તુજ આજ્ઞા વહે;
પહોંચાડશે 'મોક્ષે' મને, જિનધર્મ એવી ખાતરી,
પ્રભુ! આટલું જનમોજનમ, દેજે મને કરુણા કરી. ॥૫૦॥

જેના પ્રભાવે જીવનમાં હું પરમશાન્તિ અનુભવું,
જેના પ્રભાવે વરસમાધિ મરણમાં પામીશ હું;
જેના પ્રભાવે પવનવેગે મોક્ષમાં પહોંચીશ હું,
તે આદિનાથ જિનેન્દ્રને પંચાગભાવે હું નમું. ॥૫૧॥

તવ જીવનમાં વિષયો વિકારો, નાથજી એકેય નથી,
મુજ શું કહું? મારા જીવનમાં, એ વિના કશુંયે નથી;
વિનવું હવે મુજમાં, અનાસક્તિ જ્વલંત જગાડજો,
હે નેમિજિન! મારા હૃદયમાં, શૌર્યરસ જન્માવજો. ॥૫૨॥

હું ઈન્દ્રિયોના સંગમાં, દિનરાત સ્વામી રાચતો,
એવો નચાવ્યો નાચતો, ઘેલો બનીને નાચતો;
ઈન્દ્રિયવિજયનો ચાંદલો, મુજ ભાલ પર ચમકાવજો,
હે નેમિજિન! મારા હૃદયમાં, શૌર્યરસ જન્માવજો. ॥૫૩॥

તમને પ્રભુ! પામી પળે પળ પરમશાતા અનુભવું,
હે નાથ! તમને છોડીને બીજે નથી મારે જવું;
મારે જવુ છે મોક્ષમાં મુજ માર્ગને અજવાળજો,
હે નેમિનાથ! જિનેન્દ્ર! મારી પ્રાર્થના સ્વીકારજો. ॥૫૪॥

હે નાથ ! તૃષ્ણા અગ્નિએ જન્મોજનમ બાળ્યો મને,
નેહાળ નયનોમાં ડૂબાડી પ્રભુ! તમે ઠાર્યો મને!
છે ઝંખના બસ એક કે મુજને ભવોભવ ઠારજો!
હે નેમિનાથ! જિનેન્દ્ર મારી, પ્રાર્થના સ્વીકારજો. ॥૫૫॥

રે! ચંડકૌશિક સર્પ નિર્દય ક્રૂર ગોશાલક અધમ,
અંગાર લઈ આવ્યા હતા તો પણ તમે આપ્યું પ્રશમ!
શુભ ભાવ લઈ આવ્યો છું હું મુજ પાપ તાપ શમાવજો!
હે વીર! કરૂણાનીર અનરાધાર થઈ વરસાવજો. ॥૫૬॥

સુલસા અને શ્રી ચંદનાનો મોહજ્વર સત્વર હણ્યો!
સંગમ સુરાધમને ય કરૂણાપાત્ર વીર! તમે ગણ્યો!
તો હે કૃપા સાગર! હવે મુજ કામ અગન બુઝાવજો,
હે વીર! કરૂણાનીર અનરાધાર થઈ વરસાવજો. ॥૫૭॥

નવજાત શૈશવમાં ધ્રુજાવ્યો મેરુને જે ચરણથી,
હે વીર! એકલવીર થઈ કર્મો હણ્યા જે ચરણથી;
બન્ને ચરણ હે વીર ! મારા સ્મરણમાં પધરાવજો!
હે વીર! કરૂણાનીર અનરાધાર થઈ વરસાવજો. ॥૫૮॥

સ્વાધીન સુંદર રૂપરમણી રાજ્યસુખમાં દુઃખ અને,
જોયું તમે સુખ સાધુતામાં આ ન સમજાતું મને!
આનું રહસ્ય કૃપાળુ! મુજને ઝટ હવે સમજાવજો!
હે વીર! કરૂણાનીર અનરાધાર થઈ વરસાવજો. ॥૫૯॥

તું વૃક્ષ તો હું પુષ્પ ને, તું પુષ્પ તુજ સુગંધ હું,
તું વૃક્ષ તો હું પર્ણ ને, તું પર્ણ તો નીલરંગ હું;
તું વૃક્ષ તો હું વેલ થઈ, વીંટળાઈને વળગ્યો હતો,
હું તું હતો તું હું હતો, હવે આજ આ શું થઈ ગયું? ॥૬૦॥

ચારિત્ર જો ના હોય તો, સુજ્ઞાન પણ નિષ્ફળ રહે,
ચારિત્ર જો ના હોય તો, સદ્દર્શનમ્ નિર્બળ રહે;
સુજ્ઞાન દર્શન પણ સદા, ચારિત્રયુક્ત સફળ રહે,
ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો. ॥૬૧॥

ચૂમે નિરંતર દેવતા, ચારિત્રધરના ચરણને,
ઝંખે નિરંતર ઇન્દ્ર પણ, ચારિત્રના આચરણને;
ચાહે નિરંતર ચિત્ત મુજ, ચારિત્રધરના શરણને,
ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો. ॥૬૨॥

ષટ્‌ખંડ મહાસામ્રાજ્યમાં, પણ જે મહાદુઃખ દેખતાં,
તે ચક્રવર્તીઓ સદા, ચારિત્રમાં સુખ દેખતાં;
સિંહાસને બેસે છતાં, ચારિત્ર સન્મુખ દેખતાં,
ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો. ॥૬૩॥

વિશ્વે અનંતા કાળથી, ચારિત્રનો છે પંથડો,
આ પંથ પર ચાલ્યા અનંતા, જિનવરો ને ગણધરો;
આત્મા અનંતા શિવ વર્યા, ચારિત્રનો લઈ આશરો,
ચારિત્રમાં મુજ મન વસો, ચારિત્ર મુજ તનમાં વસો. ॥૬૪॥

આરાધનાનું અવતરણ આનંદનું વહેતું ઝરણ,
સાવદ્ય સઘળી પાપ કરણીઓ તણું જ્યાં વિસ્મરણ;
મારા પ્રભુની જીવન શૈલીનું જ જ્યાં છે અનુસરણ,
ભય મુક્ત ભાવે યુક્ત તે ચારિત્ર પદને વંદના. ॥૬૫॥



વેદનાની સંવેદના...

(રાગઃ મહા હેતવાળી...)

કરુણા કરી નાથ જગતને ખમાવો,
ભૂલોને ભૂલી આપોને હવે કિનારો,
ખબર ના હતી થાશે શું અંત આનો,
નાદાન હું પ્રભુ બાળ છું ઘણો જ નાનો... ॥૭૨॥

વિરહતાની વેદનાને તું શકે ના જાણી,
હરખી રહ્યું છે તન સ્પર્શ તારો માણી,
જે થયું પ્રભુ એને તું ભુલાવી દેજે,
સંતાન ના પડે વિખૂટો સંભાળી લેજે... ॥૭૩॥

ગુણલાં ગાતાં તારાં રે પ્રેમમાં હું નાચું,
નિષ્પાપ-નિષ્કલંક-નિર્વિકાર જીવન યાચું;
રજોહરણ પામી તુજ પંથમાં હું રાચું,
ધરતો રહું હું એકમાત્ર ધ્યાન તારું સાચું... ॥૭૪॥

તુજમાં રહું હવે બીજે ક્યાંય ના હું દોડું,
વિલાસને મૂકી મનડું ધર્મમાર્ગે જોડું,
સાથે જો જિનેશ્વર તો શું બગડશે મારું,
વૈરાગ્યના રંગોમાં મારે છે રંગાવું... ॥૭૫॥

તુજ ધ્યાનના ઉદ્યાનમાં ઉષા-નિશા વિતાવું,
ગુણ પરિમલ શ્વાસને ઉચ્છવાસમાં વહાવું,
નિજ બાળ પર પ્રભુ કરુણા ના કરો શાને,
વસ્યાં છો મુજ ગ્રંથના પાને-પાને... ॥૭૬॥

લખું આ હૃદયની વ્યથા કોના નામે,
જઈ બેઠો તું પ્રભુ મુક્તિસુખનાં ધામે,
લગાવી છે દોડ તારાં સરનામે,
હવે દુઃખ શાને સતત પ્રભુ સામે... ॥૭૭॥

ઉગતા પરોઢિયે એક શરુઆત થાશે,
જે જીવ રમતો રાગમાં એ ગીત તારાં ગાશે,
બસ એક આશ છે કે જો તું સાથ રહેશે,
ભલે પડે ને કષ્ટ બાળ હસતો હસતો સહેશે... ॥૭૮॥

ઉત્સંગમાં વિભુ મુજને તારાં રે રાખો,
નહીં ચાહું સુખ-દુઃખના એ વિપાકો,
અરજ કરું એટલી કે 'હું' ને ખોવું,
હે નાથ! તારી ભીતર હવે મુજને જોવું... ॥૭૯॥



શ્રી સિદ્ધાચલ મહાતીર્થ

ચૈત્યવંદન

(૧) વિમલ-કેવલ-જ્ઞાન-કમલા...

વિમલ-કેવલ-જ્ઞાન-કમલા, કલિત ત્રિભુવન હિતકરં;
સુરરાજ સંસ્તુત ચરણપંકજ, નમો આદિ જિનેશ્વરં. ॥૧॥
વિમલ ગિરિવર શૃંગમંડણ, પ્રવર ગુણગણ ભૂધરં;
સુર અસુર કિન્નર કોડિ સેવિત, નમો આદિ જિનેશ્વરં. ॥૨॥
કરતી નાટક કિન્નરી ગણ, ગાય જિનગુણ મનહરં;
નિર્જરાવલી નમે અહોનિશ, નમો આદિ જિનેશ્વરં. ॥૩॥
પુંડરિક ગણપતિ સિદ્ધિ સાધિત, કોડી પણ મુનિ મનહરં;
શ્રી વિમલગિરિવર શૃંગ સિધ્યા, નમો આદિ જિનેશ્વરં. ॥૪॥
નિજ સાધ્ય સાધક સુર મુનિવર, કોડિનંત એ ગિરિવરં;
મુક્તિરમણી વર્યા રંગે, નમો આદિ જિનેશ્વરં. ॥૫॥
પાતાલ નર સુર લોકમાંહિ, વિમલ ગિરિવર તો પરં;
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે, નમો આદિ જિનેશ્વરં. ॥૬॥
ઈમ વિમલગિરિવર શિખર મંડણ, દુઃખવિહંડણ ધ્યાઈએ;
નિજ શુદ્ધસત્તા સાધનાર્થે, પરમ જ્યોતિ નિપાઈએ. ॥૭॥
જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમપદ સ્થિત જયકરં;
ગિરિરાજ સેવા કરણ તત્પર, '**પદ્મવિજય**' સુહિતકરં. ॥૮॥

(૨) શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર...

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે. ॥૧॥
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય;
પૂર્વ નવ્વાણું ઋષભદેવ; જ્યાં ઠવિયા પ્રભુ પાય. ॥૨॥
સૂરજ કુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ,
નાભિરાયા કુલમંડણો, જિનવર કરું પ્રણામ. ॥૩॥

(૩) સોના રુપાના ફૂલડે...



સોના રુપાના ફૂલડે, સિદ્ધાચલને વધાવો;
ધ્યાન ધરી દાદા તણું, આનંદ મનમાં લાવો. ॥૧॥
પૂજા કરી પાવન થયો, અમ મન નિર્મલ દેહ;
રચના રચું શુભ ભાવથી, કરું કર્મનો છેહ. ॥૨॥
અભવિને દાદા વેગળા, ભવિને હૈડા હજૂર;
તન મન ધ્યાન એક લગનથી, કીધાં કર્મ ચકચૂર. ॥૩॥
કાંકરે કાંકરે સિદ્ધ થયા એ, સિદ્ધ અનંતનું ધામ;
શાશ્વત ગિરિવર પૂજતાં, જીવ પામે વિશ્રામ. ॥૪॥
દાદા દાદા હું કરું, દાદા વસિયા દૂર;
દ્રવ્યથી દાદા વેગળા, ભાવથી હૈડાં હજૂર. ॥૫॥
દુઃષમ કાળે પૂજતાં, ઇન્દ્ર ધરી બહુ પ્યાર;
તે પ્રતિમાને વંદના, શ્વાસમાંહે સો વાર. ॥૬॥
સુવર્ણ ગુફાએ પૂજતાં, રત્ન પ્રતિમા ઇન્દ્ર;
જ્યોતિશું જ્યોતિ મિલે, પૂજો ભવિ સુખકંદ. ॥૭॥
રિદ્ધિ સિદ્ધિ ઘેર સંપજે, પહોંચે મનની આશ;
ત્રિકરણ શુદ્ધે પૂજતાં, '**જ્ઞાનવિમલ**' પ્રકાશ. ॥૮॥

સ્તવન



(૧) આજ મારાં નયણાં સફળ થયાં...

(રાગ : તારા વિના શ્યામ મને.../ઓઘો છે અણમુલો.../
હોશવાલો કો...)

આજ મારાં નયણાં સફળ થયાં, શ્રી સિદ્ધાચલ નીરખી;
ગિરિને વધાવું મોતીડે, મારા હૈયામાં હરખી. ॥૧॥
ધન્ય ધન્ય સોરઠ દેશને, જિહાં એ તીરથ જોડી;
વિમલાચલ ગિરનારને, વંદું બે કર જોડી. ॥૨॥
સાધુ અનંતા ઈણ ગિરિ, સિધ્યા અનશન લેઈ;
રામ પાંડવ નારદઋષિ, બીજા મુનિવર કેઈ. ॥૩॥
માનવભવ પામી કરી, નવિ એ તીરથ ભેટે;
પાપ કરમ જે આકરાં, કહો કેણી પેરે મેટે. ॥૪॥
તીર્થરાજ સમરું સદા, સારે વાંછિત કાજ;
દુઃખ દોહગ દૂરે કરી, આપે અવિચલ રાજ. ॥૫॥
સુખના અભિલાષી પ્રાણીઆ, વાંછે અવિચલ સુખડા;
'**માણેકમુનિ**' ગિરિધ્યાનથી, ભાંજે ભવોભવ દુઃખડાં. ॥૬॥





(૨) ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહાય...

(રાગ : મેરા જીવન કોરા કાગજ... / આંખ મારી ઉઘડે...)

ઊંચા ઊંચા શત્રુંજયના શિખરો સોહાય,
વચ્ચે મારા દાદા કેરા દેરા ઝગમગ થાય,
દાદા તારી યાત્રા કરવા, મારું મન લલચાય,
તળેટીએ શીશ નમાવી, ચઢવા લાગું પાય,
પાવન ગિરિનો સ્પર્શ થાતાં, પાપો દૂર પલાય. ઊંચા૦॥૧॥

લીલી લીલી ઝાડીઓમાં, પંખી કરે કલશોર,
સોપાન ચઢતાં ચઢતાં જાણે, હૈયું અષાઢી મોર,
કાંકરે કાંકરે સિધ્યાં અનંતા, લળી લળી લાગું પાય. ઊંચા૦॥૨॥
પહેલી આવે રામ પોળ ને, ત્રીજી વાઘણપોળ,
શાંતિનાથનાં દર્શન કરતાં, પહોંચ્યા હાથી પોળ,
સામે મારા દાદા કેરા, દરબાર દેખાય. ઊંચા૦॥૩॥
દોડી દોડી આવું દાદા, દર્શન કરવા આજ,
ભાવ ભરેલી ભક્તિ કરીને, સાધું આતમ કાજ,
મરુદેવાના નંદન નીરખી, જીવન પાવન થાય. ઊંચા૦॥૪॥
ક્ષમા ભાવે ઓમકાર પદનો, નિત્ય કરીશ હું જાપ,
દાદા તારાં ગુણલાં ગાતાં, કાપીશ ભવનાં પાપ,
'પદ્મવિજય'ને હૈયે આજે, આનંદ ઊભરાય. ઊંચા૦॥૫॥

(3) ઐસી દશા હો ભગવન...

(રાગઃ રુડાં રાજમહેલ.../એ મરે વતન.../યહ હૈ પાવન...)

ઐસી દશા હો ભગવન, જબ પ્રાણ તન સે નિકલે...
ગિરિરાજ કી હો છાયા, મન મેં ન હોવે માયા;
તપ સે હો શુદ્ધ કાયા, જબ પ્રાણ તન સે નિકલે. ॥૧॥
ઉરમેં ન માન હોવે, દિલ એક તાન હોવે;
તુમ ચરણ ધ્યાન હોવે, જબ પ્રાણ તન સે નિકલે. ॥૨॥
સંસાર દુઃખ હરના, જિન ધર્મ હો શરણા;
હો કર્મ ભર્મ ખરના, જબ પ્રાણ તન સે નિકલે. ॥૩॥
અનશન કો સિદ્ધવટ હો, પ્રભુ આદિદેવ ઘટ હો;
ગુરુરાજ ભી નિકટ હો, જબ પ્રાણ તન સે નિકલે. ॥૪॥
યહ દાન મુજ કો દીજે, ઈતની દયા તો કીજે;
અરજી **'તિલક'** કી લીજે, જબ પ્રાણ તન સે નિકલે. ॥૫॥



(૪) ક્યું ન ભયે હમ મોર વિમલગિરિ...

(રાગ : પાર્શ્વ ચિંતામણિ મેરો... /જિન તેરે...)

ક્યું ન ભયે હમ મોર વિમલગિરિ, ક્યું ન ભયે હમ મોર.. ॥૧॥
સિદ્ધવડ રાયણ રુખ કી શાખા, ઝુલત કરત ઝકોર... ॥૨॥
આવત સંઘ રચાવત અંગીયા, ગાવત ગુણ ઘમઘોર.. ॥૩॥
હમ ભી છત્ર કલા કરી નિરખત, કટને કર્મ કઠોર.. ॥૪॥
મૂરત દેખ સદા મન હરખે, જૈસે ચંદ ચકોર... ॥૫॥
શ્રી '**રિસહેસર દાસ**' તિહારો, અરજ કરત કર જોર... ॥૬॥



(૫) ગિરિવર દરિસણ વિરલા પાવે...

(રાગ : શાંતિ જિનેશ્વર સાચો.../આ ભવ મળીયા.../
ગિરનારે શોભે દેખો.../માલકૌંસ...)

ગિરિવર દરિસણ વિરલા પાવે, પૂરવ સંચિત કર્મ ખપાવે;
ઋષભ જિનેશ્વર પૂજા રચાવે, નવ નવ નામે ગિરિગુણ ગાવે. ॥૧॥
સહસકમલ ને મુક્તિનિલય ગિરિ, સિદ્ધાચલ ને શતકૂટ કહાવે;
ઢંક કદંબને કોડિ નિવાસો, લોહિત તાલધ્વજ સુર ગાવે. ॥૨॥
ઢંકાદિ પંચ કૂટ સજીવન, સુરનર મુનિ મળી નામ થપાવે;
રયણખાણ જડીબુટ્ટી ગુફાઓ, રસકુંપિકા ગુરુ ઈહાં બતાવે. ॥૩॥
પણ પુણ્યવંતા પ્રાણી પાવે, પુણ્ય કારણ પ્રભુ પૂજા રચાવે;
દસ કોટિ શ્રાવકને જમાડે, જૈન તીર્થ યાત્રા કરી આવે. ॥૪॥
તેથી એક મુનિ દાન દિયંતા, લાભ ઘણો સિદ્ધાચલ થાવે;
ચંદ્રશેખર નિજ ભગિની ભોગી, તે પણ એ ગિરિ મોક્ષે જાવે. ॥૫॥
ચાર હત્યારા નર પરદારા, દેવ ગુરુદ્રવ્ય ચોરી પાવે;
ચૈત્રી કાર્તિકી પૂનમ યાત્રા, તપ જપ ધ્યાનથી પાપ જલાવે. ॥૬॥
ઋષભસેન જિન આદિ અસંખ્યા, તીર્થંકર મુક્તિસુખ પાવે;
શિવવધૂ વરવા મંડપ એ ગિરિ, '**શ્રી શુભવીર**' વચન રસ ગાવે. ॥૭॥

(૬) પ્રીતલડી બંધાણી રે વિમલ ગિરીંદશું...

(રાગ : પ્રીતલડી બંધાણી રે અજિત.../આંખડી મારી...)

પ્રીતલડી બંધાણી રે વિમલ ગિરીંદશું,
નિશિપતિ નિરખી હરખે જેમ ચકોર જો;
કમલા ગૌરી હરિહરથી રાચી રહે,
જલધર જોઈને મસ્ત બને વન મોર જો. પ્રીતલડી૦॥૧॥
આદિશ્વર અલવેસર આવી સમોસર્યા,
પુણ્ય ભૂમિમાં પુરવ નવ્વાણું વાર જો;
અરિહંત શ્રી અજિત જિનેશ્વર શાંતિનાથજી,
રહ્યાં ચોમાસું જાણી શિવપુર દ્વાર જો. પ્રીતલડી૦॥૨॥
સૂર્યવંશી સોમવંશી યાદવ વંશના,
નૃપ ગુણ પામ્યા નિર્મળ પદ નિર્વાણ જો;
મહા મુનીશ્વર ઈશ્વરપદ પૂરણ વર્યા,
શિવપુર શ્રેણી આરોહણ સોપાન જો. પ્રીતલડી૦॥૩॥
તીન ભુવનમાં તીરથ તુજ સમ કો' નહીં,
એમ પ્રકાશે સીમંધર મહારાજ જો;
તારે શરણે આવ્યો હું ઉતાવળો,
તાર તાર ઓ ગિરિવર ગરીબ નિવાજ જો. પ્રીતલડી૦॥૪॥
હું અપરાધી પાપી મિથ્યાઆડંબરી,
ફોગટ ભૂલ્યો ભવમાં તુમ વિના એક જો;
હવે ન મૂકું મોહન મુદ્રા તાહરી,
એ મુજ મોટી વંકનાળની ટેક જો. પ્રીતલડી૦॥૫॥
પલ્લો પકડી બાપજી બેઠો લાંઘવા,
આપ આપ તું ભક્ત વત્સલ ભગવંત જો;
અંતે પણ દેવું રે પડશે સાહિબા,
શી કરવી હવે ખાલી ખેંચતાણ જો. પ્રીતલડી૦॥૬॥

મૂળ વિક્ષેપ ને આવરણ ત્રિક દુરે કરી,
છેલ છબીલા આવ્યો આપ હજૂર જો;
સમર્પણ કીધું અતિ ઉમંગથી,
પ્રેમ પયોનિધિ પ્રગટ્યો અભિનવ પૂરો જો. પ્રીતલડી૦॥૭॥
શ્રી સિદ્ધાચલ ગિરિવર મંડન શેખરા,
પરમ કૃપાળુ પાલક પ્રાણ આધાર જો;
વિછડશો નહીં કદીએ પ્યારા પ્રાણ થી,
રસિયા કરો '**ધર્મરત્ન**' વિસ્તારજો. પ્રીતલડી૦॥૮॥



(૭) બાપલડા રે પાતિકડા તુમે...

(રાગ : ચાર દિવસના.../મેરે નૈના.../ફૂલ તુમે ભેજા...)

બાપલડા રે પાતિકડા તુમે, શું કરશો હવે રહીને રે;
શ્રી સિદ્ધાચલ નયણે નિરખ્યો, દૂર જાઓ તમે વહીને રે. ॥૧॥
કાળ અનાદિ લગે તુમ સાથે, પ્રીત કરી નિરવહીને રે;
આજ થકી પ્રભુ ચરણે રહેવું, એમ શીખવીયું મનને રે. ॥૨॥
દુષમ કાલે ઈણે ભરતે, મુક્તિ નહીં સંઘયણને રે;
પણ તુમ ભક્તિ મુક્તિને ખેંચે, ચમક ઉપલ જિમ લોહને રે. ॥૩॥
શુદ્ધ સુવાસન ચૂરણ આપ્યું, મિથ્યા પંક શોધનને રે;
આતમ ભાવ થયો મુજ નિર્મળ, આનંદમય તુજ ભજને રે. ॥૪॥
અક્ષય નિધાન તુજ સમકિત પામી, કુણ વંછે ચલ ધનને રે;
શાંત સુધારસ નયણ કચોલે, સીંચ્યો સેવક તનને રે. ॥૫॥
બાહ્ય અભ્યંતર શત્રુ કેરો, ભય ન હોવે હવે મુજને રે;
સેવક સુખીયો સુજસ વિલાસી, એ મહિમા પ્રભુ તુજનો રે. ॥૬॥
નામ મંત્ર તુમારો સાધ્યો, તે થયો જગ મોહનને રે;
તુજ મુખ મુદ્રા નિરખી હરખું, જિમ ચાતક જલધરને રે. ॥૭॥
તુજ વિણ અવરને દેવ કરીને, નવ ચાહું ફરી ફરીને રે;
'**જ્ઞાનવિમલ**' કહે ભવજલ તારો, સેવક બાંહ્ય ગ્રહીને રે. ॥૮॥

(૮) ગિરિરાજકું સદા મોરી વંદના...

વંદના વંદના વંદના રે, ગિરિરાજ કું સદા મોરી વંદના,
વંદના તે પાપ નિકંદના રે, આદિનાથકું સદા મોરી વંદના;
જિનકો દરિસણ દુર્લભ દેખી, કીધી તે કર્મ નિકંદના રે. ગિ૦॥૧॥
વિષય કષાય તાપ ઉપશમીયે, જિમ મલે બાવન ચંદના રે. ગિ૦॥૨॥
ધન ધન તે દિન કબહી હોંશે, થાશે તુમ મુખ દર્શના રે. ગિ૦॥૩॥
તિહાં વિશાલ ભાવ પણ હોંશે, જિહાં પ્રભુ પદકજ ફર્શના રે. ગિ૦॥૪॥
ચિત્તમાંહેથી કબહું ન વિસારું, પ્રભુ ગુણગણની ધ્યાવના રે. ગિ૦॥૫॥
વળી વળી દરિસણ વહેલું લહીયે, એહવી રહે નિત્ય ભાવના રે. ગિ૦॥૬॥
ભવોભવ એહી જ ચિત્તમાં ચાહું, મેરે ઓર નહિં વિચારણા રે. ગિ૦॥૭॥
ચિત્રગયંદના મહાવતની પેરે, ફેર ન હોય ઉતારના રે. ગિ૦॥૮॥
'જ્ઞાનવિમલ' પ્રભુ પૂર્ણકૃપાથી, સુકૃત સુબોધ સુવાસના રે. ગિ૦॥૯॥

(૯) ભરતની પાટે ભૂપતિ રે...

(રાગ : ધન ધન શ્રી અરિહંતને રે.../બંધ સમયે ચિત્ત...)

ભરતની પાટે ભૂપતિ રે, સિદ્ધિ વર્યા એણે ઠામ, સલુણા;
અસંખ્યાતા તિહાં લગે રે, હુઆ અજિત જિનરાય, સલુણા. ॥૧॥
જિમ જિમ એ ગિરિ ભેટીએ રે, તિમ તિમ પાપ પલાય, સલુણા;
અજિત જિનેશ્વર સાહિબો રે, ચોમાસું રહી જાય, સલુણા. ॥૨॥
સાગર મુનિ એક કોડિશું રે, તોડ્યા કર્મના પાસ, સલુણા;
પાંચ કોડી મુનિરાજશું રે, ભરત લહ્યાં શિવવાસ, સલુણા. ॥૩॥
આદીશ્વર ઉપકારથી રે, સત્તર કોડી સાથ, સલુણા;
અજિતસેન સિદ્ધાચલે રે, ઝાલ્યો શિવવહુ હાથ, સલુણા. ॥૪॥
અજિતનાથ મુનિ ચૈત્રની રે, પૂનમે દશહજાર, સલુણા;
આદિત્યયશા મુક્તિ વર્યા રે, એક લાખ અણગાર, સલુણા. ॥૫॥

અજરામર ક્ષેમંકરું રે, અમરકેતુ ગુણકંદ, સલુણા;
સહસ્રપત્ર શિવંકરું રે, કર્મક્ષય તમો કંદ, સલુણા. ॥૬॥
રાજરાજેશ્વર એ ગિરિ રે, નામ છે મંગલ રુપ, સલુણા;
ગિરિવર રજ તરુ મંજરી રે, શીશ ચઢાવે ભૂપ, સલુણા. ॥૭॥
દેવયુગાદિ પૂજતાં રે, કર્મ હોયે ચકચૂર, સલુણા;
શ્રી '**શુભવીર**' ને સાહિબા રે, રહેજો હૈડા હજુર, સલુણા. ॥૮॥

(૧૦) મનના મનોરથ સવિ ફળ્યા એ...

(રાગઃ નીલે ગગન કે તલે.../દીન દુઃખિયાનો...)

મનના મનોરથ સવિ ફળ્યા એ, સિધ્યા વાંછિત કાજ;
પૂજો ગિરિરાજને રે; વંદો ગિરિરાજને રે, જય ગિરિરાજ (૪)!
પ્રાયે એ ગિરિ શાશ્વતો એ, ભવજળ તરવા જહાજ. પૂજો૦॥૧॥
મણિ માણેક મુક્તાફળે એ, રજત કનકનાં ફૂલ;
કેશર ચંદન ઘસી ઘણાં એ, બીજી વસ્તુ અમૂલ. પૂજો૦॥૨॥
છટ્ઠે અંગે દાખીયો એ, આઠમે અંગે ભાખ;
થિરાવલી પયન્ને વર્ણવ્યો એ, એ આગમની સાખ. પૂજો૦॥૩॥
વિમલ કરે ભવિલોકને એ, તેણે વિમલાચલ જાણ;
શુકરાજથી વિસ્તર્યો એ, શત્રુંજય ગુણ ખાણ. પૂજો૦॥૪॥
પુંડરીક ગણધરથી થયો એ, પુંડરીક ગિરિ ગુણધામ;
સુર-નરકૃત એમ જાણીએ એ, ઉત્તમ એકવીશ નામ. પૂજો૦॥૫॥
એ ગિરિવરના ગુણ ઘણા એ, નાણીએ નવિ કહેવાય;
જાણે પણ કહી નવિ શકે એ, મૂક ગુડને ન્યાય. પૂજો૦॥૬॥
ગિરિવર ફરસન નવિ કર્યો એ, તે રહ્યો ગર્ભાવાસ;
નમન દરસન ફરસન કર્યો એ, પૂરે મનની આશ. પૂજો૦॥૭॥
આજ મહોદય મેં લહ્યો એ, પામ્યો પ્રમોદ રસાળ;
'**મણિઉદ્યોત**' ગિરિ સેવતાં એ, ઘેર ઘેર મંગલ માળ. પૂજો૦॥૮॥

(૧૧) મારું મન મોહ્યું રે...

(રાગ : ધારણી મનાવે રે... / રુડી ને રઢિયાલી રે...)

મારું મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે, દેખીને હરખિત થાય;
વિધિશું કીજે રે યાત્રા એહની રે, ભવભવનાં દુખ જાય. મારું૦॥૧॥
પાંચમે આરે રે પાવન કારણે રે, એ સમું તીરથ ન કોય;
મોટો મહિમા રે જગમાં એહનો રે, આ ભરતે ઇહાં જોય. મારું૦॥૨॥
ઇણ ગિરિ આવ્યા રે જિનવર ગણધરા રે, સિધ્યાં સાધુ અનંત;
કઠિન કર્મ પણ એ ગિરિ ફરસતાં રે, હોવે કર્મ નિશાંત. મારું૦॥૩॥
જૈન ધર્મ તે સાચો જાણીએ રે, માનું તીરથ એ સ્થંભ;
સુરનર કિન્નર નૃપ વિદ્યાધરા રે, કરતાં નાટારંભ. મારું૦॥૪॥
ધન્ય તે દહાડો રે ધન્ય વેળા ઘડી રે, ધરીએ હૃદય મોઝાર;
'**જ્ઞાનવિમલસૂરિ**' ગુણએહના ઘણાંરે, કહેતાંનઆવેપાર. મારું૦॥૫॥

(૧૨) યાત્રા નવ્વાણું કરીએ...

(રાગ : મેરુશિખરે નવરાવે હો.../પહેલે ડુંગરીએ...)

યાત્રા નવ્વાણુ કરીએ, વિમલગિરિ યાત્રા નવ્વાણુ કરીએ;
પૂરવ નવ્વાણુ વાર શત્રુંજયગિરિ, ઋષભ જિણંદ સમોસરીએ. ॥૧॥
કોટિ સહસ ભવ પાતિક તૂટે, શત્રુંજય સમો ડગ ભરીએ. ॥૨॥
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢીએ ગિરિવરીએ. ॥૩॥
પુંડરીક પદ જપીએ મન હરખે, અધ્યવસાય શુભ ધરીએ. ॥૪॥
પાપી અભવ્ય નજરે ન દેખે, હિંસક પણ ઉદ્ધરીએ. ॥૫॥
ભૂમિ સંથારો ને નારી તણો સંગ, દૂર થકી પરિહરીએ. ॥૬॥
સચિત્ત પરિહારી ને એકલ આહારી, ગુરુ સાથે પદ ચરીએ. ॥૭॥
પડિક્કમણાં દોય વિધિશું કરીએ, પાપ પડલ વિખરીએ. ॥૮॥
કળિકાળે એ તીરથ મોટું, પ્રવહણ જિમ ભર દરીએ. ॥૯॥
ઉત્તમ એ ગિરિવર સેવંતા, '**પદ્મ**' કહે ભવ તરીએ. ॥૧૦॥

(૧૩) વિમલગિરિ વિમલતા સમરીયે...

(રાગ : ચેતન જ્ઞાન અજવાળીયે../પાર્શ્વ ચિંતામણી મેરો...)

વિમલગિરિ વિમલતા સમરીયે, કમલદલ નયન જગદીશ રે;
ત્રિભુવન દીપક દીપતો, જિહાં જયો શ્રી યુગાદીશ રે. ॥૧॥
પાપના તાપ સવિ ઉપશમે, પ્રહ સમે સમરતા નામ રે;
પૂજતાં પાય શ્રીઋષભના, સંપજે વાંછિત કામ રે. ॥૨॥
ઋદ્ધિ રાણી ઘર ઘર મળે, પય તળે કનકની કોડી રે;
નાભિ નરનાથ સુત સમરણે, ઈમ ભણે '**વિનય**' કરજોડી રે. ॥ ૩ ॥

(૧૪) વિમલગિરિ શિખર સુંદર...

(રાગ : મેરા જીવન કોરા કાગજ.../આંખ મારી ઉઘડે ત્યાં.../
આજ મારા પ્રભુજી....)

વિમલગિરિ શિખર સુંદર, સકલ તીરથ સાર રે;
નાભિનંદન ત્રિજગવંદન, ઋષભજિન જયકાર રે. વિમલ૦॥૧॥
ચૈત્ય તરુવર રુખ રાયણ, તલે અતિ મનોહાર રે;
નાભિનંદન તણા પગલા, ભેટતાં ભવ પાર રે. વિમલ૦॥૨॥
સમવસરીયા આદિ જિનવર, જાણી લાભ અનંત રે;
અજિત શાંતિ ચોમાસું રહીયા, સાથ અનેક મહંત રે. વિમલ૦॥૩॥
સાધુ સિધ્યા જિહાં અનંતા, પુંડરીક ગણધાર રે;
સાંબને પ્રદ્યુમ્ન પાંડવ, પ્રમુખ બહુ અણગાર રે. વિમલ૦॥૪॥
નેમિજિનનો શિષ્ય થાવચ્ચો, એક સહસ અણગાર રે;
અંતગડજી સૂત્ર માંહે, જ્ઞાતાસૂત્ર મોઝાર રે. વિમલ૦॥૫॥
ભાવશું જે ભવિક ભેટે, સિદ્ધક્ષેત્ર મુકામ રે;
નરક તિરિ ગતિ દોષ નિવારે, જે જપે લાખ જિનનામ રે. વિમલ૦॥૬॥
રયણમણિની ઋષભ પડીમા, પંચસયા ધનુ માન રે;
નિત્ય પ્રત્યે જિહાં ઇન્દ્ર પૂજે, દુષમ સમય પ્રમાણ રે. વિમલ૦॥૭॥

ત્રીજે ભવે મુક્તિ પહોંચે, ભવિક ભેટે જેહ રે;
દેવ સાંનિધ્ય સકલ વાંછિત, પૂરવે સસનેહ રે. વિમલ૦॥૮॥
એણી પરે એ તીરથ મહિમા, કહ્યો શાસ્ત્ર મોઝાર રે;
'જ્ઞાનવિમલ' ગિરિ ધ્યાન ધરતા, આવાગમન નિવાર રે. વિમલ૦॥૯॥

(૧૫) વિમલગિરિ વંદો રે...

(રાગ : અંતરજામી સુણ.../વીર! મને તારો...)

શ્રી આદીશ્વર અંતરજામી, જીવન જગત આધાર,
શાંત સુધારસ જ્ઞાને ભરિયો, સિદ્ધાચલ શણગાર;
રાયણ રુડી રે, જિહાં પ્રભુ પાય ધરે, વિમલગિરિ વંદો રે,
દેખત દુઃખ હરે, પુણ્યવંતા પ્રાણી રે, પ્રભુજીની સેવા કરે. વિ૦॥૧॥
ગુણ અનંતા ગિરિવર કેરા, સિધ્યા સાધુ અનંત,
વળી રે સિદ્ધશે વાર અનંતી, એમ ભાખે ભગવંત;
ભવોભવ કેરાં રે, પાતિક દૂર કરે. વિ૦॥૨॥
વાવડિયું રસ કુંપા કેરી, મણિ માણેકની ખાણ,
રત્નખાણ બહુ રાજે હો તીરથ, એહવી શ્રી જિનવાણ;
સુખના સ્નેહી રે, બંધન દૂર કરે. વિ૦॥૩॥
પાંચ કોટિશું પુંડરીક સિધ્યાં, ત્રણ કોટિશું રામ,
વીશ કોટિશું પાંડવ સિધ્યાં, સિદ્ધક્ષેત્ર સિદ્ધ ઠામ;
મુનિવર મોટા રે, અનંતા મુક્તિ વરે. વિ૦॥૪॥
એસો તીરથ ઓર ન જગ મેં, એમ ભાખે શ્રી જિનભાણ,
દુર્ગતિ કાપે ને પાર ઉતારે, વહાલો આપે કેવલનાણ;
ભવિજન ભાવે રે, જે એહનું ધ્યાન ધરે. વિ૦॥૫॥
દ્રવ્ય ભાવશું પૂજા કરતાં, પૂજો શ્રી જિનપાય,
ચિદાનંદ સુખ આતમ વેદી, જ્યોતિ સે જ્યોતિ મિલાય;
કીર્તિ એહની રે, **'માણેક'** મુનિ કરે. વિ૦॥૬॥



(૧૬) વિમલાચલ નિતુ વંદીએ...

(રાગ : છઠ્ઠો આરો એવો આવશે.../તું મને ભગવાન.../
ઓઘો છે અણમોલો.../કડવા ફળ છે કોધના...)

વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા;
માનું હાથ એ ધર્મનો, શિવતરુ ફળ લેવા. વિ૦॥૧॥
ઉજ્જવલ જિન ગૃહ મંડલી, તિહાં દીપે ઉત્તંગા;
માનું હિમગિરિ વિભ્રમે, આઈ અંબર ગંગા. વિ૦॥૨॥
કોઈ અનેરું જગ નહિ, એ તીરથ તોલે;
એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર બોલે. વિ૦॥૩॥
જે સઘળાં તીરથ કહ્યાં, યાત્રા ફળ કહીએ;
તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફળ લહીએ. વિ ॥૪॥
જન્મ સફલ હોય તેહનો , જે એ ગિરિ વંદે;
'સુજશવિજય' સંપદ લહે, તે નર ચિર નંદે. વિ૦॥૫॥



(૧૭) શત્રુંજય ગઢના વાસી રે...

(રાગ : ગુજરાતી ગરબો.../ઓઘો છે અણમૂલો.../રુડીને રઢિયાળી રે...)

શત્રુંજય ગઢના વાસી રે, મુજરો માનજો રે,
સેવકની સુણી વાતો રે, દિલમાં ધારજો રે;
પ્રભુ મેં દીઠો તુમ દેદાર, આજ મને ઊપન્યો હરખ અપાર,
સાહિબાની સેવા રે, ભવ દુઃખ ભાંજશે રે. સા૦॥૧॥
એક અરજ અમારી રે, દિલમાં ધારજો રે,
ચોરાશી લાખ ફેરા રે, દૂર નિવારજો રે;
પ્રભુ મને દુર્ગતિ પડતો રાખ, દરિસણ વહેલું રે દાખ. સા૦॥૨॥
દોલત સવાઈ રે, સોરઠ દેશની રે,
બલિહારી હું જાઉં રે, પ્રભુ તારા વેશની રે;
પ્રભુ તારું રુડું દીઠું રુપ, મોહ્યાં સુરનર વૃંદ ને ભૂપ. સા૦॥૩॥

તીરથ ન કોઈ રે, શત્રુંજય સારીખું રે,
પ્રવચન પેખીને, કીધું મેં પારખું રે;
ઋષભને જોઈ જોઈ હરખે જેહ, ત્રિભુવન લીલા પામે તેહ. સા૦॥૪॥
ભવોભવ માંગું રે, પ્રભુ તારી સેવના રે,
ભાવઠ ન ભાંજે રે, જગમાં જે વિના રે;
પ્રભુ મારા પૂરો મનના કોડ, ઈમ કહે '**ઉદયરત્ન**' કરજોડ. સા૦॥૫॥

(૧૮) શોભા શી કહું રે શેત્રુંજા તણી...

(રાગઃ પ્રીતલડી બંધાણી રે.../આંખડી મારી પ્રભુ.../
નિરખ્યો નેમિ જિણંદ..)

શોભા શી કહું રે શેત્રુંજા તણી,
જિહાં બિરાજે છે પ્રથમ તીર્થંકર દેવ જો;
રુડી રે... રાયણ તળે ઋષભ સમોસર્યા,
ચોસઠ સુરપતિ... સારે પ્રભુની સેવ જો. ॥૧॥
નીરખ્યો રે નાભિરાયા કેરા પુત્રને,
માતા મરુદેવી કેરા નંદ જો;
રુડી રે.... વિનીતા નગરીનો ધણી,
મુખડું તે સોહે... શરદ પૂનમનો ચંદ જો. ॥૨॥
નિત્ય ઊઠીને નારી કંથ ને વિનવે,
પિઉડા મુજને પાલીતાણા દેખાડજો;
એ ગિરિએ... પૂર્વ નવ્વાણું સમોસર્યા,
માટે મુજને... આદીશ્વર ભેટાડજો. ॥૩॥
મારે મન જાવાની ઘણી હોંશ છે,
ક્યારે જાવું ને ક્યારે કરું દર્શન જો;
તે માટે... મન મારું તલસે ઘણું,
નયણે નિહાળું તો... ઠરે મારાં લોચન જો. ॥૪॥

એવી રે અરજ અમારી સાંભળો,
હુકમ કરો તો આવું તમારી પાસ જો;
મહેર કરીને.... એક વાર દરિસણ દીજિયે,
શ્રી '**શુભવીર**'ની... પહોંચે મનની આશ જો. ॥૫॥



(૧૯) સિદ્ધાચલ શિખરે દીવો રે...

(રાગ : ગુજરાતી ગરબો...)

સિદ્ધાચલ શિખરે દીવો રે, આદીશ્વર અલબેલો રે;
જાણે દર્શન અમૃત પીવો રે, આદીશ્વર અલબેલો રે;
શિવ સોમજસાની લારે રે, આ૦,
તેર કોડી મુનિ પરિવારે રે, આ૦ ॥૧॥
કરે શિવસુંદરીનું આણું રે, આ૦,
નારદજી લાખ એકાણું રે; આ૦
વસુદેવની નારી પ્રસિદ્ધિ રે, આ૦,
પાંત્રીસ હજાર તે સિદ્ધિ રે, આ૦ ॥૨॥
લાખ બાવનને એક કોડી રે, આ૦,
પંચાવન સહસને જોડી રે; આ૦
સાતસોને સિત્યોત્તેર સાધુ રે, આ૦,
પ્રભુ શાંતિ ચોમાસું કીધું રે, આ૦ ॥૩॥
તવ એ વરિયા શિવનારી રે, આ૦,
ચૌદ સહસ મુનિ દમિતારી રે; આ૦
પ્રદ્યુમ્નપ્રિયા અચંભી રે, આ૦,
ચૌવાલીસસેં વૈદર્ભી રે, આ૦ ॥૪॥
થાવચ્ચાપુત્ર હજારે રે, આ૦,
શુક પરિવ્રાજક એ ધારે રે; આ૦

સેલગ પણસય વિખ્યાતે રે, આ૦,
સુભદ્રમુનિ સયસાતે રે, આ૦ ॥૫॥
ભવતરિયા તેણે ભવતારણ રે, આ૦,
ગજચંદ્ર મહોદય કારણ રે; આ૦
સુરકાંત અચલ અભિનંદો રે, આ૦,
સુમતિ શ્રેષ્ઠી ભયકંદો રે, આ૦ ॥૬॥
ઈહાં મોક્ષે ગયા કેઈ કોટી રે, આ૦,
અમને પણ આશા મોટી રે; આ૦
શ્રદ્ધા સંવેગે ભરિયો રે, આ૦,
મેં મોટો દરિયો તરિયો રે, આ૦ ॥૭॥
શ્રદ્ધા વિણ કુણ ઈહાં આવે રે, આ૦,
લઘુ જળમાં કેમ તે નાવે રે; આ૦
તિણે હાથ હવે પ્રભુ ઝાલો રે, આ૦,
'**શુભવીર**'ને હૈડે વહાલો રે, આ૦ ॥૮॥

(૨૦) સિદ્ધાચલગિરિ ભેટ્યા રે...

(રાગ : હે પ્રભુજી! નહિ જાઉં નરકની ગેહે.../ માઈન માઈન.../
આંખ મારી ઉઘડે.../ઐ મેરે વતન કે...)

સિદ્ધાચલગિરિ ભેટ્યાં રે, ધન્ય ભાગ્ય હમારા,
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પારા;
રાયણ રુખ સમોસર્યા સ્વામી, પૂર્વ નવ્વાણું વારા રે. ॥૧॥
મૂળનાયક શ્રી આદિજિનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચારા;
અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મૂળ આધારા રે. ॥૨॥
ભાવ ભક્તિશું પ્રભુ ગુણ ગાવે, અપના જન્મ સુધારા;
યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરક તિર્યંચ ગતિ વારા રે. ॥૩॥

દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા;
પતિત ઉદ્ધારણ બિરુદ તમારું, એ તીરથ જગ સારા રે. ॥૪॥
સંવત અઢાર ત્યાસી માસ અષાઢા, વદિ આઠમ સોમવારા;
પ્રભુજી કે ચરણ પ્રતાપ કે સંઘમેં, **'ખિમારતન'** પ્રભુ પ્યારા રે. ॥૫॥

(૨૧) સિદ્ધાચલના વાસી...

સિદ્ધાચલના વાસી, વિમલાચલના વાસી,
જિનજી પ્યારા, આદિનાથને વંદન અમારા;
પ્રભુજીનું મુખડું મલકે, નયનોમાંથી વરસે,
અમીરસ ધારા, આદિનાથને વંદન અમારા. ॥૧॥
પ્રભુજીનું મુખડું છે મલક મિલાકર, દિલમેં ભક્તિ કી જ્યોત જગાકર;
ભજી લે પ્રભુને ભાવે, દુર્ગતિ કદી ન આવે, જિનજી૦॥૨॥
ભમીને લાખ ચોરાસી હું આવ્યો, પુણ્યે દરિસન તમારા પાયો;
ધન્ય દિવસ મારો, ભવના ફેરા ટાળો, જિનજી૦॥૩॥
અમે તો માયાના વિલાસી, તમે છો મુક્તિપુરીના વાસી;
કર્મબંધન કાપો, મોક્ષસુખ આપો, જિનજી૦॥૪॥
અરજી ઉરમાં ધરજો અમારી, અમને આશા છે પ્રભુજી તમારી;
કહે **'હર્ષ'** હવે, સાચા સ્વામી તમે, વંદન કરીએ અમે. જિનજી૦॥૫॥

(૨૨) સિદ્ધાચલનો વાસી પ્યારો લાગે...

(રાગ : આંખ મારી ઊઘડે ત્યાં.../
બેસવું હોય તો બેસી જાઓ.../આજ મારા દેરાસરમાં...)

સિદ્ધાચલનો વાસી પ્યારો લાગે, મોરા રાજિંદા...!
ઈણ રે ડુંગરીયામાં ઝીણી ઝીણી કોરણી, ઉપર શિખર બિરાજે. ॥૧॥
કાને કુંડલ માથે મુગુટ બિરાજે, બાંહે બાજુબંધ છાજે. ॥૨॥

ચઉમુખ બિંબ અનુપમ છાજે, અદ્ભુત દીઠે દુઃખ ભાંજે. ॥૩॥
ચુવા ચુવા ચંદન ઓર અગરજા, કેસર તિલક બિરાજે. ॥૪॥
ઈણ ગિરિ સાધુ અનંતા સિધ્યા, કહેતાં પાર ન આવે. ॥૫॥
'જ્ઞાનવિમલ' પ્રભુ એણી પેરે બોલે, આ ભવ પાર ઉતારો. ॥૬॥

થોય

(૧) શ્રી શત્રુંજય મંડન...

શ્રી શત્રુંજય મંડન, ઋષભ જિણંદ દયાલ,
મરુદેવા નંદન, વંદન કરું ત્રણ કાળ;
એ તીરથ જાણી, પૂર્વ નવ્વાણું વાર,
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ॥૧॥
ત્રેવીશ તીર્થંકર, ચઢીયા ઈણ ગિરિ રાય,
એ તીરથના ગુણ, સુર-અસુરાદિક ગાય;
એ પાવન તીરથ, ત્રિભુવન નહિ તસ તોલે,
એ તીરથના ગુણ, સીમંધર મુખ બોલે. ॥૨॥
પુંડરીકગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ,
વિમલાચલ ભેટી, લહીએ અવિચલ રિદ્ધ;
પંચમી ગતિ પહોંતા, મુનિવર કોડા કોડ,
ઈણ તીરથે આવી, કર્મ વિપાક વિછોડ. ॥૩॥
શ્રી શત્રુંજય કેરી, અહોનિશ રક્ષાકારી,
શ્રી આદિજિનેશ્વર, આણ હૃદયમાં ધારી;
શ્રી સંઘ વિઘ્નહર, કવડજક્ષ ગણભૂર,
શ્રી **'રવિબુધસાગર'**, સંઘના સંકટ ચૂર. ॥૪॥





(૨) શૈલે શત્રુંજયાડડખ્યે ભવજલ....

(રાગ : આમૂલાલોલ-ધૂલિ...)

શૈલે શત્રુંજયાડડખ્યે ભવજલધિ-પતઙ્ક્ષન્તુ-પોતાયમાને,
ચૈત્યે ચંચત્પતાકા-પ્રકટ-સિતપટે કૂપકાડડભે ગુણાઢ્યે;
નેતું પારે પરસ્મિન્ શિવનગર-મહા-રાજ્ય-લાભાય લોકં,
કુર્વન્ નિર્યામકત્વં જયતિ જિનપતિ-ર્નાભિ-ભુપાલસૂનુઃ.॥૧॥
યત્પાદાડમ્ભોજરેણુ-સ્તબક-તિલકિતા ભાવિનો ભાવનમ્રા,
ભુક્તેર્મુક્તેશ્ચ લક્ષ્મ્યાઃ સ્ફુટમિહ સુભગં ભાવુકત્વં ભજન્તિ;
તે સન્તો ભાવ્યતીતા વિમલગિરિમહા-શૃઙ્ગ-શૃઙ્ગારકાઃ યે,
પાયાસુ-ર્લોકસારા જિનવર-વૃષભાઃ કૃતાર્થવિશ્વોપકારાઃ.॥૨॥
શૈલે શ્રી પુણ્ડરીકે સમવસૃતિ-મુખાન્ ઉન્નતૈ-ર્યદ્ ઘનાભૈ-
ર્ભવ્યાનાનન્દ-યદ્ભિઃ શિખિન ઇવ લસદ્-દેશના-ગર્જિતેન;
ઉદ્ગીર્ણં તીર્થરાજૈઃ શ્રુત-મમૃત-મિદં બોધિ-બીજાનુરુપં,
શ્રેયઃ સમ્પત્ ફલાઢ્યં પ્રથયતુ સુકૃતાઙ્કુર-પૂરં-જગત્યામ્. ॥૩॥
પુણ્યાત્પુણ્યાનુબન્ધાન્ નિયમ-લવભવાત્ પૂર્વજન્માનુચીર્ણાત્,
દેવત્વં પ્રાપ યઃ શ્રીવિમલગિરિ-મહાતીર્થ-સેવાપવિત્રમ્;
કલ્યાણી-ભક્તિ-રુચ્યૈ પ્રથમજિનપતેઃ પાદ પદ્માર્ચનેડસૌ,
શ્રીયક્ષેશઃ કપર્દી ભવતુ ભવ-ભૃતાં ભૂતયે શાન્તયે નઃ. ॥૪॥

શ્રી રાયણ પગલા

ચૈત્યવંદન

(૧) એહ ગિરિ ઉપર...

એહ ગિરિ ઉપર આદિ દેવ, પ્રભુ પ્રતિમા વંદો;
રાયણ હેઠે પાદુકા, પૂજીને આણંદો. ॥૧॥
એહ ગિરિનો મહિમા અનંત, કુણ કરે વખાણ;
ચૈત્રી પુનમને દિને, તેહ અધિકો જાણ. ॥૨॥
એહ તીરથ સેવો સદા, આણી ભક્તિ ઉદાર;
શ્રી શત્રુંજય સુખદાયકો, '**દાનવિજય**' જયકાર. ॥૩॥

સ્તવન

(૧) નીલુડી રાયણ તરુ તળે...

(રાગ : આંખડી મારી../પ્રીતલડી બંધાણી રે../નિરખ્યો નેમિ..)

નીલુડી રાયણ તરુ તળે, સુણસુંદરી;
પીલુડાં પ્રભુનાં પાય રે, ગુણમંજરી. ॥૧॥
ઉજ્વલ ધ્યાને ધ્યાઈએ, સુણ૦;
એહી જ મુક્તિ ઉપાય રે. ગુણ૦ ॥૨॥
શીતલ છાંયડે બેસીએ, સુણ૦;
રાતડો કરી મન રંગ રે. ગુણ૦ ॥૩॥
પૂજીએ સોવન ફૂલડે, સુણ૦;
જેમ હોય પાવન અંગ રે. ગુણ૦ ॥૪॥
ખીર ઝરે જેહ ઉપરે, સુણ૦;
નેહ ધરીને એહ રે. ગુણ૦ ॥૫॥
ત્રીજે ભવે તે શિવ લહે, સુણ૦;
થાયે નિર્મળ દેહ રે.ગુણ૦. ॥૬॥

પ્રીત ધરી પ્રદક્ષિણા, સુણ૦;
દીએ એહને જે સાર રે. ગુણ૦ ॥૭॥
અભંગ પ્રીતિ હોય તેહને, સુણ૦;
ભવોભવ તુમ આધાર રે. ગુણ૦. ॥૮॥
કુસુમ પત્ર ફળ મંજરી, સુણ૦;
શાખા થડ ને મૂળ રે. ગુણ૦ ॥૯॥
દેવ તણા વાસાય છે, સુણ૦;
તીરથને અનુકૂળ રે.ગુણ૦ ॥૧૦॥
તીરથ ધ્યાન ધરો મુદા, સુણ૦;
સેવો એહની છાંય રે.ગુણ૦ ॥૧૧॥
'જ્ઞાનવિમલ' ગુણ ભાખિયો, સુણ૦;
શત્રુંજય મહાત્મ્ય માંહ્ય રે. ગુણ૦ ॥૧૨॥

થોય

શ્રી શત્રુંજય આદિ જિન આવ્યા, પૂર્વ નવ્વાણું વારજી,
અનંત લાભ ઈહાં જિનવર જાણી, સમોસર્યા નિરધારજી;
વિમલ ગિરિવર મહિમા મોટો, સિદ્ધાચલ ઈણ ઠામજી,
કાંકરે કાંકરે અનંતા સિધ્યાં, એકસો ને આઠ ગિરિ નામજી ॥૧॥



શ્રી પુંડરિક સ્વામી

ચૈત્યવંદન

(૧) આદીશ્વર જિનરાયનો...

આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરીક, જાસ મહિમાએ મહંત. ॥૧॥
પંચ ક્રોડ મુણીંદ સાથે, અણસણ જિહાં કીધ;
શુક્લ ધ્યાન ધ્યાતા અમૂલ, કેવલ તિહાં લીધ. ॥૨॥
ચૈત્રી પૂનમને દિને એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરીકગિરિ, નામ '**દાન**' સુખકંદ. ॥૩॥

સ્તવન

(૧) એક દિન પુંડરીક ગણધરું રે લાલ...

(રાગ : જનનીની જોડ સખી.../માલકૌંસ...)

એક દિન પુંડરીક ગણધરું રે લાલ,
પૂછે શ્રી આદિ જિણંદ સુખકારી રે;
કહીએ તે ભવજલ ઉતરીએ રે લાલ,
પામીશ પરમાનંદ ભવવારી રે. એક૦॥૧॥
કહે જિન ઇણગિરિ પામશો રે લાલ,
જ્ઞાન અને નિર્વાણ જયકારી રે;
તીરથ મહિમા વાધશે રે લાલ,
અધિક અધિક મંડાણ નિરધારી રે. એક૦॥૨॥
ઈમ નિસુણીને ઇહાં આવિયા રે લાલ,
ઘાતી કર્મ કર્યાં દૂર તમવારી રે;

પંચ ક્રોડ મુનિ પરિવર્યા રે લાલ,
હુઆ સિદ્ધિ હજૂર ભવપારી રે. એક૦॥૩॥
ચૈત્રી પૂનમ દિન કીજીએ રે લાલ,
પૂજા વિવિધ પ્રકાર દિલધારી રે;
ફળ પ્રદક્ષિણા કાઉસગ્ગા રે લાલ,
લોગસ્સ થુઈ નમુક્કાર નરનારી રે. એક૦॥૪॥
દસ વીશ ત્રીશ ચાલીસ ભલા રે લાલ,
પચાસ પુષ્પની માળ અતિ સારી રે;
નરભવ લાહો લીજીએ રે લાલ,
જેમ હોય '**જ્ઞાન**' વિશાળ મનોહારી રે. એક૦॥૫॥

થોય

(રાગ : વીર જિનેશ્વર અતિ અલવેસર...)

પુંડરીક મંડન પાય પ્રણમીજે, આદીશ્વર જિનચંદાજી,
નેમ વિના ત્રેવીશ તીર્થંકર, ગિરિ ચઢિયા આણંદાજી;
આગમ માંહી પુંડરીક મહિમા, ભાખ્યો જ્ઞાન જિણંદાજી,
ચૈત્રી પુનમ દિન દેવી ચક્કેશ્વરી, '**સૌભાગ્ય**' દ્યો સુખકંદાજી. ॥૧॥





શ્રી આદિનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) આદિદેવ અલવેસરુ...

આદિદેવ અલવેસરુ, વિનીતાનો રાય;
નાભિરાયા કુલ મંડણો, મરુદેવા માય. ॥૧॥
પાંચશે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાળ;
ચોરાશી લાખ પૂર્વનું, જસ આયુ વિશાળ. ॥૨॥
વૃષભ લંછન જિન વૃષધરું એ, ઉત્તમ ગુણમણિ ખાણ;
તસ પદ **'પદ્મ'** સેવન થકી, લહીએ અવિચલ ઠાણ. ॥૩॥

(૨) કલ્પવૃક્ષની છાંયડી...

(રાગઃ તું મને ભગવાન...)

કલ્પવૃક્ષની છાંયડી, નાનડીયો રમતો;
સોવન હિંડોળે હિંચતો, માતાને મન ગમતો. ॥૧॥
સહુ દેવી બાળક થઈ, ઋષભજીને તેડે;
વ્હાલા લાગો છો કહી, પ્રભુ હઈડાશું ભીડે. ॥૨॥
જિનપતિ યૌવન પામીયા, ભાવે શું ભગવાન;
ઈન્દ્રે ઘાલ્યો માંડવો, વિવાહનો મંડાણ. ॥૩॥

ચોરી બાંધી ચિહું દિશે, સુર ગૌરી ગીત ગાવે;
સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે. ॥૪॥
સકળ સંગ છંડી કરી, કેવળજ્ઞાનને પામે;
અષ્ટકર્મનો ક્ષય કરી, પહોંચ્યા શિવપુર ધામે. ॥૫॥
ભરતે બિંબ ભરાવીયા એ, શત્રુંજય ગિરિરાય;
શ્રી વિજયપ્રભસૂરિ તણા, '**ઉદયરત્ન**' ગુણ ગાય. ॥૬॥

(૩) પ્રથમ નાથ પ્રગટ પ્રતાપ...

પ્રથમ નાથ પ્રગટ પ્રતાપ, જેહનો જગે રાજે,
પાપ, તાપ, સંતાપ, વ્યાપ, જસ નામે ભાંજે. ॥૧॥
પરમ તત્ત્વ પરમાત્મા રુપ, પરમાનંદ દાઈ,
પરમ જ્યોતિ જસ ઝળહળે, પરમ પ્રભુતા પાઈ. ॥૨॥
ચિદાનંદ સુખ સંપદાએ, વિલસે અક્ષય સનૂર,
ઋષભદેવ ચરણે નમે, શ્રી '**જ્ઞાનવિમલ**' ગુણશૂર. ॥૩॥

(૪) ચિદાનન્દલીલા...

(રાગ : સંસાર દાવાનલ...)

ચિદાનન્દલીલારસાસ્વાદલીનં, ગુણૈઃ સિદ્ધિભાજામનન્તૈરહીનમ્ ।
મુદા સર્વદા શ્રીયુગાદીશદેવં, સ્તુવે ભદ્રદાયિકમામ્ભોજસેવમ્ ॥૧॥
ગૃહસ્થો બભાષે કલાશિલ્પસારં, ક્રમાત્ કેવલી યશ્ચ ધર્મપ્રકારમ્ ।
સ એવ પ્રભુઃ સર્વલોકોપકારી, ન ચાન્યસ્તતો જ્ઞાનનૈર્મલ્યધારી ॥૨॥
મહાશુદ્ધસિદ્ધાન્તમધ્યે પ્રસિદ્ધં, પ્રતીતં પુરાણેષુ શોભાસમૃદ્ધમ્।
ગતં વેદવેદાન્તશાસ્ત્રેડવદાતં, યદીયં ચરિત્રં ન ચ ક્વાપિ માતમ્ ॥૩॥
અનન્તં પુનન્તં જનં ભક્તિમન્તં, હરન્તં દુરન્તં પ્રમાદં સ્ફુરન્તમ્ ।
જિનં નાભિભૂપાલવંશાવતંસં, શ્રયે તં શરણ્યં શિવામ્ભોજહંસમ્ ॥૪॥
કલાકેલિસર્પ પ્રણાશે સુપર્ણઃ, સુવર્ણોપમાનોલ્લસદ્દેહવર્ણઃ।
વૃષાઙ્કઃસુખાઙ્કુરમેઘઃ સુરમ્યં, યુગાદીશ્વરો મે પ્રદત્તાં સુસામ્યમ્ ॥૫॥

સ્તવન

(૧) પ્રથમ જિનેશ્વર પ્રણમીએ...

(રાગ : એક પંખી આવીને.../સંભવ જિનવર વિનંતિ.../
વૈષ્ણવ જન...)

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી રે કાય;
કલ્પવૃક્ષ પરે તાસ, ઇન્દ્રાણી નયન જે, ભૃંગ પરે લપટાય. પ્ર૦॥૧॥
રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જેહ આસ્વાદ;
તેહથી પ્રતિહત તેહ, માનું કોઈ નવિ કરે,
જગમાં તુમશું રે વાદ. પ્ર૦॥૨॥
વગર ધોઈ તુજ નિર્મળી, કાયા કંચનવાન;
નહીં પ્રસ્વેદ લગાર, તારે તું તેહને,
જે ધરે તાહરું ધ્યાન. પ્ર૦॥૩॥
રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોય;
રુધિર આમિષથી, રાગ ગયો તુજ જન્મથી,
દૂધ સહોદર હોય. પ્ર૦॥૪॥
શ્વાસોશ્વાસ કમલ સમો, તુજ લોકોત્તર વાત;
દેખે ન આહાર નિહાર, ચરમ ચક્ષુ ધણી,
એહવા તુજ અવદાત. પ્ર૦॥૫॥
ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ;
કર્મ ખપ્યાથી અગિયાર, ચોત્રીશ એમ અતિશયા,
સમવાયાંગે પ્રસિદ્ધ. પ્ર૦॥૬॥
જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
'પદ્મવિજય' કહે એહ, સમય પ્રભુ! પાળજો,
જિમ થાઉં અક્ષય અભંગ. પ્ર૦॥૭॥





(૨) ઋષભ જિણંદ દયાલ રે...

(રાગ : આઈ વસન્ત બહાર રે.../ઈન્હીં લોગોને લે લિયા...)

લાગી રે લાગી રે લાગી રે, મોહે તુમસે લગન લાગી... હો...
ઋષભ જિણંદ દયાલ રે, મોહે લાગી લગનવા...
લાગી લગનવા છોડી ન છૂટે, જબ લગ ઘટ મેં હો પ્રાણ રે. ॥૧॥
વિમલાચલ મંડણ દુઃખખંડણ, મંડણ ધર્મ વિશાલ રે. ॥૨॥
વિષધર મોર ચોર કામીજન, દર્શન કર નિહાલ રે. ॥૩॥
હું અનાથ તું ત્રિભુવન નાથ, કર મોરી સંભાલ રે. ॥૪॥
'આતમ' આનંદ કંદ કે દાતા, ત્રાતા પરમ કૃપાલ રે. ॥૫॥



(૩) ઋષભ જિણંદશું પ્રીતડી...

(રાગ : ક્યારે બનીશ હું.../એક પંખી.../વૈષ્ણવજન...)

ઋષભ જિણંદશું પ્રીતડી, કીમ કીજે હો કહો ચતુર વિચાર;
પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કિણે નવિ હો કોઈ વચન ઉચ્ચાર. ॥૧॥
કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો તિહાં કો પરધાન;
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોઈનું વ્યવધાન. ॥૨॥
પ્રીતિ કરે તે રાગીયા, જિનવરજી હો તુમે તો વીતરાગ;
પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો તે લોકોત્તર માર્ગ. ॥૩॥
પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુજ ભાવ;
કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ. ॥૪॥
પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;
પરમપુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ. ॥૫॥
પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણ રાશ;
'દેવચંદ્ર'ની સેવના, આપે હો મુજ અવિચલ સુખ વાસ. ॥૬॥

(૪) ઋષભ જિણંદા ઋષભ જિણંદા...



(રાગ : આજનો ચાંદલિયો.../તું પ્રભુ મારો.../
બહોત પ્યાર કરતે હૈ.../મૈયા યશોદા.../તારી પ્રીતિની કેવી...)

ઋષભ જિણંદા ઋષભ જિણંદા, તુમ દરિસન હુએ પરમાનંદા;
અહર્નિશ ધ્યાઉં તુમ દેદારા, મહેર કરીને કરજો પારા. ॥૧॥
આપણને પૂઠે જે વળગા, કિમ સરે તેહને કરતા અળગા;
અળગા કીધા પણ રહે વળગા, મોરપીંછ પરે ન હુએ ઊભગા. ॥૨॥
તુમ પણ અળગે થયે કિમ સરશે, ભક્તિ ભલી આકર્ષી લેશે;
ગગને ઊડે જિમ દૂરે પડાઈ, દોરી બળે હાથે રહે આઈ. ॥૩॥
મુજ મનડું છે ચપલ સ્વભાવે, તોયે અંતર્મુહૂર્ત પ્રસ્તાવે;
તું તો સમય સમય બદલાયે, ઈમ કિમ પ્રીતિ નિર્વાહો થાયે. ॥૪॥
તે માટે તું સાહિબ માહરો, હું છું સેવક ભવોભવ તાહરો;
એહ સંબંધે મા હોજો ખામી, '**વાચક માન**' કહે શિરનામી. ॥૫॥

(૫) ઋષભ જિનરાજ મુજ આજ...



(રાગઃ પાસ શંખેશ્વરા.../ખુલ્લા મૂક્યાં છે... /જય ગણેશ (2))

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો,
ગુણનીલો જેણે તુજ નયણે દીઠો;
દુઃખ ટળ્યાં સુખ મળ્યાં સ્વામી! તુજ નિરખતાં,
સુકૃત સંચય હુઓ પાપ નીઠો. ॥૧॥
કલ્પશાખી ફળ્યો કામઘટ મુજ મલ્યો,
આંગણે અમીયનો મેહ વુઠો;
મુજ મહીરાણ મહીભાણ તુજ દર્શને,
ક્ષય ગયો કુમતિ અંધાર જૂઠો. ॥૨॥
કવણ નર કનકમણિ છંડી તૃણ સંગ્રહે?
કવણ કુંજર તજી કરહ લેવે?

કવણ બેસે તજી કલ્પતરુ બાઉલે?
તુજ તજી અવર સુર કોણ સેવે? ॥૩॥
એક મુજ ટેક સુવિવેક સાહિબ સદા,
તુજ વિના દેવ દુજો ન ઈહું;
તુજ વચન-રાગ સુખસાગરે ઝીલતો,
કર્મભર ભ્રમ થકી હું ન બીહું. ॥૪॥
કોડી છે દાસ વિભુ! તાહરે ભલભલા,
માહરે દેવ તું એક પ્યારો;
પતિત પાવન સમો જગત ઉદ્ધાર કર,
મહેર કરી મોહે ભવજલધિ તારો. ॥૫॥
મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબળ પ્રતિબંધ લાગો;
ચમક પાષાણ જિમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિરાગો. ॥૬॥
ધન્ય! તે કાય, જેણે પાય, તુજ પ્રણમીયા,
તુજ થુણે જેહ ધન્ય ધન્ય! જિહા;
ધન્ય! તે હૃદય જિણે તુજ સદા સમરીયાં,
ધન્ય! તે રાતને ધન્ય! દિહા. ॥૭॥
ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,
એક ગુણ દેત મુજ શું વિમાસો?
રયણ એક દેત શી હાણ રયણાયરે,
લોકની આપદા જેણે નાસો. ॥૮॥
ગંગ સમ રંગ તુજ કીર્તિ કલ્લોલિની,
રવિ થકી અધિક તપતેજ તાજો;
નયવિજય વિબુધ સેવક હું આપનો,
'જશ' કહે અબ મોહે ભવ નિવાજો. ॥૯॥

(૬) ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે...



(રાગ : વિરતિધરનો વેષ.../ પ્રભુ તમારા પગલે.../
હોંશવાલો કો ખબર ક્યાં.../વૈષ્ણવ જન તો.../દિલ દિયા હૈ...)

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. ॥૧॥
પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;
પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય. ॥૨॥
કોઈ કંત કારણ કાષ્ઠ ભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય;
એ મેળો નવિ કદીયે સંભવે રે, મેળો ઠામ ન ઠાય. ॥૩॥
કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ. ॥૪॥
કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ. ॥૫॥
ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણા રે, '**આનંદઘન**' પદ રેહ. ॥૬॥

(૭) ઋષભદેવ હિતકારી...



(રાગ : તુમ દરિસણ ભલે.../
સોનામાં સુગંધ ભળે.../હે પ્રભુ! પાર્શ્વ ચિંતામણિ...)

ઋષભદેવ હિતકારી.. જગતગુરુ! ઋષભદેવ હિતકારી;
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર, પ્રથમ યતિ વ્રતધારી. ॥૧॥
વરસીદાન દેઈ તુમ જગ મેં, ઈલતિ ઈતિ નિવારી;
તૈસી કાહી કરત નાહિ કરુણા, સાહિબ બેર હમારી. ॥૨॥
માંગત નહીં હમ હાથી ઘોડે, ધન કન કંચન નારી;
દીયો મોહે ચરણકમલ કી સેવા, યાહિ લાગત મોહે પ્યારી. ॥૩॥

ભવ લીલા વાસિત સુર ડારે, તુમ પર સબ હી ઉવારી;
મેં મેરો મન નિશ્ચલ કીનો, તુમ આણા શિર ધારી. ॥૪॥
ઐસો સાહિબ નહિ કોઉં જગ મેં, યાશું હોય દિલદારી;
દિલ હી દલાલ પ્રેમ કે બીચે, તિહાં હઠ ખેંચે ગમારી. ॥૫॥
તુમ હો સાહિબ મૈં હું બંદા, યા મત દીયો વિસારી;
શ્રી **નયવિજય વિબુધ સેવક** કે, તુમ હો પરમ ઉપકારી. ॥૬॥



(૮) જગચિંતામણિ જગગુરુ...

(રાગ : હોંશવાલો કો ખબર.../જનનીની જોડ સખી.../
વૈષ્ણવજન તો.../આશાવરી...)

જગચિંતામણિ જગગુરુ, જગત શરણ આધાર લાલ રે;
અઢાર કોડાકોડી સાગરે, ધરમ ચલાવણહાર લાલ રે. જગ૦॥૧॥
અષાઢ વદિ ચોથે પ્રભુજી, સ્વર્ગથી લીયે અવતાર લાલ રે;
ચૈતર વદિ આઠમ દિને, જનમ્યા જગદાધાર લાલ રે. જગ૦॥૨॥
પાંચસે ધનુષની દેહડી, સોવન વરણ શરીર લાલ રે;
ચૈતર વદિ આઠમ લીયે, સંજમ મહાવડવીર લાલ રે. જગ૦॥૩॥
ફાગુણ વદિ ઈગ્યારસેં, પામ્યા પંચમ નાણ લાલ રે;
મહા વદિ તેરસે શિવવર્યા, જોગ નિરોધ કરી જાણ લાલ રે. જગ૦॥૪॥
ચોરાસી લાખપૂર્વનું, જિનવર ઉત્તમ આય લાલ રે;
'**પદ્મવિજય**' કહે પ્રાણમતાં, વહેલું શિવસુખ થાય લાલ રે. જગ૦॥૫॥

(૯) જગજીવન જગવાલહો...



(રાગ : જનનીની જોડ.../ હોંશવાલો કો ખબર.../
ગુરુએ આપ્યો ઓઘો...)

જગજીવન જગવાલહો, મરુદેવીનો નંદ લાલ રે,
મુખ દીઠે સુખ ઊપજે, દરિશન અતિહિ આનંદ લાલ રે. ॥૧॥
આંખડી અમ્બુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલ રે;
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલ રે. ॥૨॥
લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે;
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે. ॥૩॥
ઇન્દ્ર ચન્દ્ર રવિ ગિરિ તણાં, ગુણ લહી ઘડીયું અંગ લાલ રે;
ભાગ્ય કિહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે. ॥૪॥
ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે;
વાચક **'જશવિજયે'** થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે. ॥૫॥

(૧૦) તુમ દરિસણ ભલે પાયો...



(રાગ : સંયમજીવનનો લીધો.../
મૈલી ચાદર ઓઢકે.../હોંશવાલો કો...)

તુમ દરિસણ ભલે પાયો, પ્રથમ જિન! તુમ દરિસણ ભલે પાયો;
નાભિ નરેસર નંદન નિરુપમ, માતા મરુદેવી જાયો. ॥૧॥
આજ અમીરસ જલધર વૂઠો, માનું ગંગાજલે નાહ્યો;
સુરતરુ સુરમણિ પ્રમુખ અનુપમ, તે સવિ આજ મેં પાયો. ॥૨॥
યુગલાધર્મ નિવારણ તારણ, જગ જસ મંડપ છાયો;
પ્રભુ! તુજ શાસન વાસન સમકિત, અંતર વૈરી હરાયો. ॥૩॥
કુદેવ કુગુરુ કુધર્મની વાસે, મિથ્યામતમેં ફસાયો;
મેં પ્રભુ! આજ સે નિશ્ચય કીનો, સવિ મિથ્યાત્વ ગમાયો. ॥૪॥
બેર બેર કરું વિનંતી ઈતની, તુમ સેવા રસ પાયો;
'જ્ઞાનવિમલ' પ્રભુ સાહિબ નજરે, સમકિત પૂરણ સવાયો. ॥૫॥



(૧૧) દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો...

(રાગ : દાદા કા દરબાર સુહાના.../માતા મરુદેવીના નંદ.../

દાદા આદીશ્વરજી... દૂરથી આવ્યો દાદા દરિશન દ્યો..!
કોઈ આવે હાથી ઘોડે, કોઈ આવે ચઢે પલાણે;
કોઈ આવે પગ પાળે, દાદાને દરબાર; હા હા દાદાને દરબાર. ॥૧॥
શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે ચઢે પલાણે;
હું આવું પગ પાળે, દાદાને દરબાર; હા હા દાદાને દરબાર. ॥૨॥
કોઈ મૂકે સોના રુપા, કોઈ મૂકે મહોર;
કોઈ મૂકે ચપટી ચોખા, દાદાને દરબાર; હા હા દાદાને દરબાર. ॥૩॥
શેઠ મૂકે સોના રુપા, રાજા મૂકે મહોર;
હું મુકું ચપટી ચોખા, દાદાને દરબાર; હા હા દાદાને દરબાર. ॥૪॥
કોઈ માંગે કંચન કાયા, કોઈ માંગે આંખ;
કોઈ માંગે ચરણોની સેવા, દાદાને દરબાર; હા હા દાદાને દરબાર. ॥૫॥
પાંગળો માંગે કંચન કાયા, આંધળો માંગે આંખ;
હું માંગું ચરણોની સેવા, દાદાને દરબાર; હા હા દાદાને દરબાર. ॥૬॥
હીરવિજય ગુરુ હીરલો ને, '**વીરવિજય**' ગુણ ગાય;
શત્રુંજયનાં દર્શન કરતાં, આનંદ અપાર; હા હા આનંદ અપાર. ॥૭॥



(૧૨) નાભિરાયા વંશે વારું ઉદયો દિણંદ...

(રાગ : આંખ મારી ઊઘડે.../રાધા જેવાં...)

નાભિરાયા વંશે વારું ઉદયો દિણંદ,
દેવનો મેં દેવ દીઠો આદિ જિણંદ;
આદિ જિણંદ મરુદેવાનો નંદ
દેવનો મેં દેવ દીઠો આદિ જિણંદ. ॥૧॥
મીઠું લાગે મહારાજ રુપ તારું આજ,
મુજરો લીયોને મારા સારોને કાજ;

દિવસ ઘણે દીઠો નાથ! મુને નેહ,
ઉપન્યો આનંદ તેનો કોણ લહે છેહ. ॥૨॥
તા તા થૈ થૈ તાલ બાજે ધીન ધીન ધ્રોમ્,
મૃદંગ દેવદુંદુભિ બાજે ધ્રોમ્ ધ્રોમ્;
ૐ શંખ બાજે બાજે એક સાદ,
ધપમપ ધપમપ ધમકે બાદલ રસાલ. ॥૩॥
ધીન કીટ ધીન કીટ થૈ થૈ થાય,
પધની ધપ મપ થઈ અતિ વાય;
ઘમ ઘમ ઘૂઘરા ઘમકે રે પાય,
ભણ ભણ ભણકારા ભેરીના થાય. ॥૪॥
નાચી કૂદી પાય વંદી ભવિજન ભાવે,
ભક્તિથી ભગવંતને શીશ નમાવે;
મુક્તિની મોજ આપો માંગું બે કરજોડ,
'ઉદયરત્ન' કહે પ્રભુ ભવદુઃખ છોડ. ॥૫॥

(૧૩) બાળપણે આપણ સસનેહી...

(રાગ : હો પ્રભુજી! મુજ અવગુણ.../હોઠો સે છું લો.../
અબોલડા શાના...)

બાળપણે આપણ સસનેહી, રમતા નવ નવ વેષે;
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસાર નિવેશે,
હો પ્રભુજી! ઓલંભડે મત ખીજો, તુમે કાંઈ કરીને રીઝો. ॥૧॥
જો તુમ ધ્યાતાં શિવસુખ લહીએ, તો તુમને કેઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુગતિ જાવે. ॥૨॥
સિદ્ધ નિવાસ લહે ભવસિદ્ધિ, તેહમાં શો પા'ડ તુમારો;
તો ઉપગાર તુમારો વહિયે, અભવ્યસિદ્ધને તારો. ॥૩॥
નાણ રયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાસી;
તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી. ॥૪॥

અક્ષયપદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતા શું જાય? ॥૫॥
સેવા ગુણ રંજ્યો ભવિજનને, જો તુમે કરો વડભાગી;
તો તુમે સ્વામી કિમ કહાવો, નિર્મમ ને નિરાગી. ॥૬॥
નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરુ જગ હિતકારી;
રુપવિબુધનો '**મોહન**' પભણે, વૃષભ લંછન બલિહારી. ॥૭॥

(૧૪) બાલુડો નિઃસ્નેહી થઈ ગયો રે...

(રાગઃ સંસાર ધુમાડાના બાચકા રે...)

બાલુડો નિઃસ્નેહી થઈ ગયો રે, છોડ્યું વિનીતાનું રાજ (૨),
સંયમ રમણી આરાધવા, લેવા મુક્તિનું રાજ (૨);
મેરે દિલ વસી ગયો વાલમો, મેરે મન વસી ગયો વાલમો. ॥૧॥
માતાને મેલ્યા એકલા રે, જાયે દિન નવિ રાત (૨);
રત્ન સિંહાસન બેસવા, ચાલે અડવાણે પાય (૨). ॥૨॥
વ્હાલાનું નામ નવિ વીસરે રે, ઝરે આંસુડાની ધાર (૨);
આંખલડી છાયા વળી, ગયા વર્ષ હજાર (૨). ॥૩॥
કેવલ રત્ન આપી કરી રે, પૂરી માતાની આશ (૨);
સમોવસરણ લીલા જોઈને, સાધ્યા આતમ કાજ (૨). ॥૪॥
ભક્તવત્સલ ભગવંતને રે, નમે નિર્મળ કાય (૨);
આદિ જિણંદ આરાધતાં, '**મહિમા**' શિવસુખ થાય (૨). ॥૫॥

(૧૫) ભક્તવત્સલ પ્રભુ સાંભળો રે...

(રાગ : આજ મારા પ્રભુજી.../જનનીની જોડ સખી...)

ભક્તવત્સલ પ્રભુ સાંભળો રે, ઓલંભે અરદાસ, હો જિનરાજ;
છાંડતા કેમ છૂટશો, અરે કાંઈ કરશો નહીં નિરાશ, હો જિનરાજ. ॥૧॥

તુમ સરીખા સાહેબ તણી રે, જો સેવા નિષ્ફળ જાય, હો જિન૦;
લાજ કહો પ્રભુ કેહની રે, હવે સેવકનું શું થાય, હો મહા૦ ॥૨॥
ગુણ દેખાડીને હેળવ્યો રે, તે કેમ છેડો છોડે, હો જિન૦;
જિહાં જલધર તિહાં બપૈયા રે, પિયુ પિયુ કરી મુખ માંડે, હો મહા૦ ॥૩॥
લાખ ચોરાસી હું ભમ્યો રે, ભમિયો કાલ અનાદિ અનંત, હો જિન૦;
મૂર્તિ દીઠી પ્રભુ તાહરી રે, ભાંગી છે ભવોભવ ભ્રાંત, હો મહા૦ ॥૪॥
અવગુણ ગણતાં માહરા રે, નહિ આવે પ્રભુ પાર, હો જિન૦;
પણ જીવ પ્રવહણની પેરે રે, તુમે છો તારણહાર, હો મહા૦ ॥૫॥
જો રે પોતાનો દાખવો રે, તો હવે કરો ન વિચાર, હો જિન૦;
સો વાતે એક વાતડી રે, ભવોભવ પ્રીત નિવાર, હો મહા૦ ॥૬॥
તુમ સરીખા કોઈ દાખવો રે, કિજીએ તેહની સેવ, હો જિન૦;
'આનંદઘન' પ્રભુ ઋષભજી રે, મરુદેવા નંદન દેવ, હો મહા૦ ॥૭॥

(૧૬) માતા મરુદેવીના નંદ...

(રાગ : દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો...)

માતા મરુદેવીના નંદ!, દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણું જી;
મારું દિલ લોભાણું જી, દેખી તાહરી મૂરતિ મારું ચિત્ત ચોરાણું જી.
કરુણાનાગર કરુણાસાગર, કાયા કંચનવાન;
ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચસે માન. ॥૧॥
ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર;
જોજન ગામિની વાણી મીઠી, વરસંતી જલધાર. ॥૨॥
ઉર્વશી રુડી અપચ્છરા ને રામા છે મનરંગ;
પાયે નેઉર રણઝણે કાંઈ, કરતી નાટારંભ. ॥૩॥
તું હી બ્રહ્મા તું હી વિધાતા, તું જગ તારણહાર;
તુજ સરીખો નહિ દેવ જગતમાં, અડવડિયા આધાર. ॥૪॥

તું હી ભ્રાતા તું હી ત્રાતા, તું હી જગતનો દેવ;
સુર નર કિન્નર વાસુદેવા, કરતાં તુજ પદ સેવ. ॥૫॥
શ્રી સિદ્ધાચલ તીરથ કેરો, રાજા ઋષભ જિણંદ;
કીર્તિ કરે '**માણેકમુનિ**' તાહરી, ટાળો ભવભય ફંદ. ॥૬॥

(૧૭) શ્રી જગનાથ જગગુરુ દેવ રે...

(રાગ : પુકખલવઈ વિજયે જયો રે.../એક ઘડી પ્રભુ.../
શ્રી રામચન્દ્ર કૃપાળુ...)

શ્રી જગનાથ જગગુરુ દેવ રે, આદીશ્વર જિનરાય રે,
તુજ મુખ દેખી સાહિબા રે, આનંદ અંગ ન માય રે;
ઋષભ જિન તું મોટો મહારાજ, તુજ દરિસણ દીઠું આજ રે. ॥૧॥
આંખડી કમલની પાંખડી રે, જિહ્વા અમીરસ કંદ રે;
મુખ અનુપમ દીપતું રે, નયન ચકોરો ચંદ રે. ઋષભ૦॥૨॥
મૂર્તિ જન મન મોહિની રે, જાણે મોહન વેલ રે;
મનના મનોરથ પૂરતી રે, જિમ સુરતરુ રંગરેલ રે. ઋષભ૦॥૩॥
એકણ જીભે તાહરા રે, ગુણ કેટલા કહેવાય રે;
ગંગા વાલુકા કણ તણી રે, કીણી પરે સંખ્યા થાય રે. ઋષભ૦॥૪॥
શત્રુંજય ગિરિ રાજવી રે, નાભિરાયા કુલચંદ રે;
'**કેસરવિમલ**' એમ વિનવે રે, ઘો દરિશન સુખકંદ રે. ઋષભ૦॥૫॥



(૧૮) સમરથ સાહિબ સમતા દરિયો...

(રાગ : તેરા મેરા પ્યાર અમર.../ તું પ્રભુ મારો.../વૈષ્ણવજન તો...)

સમરથ સાહિબ સમતા દરિયો, ગિરુઓ જિનપતિ ગુણમણિ ભરિયો;
નાભિ નરેસર નંદન દીઠો, માહરે નયણે અમીય પઈઠો. ॥૧॥
મુજ ઘર આંગણે સુરતરુ ફળીયો, કરે ચિંતામણિ આવી મળીયો;
આંગણે અમીયના મેહ વૂઠા, સમકિત દૃષ્ટિ સુર સવિ તૂઠા. ॥૨॥

મુજ મંદિર સુરધેનુ બંધાણી, પ્રભુશું વાધી પ્રીતિ પુરાની;
કામ કલશ પણ સામો આયો, પ્રભુ દેખી મેં બહુ સુખ પાયો. ॥૩॥
અષ્ટમહાસિદ્ધિ આવી હોડી, નવનિધિ તો મુજ પાસ ન છોડી;
પ્રભુ ધ્યાને નવિ કાંઈ અધૂરું, જિહાં જોઈ તિહાં દીસે પૂરું. ॥૪॥
પૂરવ પુણ્ય અંકુરા જાગ્યા, આજ ઢળિયા મુજ પાસા માંગ્યા;
શંખ દક્ષિણાવર્ત તે લહિયો, પ્રભુ દેખી હું અતિ ગહગહિયો. ॥૫॥
ગુરુ આશિષ ફળી મુજ સારી, ભવની ભાવઠ દૂર નિવારી;
નયન મિલાવે મિલીયો સ્વામી, તો મેં સહેજે મુગતિ જ પામી. ॥૬॥
ધન્ય દિવસને ધન્ય એ વેલા, જિહાં હુઆ તુજ દરિશન ભેલા;
ચંદ ચકોરા મેહા મોરા, તિમ અમે ચાહું દરિશન તોરા. ॥૭॥
ભવભય ભગતિ ગુણાદર પૂરો, દર્શન દેઈ પાતક ચૂરો;
જો જાણો તો અધિકું દેયો, પણ એહમાં ઓછું મ કરેયો. ॥૮॥
શ્રી નયવિજય વિબુધને સીસે, વાચક **'જસવિજયે'** સુજગીશે;
શ્રી રીસહેસરના ગુણ ગાયા,તેહથી નિજ મનવાંછિત પાયા. ॥૯॥

(૧૯) સિદ્ધગિરિ મંડણ પાય નમીજે...

(રાગ : તું પ્રભુ માહરો.../વીર મને તારો...)

સિદ્ધગિરિ મંડણ પાય નમીજે, રિસહેસર જિનરાય;
નાભિભૂપ મરુદેવા નંદન, જગત જંતુ સુખકાર રે...
હો સ્વામી રે... હો જિનજી રે... હો પ્રભુજી રે...!
તુમ દરિસન સુખકાર, ઋષભજિન! તુમ દરિસન સુખકાર રે!
તુમ દરિસનથી સમકિત પ્રગટે, નિજગુણ ઋદ્ધિ ઉદાર રે. ॥૧॥
ભારે કર્મી પણ તેં તાર્યા, ભવજલધિથી ઉગાર્યા;
મુજ સરીખા કિમ નવિ સંભાર્યા, ચિત્તથી કેમ વિસાર્યા રે. ॥૨॥
પાપી અધમ પણ તુમ સુપસાયે, પામ્યા ગુણ સમુદાય;
અમે પણ તરશું શરણ સ્વીકારી, મહેર કરો મહારાય રે. ॥૩॥

તરણ તારણ જગમાંહિ કહાવો, હું છું સેવક તાહરો;
અવર આગળ જઈને કિમ યાચું, મહિમા અધિક તુમારો રે. ॥૪॥
મુજ અવગુણ સામું મત જુઓ, બિરુદ તમારું સંભાળો;
પતિત પાવન તુમે નામ ધરાવો, મોહ વિડંબણા ટાળો રે. ॥૫॥
પૂર્વ નવ્વાણું વાર પધારી, પવિત્ર કર્યું શુભ ધામ;
સાધુ અનંતા કર્મ ખપાવી, પહોંચ્યા અવિચલ ઠામ રે. ॥૬॥
શ્રી નયવિજય વિબુધ પય સેવક, '**વાચક જશ**' કહે સાચું;
વિમલાચલ ભૂષણ સ્તવનાથી, આનંદ રસભર માચું રે. ॥૭॥



(૨૦) સુગુણ સુગુણ સૌભાગી...

(રાગ : અરજ અરજ સુણો ને રુડા.../ પહાડી.../ યમન...)

સુગુણ (૨) સોભાગી સાચો સાહિબો હોજી, મીઠડો આદિ જિણંદ;
મોહન (૨) સૂરતી રુડી દેખતાં હોજી, વાધે પરમ આણંદ. સુ૦॥૧॥
સુંદર (૨) જિન ચિતડે ચડ્યો હોજી, ચોક્કસ પદહ ઠરાય;
વેધક (૨) તન મનનો થયો હોજી, ઊતાર્યો કિમ જાય. સુ૦॥૨॥
તુજ ગુણ (૨) કહેવા મુજ જીભડી હોજી, રાતી રંગે રહંત;
અંતર (૨) ગતની જે વાતડી હોજી, તે મુખે આવી ચડંત. સુ૦॥૩॥
કામણ (૨) ગારો પ્યારો પ્રાણથી હોજી, ભેટણ ઉજમ અંગ;
ચંદન (૨) થી અતિ શીતલો હોજી, જગમાં ઉત્તમ સંગ. સુ૦॥૪॥
ત્રિકરણ (૨) શું તુજથી કર્યો હોજી, નવલો પ્રેમ પ્રકાશ;
દિલભરી (૨) '**કાંતિવિજય**' તણા હોજી, પૂરો પ્રેમ પ્રકાશ. સુ૦॥૫॥



(૨૧) હું તો પામ્યો પ્રભુના પાય રે...

(રાગ : તારી અજબશી યોગની રે.../
તારી મૂરતિનું નહીં મૂલ રે.../અભિનંદન સ્વામી...)

હું તો પામ્યો પ્રભુના પાય રે, આણ ન લોપું રે;
હું તો સાંભળી પ્રભુજીનાં વેણ રે, કાનમાં રોપું રે. ॥૧॥
જનમ-મરણના ફેરા ફરતાં, મેં તો ધ્યાયા ન દેવાધિદેવા રે;
કુગુરુ કુશાસ્ત્ર તણા ઉપદેશે, પામી નહીં પ્રભુ સેવા રે. ॥૨॥
કનક કથીરનો ભેદ ન જાણ્યો, કાચ મણિ સમ તોલ્યાં રે;
વિવેકતણી મેં વાત ન જાણી, વિષ અમૃત કરી ઘોલ્યાં રે. ॥૩॥
સમકિતનો લવલેશ ન સમજ્યો, હું તો મિથ્યાત્વમાં ખૂંચ્યો રે;
પાપ તણા પંથે પરિવરિયો, વિષયે કરી વિલુબ્ધો રે. ॥૪॥
કોઈક પૂરવ પુણ્ય સંયોગે, આરજ કુળે અવતરિયો રે;
આદીશ્વર સાહિબ મુજ મલિયો, તારક ભવજલ તરિયો રે. ॥૫॥
આટલા દિન મેં વાત ન જાણી, તુજથી રહ્યો હું અળગો રે;
'ઉદયરત્ન' કહે આજ થકી હું, તારે પાયે વળગો રે. ॥૬॥

થોય

(૧) આદિ જિનવર રાયા...

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા,
મરુદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવલસિરિ રાયા, મોક્ષ નગરે સિધાયા. ॥૧॥
સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી,
દુર્ગતિ દુઃખભારી, શોક સંતાપ વારી;
શ્રેણિ ક્ષપક સુધારી, કેવલાનંત ધારી,
નમીયે નરનારી, જેહ વિશ્વોપકારી. ॥૨॥
સમવસરણ બેઠા, લાગે છે જિનજી મીઠા,
કરે ગણપ પઈટ્ઠા, ઇંદ્ર ચંદ્રાદિ દીઠા;
દ્વાદશાંગી વરિટ્ઠા, ગૂંથતા ટાળે રિટ્ઠા,
ભવિજન હોઈ હિટ્ઠા, દેખી પુણ્યે ગરિટ્ઠા. ॥૩॥
સુર સમકિતવંતા, જેહ રિદ્ધે મહંતા,
જેહ સક્કન સંતા, ટાળીયે મુજ ચિંતા;
જિનવર સેવંતા, વિઘ્ન વારો દુરંતા,
જિન ઉત્તમ થુણંતા, **'પદ્મ'**ને સુખ દિંતા. ॥૪॥

(૨) પ્રહ ઊઠી વંદુ...

પ્રહ ઊઠી વંદુ, ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઇંદ્ર.
જિનના ગુણ ગાવે, સુરનર નારીના વૃંદ. ॥૧॥
બાર પર્ષદા બેસે, ઇંદ્ર ઇંદ્રાણી રાય,
નવ કમળ રચે સુર, તિહાં ઠવતાં પ્રભુ પાય;

દેવદુંદુભિ વાગે, કુસુમવૃષ્ટિ બહુ હુંત,
એહવા જિન ચોવીશ, પૂજો એકણ ચિત્ત. ॥૨॥
જિન જોજનભૂમિ, વાણીનો વિસ્તાર,
પ્રભુ અર્થ પ્રકાશે, રચના ગણધર સાર;
સો આગમ સુણતાં, છેદીજે ગતિ ચાર,
જિન વચન વખાણી, લીજે ભવનો પાર. ॥૩॥
જક્ષ ગોમુખ ગિરવો, જિનની ભક્તિ કરેવ,
તિહાં દેવી ચક્કેસરી, વિઘ્ન કોડી હરેવ;
શ્રી તપગચ્છ નાયક, વિજયસેન સૂરિરાય,
તસ કેરો શ્રાવક, '**ઋષભદાસ**' ગુણ ગાય. ॥૪॥

(3) ભાવાનયાનેગનરિંદવિંદં...

(રાગ : કલ્લાણકંદં...)

ભાવાનયા-નેગ-નરિંદવિંદં, સવ્વિંદ-સંપુઙ્ક-પયારવિંદં;
વંદે જસો-નિક્ખિય ચારુચંદં, કલ્લાણ-કંદં પઢમં જિણિંદં ॥૧॥
ચિત્તેગ-હારં રિઉ-દપ્પ-દારં, દુક્ખગ્ગિ-વારં સમ-સુક્ખ-કારં;
તિત્થેસરા દિંતુ સયા નિવારં, અપાર સંસાર-સમુદ્દ-પારં ॥૨॥
અન્નાણ-સત્તુક્ખલણે સુવપ્પં, સન્નાય-સંહીલિય-કોહદપ્પં;
સંસેમિ સિદ્ધંતમહો અણપ્પં, નિવ્વાણમગ્ગે વરજાણકપ્પં. ॥૩॥
હંસાધિરુઢા વર-દાણ-ધન્ના, વાએસિરિ દાણ-ગુણોવ-વણ્ણા;
નિચ્ચંપિ અમ્હં હવઉપ્પસન્ના, કુંદિંદુગોક્ખીર-તુસારવન્ના ॥૪॥



શ્રી અજિતનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) અજિતનાથ પ્રભુ અવતર્યા...

અજિતનાથ પ્રભુ અવતર્યા, વિનીતાના સ્વામી;
જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી. ॥૧॥
બહોંતેર લાખ પૂરવ તણું, પાળ્યું જિણે આય;
ગજ લંછન લંછન નહીં, પ્રણમે સુર રાય. ॥૨॥
સાડા ચારશેં ધનુષની એ, જિનવર ઉત્તમ દેહ;
પાદ '**પદ્મ**' તસ પ્રણમીયે, જિમ લહીએ શિવ ગેહ. ॥૩॥

સ્તવન

(૧) અજિત અજિતજિન સાહિબા રે...

(રાગ : તું પ્રભુ મારો.../ઋષભ જિનેશ્વર પ્રીતમ.../યહ હૈ પાવન ભૂમિ...)

અજિત અજિતજિન સાહિબા રે, સુણો સેવકની અરદાસ;
પ્રેમ ભર્યો પ્રભુ તુજથી રે, ચોળમજીઠનો પાસ રે. અજિત૦॥૧॥
તુજ સમકિત રસાસ્વાદનો રે, મેં લીધો હવે તે ભેદ;
તન મન માહરે ઉપન્યો રે, પ્રભુ ભક્તિતણો ઉમેદ રે. અજિત૦॥૨॥
નિશદિન સુતાં જાગતાં રે, મને સાંભળો પ્રાણાધાર;
આજ થકી આપ માહરા રે, સાહિબ તું નિરધાર. અજિત૦॥૩॥
દેવ અનેરા છે ઘણા રે, મુજ મન ન આવે દાય;
તરણતારણ ત્રિભુવન તાહરો, કોણ છોડી બીજો ધ્યાય રે. અજિત૦॥૪॥
મિથ્યામતિ ભૂલ્યો ભમ્યો રે, તેણે પામીયો નહિ પાર;
નરક નિગોદાદિક થકી રે, આપ ઉગારણ હાર. અજિત૦॥૫॥

પ્રભુ નેક નજરે નિહાળજો રે, બોલાવો કહીને દાસ;
કર્મ નિકાચિતનો તિહાં રે, ત્રુટે મુજ મોહ પાસ. અજિત૦॥૬॥
આપ પાસે આ બાલને રે, આવડે નહિ અરદાસ;
માય તાય વિણ પુત્રને રે, કોણ કહે વચન વિલાસ. અજિત૦॥૭॥
વિનયધરી પ્રભુ વિનવું રે, પ્રસન્ન થયો મહારાજ;
સો વાતે એક વાતડી રે, દ્યો મુજ અવિચલ રાજ. અજિત૦॥૮॥
ભવોભવ તુમ પદ સેવના રે, માંગુ છું મહારાજ;
'ઉદયવાચક' શિષ્ય એમ વદે રે, આપીજે શિરતાજ રે. અજિત૦॥૯॥

(૨) અજિત જિણંદ દયા કરો રે...

(રાગ : તારી પ્રીતિની.../ કસમે વાદે.../
વીર મને તારો.../પહેલે ભવે...)

અજિત જિણંદ દયા કરો રે, આણી અધિક પ્રમોદ;
જાણી સેવક આપણો રે, સુણીયે વચન વિનોદ રે,
જિનજી સેવના, ભવ ભવ તાહરી હોજો રે, એ મનકામના. ॥૧॥
કર્મશત્રુ તુમે જીતીયા રે, તિમ મુજને જિતાડ;
અજિત થાઉં દુશ્મન થકી રે, એ મુજ પૂરો હાડ રે. ॥૨॥
જિતશત્રુ નૃપનંદનો રે, જીતે વયરી જેહ;
અચરિજ ઈહાં કણે કો નહિ રે, અવધારો ગુણ ગેહ રે. ॥૩॥
સકલ પદારથ પામીએ રે, દીઠે તુમ દેદાર;
સોભાગી મહિમા નીલો રે, વિજયામાત મલ્હાર રે. ॥૪॥
'જ્ઞાનવિમલ' સુપ્રકાશથી રે, ભાસિત લોકાલોક;
શિવસુંદરીના વાલહા રે, પ્રણમે ભવિજન થોક રે. ॥૫॥



(૩) અજિત જિણંદશું પ્રીતડી...

(રાગ : ઋષભ જિનેશ્વર પ્રીતમ.../
પરમાતમ પૂરણકલા.../એક પંખી...)

અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફુલે મોહિયો, કિમ બેસે હો બાવળ તરુ ભૃંગ કે. ॥૧॥
ગંગા જલમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાલ કે;
સરોવર જલધર જલ વિના, નવિ ચાહે હો જગ ચાતક બાલ કે. ॥૨॥
કોકિલ કલ કુજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
ઓછાં તરુવર નવિ ગમે, ગિરુઆશું હો હોયે ગુણનો પ્યાર કે. ॥૩॥
કમલિની દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે;
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે. ॥૪॥
તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે;
શ્રી નયવિજય સુગુરુ તણો, વાચક **'જસ'** હો નિત નિત ગુણ ગાય કે. ॥૫॥



(૪) અજિત જિણંદા! અજિત જિણંદા!...

(રાગ : આજનો ચાંદલિયો.../તું પ્રભુ મારો.../
શાંતિ જિનેશ્વર સાચો.../ઋષભ જિણંદા! (2)...)

અજિત જિણંદા! અજિત જિણંદા!, તું મેરા સાહિબ મેં તેરા બંદા. ॥૧॥
જિતશત્રુ નૃપ વિજયાદે નંદા, લંછન ચરણ સોહે ગયંદા. ॥૨॥
સકલ કરમ જીતી અજિત કહાયા, આપ બળે થયા સિદ્ધ સહાયા. ॥૩॥
મોહ નૃપતિ જેહ અટલ અટારો, તુમ આગે ન રહ્યો તસ ચારો. ॥૪॥
વિષય કષાય જે જગને નડિયા, તુમ ધ્યાનાનલે શલભ જ્યું પડિયા. ॥૫॥
દુશ્મન દાવ ન કોઈ ફાવે, તિણથી અજિત તુમ નામ સુહાવે. ॥૬॥
અજિત થાઉં હું તુમચે નામ, બહોત વધારો પ્રભુ જગમાંહી મામ. ॥૭॥
સકળ સુરાસુર પ્રણમે પાયા, **'ન્યાયસાગરે'** પ્રભુના ગુણ ગાયા. ॥૮॥

(૫) અજિત જિણેસર ચરણની સેવા...

(રાગ : હોંશવાલો કો ખબર.../કસમેં વાદે.../
મેરા જીવન.../ મારો મુજરો.. .)

અજિત જિણેસર! ચરણની સેવા, હેવાયે હું હળિયો;
કદીએ અણચાખ્યો પણ અનુભવ, રસનો ટાણો મળિયો;
પ્રભુજી! મહેર કરીને આજ, કાજ હમારા સારો. પ્ર૦॥૧॥
મુકાવ્યો પણ હું નવિ મુકું, ચુકું નવિ એ ટાણો;
ભક્તિ ભાવ ઊઠ્યો જે અંતરમાં, તે કિમ રહે શરમાણો. પ્ર૦॥૨॥
લોચન શાંત સુધારસ સુભગા, મુખ મટકાળું સુપ્રસન્ન;
યોગ મુદ્રાનો લટકો ચટકો, અતિશય તો અતિ ધન્ન. પ્ર૦॥૩॥
પિંડ પદસ્થ રુપસ્થે લીનો, ચરણકમળ તુજ ગ્રહિયાં;
ભ્રમર પરે રસાસ્વાદ ચખાવો, વિરસો કાં કરો મહિયાં. પ્ર૦॥૪॥
બાલ્યકાળમાં વાર અનંતી, સામગ્રીએ નવિ જાગ્યો;
યૌવનકાળે તે રસ ચાખ્યો, તું સમરથ પ્રભુ માંગ્યો. પ્ર૦॥૫॥
તું અનુભવ રસ દેવા સમરથ, હું પણ અર્થી તેહનો;
ચિત્ત વિત્તને પાત્ર સંબંધે, અજર રહ્યો હવે કેહનો. પ્ર૦॥૬॥
પ્રભુની મહેરે તે રસ ચાખ્યો, અંતરંગ સુખ પામ્યો;
'માનવિજય' વાચક ઈમ જંપે, હુઓ મુજ મન કામ્યો. પ્ર૦॥૭॥

(૬) અજિત જિનેશ્વર સાંભળો રે...

(રાગ : શ્રી જિનવરને પ્રગટ થયું રે.../દુખ દોહગ દૂરે...)

અજિત જિનેશ્વર સાંભળો રે, એક સેવકની અરદાસ,
ભવભયથી હું ઉભગ્યો રે, કર નિજ ચરણનો દાસ;
ભવિયાં ભાવે ભજો જિનચંદ, સેવે ચોસઠ ઇંદ. ભ૦॥૧॥
મુજ સરીખા તુજને ઘણા રે, માહરે તો તું એક;
કદીએ ન છોડું તુજ છેડલો રે, એ મુજ મોટી ટેક. ભ૦॥૨॥

નિર્ગુણી જાણી ઉવેખશો રે, આદિ ગુણી કોણ હોય;
ગુણીજનને જો તારશો તો, અધિકતા કિહાં તુજ જોય. ભ૦॥૩॥
ભવભય ભંજની તાહરી રે, મૂર્તિ શોભે મહારાય;
જે તુજ ધ્યાને સદા રમે, ધ્યેયપણું તસ થાય. ભ૦॥૪॥
મન મંદિરિયે પધારિયે રે, કૃપા કરી જિનરાય;
કમલવિજય પદ સેવતાં રે, '**મોહન**'ના વાંછિત થાય. ભ૦॥૫॥



(૭) જ્ઞાનાદિક ગુણ સંપદા રે...

(રાગ : ચાંદી જૈસા રંગ હૈ.../
ચાર દિવસના.../પૂર્યા ધનાશ્રી...)

જ્ઞાનાદિક ગુણ સંપદા રે, તુજ અનંત અપાર;
તે સાંભળતાં ઉપની રે, રુચી તેણે પાર ઉતાર,
અજિત જિન તારજો રે, તારજો દીનદયાળ. અ૦॥૧॥
જે જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ;
મળતાં કારજ નિપજે રે, કર્તા તણે પ્રયોગ. અ૦॥૨॥
કાર્યસિદ્ધિ કર્તા વસુ રે, લહિ કારણ સંયોગ;
નિજપદ કારક, પ્રભુ મિલ્યા રે, હોય નિમિત્તહ ભોગ. અ૦॥૩॥
અજકુલ ગત કેસરી લહે રે, નિજપદ સિંહ નિહાળ;
તિમ પ્રભુ ભક્તે ભવિ લહે રે, આતમ શક્તિ સંભાળ. અ૦॥૪॥
કારણ પદ કર્તા પણે રે, કરી આરોપ અભેદ;
નિજ પદ અર્થી પ્રભુ થકી રે, કરે અનેક ઉમેદ. અ૦॥૫॥
એહવા પરમાતમ પ્રભુ રે, પરમાનંદ સ્વરુપ;
સ્યાદ્વાદ સત્તા રસી રે, અમલ અખંડ અનૂપ. અ૦॥૬॥
આરોપિત સુખ ભ્રમ ટલ્યો રે, ભાસ્યો અવ્યાબાધ;
સમર્યું અભિલાષીપણું રે, કર્તા સાધન સાધ્ય. અ૦॥૭॥
ગ્રાહકતા સ્વામિત્વતા રે, વ્યાપક ભોક્તા ભાવ;
કારણતા કારજદશા રે, સકલ ગ્રહ્યું નિજ ભાવ. અ૦॥૮॥

શ્રદ્ધા ભાસન રમણતા રે, દાનાદિક પરિણામ;
સકલ થયા સત્તારસી રે, જિનવર દરિસણ પામ. અ૦॥૯॥
તિણે નિર્યામક માહણો રે, વૈદ્ય ગોપ આધાર;
'દેવચંદ્ર' સુખ સાગરું રે, ભાવ ધરમ દાતાર. અ૦॥૧૦॥

(૮) તું ગત મેરી જાને જિનજી...

(રાગ : ઓ સાથી રે.../ જિન તેરે ચરણ કી.../
પાર્શ્વ ચિંતામણિ મેરો...)

તું ગત મેરી જાને જિનજી!... તું ગત મેરી જાને...!
મેં જગવાસી સહી દુઃખ રાશિ, સો તો તુમસે ન છાને... ॥૧॥
સબ લોકન મેં જો જિઉંકી સત્તા, દેખત દરિસન જ્ઞાને... ॥૨॥
ઈન કારણ કહા તુમસે કહેવો, કહીયે તો ન સુણો કાને... ॥૩॥
અપનો હી જ જાન નિવાજસ કીજે, દેઈ સમકિત દાને... ॥૪॥
માનો અજિત પ્રભુ અરજ હૈ ઇતની, જ્યું **'અમૃત'** મન માને... ॥૫॥

(૯) પંથડો નિહાળું રે બીજા જિન તણો રે...

(રાગ : વૈષ્ણવજન.../આંખ મારી ઊઘડે.../
ધારિણી મનાવે રે.../આશાવરી...)

પંથડો નિહાળું રે બીજા જિન તણો રે, અજિત અજિત ગુણધામ;
જેણે તેં જીત્યા રે તેણે હું જીતીયો રે, પુરુષ કિશ્યું મુજ નામ. ॥૧॥
ચરમ નયને કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયને કરી મારગ જોઈએ રે, નયન તે દિવ્ય વિચાર. ॥૨॥
પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પુલાય;
વસ્તુ વિચારે રે આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય. ॥૩॥
તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહુંચે કોય;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. ॥૪॥

વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણો રે, વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. ॥૫॥
કાળ લબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે, '**આનંદઘન**' મત અંબ. ॥૬॥

(૧૦) પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું...

(રાગ : અપૂર્વ અવસર.../શોભા શી કહું.../આંખડી મારી...)

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું,
પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો;
ધ્યાનની તારી રે લાગી નેહ શું,
જલદ ઘટા જિમ શિવ સુત વાહન દાય જો. પ્રીત૦॥૧॥
નેહ ઘેલું મન મારું રે પ્રભુ અલજે રહે,
તન મન ધન તે કારણથી પ્રભુ મુજ જો;
માહરે તો આધાર રે સાહિબ રાવરો,
અંતરગતની પ્રભુ આગળ કહું ગુંજ જો. પ્રીત૦॥૨॥
સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકના જે સહેજે સુધારે કાજ જો;
એહવે રે આચરણે કેમ કરી રહું,
બિરુદ તમારું તારણ તરણ જહાજ જો. પ્રીત૦॥૩॥
તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીનદયાળ જો;
તુજ કરુણાની લહેરે રે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો. પ્રીત૦॥૪॥
કરુણાદ્રષ્ટિ કીધી રે સેવક ઉપરે,
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મનવાંછિત ફળિયા રે તુજ આલંબને,
કરજોડીને '**મોહન**' કહે મનરંગ જો. પ્રીત૦॥૫॥

(૧૧) શુભ વેળા શુભ અવસરે...

(રાગ : સોનામાં સુગંધ ભળે.../
વામાનંદન વંદના.../રઘુપતિ રાઘવ...)

શુભ વેળા શુભ અવસરે રે, લાગ્યો પ્રભુ શું નેહ;
વાધે મુજ મન વાલહો રે, દિન દિન બમણો નેહ,
અજિત જિન! વિનતડી અવધાર.
મન માહરું લાગી રહ્યું રે, તુજ ચરણે એક તાર. ॥૧॥
હિયડું મુજ હેજાલઉં રે, કરે ઉમાહો અપાર;
ઘડી ઘડીને અંતરે રે, ચાહે તુજ દેદાર. ॥૨॥
મીઠો અમૃતની પરે રે, સાહિબ તાહરો સંગ;
નયણે નયણ મિલાવતાં રે, શીતલ થાયે અંગ. ॥૩॥
અવશ્યપણે એક ઘડી રે, જાયે તુજ વિણ જેહ;
વરસ સો સમ સાહિબા રે, લાગે મુજ મન તેહ. ॥૪॥
તુજને તો મુજ ઉપરે રે, મહેર ન આવે કાંય;
તો પણ મુજ મન લાલચું રે, તુમ વિણ અલગું ન થાય. ॥૫॥
આસંગાયત આપણો રે, જાણીને જિનરાય;
દરિશણ દીજે દીનપતિ રે, **'હંસરતન'** સુખ થાય. ॥૬॥

થોય

વિજયા સુત વંદો, તેજથી જ્યું દિણંદો,
શીતલતાએ ચંદો, ધીરતાએ ગિરીંદો;
મુખ જિમ અરવિંદો, જાસ સેવે સુરીંદો,
લહો પરમાણંદો, સેવના સુખ કંદો.



ચૈત્યવંદન

(૧) સાવત્થી નયરી ધણી...

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ;
જિતારિ નૃપ નંદનો, ચલવે શિવ સાથ. ॥૧॥
સેના નંદન ચંદને, પૂજો નવ અંગે;
ચારશેં ધનુષનું દેહમાન, પ્રણમો મનરંગે. ॥૨॥
સાઠ લાખ પૂરવ તણું એ, જિનવર ઉત્તમ આય;
તુરગ લંછન પદ '**પદ્મને**', નમતાં શિવસુખ થાય. ॥૩॥



સ્તવન

(૧) મુજરો લ્યોને માહરો સાહિબા...

(રાગઃ મુશ્કિલ ડગર છે.../અમી ભરેલી.../તારી પ્રીતિની કેવી અસર.../
ઊંચી મેડી તે મારા.../વૈષ્ણવજન.../સિદ્ધારથના રાજકુંવરનું...)

મુજરો લ્યોને માહરો સાહિબા, ગિરુઆ ગરીબ-નિવાજ;
અવસર પામીજી એહવો, અરજ ન કરશોજી આજ. ॥૧॥
તરુ આપે ફળ-ફૂલડાં, જળ આપે જળધાર;
આપ સ્વારથ કો નહીં, કેવળ પર ઉપકાર. ॥૨॥
તિમ પ્રભુ જગ જન તારવા, તું પામ્યો અવતાર;
માહરી વેળાજી એવડો, એ છે કવણ વિચાર. ॥૩॥
ખિજમતગાર હું તાહરો, ખામી ન કરુંજી કોઈ;
બિરુદ સંભાળી આપણો, હિતની નજરે જોઈ. ॥૪॥
સંભવ સાહિબ માહરા, તું મુજ મળિયોજી ઈશ;
વાચક વિમલવિજય તણો, '**રામ**' કહે શુભ શીશ. ॥૫॥

(૨) શ્રી સંભવ જિનરાજજી રે...

(રાગ : પ્રેમ ભરેલું હૈયું લઇને.../તારા વિના શ્યામ...)

શ્રી સંભવ જિનરાજજી રે, તાહરું અકલ સ્વરુપ; જિનવર પૂજો,
સ્વ પર પ્રકાશક દિનમણિ રે, સમતારસનો ભૂપ. જિનવર પૂજો.
પૂજો પૂજો રે ભવિક જન પૂજો, પ્રભુ પૂજ્યા પરમાનંદ. જિ૦॥૧॥
અવિસંવાદ નિમિત્ત છો રે, જગત જંતુ સુખકાજ; જિ૦
હેતુ સત્ય બહુમાનથી રે, જિન સેવ્યાં શિવરાજ. જિ૦॥૨॥
ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ; જિ૦
ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ. જિ૦॥૩॥
કાર્યગુણ કારણપણે રે, કારણ કાર્ય અનૂપ; જિ૦
સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધનરુપ. જિ૦॥૪॥
એક વાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય; જિ૦
કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય. જિ૦॥૫॥
પ્રભુપણે પ્રભુ ઓળખી રે,અમલ વિમલ ગુણ ગેહ; જિ૦
સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ. જિ૦॥૬॥
જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફલ પણ તાસ; જિ૦
જગત શરણ જિન ચરણને રે, વંદે ધરીય ઉલ્લાસ. જિ૦॥૭॥
નિજ સત્તા નિજ ભાવથી રે, ગુણ અનંતનું ઠાણ; જિ૦
'દેવચંદ્ર' જિનરાજજી રે, શુદ્ધ સિદ્ધ સુખ ખાણ. જિ૦॥૮॥

(૩) શ્રી સંભવજિન સાથે મેં તો...

(રાગ : તારી પ્રીતિની કેવી અસર.../સંયમ જીવનો.../
અમી ભરેલી નજરો.../મૈત્રી ભાવનું...)

શ્રી સંભવજિન સાથે મેં તો, અવિહડ પ્રીતિ બાંધી રે;
છોડાવી છૂટે નહિ એ તો, કોઈ જો આવે પણ આંધી રે;
સાચું માનો સંભવજિનવર, આપનો સેવક જાણી રે. ॥૧॥

રાત-દિવસ હું તુજને ધ્યાવું, તું તો અળગો બેઠો રે;
સાત રાજનું અંતર છે પણ, ધ્યાને મુજ મન પેઠો રે. ॥૨॥
જેમ રવિ મંડલ રહે ગગનમાં, કમળ રહે જલમાંહી રે;
દૂર થકી પણ વિકસિત થાવે, પ્રીતમ છો દિલ માંહી રે. ॥૩॥
તું પુરુષોત્તમ પરમપુરુષ હૈ, જેતા નેતા દેવા રે;
પરમાનંદ વિલાસી તું હી, આપો શિવસુખ મેવા રે. ॥૪॥
ખોટ નથી ખજાને તારે, રત્નત્રયી મુજ આપો રે;
લળી લળી હું વિનવું પ્રભુજી, કર્મની કાસળ કાપો રે. ॥૫॥
પુણ્યે આજ હું દરિશન પાયો, દુઃખડાં સઘળા નાઠાં રે;
રંગવિજયનો '**અમૃત**' બોલે, શ્રી સંભવજિન તુઠાં રે. ॥૬॥

(૪) સંભવ જિન જબ...

(રાગ : સંયમ જીવનનો.../
ઋષભ જિનેશ્વર પ્રીતમ.../ફૂલ નહીં તો પાંખડી...)

સંભવ જિન જબ નયન મિલ્યો હો,
પ્રગટે પૂરવ પુણ્ય કે અંકુર,
તબ થેં દિન મોહી સફલ વળ્યો હો;
અબ થેં વિષય પંક કલન મેં,
બેહર નવિ જાઉં કલ્યો હો. સંભવ૦॥૧॥
અંગન મેં અમીય મેહ વૂઠે,
જન્મ તાપ કો વ્યાપ ગલ્યો હો;
બોધિ બીજ પ્રગટ્યો તિહું જગ મેં,
તપ સંયમ કો ખેત ફલ્યો હો. સંભવ૦॥૨॥
જેસી ભક્તિ તૈસી પ્રભુ કરુણા,
શ્વેત શંખ મેં દૂધ ભળ્યો હો;

દરશન થેં નવિનિધ મેં પાઈ,
દુખ દોહગ સવિ દૂર ટળ્યો હો. સંભવ૦॥૩॥
ડરત ફિરત હે દૂર હી દિલ થેં,
મોહમલ્લ જિણે જગત્રાણ છળ્યો હો;
સમકિત રતન લહું દરિસણ થેં,
અબ નવિ જાઉં કુગતિ રુલ્યો હો. સંભવ૦॥૪॥
નેહ નજર ભર નિરખત હી,
મુજ પ્રભુશું હિયડો હેજે હલ્યો હો;
શ્રી 'નયવિજય વિબુધ સેવક' કું,
સાહિબ સુરતરુ હોઈ ફલ્યો હો. સંભવ૦॥૫॥

(૫) સંભવ જિનવર ખુબ બન્યો રે...

(રાગ : મનાજી તું તો.../
સુમતિનાથ ગુણશું.../દુખ દોહગ દૂરે...)

સંભવ જિનવર ખુબ બન્યો રે, અવિહડ ધર્મ સનેહ,
દિન દિન તે વધતો અછે રે, કહિ ન હોવે છેહ!
સૌભાગી જિન! મુજ મન તુંહી સહાય;
એ તો બીજા નાવે દાય, હું તો લળી લળી લાગું પાય. ॥૧॥
દુધમાંહિ જિમ ઘૃત વસ્યું રે, વસ્તુમાંહિ સામર્થ્ય,
તંતુમાંહિ જિમ પટ વસ્યો રે, સૂત્રમાંહિ જિમ અર્થ. ॥૨॥
કંચન પારસ પાષાણમાં રે, ચંદનમાં જિમ વાસ;
પૃથ્વીમાંહી જિમ ઔષધી રે, કાર્યો કારણ વાસ. ॥૩॥
જિમ સ્યાદ્વાદે નય મિલે રે, જિમ ગુણમાં પર્યાય;
અરણીમાં પાવક વસ્યા રે, જિમ લોકે ષટકાય. ॥૪॥
તેણી પરે તું મુજ ચિત્ત વસ્યો રે, સેના માત મલ્હાર;
જો અભેદ બુદ્ધિ મિલે રે, '**જ્ઞાનવિમલ**' સુખકાર. ॥૫॥



(૬) સંભવ જિનવર વિનંતી...

(રાગ : યહ હૈ પાવન ભૂમિ.../તારા વિના શ્યામ.../
એક પંખી આવીને.../એ મેરે વતન કે...)

સંભવ જિનવર વિનંતી, અવધારો ગુણ જ્ઞાતા રે;
ખામી નહિ મુજ ખિજમતે, કદીયે હોશો ફલ દાતા રે. ॥૧॥
કરજોડી ઊભો રહું, રાત-દિવસ તુમ ધ્યાને રે;
જો મનમાં આણો નહીં, તો શું કહીએ થાને રે. ॥૨॥
ખોટ ખજાને કો નહીં, દીજિયે વાંછિત દાનો રે;
કરુણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે. ॥૩॥
કાળ લબ્ધિ મુજ મતિ ગણો, ભાવ લબ્ધિ તુમ હાથે રે;
લડથડતું પણ ગજબચ્યું, ગાજે ગયવર સાથે રે. ॥૪॥
દેશો તો તુમ હી ભલા, બીજા તો નવિ યાચું રે;
વાચક **'યશ'** કહે સાંઈશું, ફલશે એ મુજ સાચું રે. ॥૫॥



(૭) સંભવદેવ તે ધુર સેવો સવે રે...

(રાગ : મૈલી ચાદર.../ ઐસા ચિદ્‌રસ.../તારી પ્રીતિની.../
સંયમ જીવનનો.../એક દિન આપ હમકો...)

સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહિ પ્રભુ સેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ. સં૦॥૧॥
ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ રે, દોષ અબોધ લખાવ. સં૦॥૨॥
ચરમાવર્ત્ત હો ચરમ કરણ તથા રે, ભવપરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખુલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન વાક. સં૦॥૩॥
પરિચય પાતિક ઘાતક સાધુ શું રે, અકુશલ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નય હેત. સં૦॥૪॥
કારણ જોગે હો કારજ નીપજે રે, એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધીયે રે, એ નિજ મત ઉન્માદ. સં૦॥૫॥

મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનૂપ;
દેજો કદાચિત સેવક યાચના રે, **'આનંદઘન'** રસ રુપ. સં૦॥૬॥

(૮) સમકિત દાતા સમકિત આપો...

(રાગ : મારો મુજરો લ્યોને રાજ.../
પ્રભુ તેં મને જે આપ્યું.../ઊંચા ઊંચા શત્રુંજયના...)

સમકિત દાતા સમકિત આપો, મન માંગે થઈ મીઠું;
છતી વસ્તુ દેતાં શું સોચો? મીઠું જે સહુએ દીઠું;
પ્યારા પ્રાણ થકી છો રાજ! સંભવ જિનજી! મુજને. ॥૧॥
ઈમ મત જાણો જે આપે લહીએ, તે લાધું શું લેવું?
પણ પરમારથ પ્રીછી આપે, તેહી જ કહીએ દેવું. ॥૨॥
"અર્થી હું, તું અર્થ સમર્પક", ઈમ મત કરજ્યો હાંસું;
પ્રગટ હતું તુજને પણ પહેલાં, એ હાંસાનું પાસું. ॥૩॥
પરમપુરુષ તુમે પ્રથમ ભજીને, પામ્યા ઈમ પ્રભુતાઈ;
તેણે રુપે તુમને અમે ભજીએ, તિણે તુમ હાથ વડાઈ. ॥૪॥
તુમે સ્વામી હું સેવા કામી, મુજરો સ્વામી નિવાજે;
નહિ તો હઠ માંડી માંગતાં, કિણવિધ સેવક લાજે. ॥૫॥
જ્યોતે જ્યોતિ મિલે મત પ્રીછો, કુણ લહેશે કુણ ભજશે?
સાચી ભક્તિ જે હંસ તણી પરે, ખીર-નીર નય કરશે. ॥૬॥
ઓલગ કીધી જે લેખે લાગી, ચરણ ભેટ પ્રભુ દીધી;
રુપ વિબુધનો **'મોહન'** પભણે, રસના પાવન કીધી. ॥૭॥

થોય

સંભવ સુખદાતા,જેહ જગમાં વિખ્યાતા,
ષટ્ જીવના ત્રાતા, આપતા સુખશાતા;
માતાને ભ્રાતા, કેવલ જ્ઞાન જ્ઞાતા,
દુઃખ દોહગ વ્રાતા, જાસ નામે પલાતા.

શ્રી અભિનંદનસ્વામી ભગવાન

ચૈત્યવંદન

(૧) નંદન સંવર રાયનો...

નંદન સંવર રાયનો, ચોથા અભિનંદન;
કપિ લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન. ॥૧॥
સિદ્ધારથા જસ માવડી, સિદ્ધારથ જિનરાય;
સાડા ત્રણશેં ધનુષ માન, સુંદર જસ કાય. ॥૨॥
વિનીતાવાસી વંદીયે એ, આયુ લખ પચાસ;
પૂરવ તસ પદ '**પદ્મ**'ને, નમતાં શિવપુર વાસ. ॥૩॥

સ્તવન

(૧) અભિનંદન જિન દરિસણ તરસીએ...

(રાગ : તારી પ્રીતિની.../તુજ કરુણાધારમાં.../એક પંખી.../
અમી ભરેલી.../હોંશવાલો કો.../ પૂર્યા-ધનાશ્રી...)

અભિનંદન જિન દરિસણ તરસીએ, દરિસણ દુર્લભ દેવ;
મત મત ભેદે રે જો જઈ પૂછીયે, સહુ થાપે અહમેવ. ॥૧॥
સામાન્યે કરી દરિસણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ;
મદ મેં ઘેર્યો રે અંધો કિમ કરે, રવિ શશિ રુપ વિલેખ. ॥૨॥
હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુર્ગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમ કો નહીં, એ સબલો વિખવાદ. ॥૩॥
ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ;
ઘીટ્ટાઈ કરી મારગ સંચરું, સેંગું કોઈ ન સાથ. ॥૪॥
દરિસણ દરિસણ રટતો જો ફિરું, તો રણ રોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃત પાનની, કિમ ભાંજે વિષપાન? ॥૫॥

તરસ ન આવે હો મરણ જીવન તણો, સીઝે જો દરિસણ કાજ;
દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, **'આનંદઘન'** મહારાજ. ॥૬॥

(૨) અભિનંદન સ્વામી હમારા...

(રાગ : જિંદગી એક સફર.../રોમે રોમે હું તારો.../
એ મેરે વતન.../આ ધારા તો.../ઓઘો છે અણમૂલો...)

અભિનંદન સ્વામી હમારા, પ્રભુ ભવદુઃખ ભંજનહારા;
યે દુનિયા દુઃખ કી ધારા, પ્રભુ ઈનસે કરો નિસ્તારા. ॥૧॥
હું કુમતિ કુટિલ ભરમાયો, દૂર નીતિ કરી દુઃખ પાયો;
અબ શરણ લિયો હૈ થારો, મુજે ભવજલ પાર ઉતારો. ॥૨॥
પ્રભુ શીખ હૈયે નહિ ધારી, દુર્ગતિમાં દુઃખ લીયો ભારી;
ઈન કર્મો કી ગતિ ન્યારી, કરે બેર બેર ખુવારી. ॥૩॥
તુમે કરુણાવંત કહાવો, જગતારક બિરુદ ધરાવો;
મેરી અરજીનો એક દાવો, ઈણ દુઃખ સે ક્યું ન છુડાવો? ॥૪॥
મેં વિરથા જન્મ ગુમાવ્યો, નહીં તન ધન સ્નેહ નિવાર્યો;
અબ પારસ પરસંગ પામી, નહીં **'વીરવિજય'** કું ખામી. ॥૫॥

(૩) ક્યું જાણું કયું બની આવશે...

(રાગ : મને વેશ શ્રમણનો.../તારી પ્રીતિની.../એક પંખી...)

ક્યું જાણું કયું બની આવશે, અભિનંદન રસ રીત હો મિત્ત;
પુદ્ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત. કયું૦॥૧॥
પરમાતમ પરમેશ્વરું, વસ્તુગતે તે અલિપ્ત હો મિત્ત;
દ્રવ્યે દ્રવ્ય મિલે નહિં, ભાવે તે અન્ય અવ્યાપ્ત હો મિત્ત. કયું૦॥૨॥
શુદ્ધ સ્વરુપ સનાતનો, નિર્મલ જે નિઃસંગ હો મિત્ત;
આત્મવિભૂતે પરિણમ્યો, ન કરે તે પરસંગ હો મિત્ત. કયું૦॥૩॥
પણ જાણું આગમ બળે, મિલવું તુમ પ્રભુ સાથ હો મિત્ત;
પ્રભુ તો સ્વસંપત્તિમયી, શુદ્ધ સ્વરુપનો નાથ હો મિત્ત. કયું૦॥૪॥

પર પરિણામિકતા અછે, જે તુજ પુદ્ગલ યોગ હો મિત્ત;
જડ ચલ જગની એંઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત્ત. કયું૦॥૫॥
શુદ્ધ નિમિત્ત પ્રભુ ગ્રહ્યો, કરી અશુદ્ધ પર હેય હો મિત્ત;
આત્માલંબી ગુણાલયી, સહુ સાધકનો ધ્યેય હો મિત્ત. કયું૦॥૬॥
જિમ જિનવર આલંબને, વધે સધે એક તાન હો મિત્ત;
તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરુપ નિદાન હો મિત્ત. કયું૦॥૭॥
સ્વસ્વરુપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ હો મિત્ત;
રમે ભોગવે આતમા, રત્નત્રયી ગુણવૃંદ હો મિત્ત. કયું૦॥૮॥
અભિનંદન અવલંબને, પરમાનંદ વિલાસ હો મિત્ત;
'દેવચંદ્ર' પ્રભુ સેવના, કરી અનુભવ અભ્યાસ હો મિત્ત. કયું૦॥૯॥

(૪) દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ રે...

(રાગ : તું મને ભગવાન.../ આંખડી મારી.../
પ્રીતલડી બંધાણી.../ઋષભ જિનરાજ.../અપૂર્વ અવસર...)

દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ રે,
મૂરતિ હો પ્રભુ મૂરતિ મોહનવેલડી જી;
મીઠી હો પ્રભુ મીઠી તાહરી વાણ રે,
લાગે હો પ્રભુ લાગે જૈસી શેલડીજી. ॥૧॥
જાણું હો પ્રભુ જાણું જન્મ કયત્થ રે,
જો હું હો પ્રભુ જો હું તુમ સાથે મિલ્યોજી;
સુરમણિ હો પ્રભુ સુરમણિ પામ્યો હત્થ રે,
આંગણ હો પ્રભુ આંગણ મુજ સુરતરુ ફલ્યોજી. ॥૨॥
જાગ્યા હો પ્રભુ જાગ્યા પુણ્ય અંકુર રે,
માંગ્યા હો પ્રભુ મુહ માંગ્યા પાસા ઢલ્યાજી;
વૂઠા હો પ્રભુ વૂઠા અમીરસ મેહ રે,
નાઠા હો પ્રભુ નાઠા અશુભ શુભ દિન વલ્યાજી. ॥૩॥

ભૂખ્યાં હો પ્રભુ ભૂખ્યાં મળ્યાં ઘૃતપૂર રે,
તરસ્યા હો પ્રભુ તરસ્યા દિવ્ય ઉદક મિલ્યાંજી;
થાક્યા હો પ્રભુ થાક્યા મળ્યા સુખપાલ રે;
ચાહતા હો પ્રભુ ચાહતા સઙ્ગન હેજે હલ્યાજી. ॥૪॥
દીવો હો પ્રભુ દીવો, નિશા વન ગેહ રે;
શાખી હો પ્રભુ શાખી થળે, જળે નૌ મિલીજી,
કલિયુગે હો પ્રભુ કલિયુગે દુલ્લહો તુજ રે;
દરિસણ હો પ્રભુ દરિસણ લહ્યું આશા ફળીજી. ॥૫॥
વાચક હો પ્રભુ વાચક **'યશ'** તુમ દાસ રે;
વિનવે હો પ્રભુ વિનવે અભિનંદન સુણોજી,
કદીયે હો પ્રભુ કદીયે મ દેશો છેહ;
દેજો હો પ્રભુ દેજો સુખ દરિસન તણોજી. ॥૬॥

(૫) પ્રભુ તુજ દરિશન મળીયો અલવે...

(રાગઃ સાગર કિનારે... / હોંશવાલો કો.../ તારી પ્રીતિની.../
પ્રભુ તમારા (2).../સ્વામી તુમે...)

પ્રભુ તુજ દરિશન મળીયો અલવે, મન થયું હવે મારું હળવે હળવે,
પુણ્યોદય એ મોટો મારો, અણચિંત્યો થયો દર્શન તારો;
સાહિબા અભિનંદન દેવા, મોહના અભિનંદન દેવા. ॥૧॥
દેખત ખેવ હરી મન લીધું, કામણગારે કામણ કીધું;
મનડું જાય નહીં કોઈ પાસે, રાત-દિવસ રહે તાહરી પાસે. ॥૨॥
પહેલા તો જાણ્યું હતું સોહિલું, પણ મોટાશું મળવું દોહિલું;
સોહિલું જાણી મનડું વળગું, થાય નહિ હવે કીધું અળગું. ॥૩॥
રુપ દેખાડી હોવે અરુપી, કિમ ગ્રહવાએ અકલ અરુપી;
તાહરી વાત જાણી ન જાયે, કહો મનડાની શી ગતિ થાયે. ॥૪॥

પહેલા જાણી પછી કરે કિરિયા, તે પરમારથ સુખના દરિયા;
વસ્તુ અજાણે મન દોડાવે, તે તો મૂરખ બહુ પસ્તાવે. ॥૫॥
તે માટે તું રુપી અરુપી, તું શુદ્ધ બુદ્ધને સિદ્ધ સ્વરુપી;
એહ સ્વરુપ ગ્રહ્યું જબ તારું, તવ ભ્રમ રહિત થયું મન મારું. ॥૬॥
તુજ ગુણ જ્ઞાન ધ્યાનમાં રહીયે, ઈમ હળવું પણ સુલભ જ કહીએ;
'માનવિજય' વાચક પ્રભુ ધ્યાને, અનુભવ રસ મળીયો એક તાને. ॥૭॥



(૬) પ્રભુ! તેરે નયન કી બલિહારી...

(રાગ : જિન! તેરે ચરણ કી શરણ.../પાર્શ્વ ચિંતામણી...)

પ્રભુ! તેરે નયન કી બલિહારી...!!
યાકી શોભા વિજીત તપસા, કમલ કરતું હૈ જલધારી;
વિધુકે શરણ ગયો મુખ અરિકે, વનથેં ગગન હરિણ હારી. ॥૧॥
સહજ હિ અંજન મંજુલ નિરખત, ખંજન ગર્વ દીયો દારી;
છિન લહી હૈ ચકોર કી શોભા, અગ્નિ ભખે સો દુઃખ ભારી. ॥૨॥
ચંચલતા ગુણ લીયો મીનકો, અલિ જ્યું તારી હે કારી;
કહુ સુભગતા કેતિ ઈનકો, મોહી સબ હી અમર નારી. ॥૩॥
ઘુમત હૈ સમતા રસ માતે, જૈસે ગજવર મદવારી;
તીન ભુવન મેં નહીં કોઈ નીકો, અભિનંદન જિન અનુકારી. ॥૪॥
મેરે મન તો તું હી રુચત હૈ, પરે કોણ પર કી લારી;
તેરે નયન કી મેરે નયન મેં, **'જશ'** કહે દીઓ છબી અવતારી. ॥૫॥

થોય

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો,
થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો;
પ્રભુ ગુણ ગણ માચો, એહના ધ્યાને રાચો,
જિન પદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નિકાચો.

શ્રી સુમતિનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) સુમતિનાથ સુહંકરું...

સુમતિનાથ સુહંકરું, કોસલ્યા જસ નયરી;
મેઘરાય મંગલા તણો, નંદન જિતવયરી. ॥૧॥
ક્રૌંચ લંછન જિનરાજીયો, ત્રણશેં ધનુષની દેહ;
ચાલીસ લાખ પૂરવ તણું, આયુ અતિ ગુણગેહ. ॥૨॥
સુમતિ ગુણે કરી જે ભર્યા એ, તર્યા સંસાર અગાધ;
તસ પદ **'પદ્મ'** સેવા થકી, લહો સુખ અવ્યાબાધ. ॥૩॥

સ્તવન

(૧) અહો શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી...

(રાગ : તાર હો તાર.../સાથ ગિરનારનો.../જય ગણેશ (2)...)

અહો શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી,
સ્વગુણ પર્યાય પરિણામી રામી;
નિત્યતા એકતા અસ્તિતા ઈતર યુત,
ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી. અહો૦॥૧॥
ઊપજે વ્યય લહે તહવિ તેહવો રહે,
ગુણ પ્રમુખ બહુલતા તહવિ પિંડી;
આત્મભાવે રહે અપરતા નવિ ગ્રહે,
લોક પ્રદેશ મિત પણ અખંડી. અહો૦॥૨॥
કાર્ય કારણપણે પરિણમે તહવિ ધ્રુવ,
કાર્ય ભેદે કરે પણ અભેદી;
કર્તૃતા પરિણમે નવ્યતા નવિ રમે,
સકલવેત્તા થકો પણ અવેદી. અહો૦॥૩॥

શુદ્ધતા બુદ્ધતા દેવ પરમાત્મતા,
સહજ નિજભાવ ભોગી અયોગી;
સ્વ પર ઉપયોગી તાદાત્મ્ય સત્તારસી,
શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી. અહો૦॥૪॥
વસ્તુ નિજ પરિણતે સર્વ પરિણામિકી,
એટલે કોઈ પ્રભુતા ન પામે;
કરે જાણે રમે અનુભવે તે પ્રભુ,
તત્ત્વ સ્વામિત્વ શુચિ તત્ત્વ ધામે. અહો૦॥૫॥
જીવ નવિ પુગ્ગલી નૈવ પુગ્ગલ કદા,
પુગ્ગલાધાર નહિ તાસ રંગી;
પર તણો ઈશ નહિ અપર ઐશ્વર્યતા,
વસ્તુ ધર્મે કદા ન પરસંગી. અહો૦॥૬॥
સંગ્રહે નહીં આપે નહીં પરભાણી,
નવિ કરે આદરે ન પર રાખે;
શુદ્ધ સ્યાદ્વાદ નિજભાવ ભોગી જિકે,
તેહ પરભાવને કેમ ચાખે. અહો૦॥૭॥
તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી,
ઉપજે રુચિ તેણે તત્ત્વ ઈહે;
તત્ત્વરંગી થયો દોષથી ઉભગ્યો,
દોષ ત્યાગે ઢલે તત્ત્વ લીહે. અહો૦॥૮॥
શુદ્ધ માર્ગે વધ્યો સાધ્ય સાધન સધ્યો,
સ્વામી પ્રતિછંદ સત્તા આરાધે;
આત્મ નિષ્પત્તિ તિમ સાધના નવિ ટકે,
વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે. અહો૦॥૯॥
માહરી શુદ્ધ સત્તા તણી પૂર્ણતા,
તેહનો હેતુ પ્રભુ તુંહિ સાચો;
'દેવચંદ્રે' સ્તવ્યો મુનિગણે અનુભવ્યો,
તત્ત્વ ભક્તે ભવિક સકળ રાચો અહો૦॥૧૦॥

(૨) દિલરંજન જિનરાજજી રે...

(રાગ : ઋષભ જિણંદને રે../
શાંતિ જિનેશ્વર સાચો.../ભરતની પાટે...)

દિલરંજન જિનરાજજી રે, સુમતિનાથ જગ સ્વામી સલુણા;
જગતારક જગહિતકરું રે, ભવિજન મન વિશ્રામી સલુણા. ॥૧॥
મુજ ચિત્ત લાગ્યું તુમ થકી રે, કિમ રહો ન્યારા દેવ સલુણા;
સમરથ જાણી સાહિબા રે, કીજે પદકજ સેવ સલુણા. ॥૨॥
દાયક નામ ધરાવીને રે, વળી ધરો કૃપણતા દોષ સલુણા;
ન વધે જગ જસ ઈમ કર્યા રે, તિણે પ્રભુ દીજે સંતોષ સલુણા. ॥૩॥
કરુણાસાગર દીજીએ રે, રત્નત્રયી અભિરામ સલુણા;
લલચાવીને આપતાં રે, જલદ હુઓ જુઓ શ્યામ સલુણા. ॥૪॥
તાર્યા તુમે કેઈ જીવને રે, અપરાધી સુખી કીધ સલુણા;
શિવસુખ આપ્યું ભક્તને રે, તેણે મને શું દીધ સલુણા. ॥૫॥
એક થકી દૂર રહો રે, એકને દિયો સુખ કાજ સલુણા;
ઈમ કરતાં તારકપણું રે, ન રહે ગરીબ નિવાજ સલુણા. ॥૬॥
સો વાતે એક વાતડી રે, સુણજો ત્રિભુવનનાથ સલુણા;
અમૃત પદ દેઈ 'રંગ' ને, તારજો ઝાલી હાથ સલુણા. ॥૭॥

(૩) લાગ્યો લાગ્યો પ્રભુ શું નેહ...

(રાગઃ તુમકો દેખા તો યે... / જિંદગી કી ના તૂટે...)

લાગ્યો લાગ્યો પ્રભુ શું નેહ, વસિયો મારા હૈયામાં;
મારો સાહિબો અતિ સસનેહ, વસિયો મારા હૈયામાં.
દર્શન પ્રભુનું દેખતાં રે, જોતાં પ્રભુ મુખ જ્યોત;
દૂરિત પડલ દૂરે થયો, પ્રગટ્યો જ્ઞાન ઉદ્યોત. લાગ્યો૦॥૧॥
મુરત મુજ મનમાં વસી, કાગળ જિમ ચિત્રામ;
નિશદિન સૂતાં જાગતાં, સંભારું હું તુજ નામ. લાગ્યો૦॥૨॥

જેના મનમાં જે વસ્યો, તેહને તેહનું કામ;
મધુકરને મન માલતી, મોર તણે મન મેહ. લાગ્યો૦॥૩॥
દેવ અવર દેખી ઘણા, કીહાં નવિ રાચે મન;
પણ ગુણે સાંકળે સાંકળ્યું, એ તો આલોચે નહિ. લાગ્યો૦॥૪॥
સાહિબા સુમતિ જિણંદની, ચાહું હું ભવોભવ સેવ;
'**હંસરતન**' કહે માહરે, મુજ મન લાગી ટેવ. લાગ્યો૦॥૫॥

(૪) સુમતિ ચરણકજ આતમ અરપણા...

(રાગ : સુરજ મંડણ પાર્શ્વ.../તુજ કરુણાધાર... / મૈલી ચાદર.../અભિનંદન જિન...)

સુમતિ ચરણકજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર; સુજ્ઞાની
મતિ તરપણ બહુ સમ્મત જાણીએ, પરિસર પણ સુવિચાર. સુ૦॥૧॥
ત્રિવિધ સકલ તનુધર ગત આતમા, બહિરાતમ ધુરિભેદ; સુ૦
બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ. સુ૦ ॥૨॥
આતમ બુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરુપ; સુ૦
કાયાદિકનો હો સાખીધર કહ્યો, અંતર આતમ રુપ. સુ૦ ॥૩॥
જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકલ ઉપાધિ; સુ૦
અતીન્દ્રિય ગુણગણ મણિ આગરુ, ઈમ પરમાતમ સાધ. સુ૦ ॥૪॥
બહિરાતમ તજી અંતર આતમા, રુપ થઈ થિરભાવ; સુ૦
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ. સુ૦ ॥૫॥
આતમ અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટલે મતિદોષ; સુ૦
પરમ પદારથ સંપત્તિ સંપજે, '**આનંદઘન**' રસપોષ. સુ૦ ॥૬॥

(૫) સુમતિનાથ ગુણશું મિલીજી...

(રાગ : તુજ કરુણાધારમાં.../મુજ અવગુણ મત દેખો.../વૈષ્ણવજન...)

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહે ભલી રીતિ,
સૌભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ... વૈરાગી જિનશું... ॥૧॥

સઙ્ગનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તૂરી તણોજી, મહી માંહે મહકાય. ॥૨॥
આંગળીએ નવિ મેરુ ઢંકાએ, છાબડીએ રવિ તેજ;
અંજલિમાં જિમ ગંગ ન માએ, મુજ મન તિમ પ્રભુ હેજ. ॥૩॥
હુઓ છીપે નહિ અધર અરુણ જિમ, ખાતા પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. ॥૪॥
ઢાંકી ઇક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;
'વાચક યશ' કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. ॥૫॥

(૬) હો મન! તે તો ક્યું જિન ભક્તિ વિસારી...

(રાગ : અબ મોહે ઐસી આય.../જિન! તેરે ચરણ કી...)

હો મન! તેં તો ક્યું જિન ભક્તિ વિસારી... હો મન! તેં તો!
સુમતિ સરુપ પ્રભુ વાણી, સુણી સુણી મોહ ગુમાવી. હો૦॥૧॥
ભૂલ્યો ચાર ગતિમેં ભટકે, ઘર ઘર જેમ ભિખારી. હો૦॥૨॥
ઉપશમ રસશું ક્યું ન બુઝાવે, એ છીપી ચિનગારી. હો૦॥૩॥
ઇંદ્ર ચંદ્ર નાગેન્દ્ર વિદ્યાધર, તાકું હો સેવા પ્યારી. હો૦॥૪॥
રુપ વિબુધનો **'મોહન'** પભણે, અપગત કો ગત ન્યારી. હો૦॥૫॥

થોય

સુમતિ સુમતિ દાઈ, મંગલા જાસ માઈ,
મેરુને વળી રાઈ, ઓર એહને તુલાઈ;
ક્ષય કીધા ઘાઈ, કેવલજ્ઞાન પાઈ,
નહિ ઉણિમ કાંઈ, સેવીયે એ સદાઈ.

શ્રી પદ્મપ્રભસ્વામી ભગવાન

ચૈત્યવંદન

(૧) કોસંબીપુર રાજિયો...

કોસંબીપુર રાજિયો, ધર નરપતિ તાય;
પદ્મપ્રભ પ્રભુતામયી, સુસીમા જસ માય. ॥૧॥
ત્રીસ લાખ પૂરવ તણું, જિન આયુ પાળી;
ધનુષ અઢીશેં દેહડી, સવિ કર્મને ટાળી. ॥૨॥
પદ્મ લંછન પરમેશ્વરું એ, જિનપદ પદ્મની સેવ;
'પદ્મવિજય' કહે કીજિએ, ભવિજન સહુ નિતમેવ. ॥૩॥

સ્તવન

(૧) અજબ બની રે મેરે અજબ બની રે...

(રાગ : ચંદનસા બદન.../ધન્ય બન્યો રે પેલો ગઢ...)

અજબ બની રે મેરે અજબ બની રે, પ્રભુ સાથે પ્રીતિ અજબ બની રે;
જોર બની રે મેરે જોર બની, પ્રભુ સાથે પ્રીતિ જોર બની. ॥૧॥
અજબ બની પ્રભુ સાથે પ્રીતિ, તો મુજ દુર્ગતિની શી ભીતિ;
દેખી પ્રભુની મોટી રીતિ, પામી પૂરણ રીતિ પ્રતીતિ. ॥૨॥
જે દુનિયામેં દુર્લભ નેહ, તે મેં પામી પ્રભુની ભેટ;
આળસુને ઘેર આવી ગંગ, પામ્યો પંથી સખર તુરંગ. ॥૩॥
તિરસે પાયો માનસ નીર, વાદ કરતાં વાધી ભીર;
ચિત્ત ચોર્યો સાજનનો સંગ, અણચિંત્યે મિલ્યો ચડતે રંગ. ॥૪॥

જિમ જિમ નિરખું પ્રભુ મુખ નૂર, તિમ તિમ પાઉં આનંદપૂર;
સુણતાં જનમુખ પ્રભુની વાત, હરખે માહરી સાતે ધાત. ॥૫॥
પદ્મપ્રભ જિનના ગુણગાન ગાતા, લહીએ શિવપદવી અસમાન;
વિમલવિજય વાચકનો શિશ, **'રામે'** પાયો પરમ જગીશ. ॥૬॥

(૨) પદ્મપ્રભ જિન જઈ અલગા રહ્યા...

(રાગ : વૈષ્ણવજન.../ મિલે મન ભીતર.../શ્રી શ્રેયાંસ જિન...)

પદ્મપ્રભ જિન જઈ અલગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી;
કાગળને મસી તિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી,
સુગુણ સનેહા રે કદીય ન વિસરે. ॥૧॥
ઈહાંથી તિહાં જઈ કોઈ આવે નહિ, જેહ કહે સંદેશોજી;
જેહનું મિલવું રે દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશોજી. ॥૨॥
વીતરાગશું રે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી;
ઘોડો દોડે રે સાહિબ વાજમાં, મન નાણે અસવારોજી. ॥૩॥
સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી;
હોડાહોડે રે બીહું રસ રીઝથી, મનના મનોરથ સીઝેજી. ॥૪॥
પણ ગુણવંતા રે ગોઠે ગાજીએ, મોટા તે વિશ્રામજી;
'વાચક જશ' કહે એહ જ આશરે, સુખ લહું ઠામોઠામજી. ॥૫॥

(૩) પદ્મપ્રભ જિન! તુજ મુજ આંતરું રે...

(રાગ : તું પ્રભુ મારો.../તારી પ્રીતિની કેવી.../આશાવરી../
વૈષ્ણવજન.../વીર જિણંદ જગત...)

પદ્મપ્રભ જિન! તુજ મુજ આંતરું રે, કિમ ભાંજે ભગવંત;
કર્મ વિપાકે હો કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત. ॥૧॥
પયઈ ઠિઈ અણુભાગ પ્રદેશથી રે, મૂલ ઉત્તર બિહું ભેદ;
ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કર્મ વિછેદ. ॥૨॥

કનકોપલવત્ પયડી પુરુષ તણી રે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંયોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય. ॥૩॥
કારણ યોગે હો બાંધે બંધને રે, કારણ મુગતિ મુકાય;
આશ્રવ સંવર નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય. ॥૪॥
યુંજનકરણે હો અંતર તુજ પડ્યો રે, ગુણકરણે કરી ભંગ;
ગ્રંથ ઉક્તે કરી પંડિત જન કહ્યો રે, અંતર ભંગ સુઅંગ. ॥૫॥
તુજ મુજ અંતર અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર;
જીવ સરોવર અતિશય વાધશે રે, **'આનંદઘન'** રસપૂર. ॥૬॥



(૪) પદ્મપ્રભ પ્રાણ સે પ્યારા...

(રાગ : બહારો ફૂલ બરસાઓ.../જગત હૈ સ્વાર્થ કા.../
તું મને ભગવાન.../હોંશવાલોં કો...)

પદ્મપ્રભ પ્રાણ સે પ્યારા, છુડાવો કર્મ કી ધારા;
કરમ ફંદ તોડવા ધોરી, પ્રભુજી સે અર્જ હૈ મોરી. ॥૧॥
લઘુવય એક થેં જીયા, મુક્તિ મેં વાસ તુમ કીયા;
ન જાની પીડ તેં મોરી, પ્રભુ અબ ખીંચ લે દોરી. ॥૨॥
વિષયસુખ માની મોં મનમેં, ગયો સબ કાલ ગફલતમેં;
નરક દુઃખ વેદના ભારી, નીકળવા ના રહી બારી. ॥૩॥
પરવશ દીનતા કીની, પાપ કી પોટ શિર લીની;
ન જાણી ભક્તિ તુમ કેરી, રહ્યો નિશદિન દુઃખ ઘેરી. ॥૪॥
ઈસ વિધ વિનતિ મોરી, કરું મૈં દોય કર જોડી;
આતમ આનંદ મુજ દીજો, **'વીરનું'** કાજ સબ કીજો. ॥૫॥

(૫) પ્રભુ તેરી મૂરતિ મોહનગારી...



(રાગ : મનના મંદિરીયે આવો... / જિન તેરે! ચરણ કી.../
તુમ દરિસન ભલે...)

પ્રભુ તેરી મૂરતિ મોહનગારી... પ્રભુ તેરી...
પદ્મપ્રભ જિન તેરે હી આગે, ઔર દેવ કી છબી હારી. ॥૧॥
સમતા શીતલ ભરી દોય અખિયાં, કમલ પંખરીયા વારી;
આનન તે રાકા ચંદ સો રાજે, વાણી સુધારસ સારી. ॥૨॥
લક્ષણ અંગભર્યો તન તેરો, સહસ્ર અક્યોતર ધારી;
ભીતર ગુણ કો પાર ન આવે, જો કોઉ કહત બિચારી. ॥૩॥
શશિ રવિ ગિરિ હરિ કો ગુણ લેઈ, નિરમિત ગાત્ર સંચારી;
વચન બુલંદ કહા સે આયો, એ અચરિજ મુજ ભારી. ॥૪॥
યો ગુણ અનંત ભરી છબી પ્યારી, પરમ ધરમ હિતકારી;
કવિ **'અમૃત'** કહે ચિત્ત અવધારી, બિસરત નહિ બિસારી. ॥૫॥

(૬) શ્રી પદ્મપ્રભ જિન ગુણનિધિ રે લાલ...



(રાગ : વિરતિધરનો વેષ... /મારા શમણામાં.../
નિરખ્યો નેમિ જિણંદને.../વૈષ્ણવજન...)

શ્રી પદ્મપ્રભ જિન ગુણનિધિ રે લાલ, જગતારક જગદીશ રે; વાલેસર
જિન ઉપગાર થકી લહે રે લાલ, ભવિ જન સિદ્ધિ જગીશ રે. વા૦॥૧॥
તુજ દરિસણ મુજ વાલહો રે લાલ, દરિસણ શુદ્ધ પવિત્ત રે; વા૦
દરિસણ શબ્દ નયે કરે રે લાલ, સંગ્રહ એવંભૂત રે. વા૦॥૨॥
બીજે વૃક્ષ અનંતતા રે લાલ, પ્રસરે ભૂજલ યોગ રે; વા૦
તિમ મુજ આતમ સંપદા રે લાલ, પ્રગટે પ્રભુ સંયોગ રે. વા૦॥૩॥
જગત જંતુ કારજ રુચિ રે લાલ, સાધે ઉદયે ભાણ રે; વા૦
ચિદાનંદ સુવિલાસતા રે લાલ, વાધે જિનવર ઝાણ રે. વા૦॥૪॥
લબ્ધિ સિદ્ધિ મંત્રાક્ષરે રે લાલ, ઉપજે સાધક સંગ રે; વા૦
સહજ અધ્યાતમ તત્ત્વતા રે લાલ, પ્રગટે તત્ત્વી રંગ રે. વા૦॥૫॥

લોહ ધાતુ કંચન હુવે રે લાલ, પારસ ફરસન પામી રે; વા૦
પ્રગટે અધ્યાતમ દશા રે લાલ, વ્યક્ત ગુણી ગુણગ્રામ રે. વા૦॥૬॥
આત્મસિદ્ધિ કારજ ભણી રે લાલ, સહજ નિયામક હેતુ રે; વા૦
નામાદિક જિનરાજના રે લાલ, ભવસાગર મહા સેતુ રે. વા૦॥૭॥
સ્થંભન ઇન્દ્રિય યોગનો રે લાલ. રક્ત વર્ણ ગુણ રાય રે; વા૦
'દેવચંદ્ર' વૂંદે સ્તવ્યો રે લાલ, આપ અવર્ણ અકાય રે. વા૦॥૮॥

(૭) શ્રી પદ્મપ્રભના નામને રે...

(રાગ : ક્યારે બનીશ હું.../સોનામાં સુગંધ.../
ઋષભ જિનેશ્વર પ્રીતમ.../નિરખી નયણા ભીંજાય...)

શ્રી પદ્મપ્રભના નામને રે, જાઉં હું બલિહાર;
નામ જપંતા દિહાં ગમું રે, ભવભય ભંજણહાર રે.
મિલે મન ભીતર ભગવાન, મિલે મન ભીતર ભગવાન. ॥૧॥
નામ સુણંતા મન ઉલ્લસે રે, લોચન વિકસિત હોય;
રોમાંચિત હુએ દેહડી રે, જાણે મિલીયો સોય રે. ॥૨॥
પંચમ કાલે પામવો રે, દુર્લભ તુજ દેદાર;
તો પણ તારા નામનો રે, છે મોટો આધાર રે. ॥૩॥
નામ ગ્રહે આવી મિલે રે, મન ભીતર ભગવાન;
મંત્ર બળે જિમ દેવતા રે, વાહલો કીધો આહ્વાન રે. ॥૪॥
ધ્યાન પદસ્થ પ્રભાવથી રે, ચાખ્યો અનુભવ સ્વાદ;
'માનવિજય' વાચક કહે રે, મુકો બીજો વાદ રે. ॥૫॥

થોય

અઢીષે ધનુષ કાયા, ત્યક્ત મદ મોહમાયા,
સુસીમા જસ માયા, શુકલ જે ધ્યાન ધ્યાયા;
કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા,
સેવે સુરરાયા, મોક્ષનગરે સિધાયા.

શ્રી સુપાર્શ્વનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) શ્રી સુપાસ જિણંદ પાસ...

શ્રી સુપાસ જિણંદ પાસ, ટાળ્યો ભવ ફેરો;
પૃથ્વી માત ઉરે જ્યો, તે નાથ હમેરો. ॥૧॥
પ્રતિષ્ઠિત સુત સુંદરું, વારાણસી રાય;
વીશ લાખ પૂરવ તણું, પ્રભુજીનું આય. ॥૨॥
ધનુષ બસેં જિન દેહડીએ, સ્વસ્તિક લંછન સાર;
પદ **'પદ્મે'** જસ રાજતો, તાર તાર ભવ તાર. ॥૩॥

સ્તવન

(૧) ક્યું ન હો સુનાઈ સ્વામી...

(રાગ : તું પ્રભુ માહરો.../ જિંદગી કી ના તૂટે.../
લગની લાગી છે અમને...)

ક્યું ન હો સુનાઈ સ્વામી, ઐસા ગુન્હા ક્યા કિયા?
ઔરોં કી સુનાઈ જાવે, મેરી બારી નહીં આવે;
તુમ બિન કૌન મેરા, મુઝે ક્યું ભૂલા દિયા? ક્યું૦॥૧॥
ભક્તજનોં કો તાર દિયા, તારને કા કામ કિયા;
બિન ભક્તિવાલા મોં પે, પક્ષપાત કયું કિયા? ક્યું૦॥૨॥
રાય રંક એક જાનો, મેરા તેરા નહીં માનો;
તરણતારણ ઐસા, બિરુદ ક્યું ધાર લિયા? ક્યું૦॥૩॥
ગુન્હા મેરા બક્ષ દીજે, મોં પે અતિ રહેમ કીજે;
પક્કા હી ભરોસા તેરા, દિલોં મેં જમા લિયા ક્યું૦॥૪॥

તું હી એક અંતરયામી, સુણો શ્રી સુપાર્શ્વ સ્વામી;
અબ તો આશા પૂરો મેરી, કહના થા સો કહ દિયા. ક્યું૦॥૫॥
શહેર અંબાલે ભેટી, પ્રભુજી કા મુખ દેખી;
મનુષ્ય જનમ કા લ્હાવા, લેના થા સો લે લિયા, ક્યું૦॥૬॥
ઉત્તીસો છાસઠ છબીલા, દીપમાલા દિન રંગીલા;
કહે '**વીરવિજય**' પ્રભુ, ભક્તિ મેં જમા લિયા. ક્યું૦॥૭॥



(૨) નિરખી નિરખી તુજ બિંબને...

(રાગ : થોડા સા પ્યાર હુઆ હૈ.../વામાનંદન વંદના.../
ઐ મેરે વતન કે.../હોંશવાલોં કો.../વૈષ્ણવજન...)

નિરખી નિરખી તુજ બિંબને, હરખિત હુયેં મુજ મન;
નિર્વિકારતા નયનમાં રે, મુખડું સદા સુપ્રસન્ન,
શ્રીસુપાસ સોહામણા. ॥૧॥
ભાવ અવસ્થા સાંભરે રે, પ્રતિહારજની શોભ;
કોડી ગમે દેવા સેવા રે, કરતાં મૂકી લોભ. ॥૨॥
લોકાલોકના સવિ ભાવો રે, પ્રતિભાસે પ્રત્યક્ષ;
તોહે ન રાચે નવિ રુષે રે, નવિ અવિરતિનો પક્ષ. ॥૩॥
હાસ્ય રતિ અરતિ નહિં રે, નહિં ભય શોક દુર્ગંછ;
નહિં કંદર્પ કદર્થના રે, નહિં અંતરાયનો સંચ. ॥૪॥
મોહ મિથ્યાત્વ નિદ્રા ગઈ રે, નાઠા દોષ અઢાર;
ચોત્રીસ અતિશય રાજતો રે, મૂલાતિશય ચાર. ॥૫॥
પાંત્રીસ વાણી ગુણે કરી રે, દેતા ભવિ ઉપદેશ;
ઈમ તુજ બિંબે તાહરા રે, ભેદનો નહીં લવલેશ. ॥૬॥
રુપથી પ્રભુ ગુણ સાંભરે રે, ધ્યાન રુપસ્થ વિચાર;
'**માનવિજય**' વાચક વદે રે, જિન પ્રતિમા જયકાર. ॥૭॥

(૩) મુજ મન ભમરો...

(રાગ : એક પંખી આવીને.../હોંશવાલો કો...)

મુજ મન ભમરો પ્રભુ ગુણ ફૂલડે, રમણ કરે દિનરાત;
સુણજો સ્વામી સુપાર્શ્વ સોહામણા રે, કરજોડી કહું વાત. મુજ૦॥૧॥
મનડું ચાહે છે પ્રભુ મળવા ભણી રે, પણ દીસે છે અંતરાય;
જીવ પ્રમાદી કર્મ તણે વશ રે, તો કિમ મળવું થાય. મુજ૦॥૨॥
લાખ ચોરાશી જીવયોનિમાં રે, ભવ અટવી ગતિ ચાર;
કાળ અનાદિ અનંત ભમતાં થકા રે, કિમહી ન આવે પાર. મુજ૦॥૩॥
માર્ગ બતાવો સાહેબ માહરા રે, જિમ આવું તુમ પાસ;
લાજ વધારો સેવક તણી રે, ઘો દરિસણ મહારાજ. મુજ૦॥૪॥
મૂરતિ તાહરી રુપે રુડી રે, અનુભવ પદ દાતાર;
નિત્ય **લાભ** પ્રભુશું પ્રેમે વિનવે રે, તુમથી બહુ સુખસાર. મુજ૦॥૫॥

(૪) શ્રી સુપાસ આનંદમેં...

(રાગ : મિલે મન ભીતર.../ઔર ઇસ દિલ મેં.../
પહેલે ભવે.../વૈષ્ણવજન...)

શ્રી સુપાસ આનંદમેં, ગુણ અનંતનો કંદ હો; જિનજી
જ્ઞાનાનંદે પૂરણો, પવિત્ર ચારિત્રાનંદ હો. જિનજી ॥૧॥
સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો; જિનજી
કર્તાપદ કિરિયા વિના, સંત અજેય અનંત હો. જિનજી ॥૨॥
અગમ અગોચર અમર તું, અન્વય ઋદ્ધિ સમૂહ હો; જિનજી
વર્ણ ગંધ રસ ફરસ વિણુ, નિજ ભોક્તા ગુણ વ્યૂહ હો. જિનજી ॥૩॥
અક્ષયદાન અચિંતના, લાભ અયત્ને ભોગ હો; જિનજી
વીર્યશક્તિ અપ્રયાસતા, શુદ્ધ સ્વગુણ ઉપભોગ હો. જિનજી ॥૪॥
એકાંતિક આત્યંતિકો, સહજ અકૃત સ્વાધીન હો; જિનજી
નિરુપચરિત નિર્દ્વંદ્વ સુખ, અન્ય અહેતુક પીન હો. જિનજી ॥૫॥

એક પ્રદેશે તાહરે, અવ્યાબાધ સમાય હો; જિનજી
તસુ પર્યાય અવિભાગતા, સર્વાકાશ ન માય હો.જિનજી ॥૬॥
ઈમ અનંત ગુણનો ધણી, ગુણગણનો આનંદ હો; જિનજી
ભોગ રમણ આસ્વાદ યુત, પ્રભુ! તું પરમાનંદ હો. જિનજી ॥૭॥
અવ્યાબાધ રુચિ થઈ, સાધે અવ્યાબાધ હો; જિનજી
'દેવચંદ્ર' પદ તે લહે, પરમાનંદ સમાધ હો. ॥૮॥



(૫) શ્રી સુપાસ જિન વંદીએ...

(રાગ : એક પંખી આવીને... / ભરતની પાટે.../
વૈષ્ણવજન.../એ મેરે વતન...)

શ્રી સુપાસ જિન વંદીએ, સુખસંપત્તિનો હેતુ લલના;
શાંતસુધારસ જલનિધિ, ભવસાગરમાં સેતુ લલના. શ્રી૦॥૧॥
સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ લલના;
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ લલના. શ્રી૦॥૨॥
શિવ શંકર જગદીશ્વરું, ચિદાનંદ ભગવાન લલના;
જિન અરિહા તીર્થંકરું, જ્યોતિ સ્વરુપ અસમાન લલના. શ્રી૦॥૩॥
અલખ નિરંજન વચ્છલુ, સકલજંતુ વિસરામ લલના;
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ લલના. શ્રી૦॥૪॥
વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય શોગ લલના;
નિદ્રા તંદ્રા દુર્દશા, રહિત અબાધિત યોગ લલના. શ્રી૦॥૫॥
પરમપુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન લલના;
પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન લલના. શ્રી૦॥૬॥
વિધિ વિરંચિ વિશ્વંભરુ, ઋષિકેશ જગનાથ લલના;
અઘહર અઘમોચન ઘણી, મુક્ત પરમપદ સાથ લલના. શ્રી૦॥૭॥
ઈમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર લલના;
જેહ જાણે તેહને કરે, **'આનંદઘન'** અવતાર લલના. શ્રી૦॥૮॥



(૬) શ્રી સુપાસ જિનરાજ...

(રાગ : વિરતિધરનો વેષ.../એ મેરે વતન...)

શ્રીસુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજ હો! છાજે રે ઠકુરાઈ, પ્રભુ તુજ પદ તણીજી. ॥૧॥
દિવ્યધ્વનિ સુર ફૂલ ચામર છત્ર અમૂલ;
આજ હો! રાજે રે ભામંડલ, ગાજે દુંદુભિજી. ॥૨॥
અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજ હો! કીધા રે ઓગણીસે, સુરગણ ભાસુરેજી. ॥૩॥
વાણી ગુણ પાંત્રીશ, પ્રતિહારજ જગદીશ;
આજ હો! રાજે રે દીવાજે, છાજે આઠશુંજી. ॥૪॥
સિંહાસન અશોક, બેઠા મોહે લોક;
આજ હો! સ્વામી રે શિવગામી, વાચક **'જશ'** થુણ્યોજી. ॥૫॥

થોય

સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી,
હૃદયે પહોંચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી;
પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગૂંથાણી,
ષટ્ દ્રવ્યશું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી.

શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાન

ચૈત્યવંદન

(૧) લક્ષ્મણા માતા જનમીયો...

લક્ષ્મણા માતા જનમીયો, મહસેન જસ તાય;
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય. ॥૧॥
દશ લાખ પૂરવ આઊખું, દોઢસો ધનુષની દેહ;
સુરનરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ. ॥૨॥
ચંદ્રપ્રભ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર;
'પદ્મવિજય' કહે પ્રણમીયે, મુજ પ્રભુ પાર ઉતાર. ॥૩॥

સ્તવન

(૧) ચંદ્રપ્રભ ચિત્તમાં વસ્યા...

(રાગ : એ મેરે વતન કે.../
એક પંખી આવીને.../પ્રેમ ભરેલું...)

ચંદ્રપ્રભ ચિત્તમાં વસ્યા, જીવન પ્રાણ આધાર રે;
તુમ વિણ કો દીસે નહીં,ભવિજનને હિતકાર રે. ॥૧॥
નિશદિન સૂતાં જાગતાં, ચિત્ત ધરું તાહરું ધ્યાન રે;
રાતદિવસ તલસે બહુ, રસના તુમ ગુણગાન રે. ॥૨॥
માહરે તુમ સમ કો નહિ, મુજ સરીખા તુજ લાખ રે;
તોહિ નિજ સેવક ગણી, કાંઈક કરુણા દાખ રે. ॥૩॥
અંતરજામી તું ખરો, ન ગમે બીજું નામ રે;
સેવક અવસરે આવીયો, રાખો એહની લાજ રે. ॥૪॥
કરુણાવંત કૃપા કરીને, આપો નિજપદ વાસ રે;
'ઉદયરત્ન' એમ ઉચ્ચરે, દીજે તત્ત્વ સુવાસ રે. ॥૫॥

(૨) ચંદ્રપ્રભની ચાકરી નિત્ય...



(રાગ : વીર કુંવરની વાતલડી.../
આંખડી મારી પ્રભુ.../વિમલાચલ નિતુ...)

ચંદ્રપ્રભની ચાકરી નિત્ય કરીએ રે, નિત્ય કરીએ રે નિત્ય કરીએ;
કરીએ તો ભવજલ તરીએ, હાં રે ચઢતે પરિણામ. ચં૦॥૧॥
લક્ષ્મણા માતા જનમિયા જિનરાય, જિન ઊડુપતિ લંછન પાય;
એ તો ચંદ્રપુરીના રાયા, હાં રે નિત્ય લીજે નામ. ચં૦॥૨॥
મહસેન પિતા જેહના પ્રભુ બળીયા, મને જિનજી એકાંતે મળીયા;
મારા મનના મનોરથ ફળીયા, હાં રે દીઠે દુઃખ જાય. ચં૦॥૩॥
દોઢસો ધનુષની દેહડી જિન દીપે, તેજે કરી દિનકર ઝીપે;
સુર કોડી ઊભા સમીપે, હાં રે નિત્ય કરતાં સેવ. ચં૦॥૪॥
દશ લાખ પૂર્વનું આઉખું જિન પાળી, નિજ આતમને અજવાળી;
દુષ્ટ કર્મના મર્મને ટાળી, હાં રે લહ્યું કેવલજ્ઞાન. ચં૦॥૫॥
સમ્મેતશિખર ગિરિ આવીયા પ્રભુ રંગે, મુનિ કોટિ સહસ પ્રસંગે;
પાળી અણસણ ઊલટ અંગે, હાં રે પામ્યા પરમાનંદ. ચં૦॥૬॥
શ્રી જિન ઉત્તમ રુપને જે ધ્યાવે, તે કીર્તિ કમલા પાવે;
'મોહનવિજય' ગુણ ગાવે, હાં રે આપો અવિચલ રાજ. ચં૦॥૭॥

(૩) ચંદ્રપ્રભ જિન સાહિબા રે...



(રાગ : એક દિન યુ આપ હમકો.../ચાર દિવસના ચાંદરડા.../
જિમ જિમ એ ગિરિ ભેટિયે.../વિમલાચલ નિતુ વંદીએ...)

ચંદ્રપ્રભ જિન! સાહિબા રે, તુમે છો ચતુર સુજાણ! મનના માન્યા;
સેવા જાણો દાસની રે, દેશો ફલ નિર્વાણ. મનના માન્યા
આવો આવો રે ચતુર! સુખ ભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ મનના માન્યા. ॥૧॥

ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ; મનના૦
આપે ફલ જે અણકહ્યા રે, ગિરુઓ સાહિબ તેહ. મનના૦ ॥૨॥
દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ; મનના૦
જલ દીયેં ચાતક ખીજવી રે, મેઘ હુઓ તેણે શ્યામ. મનના૦ ॥૩॥
પિઉં પિઉં કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ! મનના૦
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ. મનના૦ ॥૪॥
મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય?; મનના૦
વાચક **'જશ'** કહે જગ ધણી રે, તુમ તુઠે સુખ થાય. મનના૦ ॥૫॥



(૪) દેખણ દે રે સખી! મુને દેખણ દે...

(રાગ : પ્રેમના બંધન જો જે.../સામું જુઓને મારી.../કેદાર.../
આદિનાથ દાદા મારા હૈયે.../બેના રે.../જિમ જિમ એ ગિરિ...)

દેખણ દે રે સખી! મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ; સખી૦
ઉપશમ રસનો કંદ સખી૦, ગત કલિમલ દુઃખદંદ. સખી૦ ॥૧॥
સૂક્ષ્મ નિગોદે ન દેખીયો સખી૦, બાદર અતિહી વિશેષ; સખી૦
પુઢવી આઉ ન લેખીયો સખી૦, તેઉ-વાઉ ન લેશ. સખી૦ ॥૨॥
વનસ્પતિ અતિ ઘણ દીહા સખી૦, દીઠો નહિ દીદાર; સખી૦
બિતિ ચઉરિંદિ જળલિહા સખી૦, ગતસન્ની પણ ધાર.સખી૦ ॥ ૩ ॥
સુરતિરિ નિરય નિવાસમાં સખી૦,મનુજ અનારજ સાથ; સખી૦
અપક્કત્તા પ્રતિભાસમાં સખી૦, ચતુર ન ચઢિઓ હાથ. સખી૦ ॥૪॥
ઇમ અનેક થલ જાણીએ સખી૦,દરિસણ વિણ જિનદેવ; સખી૦
આગમથી મતિ આણીયે સખી૦, કીજે નિર્મલ સેવ. સખી૦ ॥૫॥
નિર્મલ સાધુ ભગતિ લહી સખી૦, યોગ અવંચક હોય; સખી૦,
કિરિયા અવંચક તિમ સહી સખી૦, ફળ અવંચક જોય. સખી૦ ॥૬॥
પ્રેરક અવસર જિનવરુ સખી૦,મોહનીય ક્ષય થાય; સખી૦
કામિત પૂરણ સુરતરુ સખી૦, **'આનંદઘન'** પ્રભુ પાય. સખી૦ ॥૭॥

(૫) મુજ ઘટ આવજો રે નાથ...

(રાગ : મનમાં આવજો રે નાથ.../
આશાવરી.../પ્રભુજી અજવાળાં...)

મુજ ઘટ આવજો રે નાથ,
કરુણા કટાક્ષે જોઈને, દાસને કરજો સનાથ. મુજ૦॥૧॥
ચંદ્રપ્રભ જિન રાજિયા, તુજ વાસ વિષમો દૂર;
મળવા મન અળજો ઘણો, કિમ આવીએ હજૂર. મુજ૦॥૨॥
વિરહ વેદના આકરી, લખી પાઠવું કુણ સાથ;
પંથી તો આવે નહિ, તે મારગે જગનાથ. મુજ૦॥૩॥
તું તો નિરાગી છે પ્રભુ!, પણ વાલહો મુજ જોર;
એક પખી એ પ્રીતડી, જિમ ચંદ્રમા ને ચકોર. મુજ૦॥૪॥
તુજ સાથે જે પ્રીતડી રે, અતિવિષમ ખાંડાધાર;
પણ તેહના આદર થકી, તસ ફળ તણો નહિ પાર. મુજ૦॥૫॥
અમે ભક્તિયોગે આણશું, મનમંદિરે તુમ આજ;
વાચક વિમલના '**રામ**'શું, ઘણું રીઝશો મહારાજ. મુજ૦॥૬॥

(૬) શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા...

(રાગ : રાત દિવસ ઉપકારો તારા.../વૈષ્ણવજન...
મારા હૃદય સિંહાસન પર.../રુડા રાજમહેલને ત્યાગી...)

શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા, હેવાએ જે હળિયાજી;
આતમ ગુણ અનુભવથી મલિયા, તે ભવભયથી ટલિયાજી. ॥૧॥
દ્રવ્ય સેવ વંદન નમનાદિક, અર્ચન વલી ગુણગ્રામોજી;
ભાવ અભેદ થવાની ઈહા, પરભાવે નિષ્કામોજી. ॥૨॥
ભાવ સેવ અપવાદે નૈગમ, પ્રભુ ગુણને સંકલ્પેજી;
સંગ્રહ સત્તા તુલ્યારોપે, ભેદાભેદ વિકલ્પેજી. ॥૩॥
વ્યવહારે બહુમાન જ્ઞાન નિજ, ચરણે જિન ગુણ રમણાજી;
પ્રભુ ગુણ આલંબી પરિણામે, ઋજુપદ ધ્યાન સ્મરણાજી. ॥૪॥

શબ્દે શુકલ ધ્યાનારોહણ, સમભિરુઢ ગુણ દશમેજી;
બીઅ શુકલ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અમમેજી. ॥૫॥
ઉત્સર્ગે સમકિત ગુણ પ્રગટ્યે, નૈગમ પ્રભુતા અંશેજી;
સંગ્રહ આતમ સત્તાલંબી, મુનિ પદ ભાવ પ્રશંસેજી. ॥૬॥
ઋજુસૂત્રે જે શ્રેણી પદસ્થે, આત્મશક્તિ પ્રકાશેજી;
યથાખ્યાત પદ શબ્દ સ્વરુપે, શુદ્ધ ધર્મ ઉલ્લાસેજી. ॥૭॥
ભાવ સયોગી અયોગી શૈલેશે, અંતિમ દુગ નય જાણોજી;
સાધનતાએ નિજ ગુણ વ્યક્તિ, તેહ સેવના વખાણોજી. ॥૮॥
કારણ ભાવ તેહ અપવાદે, કાર્યરુપ ઉત્સર્ગેજી;
આત્મભાવ તે ભાવ દ્રવ્યપદ, બાહ્ય પ્રવૃત્તિ નિસર્ગેજી. ॥૯॥
કારણભાવ પરંપર સેવન, પ્રગટે કારજ ભાવોજી;
કાર્ય સિદ્ધે કારણતા વ્યય, શુચિ પારિણામિક ભાવોજી. ॥૧૦॥
પરમ ગુણી સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી;
શુદ્ધાતમ અનુભવે આસ્વાદી, **'દેવચંદ્ર'** પદ પાવેજી. ॥૧૧॥

(૭) શ્રી શંકર ચંદ્રપ્રભ રે લો...

(રાગ : વિરતિધરનો વેષ.../મારી શેરીએથી.../
વૈષ્ણવજન.../તારા વિના શ્યામ...)

શ્રી શંકર ચંદ્રપ્રભ રે લો,
તું ધ્યાતા જગનો વિભુ રે લો;
તિણે હું ઓલગે આવીઓ રે લો,
તુમે પણ મુજ મન ભાવીઓ રે લો. ॥૧॥
દીધી ચરણની ચાકરી રે લો,
હું સેવું હરખે કરી રે લો;
સાહિબ સામું નિહાળજો રે લો,
ભવસમુદ્રથી તારજો રે લો. ॥૨॥

અગણિત ગુણ ગણવા તણી રે લો,
મુજ મન હોંશ ઘરે ઘણી રે લો;
જિમ નભને પામ્યા પંખી રે લો,
દાખે બાળક કરથી લખી રે લો. ॥૩॥
જો જિન તું છે પાંસરો રે લો,
કરમ તણો શ્યો આશરો રે લો;
જો તુમે રાખશો ગોદમાં રે લો,
તો કિમ જાશું નિગોદમાં રે લો. ॥૪॥
જબ તાહરી કરુણા થઈ રે લો,
કુમતિ કુગતિ દૂરે ગઈ રે લો;
અધ્યાતમ રવિ ઉગિયો રે લો,
પાપ તિમિર કીહાં પુગિયો રે લો. ॥૫॥
તુજ મૂરતિની માયા જીસી રે લો,
ઉર્વશી થઈ ઉરે વસી રે લો;
રખે પ્રભુ ટાળો એક ઘડી રે લો,
નજર વાદળની છાંહડી રે લો. ॥૬॥
તાહરી ભક્તિ ભલી બની રે લો,
જિમ ઔષધી સંજીવની રે લો;
તવ મન આનંદ ઉપન્યો રે લો,
કહે **'મોહન'** કવિ રુપનો રે લો. ॥૭॥

થોય

સેવે સુર વર વૃંદા, જાસ ચરણારવિંદા,
અષ્ટમ જિન ચંદા, ચંદવર્ણે સોહંદા;
મહસેન નૃપ નંદા, કાપતાં દુઃખ દંદા,
લંછન મિષ ચંદા, પાય માનું સેવિંદા.

શ્રી સુવિધિનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) સુવિધિનાથ નવમા નમું...

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત;
મગર લંછન ચરણે નમું, રામા રુડી માત. ॥૧॥
આયુ બે લાખ પૂરવ તણું, શત ધનુષની કાય;
કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય. ॥૨॥
ઉત્તમવિધિ જેહથી લહ્યો એ, તેણે સુવિધિ જિનનામ;
નમતાં તસ પદ '**પદ્મને**', લહીયે શાશ્વત ધામ. ॥૩॥

સ્તવન

(૧) તાહરી અજબશી યોગની મુદ્રા રે...

(રાગ : તારી મૂરતિએ મન.../સુણજો સાજન સંત.../વૈષ્ણવજન...)

તાહરી અજબશી યોગની મુદ્રા રે, લાગે મને મીઠી રે;
એ તો ટાળે મોહની નિદ્રા રે, પ્રત્યક્ષ દીઠી રે...
લોકોત્તરશી જોગની મુદ્રા,
વ્હાલા માહરા નિરુપમ આસન સોહે રે;
સરસ રચિત શુક્લધ્યાનની ધારે,
સુરનરના મન મોહે રે. લાગે૦॥૧॥
ત્રિગડે રતન સિંહાસન બેસી,
વ્હાલા માહરા ચિહું દિશે ચામર ઢલાવે રે;
અરિહંત પદ પ્રભુતાનો ભોગી,
તો પણ જોગી કહાવે રે. લાગે૦॥૨॥

અમૃત ઝરણી મીઠી તુજ વાણી,
વ્હાલા માહરા જેમ અષાઢો ગાજે રે;
કાન મારગ થઈ હિયડે પેસી,
સંદેહ મનના ભાંજે રે. લાગે૦॥૩॥
કોડી ગમે ઊભા દરબારે,
વ્હાલા માહરા જય મંગલ સુર બોલે રે;
ત્રણ ભુવનની રિદ્ધિ તુજ આગે,
દીસે ઈમ તૃણ તોલે રે. લાગે૦॥૪॥
ભેદ લહું નહિ જોગ જુગતિનો,
વ્હાલા માહરા સુવિધિ જિણંદ! બતાવો રે;
પ્રેમશું '**કાન્તિ**' કહે કરી કરુણા,
મુજ મન મંદિર આવો રે. લાગે૦॥૫॥



(૨) દીઠો સુવિધિ જિણંદ...

(રાગ : મારા વ્હાલા પ્રભુ.../અપૂર્વ અવસર...)

દીઠો સુવિધિ જિણંદ, સમાધિ રસે ભર્યો, હો લાલ
ભાસ્યો આત્મસ્વરુપ, અનાદિનો વિસર્યો; હો લાલ
સકળ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો, હો લાલ
સત્તા સાધન માર્ગ ભણી એ સંચર્યો. હો લાલ દીઠો૦॥૧॥
તુમ પ્રભુ જાણંગ રીતિ, સર્વ જગ દેખતાં, હો લાલ
નિજ સત્તાએ શુદ્ધ, સહુને લેખતાં; હો લાલ
પર પરિણતિ અદ્વેષપણે, ઉવેખતાં, હો લાલ
ભોગ્યપણે નિજ શક્તિ, અનંત ગવેષતા. હો લાલ દીઠો૦॥૨॥
દાનાદિક નિજ ભાવ, હતા જે પરવશા, હો લાલ
તે નિજ સન્મુખ ભાવ, ગ્રહે લહી તુજ દશા; હો લાલ
પ્રભુનો અદ્ભૂત યોગ, સ્વરુપ તણી રસા, હો લાલ
ભાસે વાસે તાસ, જાસ ગુણ તુજ જિસા. હો લાલ દીઠો૦॥૩॥

મોહાદિકની ઘૂમી, અનાદિની ઊતરે, હો લાલ
અમલ અખંડ અલિપ્ત, સ્વભાવ જ સાંભરે; હો લાલ
તત્ત્વરમણ શુચિ ધ્યાન, ભણી જે આદરે, હો લાલ
તે સમતારસ ધામ, સ્વામી મુદ્રા વરે. હો લાલ દીઠો૦॥૪॥

પ્રભુ! છો ત્રિભુવન નાથ, દાસ હું તાહરો, હો લાલ
કરુણાનિધિ અભિલાષ, અછે મુજ એ ખરો; હો લાલ
આતમ વસ્તુ સ્વભાવ, સદા મુજ સાંભરો, હો લાલ
ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરો. હો લાલ દીઠો૦॥૫॥

પ્રભુ મુદ્રાને યોગ, પ્રભુ! પ્રભુતા લખે, હો લાલ
દ્રવ્ય તણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓળખે; હો લાલ
ઓળખતા બહુમાન, સહિત રુચિ પણ વધે, હો લાલ
રુચિ અનુયાયી વીર્ય, ચરણ ધારા સધે. હો લાલ દીઠો૦॥૬॥

ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણ રસી, હો લાલ
સત્તા સાધન શક્તિ, વ્યક્તતા ઉલ્લસી; હો લાલ
હવે સંપૂરણ સિદ્ધિ તણી શી વાર છે, હો લાલ
'દેવચંદ્ર' જિનરાજ, જગત આધાર છે. હો લાલ દીઠો૦॥૭॥

(3) મૈં કીનો નહીં...

(રાગ : પાયોજી મેંને રામ રતન.../
દરિસન ધો ઘનશ્યામ.../ જિન! તેરે...)

મૈં કીનો નહીં તુમ બિન ઔર શું રાગ... (૨)
દિન દિન વાન ચઢત ગુણ તેરો, જ્યું કંચન પર ભાગ;
ઔરન મેં હૈ કષાય કી કાલિમા, સો ક્યું સેવા લાગ. મૈં૦॥૧॥

રાજહંસ તું માન સરોવર, ઔર અશુચિ રુચિ કાગ;
વિષય ભુજંગમ ગરુડ તે કહીએ, ઔર વિષય વિષ નાગ. મૈં૦॥૨॥

ઔર દેવ જલ છિલ્લર સરીખે, તું તો સમુદ્ર અથાગ;
તું સુરતરુ જગ વાંછિત પૂરણ, ઔર તો સૂકે સાગ. મૈં૦॥૩॥
તું પુરુષોત્તમ, તું હીં નિરંજન, તું શંકર વડભાગ;
તું બ્રહ્મા, તું બુદ્ધ મહાબલ, તું હીં જ દેવ વીતરાગ. મૈં૦॥૪॥
સુવિધિનાથ તુમ ગુણ ફુલન કો, મેરો દિલ હૈ બાગ;
'જસ' કહે ભ્રમર રસિક હોઈ તામેં, લીજે ભક્તિ પરાગ. મૈં૦॥૫॥

(૪) લઘુ પણ હું તુમ મન નવિ માવું રે...

(રાગ : હમેં રાસ્તોં કી.../પ્રભુ તમારા પગલે.../
હમેં ઔર જીને કી.../શ્રી શ્રેયાંસ જિન.../વૈષ્ણવજન...)

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરુ! તુમને દિલમાં લાવું રે;
કુણને દીજે એ શાબાશી રે,
કહો શ્રી સુવિધિ જિણંદ! વિમાસી રે. ॥૧॥
મુજ મન અણુ માંહે ભગતિ છે ઝાઝી રે,
તેહ દરીનો તું છે માઝી રે;
યોગી પણ જે વાત ન જાણે રે,
એ અચરિજ કુણથી હુઓ ટાણે રે. ॥૨॥
અથવા થિરમાંહે અથિર ન માવે રે,
મોટો ગજ દર્પણમાં આવે રે;
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે,
તેહને દીજે એ શાબાશી રે, ॥૩॥
ઊર્ધ્વ મૂલ તરુવર અધ શાખા રે,
છંદ પુરાણે એહવી છે ભાષા રે;
અચરિજવાળે અચરિજ કીધું રે,
ભગતે સેવક કારજ સીધું રે. ॥૪॥

લાડ કરી જે બાળક બોલે રે,
માતપિતા મન અમીયને તોલે રે;
શ્રી નયવિજય વિબુધનો શીશો રે,
'જશ' કહે એમ જાણો જગીશો રે. ॥૫॥



(૫) સુણો સુવિધિ જિણંદ સોભાગી...

(રાગ : ઈતની શક્તિ હમેં.../
યે મેરે વતન કે.../સુણો શાંતિ જિણંદ...)

સુણો સુવિધિ જિણંદ સોભાગી, મુજ તુજ ચરણે લય લાગી;
હું તો ભવદવ દાહે દાઝ્યો, તેં તો સુખ સંપૂર્ણ સાધ્યો. ॥૧॥
હું તો માયા મત્સર ભરિયો, તું તો આર્જવ ગુણનો દરિયો;
હું તો ક્રોધ કષાયે બળીયો, તું તો સમતા રસમાં ભળીયો. ॥૨॥
હું તો લોભ માંહે મુંઝાણો, તું તો સંતોષ ગુણનો રાણો;
હું તો જાતિ મદાદિકે માચ્યો, તું તો માર્દવ ગુણમાં રાચ્યો. ॥૩॥
હું તો વિષય સુખનો સંગી, તું તો વિષયાતીત નિઃસંગી;
હું તો ચિહું ગતિમાંહી રુલ્યો, તું તો શિવ સુંદરીને મલિયો. ॥૪॥
પ્રભુ તું તો નિઃસંગી નિઃક્લેશી, હું પરિણામે સંક્લેષી;
તું તો જ્ઞાનાનંદે પૂરો, હું તો કર્મબંધને શૂરો. ॥૫॥
તું તો વીતરાગ પ્રસિદ્ધ, મને રાગ દ્વેષે વશ કીધ;
તું તો કેવલજ્ઞાની અનુપ, મેં તો આવર્યું આપ સ્વરુપ. ॥૬॥
તું તો સત્યવાદમાં લીન, હું તો અવગુણ ગ્રાહી અબીહ;
તું તો સર્વવેદી સ્યાદ્વાદી, હું તો મોહી મિથ્યાવાદી. ॥૭॥
તું તો દેવનો દેવ દયાળ, હું તો તુજ સેવક એક બાળ;
મુજ સરીખા સેવક ઝાઝા, તું તો મારે એક જિનરાજા. ॥૮॥

મુજ ઉપર કરો મહેરબાની, તુમ જાણો સેવક વાણી;
જો ભેદ રહિત મુજને નીરખો, તો થાય સેવક તુમ સરીખો. ॥૯॥
હીરે હીરો વેધાય, એમ લોક કહેવત કહેવાય;
ગુણવંત થઈ ગુણી ધ્યાવે, તો ઋદ્ધિ અનંતી પાવે. ॥૧૦॥
તુમ સહજ સ્વભાવ વિલાસી, નિજ શુદ્ધ સ્વરુપ પ્રકાશી;
ધ્યાતા ધ્યેય ધ્યાનમાં ધ્યાવે, તો '**જિન**' ઉત્તમ પદ પાવે. ॥૧૧॥

(૬) સુવિધિ જિણંદ મુજ...

(રાગ : મલે તાહરું શાસન જનમો.../બહોત પ્યાર કરતે હૈં...)

સુવિધિ જિણંદ મુજ દરિસણ દ્યોને, દિલભર દિલથી મારા સામું જુઓને;
હસી તારા ચિત્તની વાત મને કહોને, પ્રીતની રીતમાં શું તેં વહોને. ॥૧॥
અંતર ચિત્તની વારતા રે, પ્રભુ કહું તે ચિત્તમાં ધરોને;
પ્રીત પ્રતીત જિમ ઊપજે રે, તિમ અવિહડ પ્રીત કરોને. ॥૨॥
સુંદર તુમ મુખ મટકડે રે, પ્રભુ! લોભાવ્યા તેં અમને;
મુજ મન મળવા અતિ ઘણું રે, ચાહે ક્ષણ માંહી તુજને. ॥૩॥
લલચાવશો દિન કેટલા રે, ઈમ મુજને દિલાસો દઈને;
હા ના મુખથી ભાખીએ રે, બેસી શું રહ્યા મૌન લઈને. ॥૪॥
હસિત વદને બોલાવીને રે, આજ મુજને રાજી કરોને;
વાંછિત દેઈ અમને રે, તુમે જગમાં સુજશ વરોને. ॥૫॥
રોગ શોગ દુઃખ દોહગ રે, પાપ સંતાપ ને તાપ હરીને;
પંડિત પ્રેમના '**ભાણ**'ને રે, તુમે પ્રસન્ન હોજો હેજ ધરીને. ॥૬॥



(૭) સુવિધિ જિણેસર પાય નમીને...

(રાગ : નેમિ નિરંજન નાથ હમારા.../ઋષભ જિનેશ્વર પ્રીતમ.../
મૈત્રી ભાવનું.../વૈષ્ણવજન...)

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી ઈમ કીજે રે;
અતિ ઘણો ઊલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજી જે રે. સુ૦॥૧॥
દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહરે જઈએ રે;
દહ તિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઈએ રે. સુ૦॥૨॥
કુસુમ અક્ષત વર વાસ સુગંધી, ધૂપ દીપ મન સાખી રે;
અંગપૂજા પણ ભેદ સુણી ઈમ, ગુરુ મુખ આગમ ભાખી રે. સુ૦॥૩॥
એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;
આણા પાલન ચિત્તપ્રસન્ની, મુગતિ સુગતિ સુરમંદિર રે. સુ૦॥૪॥
ફૂલ અક્ષત વર ધૂપ પઈવો, ગંધ નૈવેધ ફળ જળ ભરી રે;
અંગ અગ્ર પૂજા મળી અડવિધ, ભાવે ભવિક શુભગતિ વરી રે. સુ૦॥૫॥
સત્તર ભેદ એકવીસ પ્રકારે, અષ્ટોત્તર શત ભેદે રે;
ભાવપૂજા બહુવિધ નિરધારી, દોહગ દુર્ગતિ છેદે રે. સુ૦॥૬॥
તુરીય ભેદ પડિવત્તિ પૂજા, ઉપશમ ખીણ સયોગી રે;
ચઉહા પૂજા ઈમ ઉત્તરાધ્યયને, ભાખી કેવળ ભોગી રે. સુ૦॥૭॥
ઈમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લહેશે, **'આનંદઘન'** પદ ધરણી રે. સુ૦॥૮॥

થોય

નરદેવ ભાવ દેવો, જેહની સારે સેવો,
જેહ દેવાધિદેવો, સાર જગમાં જ્યું મેવો;
જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો,
'સુવિધિ' જિન જેહવો, મોક્ષ દે તત્તખેવો.

શ્રી શીતલનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) નંદા દ્રઢરથ નંદનો...

નંદા દ્રઢરથ નંદનો, શીતલ શીતલનાથ;
રાજા ભદ્દિલપુર તણો, ચલવે શિવ સાથ. ॥૧॥
લાખ પૂરવનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ;
કાયા માયા ટાળીને, લહ્યાં પંચમ નાણ. ॥૨॥
શ્રીવત્સ લંછન સુંદરું એ, પાદ '**પદ્મે**' રહે જાસ;
તે જિનની સેવા થકી, લહીયે લીલ વિલાસ. ॥૩॥

સ્તવન

(૧) તુજ મુખ સન્મુખ નિરખતાં...

(રાગ : જેના રોમ રોમથી.../રુડા રાજમહેલને.../
પ્રભુ પાર્શ્વનું મુખડું.../વૈષ્ણવજન...)

તુજ મુખ સન્મુખ નીરખતાં, મુજ લોચન અમીય ઠરંતા;
જેહની શીતલતા વ્યાપે, કિમ રહેવાયે કહો તાપે. ॥૧॥
તુજ નામ સુણ્યું જબ કાને, હઈડું આવે તવ સાને;
મૂચ્છાયો માણસ વાટે, જિમ સઙ્ક હુયે અમૃત છાટે. ॥૨॥
શુભ ગંધને તરતમ યોગે, આકુલતા હુઈ ભોગે;
તુજ અદ્ભુત દેહ સુવાસે, તેહ મિટ ગઈ રહત ઉદાસે. ॥૩॥
તુજ ગુણ સંસ્તવને રસના, છાંડે અન્ય લયની તૃષ્ણા;
પૂજાએ તુજ તનુ ફરસે, ફરસન શીતલ થઈ ઉલ્લસે. ॥૪॥
મનની ચંચલતા ભાગી, સવિ છંડી થયો તુજ રાગી;
કવિ '**માન**' કહે તુજ સંગે, શીતલતા થઈ અંગો અંગે. ॥૫॥



(૨) મુજ મનડામાં તું વસ્યો રે...

(રાગ : તારે દ્વારે આવીને.../ક્યા કરતે થે સાથિયા.../
એક પંખી આવી ને...)

મુજ મનડામાં તું વસ્યો રે, જ્યું કુસુમમાં વાસ;
અળગો ન રહે એક ઘડી રે, સાંભરે શ્વાસોશ્વાસ.
તુજશું રંગ લાગ્યો, રંગ લાગ્યો સાતે ધાત;
શ્રી જિનરાજ તુજશું રંગ લાગ્યો ત્રિભુવનનાથ. તુજ૦॥૧॥
શીતલ સ્વામી જે દિને રે, દીઠો તુમ દેદાર;
તે દિનથી મન માહરું રે, લાગ્યું તાહરી લાર. તુજ૦॥૨॥
મધુકર ચાહે માલતી રે, ચાહે ચન્દ્ર ચકોર;
તિમ મુજને પ્રભુ તાહરી રે, લાગી લગન અતિ જોર. તુજ૦॥૩॥
ભર્યા સરોવર ઊમટે રે, નદીયાં નીર ન માય;
તો પણ યાચે મેઘકું રે, જિમ ચાતક જગમાંય. તુજ૦॥૪॥
ઈમ જગમાં પ્રભુ તુમ વિના રે, મુજ મન નાવે રે કોય;
'ઉદય' વદે પદ સેવના રે, દીજે સન્મુખ જોય. તુજ૦॥૫॥



(૩) શીતલ જિન મોહે પ્યારા...

(રાગ : અજવાળા દેખાડો.../અબ મોહે ઐસી આય.../
મેરે નૈના સાવન.../જિન તેરે! ચરણ કી.../શ્વાસ તમારા નામે...)

શીતલ જિન મોહે પ્યારા, સાહિબા! શીતલ જિન મોહે પ્યારા;
ભુવન વિરોચન પંકજ લોચન, જિઉ કે જિઉ હમારા. ॥૧॥
જ્યોતશું જ્યોત મિલત જબ ધ્યાવત, હોવત નહિ તબ ન્યારા;
બાંધી મૂઠી ખૂલે ભવ માયા, મિટે મહાભ્રમ ભારા. ॥૨॥
તુમ ન્યારે તબ સબહિ ન્યારા, અંતર કુટુંબ ઉદારા;
તુમ હી નજીક નજીક હૈ સબહિ, ઋદ્ધિ અનંત અપારા. ॥૩॥
વિષય લગન કી અગન બુઝાવત, તુમ ગુણ અનુભવ ધારા;
ભઈ મગનતા તુમ ગુણ રસ કી, કુણ કંચન? કુણ દારા? ॥૪॥

શીતલતા ગુણ હોડ કરત તુમ, ચંદન કાહું બિચારા?
નામ હિ તુમચા તાપ હરત હૈ, વાંકુ ઘસત ઘસારા. ॥૫॥
કરહું કષ્ટ જન બહુત હમારે, નામ તિહારો આધારા;
'જશ' કહે જનમ મરણ ભય ભાંગો, તુમ નામે ભવપારા. ॥૬॥

(૪) શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની...

(રાગ : એક પંખી આવીને.../તારી પ્રીતિની.../
વૈષ્ણવજન.../હોંશવાલોં કો.../મીયાં મલ્હાર...)

શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુજથી કહિ ન જાયજી;
અનંતતા નિર્મલતા પૂર્ણતા, જ્ઞાન વિના ન જણાયજી. ॥૧॥
ચરમ જલધિ જલ મિને અંજલિ, ગતિ જીપે અતિ વાયજી;
સર્વ આકાશ ઉલંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાયજી. ॥૨॥
સર્વ દ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ પર્યાયજી;
તાસ વર્ગથી અનંતગુણું પ્રભુ! કેવલજ્ઞાન કહાયજી. ॥૩॥
કેવલ દરિશણ એમ અનંતું, ગ્રહે સામાન્ય સ્વભાવજી;
સ્વ-પર અનંતથી ચરણ અનંતું, સમરણ સંવર ભાવજી. ॥૪॥
દ્રવ્ય ક્ષેત્રને કાળ ભાવ ગુણ, રાજનીતિ એ ચારજી;
ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કારજી. ॥૫॥
શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે પ્રભુ નામજી;
અવ્યાબાધ અનંતું પામે, પરમ અમૃત સુખધામજી. ॥૬॥
આણા ઇશ્વરતા નિર્ભયતા, નિર્વાંછકતા રુપજી;
ભાવ સ્વાધીન તે અવ્યય રીતે, ઇમ અનંતગુણ ભૂપજી. ॥૭॥
અવ્યાબાધ સુખ નિર્મલ તે તો, કરણ જ્ઞાને ન જણાયજી;
તેહ જ એહનો જાણંગ ભોક્તા, જે તુમ સમ ગુણરાયજી. ॥૮॥
ઇમ અનંત દાનાદિક નિજ ગુણ, વચનાતીત પંડૂરજી;
વાસન ભાસન ભાવે દુર્લભ, પ્રાપ્તિ તો અતિ દૂરજી. ॥૯॥

સકળ પ્રત્યક્ષપણે ત્રિભુવન ગુરુ, જાણું તુજ ગુણગ્રામજી;
બીજું કાંઈ ન માંગુ સ્વામી, એહિ કરો મુજ કામજી. ॥૧૦॥
ઈમ અનંત પ્રભુતા સદ્ગહતાં, અર્ચે જે પ્રભુ રુપજી;
'દેવચંદ્ર' પ્રભુતા તે પામે, પરમાનંદ સ્વરુપજી. ॥૧૧॥



(૫) શીતલ જિનપતિ લલિત ત્રિભંગી...

(રાગ : સાંભળજો સસનેહી.../પ્રભુ તમારા પગલે.../
ચાર દિવસના ચાંદરણાં.../મીયાં મલ્હાર.../વૈષ્ણવજન...)

શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહે રે;
કરુણા કોમલતા તીક્ષણતા, ઉદાસીનતા સોહે રે. શી૦॥૧॥
સર્વજંતુ હિતકરણી કરુણા, કર્મ વિદારણ તીક્ષણ રે;
હાન દાન રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે. શી૦॥૨॥
પરદુઃખ છેદન ઇચ્છા કરુણા, તીક્ષણ પરદુઃખ રીઝે રે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામેં કેમ સીઝે રે. શી૦॥૩॥
અભયદાન તે કરુણા, મળક્ષય તીક્ષણતા ગુણ ભાવે રે;
પ્રેરક વિણ-કૃતિ ઉદાસીનતા, ઈમ વિરોધ મતિ નાવે રે. શી૦॥૪॥
શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રન્થતા સંયોગે રે;
યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગી રે. શી૦॥૫॥
ઇત્યાદિક બહુ ભંગ ત્રિભંગી , ચમત્કાર ચિત્તે દેતી રે;
અચરિજકારી ચિત્ર વિચિત્રતા, **'આનંદઘન'** પદ લેતી રે. શી૦॥૬॥



(૬) શ્રી શીતલજિન ભેટીએ...

(રાગ : ચરણો મેં તેરે.../તારી પ્રીતિની.../હોંશવાલો કો.../
તારે દ્વારે આવીને.../એક પંખી...)

શ્રી શીતલજિન! ભેટીએ, કરી ભગતે ચોખું ચિત્ત હો;
તેહશું કહો છાનું કિશ્યું?, જેહને સોંપ્યાં તન મન વિત્ત હો. ॥૧॥

દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો;
તે બહુ ખજૂઆ તગતગે, તું દિનકર તેજ સ્વરુપ હો. ॥૨॥
મોટો જાણીને આદર્યો, દારિદ્ર ભાંજો જગતાત હો;
તું કરુણાવંત શિરોમણિ, હું કરુણાપાત્ર વિખ્યાત હો. ॥૩॥
અંતરજામી સવિ લહો, અમ મનની જે છે વાત હો;
માં આગળ મોસાળના, શા વર્ણવવા અવદાત હો. ॥૪॥
જાણો તો તાણો કિશ્યું, સેવા ફળ દીજે દેવ હો;
'વાચકજશ' કહે ઢીલની, એ મુજ મન નવિ ગમે ટેવ હો. ॥૫॥

થોય

શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવ પામી,
પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી;
જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી,
ભવિ શિવસુખ કામી, પ્રણમીએ શિશ નામી.



શ્રી શ્રેયાંસનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) શ્રી શ્રેયાંસ અગ્યારમાં...

શ્રી શ્રેયાંસ અગ્યારમાં, વિષ્ણુ નૃપ તાય;
વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય. ॥૧॥
વરસ ચોરાશી લાખનું, પાળ્યું જેણે આય;
ખડ્ગી લંછન પદ કજે, સિંહપુરીનો રાય. ॥૨॥
રાજ્ય તજી દીક્ષા વરી એ, જિનવર ઉત્તમ જ્ઞાન;
પામ્યા તસ પદ '**પદ્મ**'ને, નમતાં અવિચલ થાન. ॥૩॥

સ્તવન

(૧) તારક બિરુદ સુણી કરી...

(રાગ : તુજ કરુણાધારમાં.../
વૈષ્ણવજન.../હોંશવાલોં કો...)

તારક બિરુદ સુણી કરી, હું આવી ઊભો દરબાર;
પ્રભુ! ઘણી તાણ ન કીજિયે, મુજ ઉતારો પાર,
શ્રી શ્રેયાંસ સાહિબા... ॥૧॥
કાળાદિક દૂષણ દાખતાં, દાતારપણું કિમ થાય;
જો વિણ અવલંબન તારીએ, જગ સઘળો તો જશ ગાય. ॥૨॥
બાળકને સમજાવવા, કહેશો ભોળામણી વાત;
પણ હઠ કીધી મૂકીશ નહિ, વિણ તાર્યે ત્રિભુવન તાત. ॥૩॥
જો મન તારણનું છે, તો ઢીલ તાણું શું કામ;
ચાતક નિર્મૂક દુષણે, થઈ મેઘ ઘટા જગશ્યામ. ॥૪॥

તુજ દરિસણથી તાહરો, હું કહેવાયો જગમાંય;
હવે મુજ કુણ લોપી શકે, બળિયાની ઝાલી બાંય. ॥૫॥
વિષ્ણુકુમાર વાલેસરુ, પ્રભુ સિંહપુરીનો રાય;
લાખ ચોરાસી વરસનું, પ્રભુ પાળ્યું પૂરણ આય. ॥૬॥
ધનુષ એંશી તનું શોભતું, ખડ્ગી લંછન જગદીશ;
હરખ ધરીને વિનવું, '**સુમતિવિજય**' કવિ શીશ. ॥૭॥

(૨) તુમે બહુ મૈત્રી રે સાહેબા...

(રાગ : ઉંચા ઉંચા.../મિલે મન ભીતર.../
સ્વામી તુમે કાંઇ.../જનનીની જોડ...)

તુમે બહુ મૈત્રી રે સાહેબા, માહરે તો મન એક;
તુમ વિણ બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક.
શ્રી શ્રેયાંસ જિન કૃપા કરો... ॥૧॥
મન રાખો તુમે સવિ તણાં, પણ કીહાં એક મળી જાઓ;
લલચાવો લખ લોકોને, સાથી સહજ ન થાઓ.! શ્રી૦॥૨॥
રાગ ભરે જન મન રહે, પણ તિહું કાલ વિરાગ;
ચિત્ત તુમારો રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ. શ્રી૦॥૩॥
એહવા શું ચિત્ત મેળવ્યું, કેળવ્યું પહેલાં ન કાંઈ;
સેવક નિપટ અબૂઝ છે, નિર્વહશો તુમે સાંઈ. શ્રી૦॥૪॥
નિરાગીશું રે કિમ મિલે?, પણ મળવાનો એકાંત;
'**વાચક યશ**' કહે મુજ મિલ્યો, ભગતે કામણ તંત. શ્રી૦॥ ૫ ॥

(૩) મેરો મન! કિતહી ન લાગે...

(રાગ : ઋષભ જિણંદ દયાલ.../જિન! તેરે.../સંત પરમ હિતકારી...)

મેરો મન! કિતહી ન લાગે... શ્રેયાંસ જિણંદા!
સુખકર શ્રી શ્રેયાંસ જિણંદ સો, પ્રેમ વધ્યો ગુણરાગે. ॥૧॥

સમતાભરી તુજ સૂરત નીકી, દેખત હી હિત જાગે. ॥૨॥
લગન લગી અટક્યો રહે અહનિશિ, અલિ જ્યું કમલ પરાગે. ॥૩॥
એતી નિવાજસ કરન મેં રાજી, તુમ ગુણ એક વિભાગે. ॥૪॥
કહે **'અમૃત'** ઈતનો હી દીજે, કછુઅ ન ચાહું આગે. ॥૫॥

(૪) શ્રી શ્રેયાંસ કૃપા કરો...

(રાગ : સંભવ જિનવર વિનતિ.../ચાર દિવસના ચાંદરણા.../
યહ હૈ પાવનભૂમિ.../ઋષભ જિનેશ્વર પ્રીતમ.../તું મને ભગવાન...)

શ્રી શ્રેયાંસ કૃપા કરો, તું જગબાંધવ તાત રે;
અલખ નિરંજન તું જ્યો, તું જગ માંહે વિખ્યાત રે; ॥૧॥
ધન્ય ધન્ય નરભવ તેહનો રે! જેને તુજ દરિસણ પાયો રે;
માનું ચિંતામણિ સુરતરુ રે, તસ ઘર ચાલી આયો રે. ॥૨॥
ધન્ય તે ગામ નગર પુરી, જસ ઘરે તું પ્રભુ આયો રે;
ભક્તિ કરી પડિલાભિયો, તેણે બહુ સુકૃત કમાયો રે. ॥૩॥
જિહાં જિહાં ઈમ પ્રભુ તું ગયો, તિહાં તિહાં બહુ પાપ પલાયો રે;
તુજ મૂરતિ નિરખી ભલી, જેણે તું દિલમાં ધાર્યો રે. ॥૪॥
હવે પ્રભુ! મુજને આપીએ, તુજ ચરણ નિવાસો રે;
રિદ્ધિ અનંતી આપીએ, **'કીર્તિ'** અનંતી આવાસો રે. ॥૫॥

(૫) શ્રી શ્રેયાંસ જિન અંતરજામી...

(રાગ: પ્રેમ ભરેલું હૈયું લઈને.../ એક પંખી.../છૂ લેને દો.../તેરે સૂર.../
આંધળી માંનો.../પ્રભુ તમારા પગલે-૨.../ગિરુઆ રે.../ મૈલી ચાદર...)

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે. ॥૧॥
સયલ સંસારી ઈન્દ્રિયરામી, મુનિગણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિષ્કામી રે. ॥૨॥

નિજ સ્વરુપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીયે રે. ॥૩॥
નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. ॥૪॥
શબ્દ અધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. ॥૫॥
અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, '**આનંદઘન**' મત વાસી રે. ॥૬॥

(૬) શ્રી શ્રેયાંસ જિન સાહિબા...

(રાગ : ચુગોથી હું પુકારું છું... /
વિનંતી કૈસે.../જનનીની જોડ...)

શ્રી શ્રેયાંસ જિન સાહિબા! અવધારો અરદાસ;
દાસ કરી જો લેખવો, તો પૂરો મન આશ. ॥૧॥
મોટા નાના આંતરુ, લેખવે નહિં દાતાર;
સમ-વિષમ સ્થળ નવિ ગણે, વરસંતો જલધાર. ॥૨॥
નાના ને મોટા મીલ્યા, સહિ તે મોટા થાય;
વાહુલીયા ગંગા મીલ્યા, ગંગ પ્રવાહ કહાય. ॥૩॥
મોટા ને મોટા કરો, એ તો જગતની રીત;
નાના ને મોટા કરો, તો તુમ પ્રેમ પ્રતીત. ॥૪॥
ગુણ અવગુણ નવિ લેખવે, અંગીકૃત જે અમંદ;
કુટિલ કલંકી જેમ વહ્યો, ઇશ્વર શિશે ચંદ. ॥૫॥
અવગુણીએ પણ ઓલગ્યો, ગુણવંત તું ભગવંત;
નિજ સેવક જાણી કરી, દીજીએ સુખ અનંત. ॥૬॥
ઘણી શી વિનંતી કીજીએ? જગજીવન જિનનાહ;
'**રુપવિજય**' કહે કીજીએ, અંગીકૃત નિર્વાહ. ॥૭॥



(૭) શ્રી શ્રેયાંસ પ્રભુ તણો...

(રાગ : ઓઘો છે અણામૂલો.../મારા હૃદય સિંહાસન.../
શ્રી શ્રેયાંસ જિન અંતરજામી.../વૈષ્ણવજન...)

શ્રી શ્રેયાંસ પ્રભુ તણો, અતિ અદ્ભુત સહજાનંદ રે;
ગુણ ઇક વિધ ત્રિક પરિણમ્યો, ઇમ અનંત ગુણનો વૃંદ રે;
મુનિચંદ! જિણંદ! અમંદ દિણંદ પરે, નિત્ય દીપતો સુખકંદ રે. ॥૧॥
નિજ જ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાયક જ્ઞાતા પદ ઈશ રે;
દેખે નિજ દર્શન કરી, નિજ દૃશ્ય સામાન્ય જગીશ રે. મુ૦॥૨॥
નિજ રમ્યે રમણ કરો, પ્રભુ! ચારિત્રે રમતા રામ રે;
ભોગ્ય અનંતને ભોગવો, ભોગે તેણે ભોક્તા સ્વામી રે. મુ૦॥૩॥
દેય દાન નિત દીજતે, અતિ દાતા પ્રભુ સ્વયમેવ રે;
પાત્ર તુમે નિજ શક્તિના, ગ્રાહક વ્યાપકમય દેવ રે. મુ૦॥૪॥
પરિણામિક કારજ તણો, કર્તા ગુણ કરણે નાથ રે;
અક્રિય અક્ષય સ્થિતિમયી, નિઃકલંક અનંતી આથ રે. મુ૦॥૫॥
પરિણામિક સત્તા તણો, આવિર્ભાવ વિલાસ નિવાસ રે;
સહજ અકૃત્રિમ અપરાશ્રયી, નિર્વિકલ્પને નિઃપ્રયાસ રે. મુ૦॥૬॥
પ્રભુ પ્રભુતા સંભારતાં, ગાતાં કરતાં ગુણગ્રામ રે;
સેવક સાધનતા વરે, નિજ સંવર પરિણતિ પામ રે. મુ૦॥૭॥
પ્રગટ તત્ત્વતા ધ્યાવતાં, નિજ તત્ત્વનો ધ્યાતા થાય રે;
તત્ત્વરમણ એકાગ્રતા, પૂરણ તત્ત્વે એહ સમાય રે. મુ૦॥૮॥
પ્રભુ દીઠે મુજ સાંભરે, પરમાતમ પૂરણાનંદ રે;
'દેવચંદ્ર' જિનરાજના, નિત વંદો પય અરવિંદ રે. મુ૦॥૯॥

થોય

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત,
પ્રભુના અવદાત, તીન ભુવનમેં વિખ્યાત;
સુરપતિ સંઘાત, જાસ નિકટે આયાત,
કરી કર્મનો ઘાત, પામીયા મોક્ષ શાત.



ચૈત્યવંદન

(૧) વાસવ વંદિત વાસુપૂજ્ય...

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ;
વસુપૂજ્ય કુળ ચંદ્રમા, માતા જયા નામ. ॥૧॥
મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વલી, બહોંતેર લાખ વખાણ. ॥૨॥
સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય;
તસ મુખ '**પદ્મ**' વચન સુણી, પરમાનંદી થાય. ॥૩॥

સ્તવન

(૧) તારજો દીન દયાળ વાસુપૂજ્ય...

(રાગ : વિનંતિ કૈસે.../તેરા મેરા પ્યાર...)

તારજો દીન દયાળ વાસુપૂજ્ય, તારજો દીન દયાળ વાસુપૂજ્ય;
મોહની રચના નવી નવી દેખી, તેહમાં ગયો મારો કાળ. તા૦॥૧॥
પૂરવ પુણ્યે પ્રભુ મળ્યાથી, થાય આતમ ઉદ્ધાર. તા૦॥૨॥
દુષમ કાળે જીવ પ્રમાદી, શ્રદ્ધા નથી લગાર.. તા૦॥૩॥
નિર્મોહી વીતરાગ બન્યા છો, લેજો સેવક સંભાળ. તા૦॥૪॥
'**માન**' કહે શુદ્ધ શ્રદ્ધા રાખી, ભક્તિ આપે સુખકાર. તા૦॥૫॥





(૨) પૂજના તો કીજે રે બારમા જિનતણી રે...

(રાગ : પંથડો નિહાળું.../આશાવરી.../હોંશવાલો કો.../
આજનો ચાંદલિયો.../મિલે મન ભીતર...)

પૂજના તો કીજે રે બારમા જિનતણી રે, જસુ પ્રગટ્યો પૂજ્ય સ્વભાવ;
પર કૃત પૂજા રે જે ઇચ્છે નહિ રે, સાધક કારજ દાવ. ॥૧॥
દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ;
પરમ ઇષ્ટ વલ્લભ ત્રિભુવન ધણી રે, વાસુપૂજ્ય સ્વયંબુદ્ધ. ॥૨॥
અતિશય મહિમા રે અતિ ઉપગારતા રે, નિરમલ પ્રભુ ગુણરાગ;
સુરમણિ સુરઘટ સુરતરુ તુચ્છ તે રે, જિનરાગી મહાભાગ. ॥૩॥
દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મના રે, પ્રભુ પ્રભુતા લયલીન;
શુદ્ધ સ્વરુપી રુપે તન્મયી રે, તસુ આસ્વાદન પીન. ॥૪॥
શુદ્ધ તત્ત્વ રસરંગી ચેતના રે, પામે આત્મ સ્વભાવ;
આત્માલંબી નિજ ગુણ સાધતો રે, પ્રગટે પૂજ્ય સ્વભાવ. ॥૫॥
આપ અકર્તા સેવાથી હુવે રે, સેવક પૂરણ સિદ્ધિ;
નિજ ધન ન દીયે પણ આશ્રિત લહે રે, અક્ષય અક્ષર રિદ્ધિ. ॥૬॥
જિનવર પૂજા રે તે નિજ પૂજના રે, પ્રગટે અન્વય શક્તિ;
પરમાનંદ વિલાસી અનુભવે રે, **'દેવચંદ્ર'** પદ વ્યક્તિ. ॥૭॥

(૩) વાસુપૂજ્ય જિન અંતરજામી...

(રાગઃ આ ધારા તો.../ગિરુઆ રે ગુણ.../તું પ્રભુ મારો.../
એ મેરે વતન કે.../શ્રી શ્રેયાંસ જિન અંતરજામી.../વૈષ્ણવજન...)

વાસુપૂજ્ય જિન અંતરજામી, હું પ્રણમું શિરનામી રે;
ત્રિકરણ યોગે ધ્યાન તમારું, કરતાં ભવભય વારું રે. ॥૧॥
ચોત્રીશ અતિશય શોભાકારી, તુમચી જાઉં બલિહારી રે;
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, સુરપતિ ગુણ વખાણે રે. ॥૨॥
દેશના દેતા તખ્ત બિરાજે, જલધરની પરે ગાજે રે;
વાણી સુધારસ ગુણમણિ ખાણી, ભાવ ધરી સુણો પ્રાણી રે. ॥૩॥

દુવિધ ધર્મ દયાનિધિ ભાખે, હેતુ જુગતે પ્રકાશે રે;
ભેદરહિત પ્રભુ નીરખો મુજને, તો શોભા છે તુજને રે. ॥૪॥
મુદ્રા સુંદર દીપે તાહરી, મોહ્યા અમર નરનારી રે;
સાહિબ સમતા રસનો દરિયો, માર્દવ ગુણે જે ભરિયો રે. ॥૫॥
સહજાનંદી સાહિબ સાચો, જેમ હોય હીરો જાચો રે;
પરમાતમ પ્રભુ ધ્યાને ધ્યાવો, તો અક્ષય લીલા પાવો રે. ॥૬॥
રક્ત વરણ દીપે તનુ કાંતિ, જોતાં ટળે ભવભ્રાંતિ રે;
ઉત્તમ વિજય વિબુધનો શિષ્ય, '**રતનવિજય**' સુજગીશ રે. ॥૭॥

(૪) વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી...

(રાગઃ આજનો ચાંદલિયો.../જય જય ત્રિશલાનંદન.../
મિલે મન ભીતર.../વૈષ્ણવજન.../ઐસા ચિદ્‌રસ...)

વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરિણામી રે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામી રે. ॥૧॥
નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. ॥૨॥
કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરીએ રે;
એક અનેક રુપ નયવાદે, નિયતે નય અનુસરીએ રે. ॥૩॥
દુઃખ સુખ રુપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે. ॥૪॥
પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફલ ભાવી રે;
જ્ઞાન કરમ ફલ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે. ॥૫॥
આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, '**આનંદઘન**' મત સંગી રે. ॥૬॥

(૫) શ્રી વાસુપૂજ્ય નરિંદનોજી...

(રાગઃ વૈષ્ણવજન તો..../એ મેરે પ્યારે વતન...)

શ્રી વાસુપૂજ્ય નરિંદનોજી, નંદન ગુણ મણિ ધામ;
વાસુપૂજ્ય જિનરાજીયોજી, અતિશય રત્નનિધાન.
પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુજ વાત. ॥૧॥
દોષ સયલ મુજ સાંસહોજી, સ્વામી કરી સુપસાય;
તુમ ચરણે હું આવિયોજી, મહિર કરો મહારાય. પ્રભુ૦॥૨॥
કુમતિ કુસંગતિ સંગ્રહીજી, અવિધિ અસદાચાર;
તે મુજને આવી મિલ્યાજી, અનંત અનંતી વાર. પ્રભુ૦॥૩॥
જબ મેં તુમને નીરખિયાજી, તવ તે નાઠા દૂર;
પુણ્યે પ્રગટે શુભ દશાજી, આયો તુમ હજૂર. પ્રભુ૦॥૪॥
'જ્ઞાનવિમલ' પ્રભુ જાણનેજી, શું કહેવું બહુ વાર;
દાસ આશ પૂરણ કરોજી, આપો સમકિત સાર. પ્રભુ૦॥૫॥



(૬) સાહિબા જિનરાજ હમારા...

(રાગ : તું પારંગત તું પરમેશ્વર.../
હોંશવાલો કો ખબર.../હે અવિનાશી!...)

શ્રી વાસુપૂજ્ય સ્વામી હમારા, પ્રભુ લાગો છો તુમે પ્રેમ પ્યારા;
તન-મન-ચિત્ત વળગ્યું તુમશું, હવે અંતર રાખો કહો કિમ અમશું?
સાહિબા જિનરાજ હમારા, મોહના જિનરાજ હમારા. ॥૧॥
દાસની આશા પૂરીએ પ્યારા, જો નામ ધરાવો છો જગદાધારા;
સકલ લીલા તુમ પાસે સ્વામી, હેત આણી દીજિયે અંતરયામી! ॥૨॥
એટલી વિમાસણ શી છે તુમને, એ તો વંછિત દેતાં સ્વામી મુજને;
ખોટ ખજાને નહિ પડે તારે, પણ અક્ષય ખજાનો હોશે માહરે. ॥૩॥
ભલો ભૂંડો પણ પોતાનો જાણી, વળી કરુણાની લહેર તે મનમાં આણી;
અમને મનોગત વાંછિત દેજો, પ્રભુ હેત ધરીને સામું જોજો. ॥૪॥

વારંવાર કહું શું તુજને, સેવા ફળ દેજો સ્વામી! અમને;
પ્રેમ વિબુધના '**ભાણ**' ની પ્રભુજી! તુમ નામે દોલત ચઢતી વિભુજી! ॥૫॥

(૭) સ્વામી તુમે કાંઇ કામણ કીધું...

(રાગ : પ્રભુ તમારા પગલે.../આ ભવ મળિયા ને.../
સાગર કિનારે.../તારી પ્રીતિની.../યે દોલત ભી લે લો...)

સ્વામી તુમે કાંઈ કામણ કીધું,
ચિત્તડું અમારું ચોરી લીધું;
અમે પણ તુમશું કામણ કરશું,
ભક્તે ગ્રહી મન ઘરમાં ધરશું;
સાહિબા વાસુપૂજ્ય જિણંદા,
મોહના વાસુપૂજ્ય જિણંદા. સ્વામી૦॥૧॥

મન ઘરમાં ધરીયા ઘર શોભા,
દેખત નિત્ય રહેશો થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભગતે,
યોગી ભાખે અનુભવ યુક્તે. સ્વામી૦॥૨॥

ક્લેશે વાસિત મન સંસાર,
ક્લેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા,
તો અમે નવનિધિ રિદ્ધિ પાયા. સ્વામી૦॥૩॥

સાત રાજ અળગા જઈ બેઠા,
પણ ભગતે અમ મનમાં હી પેઠા;
અળગાને વળગ્યા જે રહેવું,
તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સ્વામી૦॥૪॥

ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે,
ભેદ છેદ કરશું હવે ટેકે;
ક્ષીર નીર પરે તુમશું મિલશું,
'**વાચક યશ**' કહે હેજે હળશું. સ્વામી૦॥૫॥



(૮) હો જિનવરજી અબ મેરે બની આઈ...

(રાગ : આઈ બસો ભગવાન.../જિન! તેરે ચરણ કી.../
પાર્શ્વ ચિંતામણી મેરો.../આશાવરી.../પ્રભુ તુમ ચંદન...)

હો જિનવરજી! અબ મેરે બની આઈ;
ઓર સકલ સુર કી સેવા તજી, એકશું લય લાઈ. હો. ॥૧॥
વાસુપૂજ્ય જિનવર વિણુ ચિત્ત મેં, ધારું ઓર ન કાંઈ;
પરમ પ્રમોદ ભયો અબ મેરે, જો તુમ સેવા પાઈ. હો. ॥૨॥
ત્રિભુવનનાથ ધર્યો શિર ઉપર, જાકી બહુત વડાઈ;
કહે **'જિનહર્ષ'** અવર ન માગું, ઘો ભવપાશ છુડાઈ. હો. ॥૩॥

થોય

વિશ્વના ઉપગારી, ધર્મના આદિકારી,
ધર્મના દાતારી, કામ ક્રોધાદિ વારી;
તાર્યા નર નારી, દુઃખ દોહગ હારી,
વાસુપૂજ્ય નિહારી, જાઉં હું નિત્ય વારી.

શ્રી વિમલનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) કંપિલપુર વિમલપ્રભુ...

કંપિલપુર વિમલપ્રભુ, શ્યામા માત મલ્હાર;
કૃતવર્મા નૃપ કુલ નભે, ઉગમીયો દિનકાર. ॥૧॥
લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય;
સાઠ લાખ વરસા તણું, આયુ સુખ સમુદાય. ॥૨॥
વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ;
તુજ પદ '**પદ્મ**' વિમલ પ્રતિ, સેવું ધરી સસનેહ. ॥૩॥

સ્તવન

(૧) દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે...

(રાગ : આ ધારા તો.../વીર મને તારો.../
મીયાં મલ્હાર.../પહેલે ભવે...)

દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ;
ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ?
વિમલજિન! દીઠાં લોયણ આજ, મારા સિધ્યાં વાંછિત કાજ. ॥૧॥
ચરણ કમલ કમલા વસે રે, નિર્મલ થિર પદ દેખ;
સમલ અથિર પદ પરિહરી રે, પંકજ પામર પેખ. વિમલ૦॥૨॥
મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદર ધરા રે, ઇંદ ચંદ નાગિંદ. વિમલ૦॥૩॥
સાહિબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહો રે, આતમચો આધાર. વિમલ૦॥૪॥

દરિસણ દીઠે જિનતણું રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પ્રસરંતા રે, અંધકાર પ્રતિષેધ. વિમલ૦॥૫॥
અમીય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નીરખત તૃપ્તિ ન હોય. વિમલ૦॥૬॥
એક અરજ સેવક તણી રે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજિયે રે, **'આનંદઘન'** પદ સેવ. વિમલ૦॥૭॥

(૨) પ્રભુજી! મુજ અવગુણ મત દેખો...

(રાગ : ઓ સાથી રે.../મેં કીનો નહિં.../
પ્રભુજી અજવાળા દેખાડો...)

પ્રભુજી! મુજ અવગુણ મત દેખો...
રાગ દશાથી તું રહે ન્યારો, હું મન રાગે વાળું;
દ્વેષરહિત તું સમતા ભીનો, દ્વેષ મારગ હું ચાલું. ॥૧॥
મોહ લેશ ફરસ્યો નહીં તુજને, મોહ લગન મુજ પ્યારી;
તું અકલંકી કલંકિત હું તો, એ પણ રહેણી ન્યારી. ॥૨॥
તું હી નિરાશી ભાવપદ સાધે, હું આશા સંગ વિલુદ્ધો;
તું નિશ્ચલ હું ચલ તું સુદ્ધો, હું આચરણે ઊંધો. ॥૩॥
તુજ સ્વભાવથી અવળાં માહરાં, ચરિત્ર સકળ જગે જાણ્યા;
એહવા અવગુણ મુજ અતિભારી, ન ઘટે તુજ મુખ આણ્યાં. ॥૪॥
પ્રેમ નવલ જો હોયે સવાઈ, વિમલનાથ મુખ આગે;
'કાંતિ' કહે ભવરાન ઊતરતાં, તો વેળા નવિ લાગે. ॥૫॥



(૩) વિમલ જિન વિમલતા તાહરીજી...



(રાગ : સિદ્ધારથના રાજકુંવરનું.../
વૈષ્ણવજન તો.../ચેતન જ્ઞાન...)

વિમલ જિન વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય;
લઘુ નદી જિમ તિમ લંઘીએજી, પણ સ્વયંભૂરમણ ન તરાય. ॥૧॥
સયલ પુઢવી ગિરિ જલ તરુજી, કોઈ તોલે એક હત્થ;
તેહ પણ તુજ ગુણગણ ભણીજી, ભાખવા નહિ સમરથ. ॥૨॥
સર્વ પુદ્ગલ નભ ધરમનાજી, તેમ અધર્મ પ્રદેશ,
તાસ ગુણ ધર્મ પક્ષ્વ સહુજી, તુજ ગુણ ઈક તણો લેશ. ॥૩॥
એમ નિજ ભાવ અનંતનીજી, અસ્તિતા કેટલી થાય;
નાસ્તિતા સ્વ પર પદ અસ્તિતાજી, તુજ સમ કાળ સમાય. ॥૪॥
તાહરા શુદ્ધ સ્વભાવનેજી, આદરે ધરી બહુમાન;
તેહને તેહીજ નીપજેજી, એ કોઈ અદ્ભુત તાન. ॥૫॥
તુમ પ્રભુ તુમ તારક વિભુજી, તુમ સમો અવર ન કોઈ;
તુમ દરસણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય. ॥૬॥
પ્રભુ તણી વિમલતા ઓળખીજી, જે કરે થિર મન સેવ;
'દેવચંદ્ર' પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયમેવ. ॥૭॥

(૪) વિમલ જિનેશ્વર જગતનો પ્યારો...



(રાગ : આજનો ચાંદલિયો.../
ઉંચા ઉંચા શત્રુંજય.../વૈષ્ણવજન...)

વિમલ જિનેશ્વર જગતનો પ્યારો, જીવન પ્રાણ આધાર હમારો;
સાહિબ! મોહે વિમલ જિણંદા, મોહના! સમ સુરતરુકંદા. ॥૧॥
સાત રાજ અલગો જઈ વસીયો, પણ મુજ ભક્તિતણો છે રસીયો. ॥૨॥
મુજ ચિત્ત અંતર ક્યું કરી જાસી, સેવક સુખીયો પ્રભુ શાબાશી. ॥૩॥
આળસ કરશો જો સુખ દેવા, તો કુણ કરશે તુમચી સેવા. ॥૪॥
મોહાદિક પ્રભુ દિલથી ઉગારો, જન્મ જરાના દુઃખ નિવારો. ॥૫॥

સેવક દુઃખ જો સ્વામી ન ભાંજે, પૂરવ પાતિક નહિ મુજ માંજે. ॥૬॥
તો કુણ બીજો આશા પૂરે, સાહિબ કાંઈ ઇચ્છિત પૂરે. ॥૭॥
'**જ્ઞાનવિમલ**' સૂરિ જિનગુણ ગાવે, સહેજે સમકિત બહુગુણ પાવે. ॥૮॥

(૫) વિમલ જિનેશ્વર મુજ પરમેશ્વર...

(રાગ : તેરા સાથ હૈ કિતના.../પહેલે ભવે.../
યુગોથી હું પુકારું.../સંયમ જીવનનો...)

વિમલ જિનેશ્વર મુજ પરમેશ્વર, અલવેસર ઉપગારી રે;
સુણ સાહિબા સાચા, જગજીવન જિનરાજ જયંકર.
મુજને તુજ સુરતિ પ્યારી રે... ॥૧॥
મહિર કરી જે વાંછિત દિજે, સેવક ચિત્ત ધરીજે;
એવા જાણી શિવસુખ પ્રાણી, ભક્તિ સહિ નાણી દીજે રે. ॥૨॥
કામકુંભને સુરતરુથી પણ, પ્રભુભક્તિ મુજ પ્યારી રે;
જેઓએ એક ક્ષણ લગી સેવી, શિવસુખની દાતારી રે. ॥૩॥
ભક્તિ સુવાસના વાસે વાસિત, જે હોયે ભવિ પ્રાણી રે;
જીવ મુક્તિ ચિદાનંદરુપી, તે કહીએ શુદ્ધ નાણી રે. ॥૪॥
પ્રભુ તુજ શક્તિ તણી અતિ મોટી, શક્તિ એ જગમાં વ્યાપે રે;
એક વાર પણ ભાવે સેવી, ચિદાનંદ પદ આપે રે. ॥૫॥
પૂરણ પૂરવ પુણ્ય પસાયે, જો તુમ્હ ભગતિ મેં પામી રે;
તો હું દુસ્તર એ ભવ દરિયો, તરિયો સહેજ સ્વામી રે. ॥૬॥
સાહિબ સેવક જાણી સાચો, નેકશું નજરે જોજો રે;
'**નયવિજય**' કહે ભવોભવ જિનજી, તુમ ભક્તિ મુજ હોજો રે. ॥૭॥

(૬) વિમલનાથ મુજ મન વસે...

(રાગ : વામાનંદન વંદના.../તું મને ભગવાન.../વૈષ્ણવજન...)

વિમલનાથ મુજ મન વસે, જિમ સીતા મન રામ. ॥૧॥
પિક વંછે સહકારને, પંથી મન જિમ ધામ. વિ૦॥૨॥

કુંજર ચિત્ત રેવા વસે, કમલા મન ગોવિંદ. વિ૦॥૩॥
ગૌરી મન શંકર વસે, કુમુદિની મન જિમ ચંદ. વિ૦॥૪॥
અલિ મન વિકસિત માલતી, કમલિની ચિત્ત દિણંદ. વિ૦॥૫॥
વાચક **'જસ'**ને વાહલો, તિમ શ્રી વિમલ જિણંદ. વિ૦॥૬॥

(૭) સેવો ભવિયાં વિમલ જિણેસર...

(રાગ : ચાર દિવસના.../વૈષ્ણવજન.../
સંયમ જીવનનો લીધો.../આતમ ભક્તિ મળ્યા.../ગિરુઆ રે...)

સેવો ભવિયાં વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન સંગાજી;
એહવા પ્રભુનું દરિશન લેવું, તે આળસ માંહે ગંગાજી. ॥૧॥
અવસર પામી આળસ કરશો, તે મૂરખમાં પહેલોજી;
ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન મૂકે ઘેલોજી. ॥૨॥
ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ ગ્રંથિ જે પોળ પોળિયો, કર્મ વિવર ઉઘાડેજી. ॥૩॥
તત્ત્વ પ્રીતિકર પાણી પાએ, વિમલા લોકે આંજીજી;
લોયણ ગુરુ પરમાન્ન દિયે તવ, ભ્રમ નાંખે સવિ ભાંજીજી. ॥૪॥
ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી;
સરલતણે જે હઈડે આવે, તેહ જણાવે બોલીજી. ॥૫॥
શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક **'યશ'** કહે સાચુંજી;
કોડિ કપટ જો કોઈ દિખાવે, તોયે પ્રભુ વિણ નવિ રાચુંજી. ॥૬॥

થોય

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો,
શ્યામાંબ મલ્હારો, વિશ્વ કીર્તિ વિસ્તારો;
યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો,
ગુણગણ આધારો, પુણ્યના એ પ્રકારો.



ચૈત્યવંદન

(૧) અનંત અનંત ગુણ આગરું...

અનંત અનંત ગુણ આગરું, નયરી અયોધ્યાવાસી;
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી. ॥૧॥
સુજસા માતા જનમીયો, ત્રીસ લાખ ઉદાર;
વરસ આઉખું પાલીયું, જિનવર જયકાર. ॥૨॥
લંછન સિંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ;
જિન પદ '**પદ્મ**' નમ્યા થકી, લહીયે સહજ વિલાસ. ॥૩॥

સ્તવન

(૧) અનંત જિનરાજના ચરણની સેવના...

(રાગ : ઋષભ જિનરાજ મુજ.../ જય ગણેશ... જય ગણેશ...)

અનંત જિનરાજના ચરણની સેવના,
પાવના ભાવના ચિત્ત સુહાવે;
જુગતિ શ્યું જગત મેં જતનથી જોવતાં,
અવર ઉપમા ન કહો કુણ આવે. ॥૧॥
સંત નવિ અંત તુજ ગુણ તણો કો લહે,
નહિ વહે એહવો ગર્વ કોઈ;
સકલરુપે કરી વચનગોચર થકી,
યદ્યપિ મોહનો અંત હોઈ. ॥૨॥
વસ્તુ ઉપમાન સવિ રુપથી ભાખીયે,
તું અરુપી કહો કિમ મવીજે;

ધ્યાન સાપેક્ષ આલંબને ધ્યાઈએ,
તું નિરાલંબ નિરપેક્ષ કહીજે. ॥૩॥
વિધિતણી સેવના અવિધિ આણસેવના,
એહ તુજ આણ નિર્ધાર લહીયે;
જે નિરાશંસ આશંસ સમમિચ્છિએ,
મોક્ષ સંસારનો હેતુ કહીએ. ॥૪॥
સિંહસેનાંગ જો શ્યેન લંછન ધરો,
માત સુયશાતણો તું મલ્હારો;
'જ્ઞાનવિમલાદિ' ગુણ ઉદય અવિચલપણે,
તો હવે જો દિલે દાસ ધારો. ॥૫॥

(૨) અનંત પ્રભુ કે આશ કી...

(રાગ : મૈલી ચાદર.../ વિમલાચલ નિતુ.../
જનમ જનમ કા સાથ.../એક ઘડી.../એ મેરે વતન...)

અનંત પ્રભુ કે આશ કી, આઈ બની હૈ ઐસી;
ઘન શિખી ચંદ ચકોર જ્યું, જલ ને મીન જૈસી. અનંત૦॥૧॥
ઔરશું રતિ સબ વિસારી, પ્રભુ કી લગે પ્યારી;
જનમ જનમ અબ ચાહતે હૈં, ઈનહી શું યારી. અનંત૦॥૨॥
નૈન ન ચાહે ઔર કું, લગન જોર લગી હૈ;
જીહા ઔર જપે નહીં, ભ્રાન્ત દૂર ભગી હૈ. અનંત૦॥૩॥
પંચ વિષય સુખ પાસ સે, દુનિયા કા દિલાસા;
જીવ અબ જાને ઝહેરશાં, નહિ ઔર કી આશા. અનંત૦॥૪॥
આખર આપ સમા કરે, સેવક કો સાંઈ;
'ઉદય' વદે સબ છોડ કે, મિલું ઉનસે ધાઈ. અનંત૦॥૫॥

(૩) કરુણાયર પ્રભુ વીનવું રે...

(રાગ : ગગનની આંખોમાં પવનની પાંખોમાં.../
પહેલે ભવે એક ગામનો રે.../ધનધન મુનિવરા.../વૈષ્ણવજન...)

કરુણાયર પ્રભુ વિનવું રે, વિનતડી અવધાર;
તુજ દર્શન વિણ હું ભમ્યો રે, કાલ અનંત અપાર;
જિણંદરાય! હવે મુજ પાર ઉતાર... ॥૧॥
સૂક્ષ્મ નિગોદમાં હું ભમ્યો રે, પુદ્ગલ પરિવર્ત્ત અનંત;
અવ્યવહાર રાશિ વસ્યો રે, ભવ ક્ષુલ્લક અતિ જંત. ॥૨॥
સૂક્ષ્મ થાવરપણું પામિયો રે, અનુક્રમે બાદર ભાવ;
જન્મમરણ પ્રભુ બહુ કર્યા રે, જિહાં સુખનો અટકાવ. ॥૩॥
વિકલપણું પામ્યા પછી રે, તિરિ પંચેન્દ્રિય જાણ;
શુદ્ધ તત્ત્વ જાણ્યા વિના રે, ભમિયો નવનવ ઠાણ. ॥૪॥
ઈમ કોઈ પૂરવ પુણ્યથી રે, મનુષ્ય જન્મ સુજાણ;
શુદ્ધ સામગ્રી સંયોગથી રે, દીઠો તું ત્રિભુવન ભાણ. ॥૫॥
અનંતનાથ જિનેશ્વરુ રે, તારક તું જગદેવ;
'મોહન' કહે તુજ નામથી રે, ટળશે અનાદિ કુટેવ. ॥૬॥

(૪) જ્ઞાન અનંતુ તાહરે રે...

(રાગઃ માઈન માઈન.../તમે આવજો રે.../શ્રી શંખેશ્વર.../
વૈષ્ણવજન તો.../હોશવાલોં કો.../પહેલે ભવે...)

જ્ઞાન અનંતુ તાહરે રે, દરિશન તાહરે અનંત;
સુખ અનંતમય સાહિબા રે, વીર્ય પણ ઉલસ્યું અનંત.
અનંત જિન! આપજો રે, મુજ એહ અનંતા ચાર;
મુજને નહિ અવરશ્યું પ્યાર, તુજને આપતાં શી વાર.
એહ છે તુજ યશનો ઠાર... અનંત૦॥૧॥
આપ ખજાનો ન ખોલવો રે, પણ નહિ મિલવાની ચિંતા;
માહરે પોતે છે સવે રે, પણ વિચે આવરણની ભીંત. અનંત૦॥૨॥

તપ જપ કિરિયા મોગરે રે, ભાંજી પણ ભાંગી ન જાય;
એક તુજ આણા લહે થકે રે, હેલામાં પરહી થાય. અનંત૦॥૩॥
નિજ માતા મરુદેવીને રે, જિન ઋષભે ક્ષણમાં દીધ;
આપ પરાયું વિચારતાં રે, ઈમ કિમ વીતરાગતા સિદ્ધ. અનંત૦॥૪॥
તે માટે તસ અરથિયા રે, તુજ પ્રાર્થે જે કોઈ લોક;
તેહને આપો આંફણી રે, તિહાં ન ઘટે કરાવવી ટોક. અનંત૦॥૫॥
તેહને તેહનું આપવું રે, તિહાં શો ઊપજે છે ખેદ;
પ્રાર્થના કરતે તાહરે રે, પ્રભુતાઈનો પણ નહિ છેદ. અનંત૦॥૬॥
પામ્યા પામે પામશે રે, જ્ઞાનાદિક જેહ અનંત;
તે તુજ આણાથી સવે રે, કહે '**માનવિજય**' ઉલ્લસંત. અનંત૦॥૭॥

(૫) ધાર તલવારની સોહિલી દોહિલી...

(રાગ : સાથ ગિરનારનો.../
આજનો ચાંદલિયો.../ઋષભ જિનરાજ મુજ...)

ધાર તલવારની સોહિલી દોહિલી,
ચૌદમા જિન તણી ચરણસેવા;
ધાર પર નાચતાં દેખ બાજીગરા,
સેવના ધાર પર રહે ન દેવા. ॥૧॥
એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહે લેખે. ॥૨॥
ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે!
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકા,
મોહ નડિયા કલિકાલ રાજે. ॥૩॥

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી આદરી કાંઈ રાચો? ॥૪॥
દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે?
કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો!
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરી,
છાર પર લીંપણું તેહ જાણો. ॥૫॥
પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરીખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો. ॥૬॥
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે,
તે નરા દિવ્ય બહુકાલ સુખ અનુભવી,
નિયત '**આનંદઘન**' રાજ પાવે. ॥૭॥

(૬) પ્રભુ તુજ નામ છે નાથ અનંત...

(રાગ : ક્યારે બનીશ હું.../વૈષ્ણવજન.../સૂરજ મંડણ પાર્શ્વ...)

પ્રભુ તુજ નામ છે નાથ અનંત, તુમ ગુણ પણ છે અકલ અનંત;
છે અનંત સુખનો તુજ ભોગ, દુઃખ અનંતનો કર્યો વિયોગ. ॥૧॥
વીર્ય અનંત તુજ પાસે વસે, જ્ઞાન અનંતે તું ઉલ્લસે;
તિમ અનંત દરિસન શ્રીકાર, આપ અનંત થયા અવિકાર. ॥૨॥
તું અનંત કરુણાજલ કૂપ, તાહરી જ્યોતિ અનંત સ્વરુપ;
તુજ અનંત વાણી વિસ્તરે, તેહથી ભવિક અનંત તરે. ॥૩॥
દ્રવ્ય અનંત તુજને પ્રત્યક્ષ, તિમ અનંત પર્યાયનું લક્ષ્ય;
તું અનંત લક્ષણનો ગેહ, બળ અનંત પૂરણ તુજ દેહ. ॥૪॥

તે માટે સુણ દેવ! અનંત!, તાહરી છે પ્રભુ શક્તિ અનંત;
મુજને પણ સુખ દેહિ અનંત, **'દાન'** કહે ધરી હરખ અનંત. ॥૫॥

(૭) મૂરતિ હો પ્રભુ મૂરતિ અનંત...

(રાગ : તાર મુજ તાર મુજ.../પ્રીતલડી બંધાણી.../અપૂર્વ અવસર...)

મૂરતિ હો પ્રભુ મૂરતિ અનંત જિણંદ,
તાહરી હો પ્રભુ તાહરી મુજ નયણે વસીજી;
સમતા હો પ્રભુ સમતા રસનો કંદ,
સહેજે હો પ્રભુ સહેજે અનુભવ રસલસીજી. ॥૧॥
ભવ દવ હો પ્રભુ ભવ દવ તાપિત જીવ,
તેહને હો પ્રભુ તેહને અમૃતઘન સમીજી;
મિથ્યા હો પ્રભુ મિથ્યા વિષની ખીવ,
હરવા હો પ્રભુ હરવા જાંગુલી મન રમીજી. ॥૨॥
ભાવ હો પ્રભુ ભાવ ચિંતામણિ એહ,
આતમ હો પ્રભુ આતમ સંપત્તિ આપવાજી;
એહિજ હો પ્રભુ એહિજ શિવ સુખ ગેહ,
તત્ત્વ હો પ્રભુ તત્ત્વાલંબન થાપવાજી. ॥૩॥
જાયે હો પ્રભુ જાયે આશ્રવ ચાલ,
દીઠે હો પ્રભુ દીઠે સંવરતા વધેજી;
રત્ન હો પ્રભુ રત્નત્રયી ગુણમાળ,
અધ્યાત્મ હો પ્રભુ અધ્યાત્મ સાધન સધેજી. ॥૪॥
મીઠી હો પ્રભુ મીઠી સૂરત તુજ,
દીઠી હો પ્રભુ દીઠી રુચિ બહુમાનથીજી;
તુજ ગુણ હો પ્રભુ તુજ ગુણ ભાસન યુક્ત,
સેવે હો પ્રભુ સેવે તસુ ભવ ભય નથીજી. ॥૫॥
નામે હો પ્રભુ નામે અદ્ભુત રંગ,
ઠવણા હો પ્રભુ ઠવણા દીઠે ઉલ્લસેજી;

ગુણ આસ્વાદ હો પ્રભુ ગુણ આસ્વાદ અભંગ,
તન્મય હો પ્રભુ તન્મયતાએ જે ધસેજી. ॥૬॥
ગુણ અનંત હો પ્રભુ ગુણ અનંતનો વૃંદ,
નાથ હો પ્રભુ નાથ અનંતને આદરેજી;
દેવચંદ્ર હો પ્રભુ દેવચંદ્રને આનંદ,
પરમ હો પ્રભુ પરમ મહોદય તે વરેજી. ॥૭॥

(૮) શ્રી અનંતજિન શું કરો...

(રાગઃ નિરખ્યો નેમિ જિણંદને...)

શ્રી અનંતજિન શું કરો સાહેલડીયાં,
ચોલ મજીઠનો રંગ રે ગુણવેલડીયાં;
સાચો રંગ તે ધર્મનો, સા૦... બીજો રંગ પતંગ રે. ગુ૦ ॥૧॥
ધરમ રંગ જીરણ નહિ, સા૦... દેહ તે જીરણ થાય રે; ગુ૦
સોનું તે વિણસે નહિ, સા૦... ઘાટ ઘડામણ જાય રે. ગુ૦ ॥૨॥
ત્રાંબું જે રસ વેધીયું, સા૦... તે હોય જ્યું હેમ રે; ગુ૦
ફરી ત્રાંબું તે નવિ હોવે, સા૦.. એહવો જગગુરુ પ્રેમ રે. ગુ૦ ॥૩॥
ઉત્તમ ગુણ અનુરાગથી સા૦... લહિએ ઉત્તમ ઠામ રે; ગુ૦
ઉત્તમ નિજ મહિમા વધે, સા૦... દીપે ઉત્તમ ધામ રે. ગુ૦ ॥૪॥
ઉદક બિન્દુ સાયર ભળ્યો, સા૦... જિમ હોય અક્ષય અભંગ રે; ગુ૦
વાચક **જસ** કહે પ્રભુ ગુણે સા૦... તિમ મુજ પ્રેમ પ્રસંગ રે. ગુ૦ ॥૫॥

થોય

અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી,
સુરનર તિરિ પ્રાણી, સાંભળે જાસ વાણી;
એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી,
તર્યા તે ગુણ ખાણી, પામીયા સિદ્ધિ રાણી.

શ્રી ધર્મનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) ભાનુનંદન ધર્મનાથ...

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત;
વજ્ર લંછન વજ્જી નમે, ત્રણ ભુવન વિખ્યાત. ॥૧॥
દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુ પિસ્તાલીશ;
રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીશ. ॥૨॥
ધર્મ મારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર;
તેણે તુજ પાદ '**પદ્મ**' તણી, સેવા કરું નિરધાર. ॥૩॥

સ્તવન

(૧) થાશું પ્રેમ બન્યો છે રાજ...

(રાગ : તુજ કરુણાધારમાં.../મારો મુજરો.../હે ત્રિશલાના જાયા.../
મૈલી ચાદર.../આજ મનોરથ.../અબોલડા શાના લીધા છે...)

થાશું પ્રેમ બન્યો છે રાજ, નિરવહેશો તો લેખે;
મેં રાગી પ્રભુ! થેં છો નિરાગી, અણજુગતે હોય હાંસી;
એક પખો જે નેહ નિર્વહેશો, તેમાં કી શાબાશી. ॥૧॥
નિરાગી સેવે કાંઈ હોવે, ઈમ મનમેં નવિ આણું;
ફળ અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભગતિ પ્રમાણું. ॥૨॥
ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે;
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે. ॥૩॥
વ્યસન ઉદય જલધિ અનુહરે, શશિને નેહ સંબંધે;
અણસંબંધે કુમુદ અણુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે. ॥૪॥
દેવ અનેરા તુમથી છોટા, થેં જગમેં અધિકેરા;
'**જશ**' કહે ધર્મ જિનેસર થાશું, દિલ માન્યા હે મેરા. ॥૫॥



(૨) ધરમ જગનાથનો ધર્મ શુચિ ગાઈયે...

(રાગઃ સાથ ગિરનારનો.../જય ગણેશ (2).../
તાર મુજ તાર.../અપૂર્વ અવસર...)

ધરમ જગનાથનો ધર્મ શુચિ ગાઈયે,
આપણો આતમા તેહવો ભાવિયે;
જાતિ જસુ એકતા તેહ પલટે નહિ,
શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી. ॥૧॥
નિત્ય નિરવયવ વળી એક અક્રિયપણે,
સર્વગત તેહ સામાન્ય ભાવે ભણે;
તેહથી ઇતર સાવયવ વિશેષતા,
વ્યક્તિ ભેદે પડે જેહની ભેદતા. ॥૨॥
એકતા પિંડને નિત્ય અવિનાશતા,
અસ્તિ નિજ રિદ્ધિથી કાર્ય ગત ભેદતા;
ભાવશ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા,
ભવ્ય પર્યાયની જે પરાવર્તિતા. ॥૩॥
ક્ષેત્ર ગુણ ભાવ અવિભાગ અનેકતા,
નાશ ઉત્પાદ અનિત્ય પરનાસ્તિતા;
ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવક્તવ્યતા,
વસ્તુ તે રુપથી નિયત અભવ્યતા. ॥૪॥
ધર્મ પ્રાગ્ભાવતા સકળ ગુણ શુદ્ધતા,
ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા;
શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા,
વ્યાપ્ય વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહકતા. ॥૫॥
સંગ પરિહારથી સ્વામી નિજ પદ લહ્યું,
શુદ્ધ આત્મિક આનંદ પદ સંગ્રહ્યું;
જહવિ પરભાવથી હું ભવોદધિ વસ્યો,
પર તણો સંગ સંસારતાએ ગ્રસ્યો. ॥૬॥

તહવિ સત્તા ગુણે જીવ એ નિરમલો,
અન્ય સંશ્લેષ જિમ ફિટક નવિ સામલો;
જે પરોપાધિથી દુષ્ટ પરિણતિ ગ્રહી,
ભાવ તાદાત્મ્યમાં માહરું તે નહીં. ॥૭॥
તિણે પરમાત્મ પ્રભુભક્તિ રંગી થઈ,
શુદ્ધ કારણ રસે તત્ત્વ પરિણતિમયી;
આત્મ ગ્રાહક થયે તજે પરગ્રહણતા,
તત્ત્વભોગી થયે ટળે પરભોગ્યતા. ॥૮॥
શુદ્ધ નિઃપ્રયાસ નિજભાવ ભોગી યદા,
આત્મક્ષેત્રે નહિ અન્ય રક્ષણ તદા;
એક અસહાય નિસ્સંગ નિર્દ્વન્દ્વતા,
શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તતા. ॥૯॥
તિણે મુજ આતમા તુજ થકી નિપજે,
માહરી સંપદા સકળ મુજ સંપજે;
તિણે મનમંદિરે ધર્મ પ્રભુ ધ્યાઈયે,
પરમ **'દેવચંદ્ર'** નિજ સિદ્ધિ સુખ પાઇએ. ॥૧૦॥

(3) ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું...

(રાગ : તારે દ્વારે આવીને.../મૈત્રી ભાવનું.../વૈષ્ણવજન...)

ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું,
ભંગ મ પડશો હો પ્રીત; જિને૦
બીજો મનમંદિર આણું નહીં,
એ અમ કુલવટ રીત. જિને૦ ધર્મ૦॥૧॥
ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે,
ધર્મ ન જાણે હો મર્મ; જિને૦

ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી,
કોઈ ન બાંધે હો કર્મ. જિને૦ ધર્મ૦॥૨॥
પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે,
દેખે પરમનિધાન; જિને૦
હૃદય નયણ નિહાળે જગધણી,
મહિમા મેરુ સમાન. જિને૦ ધર્મ૦॥૩॥
દોડત દોડત દોડત દોડીઓ,
જેતી મનની રે દોડ; જિને૦
પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી,
ગુરુ-ગમ લેજો રે જોડ. જિને૦ ધર્મ૦॥૪॥
એક પખી કેમ પ્રીતિ પરવડે?
ઉભય મિલ્યા હોય સંધિ; જિને૦
હું રાગી હું મોહે ફંદિયો,
તું નિરાગી નિરબંધ. જિને૦ ધર્મ૦॥૫॥
પરમ નિધાન પ્રગટ મુખ આગળે,
જગત ઉલ્લંઘી હો જાય; જિને૦
જ્યોતિ વિના જુઓ જગદીશની,
અંધોઅંધ પુલાય. જિને૦ ધર્મ૦॥૬॥
નિર્મલ ગુણમણિ રોહણ ભૂધરા,
મુનિજન માનસ હંસ; જિને૦
ધન્ય તે નગરી ધન્ય વેલા ઘડી,
માતપિતા કુલ વંશ. જિને૦ ધર્મ૦॥૭॥
મન મધુકર વર કરજોડી કહે,
પદકજ નિકટ નિવાસ; જિને૦
ઘનનામી '**આનંદઘન**' સાંભળો,
એ સેવક અરદાસ. જિને૦ ધર્મ૦॥૮॥

(૪) ધર્મ જિનેશ્વર ધર્મધુરંધર...

(રાગ : ઊંચા (2) શત્રુંજયનાં.../આજ મનોરથ.../
કેના રે સગપણ.../અમી ભરેલી.../સ્વામી તુમે...)

ધર્મ જિનેશ્વર ધર્મધુરંધર, પૂરણ પુણ્યે મળિયો;
મન મરુથલ મેં સુરતરુ ફળિયો, આજ થકી દિન વળિયો.
પ્રભુજી! મહેર કરી મહારાજ, કાજ હવે મુજ સારો;
સાહિબ! ગુણનિધિ ગરીબ નિવાજ, ભવજલ પાર ઉતારો. ॥૧॥
બહુ ગુણવંતા જેહ તેં તાર્યા, તે નહિ પાડ તુમારો;
મુજ સરીખો પત્થર જો તારો, તો તુમચી બલિહારો. પ્રભુજી૦॥૨॥
હું નિર્ગુણ પણ તાહરી સંગે, ગુણ લહું તેહ ઘટમાન;
નિંબાદિક પણ ચંદન સંગે, ચંદન સમ લહે તાન. પ્રભુજી૦॥૩॥
નિર્ગુણ જાણી છેહ મ દેશો, જુઓ આપ વિચારી;
ચંદ્ર કલંકિત પણ નિજ શિરથી, ન તજે ગંગાધારી. પ્રભુજી૦॥૪॥
સુવ્રતાનંદન સુવ્રતદાયક, ધારક જિનપદવીનો;
પાયક જાસ સુરાસુર કિન્નર, ઘાયક મોહ રિપુનો. પ્રભુજી૦॥૫॥
તારક તુમ સમ અવર ન દીઠો, લાયક નાથ હમારો;
શ્રીગુરુ '**ક્ષમાવિજય**' પયસેવી, કહે '**જિન**' ભવજલતારો. પ્રભુજી૦॥૬॥

(૫) ધર્મ જિનેસર સુણ પરમેસર...

(રાગ : વૈષ્ણવજન.../જયદેવ જયદેવ.../
સમય સમય સોં વાર.../કુલ તુમ્હેં ભેજા.../આજ મારા પ્રભુજી...)

ધર્મ જિનેસર સુણ પરમેસર, તુજ ગુણ કેમ કહાયજી;
તુજ વચને તુજ રુપ જણાયે, અવર ન કોઈ ઉપાયજી. ॥૧॥
તાહરે મિત્ર અને શત્રુ સમ, અરિહંત તું હી ગવાયજી;
રુપ સ્વરુપ અનુપમ તું જિન, તો હી અરુપી કહાયજી. ॥૨॥

લોભ નહિ તુજમાંહિ તો પણ, સઘળા ગુણ તેં લીધજી;
તું નિરાગી પણ તેં રાગી, ભક્ત તણા મન કીધજી. ॥૩॥
નહિ માયા તુજમાં જિનરાયા, પણ તુજ વશ જગ થાયજી;
તું હી સકલ તુજ અકલ કલે કુણ? જ્ઞાન વિના જિનરાયજી. ॥૪॥
સુગુણ સનેહી મહેર કરો મુજ, સુપ્રસન્ન હોઈ જિણંદજી;
પભણે **'કેસર'** ધર્મ જિનેસર, તુજ નામે આણંદજી. ॥૫॥

(૬) લાગી રે મુને!... ધર્મ જિણંદશું પ્રીત...

(રાગ : સખી રે આજ આનંદ કી ઘડી.../
પાયોજી મૈંને રામ રતન.../જિન! તેરે ચરણ કી...)

લાગી રે મુને!... ધર્મ જિણંદશું પ્રીત (૨) લાગી રે મુને!
પ્રીત પુરાની ન તોડો જિનજી (૨) એ સજ્જન કી ન રીત. ॥૧॥
દાન શિયળ તપ ભાવના ચઉવિધ (૨) ધર્મ કી થાપના કીધ. ॥૨॥
દશ દ્વાદશ વિધ સાધુ શ્રાદ્ધ કે (૨) દેશના ધર્મ કી દીધ. ॥૩॥
જગજંતુ ઉદ્ધારણ કારણ (૨) મારગ કીયો રે પ્રસિદ્ધ. ॥૪॥
ધર્મનાથ જિન ધર્મ પ્રકાશી (૨) જગ મેં બહુ જશ લીધ. ॥૫॥
'વીરવિજય' આતમપદ લેવા (૨) ધર્મ સુણ્યાની રે પ્રીત. ॥૬॥

થોય

ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી,
કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી;
દર્શન મદ છોરી, જાય ભાગ્યા સટોરી,
નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી.



શ્રી શાંતિનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) શાન્તિ જિનેશ્વર સોલમા...

શાન્તિ જિનેશ્વર સોલમા, અચિરાસુત વંદો;
વિશ્વસેન કુલ નભોમણિ, ભવિજન સુખ કંદો. ॥૧॥
મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ. ॥૨॥
ચાલીશ ધનુષની દેહડી, સમચઉરસ સંઠાણ;
વદન '**પદ્મ**' જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ॥૩॥

(૨) શાંતિ જિનેશ્વર સાહિબા...

શાંતિ જિનેશ્વર સાહિબા, સુખકારી સુખકંદ;
ભેટ્યા ભવભીતી ભાગી, આજ ભર્યો આનંદ. ॥૧॥
મૂર્તિ મોહન વેલડી, કામકુંભ સહકાર;
રત્ન ચિંતામણી સારિખો, દીઠો તુમ દેદાર. ॥૨॥
અચિરાસુત ત્રિભુવન તિલો, જગનાયક જિનરાજ;
ધર્મવિજય મોહે દીજીયે, શિવરમણી મહારાજ. ॥૩॥

(3) વિશ્વાતિશાયી મહિમા...

વિશ્વાતિશાયી મહિમા, જ્વલત્-તેજો વિરાજિતં;
શાંતિં શાંતિકરં સ્તૌમિ, દુરિત-વ્રાત-શાન્તયે. ॥૧॥
ષોડશ-વિદ્યા-દેવ્યોડપિ, ચતુઃષષ્ટિ સુરેશ્વરાઃ;
બ્રહ્માદયશ્ચ સર્વેડપિ, યં સેવન્તે કૃતાદરાઃ. ॥૨॥
ૐ હ્રીં શ્રીં જયે વિજયે, ૐ જયે પરૈરપિ;
તુષ્ટિં કુરુ કુરુ પુષ્ટિં, કુરુ શાંતિં મહાજયે. ॥૩॥
ન ક્વાપિ વ્યાધયો દેહે, ન જ્વરા ન ભગંદરા;
ક્વાસ-શ્વાસાદયો નૈવ, વિદ્યન્તે શાંતિ-સેવનાત્. ॥૪॥
યક્ષ-ભૂત-પિશાચાદ્યા, વ્યંતરા દુષ્ટ-મુદ્ગરાઃ;
સર્વે શામ્યન્તુ તે શાંતિનાથ! સેવાંકરે મયિ. ॥૫॥

સ્તવન

(૧) સોળમાં શાંતિ જિનેશ્વર દેવ કે...

(રાગ : ગરબો કોણે કોરાવ્યો કે નંદજીના લાલ રે...)

સોળમાં શાંતિ જિનેશ્વર દેવ કે, અચિરાના નંદ રે;
જેહની સારે સુરપતિ સેવ કે, અચિરાના નંદ રે...!!
તિરિ નર સુર સમુદાય કે અ૦,
એક યોજન માંહે સમાય કે. અ૦ ॥૧॥
તેહને પ્રભુજીની વાણી કે અ૦,
પરિણમે સમજે ભવિ પ્રાણી કે અ૦;
સહુ જીવના સંશય ભાંજે કે અ૦,
પ્રભુ મેઘધ્વનિ એમ ગાજે કે અ૦ ॥૨॥
જેહને જોયણ સવાસો માન કે અ૦,

જે પૂર્વના રોગ તેણે થાન કે અ૦;
સવિ નાશ થાયે નવા નાવે કે અ૦,
ષડ્માસ પ્રભુ પરભાવે કે અ૦ ॥૩॥
જિહાં જિનજી વિચરે રંગ કે અ૦,
નવિ મૂષક શલભ પતંગ કે અ૦,
નવિ કોઈને વયર વિરોધ કે અ૦,
અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ રોધ કે અ૦ ॥૪॥
નિજ-પરચક્રનો ભય નાસે કે અ૦,
વળી મરકી નાવે પાસે કે અ૦;
પ્રભુ વિચરે તિહાં ન દુકાલ કે અ૦,
જાયે ઉપદ્રવ સવિ તત્કાલ કે અ૦ ॥૫॥
જસ મસ્તક પૂંઠે રાજે કે અ૦,
ભામંડલ રવિ પરે છાજે કે અ૦;
કર્મક્ષયથી અતિશય અગિયાર કે અ૦,
માનું યોગ સામ્રાજ્ય પરિવાર કે અ૦ ॥૬॥
કબ દેખું ભાવ એ ભાવે કે અ૦,
એમ હોંશ ઘણી ચિત્ત આવે કે અ૦;
શ્રી જિન ઉત્તમ પરભાવે કે અ૦,
કહે **'પદ્મવિજય'** બની વે કે અ૦ ॥૭॥

(૨) ક્ષણ ક્ષણ સાંભરો શાંતિ સલૂણા...

(રાગ : જિમ જિમ એ ગિરિ ભેટિએ.../જય જય આરતી.../
શાંતિ જિનેશ્વર સાચો.../વીર મને તારો.../આંખ મારી ઉઘડે...)

ક્ષણ ક્ષણ સાંભરો શાંતિ સલૂણા! ધ્યાન ભુવન જિનરાજ પરુણા;
શાંતિ જિણંદકો નામ અમીસેં, ઉલ્લસિત હોત હમ રોમ વપુના.
ભવચોગાનમેં ફિરતે પાયે, છોરત મેં નહિ ચરણ પ્રભુનાં. ॥૧॥

છિલ્લરમેં રતિ કબહુ ન પાવે, જે ઝીલે જલ ગંગ-યમુના;
તુમ સમ હમ શિર નાથ ન થાશે, કર્મ અધુના દૂના ધુના. ॥૨॥
મોહ લડાઈમેં તેરી સહાઈ, તો ક્ષણમેં છિન્ન છિન્ન કટુના;
નહિ ઘટે પ્રભુ આના કૂના, અચિરાસુત પતિ મોક્ષ વધૂના. ॥૩॥
ઓરકી પાસ મેં આશ ન કરતે, ચાર અનંત પસાય કરુના;
ક્યું કર માંગત પાસ ધત્તૂરે, યુગલિક યાચક કલ્પતરુના. ॥૪॥
ધ્યાન ખડ્ગવર તેરે આસંગે, મોહ ડરે સારી ભીક ભરુના;
ધ્યાન અરુપી તો સાંઈ અરુપી, ભક્તેં ધ્યાવત તાના તુના. ॥૫॥
અનુભવ રંગ વધ્યો ઉપયોગે, ધ્યાન સુપનમેં કાથા ચુના;
ચિદાનંદ ઝકઝોલ ઘટાસેં, શ્રી **શુભવીર** વિજય પડિપુન્ના. ॥૬॥



(3) જગ જનમન રંજે રે...

(રાગ : એક પ્યાર કા.../હે શંખેશ્વર સ્વામી.../
મને જ્યાં જવાનું મન.../વૈષ્ણવજન.../એ મેરે વતન...)

જગ જનમન રંજે રે, મન્મથ બલ ભંજે રે;
નવિ રાગ નવિ દોષ, તું અંજે ચિત્તશ્યું રે. જગ૦॥૧॥
શિર છત્ર બિરાજે રે, દેવદુંદુભિ બાજે રે;
ઠકુરાઈ ઈમ છાજે રે, તો ભી અકિંચનો રે. જગ૦॥૨॥
થિરતા ધૃતિ સારી રે, વરી સમતા નારી રે;
બ્રહ્મચારી શિરોમણિ રે, તો પણ તું સુણ્યો રે. જગ૦॥૩॥
ન ધરે ભવ રંગો રે, નવિ દોષ આસંગો રે;
મૃગલંછન ચંગો રે, તો પણ તું સહી રે. જગ૦॥૪॥
તુજ ગુણ કુણ આખે રે, જગ કેવલી પાખે રે;
સેવક '**જશ**' ભાખે રે, અચિરાસુત તું જયો રે. જગ૦॥૫॥



(૪) જગત દિવાકર જગત કૃપાનિધિ...

(રાગ : અંતરજામી સુણા.../માઈન માઈન.../વૈષ્ણવજન...)

જગત દિવાકર જગત કૃપાનિધિ, વાહલા મારા! સમવસરણમાં બેઠાં રે;
ચૌમુખ ચઉવિહ ધર્મ પ્રકાશે, તે મેં નયણે દીઠા રે.
ભવિક જન હરખો રે, નિરખી શાંતિ જિણંદ;
ઉપશમ રસનો કંદ, નહિ ઈણ સરખો રે. ॥૧॥
પ્રાતિહાર્ય અતિશય શોભા, વા૦મા૦ તે તો કહિય ન જાવે રે;
ઘૂક બાલકથી રવિ કર ભરનું, વર્ણન કિણુ પર થાવે રે. ભ૦॥૨॥
વાણી ગુણ પાંત્રીશ અનોપમ, વા૦મા૦ અવિસંવાદ સરુપે રે;
ભવદુઃખ વારણ શિવસુખ કારણ, શુદ્ધ ધર્મ પ્રરુપે રે. ભ૦॥૩॥
દક્ષિણ પશ્ચિમ ઉત્તર દિશિમુખ, વા૦મા૦ ઠવણા જિન ઉપગારી રે;
તસુ આલંબન લહિય અનેકે, તિહાં થયા સમકિત ધારી રે. ભ૦॥૪॥
ષટ્ નય કારજ રુપે ઠવણા, વા૦મા૦ સગ નય કારણ ઠાણી રે;
નિમિત્ત સમાન થાપના જિનજી, એ આગમની વાણી રે. ભ૦॥૫॥
સાધક તીન નિક્ષેપા મુખ્ય, વા૦મા૦ જે વિણુ ભાવ ન લહિયે રે;
ઉપગારી દુગ ભાષ્યે ભાખ્યા, ભાવ વંદકનો ગ્રહીયે રે. ભ૦॥૬॥
ઠવણા સમવસરણે જિન સેંતી, વા૦મા૦ જો અભેદતા વાધી રે;
એ આત્માના સ્વ સ્વભાવ ગુણ, વ્યક્ત યોગ્યતા સાધી રે. ભ૦॥૭॥
ભલું થયું મેં પ્રભુ ગુણ ગાયા, વા૦મા૦ રસનાનો રસ લીધો રે;
'દેવચંદ્ર' કહે માહરા મનનો, સકળ મનોરથ સિધો રે. ભ૦॥૮॥



(૫) તાર મુજ તાર મુજ તાર...

(રાગઃ ઋષભ જિનરાજ મુજ.../જય ગણેશ(2) દેવા...)

તાર મુજ તાર મુજ તાર જિનરાજ તું,
આજ મેં તોહિ દેદાર પાયો;
સકલ સંપત્તિ મળ્યો આજ શુભદિન વળ્યો,
સુરમણિ આજ અણચિંત પાયો. ॥૧॥

તાહરી આણ હું શેષ પરે શિર વહું,
નિરવહું ભવભવે ચિત્ત શુદ્ધે;
ભમતાં ભવકાનને સુરતરુની પરે,
તું પ્રભુ! ઓળખ્યો દેવ બુદ્ધે. ॥૨॥

અથિર સંસારમાં સાર તુજ સેવના,
દેવના દેવ! તુજ સેવ સારે;
શત્રુ ને મિત્ર સમ ભાવે બેહુ ગણે,
ભક્તવત્સલ સદા બિરુદ ધારે. ॥૩॥

તાહરા ચિત્તમાં દાસ બુદ્ધે સદા,
હું વસું એહવી વાત દૂરે;
પણ મુજ ચિત્તમાં તુંહિ જો નિત વસે,
તો કિશું કીજિયે મોહ શૂરે. ॥૪॥

તું કૃપાકુંભ ગતદંભ ભગવંત! તું,
સકલ ભવિલોકને સિદ્ધિદાતા;
ત્રાણ મુજ પ્રાણ મુજ શરણ આધાર તું,
તું સખા માત ને તાત ભ્રાતા. ॥૫॥

આતમરામ અભિરામ અભિધાન તુજ,
સમરતાં દાસના દુરિત જાવે;
તુજ વદન ચંદ્રમા નિશદિન પેખતાં,
નયન ચકોર આનંદ પાવે. ॥૬॥

શ્રી વિશ્વસેનકુલ કમલ દિનકર જિશ્યો,
મન વસ્યો માત અચિરા મલ્હાયો;
શાન્તિ જિનરાજ! શિરતાજ દાતારમાં,
અભયદાની શિરે જગ સવાયો. ॥૭॥
લાજ જિનરાજ! અબ દાસની તો શિરે,
અવસરે મોહશ્યું લાજ પાવે;
પંડિતરાય કવિ ધીરવિમલ તણો,
શિષ્ય ગુણ **'જ્ઞાનવિમલાદિ'** ગાવે. ॥૮॥

(૬) તું પારંગત તું પરમેશ્વર...

(રાગ : અંતરજામી સુણ અલવેસર.../
તારી મૂરતિએ મન.../ સાવન બરસે.../મેરે નયણાં...)

તું પારંગત તું પરમેશ્વર, વાલા મારા તું પરમારથ વેદી રે;
તું પરમાતમ તું પુરુષોત્તમ, તુંહિ અછેદી અવેદી રે,મનના મોહનિયા;
તાહરી કીકી કામણગારી રે, જગના સોહનિયા. ॥૧॥
યોગી અયોગી ભોગી અભોગી, વા૦ તુંહિ જ કામી અકામી રે;
તુંહિ અનાથ નાથ સહુ જગનો, આતમ સંપદ રામી રે. ॥૨॥
એક અસંખ્ય અનંત અનુચર, વા૦ અકલ સકલ અવિનાશી રે;
અરસ અવર્ણ અગંધ અફરસી, તું હિ અપાશી અનાશી રે. ॥૩॥
મુખ પંકજ ભ્રમરી પરે અમરી, વા૦ તું હિ સદા બ્રહ્મચારી રે;
સમવસરણ લીલા અધિકારી, તું હિ જ સંયમધારી રે. ॥૪॥
અચિરાનંદન અચરિજ એહી, વા૦ કહણીમાંહિ ન આવે રે;
'ક્ષમાવિજય' જિન વયણ સુધારસ, પીવે તેહિ જ પાવે રે. ॥૫॥



(૭) ધન દિન વેળા ધન ઘડી તેહ...

(રાગ : ધન્ય ધન્ય બનાવીશ.../આશાવરી...)

ધન દિન વેળા, ધન ઘડી તેહ, અચિરારો નંદન, જિન જદિ ભેટશું જી;
લહીશુંરે સુખ, દેખી મુખચંદ, વિરહ વ્યથાનાં, દુઃખ સવિ મેટશું જી. ॥૧॥
જાણ્યો રે જેણે, તુજ ગુણ લેશ, બીજા રે રસ, તેહને મન નવિ ગમેજી;
ચાખ્યો રે જેણે, અમી લવલેશ, બાકસ બુકસ, તસ ન રુચે કિમેજી. ॥૨॥
તુજ સમકિત, રસ સ્વાદનો જાણ, પાપ કુભક્તે, બહુ દિન સેવિયુંજી;
સેવે જો, કર્મને યોગે તોહિ, વાંછે તે સમકિત, અમૃત ધુરે લિખ્યુંજી. ॥૩॥
તાહરું ધ્યાન, તે સમકિત રુપ, તેહી જ જ્ઞાન, ને ચારિત્ર તેહ છે જી;
તેહથી રે જાયે, સઘળાં હો પાપ, ધ્યાતા રે ધ્યેય, સ્વરુપ હોયે પછેજી. ॥૪॥
દેખી રે અદ્ભુત, તાહરું રુપ, અચરિજ ભવિક, અરુપી પદ વરેજી;
તાહરી ગત, તું જાણે હો દેવ, સમરણ ભજન, તે **'વાચક યશ'** કરેજી. ॥૫॥



(૮) મારો મુજરો લ્યોને રાજ...

(રાગ : રાજુલને નેમ... / મેરે નૈના સાવન ભાદો... /ગરબા...)

મારો મુજરો લ્યોને રાજ! સાહિબ! શાંતિ! સલૂણા!
અચિરાજીના નંદન તોરે, દરિશણ હેતે આવ્યો;
સમકિત રીઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો. ॥૧॥
દુઃખભંજન છે બિરુદ તમારું, અમને આશા તુમારી;
તુમે નિરાગી થઈને છૂટો, શી ગતિ હોશે અમારી? ॥૨॥
કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે;
પણ બાળક જો બોલી ન જાણે, તો કિમ વ્હાલો લાગે? ॥૩॥
મારે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું માનું?
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું? ॥૪॥
અધ્યાતમ રવિ ઊગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે;
વિમલવિજય વાચકનો સેવક, **'રામ'** કહે શુભ ભગતે. ॥૫॥

(૯) શાંતિ જિન એક મુજ વિનતી...



(રાગ : ચેતન જ્ઞાન અજવાળીએ.../કાફી.../
ઊંચા-ઊંચા.../વૈષ્ણવજન.../હોંશવાલો કો...)

શાંતિ જિન એક મુજ વિનતી, સુણો ત્રિભુવનરાય રે;
શાંતિ સરુપ કિમ જાણીયે, કહો મન કિમ પરખાય રે. ॥૧॥
ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. ॥૨॥
ભાવ અવિશુદ્ધ સવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તિમ અવિતથ સદ્દહે, પ્રથમ એ શાંતિ પદ સેવ રે. ॥૩॥
આગમધર ગુરુ સમકિતી, ક્રિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, સૂચિ અનુભવ ધાર રે. ॥૪॥
શુદ્ધ અવલંબન આદરે, તજી અવર જંજાળ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી સાલ રે. ॥૫॥
ફળ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધિ રે;
સકળ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવ સાધન સંધિ રે. ॥૬॥
વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, ઇશ્યો આગમ બોધ રે. ॥૭॥
દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુગતિ નિદાન રે. ॥૮॥
માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઇસો હોય તું જાણ રે. ॥૯॥
સર્વ જગ જંતુને સમ ગણે, સમ ગણે તૃણમણિ ભાવ રે;
મુગતિ સંસાર બિહુ સમ ગણે, મુણે ભવ જલનિધિ નાવ રે. ॥૧૦॥
આપણો આતમ ભાવ જે, એક ચેતનાધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે. ॥૧૧॥

પ્રભુ મુખથી ઇમ સાંભળી, કહે આતમરામ રે;
તાહરે દરિશણે નિસ્તર્યો, મુજ સિધ્યાં સવિ કામ રે. ॥૧૨॥
અહો અહો હું મુજને કહું,નમો મુજ નમો મુજ રે;
અમિતફળ દાન દાતારની, જેહને ભેટ થઈ તુજ રે. ॥૧૩॥
શાંતિ સરુપ સંક્ષેપથી, કહ્યો નિજ પર રુપ રે;
આગમમાંહિ વિસ્તર ઘણો, કહ્યો શાંતિ જિન ભૂપ રે. ॥૧૪॥
શાંતિ સરુપ ઇમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
'**આનંદઘન**' પદ પામશે, તે લહિશે બહુમાન રે. ॥૧૫॥



(૧૦) શાંતિ જિનેશ્વર સાચો સાહિબ...

(રાગ : આજ મારા પ્રભુજી.../કોયલ ટહુંકી.../
તું પ્રભુ મારો.../આંખ મારી ઉઘડે...)

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિકરણ ઈણ કલિ મેં હો જિનજી!
તું મેરા મન મેં તું મેરા દિલ મેં, ધ્યાન ધરું પલપલ મેં. ॥૧ ॥
ભવમાં ભમતાં મેં દરિશન પાયો, આશા પૂરો એક પલ મેં. ॥૨॥
નિર્મલ જ્યોત વદન પર સોહે, નિકસ્યો જ્યું ચંદ બાદલ મેં. ॥૩॥
મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલ મેં. ॥૪॥
'**જિનરંગ**' કહે પ્રભુ શાંતિ જિનેશ્વર,દીઠોજી દેવ સકલ મેં. ॥૫॥



(૧૧) શાંતિ જિનેશ્વર સાહિબા રે...

(રાગ : મેરા જીવન.../ઊંચા ઊંચા.../ચાંદી કી દિવાર.../
આંખ મારી ઉઘડે.../રાધા જેવા...)

શાંતિ જિનેશ્વર સાહિબા રે, શાંતિ તણા દાતાર;
અંતરજામી છો માહરા રે, આતમના આધાર. શાંતિ૦॥૧॥
ચિત્ત ચાહે પ્રભુ ચાકરી રે, મન ચાહે મળવાને કાજ;
નયન ચાહે પ્રભુ નિરખવા રે, દ્યો દરિશન મહારાજ. શાંતિ૦॥૨॥

પલક ન વિસરો મન થકી રે, જિમ મોરા મન મેહ;
એક પખો કેમ રાખીયે રે, રાજ કપટનો નેહ. શાંતિ૦॥૩॥
નેહ નજર નિહાળતાં રે, વાધે બમણો વાન;
અખૂટ ખજાનો પ્રભુ તાહરો રે, દીજીએ વાંછિત દાન. શાંતિ૦॥૪॥
આશ કરે જે કોઈ આપણી રે, નવિ મૂકીએ નિરાશ;
સેવક જાણીને આપણો રે, દીજીએ તાસ દિલાસ. શાંતિ૦॥૫॥
દાયકને દેતાં થકાં રે, ક્ષણ નવિ લાગે વાર;
કાજ સરે નિજ દાસનાં રે, એ મોટો ઉપકાર. શાંતિ૦॥૬॥
એવું જાણીને જગધણી રે, દિલમાં હિ ધરજો પ્યાર;
'**રુપવિજય**' કવિરાયનો રે, મોહન જયજયકાર. શાંતિ૦॥૭॥

(૧૨) શાંતિ! તેરે લોચન હૈ અણિયારે...

(રાગ : પાયોજી મેંને.../
અબ હમ અમર ભયે.../અખિયાં દરિશન કી હૈ...)

શાંતિ! તેરે લોચન હૈ અણિયારે...શાંતિ! તેરે લોચન..
કમલ જ્યું સુંદર મીન જ્યું ચંચલ, મધુકર સે અતિકારે. ॥૧॥
જાકી મનોહરતા જિત વન મેં, ફિરતે હરિણ બિચારે. ॥૨॥
ચતુર ચકોર પરાભવ નિરખત, બહુરે ચુગત અંગારે. ॥૩॥
ઉપશમ રસ કે અજબ કટોરે, માનું વિરંચિ સંભારે. ॥૪॥
કીર્તિવિજય વાચક '**વિનયી**', કહે મુજકો અતિ પ્યારે. ॥૫॥

(૧૩) શ્રી શાંતિ જિનેશ્વર દીઠો રે...

(રાગ : એ મેરે વતન.../એક પ્યાર કા.../પ્રભુ પાર્શ્વનું...)

શ્રી શાંતિ જિનેશ્વર દીઠો રે, મારા મનમાં લાગ્યો મીઠો રે;
આજ મુખડું એનું જોતાં રે, મારા નયન થયાં પનોતા રે. ॥૧॥
જે નજર માંડી એને જોશે રે, તે તો ભવની ભાવઠ ખોશે રે;
એનું રુપ જોઈ જે જાણે રે, તેહને સુરનર સહુ વખાણે રે. ॥૨॥

એ તો સાહિબ છે સયાણો રે, મને લાગે એહશું તાનો રે;
એ તો શિવસુંદરીનો રસીયો રે, મારા નયણા માંહે વસીયો રે. ॥૩॥
મેં તો સગપણ એહશું કીધું રે, હવે સઘળું કારજ સિધ્યું રે;
એ તો જીવન અંતરજામી રે, નિરંજન એ બહુ નામી રે. ॥૪॥
ઘણું શું એહને વખાણું રે, હું તો જીવના જીવન જાણું રે;
ઘણું જે એહને મલશે રે, તે તો માણસમાંથી ટળશે રે. ॥૫॥
મનડાં જેણે એહશું માંડ્યાં રે, તેણે ઋદ્ધિવંત ઘર છાંડ્યા રે;
આગે જેણે એહ ઉપાસ્યા રે, તેણે શિવસુખ કરતલ વાસ્યા રે. ॥૬॥
આશિક જે એહના થાયે રે, તેણે સંસારમાં ન રહેવાશે રે;
ગુણ એહના જે ઘણા ગાશે રે, તે તો આખર નિર્મળ થાશે રે. ॥૭॥
મેં તો માંડી એહશું માયા રે, મને ન ગમે બીજાની છાયા રે;
વાચક **'ઉદયરત્ન'** એમ બોલે રે, કોઈ ન આવે એહને તોલે રે. ॥૮॥



(૧૪) સુણો શાંતિ જિણંદ! સોભાગી...

(રાગ : યહ હૈ પાવન ભૂમિ.../નિત્ય સમરું સાહિબ.../
એ મેરે વતન કે.../રુડા રાજમહેલને...)

સુણો શાંતિ જિણંદ! સોભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી;
તુમે નિરાગી ભગવંત, જોતાં કિમ મળશે તંત. સુણો૦॥૧॥
હું તો ક્રોધ કષાયનો ભરિયો, તું તો ઉપશમ રસનો દરિયો;
હું તો અજ્ઞાને આવરિયો, તું તો કેવળ-કમલા વરિયો. સુણો૦॥૨॥
હું તો વિષયા રસનો આશી, તેં તો વિષયા કીધી નિરાશી;
હું તો કર્મના ભારે ભરીયો, તેં તો પ્રભુજી ભાર ઉતાર્યો. સુણો૦॥૩॥
હું તો મોહ તણે વશ પડિયો, તેં તો સબળા મોહને હણિયો;
હું તો ભવસમુદ્રમાં ખૂંચ્યો, તું તો શિવમંદિરમાં પહોંચ્યો. સુણો૦॥૪॥
મારે જન્મમરણનો જોરો, તેં તો તોડ્યો તેહનો દોરો;
મારો પાસો ન મેલે રાગ, તમે પ્રભુજી થયા વીતરાગ. સુણો૦॥૫॥

મને માયા એ મૂક્યો પાશી, તું તો નિર્બંધન અવિનાશી;
હું તો સમકિતથી અધૂરો, તું તો સકલ પદારથે પૂરો. સુણો૦॥૬॥
મારે તો છે પ્રભુ તું હી એક, તારે મુજ સરીખા અનેક;
હું તો મનથી ન મુકૂં માન, તું તો માનરહિત ભગવાન. સુણો૦॥૭॥
મારું કીધું કશું નવિ થાય, તું તો રંકને કરે છે રાય;
એક કરો મુજ મહેરબાની, મારો મુજરો લેજો માની. સુણો૦॥૮॥
એક વાર જો નજરે નીરખો, તો કરો મુજને તુમ સરીખો;
જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તમારા ગાશે. સુણો૦॥૯॥
ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગુ છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી '**ઉદયરત્ન**'ની વાણી. સુણો૦॥૧૦॥

(૧૫) સુણો શાંતિ જિનેશ્વર સાહિબા...

(રાગ : વિનંતિ કૈસે.../દોષથી હર્યોભર્યો.../
સોનાના પારણીયે.../વૈષ્ણવજન...)

સુણો શાંતિ જિનેશ્વર સાહિબા, સુખકાર કરુણાસિંધુ રે;
પ્રભુ તુમ સમ કો દાતા નહિ, નિષ્કારણ ત્રિભુવન બંધુ રે. ॥૧॥
જસ નામે અક્ષય સંપદ હોવે, વળી આધિ તણી હોયે શાંતિ;
દુઃખ દુરિત ઉપદ્રવ સવિ મીટે, ભાંજે મિથ્યામતિ ભ્રાંતિ રે. ॥૨॥
તું રાગ રહિત પણ રીઝવે, સવિ સજ્જન કેરા ચિત્ત રે;
નિર્દ્રવ્ય અને પરમેશ્વર, વિણ નેહે તું જગમિત રે. ॥૩॥
તું ચક્રી ભવચક્રનો રે, સંબંધ ન કોઈ કીધ રે;
તું તો ભોગી યોગી દાખીયો, સહેજે સમતારસ સિદ્ધ રે. ॥૪॥
વિણ તેડ્યો નિત્ય સહાય છે, તુજ લોકોત્તર આચાર રે;
કહે '**જ્ઞાનવિમલ**' ગુણ તાહરા, લહિયે ગણવે કિમ પાર રે. ॥૫॥



(૧૬) હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં....

(રાગ : માલકૌંશ.../ મન તડપત હરિ.../ મૈલી ચાદર...)

હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં...
બિસર ગઈ દુવિધા તન મન કી, અચિરાસુત ગુણગાન મેં; ॥૧॥
હરિ હર બ્રહ્મા પુરંદર કી ઋદ્ધિ, આવત નહિ કોઉ માન મેં;
ચિદાનંદ કી મોજ મચી હૈ, સમતારસ કે પાન મેં. ॥૨॥
ઈતને દિન તુમ નાહિ પિછાન્યો, મેરો જન્મ ગયો અજાન મેં;
અબ તો અધિકારી હોઈ બેઠે, પ્રભુ ગુણ અખય ખજાન મેં. ॥૩॥
ગઈ દીનતા સબહી હમારી, પ્રભુ તુજ સમકિત દાન મેં;
પ્રભુ ગુણ અનુભવ રસ કે આગે, આવત નહિ કોઉ માન મેં. ॥૪॥
જિનહિ પાયા તિનહિ છિપાયા, ન કહે કોઉ કે કાન મેં;
તારી લાગી જબ અનુભવ કી, તબ સમજે સહું સાન મેં. ॥૫॥
પ્રભુ ગુણ અનુભવ ચંદ્રહાસ જ્યું, સો તો ન રહે મ્યાન મેં;
'વાચક યશ' કહે મોહ મહા અરિ, જીત લીયો હૈ મૈદાન મેં. ॥૬॥

થોય

(૧)

વંદો જિન શાંતિ, જાસ સોવન્ન કાંતિ,
ટાળે ભવભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ;
દ્રવ્ય ભાવ અરિ પાંતિ,તાસ કરતાં નિકાંતિ,
ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ. ॥૧॥
દોય જિનવર નીલા, દોય ધોળા સુશીલા,
દોય રક્ત રંગીલા, કાઢતાં કર્મ કીલા;
ન કરે કોઈ હીલા, દોય શ્યામ સલીલા,
સોળ સ્વામીજી પીલા, આપજો મોક્ષલીલા. ॥૨॥

જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી,
સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી;
અર્થે ગૂંથાણી, દેવ મનુષ્ય પ્રાણી,
પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાણી. ॥૩॥
વાગ્વેશ્વરી દેવી, હર્ષ હિયડે ધરેવી,
જિનવર પય સેવી, સાર શ્રદ્ધા વરેવી;
જે નિત્ય સમરેવી, દુઃખ તેહના હરેવી,
'પદ્મવિજય' કહેવી, ભવ્ય સંતાપ ખેવી. ॥૪॥

(૨)

સકલ-કુશલ-વલ્લી પુષ્કરાવર્ત-મેઘો,
મદન-સદૃશ-રુપઃ પૂર્ણરા-કેન્દુ-વક્ત્રઃ
પ્રથયતુ મૃગ લક્ષ્મા શાન્તિનાથો જનાનાં,
પ્રસૃત-ભુવન-કીર્તિઃ-કામિતં ક્રમ-કાન્તિઃ. ॥૧॥
જિન-પતિ-સમુદાયો દાયકો-ભીપ્સિ-તાનાં,
દુરિત-તિમિર-ભાનુઃ કલ્પ-વૃક્ષો-પમાનઃ
રચયતુ શિવ-શાન્તિં, પ્રાતિ-હાર્ય-શ્રિયં યો,
વિકટ-વિષમ-ભૂમી-જાત-દર્ત્તિં બિભર્ત્તિ. ॥૨॥
પ્રથયતુ ભવિકાનાં જ્ઞાન-સમ્પત્-સમૂહં,
સમય ઈહ જગત્યા-માસ-વક્ત્ર-પ્રસૂતઃ;
ભવ-જલ-નિધિ-પોતઃ સર્વ સમ્પત્તિ-હેતુઃ,
પ્રથિત-ઘન-ઘટાયાં સૂર્ય-કાન્ત-પ્રકાશઃ. ॥૩॥
જય-વિજય-મનીષા-મન્દિરં બ્રહ્મ-શાન્તિઃ,
સુર-ગિરિ-સમ-ધીરઃ પૂજિતો ન્યક્ષ-યક્ષૈઃ
હરતુ-સકલ-વિઘ્નં યો જનૈશ્ચિન્ત્ય-માનઃ,
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ. ॥૪॥

શ્રી કુંથુનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) કુંથુનાથ કામિત દીયે...

કુંથુનાથ કામિત દીયે, ગજપુરનો રાય;
સિરિ માતા ઉરે અવતર્યો, સુર નરપતિ તાય. ॥૧॥
કાયા પાંત્રીસ ધનુષ્યની, લંછન જસ છાગ;
કેવલજ્ઞાનાદિક ગુણો, પ્રણમો ધરી રાગ. ॥૨॥
સહસ પંચાણું વરસનું એ, પાલી ઉત્તમ આય;
'પદ્મવિજય' કહે પ્રણમીયે, ભાવે શ્રી જિનરાય. ॥૩॥

સ્તવન

(૧) કુંથુ જિનેશ્વર જાણજો રે લાલ...

(રાગ : એક દિન પુંડરીક ગણધરું.../શાંતિ જિનેશ્વર સાચો...)

કુંથુ જિનેશ્વર જાણજો રે લાલ, મુજ મનનો અભિપ્રાય રે; જિનેશ્વર મોરા
તું આતમ અલવેસરુ રે લાલ, રખે તુજ વિરહો થાય રે; જિ૦
તુજ વિરહો કેમ વેઠીયે રે,
તુજ વિરહો દુઃખદાય રે જિ૦, તુજ વિરહો ન ખમાય રે;
ખિણ વરસા સો થાય રે જિ૦, વિરહો તે મોટી બલાય રે. જિ૦॥૧॥
તાહરી પાસે આવવું રે લાલ, પહેલા ન આવે તું દાય; જિ૦
આવ્યા પછી તો જાયવું રે લાલ, તુજ ગુણ વશે ન સુહાય રે. જિ૦॥૨॥
ન મળ્યાનો ધોખો નહીં રે લાલ, જસ ગુણનું નહિં નાણ રે; જિ૦
મિલિયા ગુણ કલીયા પછી રે લાલ, બિછુરત જાયે પ્રાણ રે. જિ૦॥૩॥

જાતિ અંધને દુઃખ નહીં રે લાલ, ન લહે નયનનો સ્વાદ રે; જિ૦
નયન સ્વાદ લહી કરી રે લાલ, હાર્યાને વિખવાદ રે. જિ૦ ॥૪॥
બીજે પણ કીહાં નવિ ગમે રે લાલ, જિણે તુમ વિરહે બચાય રે; જિ૦
માલતી કુસુમે માલીયો રે લાલ, મધુપ કરીરે ન જાય રે. જિ૦ ॥ ૫ ॥
વન દવ દાધાં રુખડાં રે લાલ, પલ્લવે વળી વરસાદ રે; જિ૦
તુજ વિરહાનલનો બળ્યાં રે લાલ, કાલ અનંત ગમાત રે. જિ૦ ॥૬॥
ટાઢક રહે તુજ સંગમેં રે લાલ, આકુળતા મીટી જાય રે; જિ૦
તુજ સંગે સુખીયો સદા રે લાલ, '**માનવિજય**' ઉવજ્ઝાયરે જિ૦॥૭॥

(૨) કુંથુ જિનેશ્વર સાચો દેવ...

(રાગ : આજ મારા પ્રભુજી.../શાંતિ જિનેશ્વર સાચો.../
રઘુપતિ રાઘવ.../આણી શુદ્ધ મન...)

કુંથુ જિનેશ્વર સાચો દેવ, ચોસઠ ઇન્દ્ર કરે જસ સેવ;
તું સાહિબ જગનો આધાર, ભવ ભમતાં મુજ નાવ્યો પાર;
સાહિબ સાંભળો! (૨) કહું છું મુજ મનની વાત. ॥૧॥
પ્રશંસા ઉપર મુજ રીઝ, નિંદા કરે તે ઉપર ખીજ;
એ બે તુમને છે સમભાવ, તે માંગુ છું પામી દાવ. ॥૨॥
પુદ્ગલ પામી રાચુ રે હું, તે નવિ ઇચ્છે પ્રભુજી તું;
એ ગુણ મોટો છે તુમ પાસ, તે દેતાં સુખીયો હોય દાસ. ॥૩॥
વિષય વયરી સંતાપે જોર, કામે વાહ્યો ફરું જિમ ઢોર;
વળી વળી દુઃખ દીયે ચાર ચોર, તુમ વિના કુણ આગે કરું શોર. ॥૪॥
તુમથી ભાગ્યા લાગ્યા મુજ કેડ, ચિહુંગતિની કરાવે ખેડ;
જાણી તુમારો દે મુજ ને માર, તો કિમ ન કરો પ્રભુજી સાર. ॥૫॥
સેવક સન્મુખ જુઓ એકવાર, તો તે ઊભા ન રહે લગાર;
મોટાની મીટે કામ થાય, તરણિ તેજે તિમિર પલાય. ॥૬॥

કરુણાવંત અનંતબળ ઘણી, વાર ન લાગે તને તારવા ભણી;
શ્રી ગુરુ ખીમાવિજયનો સીસ, **'જશ'** પ્રેમે પ્રણમે નિશદિશ. ॥૭॥

(૩) કુંથુ જિનેશ્વર સાહિબ વિનંતી રે...

(રાગ : ફૂલ તુમ્હે ભેજા.../ઋષભ જિનેશ્વર પ્રીતમ.../
વૈષ્ણવજન.../હોંશવાલોં કો...)

કુંથુ જિનેશ્વર સાહિબ વિનંતી રે, અવધારો અરિહંત;
પ્રભુશું પ્રીતિ અછે મુજને ઘણી રે, તે નિરવહીયે સંત. ॥૧॥
મહીમંડલમાં દેવ અછે ઘણાં રે, હું ન કરું તસ સેવ;
તુજ વિણ અવર ન કદીયે ઓલગું રે, તું મુજ એક જ દેવ. ॥૨॥
અવર ન સેવું કંઈયે દેવતા રે, તુમ વિણ દીનદયાળ;
જલધર જલ વિણ અવર ન આદરે રે, જિમ જગે ચાતક બાલ. ॥૩॥
અંગીકૃત જો નિરવાહો પ્રભુ રે, તો પૂરો મનની આશ;
દાસ તણી એ આશા પૂરતાં રે, સાહિબને શાબાશ. ॥૪॥
નિશદિન ભાવે સાહિબ સેવતાં રે, જો નહિ પૂરો આશ;
તો એ જગમાં પ્રભુજી તુમ તણો રે, કુણ કરશે વિશ્વાસ. ॥૫॥
મોટા નિશ્ચય આશા પૂરવે રે, જો સેવે ધરી નેહ;
જુઓ એ જગમાં ચાતક બાલની રે, પૂરે આશા મેહ. ॥૬॥
ઈમ જાણી સાહિબ પૂરવી રે, નિજ સેવકની આશ;
'નયવિજય' કહે તુમ ચરણાંબુજે રે, દેજો અવિચલ વાસ. ॥૭॥

(૪) જ્ઞાની વિણ કિણ આગળ કહીએ...

(રાગ : સોરઠ.../ એ મેરે પ્યારે વતન.../સંયમ જીવનનો...)

જ્ઞાની વિણ કિણ આગળ કહીએ, મન કી મન મેં જાણી રહીએ. ॥૧॥
ભૂંડી લાગે જણ-જણ આગે, કહેતાં કાંઈ ન વેદન ભાગે હો. ॥૨॥
અપનો ભરમ ગમાવે સાજન, પરજન કામ ન આવે હો. ॥૩॥

દુર્જન હોઈ સુપરે કરે હાસા, જાણી પડ્યા મુંહ-માંગ્યા પાસા હો. ॥૪॥
તાથે મૌન ભલું મન આણી, ધરી મન ધીર રહે નિજ પાણી હો. ॥૫॥
કહે **'જિનહર્ષ'** કહેજો પ્રાણી, કુંથુ જિણંદ આગે કહેવાણી હો. ॥૬॥

(૫) મનડું કિમહિ ન બાજે હો કુંથુજિન...

(રાગ : જિન તેરે.../પાર્શ્વ ચિંતામણી મેરો.../
અબ મોહે ઐસી.../ઋષભ જિનેશ્વર.../કેસરીયો રંગ તને...)

મનડું કિમહિ ન બાજે હો કુંથુજિન! મનડું કિમહિ ન બાજે;
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અળગું ભાંજે. હો૦॥૧॥
રજની વાસર વસતિ ઉક્કડ, ગયણ પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય. હો૦॥૨॥
મુગતિ તણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વૈરિડું કાંઈ એહવું ચિંતે, નાંખે અવળે પાસે. હો૦॥૩॥
આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકું;
કિહાં કને જો હઠ કરી અટકું, તો વ્યાલતણી પરે વાંકું. હો૦॥૪॥
જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાહિ;
સર્વમાંહે ને સહુથી અળગું, એ અચરિજ મનમાંહિ. હો૦॥૫॥
જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુર નર પંડિત જન સમજાવે, સમજે ન માહરો સાલો. હો૦॥૬॥
મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે. હો૦॥૭॥
મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એક હી વાત છે મોટી. હો૦॥૮॥
મનડું દુરારાધ્ય તે વશ આણ્યું, તે આગમથી મતિ આણું;
'આનંદઘન' પ્રભુ માહરું આણું, તો સાચું કરી જાણું. હો૦॥૯॥

(૬) સમવસરણ બેસી કરી રે...

(રાગ : ઋષભ જિનેશ્વર પ્રીતમ.../વૈષ્ણવજન...)

સમવસરણ બેસી કરી રે, બારહ પરષદામાંહિ,
વસ્તુ સ્વરુપ પ્રકાશતા રે, કરુણાકર જગનાહો રે;
નિર્મલ તુજ મુખવાણી રે, જે શ્રવણે સુણે,
તેહિ જ ગુણમણિ ખાણી રે, કુંથું જિનેસરું રે. કુંથુ૦॥૧॥
ગુણપર્યાય અનંતતા રે, વળી સ્વભાવ અગાહ;
નય ગમ ભંગ નિક્ષેપના રે, હેય આદેય પ્રવાહો રે. કુંથુ૦॥૨॥
કુંથુનાથ પ્રભુ દેશના રે, સાધન સાધક સિદ્ધ;
ગૌણ મુખ્યતા વચનમાં રે, જ્ઞાન તે સકલ સમૃદ્ધો રે. કુંથુ૦॥૩॥
વસ્તુ અનંત સ્વભાવ છે રે, અનંત કથક તસુ નામ;
ગ્રાહક અવસર બોધથી રે, કહવે અર્પિત કામો રે. કુંથુ૦॥૪॥
શેષ અનર્પિત ધર્મને રે, સાપેક્ષ શ્રદ્ધા બોધ;
ઉભય રહિત ભાસન હોવે રે, પ્રગટે કેવલ બોધો રે. કુંથુ૦॥૫॥
છતી પરિણતિ ગુણ વર્તના રે, ભાસન ભોગ આનંદ;
સમ કાળે પ્રભુ તાહરે રે, રમ્ય રમણ ગુણવૃંદો રે. કુંથુ૦॥૬॥
નિજ ભાવે સિય અસ્તિતા રે, પર નાસ્તિત્વ સ્વભાવ;
અસ્તિપણે તે નાસ્તિતા રે, સિય તે ઉભય સ્વભાવો રે. કુંથુ૦॥૭॥
અસ્તિ સ્વભાવ જે આપણો રે, રુચિ વૈરાગ્ય સમેત;
પ્રભુ સન્મુખ વંદન કરી રે, માંગીશ આતમ હેતો રે. કુંથુ૦॥૮॥
અસ્તિ સ્વભાવ જે રુચિ થઈ રે, ધ્યાતો અસ્તિ સ્વભાવ;
'દેવચંદ્ર' પદ તે લહે રે, પરમાનંદ જમાવો રે. કુંથુ૦॥૯॥



(૭) સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ!

રાગ : તારી પ્રીતિની કેવી અસર.../ સાહેલાં રે.../જી રે મ્હારે.../અપૂર્વ અવસર...)

સાહેલાં હે કુંથુ જિનેશ્વર! દેવ,
રત્નદીપક અતિ દીપતો હો લાલ;
સાહેલાં હે મુજ મનમાંહે,
આવે જો અરિબલ જીપતો હો લાલ. સા૦॥૧॥

સાહેલાં હે મીટે તો મોહ અંધકાર,
અનુભવ તેજે ઝળહળે હો લાલ;
સાહેલાં હે ધૂમ કષાય ન રખે,
ચરણ ચિત્રામણ નવિ ચલે હો લાલ. સા૦॥૨॥

સાહેલાં હે પાત્ર કરે નહિ હેઠ,
સૂરજ તેજે નવિ છીપે હો લાલ;
સાહેલાં હે સર્વ તેજનું તેજ,
પહેલાંથી વાધે પછે હો લાલ. સા૦॥૩॥

સાહેલાં હે જેહ ન સમીરને ગમ્ય,
ચંચલતા જે નવિ લહે હો લાલ;
સાહેલાં હે જે સદા છે રમ્ય,
પુષ્ટ ગુણે નવિ કૃશ રહે હો લાલ. સા૦॥૪॥

સાહેલાં હે પુદ્ગલ તેલ ન ખેપ,
જેહ ન શુદ્ધ દશા દહે રે લાલ;
સાહેલાં હે શ્રી નયવિજય સુશિષ્ય,
'વાચક યશ' એણી પેરે કહે રે લાલ. સા૦॥૫॥

થોય

કુંથુજિન નાથ, જે કરે છે સનાથ, તારે ભવપાથ, જે ગ્રહી ભવ્ય હાથ;
એહનો તજે સાથ, બાવળ દીએ બાથ, તરે સુરનર સાથ, જે સુણે એક ગાથ.

શ્રી અરનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) નાગપુરે અર જિનવરું...

નાગપુરે અર જિનવરું, સુદર્શન નૃપ નંદ;
દેવી માતા જનમીયો, ભવિજન સુખકંદ. ॥૧॥
લંછન નંદાવર્ત્તનું, કાયા ધનુષ ત્રીશ;
સહસ ચોરાશી વરસનું, આયુ જાસ જગીશ. ॥૨॥
અરુજ અજર અર જિનવરું એ, પામ્યો ઉત્તમ ઠાણ;
તસ પદ **'પદ્મ'** આલંબતાં, લહીયે પદ નિરવાણ. ॥૩॥

સ્તવન

(૧) અરનાથકું સદા મોરી વંદના...

(રાગ : વંદના વંદના વંદના રે.../સિદ્ધાચલ શિખરે...)

વંદના વંદના વંદના રે, અરનાથકું સદા મોરી વંદના રે..!
વંદના તે પાપનિકંદના રે, જગનાથકું સદા મોરી વંદના રે. ॥૧॥
જગ ઉપકારી ઘન જ્યોં વરસે, વાણી શીતલ ચંદના રે. ॥૨॥
રુપે રંભા રાણી શ્રીદેવી, ભૂપ સુદર્શન નંદના રે. ॥૩॥
ભાવભગતિશું અહનિશ સેવે, દુરિત હરે ભવફંદના રે. ॥૪॥
છ ખંડ સાધી ભીતી દ્વિધા કીધી, દુર્જય શત્રુ નિકંદના રે. ॥૫॥
'ન્યાયસાગર' પ્રભુ સેવા મેવા, માગે પરમાનંદના રે. ॥૬॥

(૨) અર જિનવર દીયે દેશના...

(રાગઃ સંભવ જિનવર વિનતી.../ગિરૂઆ રે ગુણ તુમ તણા...)

અર જિનવર દીયે દેશના, સાંભળજો ભવિ પ્રાણી રે;
મીઠી સુધારસ સારિખી, સુણીયે અનુભવ આણી રે. અર૦॥૧॥
આળસ મોહ અજ્ઞાનતા, વિષય પ્રમાદને છંડી રે;
તન્મય ત્રિકરણ જોગશું, ધરમ સુણો ચિત્ત મંડી રે. અર૦॥૨॥
દશ દૃષ્ટાંતે દોહિલો, નરભવનો અવતાર રે;
સુરમણિ સુરઘટ સુરતરૂ, તેહથી અધિકો ધાર રે. અર૦॥૩॥
એક અસાર સંસારમાં, ભમીયો ચેતન એહ રે;
ધર્મે વરજીત દિન ગયા, હજીય ન આવ્યો છેહ રે. અર૦॥૪॥
જ્ઞાન દર્શનમય આતમા, કર્મ પંકે અવરાણો રે;
શુદ્ધ દશા નિજ હારીને, અતિશય દોષ ભરાણો રે. અર૦॥૫॥
દોષ અનાદિથી ઉદ્ધરે, જૈન ધર્મ જગ સાર રે;
સકલ નયે જો આદરે, તો હોય ભવોદધિ પાર રે. અર૦॥૬॥
જિન આણા જે આરાધતા, વિધિપૂર્વક ઉજમાળ રે;
સાધે તે સંવર નિર્જરા, પામે મંગળ માળ રે. અર૦॥૭॥
ચક્રી ભરતે સાતમો, અઢારમો જિનરાય રે;
ઉત્તમવિજય કવિરાજનો, '**રતનવિજય**' ગુણ ગાય રે. અર૦॥૮॥

(૩) ધરમ પરમ અરનાથનો...

(રાગ : ફૂલ તુમ્હેં ભેજા.../ઊંચા-ઊંચા.../
વીર મારો આધાર હતો...)

ધરમ પરમ અરનાથનો, કિમ જાણું ભગવંત રે;
સ્વ-પર સમય સમજાવીયેં, મહિમાવંત મહંત રે. ધરમ૦॥૧॥
શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;
પરતણી છાંયડી જિહાં પડે, તે પર સમય નિવાસ રે. ધરમ૦॥૨॥

તારા નક્ષત્ર ગ્રહ ચંદ્રની, જ્યોતિ દિનેશ મોઝાર રે;
દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે. ધરમ૦॥૩॥
ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાય દૃષ્ટિ ન દીજીયે, એક જ કનક અભંગ રે. ધરમ૦॥૪॥
દર્શન જ્ઞાન ચરણ થકી, અલખ સરુપ અનેક રે;
નિર્વિકલ્પ રસ પીજીયે, શુદ્ધ નિરંજન એક રે. ધરમ૦॥૫॥
પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ધરમ૦॥૬॥
વ્યવહારે લખવો દોહીલો, કાંઈ ન આવે હાથ રે;
શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે. ધરમ૦॥૭॥
એક પખી લખ પ્રીતની, તુમ સાથે જગનાથ રે;
કૃપા કરીને રાખજો, ચરણ તલે ગ્રહી હાથ રે. ધરમ૦॥૮॥
ચક્રી ધરમ તીરથ તણો, તીરથફળ તતસાર રે;
તીરથ સેવે તે લહેં, **'આનંદઘન'** નિરધાર રે. ધરમ૦॥૯॥



(૪) પ્રણમો શ્રી અરનાથ...

(રાગ : એ મેરે વતન.../કડવાં ફળ છે.../નિરખ્યો નેમિ...)

પ્રણમો શ્રી અરનાથ, શિવપુર સાથ ખરોરી;
ત્રિભુવન જન આધાર, ભવનિસ્તાર કરોરી. ॥૧॥
કર્તા કારણ યોગ, કાર્યસિદ્ધિ લહેરી;
કારણ ચાર અનૂપ, કાર્યથી તેહ ગ્રહેરી. ॥૨॥
જે કારણ તે કાર્ય, થાયે પૂર્ણ પદેરી;
ઉપાદાન તે હેતુ, માટી ઘટ તે વદેરી. ॥૩॥
ઉપાદાનથી ભિન્ન, જે વિણુ કાર્ય ન થાયે;
ન હુવે કાર્ય રુપ, કર્તાને વ્યવસાયે. ॥૪॥

કારણ તેહ નિમિત્ત, ચક્રાદિક ઘટ ભાવે;
કારજ તથા સમવાય, કારણ નિયતને દાવે. ॥૫॥
વસ્તુ અભેદ સરુપ, કાર્યપણું ન ગ્રહેરી;
તે અસાધારણ હેતુ, કુંભે થાસ લહેરી. ॥૬॥
જેહનો નવિ વ્યાપાર, ભિન્ન નિયત બહુ ભાવી;
ભૂમિ કાળ આકાશ, ઘટ કારણ સદ્ભાવી. ॥૭॥
એહ અપેક્ષા હેતુ, આગમમાંહી કહ્યોરી;
કારણ પદ ઉત્પન્ન, કાર્ય થયે ન લહ્યોરી. ॥૮॥
કર્તા આતમ દ્રવ્ય, કાર્ય સિદ્ધિ પણોરી;
નિજ સત્તાગત ધર્મ, તે ઉપાદાન ગણોરી. ॥૯॥
યોગ સમાધિ વિધાન, અસાધારણ તેહ વદેરી;
વિધિ આચરણા ભક્તિ, જિણે નિજ કાર્ય સધેરી. ॥૧૦॥
નરગતિ પઢમ સંઘયણ, તેહ અપેક્ષા જાણો;
નિમિત્તાશ્રિત ઉપાદાન, તેહની લેખે આણો. ॥૧૧॥
નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી;
પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી. ॥૧૨॥
પુષ્ટ હેતુ અરનાથ, તેહના ગુણથી હલીયે;
રીઝ ભક્તિ બહુમાન, ભોગ ધ્યાનથી મીલીયે. ॥૧૩॥
મોટા ને ઉત્સંગ, બેઠા ને શી ચિંતા;
તિમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નિચિંતા. ॥૧૪॥
અર પ્રભુ પ્રભુતા રંગ, અંતર શક્તિ વિકાસી;
'દેવચંદ્ર'ને આણંદ, અક્ષયભોગ વિલાસી. ॥૧૫॥



(૫) પ્રભુ! તાહરો તાગ ન પામીએ...

(રાગ : હોંશવાલોં કો.../એક પંખી... /
પરમાતમ પૂરણા.../વૈષ્ણવજન...)

પ્રભુ! તાહરો તાગ ન પામીએ, ગુણ-દરિયો ઊંડો અગાધ હો;
ક્યાંયે દિલનો દિલાસો ના મળે, કોઈ બક્ષે નહિ અપરાધ હો. ॥૧॥
મુજ મનનો માનીતો તું પ્રભુ, નિસનેહી ઘણું નિરલેપ હો;
પ્રીતિ તો કિમ હી ન પાલટે, જો કીજે ક્રોડ આક્ષેપ હો. પ્રભુ૦॥૨॥
જે ભજતાં ભાવ ધરે નહિ, કિમ ભજીએ તેહ ઉલ્લાસ હો;
ન્યારાશું પ્યાર કીજે કિશ્યો, પણ મેલે નહિ મન આશ હો. પ્રભુ૦॥૩॥
જાણ આગે જણાવીએ, અમ વિનતડી વીતરાગ હો;
શું ઘણું આપ વખાણીએ, એક તુજશું મુજ મન રાગ હો. પ્રભુ૦॥૪॥
તારી મહેર નજર વિના, મુજ સેવા સફળ ન હોય હો;
જો સહેજે તમે સામું જુઓ તો, મુજને ગંજે ન કોય હો. પ્રભુ૦॥૫॥
ત્રિભુવનમાં તુજ વિણ સહી, શિર કેહને ન નમું સ્વામી હો;
ઓલગડી શ્રી અરનાથની, અવસરે આવશે કામ હો. પ્રભુ૦॥૬॥
જાણું છું વીશવાવીશ સહી, મુજ આશા ફળશે નેટ હો;
નિત્ય ચાહું '**ઉદયરત્ન**' વદે, તુજ ચરણની ભવોભવ ભેટ હો. પ્રભુ૦॥૭॥

(૬) મારા સાહિબ! શ્રી અરનાથ...

(રાગ : મારો મુજરો.../ચાર દિવસના.../
જિન! તેરે.../ઇતની શક્તિ...)

મારા સાહિબ! શ્રી અરનાથ!, અરજ સુણો એક મોરી રે;
મારા પ્રભુજી પરમ કૃપાલ, ચાકરી ચાહું તોરી રે,
ચાકરી ચાહું પ્રભુ ગુણ ગાઉં, સુખ અનંતા પાઉં રે. ॥૧॥
જિન ભગતે જે હોવે રાતા, પામે પરભવ તે સુખશાતા રે;
પ્રભુ પૂજાએ આળસુ થાતા, તે દુખિયા પરભવ જાતા રે. ॥૨॥

પ્રભુ સહાયથી પાતિક ધ્રૂજે, સારી શુભમતિ સૂઝે રે;
તે દેખી ભવિયણ પ્રતિબૂઝે, વળી કર્મરોગ સવિ રુઝે રે. ॥૩॥
સામાન્ય નરની સેવા કરતાં, તો પણ પ્રાપ્તિ થાય રે;
તો ત્રિભુવન નાયકની સેવા, નિશ્ચે નિષ્ફળ ન જાય રે. ॥૪॥
સાચી સેવા જાણી પ્રાણી, જે જિનવર આરાધે રે;
ખિમાવિજય પય પામી પુણ્યે, જશ સુખ લહે નિરાબાધે રે. ॥૫॥

(૭) શ્રી અરજિન ભવજલનો તારુ...

(રાગ : મહેંદી તેં વાવી.../મિલે મન ભીતર.../સોનામાં સુગંધ...)

શ્રી અરજિન ભવજલનો તારુ, મુજ મન લાગે વારુ રે...
મનમોહન સ્વામી!
બાહ્ય ગ્રહી જે ભવિજન તારે, આણે શિવપુર આરે રે. ॥૧॥
તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે;
પણ નવિ ભય મુજ હાથોહાથે, તારે તે છે સાથે રે. ॥૨॥
ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફળ દેઈ રે;
કાયા કષ્ટ વિના ફળ લહીએ, મનમાં ધ્યાન ધરેઈ રે. ॥૩॥
જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે;
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાયને ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણો રે. ॥૪॥
પ્રભુ પદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજા રે;
વાચક **'જસ'** કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે. ॥૫॥

થોય

અર જિનવર રાયા, જેહની દેવી માયા,
સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા;
નંદાવર્ત પાયા, દેશના શુદ્ધ દાયા,
સમવસરણ વિરચાયા, ઇન્દ્ર-ઇન્દ્રાણી ગાયા.

શ્રી મલ્લિનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) મલ્લિનાથ ઓગણીશમા...

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી;
પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ વયરી. ॥૧॥
તાત શ્રી કુંભ નરેસરું, ધનુષ પચવીસની કાય;
લંછન કળશ મંગલકરું, નિર્મમ નિર્માય. ॥૨॥
વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
'પદ્મવિજય' કહે તેહને, નમતાં શિવસુખ થાય. ॥૩॥

સ્તવન

(૧) પંચમ સુરલોકના વાસી રે...

(રાગ : ભવિ તુમે અષ્ટમી...)

પંચમ સુરલોકના વાસી રે, નવ લોકાંતિક સુવિલાસી રે;
કરે વિનંતી ગુણની રાશિ.
મલ્લિજિન! નાથજી વ્રત લીજે રે, ભવિજીવને શિવસુખ દીજે. ॥૧॥
તુમે કરુણારસ ભંડાર રે, પામ્યા છો ભવજલ પાર રે;
સેવકનો કરો રે ઉદ્ધાર. મલ્લિજિન૦॥૨॥
પ્રભુ દાન સંવત્સરી આપે રે, જગનાં દારિદ્ર દુઃખ કાપે રે;
ભવ્યત્વપણે તસ થાપે. મલ્લિજિન૦॥૩॥
સુરપતિ સઘળા મળી આવે રે, મણિ રયણ સોવન વરસાવે રે;
પ્રભુ ચરણે શીશ નમાવે. મલ્લિજિન૦॥૪॥
તીર્થોદક કુંભા લાવે રે, પ્રભુને સિંહાસન ઠાવે રે;
સુરપતિ ભક્તે નવરાવે. મલ્લિજિન૦॥૫॥

વસ્ત્રાભરણે શણગારે રે, ફૂલ માલા હૃદય પર ધારે રે;
દુઃખડાં ઇન્દ્રાણી ઉવારે. મલ્લિજિન૦॥૬॥
મળ્યા સુર નર કોડાકોડી રે, પ્રભુ આગે રહ્યા કર જોડી રે;
કરે ભક્તિ યુક્તિ મદમોડી. મલ્લિજિન૦॥૭॥
મૃગશિર સુદિની અજુઆલી રે, એકાદશી ગુણની આલી રે;
વર્યા સંયમ વધુ લટકાલી. મલ્લિજિન૦॥૮॥
દીક્ષા કલ્યાણક એહ રે, ગાતાં દુઃખ ન રહે રેહ રે;
લહે **'રુપવિજય'** જશ નેહ. મલ્લિજિન૦॥૯॥

(૨) પ્રભુ મલ્લિજિણંદ શાંતિ આપજો...

(રાગ : દ્વારાપુરીનો નેમ રાજીયો.../કર્મો લાગ્યા છે મારે...)

પ્રભુ મલ્લિ જિણંદ શાંતિ આપજો, કાપજો મારા ભવોદધિના પાપ રે;
દયાળુ દેવા! મલ્લિ જિણંદ શાંતિ આપજો... ॥૧॥
વીતરાગ દેવને વંદું સદા, બાળ બ્રહ્મચારી જગ વિખ્યાત રે. ॥૨॥
અચલ અમલ ને અકલ તું, કષાય મોહ નથી લવ લેશ રે. ॥૩॥
સર્પ ડસ્યો છે મને ક્રોધનો, રગે રગે વ્યાપ્યું તેનું વિષ રે. ॥૪॥
માન પત્થર સ્તંભ સારીખો, મને કીધો તેણે જડવાન રે. ॥૫॥
માયા ડાકણ વળગી મને, આપ વિના કોણ છોડાવનહાર રે. ॥૬॥
લોભ સાગરમાં હું પડ્યો, ઊભગ્યો છું ભવદુઃખ અપાર રે. ॥૭॥
આપ શરણે હવે આવીયો, રક્ષણ કરો મુજ જગનાથ રે. ॥૮॥
અરજ સ્વીકારી આ દાસની, **'જ્ઞાનવિમલ'** લેજો બાળ હાથ રે. ॥૯॥

(૩) મલ્લિ જિણંદ સદા નમીયે...

(રાગ : બોલો બોલો રે શાલિભદ્ર.../
ક્યું ન ભયે હમ મોર.../મારા નાથની વધાઈ...)

મલ્લિ જિણંદ... સદા નમીયે, મલ્લિજિણંદ... સદા ભજીયે.!!
પ્રભુ કે ચરણ કમલ રસ લીને, મધુકર જ્યું હુઈ કે રમીયે. ॥૧॥

નિરખી વદન શશી શ્રી જિનવરકો, નિશી વાસર સુખમેં ગમીયે. ॥૨॥
ઉજ્જ્વલ ગુણ સમરણ ચિત્ત ધરીએ, કબહું ન ભવસાયર ભમીયે. ॥૩॥
સમતા રસ મેં જ્યોં ઝીલીજે, ત્યોં રાગ દ્વેષ કો ઉપશમીયે. ॥૪॥
કહે **'જિનહર્ષ'** મુગતિ સુખ લહીયે, કઠિન કર્મ નિજ અપક્રમીયે. ॥૫॥

(૪) મલ્લિ જિણેસર મુજને તુમ મિલ્યા...

(રાગ : સંભવ જિનવર.../ઋષભ જિનેશ્વર.../
વૈષ્ણવજન તો...)

મલ્લિ જિણેસર મુજને તુમ મિલ્યા, જેહ માંહિ સુખકંદ વહાલેસર;
તે કળિયુગ અમે ગિરુઓ લેખવું, નવિ બીજા યુગ વૃંદ. વ૦॥૧॥
આરો સારો રે મુજ પાંચમો, જિહાં તુમ દરિશણ દીઠ; વ૦
મરુભૂમિ પણ થિતિ સુરતરુ તણી, મેરુ થકી હુઇ ઇઠ. વ૦॥૨॥
પંચમ આરે રે તુમ મેલાવડે, રુડો રાખ્યો રે રંગ; વ૦
ચોથો આરે રે ફિરી આવ્યો ગણું, **'વાચક જસ'** કહે ચંગ. વ૦॥૩॥

(૫) મલ્લિનાથ જગનાથ ચરણયુગ ધ્યાઈયે રે...

(રાગ : અપૂર્વ અવસર.../પ્રીતલડી બંધાણી.../
નિરખ્યો નેમિ...)

મલ્લિનાથ જગનાથ ચરણયુગ ધ્યાઈયે રે,
શુદ્ધાતમ પ્રાગ્‌ભાવ પરમપદ પાઈયે રે;
સાધક કારક ષટ્‌ક કરે ગુણ સાધના રે,
તેહિ જ શુદ્ધ સરુપ થાયે નિરાબાધના રે. ॥૧॥
કર્તા આતમદ્રવ્ય કાર્ય નિજ સિદ્ધતા રે,
ઉપાદાન પરિણામ પ્રયુક્ત તે કારણતા રે;
આતમ સંપદ દાન તેહ સંપ્રદાનતા રે,
દાતા પાત્રને દેય ત્રિભાવ અભેદતા રે. ॥૨॥

સ્વ પર વિવેચન કરણ તેહ અપાદાનથી રે,
સકળ પર્યાય આધાર સંબંધ આસ્થાનથી રે;
બાધક કારક ભાવ અનાદિ નિવારવો રે,
સાધકતા અવલંબી તેહ સમારવો રે. ॥૩॥
શુદ્ધ પણે પર્યાય પ્રવર્તન કાર્યમેં રે,
કર્તાદિક પરિણામ તે આતમ ધર્મમેં રે;
ચેતન ચૈતન્ય ભાવ કરે સમ વેતમેં રે,
સાદિ અનંતો કાળ રહે નિજ ખેતમેં રે. ॥૪॥
પર કર્તૃત્વ સ્વભાવ કરે ત્યાં લગી રે,
શુદ્ધ કાર્ય રુચિ ભાસ થયે નવિ આદરે રે;
શુદ્ધાતમ નિજ કાર્ય રુચિ કારક ફિરે રે,
તેહિ જ મૂળ સ્વભાવ ગ્રહે નિજ પદ વરે રે. ॥૫॥
કારણ કારજ રુપ અછે કારકદશા રે,
વસ્તુ પ્રગટ પર્યાય એહ મનમેં વસ્યા રે;
પણ શુદ્ધ સરુપ ધ્યાન ચેતનતા ગ્રહે રે,
તબ નિજ સાધક ભાવ સકળ કારક લહે રે. ॥૬॥
માહરું પૂર્ણાનંદ પ્રગટ કરવા ભણી રે,
પુષ્ટાલંબન રુપ સેવ પ્રભુજી તણી રે;
'દેવચંદ્ર' જિનચંદ્ર ભગતિ મનમેં ધરો રે,
અવ્યાબાધ અનંત અક્ષયપદ આદરો રે. ॥૭॥

(૬) સેવક કિમ અવગણીએ હો...

(રાગ : મેરુ શિખર.../અબ મોહે.../મુજ અવગુણ મત દેખો...)

સેવક કિમ અવગણીએ? હો, મલ્લિ જિન! એહ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દિયે, તેહને મૂલથી નિવારી. હો મલ્લિ૦॥૧॥

જ્ઞાન સ્વરુપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રિસાણી, જાતા કાણ ન આણી? હો મલ્લિ૦॥૨॥
નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરિય અવસ્થા આવી;
નિદ્રા સુપન દશા રિસાણી, જાણી ન નાથ મનાવી. હો મલ્લિ૦॥૩॥
સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર શું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી. હો મલ્લિ૦॥૪॥
હાસ્ય અરતિ રતિ શોક દુર્ગંછા, ભય પામર કરસાલી;
નો કષાય શ્રેણી ગજ ચડતાં, શ્વાન તણી ગતિ ઝાલી. હો મલ્લિ૦॥૫॥
રાગ દ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના યોધા;
વીતરાગ પરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોધા. હો મલ્લિ૦॥૬॥
વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી;
નિઃકામી કરુણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી. હો મલ્લિ૦॥૭॥
દાન વિઘન વારી સહુ જનને, અભય દાનપદ દાતા;
લાભ વિઘન જગ વિઘન નિવારી, પરમ લાભ રસ માતા. હો મલ્લિ૦॥૮॥
વીર્ય વિઘન પંડિતવીર્યે હણી, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી. હો મલ્લિ૦॥૯॥
અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા;
અવિરતિ રુપક દોષ નિરુપણ, નિર્દૂષણ મન ભાયા. હો મલ્લિ૦॥૧૦॥
ઈણવિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે;
દીનબંધુની મહેર નજરથી, '**આનંદઘન**' પદ પાવે. હો મલ્લિ૦॥૧૧॥

થોય

મલ્લિજિન નમીયે, પુરવલાં પાપ ગમીયે,
ઈન્દ્રિયના ગણ દમીયે, આણ જિનની ન ક્રમીયે;
ભવમાં નવિ ભમીયે, સર્વ પરભાવ વમીયે,
નિજ ગુણમાં રમીયે, કર્મ મલ સર્વ દમીયે.



શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન

ચૈત્યવંદન

(૧) મુનિસુવ્રત જિન વીશમા...

મુનિસુવ્રત જિન વીશમા, કચ્છપનું લંછન;
પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન. ॥૧॥
રાજગૃહી નગરી ધણી, વીશ ધનુષ શરીર;
કર્મ નિકાચિત રેણું, વજ ઉદ્દામ સમીર. ॥૨॥
ત્રીશ હજાર વરસ તણું એ, પાળી આયુ ઉદાર;
'પદ્મવિજય' કહે શિવ લહ્યાં, શાશ્વત સુખ નિરધાર. ॥૩॥

સ્તવન

(૧) આજ સફલ દિન મુજ તણો...

(રાગ : હોશવાલોં કો.../તેરે સૂર ઔર મેરે ગીત.../
આજનો ચાંદલિયો.../આંખ મારી ઊઘડે ત્યાં...)

આજ સફલ દિન મુજ તણો, મુનિસુવ્રત દીઠાં;
ભાંગી તે ભાવઠ ભવતણી , દિવસ દૂરિતના નીઠાં. ॥૧॥
આંગણે કલ્પવેલી ફળી, ઘન અમીયના વૂઠાં;
આપ માંગ્યા પાસા ઢલ્યા, સુર સમકિતી તુઠાં. ॥૨॥
નિયતિ હિત દાન સનમુખ હુઈ, સ્વ પુણ્યોદય સાથે;
'જસ' કહે સાહિબે મુગતિનું, કર્યું તિલક નિજ હાથે. ॥૩॥



(૨) ઓલગડી તો કીજે...

(રાગ : વૈષ્ણવજન...)

ઓલગડી (૨) તો કીજે શ્રી મુનિસુવ્રતસ્વામીની રે,
જેહથી નિજપદ સિદ્ધ;
કેવલજ્ઞાનાદિક ગુણ ઉલ્લસે રે, લહીયે સહજ સમૃદ્ધિ. ॥૧॥
ઉપાદાન (૨) નિજ પરિણતિ વસ્તુની રે, પણ કારણ નિમિત્ત આધીન;
પુષ્ટ અપુષ્ટ દુવિધ તે ઉપદિશ્યો રે, ગ્રાહક વિધિ આધીન. ॥૨॥
સાધ્ય (૨) ધર્મ જે માંહે હુવે રે, તે નિમિત્ત અતિ પુષ્ટ;
પુષ્પમાંહિ તિલ વાસક વાસના રે, તે નહિ પ્રધ્વંસક દુષ્ટ. ॥૩॥
દંડ (૨) નિમિત્ત અપુષ્ટ ઘડા તણો રે, નવિ ઘટતા તસુ માંહિ;
સાધક (૨) પ્રધ્વંસકતા અછે રે, તિણે નહિ નિયત પ્રવાહ. ॥૪॥
ષટ્કારક (૨) તે કારણ કાર્યનો રે, જે કારણ સ્વાધીન;
તે કર્તા (૨) સહુ કારક તે વસુ રે, કર્મ તે કારણ પીન. ॥૫॥
કાર્ય (૨) સંકલ્પે કારણદશા રે, છતી સત્તા સદ્ભાવ;
અથવા તુલ્ય ધર્મને જોઈયે રે, સાધ્યારોપણ દાવ. ॥૬॥
અતિશય (૨) કારણ કારક કરણતે રે, નિમિત્ત અને ઉપાદાન;
સંપ્રદાન (૨) કારણ પદ ભવનથી રે, કારણ વ્યય અપાદાન. ॥૭॥
ભવન (૨) વ્યય વિણ કારજ નવિ હુવે રે, જિમ દૃષદે ન ઘટત્વ;
શુદ્ધાધાર (૨) સ્વગુણનો દ્રવ્ય છે રે, સત્તાધાર સુતત્વ. ॥૮॥
આતમ (૨) કર્તા કાર્ય સિદ્ધતા રે, તસુ સાધન જિનરાજ;
પ્રભુ દીઠે (૨) કારજ રુચિ ઉપજે રે, પ્રગટે આત્મ સમાજ. ॥૯॥
વંદન (૨) નમન સેવન વળી પૂજના રે, સ્મરણ સ્તવન વળી ધ્યાન;
'દેવચંદ્ર' (૨) કીજે જગદીશનું રે, પ્રગટે પૂર્ણ નિધાન. ॥૧૦॥

(૩) દિલ ભરી દરિશન પાઉં કે...

(રાગ : વીર તારું નામ વ્હાલું લાગે.../
પાર્શ્વ ચિંતામણી મેરો.../જિન તેરે...)

દિલ ભરી દરિશન પાઉં કે, પ્રભુકો રુપ બન્યો છે;
પદ્માનંદન હરિકૃત વંદન, ચરણ કમલ બલિ જાઉં. ॥૧॥
નીલકમલ દલ કોમલ વાને, સેવન મેં ચિત્ત લાઉં. ॥૨॥
ચૂની ચૂની કલિયા ચંપક કી રે, હાથ સે માલ બનાવું. ॥૩॥
શ્રી મુનિસુવ્રત સુવ્રત સેવી, નાથ સમાન કહાઉં. ॥૪॥
'ન્યાયસાગર' પ્રભુ સુવ્રત સેવા, નિયત ફલે દિલ ભાઉં. ॥૫॥

(૪) મુનિસુવ્રત જિનરાય...

(રાગ : આજ મારા... /ઐસા ચિદ્‌રસ.../દરિશન દો...)

મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનંતી નિસુણો;
આતમતત્ત્વ ક્યું જાણું જગતગુરુ, એહ વિચાર મુજ કહિયો;
આતમતત્ત્વ જાણ્યા વિણ નિરમલ, ચિત્તસમાધિ નવિ લહિયો.॥૧॥
કેઈ અબંધ આતમતત્ત્વ માને, કિરિયા કરતો દિસે;
ક્રિયાતણું ફળ કહો કુણ ભોગવે? ઈમ પૂછ્યું ચિત્ત રીસે. મુ૦॥૨॥
જડ ચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરીખો;
સુખ દુઃખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરીખો. મુ૦॥૩॥
એક કહે નિત્ય જ આતમતત્ત્વ, આતમ દરિસણ લીણો;
કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિ હીણો. મુ૦॥૪॥
સૌગત મતરાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ મોક્ષ સુખ દુઃખ નવિ ઘટે, એહ વિચાર મન આણો. મુ૦॥૫॥
ભૂત ચતુષ્કવર્જિત આતમતત્ત્વ, સત્તા અળગી ન ઘટે;
અંધ શકટ જો નજરે ન દેખે, તો શ્યું કીજે શકટે. મુ૦॥૬॥

ઈમ અનેક વાદી મતિ વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત્વ કોઈ ન કહે. મુ૦॥૭॥
વલતું જગગુરુ ઈણિ પરે ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગદ્વેષ મોહ પખ વર્જિત, આતમશું રઢ મંડી. મુ૦॥૮॥
આતમ ધ્યાન કરે જો કોઉ, સો ફિર ઈણ મેં નાવે;
વાગજાળ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત ચાવે. મુ૦॥૯॥
જિણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત્ત્વજ્ઞાની કહીએ;
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, '**આનંદઘન**' પદ લહીએ. મુ૦॥૧૦॥

(૫) મુનિસુવ્રત જિન વંદતાં...

(રાગ : પહેલે ભવે એક ગામનો...)

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે;
વદન અનુપમ નીરખતાં, મારા ભવભવનાં દુઃખ જાય રે;
જગતગુરુ! જાગતો સુખકંદ રે...
સુખકંદ અમંદ આનંદ, પરમગુરુ! દીપતો સુખકંદ રે. ॥૧॥
નિશદિન સૂતા જાગતા, હિયડાથી ન રહે દૂર રે;
જબ ઉપકાર સંભારીએ, તબ ઊપજે આનંદ પૂર રે. ॥૨॥
પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન માય રે;
ગુણ ગણ અનુબંધી હુઆ, તે તો અક્ષય ભાવ કહાય રે. ॥૩॥
અક્ષય પદ દિયે પ્રેમથી જે, પ્રભુનું તે અનુભવ રુપ રે;
અક્ષર સ્વર ગોચર નહિ, એ તો અકલ અમાપ અરુપ રે. ॥૪॥
અક્ષર થોડા ગુણ ઘણા, સદ્ગુરુના તે ન લખાય રે;
'**વાચકજશ**' કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે. ॥૫॥

(૬) મુનિસુવ્રત મન મોહ્યું મારું...



(રાગ : જિનવર તારું શાસન.../ચાર દિવસના ચાંદરડા.../
કર્મની ગત કોને રે જાણી.../સોનામાં સુગંધ.../
મુજ અવગુણ મત.../પ્રભુ તમારા...)

મુનિસુવ્રત મન મોહ્યું મારું, શરણ ગ્રહ્યું છે તમારું;
પ્રાતઃ સમય જ્યારે હું જાગું, સ્મરણ કરું છું તમારું;
હો જિનજી! તુજ મૂરતિ મનહરણી,
ભવ સાયર જલ તરણી. હો૦॥૧॥

આપ ભરોસો આ જગમાં છે, તારો તો ઘણું સારું;
જન્મ જરા મરણો કરી થાક્યો, આશરો લીધો મેં તારો. ॥૨॥

ચું ચું ચું ચું ચિડીયાં બોલે, ભજન કરે છે તમારું;
મૂર્ખ મનુષ્ય પ્રમાદે પડ્યો રહે, નામ જપે નહિ તારું. ॥૩॥

ભોર થતાં બહુ શોર સુણું હું, કોઈ હસે કોઈ રુવે ન્યારું;
સુખિયો સૂવે ને દુખિયો રુવે, અકલ ગતિએ વિચારું. ॥૪॥

ખેલ ખલકનો બંધ નાટકનો, કુટુંબ કબીલો હું ધારું;
જ્યાં સુધી સ્વાર્થ ત્યાં સુધી સર્વે, અંત સમયે સહુ ન્યારું. ॥૫॥

માયા જાળ તણી જોઈ જાણી, જગત લાગે છે ખારું;
'ઉદયરત્ન' એમ જાણી પ્રભુ તારું, શરણ ગ્રહ્યું છે મેં સારું. ॥૬॥

(૭) શ્રી મુનિસુવ્રત સાહિબા રે...

(રાગ : તું પ્યાર કા સાગર હૈ.../વીર મને તારો.../
મુજ અવગુણ મત.../પહેલે ભવે...)

શ્રી મુનિસુવ્રત સાહિબા રે, તુજ વિના અવર હો દેવ;
નજરે દીઠા નવિ ગમે રે, કિમ કરીએ તસ સેવ;
જિનેશ્વર! મુજને તુજ આધાર, મુજને પાર ઉતાર જિનેશ્વર!
નામ તમારું સાંભરે રે, શ્વાસમાંહે સો વાર. ॥૧॥

નીરખ્યા સુર નજરે ઘણા રે, તેહશું ન મિલે તાર;
તારો તાર મિલ્યાં પખે રે, કહો કિમ વાધે પ્યાર. ॥૨॥
અંતર મન મિલ્યા વિના રે, ન ચઢે પ્રેમ પ્રમાણ;
પાયા વિના કેમ સ્થિર રહે રે, મોટા ઘર મંડાણ. ॥૩॥
જોતા મૂરતિ જેહની રે, ઉલ્લસે નજર ન આપ;
તેહવા શું જે પ્રીતડી રે, તે સામો સંતાપ. ॥૪॥
તેણે હરિહરાદિ સુર પરિહરી રે, મન ધરી તાહરી સેવ;
'દાનવિજય' તુમ દરિશને રે, હરખ હોય નિત્યમેવ. ॥૫॥

થોય

મુનિસુવ્રત નામે, જે ભવિ ચિત્ત કામે,
સવિ સંપત્તિ પામે, સ્વર્ગના સુખ જામે;
દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે,
સવિ કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ ધામે.





ચૈત્યવંદન

(૧) મિથિલા નયરી રાજીયો...

મિથિલા નયરી રાજીયો, વપ્રા સુત સાચો;
વિજયરાય સુત છોડીને, અવર મત માચો. ॥૧॥
નીલકમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ;
નમિ જિનવરનું સોહતું, ગુણ ગણ મણિગેહ. ॥૨॥
દશ હજાર વરસ તણું એ, પાળ્યું પરગટ આય;
'પદ્મવિજય' કહે પુણ્યથી, નમીયે તે જિનરાય. ॥૩॥

સ્તવન

(૧) એકવીસમા જિન આગલેજી...

(રાગ : દીન દુખિયાનો.../આજ મારા પ્રભુજી.../ઊંચા ઊંચા...)

એકવીસમા જિન આગલેજી, અરજ કરું કરજોડ;
આઠ અરિએ મુજ બાંધિયોજી, તે ભવ બંધન તોડ;
પ્રભુજી! પ્રેમ ધરીને આજ, અવધારો અરદાસ. ॥૧॥
એ અરિથી અળગા રહ્યાજી, અવર ન દીસે દેવ;
તો કિમ તેહને યાચીએજી, કિમ કરું તેહની સેવ. ॥૨॥
હાસ્ય વિલાસ વિનોદમાંજી, લીન રહે સુર જેહ;
આપે અરિગણ વશ પડ્યાજી, અવર ઉગારે કિમ તેહ. ॥૩॥
છત હોય તિહાં યાચીએજી, અછતે કિમ સરે કાજ?
યોગ્યતા વિણ જાંચતાંજી, પોતે ગુમાવે લાજ. ॥૪॥
નિશ્ચય છે મન માહરેજી, તુજથી પામીશ પાર;
પણ ભૂખ્યો ભોજન સમેજી, ભાણે ન ટકે લગાર. ॥૫॥

તે માટે કહું તુમ ભણીજી, વેગે કીજે સાર;
આખર તુમહિ જ આપશોજી, તો શી કરો હવે વાર. ॥૬॥
મોટાના મનમાં નહીંજી, અર્થી ઉતાવળો થાય;
શ્રી ખિમાવિજય ગુરુનામથીજી, જગ **'જશ'** વાંછિત થાય. ॥૭॥

(૨) દિલભર દરશન પાઉં રે...

(રાગ : ઐસા ચિદ્‌રસ.../ પાર્શ્વ ચિંતામણી.../ આઈ બસો...)

દિલભર દરશન પાઉં રે...
પ્રભુજી કી જ્યોત બની હૈ અનુપમ, નિરખત હર્ષિત થાઉં. પ્ર૦॥૧॥
શ્રી નમિનાથ વદનકી શોભા, આભા કિણ મેં ન પાઉં. પ્ર૦॥૨॥
શીતલવાણી અંગ શીતલ હૈ, શીતલ દરિશણ ચાહું. પ્ર૦॥૩॥
પ્રભુ મુખ નિરખત રોહિણી વલ્લભ, શીતલ ચંદ ઠરાઉં. પ્ર૦॥૪॥
ચરણ ધરંતે શીતલ પંકજ, દ્રવ્ય સે ભાવ બનાઉં રે. પ્ર૦॥૫॥
સમકિત સુંદર મંદિર ઘટ મેં, પ્રભુ ગુણ ઘંટ બજાઉં રે. પ્ર૦॥૬॥
શ્રી **'શુભવીર'** કહે સુણસુંદરી! કેવલ ભાવ જગાઉં રે. પ્ર૦॥૭॥

(૩) મુજ મન પંકજ ભમરલો...

(રાગ : મેરે નૈના.../આજ મારા પ્રભુજી...)

મુજ મન પંકજ ભમરલો, શ્રી નમિજિન જગદીશો રે;
ધ્યાન ધરું નિત્ય તુમ તણું, નામ જપું નિશદિશો રે. ॥૧॥
ચિત્ત થકી કદીયે ન વીસરે, દેખિયે આગળ ધ્યાને રે;
અંતર તાપથી જાણીએ, દૂર રહ્યા અનુમાને રે. ॥૨॥
તું ગતિ તું મતિ આશરો, તુંહિ જ બાંધવ મોટો રે;
વાચક **'જસ'** કહે તુજ વિના, અવર પ્રપંચ તે ખોટો રે. ॥૩॥

(૪) શ્રી નમિજિનની સેવા કરતાં...

(રાગ : વીર મને તારો... / મેરા જીવન કોરા.../વૈષ્ણવજન...)

શ્રી નમિજિનની સેવા કરતાં, અલિય વિઘન સવિ દૂર નાસેજી;
અષ્ટમહાસિદ્ધિ નવનિધિ લીલા, આવે બહુ મહમુર પાસેજી. ॥૧॥
મયમત્તા ગય અંગણ ગાજે, રાજે તેજી તુખાર તે ચંગાજી;
બેટા બેટી બંધવ જોડી, લહીએ બહુ અધિકાર રંગાજી. ॥૨॥
વલ્લભ સંગમ રંગ લહીજે, અણવાહલા હોય દૂર સહેજેજી;
વાંછા તણો વિલંબ ન દૂજો, કારજ સીઝે ભૂરી લહેજેજી. ॥૩॥
ચંદ્રકિરણ ઉજ્જવલ યશ ઉલસે, સૂરજ તૂલ્ય પ્રતાપી દીપેજી;
જે પ્રભુભક્તિ કરે નિત્ય વિનયે, અરિયણ બહુ પ્રતાપે ઝીપેજી. ॥૪॥
મંગલમાલા લચ્છી વિશાલા, બાલા બહુલે પ્રેમરંગેજી;
શ્રી '**નયવિજય**' વિબુધ પય સેવક, કહે લહીએ સુખ પ્રેમ અંગેજી. ॥૫॥

(૫) શ્રી નમિ જિનવર સેવ ઘનાઘન...

(રાગઃ પ્રીતલડી બંધાણી.../
દીઠો સુવિધિ.../અપૂર્વ અવસર...)

શ્રી નમિ જિનવર સેવ ઘનાઘન ઉનમ્યો રે,
દીઠા મિથ્યારોરવે રે, ભવિક ચિત્તથી ગમ્યો રે;
શુચિ આચરણા રીતિ તે અભ્ર વધે વડા રે,
આતમ પરિણતિ શુદ્ધ તે વિજ ઝબુકડા રે. ॥૧॥
વાજે વાયુ સુવાયુ તે પાવન ભાવના રે,
ઇંદ્ર ધનુષ ત્રિક યોગ તે ભક્તિ ઈક મના રે;
નિર્મળ પ્રભુ સ્તવ ઘોષ ધ્વનિ ઘનગર્જના રે.
તૃષ્ણા ગ્રીષ્મ કાળ તાપની તર્જના રે. ॥૨॥
શુભ લેશ્યાની આલિ તે બગ પંક્તિ બની રે,
શ્રેણી સરોવર હંસ વસે શુચિ ગુણ મુનિ રે;

ચઉગતિ મારગ બંધ ભવિક નિજ ઘર રહ્યા રે,
ચેતન સમતા સંગ રંગમેં ઉમહ્યાં રે. ॥૩॥
સમ્યગ્દષ્ટિ મોર તિહાં હરખે ઘણું રે,
દેખી અદ્‌ભુત રુપ પરમ જિનવર તણું રે;
પ્રભુ ગુણનો ઉપદેશ તે જલધારા વહી રે,
ધર્મ રુચિ ચિત્ત ભૂમિ માંહિ નિશ્ચય રહી રે. ॥૪॥
ચાતક શ્રમણ સમૂહ કરે તવ પારણો રે,
અનુભવ રસ આસ્વાદ સકળ દુઃખ વારણો રે;
અશુભાચાર નિવારણ તૃણ અંકુરતા રે,
વિરતી તણો પરિણામ તે બીજની પૂરતાં રે. ॥૫॥
પંચ મહાવ્રત ધાન્ય તણા કરસણ વધ્યા રે,
સાય ભાવ નિજ થાપી સાધનતાએ સાધ્ય રે;
ક્ષાયિક દર્શન જ્ઞાન ચરણ ગુણ ઉપના રે,
આદિક બહુ ગુણ શસ્ય આતમ ઘર નીપના રે. ॥૬॥
પ્રભુ દરિસણ મહા મેહ તણે પ્રવેશમેં રે,
પરમાનંદ સુભિક્ષ, થયો મુઝ દેશમેં રે;
દેવચંદ્ર જિનચંદ્ર તણો, અનુભવ કરો રે,
આદિ અનંતો કાલ, આતમ સુખ અનુસરો રે. ॥૭॥



(૬) શ્રી નમિનાથને ચરણે નમતાં...

(રાગ : વિરતિધરનો વેષ... / સોનાના પારણિયે.../
એવું લાગે છે.../ચાર દિવસનાં...)

શ્રી નમિનાથને ચરણે નમતાં, મનગમતાં સુખ લહિયે રે;
ભવ જંગલમાં ભમતાં ભમતાં, કર્મ નિકાચિત દહિયે રે. ॥૧॥
સમકિત શિવપુર માંહી પહોંચાડે, સમકિત ધરમ આધાર રે;
શ્રી જિનવરની પૂજા કરીએ, એ સમકિતનો સાર રે. ॥૨॥

જે સમકિતથી હોય ઉપરાંઠા, તેહના સુખ જાયે નાઠાં રે;
જે કહે જિનપૂજા નવિ કીજે, તેહનું નામ ન લીજે રે. ॥૩॥
વપ્રા રાણીનો સુત પૂજો, જિમ સંસારે ન ઘૂજો રે;
ભવજલ તારક કષ્ટ નિવારક, નહિ કોઈ એહવો દૂજો રે. ॥૪॥
શ્રી કીર્તિવિજય ઉવજ્ઝાયનો સેવક, '**વિનય**' કહે પ્રભુ સેવો રે;
ત્રણ તત્ત્વ મનમાંહી અવધારી, વંદો અરિહંત દેવો રે. ॥૫॥

(૭) ષટ્દરશણ જિન અંગ ભણીજે...

(રાગ : આજ મનોરથ.../ આશાભરી.../વૈષ્ણવજન...)

ષટ્દરશણ જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ્દરશણ આરાધે રે. ॥૧॥
જિન સુર પાદપ પાય વખાણું, સાંખ્ય યોગ દોય ભેદે રે;
આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે. ॥૨॥
ભેદ અભેદ સુગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજીએ, ગુરુગમથી અવધારી રે. ॥૩॥
લોકાયતિક કૂખ જિનવરની, અંશ વિચાર જો કીજે રે;
તત્ત્વવિચાર સુધારસ ધારા, ગુરુગમ વિણ કિમ પીજે રે. ॥૪॥
જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે. ॥૫॥
જિનવરમાં સઘળા દરિશણ છે, દર્શન જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટીની સહી, તટીની સાગર ભજના રે. ॥૬॥
જિન સરુપ થઈ જિન આરાધે, તે સહિ જિનવર હોવે રે;
ભૃંગી ઈલિકાને અટકાવે, તે ભૃંગી જગ જુવે રે. ॥૭॥
ચૂર્ણી ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;
સમય પુરુષના અંગ કહ્યા એ, જે છેદે તે દૂર ભવી રે. ॥૮॥

મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયા અવંચક ભોગે રે. ॥૯॥
શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિલે રે;
ક્રિયા કરી નવિ સાધી શકીએ, વિખવાદ ચિત્ત સઘળે રે. ॥૧૦॥
તે માટે ઊભા કર જોડી, જિનવર આગળ કહીએ રે;
સમય ચરણ સેવા શુચિ દેજો, જિમ '**આનંદઘન**' લહીએ રે. ॥૧૧॥

થોય

નમીએ નમિ નેહ, પુણ્ય થાયે જ્યું દેહ,
અઘ સમુદય જેહ, તે રહે નાહીં રેહ;
લહે કેવલ તેહ, સેવના કામ એહ,
લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ.



तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ!
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,
तुभ्यं नमो जिन! भवोदधि–शोषणाय ॥

શ્રી નેમિનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) નેમિનાથ બાવીશમાં...

નેમિનાથ બાવીશમાં, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય. ॥૧॥
દશ ધનુષની દેહડી,આયુ વરસ હજાર;
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર. ॥૨॥
શૌરીપુરી નયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ **'પદ્મ'**ને, નમતાં અવિચલ ઠાણ. ॥૩॥

(૨) અપરાજિતથી આવિયા...

અપરાજિતથી આવિયા, કાર્તિક વદિ બારસ;
શ્રાવણ સુદિ પંચમી જણ્યા, યાદવ અવસંત. ॥૧॥
શ્રાવણ સુદિ છટ્ઠે સંજમી, આસો અમાવસ નાણ;
સુદિ અષાઢની આઠમે, શિવસુખ લહે રસાલ. ॥૨॥
અરિષ્ટ નેમિ અણ પરણિયા એ, રાજીમતીના કંત;
'જ્ઞાનવિમલ' ગુણ એહના, લોકોત્તર વૃત્તાંત. ॥૩॥

(૩) નેમિ જિનેસર નિયમથી...

નેમિ જિનેસર નિયમથી, નમતા નવ નિધિ;
સકલ પદારથ પૂરવે, સેવ્યો દીએ સિદ્ધિ. ॥૧॥
નિરાગીમાં લીહ દીહ, રયણી દિલ મોરે;
રસિયા મન અલી માહરો, પદ કમલે તોરે. ॥૨॥

તું માતા ત્રિભુવન ધણીએ, નિજ સેવક સંભાળ;
'રામવિજય' જિન નામથી, લહીયે સુખ રસાળ. ॥૩॥

સ્તવન



(૧) નિરખ્યો નેમિ જિણંદને...

(રાગ : તું મને ભગવાન.../આંખડી મારી...)

નિરખ્યો નેમિ જિણંદને, અરિ૦, રાજીમતી કર્યો ત્યાગ, ભગ૦,
બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો, અરિ૦, અનુક્રમે થયા વીતરાગ. ભગ૦ ॥૧॥
ચામર ચક્ર સિંહાસન, અરિ૦, પાદ પીઠ સંયુત, ભગ૦,
છત્ર ચાલે આકાશમાં, અરિ૦, દેવદુંદુભિ વર યુત્ત. ભગ૦ ॥૨॥
સહસ જોયણ ધ્વજ સોહતો, અરિ૦, પ્રભુ આગળ ચાલંત, ભગ૦,
કનક કમલ નવ ઉપરે, અરિ૦, વિચરે પાય ઠવંત. ભગ૦ ॥૩॥
ચાર મુખે દિયે દેશના, અરિ૦, ત્રણ ગઢ ઝાકઝમાળ, ભગ૦,
કેશ રોમ શ્મશ્રુ નખા, અરિ૦, વાધે નહિ કોઈ કાલ. ભગ૦ ॥૪॥
કાંટા પણ ઊંધા હોયે, અરિ૦, પંચ વિષય અનુકૂલ, ભગ૦,
ષટ્ ઋતુ સમકાળે ફળે, અરિ૦, વાયુ નહિ પ્રતિકૂળ. ભગ૦ ॥૫॥
પાણી સુગંધ સુર કુસુમની, અરિ૦, વૃષ્ટિ હોય સુરસાલ, ભગ૦,
પંખી દિયે સુપ્રદક્ષિણા, અરિ૦, વૃક્ષ નમે અસરાલ. ભગ૦ ॥૬॥
જિન ઉત્તમ પદ **'પદ્મ'**ની, અરિ૦, સેવા કરે સુરકોડી, ભગ૦,
ચાર નિકાયના જઘન્યથી, અરિ૦, ચૈત્યવૃક્ષ તેમ જોડી. ભગ૦ ॥૭॥



(૨) અરજ સુણો હો નેમ નગીના...

(રાગ : ચાંદી જૈસા રંગ.../રીઝો રીઝો.../ઊંચા-ઊંચા...)

અરજ સુણો હો નેમ નગીના, રાજુલના ભરથાર;
ભજ લો ભજ લો હો જગના પ્રાણી, ભજો સદા કિરતાર. ॥૧॥

જાન લઈને આવ્યા ત્યારે, હર્ષ તણો નહિ પાર;
પશુ તણો પોકાર સુણીને, પાછા વળ્યા તત્કાલ. ॥૨॥
રાજુલ ગોખે રાહ નીરખતી, રડતી આંસુ ધાર;
પિયુજી મારા કેમ રિસાયા, મુજ હૈયાના હાર. ॥૩॥
નેમ બન્યા તીર્થંકર સ્વામી, બાવીસમા જિનરાજ;
માયા છોડી મનડું સાધ્યું, નમો નમો શિરતાજ. ॥૪॥
નેમિ નિરંજન નાથ હમારા, અમ નયનોના તારા;
બાળક તુમ ભક્તિને માટે, રડતો આંસુ ધારા. ॥૫॥
પરદુઃખભંજન નાથ નિરંજન, જગપાલક કિરતાર;
'જ્ઞાનવિમલ' કહે ભવ સિન્ધુથી, મુજને પાર ઉતાર. ॥૬॥

(3) અષ્ટ ભવાંતર વાલહો રે...

(રાગ : મુશ્કિલ ડગર છે... / આ ધારા તો પુણ્યની ધારા છે.../
એ મેરે વતન.../પહેલે ભવે...)

અષ્ટ ભવાંતર વાલહો રે, તું મુજ આતમરામ, મનરા વહાલા;
મુગતિ નારીશું આપણે રે, સગપણ કોઈ ન કામ.
ઘર આવો હો વાલમ ઘર આવો, મારી આશાના વિસરામ;
રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન માહરા મનોરથ સાથ. ॥૧॥
નારી પખે શો નેહલો રે, સાચ કહે જગનાથ;
ઈશ્વર અરધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ. ॥૨॥
પશુજનની કરુણા કરી રે, આણી હૃદય મોઝાર;
માણસની કરુણા નહિ રે, એ કુણ ઘર આચાર. ॥૩॥
પ્રેમ કલ્પતરુ છેદિયો રે, ધરીયો યોગ ધતૂર;
ચતુરાઈરો કુણ કહે રે, ગુરુ મિલિઓ જગશૂર. ॥૪॥
માહરું તો એમાં કશું નહિ રે, આપ વિચારો રાજ;
રાજસભામાં બેસતાં રે, કીસકી વધસે લાજ. ॥૫॥

પ્રેમ કરે જગ જન સહુ રે, નિરવાહે તે ઓર;
પ્રીત કરીને છાંડી દે રે, તેહ શું ચાલે ન જોર. ॥૬॥
જો મનમાં એહવું હતું રે, નિસપતિ કરત ન જાણ;
નિસપતિ કરીને છાંડતા રે, માણસ હુવે નુકસાન. ॥૭॥
દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વાંછિત પોષ;
સેવક વાંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. ॥૮॥
સખી કહે એ 'શામળો' રે, હું કહું લક્ષણ શ્વેત;
ઇણી લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત. ॥૯॥
રાગીશું રાગ સહુ કરે, વૈરાગીથી શો રાગ;
રાગ વિના કિમ દાખવો રે, મુગતિ સુંદરી માગ. ॥૧૦॥
એક ગુહ્ય ઘટતું નહિ રે, સઘલોય જાણે લોગ;
અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગત શોગ. ॥૧૧॥
જિણ જોણે તુજને જોઉં રે, તિણ જોણે જુવો રાજ;
એક વાર મુજને જુવો રે, તો સીઝે મુજ કાજ. ॥૧૨॥
મોહ દશા ધરી ભાવતાં રે, ચિત લહે તત્ત્વ વિચાર;
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. ॥૧૩॥
સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ;
આશય સાથે ચાલીયે રે, એહ જ રુડું કામ. ॥૧૪॥
ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમનાથ ભરથાર;
ધારણ પોષણ તારણો રે, નવસર મુગતાહાર. ॥૧૫॥
કારણરુપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ;
કૃપા કરી પ્રભુ દીજીયે રે, '**આનંદઘન**' પદ રાજ. ॥૧૬॥

(૪) એકવાર બોલો મારાં નાથ...

(રાગ : તું પ્રભુ મારો.../મથુરામાં ખેલ...)

એકવાર બોલો મારાં નાથ, અબોલડાં શાનાં લીધાં છે રાજ...
શાના લીધાં છે (૨) હૈયામાં રહી ગઈ હામ. ॥૧॥
સમુદ્રવિજય કુલદીપક, પ્રભુજી શિવાદેવી કેરા નંદ. ॥૨॥
આઠ ભવોની પ્રીત ગયા ચૂકી, નવમેં વિસાર્યા કા નેમ. ॥૩॥
જાન જોડીને પ્રભુ જગતે આવ્યા, સાથે મોરારિ ને લાવ્યા. ॥૪॥
રાજુલ ત્યાગી ગયા ગિરનાર, પશુડાંનાં સુણી પોકાર. ॥૫॥
સંયમ લઈ પ્રભુ મોક્ષે સિધાવ્યાં, આવાગમન નિવાર. ॥૬॥
રાજુલ રાણી પ્રીત પુરાની, મળ્યા જઈ મોક્ષને દ્વાર. ॥૭॥
'માનવિજય' કહે વંદના હમારી, આ ભવ પાર ઉતાર. ॥૮॥

(૫) ગઢ ગિરનારે જઈ રહ્યા રે...

(રાગ : વિરતિધરનો.../ચાંદી જૈસા રંગ હૈ તેરા...)

ગઢ ગિરનારે જઈ રહ્યા રે, યાદવ નેમકુમાર;
વિરહ વચન બોલે ઈશ્યા, રાજીમતી તવ નાર;
સુણજો સૈયરો રે વહાલા... મુજ હૈયાના હાર. ॥૧॥
પગલા પિયુના પંખી જડી જડી, લાગી રે નયણા;
માહરે તીખા તીર જટ પટ, લાગી રે મહાણા. ॥૨॥
તોરણ આવ્યા નેમજી રે, પાછા વળ્યા કેમ;
કપટ કર્યું પરણ્યાતણું રે, બાજીગર પરે જેમ. ॥૩॥
કરુણા કીધી પંખિયા તણી રે, નવ કીધી મુજ સાર;
તો પણ સાચી પતિવ્રતા રે, તેહીજ તારી નાર. ॥૪॥
અષ્ટ ભવાંતર નેહલો રે, નવમે ભવે દીધો છેહ;
કેડ ન છોડું તાહરો રે, જેમ છાયાને દેહ. ॥૫॥

એમ કહેતી પહોતિ પિયા રે, પિયું પાસે લિયે દીક્ષા;
રહનેમી પણ બુઝવ્યા રે, દેઈ હિતની શિક્ષા. ॥૬॥
યાદવ કુલ ચૂડામણિ રે, ધન ધન રાજુલ નેમ;
'જ્ઞાનવિમલ' કહે એહનો રે, સાચો પૂરણ પ્રેમ. ॥૭॥

(૬) જઈને રહેજો મારા વાલાજી રે...

(રાગ : આવો તો રમવાને.../રીઝો રીઝો.../
તમે આંખે.../તેરે અહેસાન...)

જઈને રહેજો મારા વાલાજી રે, શ્રી ગિરનારની ગોખમાં; જઈને૦
અમે પણ તિહાં આવશું મારા વાલાજી રે, જિહાં રે પામીશું જોગ.॥૧॥
જાન લઈ જૂનાગઢે, મારા૦ આવ્યા તોરણ આપ; જઈને૦
પશુડા પેખી પાછા વળ્યા, મારા૦ જાતા ન દીધો જવાબ. ॥૨॥
સુંદર આપણે સાહિબા, મારા૦ જોતા નહિ મલે જોડ; જઈને૦
બોલ્યા અણબોલ્યા કરે, મારા૦ શી વાતે તમને ખોડ. ॥૩॥
હું રાગી તું વૈરાગી, મારા૦ જગમાં જાણે સહુ કોઈ; જઈને૦
રાગી તો લાગી રહે, મારા૦ વૈરાગી રાગી ન હોય. ॥૪॥
વર બીજો હું નવિ વરું, મારા૦ સઘળા મેલી સંવાદ; જઈને૦
મોહનિયાને જઈ મલું, મારા૦ મોટા સાથે શો વાદ. ॥૫॥
ગઢ તો એક ગિરનાર છે, મારા૦ નાથ એક શ્રી નેમ; જઈને૦
રમણી એક રાજીમતી, મારા૦ પૂરો પાડ્યો જેણે પ્રેમ. ॥૬॥
વાચક **'ઉદય'**ને વંદના, મારા૦ માની લેજો મહારાજ; જઈને૦
નેમ રાજુલ મુક્તિ વર્યા, મારા૦ સાર્યા આતમ કાજ. ॥૭॥

(૭) તોરણ આવી રથ ફેરી ગયા રે હાં...

(રાગ : એક દિન પુંડરીક.../જનનીની જોડ.../
મારા વ્હાલા પ્રભુ.../સૂરજમંડન.../વૈષ્ણવજન...)

તોરણ આવી રથ ફેરી ગયા રે હાં, પશુઆં દેઈ શિર દોષ મેરે વાલમા;
નવ ભવ નેહ નિવારિયો રે હાં, શો જોઈ આવ્યા જોષ. મેરે૦॥૧॥
ચંદ્ર કલંકી જેહથી રે હાં, રામને સીતા વિયોગ; મેરે૦
તેહ કુરંગને વયણડે રે હાં, પતિ આવે કુણ લોગ. મેરે૦॥૨॥
ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધુતારી હેત; મેરે૦
સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહશું કવણ સંકેત. મેરે૦॥૩॥
પ્રીત કરંતા સોહિલી રે હાં, નિર્વહંતા જંજાલ; મેરે૦
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનની ઝાલ. મેરે૦॥૪॥
જો વિવાહ અવસર દિયો રે હાં, હાથ ઉપર નવિ હાથ; મેરે૦
દીક્ષા અવસર દિજીયે રે હાં, શિર ઉપર જગનાથ. મેરે૦॥૫॥
ઈમ વલવલતી રાજુલ ગઈ રે હાં, નેમિ કને વ્રત લીધ; મેરે૦
વાચક **'યશ'** કહે પ્રાણમીએ રે હાં, એ દંપતી દોય સિદ્ધ. મેરે૦॥૬॥

(૮) દેખત હી ચિત્ત ચોર લિયો હે...

(રાગ : અબ મોહે ઐસી.../માલકોંશ.../જ્યોતશું જ્યોત.../
દરિશન દો.../પાર્શ્વ ચિંતામણિ...)

દેખત હી ચિત્ત ચોર લિયો હે, દેખત હી ચિત્ત ચોર લિયો;
શામકો નામ રુચત મોહિ અહનિશી, શામ બિના કહાં કાજ જિયો. ॥૧॥
સિદ્ધિ વધૂકે લિયે મુજ છોડી, પશુઅનકો શિર દોષ દિયો;
પરકી પીડ જો જાનત તાસો, વૈર વસાયો ન નેહ કિયો. ॥૨॥
પ્રાણ ધરત મેં પ્રાણપ્રિય બિન, વજસે ભી મોહિ કઠિન હિયો;
'જસ' પ્રભુ નેમિ મિલે દુઃખ ડાર્યો, રાજુલ શિવ સુખ રસ પિયો. ॥૩॥

(૯) દેખો માઈ! અજબ રુપ જિનજી કો...

(રાગ : જિન! તેરે ચરણ કી... / મૈયા મોરી મૈં નહીં માખણ...)

દેખો માઈ! અજબરુપ જિનજી કો,દેખો માઈ! અજબ૦!
ઉનકે આગે ઓર સબહું કો, રુપ લાગે મોહે ફીકો... ॥૧॥
લોચન કરુણા અમૃત કચોલે, મુખ સોહે અતિ નીકો... ॥૨॥
કવિ '**જશવિજય**' કહે યોં સાહિબ, નેમજી ત્રિભુવન ટીકો... ॥૩॥

(૧૦) દ્વારાપુરીનો નેમ રાજિયો...

(રાગ : કર્મો લાગ્યા છે...)

દ્વારાપુરીનો નેમ રાજિયો, તજી છે જેણે રાજુલ જેવી નાર રે;
ગિરનારી નેમ! સંયમ લીધો છે બાલાવેશમાં... ॥૧॥
મંડપ રચ્યો છે મધ્ય ચોકમાં, જોવા મળ્યું છે દ્વારાપુરીનું લોક રે. ગિ૦॥૨॥
ભાભીએ મેણાં મારિયાં, પરણે વ્હાલો શ્રીકૃષ્ણનો વીર રે. ગિ૦॥૩॥
ગોખે બેસીને રાજુલ જોઈ રહ્યાં, ક્યારે આવે જાદવકુલનો દીપ રે. ગિ૦॥૪॥
નેમજી તે તોરણ આવિયા, સુણી કાંઈ પશુનો પોકાર રે. ગિ૦॥૫॥
સાસુએ નેમજીને પોંખિયાં, વ્હાલો મારો તોરણ ચઢવા જાય રે. ગિ૦॥૬॥
નેમજીએ સાળાને બોલાવીયા, શાને કરે છે પશુડાં પોકાર રે. ગિ૦॥૭॥
રાતે રાજુલ બેની પરણશે, સવારે દેશું ગોરવના ભોજન રે. ગિ૦॥૮॥
નેમજીએ રથ પાછો વાળીયો, જઈ ચઢ્યા ગઢ ગિરનાર રે. ગિ૦॥૯॥
રાજુલ બેની રુવે ધ્રુસકે, રુવે રુવે કાંઈ દ્વારાપુરીનાં લોક રે. ગિ૦॥૧૦॥
વીરાએ બેનીને સમજાવિયા, અવર દેશું નેમ સરીખો ભરથાર રે. ગિ૦॥૧૧॥
પિયુ તે નેમ એક ધારિયા, અવર દેખું ભાઈ ને બીજા બાપ રે. ગિ૦॥૧૨॥
જમણી આંખે શ્રાવણ સરવરે, ડાબી આંખે ભાદરવો ભરપૂર રે. ગિ૦॥૧૩॥
ચીર ભીંજાય રાજુલ નારનાં, વાગે છે કાંઈ કંટક અપાર રે. ગિ૦॥૧૪॥
હીરવિજય ગુરુ હીરલો, '**લબ્ધિવિજય**' કહે કરજોડ રે. ગિ૦॥૧૫॥
નેમિ તીર્થંકર બાવીસમાં, સખીઓ કહે ના મળે એની જોડ રે. ગિ૦॥૧૬॥

(૧૧) નેમજી રે... તોરણે આવી...



(રાગ : બેના રે.../આજ મનોરથ.../ચાર દિવસના...)

નેમજી રે... તોરણે આવી આમ પાછા ન જવાય;
કુંવારી કન્યા રાણી રાજુલ કહેવાય (૨)
પ્રભુ ગુણ ગાય, સામે જ જવાય... ॥૧॥
આઠ ભવોની પ્રીતલડી, નવમે ભવે ના છોડાય (૨);
બાળબ્રહ્મચારી રાજુલ બાળા, વીનવે નેમજીને પાય (૨);
નેમજી રે... પાછા વળીને આજ ગ્રહો મારો હાથ. ॥૨॥
પશુઓનો પોકાર સુણીને, રથને પાછો વાળ્યો (૨);
ધ્રુસકે રુવે રાજુલ રાણી, ધરતી પટે ઢળાણી (૨);
નેમજી રે... પાછા વળીને તિહાં દીધું વરસીદાન. ॥૩॥
પંચાવન મેં દિન પ્રભુજી, પામ્યા કેવળજ્ઞાન (૨);
સુણી વધામણી રાજુલબાળા, નેમજીને શરણે જાય (૨);
નેમજી રે... દીક્ષા આપી કર્મ ખપાવી ભવોભવ તારી કહેવાય. ॥૪॥
કેવળ કલ્યાણક જે કોઈ ગાશે, લેશે મુક્તિના રાજ (૨);
નેમજી પહેલાં, પહોંચ્યા રાજુલ, મુક્તિના માર્ગે જાય (૨);
નેમજી રે હીરવિજય ગુરુ હીરલો ને '**વીરવિજય**' ગુણગાય. ॥૫॥

(૧૨) નેમિ જિનેશ્વર નિજ કારજ કર્યો...



(રાગ : ચરણોમેં તેરે રહેકર.../વૈષ્ણવજન.../
મૈત્રી ભાવનું.../સૂરજ મંડણ...)

નેમિ જિનેશ્વર નિજ કારજ કર્યો, છાંડ્યો સર્વ વિભાવોજી;
આતમ શક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવોજી. ॥૧॥
રાજુલ નારી રે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી;
ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી. ॥૨॥

ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વિજાતી અગ્રાહ્યોજી;
પુદ્ગલ ગ્રહવે રે કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યોજી. ॥૩॥
રાગી સંગે રે રાગ દશા વધે, થાએ તિણે સંસારોજી;
નિરાગીથી રે રાગનું જોડવું, લહીએ ભવનો પારોજી. ॥૪॥
અપ્રશસ્તતા રે ટાળી પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસેજી;
સંવર વાધે રે સાધે નિર્જરા, આતમ ભાવ પ્રકાશેજી. ॥૫॥
નેમિ પ્રભુ ધ્યાને એકત્વતા, નિજ તત્વે ઇકતાનોજી;
શુકલ ધ્યાને રે સાધી સુસિદ્ધતા, લહિએ મુક્તિ નિદાનોજી. ॥૬॥
અગમ અરુપી રે અલખ અગોચરુ, પરમાતમ પરમીશોજી;
'દેવચંદ્ર' જિનવરની સેવના, કરતાં વાધે જગીશોજી. ॥૭॥



(૧૩) નેમિ નિરંજન નાથ હમારો...

(રાગ : વ્હાલા મારા હૈયામાં.../અંતરજામી સુણ.../
ચાર દિવસના.../મેરા જીવન)

નેમિ નિરંજન નાથ હમારો, અંજન વર્ણ શરીર,
પણ અજ્ઞાન તિમિરને ટાળે, જીત્યો મન્મથ વીર;
પ્રણમો! પ્રેમ ધરીને પાય, પામો પરમાનંદા,
યદુકુલ ચંદારાય, માતા શિવાદેવી નંદા. ॥૧॥
રાજીમતી શું પૂરવ ભવની, પ્રીત ભલી પરે પાળી;
પાણિગ્રહણ સંકેતે આવી, તોરણથી રથ વાળી. પ્રણમો૦॥૨॥
અબલા સાથે નેહ ન જોડ્યો, તે પણ ધન્ય કહાણી;
એક રસે બેઉ પ્રીત થઈ તો, કીર્તિ ક્રોડ ગવાણી. પ્રણમો૦॥૩॥
ચંદન પરિમલ જિમ ખીર ઘૃત, એક રુપ નવિ અળગા;
ઈમ જે પ્રીત નિવારે અહોનિશ, તે ધન ગુણશું વળગા. પ્રણમો૦॥૪॥
ઈમ એકાંગી જે નર કરશે, તે ભવસાગર તરશે;
'જ્ઞાનવિમલ' લીલા તે લહેશે, શિવસુંદરી તસ વરસે. પ્રણમો૦॥૫॥



(૧૪) પરમાતમ પૂરણકલા...

(રાગ : ઋષભ જિનેશ્વર પ્રીતમ.../વૈષ્ણવજન.../
અજિત જિણંદશું.../પ્રેમ ભરેલું...)

પરમાતમ પૂરણકલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ;
પૂરણ દૃષ્ટિ નિહાળીએ, ચિત્ત ધરીએ હો અમચી અરદાસ. ॥૧॥
સર્વ દેશઘાતી સહું, અઘાતી હો કરી ઘાત દયાળ;
વાસ કિયો શિવમંદિરે, મોહે વીસરી હો ભમતો જગજાળ. ॥૨॥
જગતારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર;
તાત કહો મોહે તારતાં, કિમ કિની હો ઈણ અવસર વાર. ॥૩॥
મોહ મહામદ છાકથી, હું છકીઓ હો નહિ શુદ્ધિ લગાર;
ઉચિત સહિ ઈણે અવસરે, સેવકની હો કરવી સંભાળ. ॥૪॥
મોહ ગયે જો તારશો, તિણ વેળા હો કિહાં તુમ ઉપગાર;
સુખ વેળા સઙ્ગન ઘણા, દુઃખ વેળા હો વિરલા સંસાર. ॥૫॥
પણ તુમ દરિશન જોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ;
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ. ॥૬॥
કર્મ કલંક નિવારીને, નિજ રુપે હો રમે રમતારામ;
લહત અપૂરવ ભાવથી, ઈણ રીતે હો તુમ પદ વિશરામ. ॥૭॥
ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ;
'ચિદાનંદ' મનમેં સદા, તુમે આવો હો પ્રભુ નાણદિણંદ. ॥૮॥



(૧૫) ભવિયણ વંદો ભાવશું રે...

(રાગઃ મુક્તિ મળે કે ના મળે.../અબોલડા શાના...)

ભવિયણ વંદો ભાવશું રે, સાહિબ નેમિજિણંદ રે;
ભાવશું નિત્ય વંદતા રે, લહીયે પરમાનંદ રે. ॥૧॥
બ્રહ્મચારી ચુડામણિ રે, સાચો એ વડવીર રે;
મદન મતંગજ કેસરી રે, મેરુ મહીધર ધીર રે. ॥૨॥
રુપ અનંત જિનતણું રે, સોહે સહજ સત્તૂર રે;
હરખે નયણે નિરખતાં રે, પ્રસરે પ્રેમ પંડૂર રે. ॥૩॥
ગુણ અનંતા પ્રભુ તણાં રે, કહેતા ન આવે પાર રે;
નિરુપમ ગુણગણ મણિ તણો રે, માનું એ ભંડાર રે. ॥૪॥
વદન અનોપમ જિન તણું રે, એ મુજ નયન ચકોર રે;
એ નિરખી હરખી ચિત્તમાં રે, ઉમટ્યો આનંદ જોર રે. ॥૫॥
અતુલિત બલ અરિહંતજી રે, ભય ભંજન ભગવંત રે;
કામિત પૂરણ સુરતરુ રે, કેવલ કમલાકંત રે. ॥૬॥
રાજીમતિ મન વાલહો રે, યાદવકુલ શણગાર રે;
નયવિજય પ્રભુ વંદતા રે, નિતુ-નિતુ જય જયકાર રે. ॥૭॥

(૧૬) મૈં આજ દરિસણ પાયા...



(રાગ : રુડા રાજમહેલને.../
હોઠોં સે છુ લો તુમ.../એ મેરે વતન કે...)

મૈં આજ દરિસણ પાયા, શ્રી નેમિનાથ જિનરાયા,
પ્રભુ શિવાદેવીના જાયા, પ્રભુ સમુદ્રવિજય કુળ આયા;
કર્મો કે ફંદ છોડાયા, બ્રહ્મચારી નામ ધરાયા,
જિણે તોડી જગત કી માયા રે. મૈં૦॥૧॥

રૈવતગિરિ મંડન રાયા, કલ્યાણક તીન સોહાયા;
દીક્ષા કેવલ શિવ રાયા, જગતારક બિરુદ ધરાયા;
તુમ બેઠે ધ્યાન લગાયા રે. મૈં૦॥૨॥

અબ સુણો ત્રિભુવન રાયા, મૈં કર્મો કે વશ આયા;
હું ચતુર્ગતિ ભટકાયા, મૈં દુઃખ અનંતા પાયા;
તે ગિનતી નાહી ગિનાયા રે. મૈં૦॥૩॥

મૈં ગર્ભાવાસ મેં આયા, ઊંધે મસ્તક લટકાયા;
આહાર વિરસ ભુક્તાયા, એમ અશુભ કરમ ફલ પાયા;
ઈણ દુઃખ સે નાહીં મુકાયા રે. મૈં૦॥૪॥

નરભવ ચિંતામણિ પાયા, તબ ચાર ચોર મિલ આયા;
મુજે ચૌટે મેં લૂંટ ખાયા, અબ સાર કરો જિનરાયા;
કિસ કારણ દેર લગાયા રે. મૈં૦॥૫॥

જિણે અંતરગત મેં લાયા, પ્રભુ નેમિ નિરંજન ધ્યાયા;
દુઃખ સંકટ વિઘન હટાયા, તે પરમાનંદ પદ પાયા;
ફિર સંસારે નહીં આયા રે. મૈં૦॥૬॥

મૈં દૂર દેશ સે આયા, પ્રભુ ચરણે શીશ નમાયા;
મૈં અરજ કરી સુખદાયા, તુમે અવધારો મહારાયા;
એમ '**વીરવિજય**' ગુણ ગાયા રે. મૈં૦॥૭॥

થોય

(૧)

રાજુલ વર નારી, રુપથી રતિ હારી;
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી;
પશુઆ ઉગારી, હુઆ ચારિત્રધારી,
કેવલસિરિ સારી, પામીયા ઘાતી વારી. ॥૧॥
ત્રણ જ્ઞાન સંયુતા, માતની કૂખે હુંતા,
જન્મે પુરુહુંતા, આવી સેવા કરંતા;
અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા,
મહિયલ વિચરંતા, કેવલશ્રી વરંતા. ॥૨॥
સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે,
ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે;
સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે,
તિહાં જિનવર આવે, તત્ત્વવાણી સુણાવે. ॥૩॥
શાસનસુરી સારી, અંબિકા નામ ધારી,
જે સમકિતી નરનારી, પાપ સંતાપવારી;
પ્રભુ સેવાકારી,જાપ જપીએ સવારી,
સંઘ દુરિત નિવારી, '**પદ્મ**'ને જેહ પ્યારી. ॥૪॥

(૨)

ગિરનારે તે નેમનાથ ગાજે રે, રાણી રાજુલ ધ્રુસકે રુવે રે;
મારો શામલીઓ ગિરધારી રે, એણે હરણોને હરણી બચાવી રે. ॥૧॥
એક ચઢતા ચઢતી દીસે રે, અષ્ટાપદ જિન ચોવીસે રે;
તમે શત્રુંજો જુહારો રે, આબુજી જઈ દુઃખ વારો રે. ॥૨॥
જ્યાં ચોત્રીશ અતિશય છાજે રે, ત્યાં બેઠા ધિંગડમલ ગાજે રે;
ધિંગડમલની વાણી મીઠી રે, સહુ સુણજો સમકિત પ્રાણી રે. ॥૩॥

ત્યાં બેઠા અંબિકા ભારી રે, એને નાકે સોનાની વારી રે;
સહુ સંઘના સંકટ ચૂરો રે, '**નયવિમલ**'ના વાંછિત પૂરો રે. ॥૪॥

(૩)

નેમિનાથં વન્દે બાઢમ્... ॥૧॥
સર્વે સર્વાઃ શં મે દદ્યાત્... ॥૨॥
સાર્વં વાક્યં કુર્યાત્ સિદ્ધિમ્... ॥૩॥
કલ્યાણં મે દદ્યાદમ્બા...॥૪॥

(૪)

(રાગ : મંદિર છો... / તને રાત દિવસ... / હે મેરે પ્યારે...)

સુર અસુર વંદિત પાય પંકજ, મયણ મલ્લમક્ષોભિતં,
ઘન સુઘન શ્યામ શરીર સુંદર, શંખ લંછન શોભિતં;
શિવાદેવી નંદન ત્રિજગવંદન, ભવિક કમલ દિનેશ્વરં,
ગિરનાર ગિરિવર શિખર વંદુ, શ્રી નેમિનાથ જિનેશ્વરં. ॥૧॥
અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરીવરં,
વાસુપૂજ્ય ચંપા નયરે સિધ્યા, નેમ રૈવત ગિરિવરં;
સમ્મેતશિખરે વીશ જિનવર, મુક્તિ પહોંતા મુનિવરં,
ચોવીશ જિનવર નિત્ય વંદુ, સયલ સંઘ સુહંકરં. ॥૨॥
અગ્યાર અંગ ઉપાંગ બાર, દશ પયન્ના જાણીયે,
છ છેદ ગ્રંથ પસત્થ સત્થા, ચાર મૂળ વખાણીયે;
અનુયોગદ્વાર ઉદાર નંદીસૂત્ર, જિનમત ગાઈએ,
નિર્યુક્તિ ચૂર્ણિ ભાષ્ય ટીકા, પિસ્તાલીશ આગમ ધ્યાઈએ. ॥૩॥
દોય દિશી બાળક દોય જેહને, સદા ભવિયણ સુખકરું,
દુઃખહરી અંબા લુંબ સુંદર, દુરિત દોહગ અપહરું;
ગિરનાર મંડન નેમિ જિનવર, ચરણ પંકજ સેવીએ,
ચઉવિહ સંઘ સુપ્રસન્ન મંગલ, કરો તે અંબાદેવીએ. ॥૪॥



શ્રી પાર્શ્વનાથ ભગવાન

ચૈત્યવંદન

(૧) આશ પૂરે પ્રભુ પાસજી...

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવપાસ;
વામા માતા જનમીયા, અહિ લંછન જાસ. ॥૧॥
અશ્વસેન સુત સુખકરું, નવ હાથની કાય;
કાશી દેશ વારાણસી, પુણ્યે પ્રભુ આય. ॥૨॥
એકસો વરસનું આઉખું એ, પાળી પાર્શ્વકુમાર;
'પદ્મ' કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર. ॥૩॥

(૨) ઉઁ નમઃ પાર્શ્વનાથાય...

ઉઁ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વ-ચિંતામણીયતે;
હ્રીઁ ધરણેન્દ્ર-વૈરોટ્યા-પદ્માદેવી-યુતાય તે. ॥૧॥
શાન્તિ-તુષ્ટિ-મહાપુષ્ટિ-ધૃતિ-કીર્તિ-વિધાયિને;
ઉઁ હ્રીઁ દ્વિડ્-વ્યાલ-વૈતાલ-સર્વાધિ-વ્યાધિ-નાશિને. ॥૨॥
જયાઽજિતાખ્યા-વિજયાખ્યા-ઽપરાજિતયાન્વિતઃ;
દિશાં પાલૈ-ર્ગ્રહૈ-ર્યક્ષૈ-ર્વિદ્યાદેવીભિરન્વિતઃ. ॥૩॥
ઉઁ અસિઆઉસાય નમસ્તત્ર ત્રૈલોક્ય-નાથતામ્;
ચતુઃષષ્ટિ-સુરેન્દ્રાસ્તે ભાસન્તે છત્ર-ચામરૈઃ. ॥૪॥
શ્રી શંખેશ્વરમંડન! પાર્શ્વજિન! પ્રણત કલ્પતરુકલ્પ!;
ચૂરય દુષ્ટવ્રાતં, પૂરય મે વાંછિતં નાથ!. ॥૫॥

(૩) જય ચિંતામણી પાર્શ્વનાથ...

જય ચિંતામણી પાર્શ્વનાથ! જય ત્રિભુવન સ્વામી;
અષ્ટકર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી. ॥૧॥
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવભવ તણાં, પાતિક સવિ દહીએ. ॥૨॥
ૐ હ્રીઁ વર્ણ જોડી કરી, જપીએ પારસ નામ;
વિષ '**અમૃત**' થઈ પરિણમે, પામે અવિચલ ઠામ. ॥૩॥

સ્તવન

(૧) જિનજી ત્રેવીશમો જિન પાસ...

(રાગ : પાસજી વામાજીના નંદ કે સુણજ્યો વિનંતિ રે લો...)

જિનજી ત્રેવીશમો જિન પાસ કે,
આશ મુજ પૂરવે રે લો, માહરા નાથજી રે લો૦
જિનજી ઈહભવ પરભવ દુઃખ, દોહગ સવિ ચૂરવે રે લો; મા૦
જિ૦ આઠ પ્રાતિહાર્યશું, જગમાં તું જયો રે લો, મા૦
જિ૦ તાહરા વૃક્ષ અશોકથી, શોક દૂરે ગયો રે લો, મા૦. ॥૧॥
જિ૦ જાનુ પ્રમાણ ગીર્વાણ, કુસુમ વૃષ્ટિ કરે રે લો, મા૦
જિ૦ દિવ્યધ્વનિ સુર પુરે કે, વાંસલીયે સ્વરે રે લો; મા૦
જિ૦ ચામર કેરી હાર ચલંતી, એમ કહે રે લો, મા૦
જિ૦ જે નમે અમ પરે તે ભવી, ઉર્ધ્વગતિ લહે રે લો, મા૦. ॥૨॥
જિ૦ પાદપીઠ સિંહાસન, વ્યંતર વિરચીયે રે લો, મા૦
જિ૦ તિહાં બેસી જિનરાજ, ભવિક દેશના દીયે રે લો, મા૦
જિ૦ ભામંડલ શિર પૂઠે, સૂર્ય પરે તપે રે લો, મા૦
જિ૦ નિરખી હરખે જેહ, તેહના પાતક ખપે રે લો, મા૦. ॥૩॥
જિ૦ દેવદુંદિભિનો નાદ, ગંભીર ગાજે ઘણો રે લો, મા૦

જિ૦ ત્રાણ છત્ર કહે તુજ કે, ત્રિભુવન પતિપણો રે લો; મા૦
જિ૦ એ ઠકુરાઈ તુજ કે, બીજે નવિ ઘટે રે લો, મા૦
જિ૦ રાગી દ્વેષી દેવ કે, તે ભવમાં અટે રે લો, મા૦. ॥૪॥
જિ૦ પૂજક નિંદક દોય કે, તાહરે સમપણે રે લો, મા૦
જિ૦ કમઠ ધરણપતિ ઉપર, સમચિત્ત તું ગણે રે લો; મા૦
જિ૦ પણ ઉત્તમ તુજ પાદ, '**પદ્મ**' સેવા કરે રે લો, મા૦
જિ૦ તેહ સ્વભાવે ભવ્ય કે, ભવસાગર તરે રે લો, મા૦. ॥૫॥

(૨) અંતરજામી સુણ અલવેસર...

(રાગ : મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું.../તું પ્રભુ માહરો.../
હોશવાલોં કો.../હોંઠો સે છૂ લો.../વૈષ્ણવજન...)

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો રે,
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો;
સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો,
આપો આપોને મહારાજ, અમને મોક્ષ સુખ આપો ॥૧॥
સહુકોનાં મનવાંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો રે;
એહવું બિરુદ છે રાજ તુમારું, કેમ રાખો છો દૂરે. સેવક૦॥૨॥
સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો રે;
કરુણાસાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો. સેવક૦॥૩॥
લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિસણ દીજે રે;
ઘુમાડે ઘીજું નહીં સાહિબ, પેટ પડ્યાં પતીજે. સેવક૦॥૪॥
શ્રી શંખેશ્વર મંડન સાહિબ, વિનતડી અવધારો રે;
કહે '**જિનહર્ષ**' મયા કરી મુજને, ભવસાગરથી તારો. સેવક૦॥૫॥

(૩) અખિયાં દરિશન કી હૈ પ્યાસી....



(રાગઃ મેરે નૈના સાવન.../
આઈ બસો ભગવાન.../દરિશન દો...)

અખિયાં દરિશન કી હૈ પ્યાસી...
પુરિષાદાની પાર્શ્વ તુમારી, સુરનર જનતા દાસી;
આશા પૂરણ તું અવનિતલ, સુરતરુને સંકાસી. ॥૧॥
નિરાગી શું રાગ કરંતા, હોવત જગમાં હાંસી;
એક પખો જે નેહ ચલાવે, દિયો તેહને શાબાશી. ॥૨॥
અજર અમર અકલંક અનંત ગુણ, આપ ભયે અવિનાશી;
કારજ સકલ કરી સુખ પાયો, અબ ક્યું હોત ઉદાસી. ॥૩॥
તું પુરુષોત્તમ પરમપુરુષ હૈ, તું જગ મેં જિતકાસી;
જગથી દૂર રહ્યો પણ મુજ ચિત્ત, અંતર ક્યું કર જાસી? ॥૪॥
વામાનંદન વંદન તુમચા, કરત હૈ શુભ મતિ વાસી;
'જ્ઞાનવિમલ' પ્રભુ ચરણ પસાયે, સમકિત લીલ વિલાસી. ॥૫॥

(૪) અખિયાં હરખણ લાગી...



(રાગ : મૈત્રી ભાવનું.../કોયલ ટહુંકી.../
મેરે નૈના સાવન ભાદો.../જિન તેરે...)

અખિયાં હરખણ લાગી, હમારી અખિયાં હરખણ લાગી...
દરિશણ દેખત પાર્શ્વ જિણંદ કો, ભાગ્ય દશા અબ જાગી. ॥૧॥
અકલ અરુપી ઔર અવિનાશી, જગમેં તું હી નિરાગી. ॥૨॥
સૂરત સુંદર અચરિજ એહી, જગ જનને કરે રાગી. ॥૩॥
શરણાગત પ્રભુ! તુજ પદ પંકજ, સેવના મુજ મતિ જાગી. ॥૪॥
લીલા લહેરે દે નિજ પદવી, તુમ સમ કો નહીં ત્યાગી. ॥૫॥
વામાનંદન ચંદનની પરે, શીતલ તું હી સૌભાગી. ॥૬॥
'જ્ઞાનવિમલ' પ્રભુ ધ્યાન ધરંતા, ભવ ભય ભાવઠ ભાંગી. ॥૭॥



(૫) અબ મોહે! ઐસી આય બની...

(રાગ : જિન! તેરે.../પાર્શ્વ ચિંતામણી.../
આઈ બસો ભગવાન...)

અબ મોહે! ઐસી આય બની, (૨)
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર, મેરો તું એક ધણી. અબ૦॥૧॥
તુમ બિન કોઉ ચિત્ત ન સુહાવે, આવે કોડી ગુણી;
મેરો મન તુજ ઉપર રસિયો, અલિ જિમ કમલ ભણી. અબ૦॥૨॥
તુમ નામે સવિ સંકટ ચૂરે, નાગરાજ ધરણી;
નામ જપું નિશિ વાસર તેરો, એ મુજ શુભ કરણી. અબ૦॥૩॥
કોપાનલ ઉપજાવત દુર્જન, મથન વચન અરણી;
નામ જપું જલધાર તિહાં તુજ, ધારું દુઃખ હરણી. અબ૦॥૪॥
મિથ્યામતિ બહુ જન હૈ જગ મેં, પદ ન ધરત ધરણી;
ઉનસે અબ તુજ ભક્તિ પ્રભાવે, ભય નહિ એક કણી. અબ૦॥૫॥
સજ્જન નયન સુધારસ અંજન, દુર્જન રવિ ભરણી;
તુજ મૂરતિ નીરખે સો પાવે, સુખ **'જસ'** લીલ ઘણી. અબ૦॥૬॥



(૬) અહો! અહો! પાસજી! મુજ મળિયા રે...

(રાગ : પંચમ સુરલોકના વાસી.../ મારી આંખોમાં...)

અહો! અહો! પાસજી! મુજ મળિયા રે,
મારા મનના મનોરથ ફળિયા...
તારી મૂરતિ મોહનગારી રે, સહુ સંઘને લાગે છે પ્યારી રે;
તમને મોહી રહ્યાં સુર નર નારી. અહો૦॥૧॥
અલબેલી મૂરત પ્રભુ તારી રે, તારા મુખડા ઉપર જાઉં વારી રે;
નાગ-નાગણીની જોડ ઉગારી. અહો૦॥૨॥
ધન્ય ધન્ય દેવાધિદેવા રે, સુરલોક કરે તારી સેવા રે;
અમને આપો ને શિવપુર મેવા. અહો૦॥૩॥

તમે શિવરમણીના રસિયા રે, જઈ મુક્તિપુરીમાં વસિયા રે;
મારા હૃદયકમલમાં વસિયા. અહો૦॥૪॥
જે કોઈ પાર્શ્વતણા ગુણ ગાશે રે, ભવોભવનાં પાતિક જાશે રે;
તેના સમકિત નિર્મલ થાશે. અહો૦॥૫॥
પ્રભુ ત્રેવીસમાં જિનરાયા રે, માતા વામાદેવીના જાયા રે;
અમને દરિશણ દ્યોને દયાલા. અહો૦॥૬॥
હું તો ળળી ળળી લાગું છું પાય રે, મારા ઉરમાં તે હરખ ન માય રે;
એમ '**માણેકવિજય**' ગુણ ગાય. અહો૦॥૭॥

(૭) આઈ બસો ભગવાન...

(રાગ : મેરે નૈના સાવન ભાદો.../દરિશન દ્યો.../
સોનામાં સુગંધ ભળે.../અબ મોહે...)

આઈ બસો ભગવાન, મેરે મન! આઈ બસો ભગવાન;
મૈં નિર્ગુણી ઈતના માંગત હું, થાયે મેરા કલ્યાણ. ॥૧॥
મેરે મનકી તુમ સબ જાનો, ક્યા કરું આપસે બ્યાન;
વિશ્વ હિતૈષી દીનદયાલુ, રખીયે મુજ પર ધ્યાન. ॥૨॥
ભોગાધીન હોવત મન મેલું, બિસરી તુમ ગુણ ગાન;
વહાં સે છુડાવો હૃદયે આઈ, અરિભંજક ભગવાન. ॥૩॥
આપ કૃપા સે તર ગયે કેઈ, રહ ગયા મેં દર્દવાન;
નિગાહ રખકે નિર્મલ કિજીયે, ધનવંતરી ભગવાન. ॥૪॥
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર, દીજિયે તુમ ગુણ ગાન;
ઈનહી સહારે '**ચિદ્‌ઘન**' દેવા, બનુંગા આપ સમાન. ॥૫॥





(૮) આજ મનોરથ માહરો ફળિયો...

(રાગ : વિરતિધરનો વેષ.../
અમી ભરેલી.../એક પંખી આવીને...)

આજ મનોરથ માહરો ફળિયો, પાસ જિનેસર મળિયો રે;
દુર્ગતિનો ભય દૂરે ટળિયો, પાયો પુણ્ય પોટલિયો રે. ॥૧॥
મોહ મહાભટ જે છે બળિયો, સયલ લોક જેણે છળિયો રે;
માયા માંહે જગ સહું ડુબિયો, તે તુજ તેજે ગળિયો રે. ॥૨॥
તુજ દરિશણ વિણ ભવ બહું રુલિયો, કુગુરુ કુદેવે છળિયો રે;
ઝાઝા દુઃખમાંહી હાંફળિયો, ગતિ ચારે આફળિયો રે. ॥૩॥
કુમતિ કદાગ્રહ હેજે દળિયો, જબ જિનવર સાંભળીયો રે;
પ્રભુ દીઠે આનંદ ઉછળિયો, મગમાંહે ઘી ઢળિયો રે. ॥૪॥
અવર દેવશું નેહ વિચલિયો, જિનજીશું ચિત્ત ભળિયો રે;
પામી સરસ સુધારસ ફળિયો, કુણ લે જલ ભાંભળિયો રે. ॥૫॥
જન મન વાંછિત પૂરણ ફળિયો, ચિંતામણિ ઝળહળિયો રે;
'મેઘ' કહે ગુણમણિ માદલિયો, ઘો દોલત દાદલિયો રે. ॥૬॥

(૯) ઓલગડી અવધારો...

(રાગ : સાથિયા પુરાવો દ્વારે.../હે ત્રિશલાના જાયા.../
એક જન્મ્યો રાજ દુલ્હારો...)

ઓલગડી અવધારો, આશ ધરી હું આવ્યો;
શ્રી શંખેશ્વર અલવેસર તારી, આશ ધરી હું આવ્યો;
સેવક પાર કરોને સાહિબ! ચિંતામણિ મેં પાયો. ॥૧॥
દેવ ઘણા મેં સેવ્યા પહેલાં, જિહાં લગે તું નવિ મળિયો;
હવે ભવાંતરમાં પણ તેહથી, કિમ હિ ન જાઉં છળિયો. ॥૨॥
અતિશય જ્ઞાનાદિક ગુણ તારા, દીસે છે પ્રભુ જેહવા;
સૂરજ આગળ ગ્રહગણ દીપે, હરિહર દીપે તેહવા. ॥૩॥

કલિકાલે પ્રગટ તુમ પરચો, દેખું વિશ્વ મોઝાર;
પુરિષાદાણી પાર્શ્વ જિનેશ્વર, બાહ્ય ગ્રહીને તારો. ॥૪॥
પુષ્કરાવર્ત ઘનાઘન પામી, ઔર છિલ્લર નવિ યાચું;
કામકુંભ સાચો પામીને, ચિત્ત કરે કોણ કાચું? ॥૫॥
જરા નિવારી જાદવ કેરી, સુરનરવર સહુ પૂજ્યાં;
પાસજી પ્રત્યક્ષ દેખત દરિશન, પાપ મેવાસી ધ્રૂજ્યાં. ॥૬॥
સો વાતે એક વાતડી જાણો, ભવજલ પાર ઉતારો;
પંડિત ઉત્તમવિજયનો સેવક, '**રત્નવિજય**' જયકારો. ॥૭॥

(૧૦) કોયલ ટહુંકી રહી મધુવન મેં...

(રાગ : યશોમતિ મૈયા સે.../તું પ્રભુ માહરો.../ટીલડી રે...)

કોયલ ટહુંકી રહી મધુવન મેં,
પાર્શ્વ શામળિયા બસો મેરે મન મેં...
કાશી દેશ વારાણસી નગરી,
જન્મ લિયો પ્રભુ ક્ષત્રિય કુલ મેં. ॥૧॥
બાળપણામાં પ્રભુ અદ્ભુત જ્ઞાની,
કમઠ કો માન હર્યો એક પલ મેં. ॥૨॥
નાગ નિકાલા કાષ્ઠ ચિરાકર,
નાગ કો સુરપતિ કિયો એક છીન મેં. ॥૩॥
સંયમ લઈ પ્રભુ વિચરવા લાગ્યા,
સંયમે ભીંજ ગયો એક રંગ મેં. ॥૪॥
સમ્મેતશિખર પ્રભુ મોક્ષે સિધાવ્યા,
પાર્શ્વજી કો મહિમા તીન ભુવન મેં. ॥૫॥
'**ઉદયરત્ન**' કી એહી અરજ હૈ,
દિલ અટકો તોરા ચરણકમલ મેં. ॥૬॥



(૧૧) ચિત્ત સમરી શારદા માય રે...

(રાગ : ભવિ તુમે અષ્ટમીતિથિ.../મારી આઁખોમાં...)

ચિત્ત સમરી શારદા માય રે, વળી પ્રણમું નિજ ગુરુ પાય રે,
ગાઉં ત્રેવીસમાં જિનરાય, વ્હાલાજીનું જન્મકલ્યાણક ગાઉં રે,
સોનારુપાને ફૂલડે વધાવું રે, થાળ ભરી ભરી મોતીડે વધાવું. વ્હાલા૦॥૧॥
કાશી દેશ વારાણસી રાજે રે, અશ્વસેન છત્રપતિ છાજે રે,
રાણી વામા ગૃહિણી સુરાજે. વ્હાલા૦॥૨॥
ચૈત્ર વદિ ચોથે તે ચવિયા રે, માતા વામા કૂખે અવતરિયા રે,
અજુવાળ્યા એહનાં પરિયાં. વ્હાલા૦॥૩॥
પોષ વદિ દસમી જગભાણ રે, હોવે પ્રભુજીનું જન્મકલ્યાણ રે,
વીશસ્થાનક સુકૃત પ્રમાણ. વ્હાલા૦॥૪॥
નારકી નરકે સુખ પાવે રે, અંતર્મુહૂર્ત દુઃખ જાવે રે,
એ તો જન્મકલ્યાણક કહાવે. વ્હાલા૦॥૫॥
પ્રભુ ત્રણ ભુવન શિરતાજ રે, તુમે તારણ તરણ જહાજ રે,
કહે **'દીપવિજય'** કવિરાજ. વ્હાલા૦॥૬॥

(૧૨) જય! જય! જય! જય! પાસ જિણંદા...

(રાગ : દીવો રે દીવો પ્રભુ.../જય જય આરતી.../
વૈરાગીને વંદન.../માલકૌંશ.../દરિશન દો.../આજ મનોરથ.../કોયલ ટહુંકી...)

જય! જય! જય! જય! પાસ જિણંદા...
અંતરીક્ષ પ્રભુ! ત્રિભુવન તારક, ભવિક કમલ-ઉલ્લાસ દિણંદા. ॥૧॥
તેરે ચરણ શરણ મેં કીનો, તુમ બિન કુન તોડે ભવફંદા;
પરમ પુરુષ પરમારથદર્શી, તું દિયે ભવિકકું પરમાનંદા. ॥૨॥
તું નાયક તું શિવસુખદાયક, તું હિતચિંતક, તું સુખકંદા;
તું જનરંજન, તું ભવભંજન, તું કેવલ કમલા-ગોવિંદા. ॥૩॥
કોડી દેવ મિલકે કર ન શકે, એક અંગૂઠ રુપ પ્રતિછંદા;
ઐસો અદ્ભુત રુપ તિહારો, વરસત માનું અમૃત કે બુંદા. ॥૪॥
મેરે મન મધુકર કે મોહન, તુમ હો વિમલ સદલ અરવિંદા;
નયન ચકોર વિલાસ કરત હૈ, દેખત તુમ મુખ પૂનમચંદા. ॥૫॥
દૂર જાવે પ્રભુ! તુમ દરિશન સે, દુઃખ દોહગ દારિદ્ર અઘદંદા;
વાચક **'યશ'** કહે સહજ ફલત હૈ, જે બોલે તુમ ગુણ કે વૃંદા. ॥૬॥

(૧૩) તાર મુજ તાર મુજ...

(રાગ : પાસ શંખેશ્વરા સાર.../ઋષભ જિનરાજ મુજ...)

તાર મુજ તાર મુજ તાર ત્રિભુવન ધણી,
પાર ઉતાર સંસાર સ્વામી;
પ્રાણ તું ત્રાણ તું શરણ આધાર તું,
આતમારામ મુજ તુંહી સ્વામી. ॥૧॥
તુંહી ચિંતામણિ, તુંહી મુજ સુરતરુ,
કામઘટ કામધેનુ વિધાતા;
સકલ સંપત્તિ કરું, વિકટ સંકટ હરું,
પાસ શંખેશ્વરો મુક્તિદાતા. ॥૨॥

પુણ્ય ભરપૂર અંકુર મુજ જાગિયો,
ભાગ્ય-સૌભાગ્ય મુખ નૂર વાધ્યો;
સકલ વાંછિત ફળ્યો, માહરો દિન વળ્યો,
પાર્શ્વ શંખેશ્વરો દેવ લાધ્યો. ॥૩॥
મૂર્તિ મનોહારિણી, ભવજલધિ તારિણી,
નિરખત નયન આનંદ હુઓ;
પાર્શ્વ પ્રભુ ભેટિયા પાતિક મેટિયા,
લેટિયા તાહરે ચરણે જુઓ. ॥૪॥
પાસ તું મુજ ધણી, પ્રીતિ મુજ બની ઘણી,
વિબુધવર નયવિજય ગુરુ વખાણી;
મુક્તિપદ આપજો આપ પદ થાપજો,
'જસવિજય' આપનો ભક્ત જાણી. ॥૫॥



(૧૪) તારા નયના રે પ્યાલા પ્રેમના ભર્યા છે...

(રાગ : હેલે ચઢ્યાં રે.../ઝગમગતા તારલાનું.../
દાદા તારા પગલા પડ્યા ને...)

તારા નયના રે પ્યાલા, પ્રેમના ભર્યા છે,
દયા રસના ભર્યા છે, અમી છાંટના ભર્યા છે...
તારા નયના રે પ્યાલા, પ્રેમના ભર્યા છે. ॥૧॥
જે કોઈ તાહરી નજરે ચઢી આવે,
કારજ તેહના તેં સફળ કર્યા છે. ॥૨॥
પ્રગટ થઈ પાતાળથી પ્રભુ તેં,
જાદવના દુઃખો દૂર કર્યા છે. ॥૩॥
પન્નગપતિ પાવકથી ઉગાર્યો,
જન્મ-મરણ ભય તેહનાં હર્યા છે. ॥૪॥

પતિત પાવન શરણાગત વત્સલ,
દરિશન દીઠે મારા ચિત્તડાં ઠર્યા છે. ॥૫॥
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર,
તુજ પદ પંકજ આજથી ધર્યા છે. ॥૬॥
જે કોઈ તુજને ધ્યાને ધ્યાવે,
'**અમૃત**' સુખ તેને રંગથી વર્યા છે. ॥૭॥

(૧૫) તારી મૂરતિનું નહિ મૂલ રે...

(રાગ : તારી મૂરતિએ.../સુણજો સાજન સંત.../
વૈષ્ણવજન.../હોશવાલોં કો.../મારી આંખોમાં...)

તારી મૂરતિનું નહિ મૂલ રે, લાગે મને પ્યારી રે;
તારી આંખડીએ મન મોહ્યું રે, જાઉં બલિહારી રે. ॥૧॥
ત્રણ ભુવનનું તત્ત્વ લહીને, નિર્મળ તુંહી નિપાયો રે;
જગ સઘળો નિરખીને જોતાં, તારી હોડે કો નહિ આયો રે. ॥૨॥
ત્રિભુવન તિલક સમોવડ તારી, સુંદર સુરતિ દીસે રે;
કોડી કંદર્પ સમ રુપ નિહાળી, સુર નરના મન હીંસે રે. ॥૩॥
જ્યોતિ સ્વરુપી તું જિન દીઠો, તેને ન ગમે બીજું કાંઈ રે;
જ્યાં જઈએ ત્યાં પૂરણ સઘલે, દીસે તુંહી જ તુંહી રે. ॥૪॥
તુજ મુખ જોવાને રઢ લાગી, તેને ન ગમે ઘરનો ધંધો રે;
આળપંપાળ સવિ અળગી મૂકી, તુજશું માંડ્યો પ્રતિબંધો રે. ॥૫॥
ભવસાગરમાં ભમતાં ભમતાં, પ્રભુ પાર્શ્વનો પામ્યો આરો રે;
'**ઉદયરત્ન**' કહે બાંહ્ય ગ્રહીને, સેવક પાર ઉતારો રે. ॥૬॥



(૧૬) તું પ્રભુ મારો હું પ્રભુ તારો...

(રાગ : સાગર કિનારે દિલ યે પુકારે.../
તુમ્હી મેરે.../પાર્શ્વ ચિંતામણિ...)

તું પ્રભુ મારો હું પ્રભુ તારો, ક્ષણ એક મુજને નાહિ વિસારો;
મહેર કરી મુજ વિનંતી સ્વીકારો, સ્વામી સેવક જાણી નિહાળો. ॥૧॥
લાખ ચોરાશી ભટકી પ્રભુજી, આવ્યો હું તારે શરણે હો જિનજી;
દુર્ગતિ કાપો શિવસુખ આપો, ભક્ત સેવકને નિજપદ સ્થાપો. ॥૨॥
અક્ષય ખજાનો પ્રભુ તારો ભર્યો છે, આપો કૃપાળુ મેં હાથ ધર્યો છે;
વામાનંદન જગવંદન પ્યારો, દેવ અનેરા માંહે તું ન્યારો. ॥૩॥
પલ પલ સમરું નાથ શંખેશ્વર, સમરથ તારણ તુંહી જિનેશ્વર;
પ્રાણ થકી તું અધિકો વહાલો, દયા કરી મુજને નેહે નિહાળો. ॥૪॥
ભક્તવત્સલ તારું બિરુદ જાણી, કેડ ન છોડું એમ લેજો જાણી;
ચરણોની સેવા નિત નિત ચાહું, ઘડી ઘડી મનમાંહે હું ઉમાહું. ॥૫॥
'જ્ઞાનવિમલ' તુજ ભક્તિ પ્રભાવે, ભવોભવનાં સંતાપ શમાવે;
અમીય ભરેલી તારી મૂરતિ નિહાળી, પાપ અંતરના દેજો પખાળી. ॥૬॥



(૧૭) ધ્રુવપદ રામી! હો સ્વામી! માહરા...

(રાગ : મેરે નૈના સાવન ભાદો.../દિલ દિયા હૈ.../
યુગોથી હું.../વીર મને...)

ધ્રુવપદ રામી! હો સ્વામી! માહરા,
નિસકામી! ગુણરાય સુજ્ઞાની,
નિજગુણ કામી! હો પામી તું ધણી,
ધ્રુવ આરામી! હો થાય સુજ્ઞાની. ॥૧॥
સર્વવ્યાપી કહે સર્વ જાણગપણે,
પર પરિણમન સ્વરુપ સુજ્ઞાની;

પર રુપે કરી તત્ત્વપણું નહીં,
સ્વ-સત્તા ચિદ્‌રુપ સુજ્ઞાની. ॥૨॥
જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા,
જલ ભાજન રવિ જેમ સુજ્ઞાની;
દ્રવ્ય એકત્વપણે ગુણએકતા,
નિજપદ રમતા હો ખેમ સુજ્ઞાની. ॥૩॥
પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે,
પર ક્ષેત્રે થયું જ્ઞાન સુજ્ઞાની;
અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યું,
નિર્મળતા ગુણ માન સુજ્ઞાની. ॥૪॥
જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરું,
કાલ પ્રમાણે રે થાય સુજ્ઞાની;
સ્વકાલે કરી સ્વસત્તા સદા,
તે પર રીતે ન જાય સુજ્ઞાની. ॥૫॥
પરભાવે કરી પરતા પામતાં,
સ્વસત્તા થિર ઠાણ સુજ્ઞાની;
આત્મ ચતુષ્કમયી પરમાં નહિ,
તો કિમ સહુનો રે જાણ સુજ્ઞાની. ॥૬॥
અગુરુલઘુ નિજ ગુણને દેખતાં,
દ્રવ્ય સકલ દેખંત સુજ્ઞાની;
સાધારણ ગુણની સાધર્મ્યતા,
દર્પણ જલને દૃષ્ટાંત સુજ્ઞાની. ॥૭॥
શ્રી પારસ જિન પારસ રસ સમો,
પણ ઈહાં પારસ નાંહિ સુજ્ઞાની;
પૂરણ રસિયો હો નિજગુણ પરસન્નો,
'આનંદઘન' મુજમાંહિ સુજ્ઞાની. ॥૮॥



(૧૮) નિત્ય સમરું સાહિબ સયણા...

(રાગઃ મનમોહન સુંદર મેળા.../સનેહી સંત એ ગિરિ સેવો.../
જો શાંતિ જિણંદ.../ઇતની શક્તિ હમે દેના.../
સૂરજ કબ દૂર ગગન.../સિદ્ધાચલના વાસી.../તેરે હોઠો કે દો ફૂલ....)

નિત્ય સમરું સાહિબ સયણા, નામ સુણતાં શીતલ શ્રવણા,
જિન દરિસણે વિકસે નયણા, ગુણ ગાતાં ઉલ્લસે વયણા રે;
શંખેશ્વર સાહિબ સાચો... બીજાનો આશરો કાચો રે. ॥૧॥
દ્રવ્યથી દેવ દાનવ પૂજે, ગુણ શાંત રુચિપણું લીજે;
અરિહા પદ પક્ષ્વ છાજે, મુદ્રા પદ્માસન રાજે રે. ॥૨॥
સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પાર્શ્વના ગણધર થાશો;
તવ મુક્તિપુરીમાં જાશો, ગુણીલોકમાં વયણે ગવાશો રે. ॥૩॥
એમ દામોદર જિનવાણી, અષાઢી શ્રાવકે જાણી;
જિન વંદી નિજ ઘર આવે, પ્રભુ પાર્શ્વની પ્રતિમા ભરાવે રે. ॥૪॥
ત્રણ કાલ તે ધૂપ ઉખેવે, ઉપકારી શ્રી જિન સેવે;
પછી તેહ વૈમાનિક થાવે, તે પ્રતિમા પણ તિહાં લાવે રે. ॥૫॥
ઘણાં કાલ પૂજી બહુમાને, વળી સૂરજ ચંદ્ર વિમાને;
નાગલોકના કષ્ટ નિવાર્યા, જ્યારે પાર્શ્વપ્રભુજી પધાર્યા રે. ॥૬॥
યદુસૈન્ય રહ્યો રણ ઘેરી, જીત્યા નવિ જાયે વેરી;
જરાસંધે જરા તવ મેલી, હરિ બલ વિના સઘળે ફેલી રે. ॥૭॥
નેમીશ્વર ચોકી વિશાલી, અટ્ઠમ કરે વનમાલી;
તૂઠી પદ્માવતી બાલી, આપે પ્રતિમા ઝાકઝમાલી રે. ॥૮॥
પ્રભુ પાર્શ્વની પ્રતિમા પૂજી, બળવંત જરા તવ ધ્રુજી;
છંટકાવ ન્હવણ જલ જોતી, જાદવની જરા જાય રોતી રે. ॥૯॥
શંખ પૂરી સહુને જગાવે, શંખેશ્વર ગામ વસાવે;
મંદિરમાં પ્રભુ પધરાવે, શંખેશ્વર નામ ધરાવે રે. ॥૧૦॥

રહે જે જિનરાજ હજુરે, સેવક મનવાંછિત પૂરે;
એ પ્રભુજીને ભેટણ કાજે, શેઠ મોતીભાઈને રાજે રે. ॥૧૧॥
નાના માણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ;
રાજનગરથી સંઘ ચલાવે, ગામે ગામના સંઘ મિલાવે રે. ॥૧૨॥
અઢાર અટ્ઠોત્તેર વરસે, ફાગણ વદિ તેરસ દિવસે;
જિન વંદી આનંદ પાવે, '**શુભવીર**' વચન રસ ગાવે રે. ॥૧૩॥

(૧૯) પારસનાથ આધાર...

(રાગ : હે પ્રભુ! પાર્શ્વ ચિંતામણિ.../
મૈયા મોરી.../અબ મોહે.../જિન! તેરે...)

પારસનાથ આધાર, મેરો પ્રભુ, પારસનાથ આધાર... મેરો૦॥૧॥
ઈહભવ પરભવ વાંછિત પૂરણ, શિવપદ કો દાતાર... મેરો૦॥૨॥
વામાજી કો નંદન નિરખ્યો, તે પામ્યો ભવ પાર... મેરો૦॥૩॥
'**શામળ**' દેવ આશા પૂરો મન કી, સેવક કી કરો સહાય... મેરો૦॥૪॥

(૨૦) પાર્શ્વ જિણંદા વામાજી કે નંદા...

(રાગ : દેખી શ્રી પાર્શ્વતણી મૂર્તિ...)

પાર્શ્વ જિણંદા વામાજી કે નંદા, તુમ પર વારી જાઉં બોલ બોલ રે,
હાં રે! દરવાજા તેરા ખોલ ખોલ રે. ॥૧॥
દૂર દૂર સે લંબી સફર સે, હમ દરિશન આયે દોડ દોડ રે. ॥૨॥
પૂજા કરુંગા ધૂપ ધરુંગા, ફૂલ ચઢાઉંગા મોલ મોલ રે. ॥૩॥
તું મેરા ઠાકર મૈં તેરા ચાકર, એક બાર મુજ સે બોલ બોલ રે. ॥૪॥
શ્રી શંખેશ્વર મંડન સુંદર મૂરત, મુખડું તે ઝાકમ ઝોલ ઝોલ રે. ॥૫॥
રુપ વિબુધનો '**મોહન**' પભણે, રંગ લાગ્યો ચિત્ત ચોલ ચોલ રે. ॥૬॥

(૨૧) પાર્શ્વ જિન! તાહરા રુપનું મુજ...

(રાગ : આશાવરી.../આજ મારા.../
વૈષ્ણવજન.../મેલી ચાદર.../પૂર્યાધનાશ્રી...)

પાર્શ્વ જિન! તાહરા રુપનું, મુજ પ્રતિભાસ કેમ હોય રે;
તુજ મુજ સત્તા એકતા, અચલ વિમલ અકલ જોય રે; ॥૧॥
તુજ પ્રવચન પ્રત્યક્ષ, નિશ્ચયે ભેદ નહિ કોય રે;
વ્યવહારે લળી દેખીએ, ભેદ પ્રતિભેદ બહુ જોય રે; ॥૨॥
બંધ નહિ મોક્ષ નહિ નિશ્ચયે, વ્યવહારે ભજ હોય રે;
અખંડિત અબાધિત સોય કદા, નિત્ય અબાધિત સોય રે. ॥૩॥
અન્વય-હેતુ વ્યતિરેકથી, અંતરો તુજ મુજ રુપ રે;
અંતરો મેટવા કારણે, આતમસ્વરુપ અનૂપ રે. ॥૪॥
આતમ પરમાત્મા, શુદ્ધ નય ભેદ નહિ એક રે;
અવર આરોપિત ધર્મ છે, તેહના ભેદ અનેક રે. ॥૫॥
ધરમી ધરમથી એકતા, તે મુજ રુપ અભેદ રે;
એક સત્તા લખ એકતા, કહે તે ગૂઢમતિ ખેદ રે. ॥૬॥
આતમ ધરમ અનુસરી, રમે જે આતમરામ રે;
'આનંદઘન' પદવી લહે, પરમ આતમ તસ નામ રે. ॥૭॥

(૨૨) પાસ શંખેશ્વરા સાર કર સેવકા...

(રાગ : તાર મુજ તાર મુજ.../જય ગણેશ (૨).../
જાગ રે જાદવા...)

પાસ શંખેશ્વરા સાર કર સેવકા, દેવ! કાં એવડી વાર લાગે;
કોડી કર જોડી દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માંગે. ॥૧॥
પ્રગટ થા પાસજી મેલી પડદો પરો, મોડ અસુરાણને આપ છોડો;
મુજ મહીરાણ મંજૂષમાં પેસીને, ખલકના નાથજી બંધ ખોલો. ॥૨॥

જગતમાં દેવ! જગદીશ તું જાગતો, એમ શું આજ જિનરાજ! ઊંઘે?
મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગકાલ મોંઘે. ॥૩॥
ભીડ પડી જાદવા જોર લાગી જરા, તત્ક્ષણ ત્રિકમે તુજ સંભાર્યો;
પ્રગટ પાતાલથી પલકમાં તે પ્રભુ, ભક્તજન તેહનો ભય નિવાર્યો. ॥૪॥
આદિ અનાદિ અરિહંત તું એક છે, દીનદયાળ છે કોણ દૂજો?
'**ઉદયરત્ન**' કહે પ્રગટ પ્રભુ પાસજી, પામી ભયભંજનો એહ પૂજો. ॥૫॥

(૨૩) પ્રણમું પદ પંકજ પાસના...

(રાગ : ગિરુઆ રે ગુણ.../ચેતન જ્ઞાન.../
કુલ તુમ્હેં.../વીર જિણંદ.../જનનીની જોડ...)

પ્રણમું પદ પંકજ પાસના, જસ વાસના અગમ અનુપ રે;
મોહ્યો મન મધુકર જેહથી, પામે તસ શુદ્ધ સ્વરુપ રે. ॥૧॥
પંક કલંક શંકા નહિ, નહિ ખેદાદિક દુઃખ દોષ રે;
ત્રિવિધ અવંચક યોગથી લહે, અધ્યાતમ રસ પોષ રે. ॥૨॥
દુર્દશા દૂરે કરી, ભજે મુદિતા મૈત્રી ભાવ રે;
વર્તે નિજ ચિત્ત મધ્યસ્થતા, કરુણામય શુદ્ધ સ્વભાવ રે. ॥૩॥
નિજ સ્વરુપ થીર કરી ઘટે, ન કરે પુદ્ગલની ખંચ રે;
સાખી થઈ વરતે સદા, ન કદા પરભાવ પ્રપંચ રે. ॥૪॥
સહજ દશા નિશ્ચય જગે, એ ઉત્તમ અનુભવ રસ સંગ રે;
રાચે નહિ પરભાવમાં, નિજ ભાવમાં રંગ અભંગ રે. ॥૫॥
નિજ ગુણ સબ હી નિજમાં લખે, ન ચખે પરગુણની રેખ રે;
ખીર નીર વિવરો કરે, એ અનુભવ હંસશું પેખ રે. ॥૬॥
નિર્વિકલ્પ ધ્યેય જે અનુભવે, અનુભવે અનુભવની રીત રે;
ઓર ન કબહુ લખી શકે, '**આનંદઘન**' પ્રીત પ્રતીત રે. ॥૭॥



(૨૪) પ્રભુ જગજીવન જગબંધુ રે...

(રાગ : તારી મૂરતિનું નહિ મૂલ રે.../સુણજો સાજન સંત...)

પ્રભુ જગજીવન જગબંધુ રે, સાંઈ સયાણો રે...!
તારી મુદ્રાએ મન મોહ્યું રે, જૂઠ ન જાણો...! રે..! ॥૧॥
તું પરમાતમ! તું પુરુષોત્તમ! વાલા મારા તું પરબ્રહ્મ સ્વરુપી રે;
સિદ્ધિ સાધક સિદ્ધાંત સનાતન, તું ત્રિહું ભાવ પ્રરુપી રે. ॥૨॥
તાહરી પ્રભુતા ત્રિહું જગ માંહે, પણ મુજ પ્રભુતા મોટી રે;
તુજ સરીખો માહરે મહારાજા, માહરે કાંઈ નહીં ખોટ રે. ॥૩॥
તું નિરદ્રવ્ય પરમપદ વાસી,વા૦ હું તો દ્રવ્યનો ભોગી રે;
તું નિર્ગુણ હું તો ગુણધારી, હું કર્મી તું અભોગી રે. ॥૪॥
તું તો અરુપી ને હું રુપી, વા૦ હું રાગી તું નિરાગી રે;
તું નિરવિષ હું તો વિષધારી, હું સંગ્રહી તું ત્યાગી રે. ॥૫॥
તાહરે રાજ નથી કોઇ એકે, વા૦ ચૌદરાજ છે માહરે રે;
માહરી લીલા આગળ જોતાં, અધિકું શું છે તાહરે? ॥૬॥
પણ તું મોટો ને હું છોટો, વા૦ ફોગટ ફૂલ્યે શું થાય રે;
ખમજો એ અપરાધ અમારો, ભક્તિ વશે કહેવાય રે. ॥૭॥
શ્રી શંખેશ્વર વામાનંદન, વા૦ ઉભાં ઓલગ કીજે;
રુપ વિબુધનો **'મોહન'** પભણે, ચરણોની સેવા દીજે રે. ॥૮॥

(૨૫) પ્રભુ પાર્શ્વ જિણંદ સદા...

(રાગ : જિન! તેરે.../પાર્શ્વ ચિંતામણી.../તું પ્રભુ મારો...)

પ્રભુ પાર્શ્વ જિણંદ સદા નમીએ (૨),
પ્રભુ કે ચરણ કમલ રસ લીને, મધુકર જ્યું હુઈ કે રમીએ. ॥૧॥
નિરખી વદન શશી જિનવર કો, નિશી વાસર સુખ મેં ગમીએ. ॥૨॥
ઉજ્જ્વળ ગુણસ્મરણ ચિત્ત લહીએ, કબહું ન ભવસાગર ભમીએ. ॥૩॥
સમતા રસ મેં જ્યોં ઝીલીજે, રાગ દ્વેષ કો ઉપશમીએ. ॥૪॥
કહે '**જિનહર્ષ**' મુગતિ સુખ લહીએ, કઠીન કરમ નિજ અપક્રમીએ. ॥૫॥



(૨૬) ભવજલ પાર ઉતાર...

(રાગ : યાદ આવે મોરી માં.../દર્શન દેજો નાથ.../સોનામાં સુગંધ...)

ભવજલ પાર ઉતાર (૨), શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર;
મારો તું એક આધાર... મારો તું એક આધાર... શ્રી શં૦॥૧॥
કાલ અનંતો ભવમાં ભમતાં, ક્યાંય ન આવ્યો આરો;
ધન્ય ઘડી તે મારી આજે, દીઠો તુમ દેદાર, (૩) શ્રી શં૦॥૨॥
તું વીતરાગી, તું અવિનાશી, તું નિર્બંધી દેવ;
હું રાગી છું પાપી જીવડો, ભમતો ભવ અપાર, (૩) શ્રી શં૦॥૩॥
આ દુનિયામાં તારા જેવો, કોઈ ન તારણહાર;
વામાનંદન ચંદનની પરે, શીતલ જેની છાય, (૩) શ્રી શં૦॥૪॥
ભવોભવ તુમ ચરણ સેવા, માંગુ છું દીનદયાલા;
'**રંગવિજય**' કહે પ્રેમશું રે, વિનંતી એ અવધાર, (૩) શ્રી શં૦॥૫॥

(૨૭) ભેટીએ ભેટીએ ભેટીએ રે...

(રાગ : મારા નાથની વધાઈ.../ચપટી ભરી.../કોણ ભરે.../માનમાં રે...)

ભેટીએ ભેટીએ ભેટીએ રે, મનમોહન જિનવર ભેટીએ રે,
મેટીએ મેટીએ મેટીએ રે, ભેટતા ભવદુઃખ મેટીએ રે. મન૦॥૧॥
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર, પૂજી પાતિક મેટીએ રે. મન૦॥૨॥
જાદવની જરા જાસ ન્હવણથી, નાઠી એક ચપેટીએ રે. મન૦॥૩॥
આશ ધરીને હું પણ આવ્યો, નિજ કર પીઠ થપેટીએ રે. મન૦॥૪॥
ત્રણ રતન આપો જ્યું રાખું, નિજ આતમની પેટીએ રે. મન૦॥૫॥
સાહિબ સુરતરુ સરીખો પામી, ઔર કુણ આગે લેટીએ રે. મન૦॥૬॥
'પદ્મવિજય' કહે તુમરે ચરણસે, ક્ષણ એક ન રહું છેટીએ રે. મન૦॥૭॥

(૨૮) મનમોહન પ્રભુ પાસજી...

(રાગ : કસમે વાદે.../ આંખ મારી.../ તેરે સૂર.../
આ મારા મહારાજજી.../ મુજ ઘટ આવજો.../ ચરણોં મેં તેરે...)

મનમોહન પ્રભુ પાસજી, સુણો જગત આધારજી;
શરણે આવ્યો રે પ્રભુ તાહરે, મુજ દુરિત નિવારજી. મન૦॥૧॥
વિષય કષાયના પાશમાં, ભમીયો કાળ અનંતજી;
રાગ દ્વેષ મહા ચોરટા, લૂંટ્યો ધર્મનો પંથજી. મન૦॥૨॥
પણ કાંઇ પૂરવ પુણ્યથી, મળિયા શ્રી જિનરાજજી;
ભવસમુદ્રમાં ડૂબતાં, આલંબન જિમ જહાજજી. મન૦॥૩॥
કમઠે નિજ અજ્ઞાનથી, ઉપસર્ગ કીધાં બહુ જાતજી;
ધ્યાનાનલ પ્રગટાવીને, કીધો કર્મનો ઘાતજી. મન૦॥૪॥
કેવળજ્ઞાનથી દેખિયું, લોકાલોક સ્વરુપજી;
વિજય મુક્તિપદ જઈ વર્યું, સાદિ અનંત ચિદ્રુપજી. મન૦॥૫॥
તે પદ પામવા ચાહતો, **'મોહન'** કમલનો દાસજી;
મનમોહન પ્રભુ માહરી, પૂરજો મનની આશજી. મન૦॥૬॥

(૨૯) મુખ ખોલ જરા...

(રાગ : મારા વ્હાલા પ્રભુ...)

મુખ ખોલ જરા, યહ કહ દે ખરા, તું ઓર નહીં મૈ ઓર નહીં,
તું હૈ નાથ મેરા; મૈ હું જાન તેરી, મુઝે ક્યું વિસરાઈ જાન તેરી,
જબ કરમ કટે, ઔર ભરમ ફટે. તું૦॥૧॥
તું હૈ ઈશ ખરા, મૈ હૂં દાસ તેરા, મુઝે ક્યું ન કરો, અબ નાથ ખરા;
જબ કુમતિ ટરે, ઔર સુમતિ વરે. તું૦॥૨॥
તું હૈ પાસ જરા, મૈ હું પાશ પરા, મુઝે ક્યું ન છોડાવો પાસ ટરા,
જબ રાગ કટે, ઔર દ્વેષ મીટે. તું૦॥૩॥
તું હૈ અચલવરા, મૈ હું ચલનચરા, મુઝે ક્યું ન બનાવો આપ સરા;
જબ હોંસ જરે, ઔર સંગ ટરે. તું૦॥૪॥
તું હૈ ભૂપવરા, શંખેશ ખરા, મૈ તો '**આતમરામ**' આનંદ ભરા;
તુમ દરસ કરી, સબ ભ્રાંતિ હરી. તું૦॥૫॥

(૩૦) મુજ સરીખા મેવાસી ને...

(રાગ : સુહાની ચાંદની રાતેં.../મેરે સાહિબ તુમ હી.../
યુગોથી હું.../મેરા જીવન કોરા કાગજ.../તારી પાસે એવું શું...)

મુજ સરીખા મેવાસીને, પ્રભુ જો તું તારે;
તારક તો જાણું ખરો, જૂઠું બિરુદ શું ધારે? મુજ૦॥૧॥
સેવા સલામી નવિ ભરું, સીધી આણ ન માનું;
માહરી રીતિ પ્રીછો તમે, શું રાખીએ છાનું? મુજ૦॥૨॥
મોહ મિથ્યાત્વ મેવાસમાં, વળી વાસ મેં કીધો;
નિર્ગુણી ગુન્હી અકહ્યાગરો, નવિ ચાલું સીધો. મુજ૦॥૩॥
જે તેં વરજ્યા વેગળા, તે મેં આદા લીધા;
તુજશું બાંધી બાકરી, અન્યાયો મેં કીધા. મુજ૦॥૪॥

દ્વેષ ધરી તુજ ઉપરે, બીજાશું મળીયો;
તુજ શાસન ઉત્થાપીને, પાખંડે વળીયો. મુજ૦॥૫॥
છલ કરીને છ કાયની, તુજ વાડી વિણાશી;
હું છું અનાડી અનાદિનો, હું તો મોટો મેવાસી. મુજ૦॥૬॥
મેવાસીપણું મેલીને, આવ્યો તુજ ચરણે;
જો તારે તો તારજે, એહવે આચરણે. મુજ૦॥૭॥
વામાનંદન વંદતા, ભવનું દુઃખ ભાંગું;
'ઉદયરત્ન' કહે લળી લળી, પ્રભુ પાયે લાગું. મુજ૦॥૮॥



(૩૧) મેરે સાહિબ તુમ હિ હો...

(રાગ : તેરે સુર ઔર મેરે.../
મુજ સરીખા મેવાસીને.../જનમ (2) કા સાથ..)

મેરે સાહિબ તુમ હિ હો, પ્રભુ પાસ જિણંદા;
ખિજમતગાર ગરીબ હું, મૈં તેરા બંદા. મેરે૦॥૧॥
મૈં ચકોર કરું ચાકરી, જબ તુમ હિ ચંદા;
ચક્રવાક મૈં હુઈ રહું, જબ તુમ હિ દિણંદા. મેરે૦॥૨॥
મધુકર પરે મૈં રણઝણું, જબ તુમ અરવિંદા;
ભક્તિ કરું ખગપતિ પરે, જબ તુમ ગોવિંદા. મેરે૦॥૩॥
જબ તુમ ગર્જિત ઘન ભયે, તબ મૈં શિખિનંદા;
તુમ સાયર જબ મેં તદા, સુરસરિતા અમંદા. મેરે૦॥૪॥
દૂર કરો દાદા પાસજી! ભવ દુઃખકા ફંદા;
વાચક **'જશ'** કહે દાસકું, દિયો પરમાનંદા. મેરે૦॥૫॥

(૩૨) મેરો પ્રભુ પારસ અંતરયામી...

મેરો પ્રભુ પારસ અંતરયામી...
ઔર સુરાસુર દેખી ન રીઝું, પ્રભુ સેવા મૈં પાઉં. ॥૧॥
રંક કી કુણ આણ ધરે શિર, તજી ત્રિભુવનનો સ્વામી. ॥૨॥
દુઃખ ભાંજે છીન માંહિ નવાજે, શિવસુખ દો શિવગામી. ॥૩॥
ક્યાં કહીયે તુમસે કિરપાનિધિ, ખમજો મારી ખામી. ॥૪॥
કહે **'જિનહર્ષ'** પરમ પદ પાવું, અરજ કરું શિરનામી. ॥૫॥

(૩૩) રાધા જેવા ફૂલડાં ને...

(રાગ : આઁખ મારી ઉઘડે.../યહ હૈ પાવનભૂમિ... / મેરા જીવન કોરા...)

રાધા જેવા ફૂલડાં ને, શામલ જેવો રંગ;
આજ તારી આંગીનો કાંઈ, રુડો બન્યો છે રંગ;
પ્યારા પાસજી હો લાલ! દીનદયાળ મુજને નયણે નિહાળ. ॥૧॥
જોગીવાડે જાગતો ને, માતો ધિંગડમલ્લ;
શામલો સોહામણો કાંઈ, જીત્યા આઠે મલ્લ. પ્યારા૦॥૨॥
તું છે મારો સાહિબો ને, હું છું તારો દાસ;
આશા પૂરો દાસની કાંઈ, સાંભળી અરદાસ. પ્યારા૦॥૩॥
દેવ સઘળા દીઠાં તેમાં, એક તું અવ્વલ;
લાખેણું છે લટકું તારું, દેખી રીઝે દિલ. પ્યારા૦॥૪॥
કોઈ નમે પીરને ને, કોઈ નમે રામ;
'ઉદયરત્ન' કહે પ્રભુજી! મારે તુમશું કામ. પ્યારા૦॥૫॥

(૩૪) વામાનંદન જગદાનંદન...

(રાગ : વૈષ્ણવજન.../મૈલી ચાદર.../કોયલ ટહુંકી...)

વામાનંદન જગદાનંદન, સેવક જન આશા વિસરામ;
નેહ નજર કરી મોહી પર નીરખો, તુમ હો કરુણા રસકે ધામ. ॥૧॥
ઈતની ભૂમિ પ્રભુ! તુમ હી આણ્યો, પરિ પરિ બહુત બઢાઈ મામ;
અબ દો-ચાર ગુણઠાણ બઢાવત, લાગત હૈ કહાં તુમકું દામ? ॥૨॥
અહનિશિ ધ્યાન ધરું હું તેરો, મુખથી ન વિસારું તુમ નામ;
શ્રી નયવિજય વિબુધ વર '**સેવક**', કહે તુમ મેરે આતમરામ. ॥૩॥



(૩૫) વામાનંદન વંદના...

(રાગ : મેરે પ્યારે વતન.../ગિરુઆ રે.../
દિલ દિયા હૈ જાન ભી.../હું પ્રભુ તને ઓળખું...)

વામાનંદન વંદના પ્રભુ, ચરણોમાં અવધારો રે;
કરુણાકરી કરુણાનિધિ, મને ભવસાગરથી તારો રે. વામા૦॥૧॥
એક સમય સંસારમાં પ્રભુ, આપણે સાથે રમ્યા;
તમે નિર્મોહી થઈ ગયા, અમે ભવ અટવીમાં ભમ્યા. વામા૦॥૨॥
દુઃખડાં નરક નિગોદનાં પ્રભુ, કહેતાં ન આવે પાર રે;
છેદન ભેદન બહુ સહ્યા, વળી પરમાધામીના માર રે. વામા૦॥૩॥
પરિણતિ તીવ્ર કષાયની, ભટકાવે લાખ ચોરાશી રે;
નાના જન્મો ધરાવીને, નાંખે ગળામાં ફાંસી રે. વામા૦॥૪॥
અવર નહીં કોઈ વિશ્વમાં પ્રભુ, તુમ વિણ તારણહાર રે;
ઈમ જાણીને હું આવીયો, સ્વામી તુમ દરબાર રે. વામા૦॥૫॥
પ્રીત પુરાતન દાખવો પ્રભુ, આપો નિજ ગુણ નાથ રે;
હું ભવ કાદવમાં ખૂંપ્યો, ઉગારો ઝાલી હાથ રે. વામા૦॥૬॥
ધન-દોલત માંગું નહિ, છે માહરી એક અરદાસ રે;
ત્રિભુવન તારક બોલાવજો, '**રુપવિજય**' તુજ પાસ રે. વામા૦॥૭॥

(૩૬) શરણ તુમારે આયો જિણંદરાય...

(રાગ : જિન! તેરે.../ મુજ અવગુણ મત.../
અબ મોહે.../ આઈ બસો ભગવાન.../
પધારો મ્હારે દેશ.../ ચરણોં મેં તેરે.../ અબોલડા શાના લીધા...)

શરણ તુમારે આયો જિણંદરાય!, શરણ તુમારે આયો ;
પકડી જકડી મોહ મહારાયે, ચિહું ગતિ ચોક ફિરાયો. ॥૧॥
નરક નિગોદને બંદીખાને, કાળ અનંત રઝળાયો;
પાયા અતિ મહામદના પ્યાલા, બહુ વિપરીત ભમાયો. ॥૨॥
મોહતણી રાણી મહામૂઢતા, તેણે હું ધંધે લગાયો;
છાઈ રહ્યાં મુજ આંતર લોચન, આપકું આપ ભૂલાયો. ॥૩॥
મહા મંત્રીશ્વર મોહરાય કો, મિથ્યાદર્શ કહાયો;
કુદેવ કુગુરુ કુધર્મની સંગે, સૂધ બુધ સઘલી હરાયો. ॥૪॥
નાના વેશ ભેખ પાખંડે, મર્કટ નાચ નચાયો;
વિપર્યાસ આસન પર મંડપ, ચિત્ત વિક્ષેપ રચાયો. ॥૫॥
સુણો અરદાસ સમર્થ પાર્શ્વ પ્રભુ, પંચાસર સુખદાયો;
અંતરંગ રિપુ ભય સવિ નાઠો, જો '**વિનયે**' પ્રભુ ધ્યાયો. ॥૬॥

(૩૭) શા માટે સાહિબ સામું ન જુઓ...



(રાગ : સુણો શાંતિ જિણંદ.../સ્વામી તુમે કાંઈ.../
તું પ્રભુ મારો.../આજ મનોરથ મારો.../પ્રભુ તમારા...)

શા માટે સાહિબ સામું ન જુઓ, હું થયો છું તુમ ગુણ રાગી;
બોલ બીજા સાથે નવિ બોલું, ન ગમે વાત અનેરી. પ્રભુજી મારા. ॥૧॥
જો રે પોતાનો કરીને જાણો, તો મુજ સમકિત વાસો; પ્રભુજી૦
ભલો ભુંડો પણ ભક્ત તુમારો, દેઈ દિલાસો ખાસો. પ્રભુજી૦॥૨॥
છેલછબીલો દેવ છોગાળો, અલવેસર અવિનાશી; પ્રભુજી૦
હૃદયનો વાસી પ્રભુ મુજને મળીયો, નમું હું નિત્ય શિર નામી. પ્રભુજી૦॥૩॥

હજુએ હૃદયમાં હોંશ ઘણી છે, રાખી છે તુમ ગુણ રાગી; પ્રભુજી૦
ભીડભંજનપ્રભુભક્તિનાજોરે, જાલીમવાસનાભાગી. પ્રભુજી૦॥૪॥
આપ સ્વરુપ દેખાડો આછો, પડદો ખોલીને પાછો; પ્રભુજી૦
પ્રેમ '**ઉદય**' પદ પગથિયે ચઢતાં, ન રહે લાભનો લાછો. પ્રભુજી૦॥૫॥

(૩૮) શ્રી ચિંતામણી પ્રભુ પાસજી રે...

(રાગ : સકલ સમતા સુરલતાનો.... અબ સોંપ દિયા ઇસ...)

શ્રી ચિંતામણી પ્રભુ પાસજી રે! વાત સુણો એક મોરી રે;
માહરા મનના મનોરથ પૂરજો, હું તો ભક્તિ ન છોડું તોરી રે. શ્રી૦॥૧॥
માહરી ખિજમતમાં ખામી નહિ, તાહરે ખોટ ન કાંઈ ખજાને રે;
હવે દેવાની શી ઢીલ છે? શું કહેવું તે કહીએ થાને રે. શ્રી૦॥૨॥
તેં ઉરણ સવી પૃથિવી કરી, ધન વરસી વરસીદાને રે;
માહરી વેળા શું એહવા, દીઓ વાંછિત વાળો વાનો રે. શ્રી૦॥૩॥
હું તો કેડ ન છોડું તાહરી, આપ્યા વિણ શિવસુખ સ્વામી રે;
મૂરખ તે ઓછે માનશે, ચિંતામણી કરતલ પામી રે. શ્રી૦॥૪॥
મત કહેશો તુજ કર્મે નથી, કર્મે છે તો તું પામ્યો રે;
મુજ સરીખા કીધા મોટકા, કહો તેણે કાંઈ તુજ થામ્યો રે. શ્રી૦॥૫॥
કાલ સ્વભાવ ભવિતવ્યતા, તે સઘળા તારા દાસો રે;
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજને સબળ વિશ્વાસો રે. શ્રી૦॥૬॥
અમે ભક્તે મુક્તિને ખેંચશું, જિમ લોહને ચમક પાષાણો રે;
તુમે હેજ હસીને દેખશો, કહસો સેવક છે સપરાણો રે. શ્રી૦॥૭॥
ભક્તિ આરાધ્યા ફળ દીએ, ચિંતામણી પણ પાષાણો રે;
વળી અધિકું કાંઈ કહાવશો, એ ભદ્રક ભક્તિ તે જાણો રે. શ્રી૦॥૮॥
બાળક તે જિમ તિમ બોલતો, કરે લાડ તાતને આગે;
તે તેહશું વાંછિત પૂરવે, બની આવે સઘળું રાગે રે. શ્રી૦॥૯॥

માહરે બનનારું તે બન્યું જ છે, હું તો લોકને વાત શીખાવું રે;
વાચક '**જશ**' કહે સાહિબા, એ ગીતે તુમ ગુણ ગાવું રે. શ્રી૦॥૧૦॥

(૩૯) શ્રી શંખેશ્વર નિજ રંગી...

(રાગ : આજ મનોરથ .../ઐસી આય બની.../
વીર મધુરી વાણી તારી...)

શ્રી શંખેશ્વર નિજ રંગી, પ્રાણ જીવન પ્રભુ પ્યારે રે;
અશ્વસેન વામાજી કે નંદન, ચંદન સમ હમ સારે રે;
અણિયારી તોરી અંબુજ અંખિયા, કરુણારસભરી તારે રે. ॥૧॥
નયન કચોલે અમૃત રોલે, ભવિ જન કાજ સુધારે રે;
ભવિ ચકોર ચિત્ત હરખે નિરખી, ચંદ્ર કિરણ સમ પ્યારે રે. ॥૨॥
તેરા હી નામ રટત હું નિશદિન, અન્ય આલંબન છારે રે;
શરણ પડ્યે કો પાર ઉતારે, ઐસો હૈ બિરુદ તુમારે રે. ॥૩॥
ભ્રમત ભ્રમત શંખેશ્વર સ્વામી!, પામી ભ્રમ સબ વારે રે;
જન્મ મરણ કી ભીતિ નિવારી, વેગે કરો ભવ પારે રે. ॥૪॥
'**આતમરામ**' આનંદરસ પૂરણ, તું મુજ કાજ સુધારે રે;
અનહદ નાદ બજે ઘટ અંતર, તું હી તાન ઉચ્ચારે રે. ॥૫॥

(૪૦) સમય સમય સો વાર સંભારું...

(રાગ : મેરે નૈના.../ફૂલ તુમ્હેં.../
આજ મારા પ્રભુજી.../વિરતિધરનો વેશ...)

સમય સમય સો વાર સંભારું, તુજશું લગની જોર રે;
મોહન મુજરો માની લેજો, જ્યું જલધર પ્રીતિ મોર રે. ॥૧॥
માહરે તન ધન જીવન તું હી, એહમાં જૂઠ ન જાણો રે;
અંતરજામી જગજન નેતા, તું કિહાં નથી છાનો રે. ॥૨॥

જેણે તુજને હિયડે નવિ ધ્યાયો, તાસ જનમ કુણ લેખે રે?
કાચે રાચે તે નર મૂરખ, રતનને દૂર ઉવેખે રે. ॥૩॥
સુરતરુ છાયા મૂકી ગહરી, બાવળ તળે કુણ બેસે રે?
તાહરી ઓલગ લાગે મીઠી, કિમ છોડાય વિશેષે રે. ॥૪॥
વામાનંદન પાર્શ્વ પ્રભુજી, અરજી ચિત્તમાં આણો રે,;
રુપ વિબુધનો '**મોહન**' પભણે, નિજ સેવક કરી જાણો રે. ॥૫॥



(૪૧) સહજ ગુણ આગરો...

(રાગ : આજ જિનરાજ.../ જય ગણેશ (૨) દેવા...)

સહજ ગુણ આગરો સ્વામી સુખ સાગરો,
જ્ઞાન વયરાગરો પ્રભુ સવાયો;
શુદ્ધતા એકતા તીક્ષ્ણતા ભાવથી,
મોહરિપુ જીતી જય પડહ વાયો. સહજ૦॥૧॥
વસ્તુ નિજ ભાવ અવિભાસ નિઃકલંકતા,
પરિણતિ વૃત્તિતા કરી અભેદે;
ભાવ તાદાત્મ્યતા શક્તિ ઉલ્લાસથી,
સંતતિ યોગને તું ઉછેદે. સહજ૦॥૨॥
દોષ ગુણ વસ્તુની લખીય યથાર્થતા,
લહી ઉદાસીનતા અપર ભાવે;
ધ્વંસી તદ્ધન્યતા ભાવ કર્તાપણું,
પરમ પ્રભુ તું રમ્યો નિજ સ્વભાવે. સહજ૦॥૩॥
શુભ અશુભ ભાવ અવિભાસ તહકીકતા,
શુભ અશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધો;
શુદ્ધ પરિણામતા વીર્ય કર્તા થઈ,
પરમ અક્રિયતા અમૃત પીધો. સહજ૦॥૪॥
શુદ્ધતા પ્રભુતણી આત્મભાવે રમે,

પરમ પરમાત્મતા તાસ થાયે;
મિશ્ર ભાવે અછે ત્રિગુણની ભિન્નતા,
ત્રિગુણ એકત્વ તુજ ચરણ આયે. સહજ૦॥૫॥
ઉપશમ રસભરી સર્વ જન શંકરી,
મૂર્તિ જિનરાજની આજ ભેટી;
કારણે કાર્ય નિષ્પત્તિ શ્રદ્ધાન છે,
તિણે ભવ ભ્રમણની ભીડ મેટી. સહજ૦॥૬॥
નયર ખંભાયતે પાર્શ્વ પ્રભુ દરશને,
વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો;
હેતુ એકત્વતા રમણ પરિણામથી,
સિદ્ધિ સાધકપણો આજ સાધ્યો. સહજ૦॥૭॥
આજ કૃત પુણ્ય ધન દીહ માહરો થયો,
આજ નર જન્મ મેં સફલ ભાવ્યો;
'દેવચંદ્ર' સ્વામી ત્રેવીશમો વંદીયો,
ભક્તિભર ચિત્ત તુજ ગુણ રમાવ્યો. સહજ૦॥૮॥

(૪૨) સાર કર સાર કર સ્વામી શંખેશ્વરા...

(રાગઃ તાર મુજ તાર મુજ.../જય ગણેશ (2).../જાગ રે જાદવા...)

સાર કર સાર કર સ્વામી શંખેશ્વરા,
વિશ્વ વિખ્યાત એકાંત આવો;
જગતના નાથ મુઝ હાથ ઝાલી કરી,
આજ કિમ કાજમાં વાર લાવો. સાર૦॥૧॥
હૃદય મુજ રંજણો શત્રુ દુઃખ ભંજણો,
ઈષ્ટ પરમિષ્ટ મોહે તુહિં સાચો;
ખલક ખિજમત કરે વિપતી સમે ખિણ ભરે,
નવિ રહે તાસ અભિલાષ કાચો. સાર૦॥૨॥

યાદવા રણજણે રામ કેશવ રણે,
જામ લાગી જરા નિંદ સોતી,
સ્વામી શંખેશ્વરા ચરણજલ પામીને;
યાદવોની જરા જાય રોતી. સા૨૦॥૩॥
આજ જિનરાજ! ઉંઘે કિસ્યું? આ સમે,
જાગ મહારાજ! સેવક પનોતા;
સુબુદ્ધિ મધે? ટળે ઘૂતે દોલત હરે,
વીર હાકે રિપુવૃંદ રોતા. સા૨૦॥૪॥
દાસ છું જન્મના પુરીયે કામના,
ધ્યાનથી માસ દશ દોય વીત્યા;
વિકટ સંકટ હરો નિકટ નયણા કરો,
તો અમે શત્રુ નૃપતિકું જીત્યા. સા૨૦॥૫॥
કાલ મુખે અશન શીતકાલે વસન,
શ્રમ સુખાસન રણે ઉદક દાઈ;
સુગુણનર સાંભરે વિસરે નહિ કદા,
પાસજી તું સદા છે સખાઈ. સા૨૦॥૬॥
માત તું તાત તું ભ્રાત તું દેવ તું,
દેવ દુનિયામાં દૂજો ન વહાલો;
શ્રી **'શુભવીર'** જગ જીત ડંકો કરે,
નાથજી નેક નયણે નિહાલો. સા૨૦॥૭॥



(૪૩) સુખદાઈ રે સુખદાઈ...

(રાગ : હો! મૈયા મોરી મૈં.../વૈષ્ણવજન.../
આ ભવના સાગરમાં.../ભૈરવી...)

સુખદાઈ રે સુખદાઈ, દાદો પાસજી! સુખદાઈ...
એસો સાહિબ નહિ કોઉ જગમેં, સેવા કીજે દિલ લાઈ. હો૦॥૧॥

સબ સુખદાયક એહિ જ નાયક, એહિ સહાયક સુસહાઈ;
કિંકર કું કરે શંકર સરીખો, આપે અપની ઠકુરાઈ. હો૦॥૨॥
મંગલ રંગ વધે પ્રભુ ધ્યાને, પાપ વેલી જાએ કરમાઈ;
શીતલતા પ્રગટે ઘટ અંતર, મીટે મોહ કી ગરમાઈ. હો૦॥૩॥
કહાં કરું સુરતરુ ચિંતામણિ કું, જો મેં પ્રભુ સેવા પાઈ;
'જસવિજય' કહે દર્શન દેખ્યો, ઘર આંગણ નવનિધિ આઈ. હો૦॥૪॥

(૪૪) સુણો પાર્શ્વ જિનેશ્વર સ્વામી...

(રાગ : એ મેરે વતન... / હે કરુણાના.../
રુડા રાજમહેલને... / યે બંધન તો)

સુણો પાર્શ્વ જિનેશ્વર સ્વામી, અલવેસર અંતરયામી;
હું તો અરજ કરું શિરનામી, પ્રભુ સાથે અવસર પામી;
હો સ્વામી મુજને તારો, હો પ્રભુજી મુજને તારો. હો સ્વામી૦॥૧॥
મુજને ભવસાગરથી તારો, ચિહું ગતિના ફેરા વારો;
કરુણા કરી પાર ઉતારો, એ વિનંતી મનમાં ધારો. હો સ્વામી૦॥૨॥
સંસારે સાર ન કાંઈ, સાચો એક તું હી સખાઈ;
તે માટે કરી થિરતાઈ, મેં તુજ ચરણે લય લાઈ. હો સ્વામી૦॥૩॥
તારક તું જગત પ્રસિદ્ધો, પહેલા પણ તેં જસ લીધો;
તુજ સેવકને શિવસુખ દીધો, એક અંતર મુજ શું કીધો? હો સ્વામી૦॥૪॥
ઇમ અંતર તે ન કરેવો, સેવકને શિવસુખ દેવો;
અવગુણ પણ ગુણ કરી લેવો, હેત આણી બાંહ્ય ગ્રહેવો. હો સ્વામી૦॥૫॥
સેવક ચૂકે કોઈ ટાણે, પણ સાહિબ મનમાં ન આણે;
નિજ અંગીકૃત પરમાણે, પોતાનો કરી જાણે. હો સ્વામી૦॥૬॥
તું ત્રિભુવનનાથ કહેવાય, ઇમ જાણીને જિનરાય;
દ્યો ચરણ સેવા સુપસાય, જિમ **'હંસરતન'** સુખ થાય. હો સ્વામી૦॥૭॥



(૪૫) સુરજમંડન પાર્શ્વ જિણંદા...

(રાગ : આજનો ચાંદલિયો.../વૈષ્ણવજન.../તું પ્રભુ મારો...)

સુરજમંડન પાર્શ્વ જિણંદા, અરજ સુણો ટાળો દુઃખ દંદા;
તું સાહિબ હું છું તુજ બંદા, પ્રીત બની જૈસે કૈરવ ચંદા. ॥૧॥
તુજશું નેહ નહિ મુજ કાચો, ઘણહિ ન ભાંજે હીરો જાચો;
દેતાં દાન તે કાંઈ વિમાસો, લાગે મુજ મન એહ તમાસો. ॥૨॥
કેડ લાગ્યો તે કેડ ન છોંડે, દીયો વાંછિત સેવક કર જોંડે;
અખય ખજાનો તુજ નવિ ખૂટે, હાથ થકી તો શ્યું નવિ છૂટે. ॥૩॥
જો ખિજમતમાં ખામી દાખો, તો પણ નિજ જાણી હિત રાખો;
જેણે દીધું છે તેહિ જ દેશે, સેવા કરશે તે ફળ લહેશે. ॥૪॥
ધેનુ-કૂપ-આરામ સ્વભાવે, દેતાં દેતાં સંપત્તિ પાવે;
તિમ મુજને તુમે જો ગુણ દેશો, તો જગમાં યશ અધિકો વહેશો. ॥૫॥
અધિકું ઓછું કિશ્યું રે કહાવો, જિમ તિમ સેવક ચિત્ત મનાવો;
માંગ્યા વિણ તો માય ન પીરસે, એહ ઉખાણો સાચો દિસે. ॥૬॥
ઈમ જાણીને વિનંતી કીજે, મોહનગારા મુજરો લીજે;
વાચક **'જશ'** કહે ખમિય આસંગો, દીયો શિવસુખ ધરી અવિહડ રંગો. ॥૭॥



(૪૬) હે પ્રભુ! પાર્શ્વ ચિંતામણિ મેરો...

(રાગ : માલકૌંસ.../ જિન! તેરે ચરણ કી...)

હે પ્રભુ! પાર્શ્વ ચિંતામણિ મેરો...
મિલ ગયો હીરો, મિટ ગયો ફેરો, નામ જપું નિત્ય તેરો... ॥૧॥
પ્રીત બની અબ પ્રભુજી શું પ્યારી, જૈસે ચંદ ચકોરો... ॥૨॥
'આનંદઘન' પ્રભુ! ચરણ શરણ હૈ, દિયો મોહે મુક્તિ કો ડેરો. ॥૩॥



(૪૭) હો અવિનાશી! નાથ નિરંજન!...

(રાગ : હમે ઔર જિને કી../
તું પ્રભુ મારો.../ હે ઉપકારી કૃપા વરસાવો...)

હો અવિનાશી! નાથ નિરંજન! સાહિબ મારો સાહિબ સાચો...
હો શિવવાસી! તત્ત્વપ્રકાશી! સાહિબ મારો સાહિબ સાચો ॥૧॥
ભવસમુદ્ર રહ્યો મહાભારી, કેમ કરી તરું હો અવિકારી,
બાંહ્ય ગ્રહીને કરો ભવપારી. સાહિબ૦॥૨॥
વામાનંદન નયણે નિરખ્યા, આનંદના પુર હૈયે ઉમટ્યા,
કામીત પુરણ કલ્પતરુ ફળિયા. સાહિબ૦॥૩॥
મહિમા તારો છે જગભારી, પાર્શ્વ શંખેશ્વર તું જયકારી,
સેવકને ઘો કેમ વિસારી. સાહિબ૦॥૪॥
મારે તો પ્રભુ તું હી એક દેવા, ન ગમે કરવી બીજાની સેવા,
અરજ સુણો પ્રભુ દેવાધિદેવા. સાહિબ૦॥૫॥
સાતરાજ અલગા જઈ બેઠા, પણ ભક્તે અમ મનમાંહે પેઠા,
વાચક **'યશ'** કહે નયણે દીઠા. સાહિબ૦॥૬॥

થોય

(૧)

પાસ જિણંદા, મુખ પૂનમ ચંદા,
પદ યુગ અરવિંદા, સેવે ચોસઠ ઈંદા;
લંછન નાગિંદા, જાસ પાયે સોહંદા,
સેવે ગુણી વૃંદા, જેહથી સુખ કંદા. ॥૧॥
જનમથી વર ચાર, કર્મ નાશે અગ્યાર,
ઓગણીશ નિરધાર, દેવે કીધા ઉદાર;
સવિ ચોત્રીશ ધાર, પુણ્યના એ પ્રકાર,
નમિયે નર નાર, જેમ સંસાર પાર. ॥૨॥
એકાદશ અંગા, તેમ બારે ઉવંગા,
ષટ્છેદ સુચંગા, મૂલ ચારે સુરંગા;
દશ પઈન્ન સુસંગા, સાંભળો થઈ એકંગા,
અનુયોગ બહુ ભંગા, નંદીસૂત્ર પ્રસંગા. ॥૩॥
પાસ યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો,
અડતાલીશ જાસો, સહસ પરિવાર ખાસો;
સહુએ પ્રભુ દાસો, માંગતા મોક્ષ વાસો,
કહે '**પદ્મ**' નિકાસો વિઘ્નના વૃંદ પાસો. ॥૪॥

(૨)

શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ;
મનવાંછિત પૂરણ સુરતરુ, જય વામાસુત! અલવેસરું. ॥૧॥
દોય રાતા જિનવર અતિભલા, દોય ધોળા જિનવર ગુણનીલા;
દોય નીલા દોય શામળ કહ્યા, સોળે જિન કંચન વર્ણ લહ્યા. ॥૨॥
આગમ તે જિનવર ભાખીઓ, ગણધર તે હિયડે રાખીઓ;
તેહનો રસ જેણે ચાખીઓ, તે હુઓ શિવસુખ સાખીઓ. ॥૩॥
ધરણેન્દ્ર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વ તણા ગુણ ગાવતી;
સહુ સંઘના સંકટ ચૂરતી, '**નયવિમલ**'ના વાંછિત પૂરતી. ॥૪॥

(૩)

પાસ જિણંદા વામાનંદા, જબ ગરભે ફળી,
સુપના દેખે અર્થ વિશેષે,કહે મઘવા મળી;
જિનવર જાયા સુર હુલરાયા, હુઆ રમણી પ્રિયે,
નેમિ રાજી ચિત્ત વિરાજી, વિલોકિતવ્રત લીયે. ॥૧॥
વીર એકાકી ચાર હજારે, દીક્ષા ધુરે જિનપતિ,
પાસને મલ્લિ ત્રય શત સાથે, બીજા સહસે વ્રતી;
ષટ્ શત સાથે સંયમ ધરતાં, વાસુપૂજ્ય જગ ધણી,
અનુપમ લીલા જ્ઞાન રસીલા, દેજો મુજને ઘણી. ॥૨॥
જિનમુખ દીઠી વાણી મીઠી, સુરતરુ વેલડી,
દ્રાક્ષ વિહાસે ગઈ વનવાસે, પીલે રસ શેલડી;
સાકર સેતી તરણાં લેતી, મુખે પશુ ચાવતી,
અમૃત મીઠું સ્વર્ગે દીઠું, સુરવધૂ ગાવતી. ॥૩॥
ગજમુખ દક્ષો વામન યક્ષો, મસ્તકે ફણાવલી,
ચાર તે બાંહી કચ્છપવાહી, કાયા જસ શામલી;
ચઉકર પ્રૌઢા નાગારુઢા,દેવી પદ્માવતી,
સોવન કાંતિ પ્રભુ ગુણ ગાતી, **'વીર'** ઘરે આવતી. ॥૪॥

(૪)

શ્રેયઃ શ્રિયાં મંગલકેલિસદ્મ!, શ્રીયુક્તચિંતામણી પાર્શ્વનાથ!;
દુર્વારસંસારભયાચ્ચ રક્ષ, મોક્ષસ્ય માર્ગે વરસાર્થવાહ!. ॥૧॥
જિનેશ્વરાણાં નિકર! ક્ષમાયાં, નરેન્દ્રદેવેન્દ્રનતાઙ્ઘ્રિપદ્મ!;
કુરુષ્વ નિર્વાણસુખં ક્ષમાભૃત્!, સત્કેવલજ્ઞાનરમાં દધાન!. ॥૨॥
કૈવલ્યવામા હૃદયૈકહાર!, ક્ષમાસરસ્વદ્રજનીશતુલ્ય!;
સર્વજ્ઞ! સર્વાતિશયપ્રધાન!, તનોતુ તે વાગ્ જિનરાજ! સૌખ્યમ્. ॥૩॥
શ્રી પાર્શ્વનાથ! ક્રમણામ્બુજાત- સારંગતુલ્યઃ કલધૌતકાન્તિઃ
શ્રી યક્ષરાજો ગરુડાભિધાનઃ, ચિરં જય જ્ઞાનકલાનિધાન!. ॥૪॥



શ્રી મહાવીરસ્વામી ભગવાન

ચૈત્યવંદન

(૧) સિદ્ધારથ સુત વંદીએ...

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુરનરપતિ ગાયો. ॥૧॥
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય;
બહોંતેર વરસનું આઉખું, શ્રી વીર જિનેશ્વર રાય. ॥૨॥
ખીમાવિજય જિનરાજના એ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યો, **'પદ્મવિજય'** વિખ્યાત. ॥૩॥

(૨) નમો દુર્વારરાગાદિ...

નમો દુર્વારરાગાદિ, વૈરી વાર નિવારિણે;
અર્હતે યોગીનાથાય, મહાવીરાય તાયિને. ॥૧॥
પન્નગે ચ સુરેન્દ્રે ચ, કૌશિકે પાદ-સંસ્પૃશિ;
નિર્વિશેષ મનસ્કાય, શ્રી વીરસ્વામિને નમઃ. ॥૨॥
કલ્યાણપાદપારામં, શ્રુતગંગા હિમાચલં;
વિશ્વાંભોજરવિં દેવં, વંદે શ્રી જ્ઞાતનંદનં. ॥૩॥

વીરપ્રભુનું તપ ગર્ભિત ચૈત્યવંદન

(૩) નવ ચોમાસી તપ કર્યા...

નવ ચોમાસી તપ કર્યા, ત્રણ માસી દોય;
દોય-દોય અઢીમાસી, તિમ દોઢ માસી હોય. ॥૧॥
બહોંતેર પાખખમણ કર્યા, માસખમણ કર્યા બાર;
ષડ્ દ્વિમાસી તપ વળી, બાર અટ્ઠમ તપ સાર. ॥૨॥
ષડ્માસી એક તપ કર્યો, પંચ દિન ઉણ ષડ્માસ;
બસો ઓગણત્રીસ છટ્ઠ ભલા, દીક્ષા દિન એક ખાસ. ॥૩॥
ભદ્ર પ્રતિમા દોય ભલી, મહાભદ્રે દિન ચાર;
દશ દિન સર્વતોભદ્ર વળી, લાગટ નિરધાર. ॥૪॥
વિણ પાણી તપ આદર્યો, પારણાદિક જાસ;
દ્રવ્યાહારે પારણાં કર્યા, ત્રણસો ઓગણપચાસ. ॥૫॥
છદ્મસ્થ એણી પેરે રહ્યા, સહ્યા પરિષહ ઘોર;
શુક્લધ્યાન અનલે કરી, બાળ્યાં કર્મ કઠોર. ॥૬॥
શુક્લધ્યાન અંતે રહ્યા, પામ્યા કેવળજ્ઞાન;
'પદ્મવિજય' કહે પ્રણમતાં,લહીએ નિત કલ્યાણ. ॥૭॥

સ્તવન

(૧) શાસન નાયક શિવસુખ દાયક...

શાસન નાયક, શિવસુખ દાયક જિનપતિ, મારા લાલ,
પાયક જાસ સુરાસુર, ચરણે નરપતિ; મારા લાલ,
ક્ષાયક કંદર્પ કેરા, જેણે નવિ ચિત્ત ધર્યા, મારા લાલ,
ઢાયક પાતક વૃંદ, ચરણ અંગીકર્યા. મારા લાલ. ॥૧॥
ક્ષાયકભાવે કેવલ, જ્ઞાનદર્શન ધરે, મારા લાલ,
જ્ઞાયક લોકાલોકના, ભાવશું વિસ્તરે; મારા લાલ,
ઘાયક ઘાતિકર્મ, મર્મની આપદા, મારા લાલ,
લાયક અતિશય, પ્રાતિહાર્યની સંપદા. મારા લાલ. ॥૨॥

કારક ષટ્ક થયાં તુજ, આતમ તત્ત્વમાં, મારા લાલ,
ધારક ગુણ સમુદાય, સયલ એકત્વમાં; મારા લાલ,
નારક નર તિરિ દેવ, ભ્રમણથી હું થયો, મારા લાલ,
કારક જેહ વિભાવ, તેણે વિપરીત ભયો. મારા લાલ. ॥૩॥
તારક તું ભવિ જીવને, સમરથ મેં લહ્યો, મારા લાલ,
ઠારક કરુણારસથી, ક્રોધાનલ દહ્યો; મારા લાલ,
વારક જેહ ઉપાધિ, અનાદિની સહચરી, મારા લાલ,
કારક નિજ ગુણ ઋદ્ધિ, સેવકને બરાબરી. મારા લાલ. ॥૪॥
વાણી એહવી સાંભળી, જિન આગમ તણી, મારા લાલ,
જાણી ઉત્તમ આશ, ધરી મનમાં ઘણી; મારા લાલ,
ખાણી ગુણની તુજ પદ, '**પદ્મ**'ની ચાકરી, મારા લાલ,
આણી હિયડે હેજ, કરું નિજ પદ કરી. મારા લાલ. ॥૫॥



(૨) અહા! કેવું ભાગ્ય જાગ્યું...

(રાગ : તુજ કરુણાધારમાં.../હોંશવાલોં કો.../વિરતિધરનો...)

અહા કેવું ભાગ્ય જાગ્યું! વીરના ચરણો મલ્યા!;
રોગ શોક દારિદ્ર્ય સઘળાં, જેહથી દૂરે ટળ્યા. અહા૦॥૧॥
ફેરો ફર્યો છે દુર્ગતિનો, શુભ ગતિ તરફેણમાં;
અલ્પકાળે મોક્ષ પામી, વિચરશું આનંદમાં. અહા૦॥૨॥
જેમના તપનો ન મહિમા, કરી શકે શક્રેશ ભી;
તેમને હું સ્તવું શું બાલક, શક્તિનો જ્યાં લેશ નહીં. અહા૦॥૩॥
કામધેનુ કામકુંભ, ચિંતામણિ સવિ તું મળ્યો;
આજ મારે આંગણે, શ્રી વીર કલ્પતરુ ફળ્યો. અહા૦॥૪॥
'**લબ્ધિ**'ના ભંડાર વ્હાલા, વીર વીર જપતાં થયા;
ગૌતમશ્રી મોક્ષગામી, એ પ્રભુની ખરી દયા. અહા૦॥૫॥

(3) આજ જિનરાજ! મુજ કાજ...



(રાગ : જય ગણેશ જય ગણેશા.../તાર મુજ તાર મુજ.../
ઋષભ જિનરાજ...)

આજ જિનરાજ! મુજ કાજ સિધ્યાં સવે,
તું કૃપાકુંભ જો મુજ તૂઠો;
કલ્પતરુ કામઘટ કામધેનુ મળ્યો,
આંગણે અમીયરસ મેહ વૂઠો. ॥૧॥

વીર તું કુંડપુર નયર ભૂષણ હુઓ,
રાય સિદ્ધાર્થ ત્રિશલા તનુજ જો;
સિંહ લંછન કનક વર્ણ કર સમ તનુ,
તુજ સમો જગતમાં કોઈ ન દૂજો. ॥૨॥

સિંહ પરે એકલો ધીર સંયમ ગ્રહી,
આયુ બહોંતેર વરસ પૂર્ણ પાળી;
પુરી અપાપાએ નિષ્પાપ શિવવહૂ વર્યો,
તિહાં થકી પર્વ પ્રગટી દિવાળી. ॥૩॥

સહસ તુજ ચઉદ મુનિવર મહાસંયમી,
સાહૂણી સહસ છત્રીસ રાજે;
યક્ષ માતંગ સિદ્ધાયિકા વર સૂરી,
સકલ તુજ ભવિકની ભીતિ ભાંજે. ॥૪॥

તુજ વચનરાગ સુખસાગરે ઝીલતો,
પીલતો મોહ મિથ્યાત્વ વેલી;
આવિયો ભાવિયો ધર્મપથ હું હવે,
દીજિયે પરમપદ હોઈ બેલી. ॥૫॥

સિંહ નિશદીહ જો હૃદયગિરિ મુજ રમે,
તું સુગુણ લીહ અવિચલ નિરીહો;
તો કુમત રંગ માતંગના જૂથથી,
મુજ નહિ કોઈ લવલેશ બીહો. ॥૬॥

ચરણ તુજ શરણ મેં ચરણગુણનિધિ ગ્રહ્યાં,
ભવ તરણ કરણ દમ શર્મ દાખો;
હાથ જોડી કહે **'જશવિજય'** બુધ ઈશ્યું,
દેવ! નિજ ભવનમાં દાસ રાખો. ॥૭॥

(૪) આવ આવ રે માહરા મનડા માંહે...

(રાગ : ચાર દિવસના ચાંદરણા.../એક પંખી...)

આવ આવ રે માહરા મનડા માંહે, તું છે પ્યારો રે;
હરીહરાદિક દેવ અનેરા, તું છે ન્યારો રે. ॥૧॥
અહો મહાવીર ગંભીર તું તો, નાથ માહરો રે;
હું નમું તુંને ગમે મુને, સાથ તાહરો રે. ॥૨॥
ગ્રહી સાંઈ રે મીઠડા હાથ માહરા, વૈરી વારો રે;
ઘો ઘો દર્શન દેવ મુને, ઘો ને લારો રે. ॥૩॥
તું વિના ત્રિલોકમેં કેહનો, નથી સહારો રે;
સંસાર પારાવારનો સ્વામી, આપને આરો રે. ॥૪॥
'ઉદયરત્ન' પ્રભુ જગમેં જોતા, તું છે સાચો તારો રે;
તાર તાર રે મુને તાર તું, સંસાર અસારો રે. ॥૫॥



(૫) કરુણાસાગર જીવજીવન પ્રભુ...



(રાગ : આંખડી મારી.../પ્રીતલડી બંધાણી.../અપૂર્વ અવસર...)

કરુણાસાગર જીવજીવન પ્રભુ વીરજી,
અનંતગુણના ધારક પ્રાણ આધાર જો;
મુજને મૂકી ભવ અટવીમાં એકલો,
આપ સિધાવ્યા મુક્તિપુરીમાં નાથ જો. ॥૧॥

સિદ્ધ બુદ્ધ અવિનાશી પદના ભોગી છો,
હું છું પામર મોહજાળમાં મગ્ન જો;
નાથ નિહાળી આવ્યો શરણે આપના,
તાર તાર હો તારક દેવ દયાળ જો. ॥૨॥

સમવસરણમાં બેસી અમીરસ વાણીથી,
જ્યારે કરતાં પ્રભુજી ભવિ ઉપકાર જો;
તે વેળા હું ભાગ્ય વિહુણો કઈ ગતિ,
જેથી ન પામ્યો ભવસાગરનો અંત જો. ॥૩॥

જ્ઞાન અનંતું સુખ અનંતું તાહરું,
ક્ષાયિક ભાવે વર્તે છે તુજ ગુણ જો;
પણ હું પાપી રમણ કરું પરભાવમાં,
તો કેમ પામું સ્વરુપ રમણનું સુખ જો. ॥૪॥

સિદ્ધારથ કુલ ચરમ પ્રભુ મહાવીરજી,
ત્રિશલા નંદન ત્રિજગવંદન નાથ જો;
મનમંદિરમાં આવો પ્યારા વીરજી,
તુમ વિણ સૂનો છે આ દરબાર જો. ॥૫॥

અનેક જીવને તાર્યા તેં કરુણાનિધિ,
તો શું મુજને મૂકી જશો ભગવાન જો;
મનોહર મુદ્રા જોવા તલસે તાહરી,
'ઉદયરત્ન' કહે દ્યો દરિશણ મહારાજ જો. ॥૬॥

(૬) ગિરુઆ રે ગુણ તુમ તણા...

(રાગ : તમારા હૃદય આકાશ.../
પ્રભુ તમારા પગલે... /એક પંખી...)

ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મલ થાયે કાયા રે. ॥૧॥
તુમ ગુણગણ ગંગાજળે, હું ઝીલીને નિર્મલ થાઉં રે;
અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ॥૨॥
ઝીલ્યા જે ગંગાજળે, તે છિલ્લર જળ નવિ પેસે રે;
જે માલતી ફૂલે મોહિયા, તે બાવળ જઈ નવિ બેસે રે. ॥૩॥
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કેમ પરસુર આદરે? જે પરનારી વશ રાચ્યા રે. ॥૪॥
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
'વાચક યશ' કહે માહરે, તું જીવ જીવન આધારો રે. ॥૫॥

(૭) ગોયમ કહે સુણો વીરજી રે...

(રાગ : યહ હૈ પાવન ભૂમિ.../ઋષભ જિનેશ્વર...)

ગોયમ કહે સુણો વીરજી રે, વાલેશ્વર ગુણગેહ;
વિશ્વાસ મુજને એટલો રે, ઈમ કિમ તોડશો નેહ,
હો વીરજી! શું કીધું તેહ, છટકીને દીધો છેહ. ॥૧॥
કામ ભળાવી તેં પ્રભુજી, મુજને મૂક્યો દૂર;
અંત સમય રાખ્યો નહીં, સેવક ચરણે નૂર. ॥૨॥
કેડ લાગીશું તુમ કને રે, માંગત કેવળ ભાગ?
ઈમ બહાના દેઈ ગયા રે, શું ન હતી મુક્તિમાં જગ. ॥૩॥
મોહ તોડી મૂકી જશો રે, પહેલા જો જાણત એહ;
તો તુમ સાથે એવડો રે, શાને કરત હું સ્નેહ. ॥૪॥
ગોયમ ગોયમ કહીને રે, બોલાવતા કેઈવાર;
ઈણવેળા તે કિંહા ગયો રે, તુમ મન કેરો પ્યાર. ॥૫॥

તેં પણ છળ જ્યાં એમ કર્યું રે, તો શું અવરની વાત;
ઈમ છળ કરતાં તુજને રે, ન આવી શરમ તિલમાત્ર. ॥૬॥
ઈમ ઓલંભા દેઈ કરી રે, જીત્યો મોહ વિકાર;
ગોયમ કેવળસિરિ વર્યા રે, '**કનકવિજય**' જયકાર. ॥૭॥

(૮) ચઉમાસી પારણું આવે...

(રાગ : શંખેશ્વર સાહિબ સાચો...)

ચઉમાસી પારણું આવે, કરી વિનંતી નિજ ઘર જાવે;
પ્રિયા પુત્રને વાત જણાવે, પટકૂલ જરી પથરાવે રે;
મહાવીર પ્રભુ ઘેર આવે, જીરણ શેઠજી ભાવના ભાવે રે. મહા૦॥૧॥
ઊભી શેરીએ જળ છંટકાવે, જાઈ કેતકી ફૂલ બિછાવે;
નિજ ઘેર તોરણ બંધાવે, મેવા મીઠાઈ થાળ ભરાવે રે. મહા૦॥૨॥
અરિહાને દાન જ દીજે, દેતાં જે દેખીને રીઝે;
ષટ્માસી રોગ હરીજે, સિઝે દાયક ભવ ત્રીજે રે. મહા૦॥૩॥
જિનવરની સન્મુખ જાઉં, મુજ મંદિરીએ પધરાવું;
પારણું ભલી ભાતે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે. મહા૦॥૪॥
પછી પ્રભુને વળાવા જઈશું, કરજોડીને સન્મુખ રહીશું;
નમી વંદીને પાવન થઈશું, વિરતિ અતિ રંગે વરશું રે. મહા૦॥૫॥
દયા દાન ક્ષમા શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું;
સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે. મહા૦॥૬॥
એમ જીરણ શેઠ વદંતા, પરિણામની ધારે ચઢંતા;
શ્રાવકની સીમે ઠરંતા, દેવ દુંદુભિ નાદ સુણંતા રે. મહા૦॥૭॥
કરી આયુ પૂરણ શુભ ભાવે, સુરલોક અચ્યુતે જાવે;
શાતાવેદનીય સુખ તે પાવે, '**શુભવીર**' વચન રસ ગાવે રે. મહા૦॥૮॥



(૯) છેલ્લો બોધ આપી...

(રાગ : સિદ્ધાચલના વાસી જિનજી પ્યારા...)

છેલ્લો બોધ આપી, સહુ કર્મ કાપી, વીર મારા, ગયા મોક્ષતણી મોઝાર;
અઢાર દેશના રાજાઓ આવે પૌષધ લઈને ભાવના ભાવે;
સુણીને શાસ્ત્રનું જ્ઞાન, મૂકીને અભિમાન. વીર૦॥૧॥
વિલાપ કરે છે ગૌતમસ્વામી, ક્યાં ગયા મારા અંતરયામી;
મુજને મૂકી ગયા, મને મેલી ગયા. વીર૦॥૨॥
ચોસઠ ઈન્દ્રો આવી નમે છે, મહામહોત્સવને ઊજવે છે;
ગુણ વીરના ગવાય, ગુણ મહાવીરના ગવાય. વીર૦॥૩॥
આસો માસની પર્વ દિવાળી, રુડી રાત દિસે રઢિયાળી;
વીર પામ્યા નિર્વાણ, નામે શ્રી વર્ધમાન. વીર૦॥૪॥
વીર નામની સાચી દિવાળી, જાપ જપે શીયળ વ્રતધારી;
'**વિનયવિજય**' ગુણ ગાય, ભવોભવનાં દુઃખ જાય. વીર૦॥૫॥

(૧૦) જગપતિ તું તો દેવાધિદેવ!...

(રાગ : જિનજી ત્રેવીસમો જિન પાસ...)

જગપતિ તું તો દેવાધિદેવ! દાસનો દાસ હું તાહરો;
જગપતિ તારક તું કિરતાર, મનમોહન પ્રભુ! માહરો. ॥૧॥
જગપતિ તાહરે ભક્ત અનેક, માહરે એક જ તું ધણી;
જગપતિ વીરમાં તું મહાવીર, મૂરતિ તાહરી સોહામણી. ॥૨॥
જગપતિ ત્રિશલારાણીનો તું તનુ, ગંધાર બંદરે ગાજીઓ;
જગપતિ સિદ્ધારથ કુલ શણગાર, રાજરાજેશ્વર રાજિયો. ॥૩॥
જગપતિ ભક્તોની ભાંગે તું ભીડ, પીડ પરાઇ પ્રભુ પારખે;
જગપતિ તુંહિ અગમ અપાર, સમજ્યો ન જાએ મુજ સારિખે. ॥૪॥
જગપતિ ખંભાત જંબુસર સંઘ, ભગવંત ચોવીસમો ભેટિઓ;
જગપતિ '**ઉદય**' નમે કર જોડ, સત્તર નેવું સમે કીઓ. ॥૫॥

(૧૧) તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી...

(રાગ : જય ગણેશ જય ગણેશ દેવા... / મૂઢ મુહ્યસિ મુધા...)

તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી,
જગતમાં એટલું સજશ લીજે;
દાસ અવગુણ ભર્યો જાણી પોતા તણો,
દયાનિધિ દીન પર દયા કીજે. ॥૧॥

રાગ દ્વેષે ભર્યો મોહ વૈરી નડ્યો,
લોકની રીતમાં ઘણું ય રાતો;
ક્રોધ વશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવ માંહી હું વિષય માતો. ॥૨॥

આદર્યું આચરણ લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;
શુદ્ધ શ્રદ્ધાન વળી આત્મ અવલંબન વિણ,
તેહવો કાર્ય તિણે કો ન સીધો. ॥૩॥

સ્વામી દરિશણ સમો નિમિત્ત લહી નિરમળો,
જો ઉપાદાન એ શુચિ ન થાશે;
દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમ તણો,
સ્વામી સેવા સહી નિકટ લાશે. ॥૪॥

સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે,
દરિશણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,
કર્મ ઝીપી વસે મુક્તિ ધામે. ॥૫॥

જગત વત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી બિરુદ નિજ રાખવા,
દાસની સેવના રખે ન જોશો. ॥૬॥

વિનંતી માનજો શક્તિ એ આપજો,
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;
સાધી સાધક દશા સિદ્ધતા અનુભવી,
'દેવચંદ્ર' વિમલ પ્રભુતા પ્રકાશે. ॥૭॥

(૧૨) તારે વયણે મનડું વીંધ્યું રે...

(રાગ : એક પંખી.../ યહ હૈ પાવન.../યુગોથી હું.../
એ મેરે પ્યારે.../તાહરી અજબશી...)

તારે વયણે મનડું વીંધ્યું રે, ગિરુઆ ગુણ દરિયા;
તાહરે ચરણે ચિત્તડું ચોંટ્યું રે, મીઠડા ઠાકુરિયા. ॥૧॥
સાકર દ્રાક્ષ થકી પણ અધિકી, મીઠી તાહરી વાણી;
સાંભળતા સંતોષ ન થાયે, અમૃત રસની ખાણી રે. ॥૨॥
વયણ તમારું સાંભળવાને, પ્રભુ આશિક થઈને રહિયે;
મુખડાનો મટકો નીરખતાં, ફરી ફરી ભામણે જઈએ રે. ॥૩॥
ઋદ્ધિવંતા બહુ રાજ્ય તજીને, જે તુજ વયણના રસિયા;
સઘળી વાત તણો રસ છોડી, આવી તુજ ચરણે વસિયા. ॥૪॥
સુરનર મુનિજન જગ જન ભાવિ, ગ્રંથે જે વીરવાણી;
શ્રી વીરજિન તણી સુણી વાણી, બુઝ્યા બહુ ભવિ પ્રાણી. ॥૫॥
ત્રણ ભુવનને પાવન કરવા, નિર્મળ છે વીર વાણી;
'ઉદયરતન' કહે ભવજલ તરવા, સહિ તે નાવ સમાણી. ॥૬॥

(૧૩) તેરો દરશ મન ભાયો ચરમ જિન...

(રાગ : મને વેશ શ્રમણનો... /
મુજ અવગુણ મત દેખો.../જિન! તેરે...)

તેરો દરશ મન ભાયો ચરમ જિન! તેરો દરશ મન ભાયો...
તું પ્રભુ કરુણારસમય સ્વામી, ગર્ભ મેં શોક મિટાયો;
ત્રિશલા માતા કો આનંદ દીનો, જ્ઞાતનંદન જગ ગાયો. ॥૧॥

વરસીદાન દઈ રોરતા વારી, સંયમ રાજ ઉપાયો;
દીન હીનતા કબહું ન તેરે, સચ્ચિદાનંદ રાયો. ॥૨॥
કરુણા મંથર નયને નિહાળી, ચંડકૌશિક સુખદાયો;
આનંદ રસભર સ્વર્ગે પહુંતો, ઐસો કૌન કરાયો. ॥૩॥
રત્નકંબલ દ્વિજવર કો દીનો, ગોશાલક ઉદ્ધરાયો;
જમાલી પન્નર ભવ અંતે, મહાનંદ પદ પાયો. ॥૪॥
મત્સરી ગૌતમ કો ગણધારી, શાસન નાયક ઠાયો;
તેરે અવદાત ગિનું જગ કે તે, તું કરુણાસિંધુ સોહાયો. ॥૫॥
હું બાળક શરણાગત તેરો, મુજકો ક્યું વીસરાયો;
તેરે વિરહ સે હું દુઃખ પામું, કર મુજ '**આતમરાયો**'. ॥૬॥

(૧૪) તો શું પ્રીત બંધાણી જગતગુરુ...

(રાગ : શી કહું કથની મારી.../સોનામાં સુગંધ.../
ઋષભદેવ હિતકારી...)

તો શું પ્રીત બંધાણી જગતગુરુ! તો શું પ્રીત બંધાણી;
વેદ અરથ કહી મોં બ્રાહ્મણકું, ખિણમેં કીધો ગુણ ખાણી. ॥૧॥
બાલક પરે મેં જે જે પૂછ્યું, તે ભાખ્યું હિત આણી;
મુજ કાલાને કુણ સમજાવે, તો બિન મધુરી વાણી. ॥૨॥
વયણ સુધારસ વરસી વસુધા, પાવન ખેત સમાણી;
નર નારકી તિરિ પ્રમોદિત બોધિત, તોહિ ગુણમણી ખાણી. ॥૩॥
કિસકે પાઉં પરું અબ જાઈ, કિનકી પકરું પાની;
કુણ મુજ ગોયમ કહી બોલાવે, તો સમ કુણ વખાણી. ॥૪॥
અઈમુત્તો આયો મુજ સાથે, રમતો કાચલી પાણી;
કેવલ કમલા ઉસકું દિની, યાહિ કિરતી નહિ છાની. ॥૫॥
ચઉદ સહસ અણગારમાં, મોટો કીનો કાહું પિછાની;
અંતિમ અવસર કરુણા સાગર, દૂરે ભેજ્યો જાણી. ॥૬॥

કેવળ ભાગ ન માંગત સ્વામી, રહત ન છેડો તાણી;
બિચમેં છોડ ગયે શિવમંદિર, લોકમાં હોત કહાણી. ॥૭॥
ખામી કુછ ખિજમત મેં કીની, તાકી યાહિ કમાણી;
સ્વામી ભાવ લહે સુસેવક, યાહિ વાત નિપાની. ॥૮॥
વીતરાગ ભાવે ચેતનતા, અંતર મૂરત ઠરાણી;
'**ખિમાવિજય**' જિન ગૌતમ ગણધર, જ્યોતિશું જ્યોતિ મિલાણી.॥૯॥



(૧૫) દીન દુખિયાનો તું છે બેલી...

(રાગ : દેખ તેરે સંસાર.../ ઊંચા અંબરથી.../
તું મને ભગવાન...)

દીન દુખિયાનો તું છે બેલી, તું છે તારણહાર, તારા મહિમાનો નહીં પાર;
રાજપાટને વૈભવ છોડી, છોડી દીધો સંસાર. તારા૦॥૧॥
ચંડકૌશિયો ડશિયો જ્યારે, દૂધની ધારા પગથી નીકળે;
વિષને બદલે દૂધ જોઈને, ચંડકૌશિયો આવ્યો શરણે;
ચંડકૌશિયાને તેં તારી, કીધો ઘણો ઉપકાર. તારા૦॥૨॥
કાનમાં ખીલા ઠોક્યા જ્યારે, થઈ વેદના પ્રભુને ભારે;
તોએ પ્રભુજી શાંત વિચારે, ગોવાળનો નહીં વાંક લગારે;
ક્ષમા આપીને તે જીવોનો, તારી દીધો સંસાર. તારા૦॥૩॥
મહાવીર મહાવીર ગૌતમ પુકારે, આંખેથી આંસુની ધારા વહાવે;
ક્યાં ગયા એકલા છોડી મુજને, હવે નથી કોઈ જગમાં મારે;
પશ્ચાત્તાપ કરતાં કરતાં, ઊપન્યું કેવલજ્ઞાન. તારા૦॥૪॥
'**જ્ઞાનવિમલ**' ગુરુ વયણે આજે, ગુણ તમારા ભાવે ગાવે;
થઈ સુકાની તું પ્રભુ આવે, ભવજલ નૈયા પાર ઉતારે;
અરજ અમારી દિલમાં ધારી, કરીએ વંદન વારંવાર. તારા૦॥૫॥

(૧૬) ના રે પ્રભુ નહિ માનું...



(રાગ : અબ મોહે.../ મારું આયખું...)

ના રે પ્રભુ નહિ માનું, નહિ માનું અવરની આણ,
માહરે તાહરું વચન પ્રમાણ...
હરિહરાદિક દેવ અનેરા, તે દીઠા જગ માંય રે;
ભામિની ભ્રમર ભ્રકૂટિએ ભૂલ્યા, તે મુજને ન સુહાય. ના રે૦॥૧॥
કેઈક રાગી ને કેઈક દ્વેષી, કેઈક લોભી દેવ રે;
કેઈક મદ માયાના ભરિયા, કેમ કરીએ તસ સેવ? ના રે૦॥૨॥
મુદ્રા પણ તેહમાં નવિ દીસે, તુજ માંહેલી તિલમાત્ર રે;
જે દેખી દિલડું નવિ રીઝે, શી કરવી તસ વાત રે. ના રે૦॥૩॥
તું ગતિ, તું મતિ, તું મુજ પ્રીતમ, જીવ જીવન આધાર;
રાત-દિવસ સ્વપનાંતર માંહી, તુંહી મારે નિરધાર. ના રે૦॥૪॥
અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાલ રે;
જગબંધવ એ વિનંતી મારી, મારાં જન્મમરણ દુઃખ ટાળ. ના રે૦॥૫॥
ચોવીસમાં પ્રભુ ત્રિભુવન સ્વામી, સિદ્ધારથના નંદ રે;
ત્રિશલાજીના નાનડિયા પ્રભુ, તુમ દીઠે અતિ હી આનંદ. ના રે૦॥૬॥
સુમતિવિજય કવિરાયનો રે, '**રામવિજય**' કરજોડ રે;
ઉપકારી અરિહંતજી માહરા, ભવભવનાં બંધન છોડ. ના રે૦॥૭॥

(૧૭) મનમંદિર મોહન આવીયે...

(રાગ : બોલો (૨) રે શાલીભદ્ર... / મુજ ઘટ આવજો.../
આજ મનોરથ.../મનમોહન જિનવર...)

મનમંદિર મોહન આવીયે...મનમંદિર મોહન આવીયે...!
રાગ વિના તું રીઝવે, રીઝ વિના અરિહંત હો;
ભોગ વિના સુખ ભોગવે, નવિ કામ ધરે ભગવંત હો. ॥૧॥
દામ નહિ જિન તાહરે પણ, ઠકુરાઈ નવિ પાર હો;
સંબંધ કોઈશું ન તાહરે પણ, બંધવ પરે અધિકાર હો. ॥૨॥

માન વિના હિત ચિંતવે, વિણ કારણ ઉપગાર હો;
દાન છે સુરતરુ સારિખો, તિહાં કંચનનો નવિ પાર હો. ॥૩॥
રાગ ભર્યો દિલ માહરો પ્રભુ, તે તિહાં કીધો પ્રકાશ હો;
જગરંજન તે નવિ આદર્યો, તિહાં રાગ નહિ લવલેશ હો. ॥૪॥
અકલ પંથ એક તાહરો, તું તારે સહું સંસાર હો;
અળગો પણ રહે સંસારથી, પંકજ પરે જગદાધાર હો. ॥૫॥
હું છું શાયર તુમે ચન્દ્રમાં, પ્રભુ અમ મોરા તુમે મેહ હો;
તમે તરુવર અમે પંખીયા, મુજને તુમશું અવિહડ નેહ હો. ॥૬॥
બાળક પરે જાણી કરી, કરો કરુણાદ્રષ્ટિ રસાળ હો;
પ્રભુ રાજનગરના રાજીયા, જિન વીર જિણંદ દયાળ હો. ॥૭॥
શ્રી વિજયદેવ ગુરુ પાટવી, શ્રી વિજય સિંહ સૂરીંદ હો;
તસ શિષ્ય **'ઉદય'** વાચક ભણે, ધરી હૈડે આનંદ હી આનંદ હો. ॥૮॥



(૧૮) મહાવીરસ્વામી રે વિનંતી સાંભળો...

(રાગ : ચાર દિવસના ચાંદરડા.../
સુરજ મંડણ.../આજ મારા...)

મહાવીરસ્વામી રે વિનંતી સાંભળો, હું છું દુખિયો અપાર;
ભવોભવ ભટક્યો રે વેદના બહુ સહી, ચઉગતિમાં બહુ વાર. ॥૧॥
જન્મમરણનું રે દુઃખ નિવારવા, આવ્યો આપ હજૂર;
સમ્યગ્દર્શન જો મુજને દિયો, તો લહુ સુખ ભરપૂર. ॥૨॥
રખડી રઝળી રે હું અહીં આવિયો, સાચો જાણી તું એક;
મુજ પાપીને રે પ્રભુજી તારજો, તાર્યા જેમ અનેક. ॥૩॥
ના નહીં કહેજો રે મુજને સાહિબા, હું છું પામર રાંક;
આપ કૃપાળુ રે ખાસ દયા કરી, માફ કરજો મુજ વાંક. ॥૪॥
ભૂલ અનંતી રે વાર આવી હશે, માફ કરજો મહારાજ;
'ઉદયરત્ન' રે લળી લળી વીનવે, બાંહ્ય ગ્રહી રાખોને લાજ. ॥૫॥

TRISHALA  NANDANA

(૧૯) માતા ત્રિશલાનંદ કુમાર...

(રાગ : અંતરજામી સુણ અલવેસર...)

માતા ત્રિશલાનંદ કુમાર, જગતનો દીવો રે,
મારા પ્રાણતણો આધાર, વીર ઘણું જીવો રે;
આમલકી ક્રીડાએ રમતાં, હાર્યો સુર પ્રભુ પામી રે,
સુણજોને સ્વામી અંતરજામી, વાત કહું શિર નામી રે. માતા૦॥૧॥
સુધર્મા સુરલોકે રહેતાં, અમો મિથ્યાત્વે ભરાણા રે;
નાગદેવની પૂજા કરતાં, શિર ન ધરી પ્રભુ આણા રે. માતા૦॥૨॥
એક દિન ઇન્દ્ર સભામાં બેઠા, સોહમપતિ એમ બોલે રે;
ધીરજ બળ ત્રિભુવનનું નાવે, ત્રિશલા બાળક તોલે રે. માતા૦॥૩॥
સાચું સાચું સહુ સુર બોલ્યા, પણ મેં વાત ન માની રે;
ફણિધરને લઘુ બાળક રુપે, રમત રમિયો છાની રે. માતા૦॥૪॥
વર્ધમાન તુમ ધીરજ મોટું, બાલપણામાં નહિ કાચું રે;
ગિરુઆના ગુણ ગિરુઆ ગાવે, હવે મેં જાણ્યું સાચું રે. માતા૦॥૫॥
એક જ મુષ્ટિ પ્રહારે મારું, મિથ્યાત્વ ભાગ્યું જાય રે;
કેવલ પ્રગટે મોહરાયને, રહેવાનું નહિ થાય રે. માતા૦॥૬॥
આજ થકી તું સાહિબ માહરો, હું છું સેવક તાહરો રે;
ક્ષણ એક સ્વામી ગુણ ન વિસારું, પ્રાણ થકી તું પ્યારો રે. માતા૦॥૭॥
મોહ હરાવે સમકિત પાવે, તે સુર સ્વર્ગ સિધાવે રે;
મહાવીર પ્રભુનું નામ ધરાવે, ઇન્દ્રસભા ગુણ ગાવે રે. માતા૦॥૮॥
પ્રભુ મલકંતા નિજ ઘર આવે, સરખા મિત્ર સોહાવે રે;
શ્રી '**શુભવીર**'નું મુખડું જોતાં, માતાજી આનંદ પાવે રે. માતા૦॥૯॥



(૨૦) રુડી ને રઢિયાળી રે...

(રાગ : શત્રુંજ્ય ગઢના વાસી.../ગુજરાતી ગરબો.../સંયમજીવનનો...)

રુડી ને રઢિયાળી રે, વીર તારી દેશના રે...
એ તો ભલી રે યોજનમાં સંભળાય;
સમકિત બીજ આરોપણ થાય. રુડી૦॥૧॥

ષટ્ મહિનાની રે ભૂખ તરસ શમે રે,
સાકર દ્રાક્ષ તે હારી જાય;
કુમતિ જનના મદ મોડાય. રુડી૦॥૨॥

ચાર નિક્ષેપે રે સાત નયે કરી રે,
માંહે ભલી સમભંગી વિખ્યાત;
નિજ નિજ ભાષાએ સમજાય. રુડી૦॥૩॥

પ્રભુજીને ધ્યાતાં રે શિવપદવી લહે રે,
આતમ ઋદ્ધિનો ભોક્તા થાય;
જ્ઞાનમાં લોકાલોક સમાય. રુડી૦॥૪॥

પ્રભુજી સરીખા દેશક કો નહિ રે,
એમ સહુ જિન ઉત્તમ ગુણ ગાય;
પ્રભુ પદ '**પદ્મને**' નિત્ય નિત્ય ધ્યાય. રુડી૦॥૫॥

(૨૧) વર્ધમાન જિનવરના ધ્યાને...

(રાગ : ગિરુઆ રે.../ફૂલ તુમ્હેં ભેજા હૈ.../
વીરજિણંદ જગત.../વૈષ્ણવજન...)

વર્ધમાન જિનવરના ધ્યાને, વર્ધમાન સમ થાવેજી;
વર્ધમાન વિદ્યા સુપસાયે, વર્ધમાન સુખ પાવેજી. ॥૧॥
તું ગતિ તું મતિ સાહિબો તું, જીવન પ્રાણ આધારજી;
જયવંતુ જગમાં જસ શાસન, કરતું બહુ ઉપગારજી. ॥૨॥
જે અજ્ઞાની તુમ મત સરીખો, પરમતને કરી જાણેજી;
કહો કુણ અમૃતને વિષ સરીખું, મંદમતિ વિણ જાણેજી. ॥૩॥
જે તુમ આગમ સરસ સુધારસે, સિંચ્યો શીતલ થાયજી;
તાસ જનમ સુ-કૃતારથ જાણો, સુરનર તસ ગુણ ગાયજી. ॥૪॥
સાહિબ તુમ પદપંકજ સેવા, નિત નિત એહી જ યાચુંજી;
શ્રી '**જ્ઞાનવિમલ**' સૂરીસર ભાખે, પ્રભુધ્યાને હું માચુંજી. ॥૫॥

(૨૨) વિરહ સે ભયો રે ઉદાસી હો વીરજિન...

(રાગ : ઓ સાથી રે.../ભૈરવી.../તુમ દરિસન ભલે.../જિન! તેરે...)

વિરહ સે ભયો રે ઉદાસી હો વીરજિન!...વિરહ સે ભયો રે!
દુઃષમ કાલમેં દુઃખિયો છોડી, તુમ ભયે શિવપુર વાસી. હો૦॥૧॥
પ્રભુ દરિસણ પ્રત્યક્ષ ન દીઠું, ઈણશું ભયો રે નિરાશી. હો૦॥૨॥
મોહરાય સુભટે મુજ ઘેર્યો, મ્હારી કરે સબ હાંસી. હો૦॥૩॥
તુમ વિના એકાકી મુજ દેખી, ડારી ગલે મોહ ફાંસી. હો૦॥૪॥
પ્રભુ વિના કોન કરે મુજ કરુણા, દેખો દિલમેં વિમાસી. હો૦॥૫॥
પણ તુજ આગમને તુજ મૂરતિ, એહી શરણ મુજ થાસી. હો૦॥૬॥
એહ ભરોસો મુજ મન મોટો, ભાંગી ભવ કી ઉદાસી. હો૦॥૭॥
'**વીરવિજય**' કહે વીરપ્રભુ કી, મૂરતિ શરણ જ થાસી. હો૦॥૮॥



(૨૩) વીર જિણંદ જગત ઉપકારી...

(રાગ : ફૂલ તુમ્હેં ભેજા હૈ.../
આજ મારા પ્રભુજી.../આજનો ચાંદલિયો.../
જય જય આરતી.../વૈષ્ણવજન...)

વીર જિણંદ જગત ઉપકારી, મિથ્યાધામ નિવારીજી;
દેશના અમૃતધારા વરસી, પરપરિણતિ સવિ વારીજી. ॥૧॥
પાંચમે આરે જેહનું શાસન, દોય હજાર ને ચારજી;
યુગપ્રધાન સૂરીશ્વર વહેશે, સુવિહિત મુનિ આધારજી. ॥૨॥
ઉત્તમ આચારજ મુનિ અઙ્ગ, શ્રાવક શ્રાવિકા અચ્છજી;
લવણ જલધિમાંહી મીઠું જલ, પીવે શૃંગી મચ્છજી. ॥૩॥
દશ અચ્છેરે દૂષિત ભરતે, બહુ મતભેદ કરાલજી;
જિન કેવલી પૂરવધર વિરહે, ફણિસમ પંચમ કાલજી. ॥૪॥
તેહનું ઝેર નિવારણ મણિસમ, તુજ આગમ તુજ બિંબજી;
નિશિ દીપક પ્રવહણ જિમ દરિયે, મરુમાં સુરતરું લુંબજી. ॥૫॥
જૈનાગમ વક્તા ને શ્રોતા, સ્યાદ્વાદ શુચિ બોધજી;
કલિકાલે પણ પ્રભુ! તુજ શાસન, વર્તે છે અવિરોધજી. ॥૬॥
માહરે તો સુષમાથી દુઃષમા, અવસર પુણ્ય નિધાનજી;
'ક્ષમાવિજય' જિન વીર સદાગમ, પામ્યો સિદ્ધિ નિદાનજી. ॥૭॥



(૨૪) વીર જિનેશ્વર ચરણે લાગું...

(રાગ : વીર જિણંદ જગત.../ ઐસા ચિદ્‌રસ.../
મેરા જીવન.../વૈષ્ણવજન...)

વીર જિનેશ્વર ચરણે લાગું, વીરપણું તે માંગું રે;
મિથ્યા મોહ તિમિર ભય ભાગ્યું, જીત નગારું વાગ્યું રે. ॥૧॥
છઉમત્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;
સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. ॥૨॥

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે;
પુદ્ગલગણ તિણે લેશ્યા વિશેષે, યથાશક્તિ મતિ લેખે રે. ॥૩॥
ઉત્કૃષ્ટે વીર્ય નિવેશે, યોગક્રિયા નવિ પેસે રે;
યોગતણી ધ્રુવતાને લેશે, આતમ શક્તિ ન ખેસે રે. ॥૪॥
કામવીર્ય વશે જિમ ભોગી, તિમ આતમ થયો ભોગી રે;
શૂરપણે આતમ ઉપયોગી, થાયે તેહ અયોગી રે. ॥૫॥
વીરપણું તે આતમઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે. ॥૬॥
આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, **'આનંદઘન'** પ્રભુ જાગે રે. ॥૭॥

(૨૫) વીર વડ ધીર મહાવીર મોટો પ્રભુ...

(રાગ : તાર મુજ (૨).../
જય ગણેશ (૨) દેવા.../ખૂલ્લા મૂક્યા...)

વીર વડ ધીર મહાવીર મોટો પ્રભુ,
પેખતાં પાપ સંતાપ નાસે;
જેહના નામ ગુણધામ બહુમાનથી,
અવિચલ લીલ હૈયે ઉલ્લાસે. ॥૧॥
કર્મ અરિ જીપતો દીપતો વીર! તું,
ધીર પરિષહ સહે મેરુ તોલે;
સુરે બલ પરખીયો રમત કરી નિરખીયો,
હરખીયો નામ મહાવીર બોલે. ॥૨॥
સાપ ચંડકોશીયો જે મહારોષીયો,
પોષીયો તે સુધા નયન પૂરે;
એવડાં અવગુણ શા પ્રભુ મેં કર્યા?,
તાહરા ચરણથી રાખે દૂરે. ॥૩॥

શૂલપાણિ સુરને પ્રતિબોધીયો,
ચંદના ચિત્ત ચિંતા નિવારી;
મહેર ધરી ઘેર પહોતા પ્રભુ જેહને
તેહ પામ્યા ભવ દુઃખ પારી. ॥૪॥
ગૌતમાદિકને જઈ પ્રભુ તારવા,
વારવા યજ્ઞ મિથ્યાત્વ ખોટો;
તેહ અગિયાર પરિવારશું બુઝવી,
રુઝવી રોગ અજ્ઞાન મોટો. ॥૫॥
હવે પ્રભુ! મુજ ભણી તું ત્રિભુવન ધણી,
દાસ અરદાસ સુણી સામું જોવે;
આપ પદ આપતાં આપદા કાપતાં,
તાહરે અંશ ઓછું ન હોવે. ॥૬॥
ગુણગણે રાજતા અધિક દિવાજતા,
છાજતા જેહ કલિકાલ માંહે;
શ્રી ખિમાવિજય પય સેવ નિત્યમેવ લહી,
પામીયે શમરસ '**સુજશ**' ત્યાંહે. ॥૭॥

(૨૬) વીર વહેલા આવો રે...

(રાગ : માઁ બનીને આવ.../મધુવન ખુશબુ દેતા...)

વીર વહેલા આવો રે, ગૌતમ કહી બોલાવો રે,
દરિશણ વહેલા દીજિયે હો જી...
પ્રભુ તું નિઃસ્નેહી હું સસનેહી અજાણ રે. હો વીર૦॥૧॥
ગૌતમ ભણે ભો! નાથ તેં, વિશ્વાસ આપી છેતર્યો;
પરગામ મુજને મોકલી, તું મુક્તિ રમણીને વર્યો;
હે જિનજી તારા, ગુમ ભેદોથી અજાણ રે. હો વીર૦॥૨॥
શિવનગર હતું શું સાંકડું, કે હતી નહીં મુજ યોગ્યતા;

જો કહ્યું હોત મુજને, તો કોણ કોઈને રોકતા;
હે જિનજી! હું શું, માંગત ભાગ સુજાણ રે. હો વીર૦॥૩॥
મમ પ્રશ્નના ઉત્તર દેઈ, ગૌતમ કહી કોણ બોલાવશે;
કોણ કરશે સાર સંઘની ને, શંકા બિચારી ક્યાં જશે?
હે પુણ્ય કથા કહી, પાવન કરો મમ કાન રે. હો વીર૦॥૪॥
જિન ભાણ અસ્ત થતાં, તિમિર મિથ્યાત્વ સઘળે વ્યાપશે;
કુમતિ કુશીલ જાગશે ને, ચોર ચુંગલ વધી જશે;
હે ત્રિગડે બેસી, દેશના દ્યો જગભાણ રે. હો વીર૦॥૫॥
મુનિ ચૌદ સહસ છે તાહરે ને, માહરે વીર તું એક છે;
ટળવળતો મૂકી ગયા મને, પ્રભુ ક્યાં તમારી ટેક છે;
પ્રભુ સ્વપ્નાંતરમાં, અંતર ન ધર્યો સુજાણ રે. હો વીર૦॥૬॥
પણ હું આજ્ઞાવાટે ચાલ્યો, ન મળ્યો ઈણ અવસરે;
હું રાગવશ રખુંં નિરાગી, વીર શિવપુર સંચરે;
હું વીર વીર કહું, વીર ન ધરે કાંઈ કાન રે. હો વીર૦॥૭॥
કોણ વીર ને કોણ ગૌતમ, નહીં કોઈ કોઈનું કદા;
એ રાગ ગ્રંથિ તૂટતાં, વરજ્ઞાન ગૌતમને થતાં;
હે સુરતરુ સુરમણિ, ગૌતમ નામે નિધાન રે. હો વીર૦॥૮॥
કાર્તિક માસ અમાસ રાત્રે, અસ્ત ભાવદીપક તણો;
દ્રવ્ય દીપક જ્યોત પ્રગટે, લોક દિવાળી ભણે;
હે '**વીરવિજય**'ના, નર નારી કરે ગુણગાન રે. હો વીર૦॥૯॥



(૨૭) વીર વિણ વાણી કોણ સુણાવે...

(રાગ : તું પ્રભુ મારો.../ જિન! તેરે.../ માલકૌંશ...)

વીર વિણ વાણી કોણ સુણાવે, પ્રભુ વિણ વાણી કોણ સુણાવે,
જબ યે વીર ગયે શિવમંદિર, અબ મેરી શંકા કોણ મિટાવે. વીર૦॥૧॥
તુમ વિણ ચઉવિહ સંઘ કમલદલ, વિકસિત કોણ કરાવે. વીર૦॥૨॥
કહે ગૌતમ ગણધર તુમ વિરહે, જિનવર દિનકર જાવે. વીર૦॥૩॥
મોકું સાથ લઈ ક્યું ન ચલે, ચિત્ત અપરાધ ધરાવે. વીર૦॥૪॥
ઈમ પરભાવ વિચારી અપના, ભાવશું ભાવ મિલાવે. વીર૦॥૫॥
સમવસરણ મેં બેઠે સિંહાસન પર, હુકમ કોણ ફરમાવે. વીર૦॥૬॥
વીર વીર લવતે વીર અક્ષર, અંતર તિમિર હટાવે. વીર૦॥૭॥
સકલ સુરાસુર હર્ષિત હોવે, જુહાર કારણકું આવે. વીર૦॥૮॥
ઇન્દ્રભૂતિ અનુભવ કી લીલા, '**જ્ઞાનવિમલ**' ગુણ ગાવે. વીર૦॥૯॥

(૨૮) વીરજી સુણો એક વિનંતી મોરી...

(રાગ : ભરતની પાટે ભૂપતિ રે.../વીરજિણંદ જગત ઉપકારી...)

વીરજી સુણો એક વિનંતી મોરી, વાત વિચારો તુમે ઘણી રે;
વીર! મને તારો મહાવીર! મને તારો, ભવજલ પાર ઉતારો રે! ॥૧॥
પરિભ્રમણ મેં અનંતા રે કીધાં, હજુએ ન આવ્યો છેડલો રે;
તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન, અમે તો અનંતા ભવ ભમ્યાં રે. ॥૨॥
તમે અમે વાર અનંતી વેળા, રમિયા સંસારીપણે રે;
તેહ પ્રીત જો પૂરણ પાળો, તો અમને તુમ સમ કરો રે. ॥૩॥
તુમ સમ અમને યોગ્ય ન જાણો, તો કાંઈ થોડું દીજિએ રે;
ભવોભવ તુમ ચરણોની સેવા, પામી અમે ઘણું રીઝીએ રે. ॥૪॥
ઇન્દ્રજાળીયો કહેતો રે આવ્યો, ગણધર પદ તેહને દિયો રે;
અર્જુનમાળી જે ઘોર પાપી, તેહને જિન! તમે ઉદ્ધર્યો રે. ॥૫॥

ચંદનબાળાએ અડદના બાકુળા, પડિલાભ્યા તમને પ્રભુ રે;
તેહને સાહુણી સાચી રે કીધી, શિવવધૂ સાથે ભેળવી રે. ॥૬॥
ચરણે ચંડકોશિયો ડસિયો, કલ્પ આઠમે તે ગયો રે;
ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સન્મુખ રહ્યો રે. ॥૭॥
નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરીખા ગણો રે;
ભેદભાવ પ્રભુ! દૂર કરીને, મુજશું રમો એકમેકશું રે. ॥૮॥
મોડા વહેલા તુમ હી જ તારક, હવે વિલંબ શા કારણે રે;
'જ્ઞાન' તણા ભવના પાપ મિટાવો, વારી જાઉં વીર તોરા વારણે રે. ॥૯॥



(૨૯) સરસ્વતી સ્વામીને પાયે લાગું...

(રાગ : સિદ્ધગિરિમંડણ પાય નમીજે.../
વૈષ્ણવજન.../પ્રભુ તમારા પગલે (૨)...)

સરસ્વતી સ્વામીને પાયે લાગું, પ્રણમી સદ્ગુરુ પાયા રે;
ગાઈશું હૈડે હર્ષ ધરીને, શ્રી વર્ધમાન જિનરાયા રે...
મોરા સ્વામી! હો તોરા ચરણ ગ્રહીજે, નરભવ લાહો લીજે રે;
સૌભાગી જિનના ચરણ ગ્રહીજે, વૈરાગી જિનના ચરણ ગ્રહીજે,
ચરણ ગ્રહીજે શરણે રહીજે, નરભવ લ્હાવો લીજે રે. ॥૧॥
ભારે કર્મી પણ તેં તાર્યા, પાતિકથી ઉગાર્યા રે;
મુજ સરીખા શેં નવિ સંભાર્યા?, શું ચિત્તથી ઉતાર્યા રે. મોરા૦॥૨॥

પત્થર પણ કોઈ તીર્થ પ્રભાવે, જલમાં દીસે તરતા રે;
તે અમે તરશું તુમ પાય વળગ્યા, કેમ રાખો છો અળગા રે. મોરા૦॥૩॥
મુજ કરણી સામું મત જોજો, નામ સામું તુમે જોજો રે;
સાહિબ સેવકના દુઃખ હરજો, તુમને મંગલ હોજો રે. મોરા૦॥૪॥
તરણતારણ તુમે નામ ધરાવો, હું છું ખિજમતગારો રે;
બીજા કોણ આગળ જઈ યાચું?, મોટો નામ તુમારો રે. મોરા૦॥૫॥
એહ વિનંતીએ સાહિબ તૂઠ્યા, શ્રી વર્ધમાન જિનરાયા રે;
આપ ખજાના માંહેથી આપો, સમકિત રત્ન સવાયા રે. મોરા૦॥૬॥
શ્રીનયવિજય વિબુધ પય સેવક, '**વાચક યશ**' એમ બોલે રે;
શાસનનાયક શિવસુખ દાયક, નહીં કોઈ વીરજીની તોલે રે. મોરા૦॥૭॥



(૩૦) સિદ્ધારથના રે નંદન...

(રાગ : મેરા જીવન કોરા કાગજ.../
એક પંખી.../સૂરજમંડણ...)

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર;
ભવમંડપમાં રે નાટક નાચિયો, હવે મુજ દાન દેવરાવ...
હવે મુજ પાર ઉતાર... ॥૧॥
ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવે રે સંતાપ;
દાન દિયંતા રે પ્રભુ કોસર કીસી, આપો પદવી રે આપ. ॥૨॥
ચરણ અંગૂઠે રે મેરુ કંપાવિયો, મોડ્યા સુરના રે માન;
અષ્ટ કરમના રે ઝઘડા જીતવા, દીધાં વરસી રે દાન. ॥૩॥
શાસનનાયક શિવસુખદાયક, ત્રિશલા કૂખે રતન;
સિદ્ધારથનો વંશ દીપાવિયો, પ્રભુજી તુમે ધન્ય ધન્ય. ॥૪॥
વાચકશેખર કીર્તિવિજય ગુરુ, પામી તાસ પસાય;
ધર્મ તણા એ જિન ચોવીસમાં, '**વિનયવિજય**' ગુણ ગાય. ॥૫॥'

(૩૧) સુણ સુગુણ સનેહી સાહિબા...

(રાગ : લેજો સમજીને સંયમભાર.../દરિસન દ્યો ઘનશ્યામ...)

સુણ સુગુણ સનેહી સાહિબા!, ત્રિશલાનંદન મહાવીર! રે;
શાસનનાયક! જગધણી!, શિવદાયક! ગુણ ગંભીર રે. ॥૧॥
તુમ સરીખા મુજ શિર છતે, હવે મોહ તણું નહીં જોર રે;
રવિ ઉદયે કહો કિમ રહે, અંધકાર અતિ ઘનઘોર રે. ॥૨॥
વેષ રચી બહુ નવ નવા, હું નાચ્યો વિષમ સંસાર રે;
હવે ચરણ શરણ તુજ આવિયો, મુજ ભવની ભાવઠ વાર રે. ॥૩॥
હું નિર્ગુણો તો પણ તાહરો, સેવક છું કરુણાનિધાન રે;
મુજ મનમંદિર આવી વસો, જિમ નાસે કર્મ નિદાન રે. ॥૪॥
મનમાં વિમાસો છો કિશ્યું, મુજ મહેર કરો જિનરાજ રે;
સેવકના કષ્ટ નવિ ટળે, એ સાહિબને શિર લાજ રે. ॥૫॥
તું અક્ષયસુખ અનુભવે, તસ અંશ દીજે મુજ એક રે;
તો ભાંજે દુઃખ ભવોભવ તણાં, વળી પામું પરમ વિવેક રે. ॥૬॥
શી કહું મુજ મન વાતડી, તુમે સર્વ વિચારના જાણ રે;
'વાચક જશ' એમ વીનવે, પ્રભુ! દેજો ક્રોડ કલ્યાણ રે. ॥૭॥



થોય

(૧)

મહાવીર જિણંદા, રાય સિદ્ધાર્થ નંદા,
લંછન મૃગ ઇંદા, જાસ પાયે સોહંદા;
સુરનર વર ઇંદા, નિત્ય સેવા કરંદા,
ટાલે ભવ ફંદા, સુખ આપે અમંદા. ॥૧॥
અડ જિનવર માતા, મોક્ષમાં સુખ શાતા,
અડ જિનની ખ્યાતા, સ્વર્ગ ત્રીજે આખ્યાતા;
અડ જિનપ જનેતા, નાક માહેંદ્ર યાતા,
સવિ જિનવર નેતા, શાશ્વતા સુખ દેતા. ॥૨॥
મલ્લિ નેમિ પાસ, આદિ અટ્ઠમ ખાસ,
કરી એક ઉપવાસ, વાસુપૂજ્ય સુવાસ;
શેષ છટ્ઠ સુવિલાસ, કેવલજ્ઞાન જાસ,
કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ. ॥૩॥
જિનવર જગદીશ,જાસ મોટી જગીશ,
નહિ રાગને રીસ, નમીયે તાસ શીશ;
માતંગ સુર ઈશ, સેવતો રાત દીસ,
ગુરુ ઉત્તમ અધીશ, **'પદ્મ'** ભાખે સુશીશ. ॥૪॥

(૨)

જય જય ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ,
સુર નરના નાયક, જેહની સારે સેવ;
કરુણારસ કંદો, વંદો આણંદ આણી,
ત્રિશલા સુત સુંદર, ગુણમણિ કેરો ખાણી. ॥૧॥
જસ પંચ કલ્યાણક, દિવસ વિશેષ સુહાવે,
પણ થાવર નારક, તેહને પણ સુખ થાવે;

તે ચ્યવન જન્મ વ્રત, નાણ અને નિરવાણ,
સવિજિનવર કેરા, એ પાંચે અહિઠાણ. ॥૨॥
જિહાં પંચ સમિતિ યુત, પંચ મહાવ્રત સાર
જેહમાં પ્રકાશ્યા, વળી પાંચે વ્યવહાર;
પરમેષ્ઠી અરિહંત, નાથ સર્વજ્ઞને પાર,
એહ પંચ પદે લહ્યો, આગમ અર્થ ઉદાર. ॥૩॥
માતંગ સિદ્ધાયી,દેવી જિનપદ સેવી,
દુઃખ દુરિત ઉપદ્રવ,જે ટાળે નિતમેવી;
શાસન સુખદાયી, આઈ સુણો અરદાસ,
શ્રી '**જ્ઞાનવિમલ**' ગુણ, પૂરો વાંછિત આશ. ॥૪॥

(૩)

(રાગ : સંસાર દાવાનલ)

નમ્રેન્દ્રઃ મૌલિ-પ્રપતત્-પરાગ-પુઞ્જ-સ્ફુરત્-કર્બુરિત-ક્રમાબ્જમ્;
વીરં ભજે નિર્જિત-મોહ-વીરં, સંસાર-દાવા-નલ-દાહ-નીરમ્. ॥૧॥
પુષ્પૌઘ-પદ્મ-દલ-સૌરભ-ગુણ્ઠિતાનિ,
સ્વર્ણા-મ્બુજૈઃ સુર-કૃતૈઃ પરિ-મણ્ડિતાનિ;
વન્દે-ઽર્હતાં વર-પદાનિ નતા-ન્યજેન,
ભાવા-વનામ-સુર-દાનવ-માનવેન. ॥૨॥
નાના-રત્નૈઃ સુભગ-મતુલ-પ્રૌઢ-સાદશ્ય-પાઠૈ-,
ર્વિજ્ઞ-જ્ઞાતૈ-ર્બહુ-નય-ભરૈઃ સત્ત-રઙ્ગૈ-રુપેતમ્;
યુક્ત્યા જૈનં સમય-મુદધિં કીર્ત્ત-યામ્યસ્મિ કામં,
બોધા-ગાધં સુપદ-પદવી-નીર-પૂરા-ભિરામમ્. ॥૩॥
શ્રીમદ્-વીર-ક્રમામ્ભો-રુહ-રસિક-મના રાજહંસીવ રમ્યા,
સિદ્ધા સિદ્ધા-વિરુદ્ધા વિશદ-ગુણ-લસદ્-ભક્ત-હૃત્-પદ્મ-રુદ્ધા;
યા ધત્તે સ્વીય-કણ્ઠે ઘન-સુરભિ-રસાં પુષ્પ-માલાં વિશાલાં,
આમૂલા લોલધૂલી બહુલ-પરિમલા-લીઢ-લોલાલિ-માલા. ॥૪॥



(4)

(રાગ : સંસાર દાવાનલ)

સર હર૨ ખલ ખલ ધ્રસંગ છબ્ છબ્ ન્હવણ જલ ક્રોડો મણો,
ખન ખનન ખન ખન ટનાક્ ટન્ ટન્ ઘોષ કલશાઓ તણો;
સુર સંઘ નાચે છનન છુમ્ છુમ્ ઝનન ઝુમ જય કરો,
શ્રી વીર પ્રભુનો જન્મ મહોત્સવ જગતનું મંગલ કરો. ॥૧॥

પી પીવ પું પું ત્રીણીત ત્રીં ત્રીં ભનન ભું ભું વાગતાં,
ધપ ખનન ખન ખન તડાક ટ્રીં ટ્રીં ધડાક ધું ધું ગાજતાં;
જય જયઉ નંદા જયઉ ભદ્દા જયઉ ખત્તીય બલધરો,
ચોવીશ જિનનો દીક્ષા મહોત્સવ, શાંતિ સદ્ગુણ પાથરો. ॥૨॥

ગમ સારી ધપની તું તીણી તું વીણા વાગે સુસ્વરે,
ધ્રાં ધ્રાં ધ્રતક ધ્રીં ધ્રીં ધધક ધ્રોં ધ્રોં દેવવાજા અનુસરે;
સ્યાદ્વાદ નય નિક્ષેપ ભંગી, દ્રવ્ય ગુણનો સાગરો,
શ્રી વીરવાણી ધોધ સહુનો, કર્મ મળ દૂરે કરો. ॥૩॥

કડ કડડ ભૂસ કડડાટ કરી, ભડભીર ભૈરવ ચૂરતો,
ધમ્ ધર્મ અવાજે ચાલતો, જિન ભક્ત પરચા પૂરતો;
ચારિત્ર દર્શન વિઘ્ન ભંજન, ધર્મ રક્ષા તત્પરો,
માણિભદ્રજી કલ્યાણ માળા, સંઘને કંઠે ઠવો. ॥૪॥

શ્રી સીમંધરસ્વામી ભગવાન

ચૈત્યવંદન

(૧) શ્રી સીમંધર! જગધણી...

શ્રી સીમંધર! જગધણી!, આ ભરતે આવો;
કરુણાવંત કરુણા કરી, અમને વંદાવો. ॥૧॥
સકલ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ. ॥૨॥
સયલ સંગ છંડી કરી,ચારિત્ર લઈશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરીશું. ॥૩॥
એ અળજો મુજને ઘણો એ, પૂરો સીમંધર દેવ;
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ॥૪॥
કર જોડીને વિનવું, સામો રહી ઈશાન;
ભાવ જિનેશ્વર '**ભાણને**', દેજો સમકિત દાન. ॥૫॥

(૨) શ્રી સીમંધર! વીતરાગ!...

શ્રી સીમંધર! વીતરાગ!, ત્રિભુવન તુમે ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતા કુલે, બહુ શોભા તુમ્હારી. ॥૧॥
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભ લંછને વિરાજમાન, વંદે નર નારી. ॥૨॥
ધનુષ પાંચસે દેહડી એ, સોહીએ સોવનવાન;
કીર્તિવિજય ઉવજ્ઝાયનો, '**વિનય**' ધરે તુમ ધ્યાન. ॥૩॥

(૩) વાણી પાંત્રીસ ગુણભરી...

વાણી પાંત્રીસ ગુણભરી, દ્રાક્ષ થકી પણ મીઠી;
સાંભળતા ગુણ ઉપજે, નાશે દશા અનીઠી. ॥૧॥
નમીયે પ્રાતઃકાલમાં, સદા સીમંધરસ્વામી;
રુક્ષ્મણી રાણીનો નાહલો, તાત શ્રેયાંસ છે નામ. ॥૨॥
માતા સત્યકી જનમીયો, પુક્ખલવઈ મોઝાર;
સંયમ લઈ કેવલ વર્યા, તીર્થપતિ પદ ધાર. ॥૩॥
સમવસરણમાં બેસીને, દેશના દે જલધાર;
કર્મકલંક નિવારીને, આપે **લબ્ધિ** અપાર. ॥૪॥

સ્તવન

(૧) આજ જિનરાજ મુજ...

(રાગ : તાર મુજ તાર મુજ.../
જય ગણેશ (૨).../ઋષભ જિનરાજ...)

આજ જિનરાજ! મુજ કાજ સિધ્યાં સવે,
વિનંતિ માહરી ચિત્ત ધારી;
માર્ગ જે મેં લહ્યો તુજ કૃપારસ થકી,
તો હુઈ સમ્પદા પ્રગટ સારી. ॥૧॥
વેગલો મત હુજે દેવ! મુજ મન થકી,
કમલના વન થકી જિમ પરાગો;
ચમક પાષાણ જિમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો. ॥૨॥
તું વસે જો પ્રભુ! હર્ષભર હિયડલે,
તો સકલ પાપના બંધ તૂટે;
ઉગતે ગગન સૂર્ય તાણે માણ્ડલે,
દશ દિશિ જિમ તિમિર પડલ ફૂટે. ॥૩॥

સીંચજે તું સદા વિપુલ કરુણારસે,
મુજ મને શુદ્ધ મતિ કલ્પવેલી;
નાણ દંસણ કુસુમ ચરણ વર મંજરી,
મુક્તિ ફલ આપશે તે અકેલી. ॥૪॥
લોકસંજ્ઞા થકી લોક બહુ વાઉલો,
રાઉલો દાસ તે સવિ ઉવેખે;
એક તુજ આણસું જેહ રાતા રહે,
તેહને એહ નિજ મિત્ર દેખે. ॥૫॥
આણ જિનભાણ! તુજ એક હું શિર ધરું,
અવરની વાણી નવિ કાને સુણીએ;
સર્વ દર્શન તણું મૂલ તુજ શાસન,
તેણે તે એક સુવિવેક થુણીએ. ॥૬॥
તુજ વચન રાગ સુખસાગરે હું ગણું,
સકલ સુર મનુજ સુખ એક બિંદુ;
સાર કરજો સદા દેવ! સેવક તણી,
તું સુમતિ કમલિની વન દિણિંદુ. ॥૭॥
જ્ઞાનયોગે ધરી તૃપ્તિ નવિ લાજિયે,
ગાજિયે એક તુજ વચનરાગે;
શક્તિ ઉલ્લાસ અધિકો હોશે તુજ થકી,
તું સદા સયલ સુખ હેત જાગે. ॥૮॥

(આ સ્તવન પૂ. ઉપા. યશો વિ. મ.સા.નું ૩૫૦ ગાથા સ્તવનની ૧૭મી ઢાળ છે.)

(૨) તમે મહાવિદેહ જઈને...

(રાગ : પ્રીતમજી આણા મોકલજો...)

તમે મહાવિદેહ જઈને કહેજો ચાંદલિયા, સીમંધર તેડા મોકલે;
તમે ભરત ક્ષેત્રનાં દુઃખ મારા, કહેજો ચાંદલિયા. સીમં૦॥૧॥

અજ્ઞાનતા અહીં છવાઈ ગઈ છે, તત્ત્વની વાતો ભુલાઈ ગઈ છે;
હા રે એવાં, આત્માનાં દુઃખ મારા, કહેજો ચાંદલિયા. સીમં૦॥૨॥
પુદ્ગલના મોહમાં ફસાઈ ગયો છું, કર્મોની જાળમાં જકડાઈ ગયો છું;
હા રે એવાં, કર્મોનાં દુઃખ મારા, કહેજો ચાંદલિયા. સીમં૦॥૩॥
મારું ન હતું તેને મારું કરી માન્યું, મારું હતું તેને નાહિ રે પિછાણ્યું;
હા રે એવાં, મૂર્ખતાના દુઃખ મારાં, કહેજો ચાંદલિયા. સીમં૦॥૪॥
સીમંધર સીમંધર હૃદયમાં ધરતો, પ્રત્યક્ષ દર્શનની આશા હું કરતો;
હા રે એવાં, વિયોગનાં દુઃખ મારાં, કહેજો ચાંદલિયા. સીમં૦॥૫॥
સંસારનું સુખ મને કારમું જ લાગે, પ્રભુ તુમ વિણ વાત કહું કોની રે આગે;
હા રે એવાં '**વીરવિજય**'નાં દુઃખ મારાં, કહેજો ચાંદલિયા. સીમં૦॥૬॥

(3) તારી મૂરતિએ મન મોહ્યું રે...

(રાગ : તારી અજબશી યોગની.../આંખડીયે મેં આજ...)

તારી મૂરતિએ મન મોહ્યું રે, મનના મોહનીયા!
તારી સૂરતિએ જગ સોહ્યું રે, જગના જીવનીયા!
તુમ જોતાં સવિ દૂરમતિ વીસરી, દિન રાતડી નવી જાણી;
પ્રભુ ગુણગણ સાંકળશું બાંધ્યું, ચંચળ ચિત્તડું તાણી રે. મનના૦॥૧॥
પહેલાં તો એક કેવલ હરખે, હેજાળુ થઈ હળિયો;
ગુણ જાણીને રુપે મિલિયો, અભ્યંતર જઈ ભળિયો. મનના૦॥૨॥
વીતરાગ ઈમ જસ નિસુણીને, રાગી રાગ કરેહ;
આપ અરુપી રાગ નિમિત્તે, દાસ અરુપ ધરેહ રે. મનના૦॥૩॥
શ્રી સીમંધર! તું જગબંધુ, સુંદર તાહરી વાણી;
મંદર ભૂધર અધિક ધીરજ ધર, વંદે તે ધન્ય પ્રાણી રે. મનના૦॥૪॥
શ્રી શ્રેયાંસ નરેસર નંદન, ચંદન શીતલ વાણી;
સત્યકી માતા વૃષભ લંછન, '**જ્ઞાનવિમલ**' ગુણખાણી રે. મનના૦॥૫॥

(૪) ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી...

(રાગ : ધન્ય બનાવીશ.../મિલે મન ભીતર...)

ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી, ધન્ય પુંડરીગિણી ગામ,
ધન્ય તિહાંના માનવીજી, નિત્ય ઉઠી કરે રે પ્રણામ;
સીમંધરસ્વામી! કહીએ રે હું મહાવિદેહ આવીશ?
જયવંતા જિનવર! કહીએ રે હું તમને વાંદીશ.? સીમંધર૦॥૧॥
ચાંદલીયા! સંદેશડોજી, કહેજો સીમંધરસ્વામી;
ભરતક્ષેત્રનાં માનવીજી, નિત્ય ઉઠી કરે રે પ્રણામ. સીમંધર૦॥૨॥
સમવસરણ દેવે રચ્યું તિહાં, ચોસઠ ઇંદ્ર નરેશ;
સોનાતણે સિંહાસન બેઠા, ચામર છત્ર ધરેશ. સીમંધર૦॥૩॥
ઇંદ્રાણી કાઢે ગહુંલીજી, મોતીના ચોક પૂરેશ;
લળી લળી લિયે લૂંછણાજી, જિનવર દિયે ઉપદેશ. સીમંધર૦॥૪॥
એહવે સમે મેં સાંભળ્યુંજી, હવે કરવા પચ્ચક્ખાણ;
પોથી ઠવણી તિહાં કણેજી, અમૃત વાણી વખાણ. સીમંધર૦॥૫॥
રાયને વહાલા ઘોડલાજી, વેપારીને વહાલાં છે દામ;
અમને વહાલા સીમંધર સ્વામી, જેમ સીતાને શ્રીરામ. સીમંધર૦॥૬॥
નહિ માંગુ પ્રભુ રાજઋદ્ધિજી, નહી માંગુ અરથ ભંડાર;
હું માંગુ પ્રભુ એટલું જી, તુમ પાસે અવતાર. સીમંધર૦॥૭॥
દૈવે ન દીધી પાંખડીજી, કેમ કરી આવું હજુર?
મુજરો મારો માનજોજી, પ્રહ ઉગમતે સૂર. સીમંધર૦॥૮॥
'સમયસુંદર'ની વિનતિજી, માનજો વારંવાર;
બે કર જોડી વિનવુંજી, વિનતડી અવધાર. સીમંધર૦॥૯॥





(૫) પુક્ખલવઈ વિજયે જયો રે...

(રાગ : પહેલ ભવે એક ગામનો.../ એક પંખી...)

પુક્ખલવઈ વિજયે જયો રે, નયરી પુંડરીગિણી સાર;
શ્રી સીમંધર સાહિબા રે, રાય શ્રેયાંસકુમાર;
જિણંદરાય! ધરજો ધર્મ સનેહ... ॥૧॥
મોટા નાનાનું આંતરું રે, ગિરુઆ નવિ દાખંત;
શશી-દરિસણ સાયર વધે રે, કૈરવ વન વિકસંત. જિણંદ૦॥૨॥
ઠામ કુઠામ નવિ લેખવે રે, જગ વરસંત જલધાર;
કર દોય કુસુમે વાસિયે રે, છાયા સવિ આધાર. જિણંદ૦॥૩॥
રાય ને રંક સરીખા ગણે રે, ઉદ્યોતે શશી સૂર;
ગંગાજળ તે બિહું તણાં રે, તાપ કરે સવિ દૂર. જિણંદ૦॥૪॥
સરીખા સહુને તારવા રે, તિમ તુમે છો મહારાજ!
મુજશું અંતર કેમ કરો રે, બાંહ્ય ગ્રહ્યાની લાજ. જિણંદ૦॥૫॥
મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ;
મુજરો માને સવિ તણો રે, સાહિબ તેહ સુજાણ. જિણંદ૦॥૬॥
વૃષભ લંછન માતા સત્યકી રે, નંદન રુક્મણી કંત;
'વાચક યશ' ઈમ વિનવે રે, ભયભંજન ભગવંત. જિણંદ૦॥૭॥



(૬) પ્યારા સીમંધર સ્વામી...

(રાગ : સિદ્ધાચલના વાસી...)

પ્યારા સીમંધર સ્વામી, તમે મુક્તિના ગામી,
વિદેહવાસી વિહરમાનને વંદના હમારી;
તને મલવા તલશું, મને પ્રીતિ તુમશું,
વિદેહવાસી વિહરમાનને વંદના હમારી. ॥૧॥
ચાલે મનમાં તારો એક જાપ, તોયે પજવે છે ત્રિવિધ તાપ;
આધિ વ્યાધિ વારો, ઉપાધિથી તારો. વિદેહવાસી૦॥૨॥

મને સમવસરણમાં બોલાવો, મીઠી મધુરી વાણી સુણાવો;
મોહ તિમિર ટાળો, મિથ્યાત્વને બાળો. વિદેહવાસી૦॥૩॥
થાયે દર્શન તમારા પવિત્ર, તમે જગના ગુરુ જગમિત્ર;
તમે જગના બંધુ, તને ભાવે વંદું. વિદેહવાસી૦॥૪॥
તમે શ્રેયાંસરાય કુલચંદા, સતી સત્યકી માતાના નંદા;
તમે જન મનરંજન, આંજો જ્ઞાન અંજન. વિદેહવાસી૦॥૫॥
મહાવિદેહના વાસી વ્હાલા, હું તો અંતરથી કરું કાલાવાલા;
'જ્ઞાનવિમલ' ગુણગાય, ભવજલ પાર કરાય. વિદેહવાસી૦॥૬॥

(૭) પ્રભાતે ઊઠી કરું વંદના રે...

(રાગ : જનનીની જોડ.../ફૂલ તુમ્હેં ભેજા હૈ...)

પ્રભાતે ઊઠી કરું વંદના રે, પ્રભાતે ઊઠી કરું વંદના રે;
બે કર જોડીને વિનવું રે, મારી વિનતડી અવધાર રે;
તમે મહાવિદેહમાં વસ્યા રે, અમને છે તુમ આધાર રે. ॥૧॥
ભરતક્ષેત્રમાં અવતર્યો રે, કેમ કરી આવું હજૂર રે;
તુમ દર્શન નવિ પામિયો રે, રહ્યો મજૂરનો મજૂર રે. ॥૨॥
તુમ પાસે દેવ ઘણા વસે રે, એક મોકલજો મહારાજ રે;
મનનો સંદેહ પ્રભુ! પૂછીને રે, કરું સફળ દિન આજ રે. ॥૩॥
કેવલજ્ઞાનીના વિરહથી રે, મનુષ્ય જન્મ એળે જાય રે;
શુભભાવ આવે નહીં રે, શી ગતિ માહરી થાય રે. ॥૪॥
કર્મને મોહે ખૂબ કશ્યો રે, હજુ ન થયો ખુલાશ રે;
જેમ તેમ કરી પ્રભુ તારજો રે, હું તો ધરું તમારી આશ રે. ॥૫॥
સીમંધરસ્વામીના નામથી રે, થાય સફલ અવતાર રે;
'ઉદયરતન' એમ વિનવે રે, પ્રભુ નામે જય જયકાર રે. ॥૬॥



(૮) શ્રી સીમંધર જિનવર સ્વામી...

(રાગ : વૈષ્ણવજન.../ઐસા ચિદ્‌રસ.../
મિલે મન ભીતર.../પહલે ભવે એક ગામનો...)

શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો;
શુદ્ધ ધર્મ પ્રગટ્યો જે તુમચો, પ્રગટે તેહ અમારો રે,
સ્વામી વિનવીયે મનરંગે... ॥૧॥
જે પારિણામિક ધર્મ તમારો, તેહવો હમચો ધર્મ;
શ્રદ્ધા ભાસન રમણ વિયોગે, વળગ્યો વિભાવ અધર્મ. ॥૨॥
વસ્તુ સ્વભાવ સ્વજાતિ તેહનો, મૂલ અભાવ ન થાય;
પર વિભાવ અનુગત પરિણતિથી, કર્મે તે અવરાય રે. ॥૩॥
જે વિભાવ તે પણ નૈમિતિક, સંતતિ ભાવ અનાદિ;
પરનિમિત્ત તે વિષય સંગાદિક, તે સંયોગે સાદિ રે. ॥૪॥
અશુદ્ધ નિમિત્તે એ સંસરતા, અત્તા કત્તા પરનો;
શુદ્ધ નિમિત્ત રમે જબ ચિદ્‌ઘન, કર્તા ભોક્તા ઘરનો રે. ॥૫॥
જેહના ધર્મ અનંતા પ્રગટ્યા, જે નિજ પરિણતિ વરિયો;
પરમાતમ જિનદેવ અમોહી, જ્ઞાનાદિક ગુણ દરીયો. ॥૬॥
અવલંબન ઉપદેશક રીતે, શ્રી સીમંધર દેવ;
ભજીયે શુદ્ધ નિમિત્ત અનોપમ, તજીયે ભવભય ટેવ. ॥૭॥
શુદ્ધ દેવ અવલંબન કરતા, પરિહરિયે પરભાવ;
આતમ ધર્મ રમણ અનુભવતા, પ્રગટે આતમ ભાવ. ॥૮॥
આતમ ગુણ નિર્મળ નિપજતા, ધ્યાન સમાધિ સ્વભાવે;
પૂર્ણાનંદ સિદ્ધતા સાધી, **'દેવચન્દ્ર'** પદ પાવે રે. ॥૯॥

(૯) શ્રી સીમંધર વિનંતી...

(રાગ : તેરે સુર ઔર.../જનમ જનમ કા સાથ હૈ.../મેરે સાહિબ તુમહી...)

શ્રી સીમંધર વિનંતી, સુણ સાહિબ મેરા;
અહનિશ તુમ ધ્યાને રહું, મેં ફરજન તેરા. શ્રી૦॥૧॥

ભાવ ભક્તિશું વંદના, કરું ઊઠી સવેરા;
ભવદુઃખ સાગર તરીયે, જિમ હોય તુમ મેરા. શ્રી૦॥૨॥
અંતર રવિ જબ પ્રગટીઆ, પ્રભુ તુમ ગુણ કેરા;
તવ હમ મન નિર્મલ ભયા, મિટ્યા મોહ અંધેરા. શ્રી૦॥૩॥
તારક તુમ વિણ અવર કો, કહો કવણ ભલેરા;
તે પ્રભુ હમકું દાખવો, કરું તાસ નિહોરા. શ્રી૦॥૪॥
'નય' નિતુ નેહે નિરખીયે, પ્રભુ અબકી વેરા;
બોધિબીજ મોહે દીજીએ, કહા કહું બહુ તેરા. શ્રી૦॥૫॥

(૧૦) શ્રી સીમંધર સાહિબા વિનતડી હો...

(રાગ : પરમાતમ પૂરણ કલા.../ અજિત જિણંદશું પ્રીતડી.../ વૈષ્ણવજન...)

શ્રી સીમંધર સાહિબા, વિનતડી હો સુણીએ કિરતાર કે;
તે દિન લેખે લાગશે, જિણ દિવસે હો લહીશું દેદાર કે. શ્રી૦॥૧॥
હેજાળું હૈયું ઉલ્લસે, પણ નયણે હો નિરખે સુખ થાય કે;
જે જલપાન પિપાસિયો, તસ દીઠે હો કદી તૃપ્તિ ન થાય કે. શ્રી૦॥૨॥
જાણો છો પ્રભુ બહુ પરે, માહરા મનની હો વીતકની વાત કે;
તો શું તાણો છો ઘણું, આવી મિલો હો મુજ થઈ સાક્ષાત્ કે. શ્રી૦॥૩॥
હું ઉચ્છુક બહુ પરે કહું, પણ ન ગણું હો કાંઈ રીઝ અરીઝ કે;
એ લક્ષણ રાગી તણું, તિણે ભાખ્યું હો સઘળું મન ગુંજ કે. શ્રી૦॥૪॥
'જ્ઞાનવિમલ' પ્રભુ આપણો, જાણીને હો કીજે ઉચ્છાહ કે;
ઉત્તમ આપ અધિક કરે, આવી મળ્યા હો ગ્રહ્યા જે બાંહ્ય કે. શ્રી૦॥૫॥

(૧૧) શ્રી સીમંધર સાહિબા...

(રાગ : એક દિન આપ હમકો.../ તેરે સૂર ઔર મેરે ગીત.../
એક પંખી.../ ઋષભ જિનેશ્વર...)

શ્રી સીમંધર સાહિબા, સુણો સંપ્રતિ હો ભરતક્ષેત્રની વાત કે;
અરિહા કેવલી કો નહિ, કેહને કહીએ મનના અવદાત કે. ॥૧॥

ઝાઝું કહેતાં જુગતું નહિ, તુમ સોહે હો જગ કેવલનાણ કે;
ભૂખ્યા ભોજન માંગતા, આપે ઊલટ હો અવસર ના જાણે કે. ॥૨॥
કહેશો તુમે જુગતા નથી, જુગતાને હો વળી તારે સાંઈ કે;
યોગ્ય જનનું કહેવું કિશ્યું, ભાવહિનને હો તારે ગ્રહી બાહ્ય કે. ॥૩॥
થોડું હી અવસરે આપીએ, ઘણાની હો પ્રભુ છે પછી વાત કે;
પગલે પગલે પાર પામીએ, પછી લહિયે હો સઘળા અવદાત કે. ॥૪॥
મોડું વહેલું તુમે આપશો, બીજાનો હું ન કરુ સંગ કે;
શ્રી **'ધીરવિમલ'** ગુરુ શિષ્યનો, રાખીજે હો પ્રભુ અવિચલ રંગ કે. ॥૫॥

(૧૨) શ્રી સીમંધર સાહિબા, હું કેમ આવું...

(રાગ : આવો આવો વીર મારા.../
મિલે મન ભીતર.../ સંભવ જિન વિનંતી...)

શ્રી સીમંધર સાહિબા, હું કેમ આવું તુમ પાસ;
તુમ વચ્ચે અંતર ઘણું, મને મલવાની ઘણી હોંશ.
હું તો ભરતને છેડે... હારે. હું૦॥૧॥
હું તો ભરતને છેડલે કાંઈ, પ્રભુજી વિદેહ મોઝાર;
ડુંગર વચ્ચે દરિયા ઘણા કાંઈ, કોશમાં કોશ હજાર. હું૦॥૨॥
પ્રભુ દેતાં હશે દેશના, કાંઈ સાંભળે તિહાંના લોક;
ધન્ય તે ગામ-નગર પુરી, જિહાં વસે છે પુણ્યવંત લોક. હું૦॥૩॥
ધન્ય તે શ્રાવક શ્રાવિકા, જે નીરખે તુમ મુખચંદ;
પણ એ મનોરથ અમ તણાં, ક્યારે ફળશે ભાગ્ય અમંદ. હું૦॥૪॥
વર્તારો વર્તી જુઓ કાંઈ, જોષીએ માંડ્યા લગન;
ક્યારે સીમંધર ભેટશું, મને લાગી એહ લગન. હું૦॥૫॥
પણ કોઈ જોષી નહિ એહવો, જે ભાંજે મનની ભ્રાંત;
પણ અનુભવ મિત્ર કૃપા કરો, તુમ મળવો તિણ એકાંત. હું૦॥૬॥
વીતરાગ ભાવે સહી તુમે, વર્તો છો જગનાથ;
મેં જાણ્યું તુમ કહેણથી, હું થયો સ્વામી સનાથ; હું૦॥૭॥

પુષ્કલાવતી વિજયે વસો કાંઈ, નયરી પુંડરીગિણી નામ;
સત્યકી નંદન વંદના, અવધારો ગુણના ધામ. હું૦॥૮॥
શ્રી શ્રેયાંસ નૃપ કુલચંદ ને, રુક્મિણી રાણીનો કંત;
વાચક '**રામવિજય**' કહે, તુમ ધ્યાને મુજ મન ચિત્ત. હું૦॥૯॥

(૧૩) શ્રી સીમંધરસ્વામી મુક્તિના ધામી...

(રાગ : વાસુપૂજ્ય વિલાસી.../આંધળી માં નો કાગળ...)

શ્રી સીમંધરસ્વામી, મુક્તિના ધામી, દીઠે પરમાનંદ,
સુમતિ આપો, કુમતિ કાપો, ટાળો ભવભય ફંદ;
કર્મ અરિગણ દૂર કરીને, તોડો ભવતરું કંદ. શ્રી સીમંધર૦॥૧॥
ચોત્રીસ અતિશય શોભતાં રે, પાંત્રીશ વાણી રસાળ;
અષ્ટ પ્રતિહાર્ય દીપતા રે, બેઠી છે પર્ષદા બાર રે. શ્રી સીમંધર૦॥૨॥
મહાગોપ મહામાહણ કહીએ, નિર્યામક સાર્થવાહ;
દોષ અઢારને દૂરે કરીને, ભવજલ તારણ નાવ રે. શ્રી સીમંધર૦॥૩॥
અગણિત શંકા એ હું ભર્યો રે, કોણ કરે તસ દૂર;
જ્ઞાની તુમે દૂરે વસ્યા રે, હું પડ્યો ભવકૂપ રે. શ્રી સીમંધર૦॥૪॥
એકવાર દર્શન દીજીએ રે, દાસની સુણી અરદાસ;
ગુણઅવગુણનવિલેખિયેરે, ગિરુઆનોઆધારરે. શ્રીસીમંધર૦॥૫॥
જો હોવત મુજ પાંખડી રે, તો આવત આપ હજૂર;
એ લબ્ધિ મુજ સાંપડે તો, ન રહું તુમથી દૂર રે. શ્રી સીમંધર૦॥૬॥
ધન્ય મહાવિદેહના જીવને રે, સદા રહે તુમ પાસ;
હું નિર્ભાગી ભરતે વસ્યો રે, શા કીધા મેં પાપ રે. શ્રી સીમંધર૦॥૭॥
શાસન ભક્ત જે સુરવરા રે, વિનવું શિશ નમાય;
શ્રી સીમંધર સ્વામીના રે, ચરણ કમળ ભેટાડ રે. શ્રી સીમંધર૦॥૮॥
અરિહંત પદ સેવા થકી રે, દેવપાલાદિક સિદ્ધ;
હું માંગુ પ્રભુ એટલું રે, '**સૌભાગ્ય**' પદ સમૃદ્ધ. શ્રી સીમંધર૦॥૯॥

(૧૪) સીમંધર જિન વંદીએ...

(રાગ : એક પ્યાર કા.../દોષથી હર્યોભર્યો.../
મનનો મોરલીયો.../ચેતન જ્ઞાન અજવાળીએ...)

સીમંધર જિન વંદીએ, સમતારસ ભંડાર રે;
દોષ સઘળા ક્ષય થયા, ઉપન્યા ગુણ સુખકાર રે. ॥૧॥
સુરઘટ સુરતરુ ઉપમા, પ્રભુને કહો કેમ છાજે રે;
આત્મિક સુખની આગળે, ચિંતામણી પણ લાજે રે. ॥૨॥
લોકાલોક પ્રકાશતાં, મહિમા અપરંપાર રે;
તારક વારક ચઉગતિ, સત્ય સ્વરુપાધાર રે. ॥૩॥
શુદ્ધ-બુદ્ધ અવિનાશી તું, અવિચલ નયનાનંદ રે;
પામી સુરતરુ પુણ્યથી, સેવે બાઉલ કુણ મંદ રે. ॥૪॥
અનુપમ પ્રભુ ગુણ ધ્યાનથી, ભાસ્યું સ્વરુપ શુદ્ધ સાચું રે;
ચરણ કમલ '**જિન**' સેવતાં, નિશદિન મનમાં રાચું રે. ॥૫॥



(૧૫) સુણો ચંદાજી! સીમંધર...

(રાગ : સુણ ગોયમજી...)

સુણો ચંદાજી! સીમંધર પરમાતમ પાસે જાજો,
મુજ વિનતડી, પ્રેમ ધરીને, એણી પેરે તુમે સંભળાવજો;
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇન્દ્ર પાયક છે,
જ્ઞાન દરિશણ જેહને ક્ષાયક છે. સુણો૦॥૧॥
જેની કંચનવરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે;
પુંડરીગિણી નગરીનો રાયા છે. સુણો૦॥૨॥
બાર પર્ષદા માંહી બિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીસ વાણીએ ગાજે છે. સુણો૦॥૩॥
ભવિજનને જે પડિબોહે છે, તુમ અધિક શીતલ ગુણ સોહે છે;
રુપ દેખી ભવિજન મોહે છે. સુણો૦॥૪॥

તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દૂરે વસિયો છું;
મહા મોહરાય કર ફસિયો છું. સુણો૦॥૫॥
પણ સાહિબ ચિત્તમાં ધરિયો છે, તુમ આણા ખડગ કર ગ્રહિયો છે;
તો કાંઈક મુજથી ડરિયો છે. સુણો૦॥૬॥
જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો, કહે '**પદ્મવિજય**' થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિ નૂરો. સુણો૦॥૭॥

થોય

(૧)

સો ક્રોડ સાધુ, સો ક્રોડ સાધ્વી જાણ,
એસે પરિવારે સીમંધર ભગવાન;
દશ લાખ કહ્યા કેવલી, પ્રભુજીનો પરિવાર,
'**વાચકયશ**' વંદે નિત-નિત વારંવાર.

(૨)

શ્રી સીમંધર જિનવર, સુખકર સાહિબ દેવ,
અરિહંત સકલની, ભાવ ધરી કરું સેવ;
સકલાગમ પારગ, ગણધર ભાષિત વાણી,
જયવંતી આણા, '**જ્ઞાનવિમલ**' ગુણખાણી.

(૩)

શ્રી સીમંધર સત્યકીનંદન, ચંદ્રકિરણ જિમ સોહેજી,
સમવસરણ બેઠા જગ સ્વામી, સુરનરના મનમોહેજી;
વાણી અમીય સમાણી પ્રભુની સાંભળતા અઘ ગોળેજી,
સમકિતદૃષ્ટિ શાસનદેવી, દુઃખ દોહગ સવિ ટાળેજી.

(ઉપરની ત્રણ સ્તુતિ જોડા તરીકે ચાર વાર બોલી શકાય છે.)



ચૈત્યવંદન

(૧) શ્રી શાશ્વતા અશાશ્વતા જિન ચૈત્યવંદન...

કોડી સાતને લાખ... બહોંતેર વખાણું,
ભુવનપતિ ચૈત્ય... સંખ્યા પ્રમાણું;
એંસી સો જિનબિંબ... એક ચૈત્ય ઠામે,
નમો સાસય... જિનવરા મોક્ષ કામે... ॥૧॥
કોડી તેરશે ને... નેવ્યાસી વખાણે,
સાઠ લાખ ઉપર... સવિ બિંબ જાણે;
અસંખ્યાત વ્યંતરતણા... નગર નામે... નમો૦॥૨॥
અસંખ્યાત તિહાં ચૈત્ય... તેમ જ્યોતિષીયે,
બિંબ એકશત એંશી... ભાખ્યાં ઋષિએ;
નમે તે મહાસિદ્ધિ... નવનિધિ પામે... નમો૦॥૩॥
વળી બાર દેવલોકમાં... ચૈત્ય સાર,
ગ્રૈવેયક નવ માંહિ... દેહરા ઉદાર;
તિમ અનુત્તરે દેખીને... મ પડો ભામે... નમો૦॥૪॥
ચોરાશી લાખ તેમ... સત્તાણું સહસ્સા,
ઉપર ત્રેવીશ ચૈત્ય... શોભાયે સરસા;
હવે બિંબ સંખ્યા... કહું તેહ ધામે... નમો૦॥૫॥
સો કોડીને બાવન... કોડી જાણો,
ચોરાણું લખ સહસ... ચૌઆલ આણો;
સય સાત ને આઠ... ઉપર પ્રકામે... નમો૦॥૬॥
મેરુ રાજધાની... ગજદંત સાર,
જમક ચિત્ર વિચિત્ર... કાંચન વખાર;
ઇક્ખુકારને વર્ષધર... નામ ઠામે... નમો૦॥૭॥

વળી દીર્ઘ વૈતાઢ્યને.. વૃત જેહ,
જંબૂ આદિ વૃક્ષે... દિશા ગજ છે તેહ;
કુંડ મહાનદી દ્રહ... પ્રમુખ ચૈત્ય ગ્રામે... નમો૦॥૮॥
માનુષોત્તર નગવરે... જેહ ચૈત્ય,
નંદિસર રુચક... કુંડલે છે પવિત્ત;
તિચ્છાલોકમાં ચૈત્ય... નમિયે સુઠામે... નમો૦॥૯॥
પ્રભુ ઋષભ ચંદ્રાનન... વારિષેણ,
વળી વર્ધમાનાભિધે... ચાર શ્રેણ;
એહ શાશ્વતા બિંબ... સવિ ચાર નામે... નમો૦॥૧૦॥
સવિ કોડિ સય પનર... બાયાલ ધાર,
અટ્ઠાવન લખ સહસ... છત્રીશ સાર;
એંશી જોઈષ વણ વિના... સિદ્ધિ ધામે... નમો૦॥૧૧॥
અશાશ્વતા જિનવર... નમો પ્રેમ આણી,
કેમ ભાખીયે તેહ... જાણી અજાણી;
બહુ તીર્થને ઠામે... બહુ ગામ ગામે... નમો૦॥૧૨॥
એમ જિન પ્રણમીજે... મોહ નૃપને દમીજે,
ભવ ભવ ન ભમીજે... પાપ સર્વે ગમીજે;
પરભાવ વમીજે... જો પ્રભુ અટ્ઠમીજે,
'પદ્મવિજય' નમીજે... આત્મતત્ત્વે રમીજે... નમો૦॥૧૩॥

(૨) અલખ અગોચર અકલરૂપ...

અલખ અગોચર અકલરૂપ, અવિનાશી અનાદિ;
એક અનેક અનંત અંત, અવિકલ અવિવાદિ... ॥૧॥
સિદ્ધ બુદ્ધ અવિરુદ્ધ શુદ્ધ, અજર અમર અભય;
અવ્યાબાધ અમુરતિક, નિરૂપાધિક નિરામય... ॥૨॥
પરમપુરુષ પરમેશ્વરું, પ્રથમનાથ પરધાન;
ભવ ભવ ભાવઠ ભંજણો, તારક તું ભગવાન... ॥૩॥

રસમાં તુજ ગુણ સંસ્તવે, દ્રષ્ટિ તુજ દરશન;
નવ અંગે પૂજા સમે, કાયા તુજ ફરસન... ॥૪॥
તુજ ગુણ શ્રવણે દો શ્રવણ, મસ્તક પ્રણિપાતે;
શુદ્ધ નિમિત્તથી સવિ હુઆ, શુભ પરિણતિ થાતે... ॥૫॥
વિવિધ નિમિત્ત વિલાસથી, વિલસે પ્રભુ એકાંત;
અવરિયો અભ્યંતરે, નિશ્ચય ધ્યેય મહંત... ॥૬॥
ભાવદ્રષ્ટિમાં ભાવતાં, વ્યાપક સવિ ભાસે;
ઉદાસીનતા અવરશું, લીનો નિજગુણ વાસે... ॥૭॥
દીઠા વિણ જે દેખીયે, સુતા પણ જગવે;
અવર વિષયથી છોડાવે, ઇંન્દ્રિય બુદ્ધિ ત્યજવે... ॥૮॥
પરાધીનતા મીટ ગઈ, ભેદ બુદ્ધિ ગઈ દૂરે;
અધ્યાત્મ પ્રભુ પરિણમ્યો, ચિદાનંદ ભરપૂરે... ॥૯॥
જ્યોતિશું જ્યોત મિલ ગઈ, પ્રગટ્યો વચનાતીત;
અંતરંગ સુખ અનુભવ્યો, નિજ આતમ પરતીત... ॥૧૦॥
નિર્વિકલ્પ ઉપયોગ રૂપ, પૂજા પરમારથ્થ;
કારક ગ્રાહક એક પ્રભુ, ચેતન સમરથ્થ... ॥૧૧॥
વીતરાગ એમ પૂજતાં એ લહિ, એ અવિહડ સુખ;
'**માનવિજય**' ઉવજ્ઝાયનાં, નાઠાં સઘળા દુઃખ... ॥૧૨॥

(3) આજ દેવ અરિહંત નમું...

આજ દેવ અરિહંત નમું, સમરું તારું નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિન તણી, ત્યાં ત્યાં કરું પ્રણામ. ॥૧॥
શત્રુંજય શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજિતનાથ, આબુ ઋષભ જુહાર. ॥૨॥
અષ્ટાપદ ગિરિ ઉપરે, જિન ચોવીશે જોય;
મણીમય મૂરતિ માનશું, ભરતે ભરાવી સોય. ॥૩॥

સમ્મેતશિખર તીરથ વડું એ, જિહાં વીશે જિનપાય;
વૈભાર ગિરિવર ઉપરે, શ્રી વીર જિનેસર રાય. ॥૪॥
માંડવગઢનો રાજિયો, નામે દેવ સુપાસ;
'ઋષભ' કહે જિન સમરતાં, પહોંચે મનની આશ. ॥૫॥

(૪) જય જય તું જિનરાજ આજ...

જય જય તું જિનરાજ આજ, મળીયો મુજ સ્વામી;
અવિનાશી અકલંક રુપ, જગ અંતરજામી. ॥૧॥
રુપારુપી ધર્મ દેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવ લીલા પામી. ॥૨॥
સિદ્ધ બુદ્ધ તુજ વંદતા એ, સકલ સિદ્ધ વર બુદ્ધ;
રમો પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ ઋદ્ધ. ॥૩॥
કાલ બહુ સ્થાવર ગયો, ભમિયો ભવ માંહીં;
વિકલેન્દ્રિય એળે ગયો, સ્થિરતા નહિ ક્યાંહી. ॥૪॥
તિર્યંચ પંચેન્દ્રિય માંહી દેવ!, કર્મે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશન નહીં પાયો. ॥૫॥
એમ અનંત કાલે કરી એ, પામ્યો નર અવતાર;
હવે જગતારક તું હી મળ્યો, ભવજલ પાર ઉતાર. ॥૬॥

(૫) તુજ મુરતિને નિરખવા...

તુજ મૂરતિને નિરખવા, મુજ નયણા તરસે;
તુજ ગુણ ગણને બોલવા, રસના મુજ હરખે. ॥૧॥
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગપદ ફરશે;
તો સેવક તાર્યા વિના કહો કિમ હવે સરશે. ॥૨॥
એમ જાણીને સાહિબા એ, નેક નજર મોહે જોય;
'જ્ઞાનવિમલ' પ્રભુ નજરથી, તેહ શું જે નવિ હોય. ॥૩॥

(૬) પદ્મપ્રભુ ને વાસુપૂજ્ય...

પદ્મપ્રભુ ને વાસુપૂજ્ય,દોય રાતા કહીએ;
ચંદ્રપ્રભ ને સુવિધિનાથ,દો ઉજ્જવલ લહીએ. ॥૧॥
મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દો નીલા નિરખ્યા;
મુનિસુવ્રત ને નેમિનાથ, દો અંજન સરીખા. ॥૨॥
સોળે જિન કંચન સમા એ, એવા જિન ચોવીશ;
ધીરવિમલ પંડિતતણો, '**જ્ઞાનવિમલ**' કહે શીશ. ॥૩॥

(૭) પરમેશ્વર પરમાતમા...

પરમેશ્વર પરમાતમા, પાવન પરમિટ્ઠ;
જય જગગુરુ દેવાધિદેવ, નયણે મેં દિટ્ઠ. ॥૧॥
અચલ અકલ અવિકાર સાર, કરુણારસ સિંધુ;
જગતિ જન આધાર એક, નિષ્કારણ બંધુ. ॥૨॥
ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહિ કહ્યાં ન જાય;
'**રામ**' પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ॥૩॥

સ્તવન

(૧) અનંતવિરજ અરિહંત!...

(રાગ : અપૂર્વ અવસર.../
આંખડી મારી પ્રભુ.../પ્રીતલડી બંધાણી રે...)

અનંતવિરજ અરિહંત! સુણો મુજ વિનતિ,
અવસર પામી આજ કહું જે દિલ છતી;
આતમસત્તા હારી સંસારે હું ભમ્યો,
મિથ્યા અવિરતિ રંગ કષાયે બહુ દમ્યો. ॥૧॥
ક્રોધ દાવાનલ દગ્ધ માનવિષધર ડસ્યો,
માયાજાલે બદ્ધ લોભ અજગર ગ્રસ્યો;



મન વચન કાયાના યોગ ચપળ થયા પરવશા,
પુદ્ગલ પરિચય પાપતણી અહનિશિ દશા. ॥૨॥
કામરાગે અણનાથ્યા સાંઢ પરે ધસ્યો,
સ્નેહરાગની રાચે ભવપિંજર વસ્યો;
દૃષ્ટિરાગ રુચિ કાચપાચ સમકિત ગણું,
આગમ રીતે નાથ! ન નિરખું નિજપણું. ॥૩॥
ધર્મ દેખાડું માંડ, ભાંડ પરે અતિ લવું,
અચરે અચરે રામ શુક પરે જપું;
કપટપટું નટુવા પરે મુનિમુદ્રા ધરું,
પંચવિષય સુખપોષ સદોષવૃત્તિ ભરું. ॥૪॥
એક દિનમાં નવ વાર 'કરેમિ ભંતે' કરું,
ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ ક્ષણ એક નવિ ઠરું;
મા-સાહસ ખગ રીતિ નીતિ ઘણી કહું,
ઉત્તમ કુલવટ વાટ ન તે પણ નિરવહું. ॥૫॥
દીનદયાળ! કૃપાળ! પ્રભુ! મહારાજ! છો,
જાણ આગળ શું કહેવું? ગરીબનિવાજ છો;
પૂરવ ધાતકી ખંડ નલિની વિજયાવતી,
નયરી અયોધ્યા નાયક, લાયક યતિપતિ. ॥૬॥
મેઘમહીપ મંગલાવતી સુત વિજયાવતી,
આ નંદન ગજલંછન જગ જન તારતિ;
'ક્ષમાવિજય' જિનરાજ! અપાય નિવારજો,
વિહરમાન ભગવાન! સુનજરે તારજો. ॥૭॥

(૨) અબ મેં સાચો સાહિબ પાયો...

(રાગ : અબ મોહે.../મૈયા મોરી.../
અબ હમ અમર ભયે ન મરેંગે.../વૈષ્ણવજન.../દરિશન દો ઘનશ્યામ...)

અબ મેં સાચો સાહિબ પાયો, અબ મેં સાચો સાહિબ પાયો;
યાકિ સેવ કરત હું યાકું, મુજ મન પ્રેમ સુહાયો. ॥૧॥
ઠાકુર ઓર ન હોવે અપનો, જો દીજે ઘર માયો;
સંપત્તિ અપની ખિનુ મેં દેવે, વેં તો દિલ મેં ધ્યાયો. ॥૨॥
ઓરનકી જન કરત ચાકરી, દૂર દેશ પાય ઘાસે;
અંતરયામી ધ્યાને દીસે, વેં તો અપને પાસે. ॥૩॥
ઓર કબહું કોઉં કારન કોપ્યો, બહોત ઉપાય ન તૂસે;
ચિદાનંદ મેં મગન રહતું હે, વેં તો કબહું ન રુસે. ॥૪॥
ઓરનકી ચિંતા ચિતિ ન મિટે, સબ દિન ધંધે જાવે;
થિરતા ગુન પૂરન સુખ ખેલે, વેં તો અપને ભાવે. ॥૫॥
પરાધીન હે ભોગ ઓરકો, તા તેં હોત વિયોગી;
સદા સિદ્ધ સમ શુદ્ધ વિલાસી, વેં તો નિજ ગુન ભોગી. ॥૬॥
જ્યૌં જાનો ત્યૌં જગ જન જાનો, મેં તો સેવક ઉનકો;
પક્ષપાત તો પરસૂં હોવે, રાગ ધરત હું ગુનકો. ॥૭॥
ભાવ એક હે સબ જ્ઞાની કો, મૂરખ ભેદ ન ભાવે;
અપનો સાહિબ જો પહિચાને, સો **'જસ'** લીલા પાવે. ॥૮॥

(૩) અબોલડાં શાના લીધાં છે રાજ...

(રાગ : વૈષ્ણવજન તો.../તારા વિના શ્યામ મને...)

અબોલડાં શાના લીધાં છે રાજ, જીવજીવન પ્રભુ માહરા;
તમે અમારા અમે તમારા, વાસ નિગોદમાં રહેતાં. ॥૧॥
કાલ અનંતના સ્નેહી પ્યારા, કદીય ન અંતર કરતા;
બાદર સ્થાવરમાં બેહુ આપણ, કાલ અસંખ્ય નિગમતાં. ॥૨॥

વિકલેન્દ્રિયમાં કાલ સંખ્યાતા, વિસર્યા નવિ વિસરતા;
નરકસ્થાને રહ્યા બેહુ સાથે, તિહાં પણ બહુ દુઃખ સહતા. ॥૩॥
પરમાધામી સન્મુખ આપણ, ટગ મગ નજરે જોતાં;
દેવના ભવમાં એક વિમાને, દેવનાં સુખ અનુભવતા. ॥૪॥
એકણ પાસે દેવશય્યામાં, થેઈ થેઈ નાટક સુણતાં;
તિહાં પણ તમે અને અમે બેઉ સાથે, જિન જન્મ મહોત્સવ કરતા. ॥૫॥
તિર્યંચગતિમાં સુખદુઃખ અનુભવતા, તિહાં પણ સંગ ચલંતા;
એક દિન સમવસરણમાં આપણ, જિનગુણ અમૃત પીતા. ॥૬॥
એક દિન તમે અને અમે બેઉ સાથે, વેલડી વળગીને ફરતા;
એક દિન બાળપણામાં આપણે, ગેડી દડે નિત્ય રમતાં. ॥૭॥
તમે અને અમે બેઉ સિદ્ધ સ્વરુપી, એવી કથા નિત્ય કરતા;
એક કુલ એક ગોત્ર એક ઠેકાણે, એક જ થાળીમાં જમતા. ॥૮॥
એક દિન હું ઠાકોર તમે ચાકર, સેવા માહરી કરતા;
આજ તો આપ થયા જગ ઠાકોર, સિદ્ધિવધૂના પનોતા. ॥૯॥
કાલ અનંતનો સ્નેહ વિસારી, કામ કીધાં મનગમતાં;
હવે અંતર કેમ કીધું પ્રભુજી, ચૌદ રાજ જઈ પહોંતા. ॥૧૦॥
'દીપવિજય' કવિરાજ પ્રભુજી, જગતારણ જગનેતા;
નિજ સેવકને યશપદ દીજે, અનંત ગુણે ગુણવંતા. ॥૧૧॥

(૪) આજ મારા પ્રભુજી સામું જુઓને...

(રાગ : વૈષ્ણવજન.../મૈલી ચાદર.../
સુરજમંડણ.../શ્રી શ્રેયાંસજિન અંતરજામી.../આંખ મારી...)

આજ મારા પ્રભુજી સામું જુઓને, સેવક કહીને બોલાવો રે;
એટલે હું મનગમતું પામ્યો, રુઠડાં બાળ મનાવો, મોરા સાંઈ રે. ॥૧॥
પતિત પાવન શરણાગત વત્સલ, એ જશ જગમાં ચાવો રે;
મન રે મનાવ્યા વિણ નહિ મુકું, એહિ જ મારો દાવો. ॥૨॥

કબજે આવ્યા તે નહિ મુકું, જિહાં લગે તુમ સમ થાવું રે;
જો તુમ ધ્યાન વિના શિવ લહીએ, તો તે દાવ બતાવો. ॥૩॥
મહાગોપ ને મહાનિર્યામક, એવા-એવા બિરુદ ધરાવો રે;
તો શું આશ્રિતને ઉદ્ધરતાં, બહુ બહુ શું કહાવો. ॥૪॥
'જ્ઞાનવિમલ' ગુરુનો નિધિ મહિમા, મંગલ એહિ વધાવો રે;
અચલ અભેદપણે અવલંબી, અહોનિશ એહિ દિલ ધ્યાવો. ॥૫॥



(૫) આનંદ કી ઘડી આઈ, સખીરી આજ...

(રાગ : રાત દિવસ ઉપકારો... /ચરણો મેં તેરે.../
દર્શન દો ઘનશ્યામ.../વીર જિણંદ જગત...)

આનંદ કી ઘડી આઈ, સખીરી આજ! આનંદ કી ઘડી આઈ...
કરકે કૃપા પ્રભુ દરિશન દિનો, ભવ કી પીડ મિટાઈ;
મોહ નિદ્રા સે જાગ્રત કરકે, સત્ય કી બાત સુણાઈ,
તન મન હર્ષ ન માઈ. સખીરી૦॥૧॥
નિત્યાનિત્ય કા ભેદ બતાકર, મિથ્યાદૃષ્ટિ હરાઈ;
સમ્યગ્જ્ઞાન કી દિવ્ય પ્રભા કો, અંતર મેં પ્રગટાઈ,
સાધ્ય સાધન દિખલાઈ. સખીરી૦॥૨॥
ત્યાગ વૈરાગ્ય સંયમ કે યોગ સે, નિઃસ્પૃહ ભાવ જગાઈ;
સર્વ સંગ પરિત્યાગ કરાકર, અલખ ધૂન મચાઈ,
અપગત દુઃખ કહલાઈ. સખીરી૦॥૩॥
અપૂર્વકરણ ગુણસ્થાનક સુખકર, શ્રેણી ક્ષપક મંડવાઈ;
વેદ તીનોં કા છેદ કરાકર, ક્ષીણ મોહી બનવાઈ,
જીવન મુક્તિ દિલાઈ. સખીરી૦॥૪॥
ભક્ત વત્સલ પ્રભુ કરુણાસાગર, ચરણ શરણ સુખદાઈ;
'જશ' કહે ધ્યાન પ્રભુ કા ધ્યાવત, અજર અમર પદ પાઈ,
દ્વંદ્વ સકલ મિટ જાઈ. સખીરી૦॥૫॥

(૬) ક્યું કર ભક્તિ કરું...

(રાગ : મારા નાથની વધાઈ.../
દર્શન દો ઘનશ્યામ.../પાર્શ્વ ચિંતામણી...)

ક્યું કર ભક્તિ કરું, પ્રભુ તેરી...
ક્રોધ લોભ મદ માન વિષયરસ, છાંડત ગેલ ન મેરી. ॥૧॥
કર્મ નચાવે તિમહિ નાચત, માયા વશ નટ ચેરી. ॥૨॥
દૃષ્ટિરાગ દૃઢ બંધન બાંધ્યો, નિકસન ન લહું શેરી. ॥૩॥
કરત પ્રશંસા સબ મિલ અપની, પરનિંદા અધિકેરી. ॥૪॥
કહત '**માન**' જિન ભાવ ભગતિ બિન, શિવગતિ હોત ન મેરી. ॥૫॥

(૭) જિણંદા! વે દિન ક્યું ન સંભારે....

(રાગ : પ્રભુજી મુજ અવગુણ.../ઓ સાથી...)

જિણંદા! વે દિન ક્યું ન સંભારે...
સાહિબ તુમ અમ સમય અનંતો, ઈકઠા ઈણ સંસારે. જિણંદા૦॥૧॥
આપ અજર અમર હોઈ બેઠે, સેવક કરીએ કિનારે;
મોટા જેહ કરે તે છાજે, તિહાં કુણ તુમને વારે?. જિણંદા૦॥૨॥
ત્રિભુવન ઠકુરાઈ અબ પાઈ, કહો તુમ કુણ સહારે;
આપ ઉદાસીન ભાવ મેં આયે, દાસકુ ક્યું ન સુધારે?. જિણંદા૦॥૩॥
તુંહિ તુંહિ તુંહિ તુંહિ, તુંહિ જે ચિત્ત ધારે;
યાહિ હેતુ જે આપ સ્વભાવે, ભવજલ પાર ઉતારે. જિણંદા૦॥૪॥
'**જ્ઞાનવિમલ**' ગુણ પરમાનંદે, સકલ સમીહિત સારે;
બાહ્ય અભ્યંતર ઈતિ ઉપદ્રવ, અરિયણ દૂર નિવારે. જિણંદા૦॥૫॥



(૮) જિન! તેરે ચરણ કી શરણ ગ્રહું...

(રાગ : અબ મોહે ઐસી.../મેરે નૈના.../પાર્શ્વ ચિંતામણી...)

જિન! તેરે ચરણ કી શરણ ગ્રહું...
હૃદયકમલ મેં ધ્યાન ધરત હું, શિર તુજ આણ વહું. જિન૦॥૧॥
તુમ સમ ખોળ્યો દેવ ખલક મેં, પેખ્યો નહીં કબહું. જિન૦॥૨॥
તેરે ગુણ કી જપું જપમાલા, અહર્નિશ પાપ દહું. જિન૦॥૩॥
મેરે મન કી તુમ સબ જાનો, ક્યાં મુખ બહોત કહું. જિન૦॥૪॥
કહે **'જસવિજય'** કરો ત્યું સાહિબ, જ્યું ભવદુઃખ ન લહું. જિન૦॥૫॥

(૯) તો બિન ઓર ન જાયું...

(રાગ : ઐસી આય બની અબ મોહે.../ તુમ દરિશન ભલે પાયો...)

તો બિન ઔર ન જાચું, જિણંદરાય! તો બિન ઔર ન જાચું; જિ૦!
મેં મેરો મન નિશ્ચય કીનો, એહમાં કછું નહિ કાચું. ॥૧॥
તુમ ચરણકમલ પર પંકજ મન મેરો, અનુભવ રસભર ચાખું;
અંતરંગ અમૃત રસ ચાખો, એહ વચન મન સાચું. ॥૨॥
'જસ' પ્રભુ ધ્યાયો મહારસ પાયો, અવર રસે નહિ રાચું;
અંતરંગ ફરસ્યો દરસન તેરો, તુજ ગુણ રસ સંગ માચું. ॥૩॥



(૧૦) નિરંજન નાથ મોહે કૈસે મિલેંગે...

(રાગ : અબ મોહે ઐસી આય.../પાર્શ્વ ચિંતામણી...)

નિરંજન નાથ મોહે કૈસે મિલેંગે, (૨)
દૂર દેખું મેં દરિયા ડુંગર, ઉપર બાદલ નીચે જમિયું તલે રે. ॥૧॥
ધરતી મેં ઢુંઢું તિહાં ન પિછાનું, અગ્નિ સહું તો મેરી દેહી જલે રે. ॥૨॥
આનંદઘન કહે જશ સુનો બાતા, વો હી મિલે તો મેરો ફેરો ટલે રે. ॥૩॥



(૧૧) પરમાનંદ વિલાસી જિનેશ્વર...

(રાગ : ઐસી આય બની.../તુમ દરિસન ભલે.../
આજનો ચાંદલીયો...)

પરમાનંદ વિલાસી જિનેશ્વર, પરમાનંદ વિલાસી;
કેવલજ્ઞાન ને કેવલદર્શન, અવ્યાબાધ ઉદાસી. ॥૧॥
અજર અમર અકલંક અરુપી, અરસ અગંધ અફાસી;
અગુરુલઘુ અનંત અનુપમ, આતમલીલા વાસી. ॥૨॥
અકોહી અમાની અમાયી અલોભી, અવિરતિ રહિત અલેશી;
અરાગી અદ્વેષી અયોગી અભોગી, અણાહારી અક્લેશી. ॥૩॥
અતીન્દ્રિય અનુપાધિ અદેહી, સ્વક્ષેત્ર સ્વભાવ નિવાસી;
નિજ ગુણ સત્તા રંગી અસંગી, અખંડ અસંખ્ય પ્રદેશી. ॥૪॥
અનંતજ્ઞાન-દર્શન સુખ વીરજ, સ્વ-પર પ્રકાશી ન આશી;
ખિમાવિજય જિન પદકજ નમતાં, અનુભવ વાડી વિકાસી. ॥૫॥

(૧૨) પાયોજી! મૈંને તેરો દરિશન પાયો...

(રાગ : અબ મોહે ઐસી આય.../રામ રતન ધન પાયો...)

પાયોજી! મૈંને તેરો દરિશન પાયો... પાયોજી! મૈંને... ॥૧॥
દરિશન કરકે દિલડું હરખ્યું, સુખ સાગર ઉલસાયો. ॥૨॥
ભાગ્ય ઉદય હુઓ આજ સે મેરો, રત્નચિંતામણિ પાયો. ॥૩॥
હાથ જોડી કરું સાહિબ મેરો, લાખ ચોરાસી મિટાયો. ॥૪॥
આપ તરે ઓરન કો તારો, '**આનંદઘન**' પદ પાયો. ॥૫॥

(૧૩) પ્રભુ મેરે ઐસી આય બની...

(રાગ : માલકૌંશ.../અબ મોહે ઐસી.../
મેરે નૈના.../દરિશન દો ઘનશ્યામ...)

પ્રભુ મેરે ઐસી આય બની;
મનકી વ્યથા કુનપે કહિયે, જાનો આપ ધણી. પ્રભુ૦॥૧॥
જનમ મરણ જરા જીઉ ગઈ લહઈ, વિલગી વિપત્તિ ઘણી;
તન મન નયન લહે દુઃખ દેખત, સુખ નવિ એક કણી. પ્રભુ૦॥૨॥
ચિત્ત દુભઈ દુરજનકે બકના, જૈસે અરિ અગની;
સઙ્કન હૈ કોઈ નહિ જાકે આગે, બાત કહું અપની. પ્રભુ૦॥૩॥
ચઉ ગઈ ગમન ભ્રમણ દુઃખ વારો, બિનતી યેહી સુણી;
અવિચલ સંપદ '**જસકું**' દીજે, અપનો દાસ ભણી. પ્રભુ૦॥૪॥



(૧૪) પ્રભુજી! તુમ દીઠે સબ દીઠો...

(રાગ : સંત પરમ હિતકારી.../ જિન! તેરે.../
ચરણોં મેં તેરે.../ મૈયા મોરી...)

પ્રભુજી! તુમ દીઠે સબ દીઠો... પ્રભુજી! તુમ દીઠે. ॥૧॥
ઓર કોઈ ભાવે નહિ જગ મેં, તુંહી સબ સે મીઠો. ॥૨॥
સકલ પદારથ સાર હૈ તુંહી, તુંહી અગમ અદીઠો. ॥૩॥
દરિશન દીઠો અમૃત વૂઠો, નીઠો સકલ અનીઠો. ॥૪॥
સબ દેવન કો દેવ હૈ તુંહી, તુંહી જગ મેં જેઠો. ॥૫॥
'**વાચક જશ**' કહે સાહિબ મેરો, હસી હસી હિયડે પેઠો. ॥૬॥



(૧૫) બેર બેર નહિ આવે...

(રાગ : માલકૌંસ.../અબ મોહે.../
દરિસન દ્યો ઘનશ્યામ...)

બેર બેર નહિ આવે, અવસર બેર બેર નહિ આવે.
જ્યું જાણે ત્યું કરલે ભલાઈ, જનમ જનમ સુખ પાવે. અવ૦॥૧॥
તન ધન જોબન સબહી જૂઠો, પ્રાણ પલક મેં જાવે. અવ૦॥૨॥
તન છૂટે ધન કૌન કામ કો, કાહેકું કૃપણ કહાવે. અવ૦॥૩॥
જાકે દિલ મેં સાચ બસત હૈ, તાકું જૂઠ ન ભાવે. અવ૦॥૪॥
'**આનંદઘન**' પ્રભુ ચલત પંથ મેં, સમર સમર ગુણ ગાવે. અવ૦॥૫॥

(૧૬) ભક્તિ સદા સુખદાઈ...

(રાગ : આશાવરી... / પાર્શ્વ ચિંતામણી.../
આઈ બસો ભગવાન.../આનંદ કી ઘડી આઈ...)

ભક્તિ સદા સુખદાઈ... પ્રભુજી તોરી... ભક્તિ સદા સુખદાઈ;
અવિધિ આશાતના દૂર કરીને, જે કરે મન નિરમાઈ. ॥૧॥
ઘર આંગણ પર સ્વર્ગ તણાં સુખ, નરસુખ બહુત સવાઈ;
સૌભાગ્યાદિક સહજ સુભગતા, સહચરી પરે ચતુરાઈ. ॥૨॥
દૂસ્તર ભવજલનિધિ સુખે તરવા, દૂરે અરતિ પલાઈ;
મન-વચ-તનુ કરી ભવોભવ ચાહું, એહિ જ સુકૃત કમાઈ. ॥૩॥
'**જ્ઞાનવિમલ**' ગુણ પ્રભુતા પામી, શિવસુંદરી મિલી આઈ;
સમકિતગુણ જિન ગુણપદ સંભવ, એ ગુણ કરણ વડાઈ. ॥૪॥





(૧૭) મન મોહ્યું પ્રભુ ગુણ ગાનમાં...

(રાગ : મનમોહન જિનવર.../માલકૌંશ.../
મેરે નૈના.../જિન! તેરે...)

મન મોહ્યું પ્રભુ ગુણ ગાનમાં...
કાલ અનંત ન જાણ્યો જોતાં, મોહ સુરાકે પાનમાં. ॥૧॥
એકેન્દ્રિ-બિ-તિ-ચઉરિન્દ્રિયમાં, કાળ ગયો અજ્ઞાનમાં;
હવે કોઈક પુણ્યોદય પ્રગટ્યો, આવી મલ્યો પ્રભુ ધ્યાનમાં. ॥૨॥
અંતર ભરમ ગયો સવિ દૂરે, તત્ત્વ સુધારસ પાનમાં;
પ્રભુ તુમ દૃષ્ટિ ભઈ મોહે ઉપર, અંતર આતમ શાનમાં. ॥૩॥
દરસ સરસ દેખ્યો જિનજી કો, લગન લાગી તોરા જ્ઞાનમાં;
કેવલ કમલા કંત કૃપાનિધિ, ઔર ન દેખ્યો જહાનમાં. ॥૪॥
અશરણ શરણ જગત ઉપકારી, પરમાતમ શુચિ વાનમાં;
'**રામ**' કહે તુજ આણ ભવોભવ, ધારી નય પરમાણમાં. ॥૫॥



(૧૮) મારી નાવલડી મઝધાર...

(રાગ : તારી પ્રીતિની કેવી.../મેલી ચાદર.../
સ્વામી તુમે કાઈ.../વૈષ્ણવજન.../સૂરજમંડણ.../પહેલે ભવે...)

મારી નાવલડી મઝધાર તારો પ્રભુ એક જ છે આધાર...
શાસન પામી તાહરું રે, નહિ ચિંતા પલભાર;
પૂરવના કોઈ અઢળક પુણ્યે, દીઠો તુમ દેદાર. ॥૧॥
અનાદિકાળની અંતરની પ્રભુ, વાત સુણાવું હું આજ;
કૃપા કરીને તું સાંભળજે, બીજો નથી સાંભળનાર. ॥૨॥
દેવ નરકને મનુષ્ય તિર્યંચમાં, દુઃખ સહ્યા બહુવાર;
વિષય કષાયમાં મસ્ત બનીને, ફૂલ્યો ફૂલણહાર. ॥૩॥
અશુભ વિલાસો ને વાણી વિલાસો, કાયા કુંડું કરનાર;
ઇન્દ્રિયોની પ્રભુ! વાસના ભૂંડી, લપટાયો તારણહાર. ॥૪॥

ક્રોધ કરીને માની બનીને, કપટ કીધા બહુવાર;
સૌથી ભૂંડો લોભ ચંડાળ જે, પાપ કરાવે અપાર. ॥૫॥
તું વીતરાગી હું છું રાગી, ભક્તિ કરું ભારોભાર;
ભ્રમર ઈલિકા ન્યાયે પ્રભુજી, થઈશું તુમ સમ નાથ. ॥૬॥
શાંત મુદ્રા તારી મુખડાની સુંદર, અખિયન મેં અવિકાર;
સવિકારી અમે આવ્યા શરણે, તાર તાર મુજને તાર. ॥૭॥
મનમોહન પ્રભુ અરજ અમારી, સુણજો ને આ વાર;
'**સુયશ**' માંગે સેવા તમારી, તરવા ભવજલ પાર. ॥૮॥

(૧૯) મેરે પ્રભુશું પ્રગટ્યો પૂરણ રાગ...

(રાગ : વે દિન કયું ન સંભારે.../
અબ મોહે.../દરિસન દો ઘનશ્યામ...)

મેરે પ્રભુશું પ્રગટ્યો પૂરણ રાગ, મેરે પ્રભુશું પ્રગટ્યો પૂરણ રાગ...!
જિન ગુણ ચંદ કિરણ શું ઊમટ્યો, સહજ સમુદ્ર અથાગ. ॥૧॥
ધ્યાતા ધ્યેય ભયે દોઉં એકહું, મિટ્યો ભેદ કો ભાગ;
કુલ વિદારી ચલે જબ સરિતા, તબ નહિ રહત તડાગ. ॥૨॥
પૂરણ મન સબ પૂરણ દીસે, નહિ દુવિધા કો લાગ;
પાઉ ચલત પનહી જો પહિરે, તસ નહિ કંટક લાગ. ॥૩॥
ભયો પ્રેમ લોકોત્તર જૂઠો, લોક બંધ કો તાગ;
કહો કોઉં કછું હમ નવિ રુચે, છૂટી એક વીતરાગ. ॥૪॥
વાસત હૈ જિનગુણ મુજ દિલકું, જૈસો સુરતરુ બાગ;
ઔર વાસના લગે ન તાકું, '**જશ**' કહે તું બડભાગ. ॥૫॥



(૨૦) મેરો મન! હરખે પ્રભુ પેખી...

(રાગ : હો ભવિકા! સિદ્ધચક્ર પદ વંદો.../
ઓ સાથી રે.../દરિસન દ્યો ઘનશ્યામ.../જિન! તેરે...)

મેરો મન! હરખે પ્રભુ પેખી... (૨)!
તું હી વિના હું ઓર ન ધ્યાવત, રસના તુમ ગુણ ફરસેજી. ॥૧॥
તોરો હિ ચરણશરણ કરી જાનત, કિમ તાહરા વિણ સરસેજી. ॥૨॥
પતિતપાવન પ્રભુ! જગત ઉદ્ધારણ, બિરુદ કહો કેમ વરશેજી. ॥૩॥
જે ઉપકાર કારણકું જાયા, તે ઉપગારને કરશેજી. ॥૪॥
'જ્ઞાનવિમલ' પ્રભુ સહજ કૃપાથી, કેવલકમલા વરશેજી. ॥૫॥

(૨૧) વિનંતી કૈસે કરું...

(રાગ : જિન! તેરે.../ઓ સાથી રે.../મેરે નૈના...)

વિનંતી કૈસે કરું, સાંઈ મોરા, વિનંતી કૈસે કરું,
ભક્તિનો માર્ગ છે દોહીલડો, કિમ મન સ્થિર કરું? વિનંતી૦॥૧॥
કાલ અનાદિ વહ્યો મેરો તુમ વિણ, ભવવન માંહે ફીરું. વિનંતી૦॥૨॥
અબ તો ત્રિભુવન નાયક પેખ્યો, હરખે પાય પડું વિનંતી૦॥૩॥
ક્યું કરી મળશો તેહ તો બતાવો, અવરો નહિ જ ઠરું. વિનંતી૦॥૪॥
દરિશન પીઠ હૈ ચરણ ભુવન કો, પરિચય તાસ કરું. વિનંતી૦॥૫॥
'જ્ઞાનવિમલ' ગુણગણ મોતન કો, કંઠ સે હાર ધરું. વિનંતી૦॥૬॥
તેરે અનુભવ ચરણ વહાણ સે, ભવજલ રાશિ તરું. વિનંતી૦॥૭॥

(૨૨) સકલ સમતા સુરલતાનો...

(રાગ : મેરા જીવન કોરા કાગજ.../તુજ કરુણાધારામાં...)

સકલ સમતા સુરલતાનો, તુંહિ અનુપમ કંદ રે;
તુંહિ કૃપારસ કનક કુંભો, તુંહિ જિણંદ મુણીંદ રે. પ્રભુ૦॥૧॥
પ્રભુ! તુંહિ તુંહિ તુંહિ તુંહિ, યુંહિ ધરતાં ધ્યાન રે;
તુજ સ્વરુપી જે થયા તેણે, લહ્યું તાહરું તાન રે. પ્રભુ૦॥૨॥
તુંહિ અળગો ભવ થકી, પણ ભવિક તાહરે નામ રે;
પાર ભવનો તેહ પામે, એહિ અચરિજ ઠામ રે. પ્રભુ૦॥૩॥
જન્મ પાવન આજ મારો, નિરખીયો તુજ નૂર રે;
ભવોભવ અનુમોદના જે, હુઓ આપ હજૂર રે. પ્રભુ૦॥૪॥
એક માહરો અક્ષય આતમ, અસંખ્યાત પ્રદેશ રે;
તાહરા ગુણ છે અનંતા, કિમ કરું તાસ નિવેશ રે? પ્રભુ૦॥૫॥
એક એક પ્રદેશ તાહરે, ગુણ અનંતનો વાસ રે;
એમ કરી તુજ સહજ મિલત, હુઓ જ્ઞાન પ્રકાશ રે. પ્રભુ૦॥૬॥
ધ્યાન ધ્યાતા ધ્યેય એકી, ભાવ હોય એમ રે;
એમ કરતાં સેવ્ય સેવક, ભાવ હોયે ક્ષેમ રે. પ્રભુ૦॥૭॥
શુદ્ધ સેવા તાહરી જો, હોય અચલ સ્વભાવ રે;
'જ્ઞાનવિમલ' સૂરીંદ પ્રભુતા, હોય સુજસ જમાવ રે. પ્રભુ૦॥૮॥

(૨૩) હમ લીને હે પ્રભુ...

(રાગ : હમ મગન ભયે... / અબ મોહે ઐસી...)

હમ લીને હે પ્રભુ ધ્યાન મેં... હમ લીને હે...!
કરમ ભરમ જંજીર સે છૂટે, હોઈ રહે એક તાન મેં. ॥૧॥
રોમ રોમ પરમાનંદ ઉલસત, હોત મગનતા જ્ઞાન મેં;
સવિ સભાવ મેં તુંહી તુંહી, ઓર ન આવત માન મેં. ॥૨॥

જ્યું તરવારે અતિ દૂર નિકંદે, અલગ રહી હે મ્યાન સે;
આતમશક્તિ ભગતિ શ્યું તેસી, હોવે પુદ્ગલ ઠાન સે. ॥૩॥
અહર્નિશ મૈત્રીભાવ ઉદાસીન, ત્રિભુવન અભયદાન સે;
અજબ કલા કોઈ ઐસી તુમચી, નિશ્ચિત નય પરધાન સે. ॥૪॥
'જ્ઞાનવિમલ' પ્રભુતા ગુણ તેરો, પસર્યો આન પ્રાન સે,
સહજ સદાગમ બોધ સુલભતા, દેઈ સફળ કરો દાન સે. ॥૫॥

થોય

(1)

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી,
વર્ધમાન જિનવર વળી પ્રણમો, શાશ્વત નામ એ ચારેજી;
ભરતાદિક ક્ષેત્રે મળી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી,
તેણે ચારે એ શાશ્વત જિનવર, નમિએ નિત્ય સવારેજી. ॥૧॥
ઊર્ધ્વ અધો તિચ્છાલોકે થઈ, કોડી પન્નરસે જાણોજી,
ઉપર કોડી બેંતાલીશ પ્રણમો, અડવન્ન લખ મન આણોજી;
છત્રીસ સહસ એંશી તે ઉપરે, બિંબ તણો પરિમાણોજી,
અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં, પ્રણમું તે સુવિહાણોજી. ॥૨॥
રાયપસેણી જીવાભિગમે, ભગવતીસૂત્રે ભાખીજી,
જંબુદ્વીપ પન્નત્તિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખીજી;
વલી અશાશ્વતી જ્ઞાતાકલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખીજી,
તે જિન પ્રતિમા લોપે પાપી, જીહાં બહુ સૂત્ર છે સાખીજી. ॥૩॥
તે જિનપૂજાથી આરાધક, ઈશાન ઇન્દ્ર કહાયાજી,
તેમ સૂર્યાભ પ્રમુખ બહુ સુરવર, દેવીતણા સમુદાયાજી;
નંદીસર અટ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયાજી,
જિન ઉત્તમ કલ્યાણક દિવસે, **'પદ્મવિજય'** નમે પાયાજી. ॥૪॥



(2)

ઋષભાનન ચંદ્રાનન જાણો, વારિષેણ શાશ્વત વર્ધમાનજી;
પૂરવ પશ્ચિમ ઉત્તર ઠાણો, દક્ષિણ પડિમા ભાગ પ્રમાણો. ॥૧॥
ઉર્ધ્વલોક જિનબિંબ ઘણેરાં, ભવનપતિમાં ઘર ઘર દહેરાં;
વ્યંતર જ્યોતિષી તિચ્છ અનેરાં, ચારે શાશ્વતા નામ ભલેરાં. ॥૨॥
ભરતાદિક જે ક્ષેત્ર સુહાવે, કાલત્રિકે જે અરિહા આવે;
ચાર નામ એ નિશ્ચય થાવે, અંગ ઉવાંગે વાત જણાવે. ॥૩॥
પંચ કલ્યાણકે હર્ષ અધૂરે, નંદીશ્વરદીપે જઈ પૂરે;
હર્ષ મહોત્સવ કરત અટ્ઠાઇ, દેવ દેવી શુભવીર વધાઇ. ॥૪॥

(3)

(રાગ : સંસારદાવાનલ...)

નમસ્તે સમસ્તેપ્સિતાર્થપ્રદાય, નમસ્તે મહાર્હત્યલક્ષ્મીપ્રદાય;
નમસ્તે ચિદાનન્દતેજોમયાય, નમસ્તે નમસ્તે નમસ્તે નમસ્તે ॥૧॥
નમસ્તે મહાત્મન્ નમસ્તે ચિદાત્મન્, નમસ્તે શિવાત્મન્ નમસ્તે પરાત્મન્;
નમસ્તે સ્થિરાત્મન્ નમસ્તે પરાત્મન્, નમસ્તે નમસ્તે નમસ્તે નમસ્તે ॥૨॥
નમસ્તે શુચિજ્ઞાનરત્નાકરાય, નમસ્તે સતાં કલ્પકારસ્કરાય;
નમસ્તે જગદ્ભીવભદ્રંકરાય, નમસ્તે નમસ્તે નમસ્તે નમસ્તે ॥૩॥
નમો જૈનવાચેશ્વરીદેવતાયૈ, નમો વૈનયિક્યાસુવિસેવતાયૈ;
નમો વાઙ્મયામોઘપીયૂષવૃષ્ટ્યૈ, નમસ્તે નમસ્તે નમસ્તે નમસ્તે ॥૪॥

શ્રી ચોવીસ તીર્થંકર ભગવાનના થોય જોડા

(રાગ : માલિનીછંદ.)

ઋષભજિન સુહાયા, શ્રીમરુદેવીમાયા,
કનકવર્ણ કાયા, મંગલા જાસ જાયા;
વૃષભ લંછન પાયા, દેવ નર નારી ગાયા,
પણસય ધનુ છાયા, તે પ્રભુ ધ્યાન ધ્યાયા. ॥૧॥

અજિતજિનપતિનો, દેહ કંચન જરીનો,
ભવિકજન નગીનો, જેહથી મોહ છીનો;
હું તુજ પદ લીનો, જે જલમાંહિ મીનો,
નવિ હોયે તે દીનો, તાહરે ધ્યાન પીનો. ॥૨॥

જિન **સંભવ** વારું, લંછને અશ્વધારું,
ભવજલનિધિ તારુ, કામગદિ તીવ્ર દારુ;
સુરતરુ પરિચારુ, દુસમાકાલિ મારું,
શિવસુખ કિરતારુ, તેહનું ધ્યાન સારું. ॥૩॥

અભિનંદનજિનચંદો, સામ્ય માકંદકંદો,
નૃપ સંવર નંદો, ધ્વંસિતા-શેષ કંદો;
તમતિમિર દિણંદો, લંછને વાનરિંદો,
જસ આગલ મંદો, સૌમ્ય ગુણિ સારદિંદો. ॥૪॥

સુમતિ સુમતિ આપે, દુઃખની કોડિ કાપે,
સુમતિ સુયશ વ્યાપે, બોધિનું બીજ વાપે;
અવિચલ પદ થાપે, જાસ દીપે પ્રતાપે,
કુમતિ કંદ હાપે, જો પ્રભુ ધ્યાન છાપે. ॥૫॥



પદ્મપ્રભ સોહાવે, ચિત્તમાં નિત્ય આવે,
મુગતિવધૂ મનાવે, રક્તતનું કાન્તિ ફાવે;
દુઃખ નિકટ નાવે, સન્તતિ સૌખ્ય પાવે,
પ્રભુ ગુણગણ ધ્યાવે, અષ્ટ મહાસિદ્ધિ થાવે. ॥૬॥

ફલે કામિત આસ, નામથી દુષ્ટ નાસ,
મહી મહિમ પ્રકાશ, સાતમા શ્રી**સુપાસ**;
સુર નર જસ દાસ, સંપદાનો નિવાસ,
ગાયે ભવિ ગુણરાસ, જેહ ધારી ઉલ્લાસ. ॥૭॥

શુભ નરગતિ પામી, ઉદ્યમી ધર્મધામી,
જિન નમો સિરનામી, **ચંદ્રપ્રભ** નામિ સ્વામી;
મુજ અંતરયામી, જેહમાં નહિ ય ખામી,
શિવગતિ વરગામી, સેવતા પુણ્યે પામી. ॥૮॥

સુવિધિજિન ભદંત, નામ વલી પુષ્પદંત,
સુમતિ તરુણી કંત, જેહથી તેહ સંત;
કીયો કર્મ દુરંત, લચ્છીલીલા વરંત,
ભવજલધિ તરંત, તે નમીજે મહંત. ॥૯॥

સુણી **શીતલ**દેવા, વાલહી તુજ સેવા,
જિમ ગજની રેવા, તુંહી દેવાધિદેવા;
પર આણ વહેવા સુજ્ઞ છે નિત્યમેવા,
સુખ ગતિ લહેવા, હેતુ એ દુઃખ કેવા. ॥૧૦॥

સવિ જન અવતંસ, જાસ ઇક્ખાગ વંશ,
વિજિત મદન કંસ, શુદ્ધ ચારિત્ર હંસ;
કૃત ભયવિધ્વંસ, તીર્થનાથ **શ્રેયાંસ**,
વૃષભ કુકુદ અંશ, તે નમું પુણ્ય અંશ. ॥૧૧॥

વસુપૂજ્યનૃપ તાત, શ્રીજયાદેવી માત,
અરુણ કમલ ગાત, મહિષલંછન વિખ્યાત;
જસ ગુણ અવદાત, શીત જાણે નિવાત,
હોઇ નિતુ સુખસાત, ધ્યાવતા દિનરાત. ॥૧૨॥

વિમલ વિમલ ભાવે, વંદતાં દુઃખ જાવે,
નવનિધિ ઘરી આવે, વિશ્વમાં માન પાવે;
સુયર લંછન ફાવે, ભૂમિ નરખેદ ઘાવે,
મનુ વિનતિ જણાવે, સ્વામીનું ધ્યાન ધ્યાવે. ॥૧૩॥

અનંતજિન નમીજે, કર્મની કોડી છીજે,
શિવસુખ ફલ લીજે, સિદ્ધિલીલા વરીજે;
બોધિબીજ મોહિ દીજે, એટલું કાજ કીજે,
મુજ મન અતિ રીઝે, સ્વામી તો કાર્ય સીઝે. ॥૧૪॥

ધર્મજિનપતિનો, ધ્યાન રસમાંહિ ભીનો,
વર રમણ શચીનો, જેહને ચરણ લીનો;
ત્રિભુવન સુખ કીનો, લંછને વજ્ર દીનો,
હોઇ તેહ જ લીનો, જેહને તું વસીનો. ॥૧૫॥

જિનપતિ જયકારી, પંચમો ચક્રધારી,
ત્રિભુવન સુખકારી, સમ ભયને નિવારી;
સહસ ચોસઠ નારી, ચઉદ રત્નાધિકારી,
જિન **શાન્તિ** જિતારી, મોહ હસ્તી મૃગારી. ॥૧૬॥

જિન **કુન્થુ** દયાલા, છાગ લંછન સુહાલા,
જસ ગુણ શુભમાલા, કંઠી પહેરો વિશાલા;
નમતિ ભવિ ત્રિકાલા, મંગલા શ્રેણિ સાલા,
ત્રિભુવનને ઉજાલા, તાહરા તેજ માલા. ॥૧૭॥

અરજિનપતિ જુહારુ, કર્મનો ક્લેશ વારું,
અહનિશ સંભારું, તાહરું નામ ધારું;
કૃત જય જયકારું, પ્રામ સંસારપારુ,
નવિ તેહ વિસારું, આપણો આપ તારું. ॥૧૮॥

જિન **મલ્લિ** મહેલા, વાને છે જેહ નીલા,
એ અચરિજ લીલા, સ્ત્રીતણે નામ મીલા;
દુશ્મન સવિ પીલા, સ્વામી જો છે વસીલા,
અવિચલ સુખલીલા, દીજે સુણ રંગીલા. ॥૧૯॥

મુનિસુવ્રતસ્વામી, હું નમું શીશ નામી,
મુજ અંતરયામી, કામદાતા અકામી;
દુઃખ દોહગ વામી, પુણ્યથી સેવ પામી,
શમ્યા સર્વ હરામી, રાજ્યતા પૂર્ણ જામી. ॥૨૦॥

નમિ જિનવર માનો, જે નહિ વિશ્વ છાનો,
સુત વપ્રામાનો, પુણ્યકેરો ખજાનો;
કનક કમલ વાનો, કુંભ છે જે કૃપાનો,
સવિ ભુવન પ્રધાનો, જેહસું એકતાનો. ॥૨૧॥

ગયા શસ્ત્રાગારે, શંખ નિજ હાથ ધારે,
કીયો શબ્દ પ્રચારે, વિશ્વ કંપ્યા તિવારે;
હરિ સંશય ધારે, એહની કોઇ સારે,
જયો **નેમ**કુમારે, બાલથી બ્રહ્મચારે. ॥૨૨॥

જલધર અનુકારે, પુણ્યવક્ષી વધારે,
કૃત સુકૃત સંચારે, વિઘ્નને જે વિદારે;
નવનિધિ આગારે, કષ્ટની કોડી વારે,
મુજ પ્રાણાધારે, માત વામા મલ્હારે. ॥૨૩॥



લહ્યો ભવજલતીર, ધર્મકોટીર હીર,
દુરિત રજ સમીર, મોહ ભૂસાર સીર;
ભવ દહન નીર, મેરુ સમ એક ધીર,
ચરમ **શ્રીજિનવીર**, ચરણ કલ્પદ્રુ કીર. ॥૨૪॥

(નીચેની આ ત્રણ ગાથા પૂર્વની એક-એક ગાથા સાથે
જોડતા ૨૪ ભગવાનના થોય જોડા બને છે.)

ઇમ જિનવરમાલા, પુણ્ય નીર પ્રવાલા,
જગ જંતુ દયાલા, ધર્મની સત્રશાલા;
કૃત સુકૃત સુગાલા, જ્ઞાનલીલા વિશાલા,
સુર નર મહીપાલા, વંદતા તે ત્રિકાલા. ॥૨૫॥

શ્રીજિનવર વાણી, દ્વાદશાંગી રચાણી,
સુગુણ રયણખાણી, પુણ્ય પીયૂષ પાણી;
નવમ રસ રંગાણી, સિદ્ધિસુખની નિશાણી,
દુહ પીલણ ઘાણી, સાંભલો ભાવ આણી. ॥૨૬॥

જિનમત રખવાલા, જે વલી લોકપાલા,
સમકિત ગુણવાલા, દેવ દેવી કૃપાલા;
કરો મંગલમાલા, ટાલીને મોહ હાલા,
સહજ સુખ રસાલા, બોધિ દીજે વિશાલા. ॥૨૭॥

ધર્મઘોષસૂરિ વિરચિત

સંસ્કૃત ચોવીશ ભગવાનના થોય જોડા

(માલિનીવૃત્તમ્)

જય **વૃષભજિના**ડભિષ્ટૂયસે નિમ્ননાભિ-
ર્ડિમરવિસનાભિર્યઃ સુપર્વાઙ્ગનાભિઃ ।
તમ ઇહ કિલ નાભિક્ષોણિભૃત્સૂનુનાડભિ-
દ્રુતભુવનમનાભિ, ક્ષાન્તિસમ્પત્કુનાભિઃ ॥ ॥૧॥

પ્રકટિતવૃષરૂપ!, ત્યક્તનિઃશેષરૂપ-
પ્રભૃતિવિષયરૂપ!, જ્ઞાતવિશ્વસ્વરૂપ! ।
જય ચિરમસરૂપ!, પાપપઙ્કાડમ્બુરૂપ!
ત્વ**મજિત**! નિજરુપપ્રાસ્તસઙ્ગાતરૂપ! ॥ ॥૨॥

જય મદગજવારિઃ,**સંભવા**ન્તર્ભવાડરિ-
વ્રજભિદિહ તવારિશ્રીર્ન કેનાડપ્યવારિ ।
યદધિકૃતભવાડરિસ્રંસનઃ શ્રીભવારિઃ,
પ્રશમશિખરિવારિ, પ્રાણમદ્દાનવારિઃ ॥ ॥૩॥

અકૃત શુભનિવારં, યોડત્ર રાગાદિવારં,
સુવિનતમઘવારં, **સંવરોદ્ભૂ**ઃ સુવારમ્ ।
મદનદહનવારં, દોલિતાન્તર્ભવારં,
નમત સપરિવારં, તં જિનં સર્વવારમ્ ॥ ॥૪॥

તવ જિન! **સુમતે**! ન, પ્રત્યહં તન્યતે ન,
સ્તુતિરિતિ સુમતેન!, કૃત્તમોનિષ્કૃતેન! ।
યદિહ જગતિ તેન, દ્રાગ્મયા સંમતેન,
ધ્રુવમિતદુરિતેન, શ્રીશ! ભાવ્યં હિતેન ॥ ॥૫॥



પરિહૃતનૃપપદ્મ!, શ્રીજિનાધીશ**પદ્મ-**
પ્રભ! સદરુણપદ્મદ્યુત્તપોહંસપદ્મ! ।
ત્વદખિલભવિપદ્મવ્રાતસમ્બોધપદ્મ-,
સ્વજન! ગતવિપદ્મશ્યેતુ શર્મ્માકૃપદ્મ! ॥ ॥૬॥

દુરિતનિભગમોડહં પૂર્વિકાર્ય્યક્રમો હં-
ત્યસમતમસમોડહઙ્કારજિદ્યઃ સમોહમ્ ।
કૃતકરણદમો હંતાસ્તલોભં નુમોડહં,
મતિહૃતમસમોહં, તં **સુપાર્શ્વં** તમોહમ્ ॥ ॥૭॥

સમતૃણમણિભાવ! જ્ઞાતનિઃશેષભાવ!,
પ્રહૃતસકલભાવપ્રત્યનીકપ્રભાવ!
કૃતમદપરિભાવ!, શ્રીશ! **ચન્દ્રપ્રભા**ડવ,
દ્વિજપતિતનુભાવ! ત્યક્તકામસ્વભાવ! ॥ ॥૮॥

જિનપતિ**સુવિધે**! યઃ, સ્યાત્ત્વદાજ્ઞાવિધેય-
પ્રવણ ઈહ વિધેયઃ, પ્રસ્ફુરદ્ભાગધેયઃ ।
ત્રિજગદનભિધેયશ્લાઘસન્નામધેય,
શ્રયતિ શુભવિધેયસ્તં લસદ્રુપધેય ॥ ॥૯॥

ય ઈહ નિહતકામં, મુક્તરાજ્યાદિકામં,
પ્રણતસુર! નિકામં ત્યક્તસદ્ભોગ! કામમ્ ।
નમતિ સ નિજકામં, **શીતલ**! ત્વાં પ્રકામં,
શ્રયિતકિ તમકામં સાર્વિકા શ્રીઃ સ્વકામમ્ ॥ ॥૧૦॥

વિષમવિશિષદોષા- ચારિચારપ્રદોષા,
પ્રતિવિધતિ સદોષાડપ્યસ્ય કિં કાલદોષા? ।
ય ઈહ વદનદોષાપાર્ષિષાડક્ષાલિ દોષાડ-
તનુકમલમદોષા, **શ્રેયસા** શસ્તદોષા ॥ ॥૧૧॥

કૃતકુમતપિધાનં, સત્ત્વરક્ષાવધાનં,
વિહિતદમવિધાનં, સર્વલોકપ્રધાનમ્ ।
અસમશમનિધાનં, શં જિનં સન્દધાનં,
નમત સદુપધાનં, **વાસુપૂજ્ય**ાભિધાનમ્ ॥ ॥૧૨॥

ભવદવજલવાહઃ, કર્મકુમ્ભાદ્યવાહઃ,
શિવપુરપથવાહસ્ત્યક્તલોકપ્રવાહઃ ।
વિમલ! જય સુવાહઃ, સિદ્ધિકાન્તાવિવાહઃ,
શમિતકરણવાહઃ શાન્તતૃડ્હવ્યવાહઃ ॥ ॥૧૩॥

જિનવર! વિનયેન, શ્રીશ! શુદ્ધાશયેન,
પ્રવરતરનયેન!, ત્વં નમોઽ**નન્ત**! યેન ।
ભવિકમલચયેન, સ્ફૂર્જદુર્જસ્વ્યયેન,
દ્વિરદગતિનયેન, ત્યેન ભાવ્યં સયેન ॥ ॥૧૪॥

જડિમરવિસધર્મ્મન્નુક્તદાનાદિધર્મ!,
ત્રુટિતમદનધર્મ!, ન્યત્કૃતાપ્રાજ્ઞધર્મ! ।
જય જિનવર! **ધર્મ**!, ત્યક્તસંસારિધર્મ!,
પ્રતિનિગદિતધર્મદ્રવ્ય-મુખ્યાર્થધર્મ! ॥ ॥૧૫॥

યદિ નિયતમશાન્તિં, નેતુમિચ્છોપશાન્તિં,
સમભિલષત શાન્તિ, તદ્ દ્વિધાપ્યાપ્તશાન્તિમ્ ।
પ્રહતજગદશાન્તિ, જન્મતોઽપ્યાત્તશાન્તિં,
નમત વિનતશાન્તિ, હે જના! દેવ **શાન્તિમ્** ॥ ॥૧૬॥

ननु सुरवरनाथत्वं न नाथे नृनाथ-
त्वमपि विगतनाथः, किं त्वहं **कुन्थुनाथ**! ।
प्रकुरु जिन! सनाथः, स्यां यथाऽधोपनाथ!,
प्रणतविबुधनाथ!, प्राज्यसच्छ्रीसनाथ! ॥ ॥૧૭॥

અવગમસવિતારં, વિશ્વવિશ્વેશિતારં,
તનુરુચિજિતતારં, સદ્દયાસાન્દ્રતારમ્ ।
જિનમભિનમતારં, ભવ્યલોકા! અતારં,
યદિ પુનરવતારં, સંસૃતૌ નેચ્છ**તારમ્** ॥ ॥૧૮॥

અનિશમિહ નિશાન્તં, પ્રાપ્ય યઃ સન્નિશાન્તં,
નમતિ શિવનિશાંતં, **મલ્લિનાથં** પ્રશાન્તમ્ ।
અધિપમિહ વિશાન્તં, શ્રીર્ગતા ચાવશાન્તં,
શ્રયતિ દુરિતશાન્તં, પ્રોજ્ઝ્ય નિત્યં વશાન્તમ્ ॥ ॥૧૯॥

ન્યદધત મઘવા સત્પ્રોલ્લસત્શુદ્ધવાસઃ,
પરિહૃતગૃહવાસસ્યાંશકે યસ્ય વાસઃ ।
વિહિતશિવનિવાસઃ, પ્રત્તમોહપ્રવાસઃ,
સ મન ઇહ ભવાસઃ **સુવ્રતો** મેઽધ્યુવાસ ॥ ॥૨૦॥

સમનમયત બાલઃ, શાત્રવાન્ યોઽપ્યબાલ-
પ્રકૃતિરસિતવાલઃ શ્રસ્તરુક્ચક્રવાલઃ ।
જયતુ **નમિ**રબાલઃ, સોઽધરાસ્તપ્રવાલઃ,
શ્વસિતવિજિતવાલઃ પુણ્યવલ્લ્યાલવાલઃ ॥ ॥૨૧॥

જિતમદન સુનેમે!, નાનિશં નાથ **નેમે**!,
નિરુપમશમિનેમે, યેન તુભ્યં વિનેમે।
નિકૃતિજલધિનેમે!, સીર મોહદ્રુનેમે,
પ્રણિદધતિ ન નેમે, તં પરા અપ્યનેમે ॥ ॥૨૨॥

અહિપતિવૃતપાર્શ્વં, છિન્નસમ્મોહપાર્શ્વં,
દુરિતહરણપાર્શ્વં, સન્નમદ્યક્ષપાર્શ્વમ્।
અશુભતમ ઉપાર્શ્વં, ન્યત્કૃતામં સુપાર્શ્વં,
વૃજિનવિપિનપાર્શ્વં, શ્રીજિનં નૌમિ **પાર્શ્વમ્** ॥ ॥૨૩॥



ત્રિદશવિહિતમાનં, સમ્મહસ્તાઙ્કમાનં,
દલિતમદનમાનં, સદ્ગુણૈર્વર્દ્ધમાનમ્ ।
અનવરતમમાનં, ક્રોધમત્યસ્યમાનં,
જિનવરમસમાનં, સંસ્તુવે **વર્દ્ધમાનમ્** ॥ ॥૨૪॥

(નીચેની આ ત્રણ ગાથા પૂર્વની એક-એક ગાથા સાથે
જોડતા ૨૪ ભગવાનના થોય જોડા બને છે.)

વિગલિતવૃજિનાનાં, નૌમિ રાજીં જિનાનાં,
સરસિજનયનાનાં, પૂર્ણચન્દ્રાननानામ્।
ગજવરગમનાનાં, વારિવાહસ્વનાનાં,
હતમદમદનાનાં, મુક્તજીવાસનાનામ્ ॥ ॥૨૫॥

અવિકલકલતારા- પ્રાણનાથાંશુતારા,
ભવજલનિધિતારા, સર્વદાડવિપ્રતારા।
સુરનરવિનતા રાત્વાર્હતી ગીર્બતાડડરા-
દનવરતમિતારા, જ્ઞાનલક્ષ્મીં સુતારા ॥ ॥૨૬॥

નયનજિતકુરઙ્ગીમિન્દુસદ્રોચિરઙ્ગી-
મિહ કિલ મુહુરઙ્ગીકૃત્ય ચિત્તાંતરઙ્ગી।
સ્મરતિ હિ સુચિરં ગીર્દેવતાં યસ્તરઙ્ગી,
કુરુત ઇમમરં ગીત્યાદિકૃદ્બન્ધુરઙ્ગીઃ ॥ ॥૨૭॥

(વિશેષતાઃ દરેક ગાથામાં એક શબ્દ આઠવાર આવે છે.)

વિશિષ્ટ આરાધના વિભાગ

પાંચમની આરાધના

ચૈત્યવંદન

(૧) શ્રી સૌભાગ્ય પંચમી તણો...

શ્રી સૌભાગ્ય પંચમી તણો, સયલ દિવસ શણગાર;
પાંચે જ્ઞાનને પૂજીએ, થાય સફલ અવતાર. ॥૧॥
સામાયિક પોસહ વિશે, નિરવદ્ય પૂજા વિચાર;
સુગંધ ચૂર્ણાદિક થકી, જ્ઞાન ધ્યાન મનોહાર. ॥૨॥
પૂર્વ દિશે ઉત્તર દિશે, પીઠ રચી ત્રણ સાર;
પંચવર્ણ જિન બિંબને, થાપીજે સુખકાર. ॥૩॥
પંચ પંચ વસ્તુ મેળવી, પૂજા સામગ્રી જોગ;
પંચવર્ણ કળશા ભરી, હરીએ દુઃખ ઉપભોગ. ॥૪॥
યથાશક્તિ પૂજા કરો, મતિજ્ઞાનને કાજે;
પંચજ્ઞાનમાં ધુરે કહ્યું, શ્રી જિનશાસન રાજે. ॥૫॥
મતિ શ્રુત વિણ હોવે નહિ એ, અવધિ પ્રમુખ મહાજ્ઞાન;
તે માટે મતિ ધુરે કહ્યું, મતિશ્રુતમાં મતિમાન. ॥૬॥
ક્ષય ઉપશમ આવરણો, લબ્ધિ હોય સમકાળે;
સ્વામ્યાદિકથી અભેદ છે, પણ મુખ્ય ઉપયોગ કાળે. ॥૭॥
લક્ષણ ભેદાભેદ છે, કારણ કારજ યોગ;
મતિસાધન શ્રુત સાધ્ય છે, કંચન કળશ સંયોગ. ॥૮॥
પરમાત્મ પરમેશ્વરું એ, સિદ્ધ સકલ ભગવાન;
મતિજ્ઞાન પામી કરી, કેવલ '**લક્ષ્મી**' નિધાન. ॥૯॥

સ્તવન

(૧) શ્રી જિનવરને પ્રગટ થયું રે...

(રાગ : પહેલે ભવે એક ગામનો રે.../મેરે નૈના.../અબ મોહે...)

શ્રી જિનવરને પ્રગટ થયું રે, ક્ષાયિક ભાવે જ્ઞાન...
દોષ અઢાર અભાવથી રે, ગુણ ઉપન્યા તે પ્રમાણ રે;
ભવિયા! વંદો કેવલજ્ઞાન...! પંચમી દિન ગુણખાણ રે. ॥૧॥
અનામીના નામનો રે, કિશ્યો વિશેષ કહેવાય;
એ તો મધ્યમા વૈખરી રે, વચન ઉલ્લેખ ઠરાય રે. ॥૨॥
ધ્યાન ટાણે પ્રભુ તું હોય રે, અલખ અગોચર રુપ;
પરા પશ્યન્તી પામીને રે, કાંઈ પ્રમાણે મુનિ ભૂપ રે. ॥૩॥
છતી પર્યાય જે જ્ઞાનના રે,તે તો નવિ બદલાય;
જ્ઞેયની નવ નવી વર્તના રે, સમયમાં સર્વ જણાય રે. ॥૪॥
બીજા જ્ઞાન તણી પ્રભા રે, એહમાં સર્વ સમાય;
રવિ પ્રભાથી અધિક નહિ રે, નક્ષત્ર ગણ સમુદાય રે. ॥૫॥
ગુણ અનંતા જ્ઞાનના રે,જાણે ધન્ય નર તેહ;
'વિજય લક્ષ્મીસૂરિ' તે લહે રે, જ્ઞાન મહોદય ગેહ રે. ॥૬॥

થોય

(રાગ : સ્નાતસ્યા...)

શ્રી નેમિઃ પંચ-રુપ-ત્રિદશપતિ-કૃત-પ્રાજ્ય-જન્માભિષેક-,
શ્ચંચત્ પંચા-ડક્ષમત્ત-દ્વિરદ-મદ-ભિદા પંચ-વકત્રો-પમાનઃ;
નિર્મુક્ત-પંચ-દેહઃ પરમ-સુખ-મયઃ પ્રાસ્ત-કર્મ-પ્રપંચઃ,
કલ્યાણં પંચમી-સત્-તપસિ વિતનુતાં પંચમ-જ્ઞાનવાન્ વઃ. ॥૧॥
સમ્પ્રીણન્- સચ્ચકોરાન્ શિવ-તિલક-સમઃ કૌશિકા-ડડનંદમૂર્તિઃ,
પુણ્યાબ્ધિ-પ્રીતિદાયી સિત-રુચિ-રિવ યઃ સ્વીય-ગોભિસ્તમાંસિ;
સાન્દ્રાણિ ધ્વંસ-માનઃ સકલ-કુવલયોલ્લાસ-મુચ્ચૈશ્ચકાર,
જ્ઞાનં પુષ્યાઙ્ક્રિનૌઘઃ સ તપસિ ભવિનાં પંચમી-વાસરસ્ય. ॥૨॥

પીત્વા નાના-ભિધાર્થા-ડમૃ-તરસ-મસમં યાન્તિ યાસ્યન્તિ જગ્મુ-,
જીવા યસ્મા-દનેકે વિધિ-વદ-મરતાં પ્રાજ્ય-નિર્વાણ-પૂર્યામ્;
યાત્વા દેવાધિ-દેવા-ગમ-દશ-મસુધા-કુંડ-માડડનંદ-હેતુ-,
સ્તત્પંચમ્યાસ્-તપસ્યુદ્યત-વિશદધિયાં ભાવિનામસ્તુ નિત્યમ્. ॥૩॥
સ્વર્ણાડલંકાર-વલ્ગન્-મણિ-કિરણ-ગણ-ધ્વસ્ત-નિત્યાન્ધ-કારા,
હુંકા-રાડડરાવ-દૂરી-કૃત-સુકૃતિ-જન-વ્રાત-વિઘ્ન-પ્રચારા;
દેવી-શ્રીઅંબિકાડડખ્યા જિનવર-ચરણાડમ્ભોજ-ભૃંગી-સમાના,
પંચમ્યહ્-નસ્તપોર્થં વિતરતુ કુશલં ધીમતાં સા-ડવધાના. ॥૪॥

આઠમની આરાધના

ચૈત્યવંદન

(૧) મહા સુદિ આઠમ દિને...

મહા સુદિ આઠમ દિને, વિજયાસુત જાયો;
તેમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આયો. ॥૧॥
ચૈતર વદીની આઠમે, જન્મ્યા ઋષભજિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ. ॥૨॥
માઘ સુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યા દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર. ॥૩॥
એહિજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિજિણંદ;
આઠ જાતિ કળશે કરી, ન્હવરાવે સુર ઇંદ્ર. ॥૪॥
જન્મ્યા જેઠ વદી આઠમે, મુનિસુવ્રત સ્વામી;
નેમિ અષાઢ સુદી આઠમે, અષ્ટમી ગતિ પામી. ॥૫॥
શ્રાવણ વદીની આઠમે, નમિ જન્મ્યા જગભાણ;
તેમ શ્રાવણ સુદિ આઠમે,પાસજીનું નિર્વાણ. ॥૬॥
ભાદરવા વદી આઠમ દિને, ચવિયા સ્વામી સુપાસ;
જિન ઉત્તમ '**પદ્મ**'ને, સેવ્યાથી શિવવાસ. ॥૭॥

સ્તવન

(૧) ઢાલઃ ૧

(રાગઃ નિરખ્યો નેમિ જિણંદને...)

શ્રી રાજગૃહી શુભ ઠામ, અધિક દીવાજે રે;
વિચરંતા વીર જિણંદ, અતિશય છાજે રે. ॥૧॥
તિહાં ચોત્રીશ ને પાંત્રીશ, વાણી ગુણ લાવે રે;
પધાર્યા વધામણી જાય, શ્રેણિક આવે રે. ॥૨॥
તિહાં ચોસઠ સુરપતિ આવીને, ત્રિગડું બનાવે રે;
તેમાં બેસીને ઉપદેશ, પ્રભુજી સુણાવે રે. ॥૩॥
તિહાં સુર નર ને તિર્યંચ, નિજ નિજ ભાષા રે;
તિહાં સમજીને ભવતીર, પામે સુખ ખાસા રે. ॥૪॥
તિહાં ઈન્દ્રભૂતિ ગણધર, શ્રી ગુરુ વીરને રે;
પૂછે અષ્ટમીનો મહિમા, કહો પ્રભુ અમને રે. ॥૫॥
તવ ભાખે વીર જીણંદ, સુણો સહુ પ્રાણી રે;
આઠમ દિન જિનના કલ્યાણ, ધરો ચિત્ત આણી રે. ॥૬॥

(૨) ઢાલઃ ૨

(રાગ : પંચમ સુરલોકના વાસી રે...)

શ્રી ઋષભનું જન્મ કલ્યાણ રે, વલી ચારિત્ર લહ્યું ભલે વાન રે;
ત્રીજા સંભવનું ચ્યવન કલ્યાણ, ભવિ તુમે અષ્ટમી તિથિ સેવો રે;
એ છે શિવવધૂ વરવાનો મેવો. ભવિ૦॥૧॥
શ્રી અજિત સુમતિ નમિ જનમ્યા રે, અભિનંદન શિવપદ પામ્યા રે;
જિન સાતમા ચ્યવન દીપાવ્યા. ભવિ૦॥૨॥
વીસમા મુનિસુવ્રત સ્વામી રે, જેનો જન્મ હોય ગુણધામી રે;
બાવીસમાં શિવ વિસરામી. ભવિ૦॥૩॥
પારસ જિન મોક્ષ મહંતા રે, ઇત્યાદિક જિન ગુણવંતા રે;

કલ્યાણક મુખ્ય કહંતા. ભવિ૦॥૪॥
આઠ કર્મ તે દૂર પલાય રે, તેથી અડસિદ્ધિ અડબુદ્ધિ થાય રે;
તે કારણ સેવો ચિત્ત લાય. ભવિ૦॥૫॥
શ્રી વીર જિણંદની વાણી રે, સુણી સમજ્યા બહુ ભવિ પ્રાણી રે;
આઠમ દિન અતિ ગુણખાણી. ભવિ૦॥૬॥
શ્રી ઉદયસાગરસૂરિ રાયા રે, ગુરુ શિષ્ય વિવેકે ધ્યાયા રે;
તસ '**ન્યાયસાગર**' ગુણ ગાયા. ભવિ૦॥૭॥

એકાદશીની આરાધના

ચૈત્યવંદન

(૧) શાસન નાયક વીરજી...

શાસન નાયક વીરજી, પ્રભુ કેવલ પાયો;
સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહસેન વન આયો. ॥૧॥
માઘવ સિત એકાદશી, સોમિલ દ્વિજ યજ્ઞ;
ઈન્દ્રભૂતિ આદે મલ્યા, એકાદશ વિજ્ઞ. ॥૨॥
એકાદશસેં ચઉ ગુણો, તેહનો પરિવાર;
વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર. ॥૩॥
જીવાદિક સંશય હરીએ, એકાદશ ગણધાર;
વીરે થાપ્યા વંદિયે, જિનશાસન જયકાર. ॥૪॥
મલ્લિ જન્મ અર-મલ્લિ-પાસ, વ્રત ચરણ વિલાસી;
ઋષભ-અજિત-સુમતિ-નમિ, મલ્લિ ઘનઘાતી વિનાશી. ॥૫॥
પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવભવના તોડી;
એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘળી જોડી. ॥૬॥
દશ ક્ષેત્રે ત્રિહું કાળના, ત્રણસેં કલ્યાણ;
વરસ અગ્યાર એકાદશી, આરાધો વરનાણ. ॥૭॥

અગિયાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં;
પુંજણી ઠવણી વીંટણી, મશી કાગળ ને કાઠાં. ॥૮॥
અગિયાર અવ્રત છંડવાએ, વહો પડિમા અગિયાર;
'ક્ષમાવિજય' જિનશાસને, સફળ કરો અવતાર. ॥૯॥

સ્તવન

(૧) પંચમ સુરલોકના વાસી રે...

(સૂચના : આ સ્તવન ૧૮૦ નંબરના પાના પરથી બોલવું.)

થોય

(રાગઃ આમૂલા લોલ...)

શ્રી ભાગ્-નેમિ-બંભાષે જલ-શય-સવિધે સ્ફૂર્તિ-મેકાદશીયાં,
માઘન્-મોહા-વનીન્દ્ર-પ્રશમન-વિશિખઃ પંચ-બાણાર્ચિ-રર્ણઃ;
મિથ્યાત્વ-ધ્વાન્ત-વાન્તૌ રવિકર-નિકરસ્તીવ્ર-લોભા-દ્રિવજ્રં,
શ્રેયસ્તત્પર્વ-વસ્તાચ્છિવ-સુખમિતિ વા સુવ્રતશ્રેષ્ઠિનોડભૂત્. ॥૧॥
ઈન્દ્રૈ-રભ્ર-ભ્રમદ્ધિ-ર્મુનિપ-ગુણ-રસા-સ્વાદ-નાનન્દ-પૂર્ણૈઃ,
દિવ્યદ્ધિઃ સ્ફાર-હારૈ-ર્લલિત-વર-વપુ-ર્યષ્ટિભિઃ સ્વ-ર્વધૂભિઃ;
સાર્ધં કલ્યાણ-કૌઘો જિન-પતિ-નવતે-ર્બિન્દુ-ભૂતેન્દુ-સંખ્યો,
ઘસ્રે યસ્મિન્ જગે તદ્ ભવતુ સુભવિનાં પર્વ સચ્છર્મ-હેતુઃ. ॥૨॥
સિદ્ધાન્તાબ્ધિ-પ્રવાહઃ કુમત-જન-પદાન્ પ્લાવયન્ યઃ પ્રવૃત્તઃ,
સિદ્ધિ-દ્વીપં નયન્ ધી-ધન-મુનિ-વણિજઃ સત્ય-પાત્ર-પ્રતિષ્ઠાન્;
એકાદશ્યાદિ-પર્વેન્દુમણિ-મતિ-દિશન્-ધીવરાણાં મહાર્ઘ્યં,
સંન્યાયામ્ભશ્ચ નિત્યં પ્રવિતરતુ સ નઃ સ્વપ્રતીરે નિવાસમ્. ॥૩॥
તત્-પર્વો-દ્યાપનાર્થં સમુદિત-સુધિયાં શંભુ-સંખ્યા-પ્રમેયા-,
મુત્કૃષ્ટાં વસ્તુ-વીથી-મભય-દસદને પ્રાભૃતી-કુર્વતાં તામ્;
તેષાં સવ્યાડક્ષ-પાદૈઃ પ્રલપિત-મતિભિઃ પ્રેતઃભૂતાદિ-ભિર્વા,
દુષ્ટૈર્જન્યં ત્વજન્યં હરતુ હરિતનુ-ર્ન્યસ્ત-પાદાડમ્બિકાડડખ્યા. ॥૪॥

પર્યુષણ પર્વની આરાધના

ચૈત્યવંદન

(૧) પર્વ પર્યુષણ ગુણ નીલો...

પર્વ પર્યુષણ ગુણ નીલો, નવ કલ્પી વિહાર;
ચાર માસાન્તર થિર રહે, એહી જ અર્થ ઉદાર. ॥૧॥
અષાડ સુદિ ચઉદશ થકી, સંવત્સરી પચ્ચાસ;
મુનિવર દિન સિત્તેરમેં, પડિક્કમતાં ચૌમાસ. ॥૨॥
શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરુના બહુમાન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભળે થઈ એકતાન. ॥૩॥
જિનવર ચૈત્ય જુહારીયે, ગુરુભક્તિ વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીએ શિવ વરમાલ. ॥૪॥
દર્પણથી નિજ રુપનો, જુવે સુદૃષ્ટિ રુપ;
દર્પણ અનુભવ અર્પણો, જ્ઞાન રમણ મુનિ ભૂપ. ॥૫॥
આતમ સ્વરુપ વિલોકતા એ, પ્રગટ્યો મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ॥૬॥
નવ વખાણ પૂજી સુણો, શુક્લ ચતુર્થી સીમા;
પંચમી દિને વાંચે સુણે, હોય વિરાધક નિયમા. ॥૭॥
એ નહીં પર્વે પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવભીરુ મુનિ માનશે, ભાખ્યું અરિહાનાથે. ॥૮॥
શ્રુતકેવલી વયણાં સુણીએ, લહી માનવ અવતાર;
શ્રી **'શુભવીર'** ને શાસને, પામ્યા જયજયકાર. ॥૯॥

(૨) કલ્પતરુવર કલ્પસૂત્ર...

કલ્પતરુવર કલ્પસૂત્ર, પૂરે મનવંછિત;
કલ્પઘરે ધુરથી સુણો, શ્રી મહાવીર ચરિત. ॥૧॥
ક્ષત્રિયકુંડે નરપતિ, સિદ્ધારથ રાય;
રાણી ત્રિશલા તણી કૂખે, કંચન સમકાય. ॥૨॥
પુષ્પોત્તરવરથી ચવ્યા એ, ઉપજ્યા પુણ્ય પવિત્ર;
ચતુરા ચૌદ સુપન લહે, ઉપજે '**વિનય**' વિનીત. ॥૩॥

સ્તવન

(૧) સુણજો સાજન સંત...

(રાગઃ નિરખ્યો નેમિ જિણંદ.../રાજસ્થાની ઘુમર...)

સુણજો સાજન સંત પજુસણ આવ્યા રે...!
તમે પુણ્ય કરો પુણ્યવંત, ભવિક મન ભાવ્યાં રે...!!
વીર જિણેસર અતિ અલવેસર, વ્હાલા મારા, પરમેશ્વર એમ બોલે રે;
પર્વમાંહે પજુસણ મ્હોટાં, અવર ન આવે તસ તોલે રે. ॥૧॥
ચઉપદમાં જેમ કેશરી મોટો, વ્હાલા૦ ખગમાં ગરુડ તે કહીએ રે;
નદીમાંહી જેમ ગંગા મ્હોટી, નગમાં મેરુ લહીએ રે. ॥૨॥
ભૂપતિમાં ભરતેશ્વર ભાખ્યો, વ્હાલા૦ દેવ માંહે સુર ઈન્દ્ર રે;
તીરથમાં શત્રુંજય દાખ્યો, ગ્રહગણમાં જેમ ચંદ્ર રે. ॥૩॥
દશેરા દિવાળી ને વળી હોળી, વ્હાલા૦ અખાત્રીજ દિવાસો રે;
બલેવ પ્રમુખ બહુલાં છે બીજાં, પણ નહિ મુક્તિનો વાસો રે. ॥૪॥
તે માટે તમે અમર પલાવો, વ્હાલા૦ અટ્ઠાઈ મહોત્સવ કીજે રે;
અટ્ઠમતપ અધિકાઈ કરીને, નરભવ લાહો લીજે રે. ॥૫॥
ઢોલ દદામા ભેરી ને ફેરી, વ્હાલા૦ કલ્પસૂત્રને જગાવો રે;
ઝાંઝરના ઝમકાર કરીને, ગૌરીની ટોળી મળી આવો રે. ॥૬॥

સોના રુપાના ફૂલડે વધાવો, વ્હાલા૦ કલ્પસૂત્રને પૂજો રે;
નવ વખાણ વિધિએ સાંભલતા, પાપ મેવાસી ધ્રુજ્યા રે. ॥૭॥
એમ અટ્ઠાઈ મહોત્સવ કરતાં, વ્હાલા૦ બહુજીવ જગ ઉદ્ધરીયા રે;
વિબુધ વિમલ વર સેવક '**નય**' કહે, નવનિધિ રિદ્ધિ સિદ્ધિ વરીયા રે. ॥૮॥

(૨) રીઝો રીઝો શ્રી વીર દેખી....

(રાગઃ અરજ સુણ લો...)

રીઝો રીઝો શ્રી વીર દેખી, શાસનના શિરતાજ;
હરખો હરખો આ મોસમ આવી, પર્વ પર્યુષણ આજ. ॥૧॥
પ્રભુજી દેવે પર્ષદામાંહે, ઉત્તમ શિક્ષા એમ;
આળસમાં બહુ કાલ ગુમાવ્યો, પર્વ ન સાધો કેમ? ॥૨॥
સોનાની રજકણ સંભાળે, જેમ સોની એક ચિત્ત;
તેથી પણ આ અવસર અધિકો, કરો આતમ પવિત્ત. ॥૩॥
જેને માટે નિશદિન રખડો, તજી ધરમના નેમ;
પાપ કરો તો શિર પર બોજો, તો વ્યાજબી કેમ? ॥૪॥
કોઈ ન લેશે ભાગ પાપનો, ધનનો લેશે સર્વ;
પરભવ જાતાં સાથ ધર્મનો, સાધો આ શુભ પર્વ. ॥૫॥
સંપીને સમતાએ સુણજો, અટ્ઠાઈ વ્યાખ્યાન;
છટ્ઠ કરજો શ્રી કલ્પસૂત્રનો, વાર્ષિક અટ્ઠમ જાણ. ॥૬॥
નિશીથસૂત્રની ચૂર્ણિમાંહે, આલોચના વખણાય;
ખમીએ હોંશે સર્વ જીવને, જીવન નિર્મળ થાય. ॥૭॥
ઉપકારી શ્રી પ્રભુની કીજે, પૂજા અષ્ટ પ્રકાર;
ચૈત્ય જુહારી ગુરુ વંદીજે, આવશ્યક બે કાળ. ॥૮॥
પૌષધ ચોસઠ પ્રહરી કરતાં, જાયે કર્મ જંજાળ;
'**પદ્મવિજય**' સમતા રસ ઝીલે, ધર્મે મંગલમાળ. ॥૯॥

થોય

(૧) પુણ્યનું પોષણ પાપનું શોષણ...

પુણ્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પર્યુષણ પામીજી,
કલ્પ ઘરે પધરાવો સ્વામી, નારી કહે શિર નામીજી;
કુંવર ગયવર ખંધે ચઢાવી, ઢોલ નિશાન વજડાવોજી,
સદ્ગુરુ સંગે ચઢતે રંગે, વીરચરિત્ર સુણાવોજી. ॥૧॥
પ્રથમ વખાણે ધર્મસારથિ પદ, બીજે સુપના ચારજી,
ત્રીજે સુપન પાઠક વલી ચોથે, વીર જનમ અધિકારજી;
પાંચમે દીક્ષા છટ્ઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી,
આઠમે સ્થવિરાવલી સંભળાવી, પિયુડા પૂરો જગીશજી. ॥૨॥
છટ્ઠ અટ્ઠમ અટ્ઠાઈ કીજે, જિનવર ચૈત્ય નમીજેજી,
વરસી પડિક્કમણું મુનિવંદન, સંઘ સયલ ખામીજેજી;
આઠ દિવસ લગે અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી,
ભદ્રબાહુ ગુરુવયણ સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ॥૩॥
તીરથમાં વિમલાચલ ગિરિમાં, મેરુ મહીધર જેમજી,
મુનિવરમાંહિ જિનવર મોટા, પર્વ પર્યુષણ તેમજી;
અવસર પામી સાહમ્મિવચ્છલ, બહુ પકવાન વડાઈજી,
'ખિમાવિજય' જિન દેવી સિદ્ધાઈ, દિન દિન અધિક વધાઈજી. ॥૪॥

(૨)

(રાગઃ શ્રી શત્રુંજય તીરથ સાર...)

વરસ દિવસમાં અષાઢ ચોમાસું, તેમાં વળી ભાદરવો માસ,
આઠ દિવસ અતિ ખાસ,
પર્વ પર્યુષણ કરો ઉલ્લાસ, અટ્ઠાઈધરનો કરવો ઉપવાસ,
પોસહ લીજે ગુરુ પાસ;
વડાકલ્પનો છટ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે,
ચૌદ સુપન વાંચીજે,

પડવે ને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોચ્છવ મંગલ ગવાય,
વીર જિનેશ્વર રાય. ॥૧॥
બીજે દિને દીક્ષા અધિકાર, સાંજ સમય નિર્વાણ વિચાર,
વીર તણો પરિવાર,
ત્રીજે દિને શ્રી પાર્શ્વ વિખ્યાત, વળી નેમિસરનો અવદાત,
વળી નવ ભવની વાત;
ચોવીશે જિન અંતર તેવીશ, આદિ જિનેશ્વર શ્રી જગદીશ,
તાસ વખાણ સુણીશ,
ધવલ મંગલ ગીત ગહુંલી કરીએ, વળી પ્રભાવના નિત અનુસરીએ,
અટ્ઠમતપ જય વરીએ. ॥૨॥
આઠ દિવસ લગે અમર પલાવો, તેહ તણો પડહો વજડાવો,
ધ્યાન ધરમ મન ભાવો,
સંવત્સરી દિન સાર કહેવાય, સંઘ ચતુર્વિધ ભેલો થાય,
બારસા સૂત્ર સુણાય;
થિરાવલી ને સમાચારી, પટ્ટાવલી પ્રમાદ નિવારી,
સાંભળજો નર નારી,
આગમ સૂત્રને પ્રણમીશ, કલ્પસૂત્રશું પ્રેમ ધરીશ,
શાસ્ત્ર સર્વે સુણીશ. ॥૩॥
સત્તરભેદી જિન પૂજા રચાવો, નાટકકેરા ખેલ મચાવો,
વિધિશું સ્નાત્ર ભણાવો,
આડંબરશું દેહરે જઈએ, સંવત્સરી પડિક્કમણું કરીએ,
સંઘ સર્વને ખમીએ;
પારણે સાહમ્મિવચ્છલ કીજે, યથાશક્તિએ દાન જ દીજે,
પુણ્યભંડાર ભરીજે,
શ્રીવિજયક્ષેમસૂરિ ગણધાર, જશવંતસાગર ગુરુ ઉદાર,
'જિણંદસાગર' જયકાર. ॥૪॥



શ્રી સિદ્ધચક્રની આરાધના

ચૈત્યવંદન

(૧) અરિહંત પદ ધ્યાતો થકો...

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પક્ષ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રુપી થાય રે. ॥૧॥
રુપાતીત સ્વભાવ જે, કેવલદંસણ નાણી રે;
તે ધ્યાતાં નિજ આતમા, હોયે સિદ્ધગુણ ખાણી રે. ॥૨॥
ધ્યાતાં આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે. ॥૩॥
તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે. ॥૪॥
અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મુડે શું લોચે રે. ॥૫॥
સમ સંવેગાદિક ગુણા, ક્ષય-ઉપશમ જે આવે રે;
દર્શન તેહિ જ આતમા, શું હોય નામ ધરાવે રે. ॥૬॥
જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;
તો હુએ એહિ જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે. ॥૭॥
જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે. ॥૮॥
ઈચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહી જ આતમા, વર્તો નિજગુણ ભોગે રે. ॥૯॥

(નોંધ : આ કૃતિ શ્રીપાલરાસ અંતર્ગત... મહો.યશો વિ.કૃત છે.)

(૨) સકલ મંગલ પરમ કમલા...

સકલ મંગલ પરમ કમલા, કેલિ મંજુલ મંદિરં;
ભવકોટિ સંચિત પાપનાશન, નમો નવપદ જયકરં. ॥૧॥
અરિહંત સિદ્ધ સૂરીશ વાચક, સાધુ દર્શન સુખકરં;
વર જ્ઞાન પદ ચારિત્ર તપ એ, નમો નવપદ જયકરં. ॥૨॥
શ્રીપાલરાજા શરીર સાજા, સેવતા નવપદ વરં;
જગમાંહી ગાજા કીર્તિભાજા, નમો નવપદ જયકરં. ॥૩॥
શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાસે સવિ;
વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં. ॥૪॥
આંબિલ નવ દિન દેવવંદન, ત્રણ ટંક નિરંતરં;
બે વાર પડિક્કમણા પડિલેહણ, નમો નવપદ જયકરં. ॥૫॥
ત્રિકાળ ભાવે પૂજીએ, ભવતારકં તીર્થકરં;
તિમ ગણણું દોય હજાર ગણીએ, નમો નવપદ જયકરં. ॥૬॥
વિધિ સહિત મન વચન કાયા, વશ કરી આરાધીએ;
તપ વર્ષ સાડા ચાર નવપદ, શુદ્ધ સાધન સાધીએ. ॥૭॥
ગદ કષ્ટ ચૂરે શર્મ પૂરે, પક્ષ વિમલેશ્વર વરં;
શ્રી સિદ્ધચક્ર પ્રતાપ જાણી, **'વિજય'** વિલસે સુખભરં. ॥૮॥

સ્તવન

(૧) અહો ભવિ પ્રાણી રે...

(રાગઃ ભવિ તુમે વંદો રે જિનઆગમ સુખકારી...)

અહો ભવિ પ્રાણી રે! સેવો, સિદ્ધચક્ર ધ્યાન સમો નહિ મેવો;
જે સિદ્ધચક્ર આરાધે, તેની કીરતિ જગમાં વાધે. ॥૧॥
પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધ બુદ્ધ ધ્યાન મહંત;
ત્રીજે પદે રે સૂરીશ્વર, ચોથે ઉવજ્ઝાયને પાંચમે મુનીશ્વર. ॥૨॥
છટ્ઠે દરિશન કીજે, સાતમે જ્ઞાનથી શિવસુખ લીજે;
આઠમે ચારિત્ર પાળો, નવમે તપથી મુક્તિ ભાળો. ॥૩॥

ઓળી આંબિલની કીજે, નવકારવાલી વીશ ગણીજે;
ત્રણે ટંકના રે દેવવંદન, પડિલેહણ પડિક્કમણાં આંબેલ. ॥૪॥
ગુરુમુખ કિરિયા રે કીજે, દેવ-ગુરુભક્તિ ચિત્તમાં ધરીજે;
એમ કહે **'રામનો શિષ્ય'**, ઓળી ઉજવજો જગદીશ. ॥૫॥

(૨) નવપદ ધરજો ધ્યાન...

(રાગઃતુમ દરિશન ભલે પાયો.../જિન! તેરે.../ આઈ બસો...)

નવપદ ધરજો ધ્યાન, ભવિ! તુમે નવપદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન કરતાં, પામે જીવ વિશ્રામ. ॥૧॥
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકલ ગુણખાણ; ભવિ૦
દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો ધરી બહુમાન. ॥૨॥
આસો ચૈત્રની સુદિ સાતમથી, પૂનમ લગી પ્રમાણ; ભવિ૦
એમ એક્યાસી આંબિલ કીજે, વરસ સાડાચારનું માન. ॥૩॥
પડિક્કમણાં દોય ટંકના કીજે, પડિલેહણ બે વાર; ભવિ૦
દેવવંદન ત્રણ ટંકના કીજે, દેવ પૂજો ત્રિકાલ. ॥૪॥
બાર આઠ છત્રીસ પચવીશ ને, સત્તાવીશ સડસઠ સાર; ભવિ૦
એકાવન સિત્તેર પચાસનો, કાઉસ્સગ્ગ કરો સાવધાન. ॥૫॥
એક એક પદનું ગણણું ગણીયે, ગણીયે દોય હજાર; ભવિ૦
એણી વિધે જે એ તપ આરાધે, તે પામે ભવ પાર. ॥૬॥
કર જોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણ મણિમાળ; ભવિ૦
તાસ શિષ્ય મુનિ **'હેમ'** કહે છે, જન્મ મરણ દુઃખ ટાળ. ॥૭॥



થોય

(૧) પ્રહ ઊઠી વંદુ સિદ્ધચક્ર સદાય...

પ્રહ ઊઠી વંદુ, સિદ્ધચક્ર સદાય,
જપીયે નવપદનો, જાપ સદા સુખદાય;
વિધિપૂર્વક એ તપ, જે કરે થઈ ઉજમાળ,
તે સવિ સુખ પામે, જેમ મયણા શ્રીપાળ. ॥૧॥
માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત,
તસ કર્મસંયોગે, કોઢિ મળિયો કંત;
ગુરુવયણે તેણે, આરાધ્યું તપ એહ,
સુખ સંપદ વરિયા, તરિયા ભવજલ તેહ. ॥૨॥
આંબિલને ઉપવાસ, છટ્ઠ વળી અટ્ઠમ,
દસ અટ્ઠાઈ પંદર, માસ છ માસ સુવિશેષ;
ઇત્યાદિક તપ બહુ, સુખમાંહી શિરદાર,
જે ભવિયણ કરશે, તે તરશે સંસાર. ॥૩॥
તપ સાન્નિધ્ય કરશે, શ્રી વિમલેસર યક્ષ,
સહુ સંઘના સંકટ,ચૂરે થઈ પ્રત્યક્ષ;
પુંડરિક ગણધાર, કનકવિજય બુધ શિષ્ય,
બુધ **'દર્શનવિજય'** કહે, પહોંચે સકલ જગીશ. ॥૪॥

(૨) વીર જિનેશ્વર અતિ અલવેસર...

(રાગઃ વૈષ્ણવજન...)

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયાજી,
એક દિન આણા વીરની લઈને, રાજગૃહી સંચરિયાજી;
શ્રેણિકરાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી,
પર્ષદા આગળ બાર બિરાજે, હવે સુણો ભવિ પ્રાણીજી. ॥૧॥

માનવભવ તુમે પુણ્યે પામ્યાં, શ્રી સિદ્ધચક્ર આરાધોજી,
અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી;
દર્શન જ્ઞાન ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી,
ધુર આસોથી કરવા આંબિલ, સુખ સંપદા પામીજેજી. ॥૨॥
શ્રેણિકરાય ગૌતમને પૂછે, સ્વામિ એ તપ કોણે કીધોજી,
નવ આંબિલ તપ વિધિશું કરતાં, વાંછિત સુખ કોણે લીધોજી;
મધુર ધ્વનિ બોલ્યા શ્રી ગૌતમ, સાંભળો શ્રેણિકરાય વયણાજી,
રોગ ગયો ને સંપદા પામ્યાં, શ્રી શ્રીપાલને મયણાજી. ॥૩॥
રુમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રુપાળીજી,
નામ ચક્કેશ્વરીને સિદ્ધાઈ, આદિ વીર જિન રખવાળીજી;
વિઘ્ન કોડ હરે સહુ સંઘના, જે સેવે એના પાયજી,
ભાણવિજય કવિ સેવક **'નય'** કહે, સાંનિધ્ય કરજો માયજી. ॥૪॥

(૩) શ્રી વર્ધમાનતપ સ્તુતિ...

(રાગઃ રઘુપતિ રાઘવ...)

વર્ધમાન આંબીલ તપ આદરો, ચોવીશ જિનની પૂજા કરો;
અંતગડ આગમ સુણો વખાણ, સિદ્ધાઈ દેવી કરે કલ્યાણ. ॥૧॥

(૪) શ્રી સિદ્ધચક્રજી સ્તુતિ...

(રાગઃ જય જય ભવિ હિતકર...)

શ્રી સિદ્ધચક્ર આરાધો, સાધો વાંછિત કાજ,
શ્રી અરિહંતાદિક, સેવ્યાથી શિવરાજ;
જિન આગમમાંહી, સિદ્ધચક્ર શિરતાજ,
વિમલેસર પૂરો, ભવિજન વાંછિત આજ.

(નોંધ : ઉપરની બે સ્તુતિ ચાર વાર બોલી શકાય છે)



નૂતન ભક્તિગીત વિભાગ

(૧) અંતરના અંતરિક્ષમાં મને મળજે...

(રાગ : મને મળજે...)

અંતરના અંતરિક્ષમાં મને મળજે,
ભીતરના દરિયામાંથી મને મળજે,
આંખોમાં પૂર છે, હૈયું મજબૂર છે,
ભક્તિનો એ જ સૂર છે... ॥૧॥

કહેવું ઘણું છે, કાનોમાં તારા,
પણ જાણે હોઠે, લાગ્યા છે તાળા,
રહેવું ઘણું છે, ચરણોમાં તારા,
પણ મારા જેવાં, તાહરે ઘણા, માંગ્યું મૈં,
તારાથી, તારા વગર બધું, બસ તને નહીં... ॥૨॥

જાવા દઉં કે રોકી લઉં એ મનને નથી સમજાતું કે શું કરું,
હો જાવા દઉં કે રોકી લઉં એ મનને નથી સમજાતું કે શું કરું;
રાખીને પાસે ખોયા કરું કે દૂર તને હું રાખી પામી લઉં,
રોશની છે તારાથી, જો તું નહિ હશે અંધાર ઘેરો છે... ॥૩॥

(૨) અત્તર અત્તર વરસો છો...



અત્તર અત્તર વરસો છો, સત્તર વરસોથી એકધારું,
મહાવીર ભગવાન તમારું, છત્તર લાગે છે પ્યારું... ॥૧॥
તમે જ મારી પ્રસન્નતા છો, તમે જ છો મુજ સથવારો,
તમે હૃદયની હિમ્મત છો જી, તમે જ છો મુજ સધીયારો;
રુપ તમારું જોઈ જોઈને, હું મુજ આંખો શણગારું... અત્તર૦॥૨॥
કોઈને કાંઈ કહેવાય નહીં, તમને બધું કહેવાય,
કોઈને કાંઈ સમજાય નહીં, તમને બધું સમજાય;
તમે નો'તા મળ્યા ત્યાં સુધી જીવન હતું આ નોંધારું.. અત્તર૦॥૩॥
તમે જ પર્વત તમે જ કેડી, તમે જ વૃક્ષની છાયા,
તમે જ વહેતી હવાની ખુશબુ, તમે અગોચર માયા;
એક એક નિશાની તમારી, હું મારા મનમાં ધારું... અત્તર૦॥૪॥
તમે ધજા નભ ફેલાવો છો, તમે ઘંટ રણકાવો છો,
હું કેવળ બેઠો છું રથને, સ્વયં તમે જ ચલાવો છો;
હે નિર્મોહી તવ દેવર્ધિ, નંદપ્રભામાં વિસ્તારું.. અત્તર૦॥૫॥

(૩) અમને દેજો એક જ સ્મિત...



રોજ તમારું નામ જપીશું, રોજે ગાશું ગીત...
અમને દેજો એક જ સ્મિત. ॥૧॥
રુપ તમારું જોતાં જોતાં, આંખો નથી ધરાતી,
મૂરતને નીરખીને હૈયે, મમતા બહુ ઉભરાતી,
નંદપ્રભાના ભક્તજનોની, તમે સ્વીકારો પ્રીત. ॥૨॥
અમે તમારા આંગણિયેથી, કદી ન પાછા જાશું,
રાત દિવસના બે દરવાજે, અમે રંગોળી થાશું,
હાર ખમીને થાક ચડ્યો છે, તમે અપાવો જીત. ॥૩॥



(૪) અર્પણ કરું શું તને...

અર્પણ કરું શું તને... (૨)
જે કંઈ છે મારું તારું દીધેલું...
અર્પણ કરું શું તને... ॥૧॥
મનના અજંપા, દિલડાની પીડા,ચરણે ધરું છું તને (૨)
તન મન આ મારું, રુદિયાની સાથે, અર્પુ હવે હું તને,
લઈ લે નાથ (૩) અર્પણ કરું શું તને... ॥૨॥
હે પ્રભુ મારા! દર્શન તારા, મુજને ક્યારે થશે (૨)
આપું વચન હું સેવામાં તારી, જીવન આ પૂરું થશે,
મારા નાથ (૩) અર્પણ કરું શું તને... ॥૩॥



(૫) આ મારા મહારાજજી...

આ મારા મહારાજજી, આ મારા મહારાજજી (૨);
સજી-ધજીને બની-ઠનીને, ખૂબ ખૂબ મલકાય જી. ॥૧॥
બાજુબંધ મુગટને કલગી, સોનલવર્ણી આંગી જી,
ઝગમગ એના રુપને જોઈ, આ દુનિયા શરમાતી જી,
લાડ લડાવે ભક્તો એને (૨), કરીએ ખૂબ વહાલ જી. ॥૨॥
કદીક ફૂલોના હાર પહેરે, રમે ફૂલોના ઢગલે જી,
અબુધ અમારો જીવ ભોળિયો, દોડે તમારે પગલે જી,
મલકંતા સામે શું બેઠા(૨), બોલો તો સંભળાય જી. ॥૩॥
વ્હાલા વ્હાલા નાથને મળવા, ભીતર તાલાવેલી જી,
ઉદયરતનની જેમ અમારે, કાજ ખોલને ડેલી જી,
તમે અમોને ખૂબ ગમો છો (૨), વધુ નહીં કહેવાય જી. ॥૪॥

(૬) આંખડી મીંછાય છે... (શાતા પૂછો)



(રાગઃ પા પા પગલી...)

આંખડી મીંચાય છે ને... આંસુથી ભીંજાય છે;
શ્વાસને સમજાય છે કે, આખરી પળ જાય છે;
હું આવજે કહું છું તને, તું આવવું ચૂકતો નહીં;
દુનિયા ભલે છૂટી જાય પણ, કદી સાથ તું મુકતો નહીં.
શાતા પૂછો, ધીમેથી... આવીને મારા નાથ.
હૈયે પીડા ઘણી છે... સાંભળ મારી વાત.
હો... હો... મારા વ્હાલમ... હો... હો... મારા વ્હાલમ. ॥૧॥
આ પ્રેમને આ વ્હેમ સઘળા, જૂઠનો સંસાર છે;
આ શ્વાસ ધૂમાડો થશે એ, સત્યનો સ્વીકાર છે...
આ જીંદગી ખર્ચાઈ ગઈ પણ, મેળવ્યું ના મેં કશું;
આ ખોળિયું માનવનું ને, ભીતરે રાખ્યો પશુ... શાતા પૂછો. ॥૨॥
દર્દો વધ્યા છે દેહનાં, લાચાર પ્રીત-સગાઈ છે;
મારા જીવને સમજાવજો, આખું જગત પિતરાઈ છે,
આ રાત છે અંધાર ઘેરી, આતમા તો ઝળહળે;
મારા ભાગ્યનો ઉદય થશે, જો તું મને આવી મળે... શાતા પૂછો...
હો... હો... મારા વ્હાલમ... હો... હો... મારા વ્હાલમ. ॥૩॥

(૭) આંખમાંથી શું ઝરે છે...



આંખમાંથી શું ઝરે છે, શી ખબર?
જે દિવસ પડશે પ્રભુ તારી નજર. ॥૧॥
એક પળ તારા વિના ના રહી શકું;
તું રહે આરામથી મારા વગર. ॥૨॥
મોત તો છેલ્લું અગર જો હોય તો;
થાય મારી પૂર્ણ આ ભવની સફર. ॥૩॥

જીવથી એને વધુ ચાહીશ હું;
લાવશે તારા મિલનની જે ખબર. ॥૪॥
લાગણી મારી છે આયુર્વેદ શીલ;
એટલે મોડી તને થાશે ખબર. ॥૫॥
હોત તું પથ્થર તો સારુ થાત કે;
હું તને પૂજી શકત પૂછ્યા વગર. ॥૬॥

(૮) આગમન તારું આગમન...

ભડભડતી આ ધરતી ઉપર, છો છાંયડો ટાઢો તમે;
સૌરભ પ્રસારે ચઉ દિશે, તે વાયરો મઘમઘ તમે!
આ દીનને પ્રભુ આપવામાં, બાકી રાખ્યું શું તમે?
સદ્ધર્મ ચક્ષુ આપીને, શુભમાર્ગ વાળ્યો તમે મને!

રોમે રોમે હર્ષની વૃદ્ધિ કરાવે છે,
સાધનાથી આત્મની શુદ્ધિ કરાવે છે,
આગમન તારું આગમન... (૪) ॥૧॥
અંજાવે આતમને કષાયો ચારનાં આકર્ષણો,
મેળવતા જેથી આફતો ને દુઃખ મુજ આમંત્રણો,
રાગ રોષ ને રોગના સંજોગ ટાળે છે,
સદ્ગુણોથી માહરી મૈત્રી કરાવે છે. આગમન૦॥૨॥
દોષો તણા એ વૃંદને રહેવું પડે દૂરે હવે,
વિષયો કરે ઈર્ષ્યા ન કોઈ રહી શકે ભીતર હવે,
દંભની દુર્ગંધને દૂરે ધપાવે છે,
ગુણના અત્તરથી અંતર મઘમઘાવે છે. આગમન૦॥૩॥
લાગે છે મારગ માહરો ઝાઝો નથી દૂરે હવે,
ચાલું ભલે ધીમું છતાં થાશે સફર પૂરી હવે,

કંટકોને માર્ગના પુષ્પો બનાવે છે,
દઈ અડગ સાહસ પથિક શૂરો બનાવે છે. આગમન૦॥૪॥
'સ્વ' થી કરાવે જે પરિચિત, એવો છો અરીસો તમે;
માગ્યા વિના જે આપતું, સાક્ષાત કલ્પતરુ તમે!
સંગ સદ્ભાવો તણી, ધારા વહાવે છે,
શાશ્વતા સહવાસની પ્રતીતિ કરાવે છે. આગમન૦॥૫॥

(૯) આજ આનંદ અંગ...



આજ આનંદ અંગ અંગ જાગ્યો જાગ્યો.
આજ આંગણ ગુલાલ રંગ લાગ્યો લાગ્યો. ॥૧॥
ધ્વજા ઊંચે ખેલે, હૈયાં ચડે હેલે, (૨)
મારા મહાવીરથી મોક્ષ, મેં તો માંગ્યો માંગ્યો. આજ૦॥૨॥
નંદપ્રભા સોહે, વીર મન મોહે, (૨)
થાક ભવ-ભવની, યાત્રાનો ભાગ્યો ભાગ્યો. આજ૦॥૩॥
પ્રભુ બોધ આપે, પ્રભુ કર્મ કાપે, (૨)
પ્રભુ વાણી સુણીને, ભ્રમ ભાંગ્યો ભાંગ્યો. આજ૦॥૪॥
સરસ સંગેમરમર, મંદિરજી સુંદર, (૨)
સાત સૂરના દરબારે, શંખ વાગ્યો વાગ્યો. આજ૦॥૫॥

(૧૦) આટલું આપજે નાથ!...

(રાગઃ આજ જિનરાજ મુજ)

આટલું આપજે નાથ! મારા કને, માહરું કોઇ ના હોય ત્યારે;
કોઇની યાદ ફરિયાદ આવે નહીં, હોઠ બસ નામ તારું પુકારે. ॥૧॥
હાથ જોડી કરું પ્રાર્થના હું પ્રભુ!, રોજ ભીની થતી આંખ લૂછો;
એટલી છે પીડા હું સહી ના શકું, નાથ! મારી સમાધિનું પૂછો. ॥૨॥

વેદના સાંભળે જો પ્રભુ માહરી, તો ખરેખર તને દુઃખ લાગે;
સાવ ભોળું હતું હૃદય-મન માહરું, તોય સહુને પ્રભુ જૂઠ લાગે. ॥૩॥
એક પછી એક વરસો વીતે છે અને, માહરી જિંદગી થાય પૂરી;
તે છતાં આ હૃદય આર્ત્તધ્યાને કરી, બાંધતું કરમ દિન-રાત ઝૂરી. ॥૪॥
આજ મહારાજ સમજાવજો જીવને, સહન કરવા જ આ ભવ મળ્યો છે;
પરભવે કોઇ મેં પાપ એવા કર્યા, આ ભવે એનો ઉદય થયો છે. ॥૫॥



(૧૧) આજ ટમટમાતા દીવાઓ પર...

(રાગ : યે જો હલકા હલકા સુરુર હૈ)

આજ ટમટમાતા દીવાઓ પર, તારી ઝગમગાતી પ્રભાઓ પર,
પ્રભુ દિલ આ મારું ફનાહ છે...
તારા સ્નેહમાં તારા વેણમાં, તારા કરુણા ઝરતા નૈનમાં,
પ્રભુ દિલ આ મારું ફનાહ છે...
તમે અમારા, અમે તમારા, અમે છે કંકર તમે મિનારા,
ઓ.. અમે તમસ ને તમે સિતારા, અમે તો સેવક તમે ધણી,
તારા સ્નેહમાં... ॥૧॥

આ શ્વાસ તારા નામે .. (૨)
આ શ્વાસ તારા નામે, આ રુહ તારા નામે...
આ રાગ તારા નામે, વીતરાગ તારા નામે...
જિનરાજ તારા નામે, શિરતાજ તારા નામે ...
તારી સુરતમાં તારી મૂરતમાં..(૩)
તારી સુરતમાં પ્રભુ તારી મૂરતમાં..(૨)
તારી સુરતમાં તારી મૂરતમાં તારા હસતા હોઠોં ની મરકમાં,
તારા સ્નેહમાં... ॥૨॥

ગાન તમારું ગાતા ગાતા, અમે સમય નું ભાન ભુલ્યા,
ખાવું ભુલ્યા, પીવું ભુલ્યા, ઉંઘ અને આરામ ભુલ્યા...

તમે ધ્યેય છો, તમે ધ્યાન છો.. (૨)
મુજ જીવનનું અભિમાન છો.. (૨)
મુક્તિ તણી સોપાન છો..(૨)
તારી ભક્તિના એ હર્ષ પર, તારા નવે અંગનાં એ સ્પર્શ પર,
પ્રભુ દિલ આ મારું ફનાહ છે... ॥૩॥

(૧૨) આપત્તિઓ આવે ભલે...

(રાગ : યે હોંસલા કૈસે તૂટે...)

આપત્તિઓ આવે ભલે, વિઘ્નો હજાર સતાવે ભલે,
એક જ છે ઝંખના, અનહદ આરાધના, સાધું હું સાધના હો...
જય જય શ્રી નેમિનાથ... નેમિનાથ...(૨) ॥૧॥
સુખ સફલતા જે જે મળે, એનો યશ હું તમને દઉં,
દુઃખ મળે તેને મારા કરમ, માનીને હૈયે લગાવી લઉં,
ચાહું જનમો જનમ, ભક્તિ તારી પરમ, સાચો તારો ધરમ,
જય જય શ્રી નેમિનાથ... નેમિનાથ...(૨) ॥૨॥
મૃત્યુ પળે તું સંગે રહે, તારી કૃપાથી સમાધિ મળે,
અંતિમ શ્વાસે તારા થકી, તન મન કેરી અજ્ઞાનતા ટળે,
માંગુ આનંદઘન, પામુ સાધુ જીવન, સાચુ તારું શરણ...
જય જય શ્રી નેમિનાથ... નેમિનાથ...(૨) ॥૩॥

(૧૩) આવજો મન મંદિરીયે

સુંદર આ દેહરામાં સોહી રહ્યા છો,
ભવિજનના મન મોહી રહ્યા છો... (૨)
અરજી હવે છે સાજના, કરવી હવે છે પ્રાર્થના;
આવજો મન મંદિરિયે, આવજો મન મંદિરિયે... આવજો૦ ॥૧॥
હૃદયના આંગણે આપ પધારો,

પાપ ખપાવી મનની શોભા વધારો;
હૃદયાના આંગણે આપ પધારો,
દુઃખિયાના બેલી પ્રભુવર આપ સહારો;
ટાલવાને આવો યાતના, આ જ હવે છે યાચના... આવજો૦ ॥૨॥
તારી પ્રતિષ્ઠા મારા મનમાં છે કરવી,
કાયાની માયા તારા ચરણોમાં ધરવી.. (૨)
પાળવી હવે છે આજ્ઞા, સાધવી હવે છે સાધના... આવજો૦॥૩॥



(૧૪) ઈતની શક્તિ હમે દેના...

ઈતની શક્તિ હમે દેના દાતા,
મન કા વિશ્વાસ કમજોર હો ના;
હમ ચલે નેક રસ્તે પે હમસે,
ભૂલ કર ભી કોઈ ભૂલ હો ના. ॥૧॥
દૂર અજ્ઞાન કે હો અંધેરે,
તું હમે જ્ઞાન કી રોશની દે;
હર બુરાઈ સે બચકે રહે હમ,
જિતની ભી દે ભલી જિંદગી દે;
વૈર હો ના કિસી કા કિસી સે,
ભાવના મન મેં બદલે કી હો ના. ॥૨॥
હમ ન સોચે હમે ક્યાં મિલા હૈ,
હમ યે સોચે કિયા ક્યા હૈ અર્પણ;
ફૂલ ખુશિયોં કે બાટેં સભી કો,
સબકા જીવન ભી બન જાયે મધુબન;
અપની કરુણા કા જલ તું બહા કે,
કર દે પાવન હરેક મન કા કોના. ॥૩॥

KARUNA  SINDHU

(૧૫) એકડે એકથી શરુ કરાવે...

એકડે એકથી શરુ કરાવે, એ મારા ભગવાન છે,
એકસો આઠ સુધી લઈ જાવે, એ મારા ભગવાન છે;
અનહદ નાદ ગજવતી, ઓગણીસ વરસોની આ યાત્રામાં,
સાથે રહીને સૂર પુરાવે, એ મારા ભગવાન છે... ॥૧॥
માટીમાંથી ખુશબુ જગાવે, એ મારા ભગવાન છે,
બીજમાંથી અંકુર પ્રગટાવે, એ મારા ભગવાન છે;
સિદ્ધશિલામાં વસી રહ્યા છે, ત્યાંથી પણ સૌ આત્માને,
અભયદશાનો બોધ અપાવે, એ મારા ભગવાન છે... ॥૨॥
કાદવમાંથી કમળ બનાવે, એ મારા ભગવાન છે,
કાંટા વચ્ચે ફૂલ રચાવે, એ મારા ભગવાન છે;
સિદ્ધશિલાનાં આંગણથી પણ, અગણિત અગણિત આત્માના,
સુવર્ણને જે શુદ્ધ તપાવે, એ મારા ભગવાન છે... ॥૩॥
નદીઓ બે કાંઠે છલકાવે, એ મારા ભગવાન છે,
દરિયાને ભરપૂર ગજાવે, એ મારા ભગવાન છે;
સિદ્ધશિલાના મહામહેલથી, અગમનિગમની વાણીમાં,
સંદેશાઓ બહુ મોકલાવે, એ મારા ભગવાન છે... ॥૪॥
સવાર સાંજે નભ રંગાવે, એ મારા ભગવાન છે,
દીવામાં બહુ તેજ પુરાવે, એ મારા ભગવાન છે;
નંદપ્રભાના એક એક, મંગલ અવસરમાં નિજ હાથે,
દેવર્ધિની જ્યોત જલાવે, એ મારા ભગવાન છે... ॥૫॥



(૧૬) એક તું બસ એક તું...

એક તું બસ, એક તું, ચારે તરફ દેખાય જી,
ક્ષણ-ક્ષણ તારી સુગંધ વહે છે, તન-મન પુલકિત થાય જી... ॥૧॥
તું જગાડે જીવ ને, તું જ ભગાડે ભય પ્રભુ,
તું વગાડે વાંસળી, તું જ લગાડે લય પ્રભુ,
સુખ વરસાવે છે સાહેબજી, સંકટમાં તું સહાય જી... ॥૨॥
મારી નૈયા તું જ ચલાવે, હું દેહ છું તું પ્રાણ છે,
શ્વાસ આ અવિરત ચલે છે તે, તારી કૃપાનું પ્રમાણ છે,
તારા જ રસમાં રેલાઇ આજે, રંગોત્સવ ઉજવાય જી... ॥૩॥
એક સાચુ સત્ત્વ તું છે, તારું અગોચર મહત્ત્વ છે,
'દેવર્ધિ'ના દીવડા જગાડે, એવં પરમ તું તત્ત્વ છે,
નંદપ્રભામાં તારા નામે, મેઘ મલ્હાર ગવાય જી... ॥૪॥



(૧૭) એવું લાગે છે આજે મને...

(રાગ : જિંદગી પ્યાર કા ગીત હૈ ...)

એવું લાગે છે આજે મને, પ્રભુ આવ્યા છે મારા હૃદયમાં;
મિત્ર માનું બધા જીવને, ભાવ જાગ્યા છે મારા હૃદયમાં. ॥૧॥
વૈરવૃત્તિની જ્વાળા ઉપર, ધારા વરસી રહી મેઘની;
કૂણા કૂણા ક્ષમાભાવના, ફૂટ્યા અંકુર મારા હૃદયમાં. ॥૨॥
ઠંડો સૂરમો અંજાઈ ગયો, રાતા ઘગઘગતાં લોચન મહીં;
ક્રોધ આવ્યો તો જેના ઉપર, પ્રેમ પ્રગટ્યો છે મારા હૃદયમાં. ॥૩॥
જેની જાગી'તી ઈર્ષ્યા મને, એની ઇચ્છું છું પ્રગતિ હવે;
સુખ એનું એ માણે ભલે, બળું શાને હું મારા હૃદયમાં. ॥૪॥
કરે નુકશાન જેઓ મને, એ તો કેવલ નિમિત્તો બધા;
ભાગ ભજવે છે મારા કરમ, સાચું સમજાયું મારા હૃદયમાં. ॥૫॥

(૧૮) એવો મને પ્રેમ છે...

(રાગ : તેરે હવાલે કર દિયા...)

મળવા પ્રભુ હરપળ તને, મન મારૂં બાંવરુ,
સપના માહીં દેખાયે છે, મને મુખડું તાહરૂં,
ભુલી શકું ના તને, એવો મને પ્રેમ છે,
તારા વિના જીવી શકું ના, એવો મને પ્રેમ છે... ॥૧॥
કોઈક ભાવના, સ્નેહ જાને,
જાગી ગયો છે, જાને અજાને,
તારી જ યાદોમાં, જીવન વિતાવું પ્રભુ,
દૂરે જાવું પણ, જઈ શકું ના,
જોવા છે તુજને, જોઈ શકું ના,
કેવી રીતે હું તુજને, રિજાવું પ્રભુ,
રમતું રહે સ્મરણોમહીં, આ મનડુ મારૂં,
મળતું રહે જન્મોજનમ, મને શાસન તાહરૂં,
ભુલી શકું ના તને, એવો મને પ્રેમ છે,
તારા વિના જીવી શકું ના, એવો મને પ્રેમ હે... ॥૨॥

(૧૯) ઓ પાલનહારે...

ઓ પાલનહારે નિર્મલ ઓર ન્યારે,
તુમરે બિન હમરા કોનું નહિ,
હમરી ઉલજન સુલઝાઓ ભગવન્,
તુમરે બિન હમરા કોનું નહિ,
તુમ્હી હમકા હો સહારે, તુમ્હી હમરે રખવાલે,
તુમરે બિન હમરા કોનું નહિ... ॥૧॥
ચંદા મેં તુમ્હે તો ભરે હો ચાંદની, સૂરજ મેં ઉજાલા તુમ્હી સે,
યે ગગન હૈ મગન, તુમ્હી તો દીયે હો ઈસે તારે,
ભગવંત યે જીવન, તુમ્હીં ના સંવારોગે તો ક્યાં કોઈ સંવારે... ॥૨॥

જો સુનો તો કહે પ્રભુજી હમરી હેં બિનતી,
દુઃખી જન કો, ધીરજ દો, હારે નહીં વો કભી દુઃખ સે,
તુમ નિર્બલ કો રક્ષા દો, રહ પાયે નિર્મલ સુખ સે,
ભક્તિ દો... શક્તિ દો...
જગ કે જો સ્વામી હો, ઇતની તો અરજ સુનો,
હે પથ મેં અંધીયારે, દે દો વરદાન મેં ઉજીયારે. ॥૩॥

(૨૦) ઓ પ્યારા નાથજી...

(રાગઃ પાર્વતી બોલી શંકર સે)

મહેલોથી પણ વધુ સુખ છે, નાથ તમારી પાસજી,
રહેવું છે હર એક ભવમાં, નાથ તમારી સાથજી,
વચન આપો નહીં છોડો, ઓ નાથ અમારો હાથજી...
ઓ પ્યારા નાથજી, ઓ પ્યારા નાથજી,
બનો મારા સારથી, ઓ પ્યારા નાથજી... ॥૧॥
ઝંખુ છું બસ જીવનભર, મને એક તમારો સાથ મળે,
આ મસ્તક તારા ચરણોમાં, માથે સદા તારો હાથ રહે,
પ્રાણ પૂર્યા છે આ નિર્જીવમાં, તમે કૃપાળુ સનાથજી. રહેવું૦॥૨॥
પ્રીતમ તમારા ચરણોમાં, જીવનને જો કોઈ રાહ મળે,
હું ભુલી જાઊં સંસાર બધો, મને તારો જો સથવાર મળે...
તવ આજ્ઞાને શ્વાસ બનાવું, એ જ હવે મારું લક્ષ્ય બને...
રાગીથી વૈરાગીને વૈરાગીથી વીતરાગી બને,
શુદ્ધિ નથી ને શક્તિ નથી, છતાં સ્વીકારો નાથજી... રહેવું૦॥૩॥
મારા પ્રભુવર મારી સાથ-સાથ, હું ઝુમી-ઝુમીને નાચું...
મારા ગુરુવર મારી સાથ-સાથ, હું ઝુમી-ઝુમીને નાચું...
મારા પૂરા થયા અરમાન, હું ઝુમી-ઝુમીને નાચું...
વર્ષોથી સેવેલા સપના સાકાર થયા આજે...

(૨૧) કરુણાના સિંધુ...

(રાગ : તું જહાં જહાં ચલેગા...)

કરુણાના સિંધુ પ્રભુજી! દુઃખ દૂરે કર હમારા,
વિનવીએ તને વિભુજી! પાપો કર દૂર અમારા. ॥૧॥
તને યાદ કરીને પ્રભુજી, જે વહે છે મારા આંસુ,
વસમા વિરહની વાતો, તને કહે છે મારા આંસુ;
શ્રદ્ધા છે ક્યારેક તું મળશે, લૂછવાને મારા આંસુ,
વિતી ગયા છે પ્રભુજી! એ આશામાં જન્મો મારા. ॥૨॥
દર્શનથી તારા અમને, જીવવાનું જોમ મળતું,
હૈયામાં શાંતિ થાતી, જે રહે છે સદાય બળતું;
તું સાથે છે અમારી, તેથી ભક્તિમાં મનડું ભળતું,
કહેવી છે બધી હકીકત, સુખ દુઃખના સાથી મારા. ॥૩॥
દુખિયાના ઓ દિલાસા, એક જ છે આશા તારી,
રીઝવવા પ્રભુજી! તમને, વર્ણવીએ કથા અમારી;
હવે જીવન નાવડીને, કરો પાર પ્રભુજી પ્યારા,
વિનવીએ તને વિભુજી! પાપો કર દૂર અમારા. ॥૪॥

(૨૨) કેવા તું કામણ કરે...

કેવા તું કામણ કરે, તુજ બિન કશું ના ગમે,
ઓ અલબેલા! હૃદયે વસેલા (૨)
તુજ ચરણોમાં મસ્તક નમે... કેવા તું કામણ કરે. ॥૧॥
તારું સ્મરણ કરું ને, આંખેથી અશ્રુની ધારા વહે,
નયનો ને ગમતા શમણાંમાં રમતા. (૨)
તુજ દર્શનથી નયના ઠરે... કેવા તું કામણ કરે. ॥૨॥
તારું ચિંતન કરતાં, મારી ચિંતાઓ સઘળી ટળે,

ઓ વીતરાગી! સુણ સૌભાગી (૨),
તુજ સાંનિધ્ય આતમ ચહે... કેવા તું કામણ કરે. ॥૩॥
તાહરું રટણ કરું ને મુજને દોષોથી મુગતિ મળે,
હૃદયે ધબકતાં, અંતરમાં વસતાં (૨),
તુજ સાંનિધ્યે શાતા મળે... કેવા તું કામણ કરે. ॥૪॥



(૨૩) કેવા શોભે મારા જિનરાયા...

(રાગ : ગૂંજે સંયમનો જયકારા...)

તારણહારા છો અમારા, સર્વજ્ઞતા ને ધારનારા,
મારા મનડાને મોહનારા, નાથજી...
તારા નામે, આખા જગને, હું જીતી જઉ... ॥૧॥
મૂરત છો ઉજ્જ્વલતાની, દિવ્યતા ને નિર્મળતાની,
અવિકારી ને અવિનાશી, અનન્ય ગુણોના સ્વામી,
આપની છબી હૈયે વસી, હે પ્રાણનાથજી... ॥૨॥
કેવા શોભે મારા જિનરાયા જિનરાયા,
કેવા શોભે મારા જિનરાયા...
બેઠાં મલકે મારા જિનરાયા જિનરાયા,
કેવા શોભે મારા જિનરાયા... ॥૩॥
છે અવંત મારા જિનરાયા જિનરાયા,
છે અનંત મારા જિનરાયા....
અદમ્ય રમ્ય મારા જિનરાયા જિનરાયા,
છે અરિષ્ટ મારા જિનરાયા... ॥૪॥
મારા છો આતમરાયા, લાગી મુજને તારી માયા,
ચૌદે રાજે ગુંજે તારા, જયકારા હે જિનરાયા,
તારી પ્રીતી તારક લાગી, બનું સાચો ઋષભરાગી,
આ દુર્લભ દ્રશ્ય જુહારી, ધન્યતા ભવોની આવી... ॥૫॥

જોયા જ્યારે તમને નાથ, ભાગ્યો મારા ભવનો થાક,
ઝાલ્યો આજે તારો હાથ, દુજો ના હો કોઈ સાથ,
સંસારના રંગો ત્યજી, માણું તારા રાજને....
કેવા શોભે મારા જિનરાયા...
છે અરિષ્ટ મારા જિનરાયા... ॥૬॥

દેવ-દેવી સહુ આવતા, તારું દેવાલય બંધાવતા,
ક્ષિરોદધિના જલ લાવતા, તારા અભિષેક એ રચાવતા.
ભવિજન ભાવે ભાવતા, તારો અંજનોત્સવ કરાવતા,
હૃદયાના દેરે પથરાવતા, અદકેરો આંનદ પામતા... ॥૭॥

(૨૪) ખબર ક્યાં છે...

(રાગઃ મુજે તેરી મહોબ્બત કા...)

ખબર ક્યાં છે મને મારી સવારે શું થવાનું છે?
ભરોસો ના હવે મારો ગમે ત્યારે જવાનું છે.
તૂટે જો શ્વાસની દોરી, નહીં એની કરું પરવા,
રહે ગુરુવર સમીપે ને મળે આ વેષમાં મરવા,
નહીં કલ્પાંત કરવાનો, થવાનું તે થવાનું છે... ॥૧॥

સમય અંતિમ હો જ્યારે, ફિકર આતમ તણી હોજો,
તમે છો વ્હાલની વર્ષા, મને એવું રમણ દેજો,
નહીં માંગુ બીજું કાંઇ, ઘડીભરમાં જવાનું છે... ॥૨॥

વધે છે દર્દ ને પીડા, અશાતા પણ રીબાવે છે,
કરેલા કર્મ જે મારા ઉદય એનો સતાવે છે,
સમાધિ ના તૂટે મારી, નવા ઘરમાં જવાનું છે... ॥૩॥



VHAALA PRABHU

(૨૫) ખુલ્લા મૂક્યા છે મેં તો...

ખુલ્લા મૂક્યા છે મેં તો દિલડાનાં દ્વાર,
પ્રભુજી! આવોને એક વાર;
મારા જીવનની સૂની પગથાર,
પગલાં પાડોને એક વાર. ॥૧॥
વર્ષોથી મીટ માંડી વાટડી નિહાળું,
શમણાની સોડમાં હું તુજને પુકારું,
તુજને વીસરી ના શકું પળવાર...
પ્રભુજી! આવોને એક વાર... ॥૨॥
તારા વિના ઉરના આસનીયા ખાલી,
છલકાવી દ્યો ને નાથ કરુણાની પ્યાલી,
તુજને સ્મર્યા કરું વારંવાર...
પ્રભુજી! આવોને એક વાર... ॥૩॥
અંતરની આરસીમાં રહેજો છબીલા,
મારા રે અંતરમાં તારાં જ પગલાં,
તારો મહિમા છે અપરંપાર...
પ્રભુજી! આવોને એક વાર... ॥૪॥
ભક્તો તમારા કેવા છે ભોળા,
શાને લીધા છે નાથ અમથી અબોલા,
અમને ઉતારો ને ભવપાર...
પ્રભુજી! આવોને એક વાર... ॥૫॥

(૨૬) ચરણોં મેં તેરે રહકર...

ચરણોં મેં તેરે રહકર ભગવન, પ્યાર હી પ્યાર મિલા,
શ્રદ્ધા સે જબ પૂજા મૈંને, બ્રહ્મ કા જ્ઞાન મિલા. ચરણોં૦॥૧॥
તુજ સંગ કૈસી પ્રીત લગી કિ, છૂટા જગ મુજ સે,
જાદુ તુને ઐસા કિયા કિ, છૂટા જગ મુજ સે,
બંધન સારે તૂટ ગયે જબ, તુને બાંધ લીયા. ચરણોં૦॥૨॥
ગુઝર ગયા હર પલ દુઃખ કા, જબ તેરા ધ્યાન કીયા,
હર મુશ્કિલ આસાન હુઈ, જબ તુને સાથ દીયા,
મોહ માયા મેં ફસા હુઆ મેં, અબ આઝાદ હુઆ. ચરણોં૦॥૩॥
જીના મરના શીખા ભગવન, જગ મેં જીકર કે,
જીતેજી મર જાના કૈસે, શીખા અબ તુજ સે,
તું હી હૈ અબ માજી મોરી, નૈયા પાર લગા. ચરણોં૦॥૪॥
ઝહર ભી પીના કહ દે અગર તું, વો ભી પીલેંગે,
રાજી જિસમેં તું હૈ ભગવન્, ઐસે જી લેંગે,
બિન પીયે મદહોંશ હુઆ મૈં, કૈસા જામ પીયા. ચરણોં૦॥૫॥

(૨૭) ચોક પુરાવો...

(રાગઃ ઉતરી હૈ આજ મેરે પિયા કી સવારી...)

ચોક પુરાવો મંગલ ગાવો, આજ મેરે પ્રભુ મન ભાયે હૈં,
આંગી રચાવો મુગુટ ચડાવો, આજ પ્રભુ મેરે ઘર આયે હૈં...
એરી સખી મંગલ ગાવો રી, ધરતી અંબર સજાવો રી,
ઉતરેગી આજ મેરે પ્રભુ કી સવારી...
હર કોઈ નાચો ગાવો રે, ઢોલ મંજીરા બજાવો રે,
આજ પ્રભુજી મેરે મન પધારે...આજ જિનજી મેરે મન પધારે...
ખબર સુનાવજો, ખુશી રે જતાવજો, આજ૦॥૧॥
રીમઝીમ બાદલ બરસે, કલી કલી ફૂલ ખીલે,

ખુશીયાં આજ દ્વાર મેરે ડાલે હૈં ડેરા...
ઘન ઘન ઘંટ બજે, પ્રભુ નામ શંખ રટે,
આંગન આંગન હૈ, ખુશિયોં કા મેલા,
અનહદ નાદ બજાવો રે સબ મિલ નાચો ગાવો રે... આજ૦॥૨॥



(૨૮) છે મુજને તમન્ના તો...

(રાગ : જો ઉનકી તમન્ના હૈ)

છે મુજને તમન્ના તો ભગવંત થવાની,
પરંતુ મને મારા કર્મો નડે છે,
હસીને જે બાંધ્યા કરમ ભારે કેવા,
ઉદયમાં જો આવે તો આંખો રડે છે... છે મુજને...॥૧॥
પ્રભુ તારો મારગ છે એક શૂરાનો..(૨)
એ મારગે જે આવે મળે એને મુક્તિ,
એ મારગ જવાને કદમ હું ઉપાડું (૨)
ત્યારે મારું સત્ત્વ તો ઓછું પડે છે... છે મુજને...॥૨॥
સહનશક્તિ માંગું, સમજશક્તિ માંગું (૨)
હું માગું છું સદ્ગુણ ને સાચી ભક્તિ,
મને ખાતરી છે હું માંગું એ મળશે (૨)
પરંતુ ઝોળી મારી નાની પડે છે... છે મુજને...॥૩॥
પ્રભુ તું છે શુદ્ધ, હું દોષોથી યુક્ત(૨)
હું બંધનમાં કેદ, તું કર્મોથી મુક્ત,
હું જેવો છું તેવો પ્રભુ તોયે તારો (૨)
સ્વીકારીશ મને તું મને એ ખબર છે... છે મુજને...॥૪॥
ઘણી દૂર છે મંજિલ ને રસ્તો અજાણ્યો (૨)
તું સાથી છે મારો ને તું જ સહારો,
પહોંચવું છે મારે એ મંજિલ સુધી પણ (૨)
મને તારી કૃપા ને હુંફની જરુર છે... છે મુજને...॥૫॥


જિનો દાતા જિનો ભોક્તા,
જિનઃ સર્વમિદં જગત્।
જિનો જયતિ સર્વત્ર,
યો જિનઃ સોઽહમેવ ચ ॥

(૨૯) જનમ જનમથી હું તમારો છું...

(રાગ : તુમકો દેખા તો...)

જનમ જનમથી હું તમારો છું...
ભીતરથી તમને નાથ! ચાહું છું (૨)... જનમ૦॥૧॥
તમારા શરણે હું સલામત છું (૨)
મને સ્વીકારો...હું તમારો છું (૨)... જનમ૦॥૨॥
તમારા શીતલ સાથને ઝંખુ (૨)
આવો પધારો હું તમારો છું... જનમ૦॥૩॥
જીવનની ખુશીઓ છે તમારાથી (૨)
બસ હવેથી તમે તો મારા છો... જનમ૦॥૪॥
તમારા વિરહે હું પીડાવું છું (૨)
તમારા શરણે હું સલામત છું, તમે છો મારા હું તમારો છું. ॥૫॥

(૩૦) જિનવર સદા તુજ સાથ હો...

જિનવર સદા તુજ સાથ હો, જનમોજનમ તું નાથ હો...
પ્રભુ તું મળ્યો જીવન મળ્યું, જાણે કે નંદનવન મળ્યું,
ભવોભવ આ પુણ્ય પ્રભાત હો... જિનવર૦॥૧॥
હર એક પળ તુજ સંગ હો, હર એક કણ તુજ રંગ હો,
તારું શરણ દિનરાત હો... જિનવર૦॥૨॥
હર આંખના પલકારમાં, દિલના દરેક ધબકારમાં,
હંમેશ તારી યાદ હો... જિનવર૦॥૩॥
લઈ જાય તું ત્યાં જાઉં હું, તુજ સાથ કદમ બઢાવું હું,
મુજ આંગળી તુજ હાથ હો... જિનવર૦॥૪॥



(૩૧) તમારા હૃદય આકાશમાં...



તમારા હૃદય આકાશમાં પંખી બની ઉડ્યા કરું (૨),
આંખોની પાંપણોમાં (૨), અમી બની ઝર્યા કરું... ॥૧॥
તમારી મુસ્કાને જીવન મારું, એની સ્મૃતિએ જીવ્યા કરું,
હૃદયના દ્વારેથી તમને જોયા કરું, નિરખ્યા કરું... ॥૨॥
તું છે મારો જીવન સહારો, ને તું છે મારો સાગર કિનારો,
એ સાગરની મીઠી લહેરે લહેરે, સંધ્યા બની ઢળ્યા કરું... ॥૩॥
કુદરત તારે ઇશારે ચાલે, ને તારૂં કીધું સઘળુંએ માને,
તો ભય શાનો હું રાખું હવે, જો તું મુજને મળે આ ભવે... ॥૪॥
પુષ્પોમાં તું છે, ને નદીઓમાં તું છે, કણે-કણમાં વસીયો તું હી જ તું છે,
જ્યાં જ્યાં નજર હું માંડું છું, ત્યાં બસ તુજને ભાળું હું... ॥૫॥

(૩૨) તમારી લાગી તરસ...




રહેવું તારા ચરણોમાં બસ, અંતરને એકજ એમાં રસ,
દૂરે થવું પ્રભુજી હવે ફાવે જરી ના...
તમારી લાગી તરસ, પ્રભુવર લાગી તરસ,
અમોને લાગી તરસ, તમારી લાગી તરસ... ॥૧॥
હૃદયની આરપાર સ્પર્શે છે લાગણી તારી,
ભીતરનો થનગનાટ ટહુકી રહ્યો તુજ પર ઓવારી,
મને હા નો ઈશારો દે, વળી એ એકધારો દે,
હૈયું તમોને થઈ ગયું વશ, તમારી લાગી તરસ... ॥૨॥
તમે તો જ્યારથી ઝાલી છે આ આંગળી મારી,
સંસાર આખાની ત્યારથી છૂટી ગઈ યારી,
પ્રીતનાં પ્રગટાવે છે પૂર, તમારા ઉરના મધુરા સૂર,
તમે ભર્યો છે મુજને ઠસોઠસ, તમારી લાગી તરસ... ॥૩॥

અમે તો જ્યારથી પીધા છે આશિષો તારા,
જીવનમાં દુઃખ નહિં હર એક ક્ષણ બસ સુખના વારા,
આપ તો વરસ્યા અનરાધાર, અમારા થઈ બેઠા આધાર,
જલ્દી તમારો બનું વારસ, તમારી લાગી તરસ... ॥૪॥

(33) તમારે ઈશારે તમારી કૃપાથી...

(રાગ : તું પ્રભુ મારો.../સાગર કિનારે.../હો! અવિનાશી...)

તમારે ઈશારે તમારી કૃપાથી,
જગતમાં બધુ'યે બને છે બને છે...
તમારી ઝલક તો ખલકના અણુએ,
અણુમાં ગજબની ઝગે છે ઝગે છે... ॥૧॥
પેલા ચાંદ સૂરજ સિતારા ગગનમાં,
તમારા જ તેજે ચમકતા ગગનમાં,
તડકતી તડિતને ભભકતા અગનમાં,
બધે જ્યોતિ તારી જલે છે જલે છે... ॥૨॥
વસંતી હવામાં ખીલેલા ચમનમાં,
પહાડો ખીણોને વૃક્ષ કુંજ વનમાં,
સરોવર કૂવાઓને નદી ઝરણામાં,
બધે વ્હાલ તારું ઝરે છે ઝરે છે... ॥૩॥
પ્રભુ! તારી પાછળ બન્યો હું દીવાનો,
તને છોડીને હું ક્યાંય ના જવાનો,
મને મૂકીને તું ક્યાં ભાગવાનો,
નજર તારી પાછળ ફરે છે ફરે છે... ॥૪॥
જગતના અણુએ અણુઓનો રાજા,
પુકારું તને મારી ભીતર આજા,

મને છોડીને નાથ તું ક્યાંય ના જા,
મિલનમાં વિઘન શું નડે છે નડે છે... ॥૫॥
બની માત તું ગોદી માંહી રમાવે,
બની તાત તું ઉન્નતિ પર ચઢાવે,
બની નાથ તું પ્રીત પથ પર ચલાવે,
તમારું ચલાવ્યું ચલે છે ચલે છે... ॥૬॥

(૩૪) તમે આંખે કર્યું અંજન...

(રાગ : યુગોથી હું પુકારું છું...)

તમે આંખે કર્યું અંજન, બધું જીવંત લાગે છે,
દાદા તારી કૃપા તણો, મને આ પ્રભાવ લાગે છે... તમે૦॥૧॥
નથી હાજર તમે તોયે, તમારો સંગ લાગે છે;
તમારી સાથે કંઈ જન્મો તણો સંબંધ લાગે છે... તમે૦॥૨॥
ઋણાનુબંધ લાગે છે, મને તો કંઈક જનમોનો;
અકારણ વ્હાલ વરસાવી, સતત સાથે તું લાગે છે... તમે૦॥૩॥
ધબકતા શ્વાસમાં આવી, સતત સાથે રહે છે તું;
મારી ભીતર અને બહાર, સતત સાથે તું લાગે છે... તમે૦॥૪॥
હજુ એ દૃશ્ય મારી આંખમાં અકબંધ લાગે છે;
તને સ્પર્શ્યા પછી મારું, હૃદય વાજિંત્ર લાગે છે... તમે૦॥૫॥

(૩૫) તમે આટલાં વસી જાશો હૈયે...

તમે આટલા વસી જાશો હૈયે, મને એ ખબર ન'તી
પ્રીત થઈને વસી જાશો હૈયે, મને એ ખબર ન'તી ॥૧॥
રોજ આંસુની મંજરીઓ મ્હોરતી,
રોજ એકલતા જીવતરને કોરતી,
આ અજંપો મુકી જાશો હૈયે... ॥૨॥

હવે લાગણીના દરિયા ઉલેચવા,
વણ પુછેલા સવાલો ઉકેલવા,
આગ સ્મરણોની દઈ જાશો હૈયે... ॥૩॥

(૩૬) તમે કલ્પવૃક્ષની છાયા...

તમે કલ્પવૃક્ષની છાયા... છાયામાં અમે સમાયા;
કલ્પતરુ તો માંગ્યુ આપે, દાતા તમે સવાયા.. તમે૦॥૧॥
છાંયે બેસી માગ્યું ત્યારે, ખાલી હાથ ન મેલ્યો,
લંબાવેલા હાથને મારા, કદી નહીં હડસેલ્યો,
મેં તો ખોબા જેટલું માંગ્યું, દરિયા સાત ભરાયા... તમે૦॥૨॥
તમારા ખોળે...તમારી ડાળે, બાંધવા દેજો માળો;
નાના મારા પંખીડાને, દેજો સાથ હૂંફાળો,
હતા તમારા...તમારા રહીશું... ગણશો નહીં પરાયા. તમે૦॥૩॥
શંખેશ્વરનું નામ અનુપમ, કલ્પવેલડી જાણે;
સ્મરણ કરું બસ બે અક્ષરનું, અઢી અક્ષર પરમાણે,
પ્રભુવરના ચરણે ઉદયનાં લોચન-જળ સિંચાયા... તમે૦॥૪॥

(૩૭) તારજે ડુબાડજે...

તારજે ડુબાડજે, જીવાડજે કે મારજે,
સઘળું તને સોંપી દીધું, આદેશ્વર ભગવાન રે,
ઉગારજે કે તારજે, તરછોડજે સ્વીકારજે... સઘળું૦॥૧॥
સેવા તારી આપજે કે, દૂર તુજથી રાખજે;
સ્મરણ તારું આપજે કે, માયામાં લપટાવજે... સઘળું૦॥૨॥
સત્સંગ કોઈનો આપજે કે, કુસંગમાં તું રાખજે;
દર્શન તારા આપજે કે, રખડતો તું રાખજે... સઘળું૦॥૩॥
સઘળું તારું રાખજે પણ, વાત મારી માનજે,
પ્રભુ! તારા ચરણોમાં, આ બાળને તું રાખજે... સઘળું૦॥૪॥



(૩૮) તારા ગુણોની પાટ મને...

તારા ગુણોની પાટ મને આપ મારા સ્વામી!
મને તારા મારગ તણાં ઓરતા,
તારા ઉજળા તે વેષ મને આપ મારા સ્વામી!,
મને સંયમનાં રંગ તણા ઓરતા... ॥૧॥
વીજનો ઝબકાર થાય એટલી જ વારમાં,
છોડ્યા તે માન અભિમાન,
તુજ ગુણ મેળવવા હું રાજપથ છોડીને,
કાંટાળી કેડી ચહું આજ,
બસ! ભવતારક પાત્ર મુજને આપ મારા સ્વામી!.. મને૦॥૨॥
ફૂલ ફૂલ ભમતી આ આંખોને એકવાર,
ઓળખાવ તારું પારિજાત,
ઠેર ઠેર ઘૂમતાં આ ચરણોને ક્યાંક જઈ,
પહોંચાડ આજ તારી વાટ,
આ ભવનાં જાળાને હવે તોડ મારા સ્વામી!,
આ મૃગજળનાં મોહથી છોડાવ મારા સ્વામી!.. મને૦॥૩॥
તારું સાન્નિધ્ય મળે, તારો સાથ મને મળે,
તારા આશિષ મુજને ગમતાં,
તારી આજ્ઞા મળે, મારી સાધના ફળે,
એવા અરમાન હૃદિયે રમતાં,
આ સંસારસાગર તરાવ મારા સ્વામી!.. મને૦॥૪॥



(૩૯) તારા જ પંથે...

(રાગ : સાગર કિનારે...)

તારા જ પંથે તારે ઈશારે,
તારા સુધી હું આવું તારા સહારે... તારા જ પંથે૦॥૧॥
રખડતો હતો ને તે હાથ ઝાલ્યો,
તારા જ પંથે તું લઈને ચાલ્યો,
હો...મારગમાં તું સાથે સાંજ સવારે... તારા જ પંથે૦॥૨॥
દોષો ભર્યા છે મુજમાં અનંતા
ગુણોનો સ્વામી તું ભગવંતા
હો... કહેજે ગુણોને પ્રભુ મુજમાં પધારે... તારા જ પંથે૦॥૩॥
હું જો પડું તો લેજે સંભાળી,
હું જો ના ચાલું લઈ લેજો ઝાલી
હો... જો જે ફરી પડું ના ભવના પનારે... તારા જ પંથે૦॥૪॥



(૪૦) તારા નૈનમાં...

{તારા નૈનમાં..(૪) આંખી દુનિયાનું વ્હાલ રે સમાયે...}..(૨)
{દરસ દિખાયો ઐસે નૈનો ને તેરે જી..(૨)
સૂદ બિસરાયો મોહે જગ યે ભુલાયો જી..(૨) }..(૨)
કરુણાનો સાગર તમે છો, તમે છો કરુણા નિધાન જી,
મુજપર કૃપા કરો હે! કૃપાલુ, લેજો શરણમાં શ્રી રાજ જી,
તારા નૈનમાં...॥૧॥
વાણી વિનાનો વિતરાગી છે, આતમમાં આ વિચાર જી,
મુજથી મુજને આજે મળાવે, પાર કરાવ્યો હો રાજ જી,
તારા નૈનમાં...॥૨॥

(૪૧) તારા મસ્ત ગુલાબી ગાલ...

(રાગઃ મૈં રંગ શરબતોં કા...)

તારા મસ્ત ગુલાબી ગાલ, તારી આંખો છે અણીયાળી...
રૂદિયાના રાજા મારા, તું કૃષ્ણ હું રાધા તારી... ॥૧॥
દિલમાં જાગે સ્પંદન, ભીના ભીના નયન,
જાણે આ પહેલી મુલાકાત,
વહાલ કરું તને, ચુમીઓ ભરું તને,
ભરી દઉં પ્રભુ તુજને બાથ,
ઓ નાથ છે મારો તું, પણ લાગે છે દોસ્તારી...
મન મોરલી વગાડો તો, તું કૃષ્ણ હું રાધા તારી... ॥૨॥
આંખોમાં આંસુ છે, જાણે ચોમાસું છે,
આવે છે પ્રભુ મને તારી યાદ,
મિલનની તાલાવેલી, હાથમાં તારી હથેલી,
ઝંખું છું એક પ્રભુ તારો સાથ,
હું રાજીમતી તારી, હે નેમ! પ્રભુ ગિરનારી...
મારો પ્રેમ સ્વીકારો તો, તું કૃષ્ણ હું રાધા તારી... ॥૩॥

(૪૨) તારા મિલનની લગન ...

તારા મિલનની લગન, મને પાગલ બનાવે છે,
પ્રભુજી તમારો પ્રેમ, મને કાગળ લખાવે છે...
પ્રભુજી તમારો પ્રેમ, મને ઘાયલ બનાવે છે... ॥૧॥
લખું છું પ્રેમ કાગળિયા, ઓ મારા વ્હાલમ વીતરાગી!
દૂરે જઈ કેમ બેઠો તું, હું તારો બાળ અનુરાગી,
તારા સ્મિતની ઝલક, જળને ઝાકળ બનાવે છે,
પ્રભુજી તમારો પ્રેમ, મને કાગળ લખાવે છે... ॥૨॥

નથી ગમતું તારા વિના, મને આવે તારી યાદ,
મિલનની ઝંખનાથી મન, મારૂં તડપે છે દિન-રાત,
તારા વિરહની વ્યથા, નયનને વાદળ બનાવે છે,
પ્રભુજી તમારો પ્રેમ, મને કાગળ લખાવે છે... ॥૩॥
આંખોમાં આંસુનો દરિયો, ને મનમાં વેદના છે નાથ!
તોડી સંબંધો સંસારી, ચાહું એકજ તારો સાથ,
તારા પ્રીતની તલપ, મને રાજુલ બનાવે છે,
પ્રભુજી તમારો પ્રેમ, મને કાગળ લખાવે છે... ॥૪॥

(૪૩) તારા વિના તો કેમ જીવવું મારે નાથ...

(રાગ : પહેલી નજરમેં એસા જાદૂ...)

તારા વિના તો કેમ જીવવું મારે નાથ!,
નથી ક્યાંય ગમતું તારા વિના,
ક્યારે તું મળશે તારી રાહ જોઉં નાથ!,
નથી કોઈ મારું તારા વિના,
તને શોધ્યા કરું, રોજ રોયા કરું,
તારી યાદોથી દિલને સજાવ્યા કરું,
તું મારો નાથ!, તું મારો સાથ,
હાથ ઝાલ હવે, સ્વીકાર મને... ॥૧॥
મારી જિંદગીનો તું આધાર છે,
તારા વિના જિંદગી આ બેકાર છે,
તું તો મારા દિલનો ધબકાર છે,
એક તું શરણ, રણમાં ઝરણ,
તને ચાહ્યા કરું, તને નીરખ્યા કરું,
જે ગમે તુજને તે બધું હું કરું... ॥૨॥

આંખ બંધ થાય ને દેખાય તું,
આંખ ખોલું તો પણ સામે આવે તું,
મારી આસપાસ બસ તું હી તું,
દુનિયાનો સાર, તું છે મારો પ્યાર,
બધું ખોયા કરું, તને જોયા કરું,
ન ગમે જે તને તે કદી ન કરું... ॥૩॥
રાતોના સપનામાં તું આવજે,
સ્મરણોમાં તારી યાદ આપજે,
આંખોમાં આંસુ બની આવજે,
સુણજે તું સાદ, આવે તારી યાદ,
રાહ જોયા કરું, વાટ નીરખ્યા કરું,
એક તારે ભરોસે હું શ્વાસો ભરું... ॥૪॥

(૪૪) તારી કૃપાનો સ્પર્શ મને...

(રાગ : તારા ગુણોની પાટ...)

તારી કૃપાનો સ્પર્શ મને આપ મારા દાદા
મને સ્વાનુભૂતિના ઓરતા...
રુપ છે તમારું કામણગારુ, ભક્તને અરુપી બનાવે,
નયનોથી વહેતો કરુણાનો દરિયો, આતમને શીતલ બનાવે,
તારા સ્વરુપનો સ્પર્શ મને આપ મારા દાદા. મને૦॥૧॥
અમૃત ઝરણી મીઠી તુજ વાણી, અંતર તિમિર હરનારી,
કાન મારગ થઈ હિયડે પેસી, આતમ ઉજાસ કરનારી,
તારા શબ્દોનો સ્પર્શ મને આપ મારા દાદા. મને૦॥૨॥
જગ કલ્યાણી આજ્ઞા તમારી, દોષોનો ભાર ઉતારે,
આજ્ઞાની નૈયા સદ્ગુરુ ખેવૈયા, સંસાર સાગર તારે,
તારી સાધનાનો સ્પર્શ મને આપ મારા દાદા. મને૦॥૩॥

અનહદ વરસે કૃપા તમારી, તોય રહ્યો હું કોરો,
અહંકાર મારો દૂર કરીને, હવે તો પ્રભુ મને તારો,
તારા પ્રેમનો સ્પર્શ મને આપ મારા દાદા. મને૦॥૪॥



(૪૫) તારી પાસે એવું શું...

તારી પાસે એવું શું! દોડી દોડી આવું હું...
મુજને એ ના સમજાતું, હૈયું શાને હરખાતું,
તારા દર્શન જ્યાં પામું, શાને મનડું મલકાતું,
તારા રુપમાં એવું શું? દોડી દોડી આવું હું... ॥૧॥
નિંદર મુજને આવે ના, ભોજન મુજને ભાવે ના,
તુજને જો હું ના ભેટું, શાંતિ મુજને થાયે ના,
તારા દિલમાં એવું શું? દોડી દોડી આવું હું... ॥૨॥
મારી સઘળી ચિંતાઓ, ઘેરા દુઃખની ઘટનાઓ,
તારા વેણે વિસરાતી, વળગેલી સહુ વિપદાઓ,
તારા સ્વરમાં એવું શું? દોડી દોડી આવું હું... ॥૩॥



(૪૬) તારી પ્રીતિની કેવી અસર...

(રાગઃ તેરા મેરા પ્યાર અમર...)

તારી પ્રીતિની કેવી અસર, મળતી મુજને સાચી ડગર;
કરુણાસાગર કરુણા તું કર, થાક્યો કરીને ભવની સફર. ॥૧॥
કહો પ્રભુજી! હું શું કરું?, સહેવાતી ના આ વેદના,
કૃપા નજર જો તારી મળે, તો દૂર થાયે આ યાતના,
મુજ પર કરજે તું અમી નજર, ભૂલી શકું ના જીવનભર. ॥૨॥
પ્રભુ! તારી છબી, તારું સ્મરણ, ચિત્તમાં સદા રમતું રહે,
તારી યાદને, તારું જ નામ, સઘળું સદા ગમતું રહે,
ભવ અટવીના વિઘ્નો તું હર, થાવું છે તુમ સમ અજરામર. ॥૩॥

(૪૭) તારું ધાર્યું બધું થાય છે...

(રાગ : યે તો સચ હૈ કિ...)

તારું ધાર્યું બધું થાય છે, મને આજે એ સમજાય છે;
ના હું કોઈનો ગર્વ લહું, તારા વિશ્વાસે જીવાય છે... ॥૧॥
હું શાને કહું કે આ મુજથી થયું,
તારી કરુણા છે અનહદ ને ફળ મેં લહ્યું;
મારા મનમાં પ્રભુ! કોઈ શુભ ભાવના,
તેં જગાડી છે ત્યારે આ સઘળું થયું...
તારા નામે બધું થાય છે,
લોકો મારા ગુણો ગાય છે. ના હું...॥૨॥
હું સફળ થાઉં તો, એમાં તારી કૃપા,
તારા આશિષ પ્રગટ છે છતાં યે છૂપા;
હું છકી ના જઉં, એ ખબર રાખજે,
કોઈપણ રીતે સંભાળી લે શતરુપા...
તારી કરુણા તો છલકાય છે;
આંખો મારી ભીની થાય છે. ના હું...॥૩॥
મારું હૈયુ પ્રભુ કરે ચિંતા ઘણી,
તમે સમજાવો એને હે ચિંતામણી;
વીતેલો સમય ભલે જેવો ગયો,
હવે રાખો ઉદયને તમારો ગણી...
મારું અણગમતું કંઈ થાય છે,
એમાં મારું ભલું થાય છે. ના હું...॥૪॥



(૪૮) તારે દ્વારે આવીને કોઈ...

તારે દ્વારે આવીને કોઈ ખાલી હાથે જાય ના
કરુણાનિધાન કરુણાનિધાન...
આ દુનિયામાં કોઈ નથી રે, તુજ સરીખો દાતાર,
અપરંપાર દયા છે તારી, તારા હાથ હજાર,
તારી જ્યોતિ પામીને કોઈ, અંધારે અટવાય ના... કરુણા૦॥૧॥
શરણે આવેલાનો સાચો, તું છે રક્ષણહાર,
ડગમગતી જીવન નૈયાનો, તું છે તારણહાર,
તારે પંથે જનારો કદીયે, ભવરણમાં ભટકાય ના... કરુણા૦॥૨॥
ખુટે નહીં કદાપી એવો, તારો પ્રેમ ખજાનો,
મુક્તિનો મારગ બતલાવે, એવો પંથ મજાનો,
તારે શરણે જે કોઈ આવે,રંક પણ રહી જાય ના... કરુણા૦॥૩॥



(૪૯) તારો સથવારો...

(રાગ : ઓ જીરાવલા...)

તારો ને મારો સંબંધ ન્યારો,
મને યાદ આવશે, તારો સથવારો... ॥૧॥
તારા રુપ ઉપર હું ઓવારી જાઉં,
તારા ગુણોથી અંજાઇ જાઉં;
બસ ટગર મગર થઈ, હું જોઉં તુજને,
જાણે આખી દુનિયા મળી ગઈ છે મુજને;
ડુબતો હતો ને મળ્યો કિનારો(૨) મને યાદ...॥૨॥
તારા મિલનની જે ક્ષણો હતી આ,
મુજ જન્મારાની શુભ પળો હતી આ;

એ ક્ષણો હૃદયમાં કંડારી લીધી મેં,
આતમની શેરી શણગારી લીધી મેં;
વસમો ઘણો છે, વિયોગ તારો (૨) મને યાદ...॥૩॥

(૫૦) તું એક જ છે મારો...

કે મારા મનમાં તારા વિના નહીં કોઈ રે,
મારા દિલમાં તારા વિના નહીં કોઈ રે,
મીઠો સાદ દઈને તે તો મારા ઉઘાડ્યા નયન,
સાચો પંથડો બતાડ્યો નેં ત્યાં વહાવ્યાં કિરણ (૨)
તુજ સ્નેહની આ રિમઝિમ ધારે,
ભીંજાઉં વારે વારે... હૈયું કરે છે ટહુકારો,
તું એક જ છે મારો (૩) સથવારો... ॥૧॥
મુજ તન મન ખીલે, ભાવોમાં ઝીલે,
તું છવાય જ્યારે થઈને વાદળી,
મુજ હૈયું નાચે, તુજ શરણું યાચે,
વાગે જ્યારે તુજ વાણીની વાંસળી,
હૈયું વિમલ અને શીતલ અંતર કોમલ બને,
તારા સંગે મારું મનડું સ્વામી, વત્સલ બને! તુજ...॥૨॥
વૈરાગ્ય ને સમતા અંતરમાં રમતા,
તું વસ્યો જિનેશ્વર હૈયે જ્યારથી!
સંસાર કિનારે ઝટ જાવું મારે,
સંયમ વિના મન ક્યાંયે રમતું નથી,
તું જે જીવ્યો એવું જીવન મારે જીવવું હવે,
મારી ઝંખનામાં શમણામાં એક તું હવે. તુજ...॥૩॥



(૫૧) તું ખૂબ મને ગમે છે...

(રાગઃ આઁખોં સે બતાના...)

તું ખૂબ મને ગમે છે, મારા વ્હાલા પ્રભુ!
મારા દિલમાં તું રમે છે, કામણગારા પ્રભુ!
જોઈ તારા નયનો, મન ઘેલું બન્યું,
ચૂપકેથી કહું હું તને, Love You પ્રભુ! તું ખૂબ૦॥૧॥
તમારા દર્શનથી, રોમ મારા ખીલે,
તમારી શીતલ છાયા, ભવોભવ જો મિલે,
જીવન કરું સમર્પણ, કહું Thank You પ્રભુ! તું ખૂબ૦॥૨॥
નાથ! મારા પામવા તુજને, બુદ્ધિને થયો છે વ્હેમ,
કોઈને નહીં કહેશો તમે, બસ હું જાણું છું કેમ,
ચાહું ચિત્તથી પ્રભુજી તને, જેમ રાજુલ ચાહે નેમ,
ધબક્યું હૃદય જોતા તને, થયો પહેલી નજરે પ્રેમ,
સપનાંમાં આવી જા, તુજને યાદ કરું,
ઉપકારો કર્યા તે અનંતા, પલ પલ સમરું,
ભીની આંખેથી કહું છું, તને Miss You પ્રભુ! તું ખૂબ૦॥૩॥



(૫૨) તું છે મુજને સૌથી પ્યારો ...

તું છે મુજને, સૌથી પ્યારો...
મારો તાત, માત, બંધુ, સખા, સાથ, તારા વિના હું નોંધારો,
મારો તું એકજ સાચો સહારો.. તું છે મુજને, સૌથી પ્યારો...
સાગરને તરવો, મેરુને ચઢવો, એહથી પણ દુષ્કર, તું મુજને મળવો...
તારી પાછળ હું પાગલ થયો, આ દુનિયામાં હું આગળ થયો,
તું છે મુજને સૌથી પ્યારો...॥૧॥

મુજ ચેતનાને તારો, ખૂબ રંગ લાગ્યો છે,
તુજ આસ્થાનો મીઠો, આસ્વાદ ચાખ્યો છે,
મેં માંગ્યું લોભે-લોભે, તે આપ્યું ખોબે-ખોબે,
દેવામાં તેં બે હાથે, ના સંકોચ રાખ્યો છે...

તારી પાછળ હું...॥૨॥

સાગરના ઉછળે તરંગો, એમ માહરા અંગો,
છે તુજ રંગે રંગાયા, ધરે નિત-નિત ઉમંગો,
લાગ્યું છે મુજને આજે, ગાવું છું એક અવાજે,
હૂં તુજમાં ને તું મુજમાં, આ અભેદ બાંધ્યો છે...

તારી પાછળ હું...॥૩॥

ગુરુ અજિતની ભક્તિના, મેળવવા આદર્શો,
તારા સંગે જે ગુરુવરના, વીત્યા વર્ષો-વર્ષો,
મળજો એવા સંસ્કારો, ખૂબ લબ્ધિના વિસ્તારો,
વિશ્વ મંગલના ભાવે, તુજને આરાધ્યો છે...

તારી પાછળ હું...॥૪॥

(૫૩) तुं प्यार का सागर है...



तुं प्यार का सागर है (२) तेरी एक बुंद के प्यासे हम
लौटा जो दिया तुमने, चले जायेंगे जहां से हम... तुं०॥१॥
घायल मन का, पागल पंछी उडने को बेकरार
पंख है कोमल, आंख है धुंधली, जाना है सागर पार (२),
अब तुं हि ईसे समजा, राह भूले थे कहाँ से हम... तुं०॥२॥
ईधर झूमती गाये जिंदगी, उधर है मोत खडी,
कोई क्यां जाने कहां है सीमा, उलझन आन पडी,
कानों में जरा कह दे, कि आये कौन दिशा से हम... तुं०॥३॥



(૫૪) તું પ્રેમ દરિયો...

તું પ્રેમ દરિયો કૃપસિંધુ તું, બંધનથી મુક્તિ અપાવે છે તું,
તારી નજર માં નજરાઉં છું, ખુદને નિહાળું એ દર્પણ છે તું,
કેટલા જનમ થી માંગ્યું કરગરી,ત્યારે મળ્યો તું કરુણામૂર્તિ,
પ્રભુમાં જે જોડે, સંગ ના છોડે ,મોક્ષે લઈ જાય જે હોંશથી,
આતમ જગાડે એ તત્ત્વ છે તું,મારા દર્દ ની દવા એક તું,
તું પ્રેમ દરિયો... ॥૧॥

અનંત ધૈર્ય ધરીને ,ઘડી રહ્યો તું મુજને,
આત્મશિલ્પી તું મારો, ટાંકી રહ્યો તુ પ્રેમે,
અનંત અવગુણ મુજમાં છતાંયે ,હાથ ગ્રહ્યો તે સ્નેહે ,
આવ્યો ના હોત તું સામે ચાલી, કોણ ઉગારત મુજને?
તું જો નથી તો શૂન્યાવકાશ, અર્થ વિનાનું મારું જીવન,
તારા સિવાય આ આખી દુનિયામાં ,મારી ફિકર કરનારું છે કોણ?
અકંપ કરુણાનિધાન છે તું,અનંતી માતાનું હેત છે તું,
તું પ્રેમ દરિયો... ॥૨॥

તારા ચૈતન્યસ્પર્શે, ઝળહળ અજવાળું થાય,
કૃપાના એક જ કિરણથી, અંતર અંધારું જાય
તારી અમીદ્રષ્ટિ ખોઈ બેઠું હું,એવી ન કોઈ મતિ હો,
રાજીપો તારો ગુમાવી બેસું,એવી ન કોઈ કૃતિ હો,
પામુ જો તુજને,પામીશ પરમને,જાગી દિલમાં પરમેશ્વરબુદ્ધિ,
તારા અસ્તિત્વના પાવન સ્પંદન,સહેજે કરાવશે આત્મસિદ્ધિ,
પરમાત્માની પ્રતિકૃતિ તું,પરમકૃપાળુ પરમ પ્રિય તું...
તું મારી તૃષા ને તૃપ્તિએ તું,તું મારી પ્રેરણા પ્રાપ્તિએ તું,
તું પ્રેમ દરિયો.. ॥૩॥

તું મારા આંસુ ને સ્મિત પણ તું,તું મારો તડકો ને છાંયડો પણ તું,
ભાવોમાં ભરતીનું કારણ છે તું,મોહના ઝેરનું મરણ છે તું,
બીજો શ્રી રામ ને મહાવીર તું,આ કલિકાલે કલ્પતરુ!
આ કલિકાલે કલ્પતરુ,આ કલિકાલે કલ્પતરુ... ॥૪॥

(૫૫) તું મારો નાથ, તું મારો સાથ...

(રાગ : કૈસે બતાએ ક્યૂં તુજકો...)

તું મારો નાથ, તું મારો સાથ, તું મુજ પ્રાણ આધાર!,
હું છું અનાથ, ઝાલો મારો હાથ,
ડૂબી રહ્યો મઝધાર!, હું તારો છું... ॥૧॥
ઝંખું છું તારા મિલનને, મારા દિલમાં મારા નાથ!,
ચાહું છું તુજને ઓ નાથ!, કર મુજને તું સનાથ!,
સ્વીકારો મારી વિનંતી, મને રાખો તુમ પાસ,
તારો છું, તારો હતો, રહેવાનો તારો છું... ॥૨॥
તું છે મારું જીવન, પ્રભુ! તું છે મારી જિંદગી,
તું છે પ્રભુ મારી બંદગી,
તું છે મારી દૃષ્ટિ, પ્રભુ! તું છે મારી સૃષ્ટિ,
તું છે પ્રભુ મારી હસ્તી,
તારા ભરોસે છું, તારા સહારે છું,
શરણે હું આવ્યો તારા, ચરણે હું લાગ્યો આજે,
અર્પણ સમર્પણ મારું જીવન તુજને નાથ!,
આવીને તારો ને નાથ!, તડપાવો ના હવે... ॥૩॥
તારા વિના સૂનું સૂનું લાગે છે મને,
તારા વિના ક્યાંયે ના ગમે,
શોધી શોધી આંખો મારી થાકી ગઈ હવે,
તારા વિના દિલને ના ગમે,

રોજ બોલાવું છું!, રોજ પુકારું છું!,
દિલડાના દેવ તુજને , ખૂબ ખૂબ ચાહું આજે,
અર્પણ આ જીવન મારી ધડકન તુજને નાથ!,
આવીને તારો ને નાથ!, તડપાવો ના હવે... ॥૪॥

(૫૬) તુજ કરુણાધારમાં...

(રાગ : તુમ ગગન કે ચંદ્રમા...)

તુજ કરુણાધારમાં હું નિત્ય ભીંજાતો રહું ,
વ્હાલા નેમિનાથ પ્રભુજી, શરણ હું તારું લહું... તુજ૦॥૧॥
તું જ છે મારું જીવન, તારા વિના ચિત્ત ના ઠરે,
નામ તારું હરપળ મારા, ઉરમાં ધબકયાં કરે,
વિયોગની વસમી અવસ્થા, કેમ હું જીવિત રહું... તુજ૦॥૨॥
તું વસે છે કેટલે દૂર, હું અહીં સબડ્યા કરું,
તું મજેથી મહાલતો, હું અહીં તહીં ભટક્યા કરું,
પ્રાણપ્યારા નહી મળો તો, આયખું પુરું કરું... તુજ૦॥૩॥
પ્રીતડી તારીને મારી, કેટલી ઉમદા હશે,
એક ઘડી તુજને ના ભૂલું, કેવા ઋણબંધન હશે,
મન મનાવું ક્યાં સુધી હું, વિયોગમાં ઝૂર્યા કરું... તુજ૦॥૪॥
આંસુઓ એક દિવસ મારા, તુજને પીગળાવશે,
આશ છે એવી હૃદયમાં, એક'દિ તું મળવા આવશે,
તુજ ભરોસે છે આ સેવક, એથી વધુ હું શું કહું ... તુજ૦॥૫॥

(૫૭) તુજને જોયા કરું...

તુજને જોયા કરું, તારી સન્મુખ રહું ;
તારા હોઠ ફડફડે, તારી આંખો પટપટે,
એની રાહ જોઉં છું (૨) ॥૧॥

તને મનથી હું નિશદિન સમરતો રહું,
તારી આશામાં જુગ જુગથી વાટ જોઉં છું,
તારી અમીદૃષ્ટિ માટે, હું તો તરસ્યા કરું (૨). તુજને૦॥૨॥
જ્યારે ભાવો ભરીને તારી ભક્તિ કરું,
ત્યારે ઉન્માદે હૈયું ન સાચવી શકું,
તારી આંખો પટપટે, એની રાહ જોઉં છું (૨). તુજને૦॥૩॥
કોઈ પરભવની પ્રીતિ મારી જાગી ગઈ,
તને મળતાં જ ભીતિ બધી ભાગી ગઈ,
હવે દિવ્યચક્ષુ દે, હું તને ઓળખી શકું (૨). તુજને૦॥૪॥
મારા આતમને માર્ગ ચીંધ એ જ માંગું છું,
તારું હૈયું મને ઓળખી લે એ જ ઝંખું છું,
તું બાંહો જો પસારે, એમાં હું સમાઈ જાઉં (૨). તુજને૦॥૫॥
તારા વિરહે અશ્રુ મારા નયણે વહે,
ક્યારે આવીને દાદા મારા આંસુ લુંછશો,
તું કેમ ના સુને, હું તને રોજ વીનવું (૨). તુજને૦॥૬॥

(૫૮) તુમ સે હે જોડી...



તુમ સે હે જોડી, અવર સંગ તોડી,
સાચી પ્રીત મૈંને, તુમ સે હે જોડી...
જો તુમ દીવા પ્રભુ, તો હમ બાતી;
જો તુમ તીરથ, તો હમ જાત્રી... તુમ સે...॥૧॥
જો તુમ ગિરિવર, તો હમ મોરા;
જો તુમ ચંદા તો ભયે હમ ચકોરા... તુમ સે...॥૨॥
જહાઁ જહાઁ જાઉં, વહાઁ તેરી સેવા;
તુમસા હો ઠાકુર, ઔર ન દેવા... તુમ સે...॥૩॥

આજ્ઞા કા પાલન, યહિ મેરી પૂજા,
તુમ હિ તુમ હો, કોઈ ન દૂજા,
તુમ સે હૈ સબ કુછ રોશન,
કણ કણ મેં તું હૈ... સાચી પ્રીત.. ॥૪॥



(૫૯) તૂ હૈ તો...

તુઝસે મેરા જીના મરના, જાન તેરે હાથ મેં,
સૌ જન્મ ભી કમ ક્યોં લાગે, લાગે તેરે સાથ મેં,
મૈં મુસાફિર તૂ મુસાફિર, ઈસ મોહબ્બત કે સફર મેં,
દો અકેલે રોએં મિલકે, મિલકે દોનોં રબ કે ઘર મેં,
સાથ તેરે ના સફર, વો સફર નહીં લગતા... ॥૧॥
તૂ હૈ તો દિલ ધડકતા હૈ, તૂ હૈ તો સાંસ આતી હૈ,
તૂ ના તો ઘર ઘર નહીં લગતા, તૂ હૈ તો ડર નહીં લગતા... ॥૨॥
તૂ હૈ તો ગમ ના આતે હૈં, તૂ હૈ તો મુસ્કુરાતે હૈં,
કે તેરે બિન સો નહીં સકતે, કિસી કે હો નહીં સકતે
તૂ હૈ તો... ॥૩॥
કોઈ નહીં મેરા, જરૂરત તેરી,
લાગે ના જિયા, દેખૂં જો ના સૂરત તેરી,
તૂ હૈ તો.. ॥૭॥



(૬૦) તેરે એહસાન કા બદલા...

(રાગ : દયાસિંધુ દયાસિંધુ.../મુઝે તેરી મહોબત કા...)

તેરે અહેસાન કા બદલા, ચૂકાયા જા નહીં શકતા,
પ્યાર તુને દિયા ઐસા (૨), ભૂલાયા જા નહીં શકતા... ॥૧॥
અગર મુજ કો તું ના મિલતા, બડા મુશ્કિલ ગુજારા થા;
જો પહુંચા હું બુલંદી પર (૨), મેં એક તૂટા સિતારા થા,
તુજે દુનિયા કી દોલત સે, તુલાયા જા નહીં શકતા... ॥૨॥

મેરી હર સાંસ પર દાદા, સિર્ફ અધિકાર તેરા હૈ;
મિલા જો ભી મિલા તુજસે, મૈ ક્યા થા ઔર ક્યા મેરા હૈ,
તુજે શબ્દો કે તરકશ મેં, સજાયા જા નહીં શકતા... ॥૩॥
બડી ઊંચી તેરી રહમત, બડી છોટી જુબાં મેરી;
તુજે દાદા સમજ પાઉં, વો હસ્તી હૈ કહાં મેરી,
તેરી રહમત કો શબ્દો મેં, જતાયા જા નહીં શકતા.. ॥૪॥

(૬૧) તેરે દ્વાર પે આયા હું...

(રાગઃ મને જ્યાં જવાનું મન...)

તેરે દ્વાર પે આયા હું, એક બાત સુનાની હૈ,
વીતરાગી! તેરી મેરી, યે પ્રીત પુરાની હૈ...
તેરે દર્શ બિના મેરી, અંખિયા યે પ્યાસી હૈ,
સૂના મેરા જીવન, મન મેં ભી ઉદાસી હૈ,
ભક્તિ કે સહારે હી, જિંદગાની બિતાની હૈ... ॥૧॥
દુનિયા મેં એક તું હી, મુજકો તો પ્યારા હૈ,
જીવન કી નૈયા કા, એક તું હી કિનારા હૈ,
મઝધાર મેં હૈ નૈયા, અબ રાહ બતાની હૈ... ॥૨॥
તું નાથ હૈ ત્રિભુવન કા, ઔર સબકા સ્વામી હૈ,
મેં સ્નેહ કા દીપક હું, તું ઉસકી બાતી હૈ,
કર્મો કે બંધન સે, મુજે મુક્તિ દિલાની હૈ... ॥૩॥

(૬૨) દર્શન ક્યારે દેશો...

(રાગ : મૌલા મેરે લેલે મેરી જાન...)

મને તારી યાદ સતાવે, પલ-પલ તારા ગુણો સંભારે,
ઝંખુ છું તુજને દિવસ રાત,દર્શન ક્યારે દેશો ઓ પ્રભુવર!... ॥૧॥

તારી છબી છે પ્યારી, કરુણાની તું તો છે ક્યારી,
વિનવું હે ઉપકારી! લેજો અમને ઉગારી,
પ્રભુવર! તારા હું દર્શન ચાહું, મુજ જીવન ધન્ય બનાવું... ॥૨॥
દિવ્ય તમારી આ છાયા ભવોભવ મુજને દેજો,
આજ્ઞા તમારી પાળુ આશિષ એવા દેજો,
હું તો મસ્તક ચરણે ઝુકાવું, મુજ આતમદર્શન હું પામું... ॥૩॥
તારા વિના મુજ જીવન, ફૂલો વિનાનું મધુવન,
તુજને પામી મહેકાવું, ગુણલાં તારા હું ગાવું,
જે જે ગમે તુજને એ જ હું કરું, આ ભવથી શીઘ્ર હું તરું... ॥૪॥



(૬૩) દાદા તારા પગલા પડ્યા ને...

દાદા તારા પગલા પડ્યા ને આનંદ છાયો (૨)
ઉત્સવ અનેરો આજ આંગણિયે આવ્યો
પગલા પડ્યાને આનંદ છાયો ॥૧॥
અણધાર્યા આવીને અમને મળ્યા છો (૨)
પૂરવ જનમના પુણ્યે ફળ્યા છો (૨)
ભક્તિના રંગે આખો સંઘ રે રંગાયો,
પગલા પડ્યાને આનંદ છાયો. દાદા તારા...॥૨॥
મનના મંદિરીયે આસન બિછાવ્યા (૨)
મારગ મારગમાં મોતીડા વેરાવ્યા (૨)
રોમે રોમે રાજીપો કેવો રે સમાયો,
પગલા પડ્યાને આનંદ છાયો. દાદા તારા...॥૩॥



(૬૪) દીયો દયામય તવ દર્શનની ભિક્ષા...

દીયો દયામય તવ દર્શનની ભિક્ષા દીયો ભિક્ષા,
પાંપણને પલકારે પ્રભુજી, મને તમારી પ્રતીક્ષા... ॥૧॥

ઉંચે ઉંચે આભની પેલે, પાર તમે જઈ બેઠાં,
અમે તો ચડવાનું ચૂક્યા ને, પડી ગયા બહું હેઠાં,
ક્યારે મળશો કરુણાસાગર, ખૂટે અમારી તિતિક્ષા... ॥૨॥
જુગ જુગથી ઝંખુ છું તમને, જગની માયા ભૂલી,
થઈને રહેવું અંતર્યામી, તારા ચરણની ધૂલી,
હવે તો પ્રગટો આ રુદિયામાં, ક્યાં લગી લેશો પરીક્ષા... ॥૩॥
આંખોના દર્પણ ધુંધવાયા, આંસુડાં પાડી પાડી,
જો મુજને છેહ દેવો તો, માયા શીદ ને લગાડી,
ઝુરી ઝુરીને જીવવાની, શાને કરો છો શિક્ષા... ॥૪॥

(૬૫) દોષથી હર્યોભર્યો છું...

(રાગ : આઁખ હૈ ભરી ભરી...)

દોષથી હર્યોભર્યો છું છતાં, દાદા! તુજને મળવાની ઘણી આશ છે,
હું ભલે નીરખી શકું ના તને, દાદા! તું પરંતુ મારી આસપાસ છે! ॥૧॥
ભલે તું કોયલના ગાને, ભલે કોઈ ગ્રંથના પાને,
મને તું આવીને મળજે, હો દાદા! કોઈ પણ બહાને,
જળ બધાં મેં પી લીધાં આ વિશ્વના હો દાદા!
તુજને પીવાની હવે પ્યાસ છે... હું ભલે૦॥૨॥
વસ્યો તું ધરતી ગગનમાં, વસ્યો તું સુંદર મધુવનમાં,
વસ્યો તું મા અને સંતમાં, છતાં શાંતિ નથી મનમાં,
દૃષ્ટિગોચર થા હવે, આ વિશ્વમાં હો દાદા!,
તુજ વિના અહીં સહુ નિરાશ છે... હું ભલે૦॥૩॥
વસ્યો મીરાની ભક્તિમાં, વસ્યો સાધકની શક્તિમાં,
લાજ રાખો હવે મારી, રહીને હરપળ સ્મૃતિમાં,
તારો માની બાળને સંભાળજો હો દાદા!,
યાદોમાં વિતાવું દિવસ ને રાત રે... હું ભલે૦॥૪॥

હું ને મારું ને મારામાં, એ જ વાતો મને ગમે,
બીજાના ગુણ તણી સરગમ, હૃદયમાં ખૂબ રે દમે,
હું તણા સમુદ્રમાં ડૂબી ગયો હો દાદા!,
તારી પાસે આવી એક લાશ છે... હું ભલે૦॥૫॥



(૬૬) ધર્મના દાયક તમે ધુરંધર...

(રાગ : યે સબ તુમ્હારા કરમ હૈ...)

ધર્મના દાયક તમે ધુરંધર, તમે પરમતારક શુભંકર,
તમે કૃપાનો સરસ સાગર, તમને આપું અનંત આદર.
સાહેબ... સાહેબ... સાહેબ...સાહેબ ...
તમે તો મુજને બધુ જ આપ્યું, મેં તો તમોને કાંઈ ન આપ્યું;
તમે છો મારા જીવનદાતા, તમે જ પિતા તમે જ માતા;
હું છું તમારો, તમે છો અમારા (૨)
આ વાત તમને કહી દઉં છું... ॥૧॥
તમારી પાસે જ બેસવું છે, તમારી છાયામાં વસવું છે;
તમારી ભક્તિથી ખુશી મળે છે, તમારી શક્તિથી દુઃખ ટળે છે;
હું છું તમારો, તમે છો અમારા (૨) આ વાત૦॥૨॥
સાહેબજી... મારા સાહેબજી...
યાદ કરું છું હર પળે, મનમાં ધરું છું હર પળે;
જે તમારામાં મળે, તેવું બીજામાં ના મળે;
સાહેબ મારા પ્રાણ તમે છો, સાહેબ મારું ધ્યાન તમે છો;
સૌથી સલામત સ્થાન તમે છો, આતમ તત્ત્વનું જ્ઞાન તમે છો;
હું છું તમારો, તમે છો અમારા (૨) આ વાત૦॥૩॥
હું તમારા સંગમાં દિન-રાત રહેવા ચાહું છું,
મારા મનની વાત બધી તમને જ કહેવા ચાહું છું,
તમારા દરબારની દેવર્દ્ધિને જોયા કરું,
ક્યારે મળશે પરમપદ એ ચિંતાથી રોયા કરું,

તમારી પાસે જ બેસવું છે, તમારી છાયામાં વસવું છે;
તમારી ભક્તિથી ખુશી મળે છે, તમારી શક્તિથી દુઃખ ટળે છે;
હું છું તમારો, તમે છો અમારા (૨) આ વાત૦॥૪॥

(૬૭) નવાબ શ્રી શંખેશ્વરા...

(રાગ : ગિરનારે શ્રી પ્રભુ નેમ છે...)

પૂનમના ચાંદાને જોઈ, ઉછળે છે દરિયે મોજા,
પૂનમના દાદાને જોઈ, ભાવોનાં ઉછળે દરિયા,
ધીર ગંભીર મુખડું આજે, ખૂબ ખૂબ મલકાય છે,
એ જોઈને પૂનમનો, ચાંદો પણ હરખાય છે...
નવાબ શ્રી શંખેશ્વરા... રૂવાબ શ્રી શંખેશ્વરા...
મારા બધા સવાલોનો, જવાબ શ્રી શંખેશ્વરા.. ॥૧॥

પૂનમના ભક્તોની ભીડ, શાને ઉભરાય છે,
પૂનમ ને પારસનોં, રાશીમેળ લખાય છે,
ભક્તોને મળવાનું મન, દાદાને બહુ થાય છે,
માટે દાદાનોં હુકમ છે, એવું અહીં બોલાય છે...
નવાબ શ્રી શંખેશ્વરા...॥૨॥

કોઇની દસ ને કોઇની વીશ, સો બસો ને પાંચશો,
મારા જેવા ભક્તની, એક પૂનમ સ્વીકારશો,
પૂનમના સથવારે, દાદા અમને તારશો,
ભાગ્યમાં પધારીને, યશને ખૂબ વિસ્તારશો...
નવાબ શ્રી શંખેશ્વરા...॥૩॥

(૬૮) નાતા જોડ લિયા...

નાતા જોડ લિયા તુમસે નાતા જોડ લિયા,
ઈસ જગ કી માયા નગરી સે રિશ્તા તોડ લિયા,
હાથ મેં હાથ લિએ, સાથ ચલના દાદા,
આશ બસ તુમસે હૈ, લાજ રખના દાદા,
દુનિયા વાલી ગલિયોં સે, મુંહ હી મોડ લિયા. ઈસ જગ૦॥૧॥
કૃપા જો હમપે હુઈ, તો યે વિશ્વાસ જગા,
કિયા જિતના તુમને, કરે કોઈ ના સગા,
જીવન કા હર ફૈસલા,તુજ પે છોડ દિયા. ઈસ જગ૦॥૨॥
યે રિશ્તા તુમસે હૈ, તેરી માયા સે નહીં,
રિઝાયા દિલ સે હૈ, સિર્ફ કાયા સે નહીં,
સેવક કો ઈતના કાફી હૈ, તુમને ગૌર કિયા. ઈસ જગ૦॥૩॥

(૬૯) નામ તમારું ગમી ગયું છે...

(રાગ : સિદ્ધારથના રાજકુંવરનું...)

નામ તમારું ગમી ગયું છે, કહો અમે શું કરીયે, (૨)
રાત દિવસ એ નામ જપીને, શ્વાસે શ્વાસે સ્મરીયે. ॥૧॥
નામ બીજા કોઈનું અમને, યાદ હવે ના આવે,
એક તમારા નામની સાથે, ખૂબ અમોને ફાવે,
નામની હોડીમાં બેસીને, ભવનો દરિયો તરિયે. ॥૨॥
એવું કંઈક કરો કે ખુદનું, નામ અમે વિસરિયે,
અને તમારા નામની સાથે, ભીતરમાં વિસ્તરીયે,
એક અગોચર ધામ અલખનું, આપના નામે ધરિયે. ॥૩॥

(૭૦) નિષ્ફળ અમારું જીવન...

(રાગ : બડે અચ્છે લગતે હૈ...)

ઓઘા અનંતી વાર મૈં લીધાં, સઘળા ગયા એ નિષ્ફળ,
આ વાર પ્રભુજી તારા સહારે, મોહને કરશું નિર્બલ,
નિષ્ફળ અમારું જીવન...
આ ભોગોની પાછળ, વહે છે ભગવંત... ॥૧॥
તારા વચન પર શ્રદ્ધા મારી, કેમ કરે છે હલચલ,
ગુણમાં જ સુખ છે, ને દોષોમાં દુઃખ છે,
સમજે ના મન મારૂં પાગલ,
નિષ્ફળ અમારું જીવન... ॥૧॥
પાંચ પ્રહરનો સ્વાધ્યાય કરજો, આપે કીધું હરપળ,
પણ મન અમારું કેવું ચંચલ, નિંદા વિકથા પાછળ...
નિષ્ફળ અમારું જીવન... ॥૩॥

(૭૧) પગથિયે રાહ જોઉં છું...

(રાગ : મુઝે તેરી મહોબ્બત કા સહારા...)

પગથિયે રાહ જોઉં છું, ઈશારો કર હવે સ્વામી!
જરા નજદીક બોલાવી, સમાવી લ્યો હવે સ્વામી! ॥૧॥
તમારા મહેલમાં દીવા, જલે છે રોજ ઝગમગતાં,
અમે અંધારને ઓઢી (૨), ઊભા આજે'ય ડગમગતા;
તમારા ઓટલે બેઠાં, ભીતર બોલાવને સ્વામી! જરા૦॥૨॥
ભરી સંગીતની મહેફીલ, તમે જ્યારે હતાં બેઠાં,
પૂનમની એ ભીની રાતે (૨), અમે તુજ દ્વાર પર બેઠાં;
પરંતુ એક છે આશા, સ્વીકારી લ્યો હવે સ્વામી! જરા૦॥૩॥
કોઈ તરુવર તણી છાંયે, તમે શોભો ઋષિ જેવા,
અને સિંહાસને બેસો (૨), તો લાગો રાજવી જેવા;
ઉદયને કઈ રીતે મળવું, વિચારી લ્યો હવે સ્વામી! જરા૦॥૪॥



(૭૨) પરમાત્મા બની જાશે મારો...

પરમાત્માથી રંગાશે મારો આત્મા,
પરમાત્મા બની જાશે મારો આત્મા...
થાશે પ્રભુનું મિલન વાતવાતમાં,
પરમાત્મા બની જાશે મારો આત્મા... ॥૧॥
આતમને પરમાતમનો જે સંગ જડ્યો છે રાજ...
હરખ હરખ મન હરખ હરખમાં ઝૂમી રહ્યું છે આજ...
મારું હૃદય પ્રભુ, તારું મંદિર છે,
તું હૃદયે વસે એ, મારી તકદીર છે,
કેવા શુભ પરિણામો જાગે આ મુલાકાતમાં,
પરમાત્મા બની જાશે મારો આત્મા... ॥૨॥
તારા અંજનની, કેવી શુભપળ હશે,
તારા પ્રાણ થકી, મૂર્તિ જીવંત થશે,
રાજપ્રિય બની જાશે તુ એક જ રાતમાં,
પરમાત્મા બની જાશે મારો આત્મા... ॥૩॥



(૭૩) પરમાતમા...

(રાગ : વે કમલેચા)

પરમાતમા... પરમાતમા...
પરમાતમા... તુજમાં મોહાયું મન...
તુજ સ્મિત પરમની પ્રીત અનોખી જગાવે,
લલચાવે તુજ ગુણ રસને માણવા,
આતમને પરમાતમનો રંગ લગાવે,
તલસાવે હરપલ તુજમાં લયલીન થવા,
તુજ પ્રીતમાં, તુજ સ્મિતમાં,
પરમાતમા... તુજમાં મોહાયું મન... ॥૧॥

નહીં અસ્ત-વ્યસ્ત હવે મસ્ત છું,
તુજ ચરણોમાં આશ્વસ્ત છું,
વાલમા... પરમાતમા...
તુજ વિણ હરક્ષણ હું ત્રસ્ત છું,
ભલે હોય ઉદય તો'ય અસ્ત છું,
વાલમા... પરમાતમા...
પ્રભુ ગુણ અનુભવની મસ્તી પ્યારી લાગે,
હવે સમતારસમાં ડૂબકી વ્હાલી લાગે,
પ્રભુ સંગે મળે તે ખુશી ન્યારી લાગે...
મન રંગાયું છે આજ પરમ વૈરાગે,
ચલ, સંયમસ્પર્શે આતમ ભીંજવા,
પ્રભુ પ્રીતમાં ઘેલો દુનિયાદારી ત્યાગે,
ભગવદ્ ભક્તિથી અંતરમનને રંગવા,
રહેવું હવે તુજ સંગમાં...
પરમાતમા... તુજમાં મોહાયું મન... ॥૨॥

(૭૪) પલ પલ તુંહી...

પલ પલ તુંહી, રહે મોરે મન મેં,
હલચલ ઔર ન કોઈ;
ચંચલતા ચલ ગઈ મોરે મન સે,
તુજ સંગ સુધબુધ ખોઈ (૨) ॥૧॥
ભૂખ ન લાગે, પ્યાસ ન જાગે,
મન ભી કુછ ના માંગે;
અંખિયા મેરી, ખોલ દી તુંને,
જગ યે અનોખા લાગે. પલ૦॥૨॥

ધન હૈ પરાયા, યે તન હૈ પરાયા,
અપના એક આતમજી;
તુજ કો મિલકર મિલું આતમ કો,
નંદપ્રભા કે પ્રીતમજી. પલ૦॥૩॥



(૭૫) પ્રભુ વસંતના પગલા...

પ્રભુ વસંતના પગલા બનીને આવે છે,
અળવતર દરિયો સુવાસોનો, પ્રભુજી લાવે છે... ॥૧॥
હવાને સ્પર્શ મલે છે, અનેરી મૌસમનો,
પ્રભુનુ સ્મિત, સૃષ્ટિને સતત સજાવે છે... ॥૨॥
નવા તે રંગ ધરે છે, અહીં બગીચાઓ,
પ્રભુનો સ્નેહ સુમનને સુવાસ આપે છે... ॥૩॥
પધારો આજ પ્રભુજી, અમારા અંતરમાં,
પ્રભુનું તેજ તિમિરને, દૂરે હટાવે છે... ॥૪॥
ખીલી ઊઠે છે કળીઓ, ભરે છે ચેતનને;
પ્રભુની પ્રીત ધરાને, લીલી બનાવે છે... ॥૪॥



(૭૬) પ્રભુ! તમારા પગલે પગલે...

પ્રભુ! તમારા પગલે પગલે, પા પા પગલી માંડી છે;
હવે તો અક્ષર પાડો પ્રભુવર!, મારી કોરી પાટી છે. ॥૧॥
બાળક છું હું, મને ખબર ક્યાં, શું છે સાચું જીવન,
પડી જાઉં ના ક્યાંયે પ્રભુ!, કરો રોમ રોમ સંજીવન,
સિંચન કરજો મારા કણ કણમાં, મારી સૂકી માટી છે. ॥૨॥
બાળક પકડે માની આંગળી, એમ હું ઝાલું છું તમને,
વર્ષા રાણી ભરે સરોવર, એમ ભરી દો અમને,
અમે અમારી હથેળીઓમાં, મિલનની રેખા આંકી છે. ॥૩॥

(૭૭) પ્રભુ! તેં મને જે...



પ્રભુ ! તેં મને જે આપ્યું છે, એનો બદલો હું શેં વાળું!
બસ તારી ભક્તિ કરી કરીને, મારા મનડાને વાળું. પ્રભુ તેં૦॥૧॥
પ્રભુ! નરક નિગોદથી તેં તાર્યો,
મને અનંત દુઃખોથી ઉગાર્યો,
તારા ઉપકારો અનંતા છે... એનો બદલો૦॥૨॥
અહીં લગી પહોંચ્યો પ્રભુ તારી કૃપા,
તુજ શાસન પામ્યો તારી કૃપા,
જૈનધર્મતણી બલિહારી છે... એનો બદલો૦॥૩॥
પ્રભુ! મોક્ષ નગરનો સથવારો,
હું મોહ નગરમાં વસનારો,
તું ભવોભવનો ઉપકારી છે... એનો બદલો૦॥૪॥

(૭૮) પ્રભુ! વિરહ તારો હું નહીં રે સહીશ...



(રાગઃ હવે વાત મારી કોને જઈને કહીશ...)

તું જ મારા પ્રેમનું ને પ્રીતનું સરનામું,
તું જ મારો સ્નેહ છે વીતરાગ,
તું જ મારો છે અનાદિ કાળનો ભવભેરું,
સાથ છોડી તે લીધું શિવરાજ... ॥૧॥
રાતદિવસ સાહિબા બસ તને ઝંખ્યા કરું,
ભક્તિ કેરી કુંજ ગલીઓમાં તને ગોત્યા કરું,
હવે વિરહ તારો હું નહીં રે સહીશ,
મારા હૃદયમાં ધ્યાન તારું ધરીશ... ॥૨॥
હારતો હું હોઉં જ્યારે, દાવ સંભાળી લેતો,
હો હજારો છેદ તો યે, નાવ ઉગારી લેતો,
હવે વિરહ તારો હું નહીં રે સહીશ,
તુજ ચરણે રહેવા શ્રમણ હું રે બનીશ... ॥૩॥

તારું મુખ દેખું તો નયનને, પરમ હર્ષ થતો,
તું મલકાય તો, આનંદ મારો, નિરવધિ બની જતો,
તું જો રાજી થઈશ તો મારો, આતમા રાજી થશે,
તું જો તાળી દઈશ તો મારું, ગીત આ ગાજી જશે,
હવે તારી-મારી દૂરી દૂર કરીશ,
હું ભક્તિયોગે તારા જેવો થઈશ,
હવે વિરહ તારો હું નહીં રે સહીશ,
અધ્યાત્મયોગે રાજ તારું લઈશ... ॥૪॥

(૭૯) પ્રભુને સર્વ સોંપીને...

(રાગ : યુગોથી હું પુકારું છું.../મુજે તેરી મહોબ્બત કા...)

પ્રભુને સર્વ સોંપીને, પ્રભુનું ધાર્યું થાવા દે,
પ્રભુની આ બદનબંસી, પ્રભુને તું બજાવા દે. ॥૧॥
પ્રભુના સૂરથી ન્યારો, કરે તું સૂર મમતાનો,
પ્રભુના સૂરમાં તારા, હૃદયનો સૂર મિલાવી દે. ॥૨॥
પ્રભુ શિરસ્વામી છે મોટો, પછી શો છે તને તોટો,
પ્રભુના અંકમાં બેસી, પ્રભુનું ધાર્યું થાવા દે. ॥૩॥
પ્રભુના જગત બાઝારે, બન્યો સેવક તું વ્યવહારે,
પ્રભુના નામ પર ત્યારે, નફો નુકશાન થાવા દે. ॥૪॥
પ્રભુની નાટ્યશાળામાં, બન્યો નરદેહ આ જ્યારે,
રમાડે ખેલ ખેલાડી, વૃથા શું તું કૂદે ત્યારે. ॥૫॥
ન ધાર્યું થાય તારું તો, ચિંતા તલભાર ના કરતો,
પ્રભુની એ જ છે ઇચ્છા, પ્રેમે સ્વીકાર તું કરજે. ॥૬॥

(૮૦) ફરું છું પહાડ ને જંગલ...

(રાગ : યુગોથી હું પુકારું છું...)

ફરું છું પહાડ ને જંગલ, કહો ને ક્યાં છુપાયા છો;
મનોહર મીઠડા મોહન, કહો ને ક્યાં છુપાયા છો... ॥૧॥
તૃષાતુર આંખડી મારી, તલસતી રાત દિન વ્હાણે;
નયનની દિલગીરી ખાતર, કહોને ક્યાં... ॥૨॥
ફરું હું ક્યાં સુધી વન-વન, પ્રતીક્ષા આપની પલ પલ;
ચાહું છું હું ઝલક તારી, કહોને ક્યાં... ॥૩॥
પ્રભુ ભીતર અગર બાહર, સમોસરણે કે મુક્તિમાં;
રમો છો શું આ બ્રહ્માંડે, કહોને ક્યાં... ॥૪॥
હૃદયના છો તમે સ્વામી, હટાવી દ્યો હવે અંતર;
કરી કરુણા હવે મુજ પર, કહો ને ક્યાં... ॥૫॥

(૮૧) બહુ આશ ધરીને નાથ...



બહુ આશ ધરીને નાથ, તમારે શરણે આવ્યો છું;
મુજ પાસ નથી કાંઈ નાથ, તમારે શરણે આવ્યો છું.. ॥૧॥
મેં શા અપરાધો કીધાં, મારા નાથે અબોલા લીધાં;
નથી વિરહ ખમાતો રાજ, તમારે શરણે આવ્યો છું. ॥૨॥
તમે છોડી ગયા મધદરિયે, હવે ધીરજ ના રહી હૈયે;
મન કરતુ બહુ કલ્પાંત, તમારે શરણે આવ્યો છું. ॥૩॥
રડી રડીને આંખો થાકી, હજુ કેટલી સજા છે બાકી;
મારા માફ કરો અપરાધ, તમારે શરણે આવ્યો છું. ॥૪॥

(૮૨) ભગવાન! હેં કહાં રે તું...



હૈ સુના યે પૂરી ધરતી તું ચલાતા હૈ,
મેરી ભી સુન લે અરજ મુઝે ઘર બુલાતા હૈ,

ભગવાન! હૈ કહાં રે તું, હે પ્રભુ હૈ કહાં રે તું,
હૈ સુના તું ભટકે મન કો રાહ દિખાતા હૈ,
મૈં ભી ખોયા હું મુઝે ઘર બુલાતા હૈ,
ભગવાન હૈ કહાં રે તું હે પ્રભુ! હૈ કહાં રે તું. ॥૧॥
મૈં પૂજા કરું યા સેવા કરું, યા દર્શ કરું દિન રે,
ના તું મંદિર મિલે, ના તું ગિરજે મિલે,
તુઝે ઢૂંઢે થકે મેરે નૈન (૩)
જો ભી રસ્મેં હૈં વો સારી મૈં નિભાતા હું,
ઇન કરોડો કી તરહ મૈં સર ઝુકાતા હું... ભગવાન૦॥૨॥
તેરે નામ કંઈ, તેરે ચેહરે કંઈ તુજે પાને કી રાહેં કંઈ,
હર બાર ચલા, ઔર તું ના મિલા,
તું કયા ચાહે મેં સમજા નહિં (૩)
સોચે બિન, સમજે જતન, કરતા હી જાતા હું,
તેરી જીદ સર આઁખો પર રખકે નિભાતા હું. ભગવાન૦॥૩॥



(૮૩) ભગવાન પધારે છે...

ભગવાન પધારે છે... ભગવાન પધારે છે...
કેસરભીની પગલી પાડી પુણ્ય વધારે છે.. ભગવાન...॥૧॥
વૃક્ષે વૃક્ષે ડાળ પાંખડી, ઝૂકી-ઝૂકીને રાહ જુએ,
રસ્તે રસ્તે તેજ ભરેલાં, દીવડા એની રાહ જુએ,
ફૂલો અણધાર્યા મહેકીને એની છડી પુકારે છે.. ભગવાન...॥૨॥
આજે છોડ ઉપરનાં મને કેમ ફૂલ દેખાય નહી;
પ્રભુનાં સ્વાગતમાં ફૂલોથી ડાળ ઉપર રહેવાય નહી.
ઉદય કહે, પ્રભુજીનાં પગલાં સહુના જનમ સુધારે છે. ભગવાન...॥૩॥

(૮૪) ભીની હૈ અઁખિયા...

ભીની ભીની ભીની ભીની ભીની હૈ અઁખિયા (૨)
સુમિરન સબ ઉપકાર તિહાં રે,
આનંદ અંસુઅન લીની હૈ અઁખિયા. ભીની...॥૧॥
મોહ મિથ્યાત્વ સે મુગતિ દી હૈ,
જૈસે અંધ કો દીની હૈ અઁખિયા. ભીની...॥૨॥
વિષયલગન કી અગન બુઝાઈ,
શીતલ શીતલ કીની હૈ અઁખિયા. ભીની...॥૩॥
પ્રભુ મિલે તો ખીલે હૈ અઁખિયા,
પ્રભુ નહીં તો ઝીની હૈ અઁખિયા. ભીની...॥૪॥
નંદપ્રભા કે રાજ રાજેશ્વર,
રુપ અનુપ રસ પીની હૈ અઁખિયા. ભીની...॥૫॥

(૮૫) મંદિર પધારો સ્વામી! સલુણા...

(રાગ : તેરે સૂર઼ ઔર મેરે ગીત...)

મંદિર પધારો સ્વામી! સલુણા, (૨)
તમારા વિના નાથ!...કયાંયે ગમે ના. મંદિર પધારો૦॥૧॥
અંતરની આંખેથી આંસુ વહે છે,
પ્રભુ મુખ જોવા આ દૃષ્ટિ ચહે છે.
હવે નાથ! ઝાઝું... તલસાવશો ના. મંદિર પધારો૦॥૨॥
સ્મરણ જન્મ જૂના સ્મૃતિ માંહે આવે.
નયન શોધતા તમને... પ્રભુ આદ્રભાવે,
કે મુખ પરથી દૃષ્ટિ... હટાવી હટે ના. મંદિર પધારો૦॥૩॥
હરખાતી પાંપણ પ્રભુ તમને જોઈ.
હવે દિન વિરહના વીતે રોઈ રોઈ,
વિયોગનું દુઃખ... આવું હશે ના. મંદિર પધારો૦॥૪॥

તમે જઈ વસ્યા સ્વામી! સ્વરુપ મહેલમાં,
રઝળતા રહ્યા અમે સંસાર વનમાં,
હવે નાથ! અંતરથી... અળગા થશો ના. મંદિર પધારો૦॥૫॥
પ્રભુ! અમને તારો ઉગારો ઉગારો,
મૂકી મસ્તકે હાથ પાર ઉતારો,
કૃપાવંતને ઝાઝું... કહેવું ઘટે ના. મંદિર પધારો૦॥૬॥



(૮૬) મા બનીને આવો પ્રભુજી...

મા બનીને આવો પ્રભુજી, મારે બાળક થઈ તને મળવું છે;
ખૂબ થયા એકઠાં આંસુઓ, મારે તારા ખોળે રડવું છે. ॥૧॥
ના પામ્યો હું હુંફ કે લાગણી, ના હાલરડા હૈયાનાં,
કો'ક દિવસ તો આવ પ્રભુ તું, હાલ પૂછવાં છૈયાનાં;
પલ બે પલ તારા વિરહમાં પાગલ થઈ મારે રડવું છે. ॥૨॥
જગત કહે છે તું જગ જનની, તું વાત્સલ્ય તણું ઝરણું,
તું જ હસાવે તું જ રડાવે, તું જ સકલ જગનું શરણું;
વત્સ બનીને વાત્સલ્ય પામવા, મારે જીવન તુજને ધરવું છે. ॥૩॥
માતાનું વાત્સલ્ય મળ્યું ના, એનું જીવન ઝેર બને,
તને ખબર શું પડે વિતરાગી, કેવી વેદના સહેવી પડે;
મા બનીને ખોળે લઈ લે, મારે પ્રેમથી હૈયું ભરવું છે. ॥૪॥



(૮૭) મારા તારણહાર...

તુજ વિણ મારું કોઈ ન બીજું, મારા તારણહાર (૨)
હો જેવો ગૌતમ સાથે કીધો,
એવો ચાહું સાથ મારા તારણહાર (૨) ॥૧॥

શાસ્ત્ર ધરમ હું કાંઈ ના જાણું, જાણું તારું નામ (૨);
હું કાચી માટીની કાયા, તું મારો ઘડનાર (૨). હો જેવો૦॥૨॥
તું વિણ મુજને કોણ તારશે, તું છે મારી આશ (૨);
તું એક જ સથવાર છે મારો, તું એક જ આધાર. હો જેવો૦॥૩॥
અન્નને વારિ વિણ પણ ચાલે, ચાલે ન તુજ વિણ નાથ (૨);
શ્વાસે શ્વાસે નામ છે તારું, તું જ છે મારો પ્રાણ (૨). હો જેવો૦॥૪॥

(૮૮) મારા વ્હાલા પ્રભુ!...

મારા વ્હાલા પ્રભુ!... ક્યારે મળશો મને?,
મારી આશા પૂરી... ક્યારે કરશો તમે? મારા વ્હાલા૦॥૧॥
કરુણાસાગર છે બિરુદ... તમારું પ્રભુ!,
કરુણા કરશો એ આશા... ધરું હું વિભુ!,
રાતદિવસ હું સમરું છું... પ્રભુ! તુજને. મારી૦॥૨॥
મારી કબૂલાત છે કે... હું પતિત પ્રભુ,
પણ પતિતોને તારનારો... એક જ તું,
પતિતપાવન બની... ક્યારે આવશો તમે? મારી૦॥૩॥
તુજને નીરખી શકું... એવી દૃષ્ટિ તું દે,
તુજને ઓળખી શકું... એવી શક્તિ તું દે,
તારી છાયાની માયામાં રહેવું ગમે. મારી૦॥૪॥





(૮૯) મારા હૃદય સિંહાસન પર...

(રાગ : ઈક પ્યાર કા નગમા હૈ...)

મારા હૃદય સિંહાસન પર, પ્રભુ! તું જ બિરાજે છે,
મને હર ક્ષણ એવું લાગે કે, તું મારી જ પાસે છે. મારા૦॥૧॥
ભલે આવે સમય કપરો, હું મોત નહીં માંગું,
જીવનની આ જંગ ભલે, એમાં હાર નહીં માનું,
તું મારો સારથી છે, હું તારે ઈશારે છું,
હવે હારું હું તો શાને, તું જો મારી જ સાથે છે. મારા૦॥૨॥
તેં જે જે કહ્યું કરવા, આ ભવમાં જ કરવું છે,
તારી આજ્ઞા પાળીને, ભવ પાર ઊતરવું છે,
તું મારો ખેવૈયો છે, હું તારે સહારે છું,
હવે ડૂબવું મારે શાને, તું જો મારી જ સાથે છે. મારા૦॥૩॥
તારા પંથે વિચરવામાં, હું સત્ત્વ નહીં હારું,
ભલે આવે કસોટી લાખ, તારો માર્ગ નહીં ત્યાગું,
તું પથદર્શક મારો, હું તારો પ્રવાસી છું,
હવે ભૂલો પડું શાને, તું જો મારી સમીપે છે. મારા૦॥૪॥
કુદરત જે કરાવે તે, મને મંજૂર છે સઘળું,
ભલે આવે પ્રતિકૂળતા, હું લઈશ બધું સવળું,
મને શાસન મળ્યું તારું, હું સદા તારો ઋણી છું,
હવે ડરવું મારે શાને, તું જો મારી જ પડખે છે... મારા૦॥૫॥



(૯૦) મારા હોઠે તમારું સ્મરણ....

(રાગ : એ માલિક તેરે બંદે....)

મારા હોઠે તમારું સ્મરણ, મને રાખો તમારે શરણ;
મને નિર્મળ કરો, અને નિર્ભય કરો, હું ઝંખું તમારા ચરણ. ॥૧॥
મેં અધર્મ ઘણોયે કર્યો, અરે પાપોથી પણ ના ડર્યો,

તું દયાળુ પ્રભુ, હું તારા પર નભું, તોયે ચોરાશી ફેરા ફર્યો,
મારા જીવનનું તરસ્યું હરણ...તમે દેજો કરુણા ઝરણ. મને૦॥૨॥
મારી ભૂલો મને યાદ છે, મધરાતે વલોપાત છે,
જીવ મારો બળે, આંસુમાં ઓગળે, હવે પસ્તાવો દિનરાત છે,
તમે સ્વામી! કરો અવતરણ...તારા પગલે થતું જાગરણ. મને૦॥૩॥
મહામૂલી હતી જિંદગી.. એની ચિંતા કરું ક્યાં લગી?
કંઠમાં પ્રાણ હો, અને શુભ ધ્યાન હો, બસ નાની શી છે બંદગી,
પુણ્ય ઉદયનું પહેલું કિરણ...મને મળજો સમાધિ મરણ. મને૦॥૪॥

(૯૧) મુશ્કિલ ડગર છે...

મુશ્કિલ ડગર છે લાંબો સફર છે, ચાહુ છું તારો સાથ,
ઝાલ્યો છે તારો હાથ મેં પ્રભુજી હવે ના છોડું સાથ,
તારી મારી જે પ્રીતિ છે, મુજને લાગે મીઠી છે,
આવી પ્રીતની ગાંઠો, જગમાં ક્યાંય ના બીજી રે... ॥૧॥
ચકોર ચાંદો જોઈને રાચે, મેઘ ને જોઇ મોરલો નાચે,
તેમજ જ્યારે તુજને નીરખું, મારું મનડું થૈ થૈ નાચે,
મારા રાજદુલ્હારા, મારી પ્રીતના ક્યારા,
મારા તારણહારા, મુજને પ્રાણથી પ્યારા,
હું તારો થઇ જાઉં, તું મારો થઈ જા,
બસ એટલું કરી આપ...ઝાલ્યો છે તારો... ॥૨॥
સતી સીતા ને લંકામાંથી, યુદ્ધ કરી શ્રી રામ બચાવે,
ગોકુલ જ્યારે પૂરમાં ડૂબે, ગિરિ ઉપાડી શ્યામ બચાવે,
મારો રામ તું છે, મારો શ્યામ તું છે,
દુનિયાના આ દુઃખોમાં મારો આરામ તું છે,
અનાથ બનીને રખડ્યો ઘણું હું,
હવે તું મળ્યો મને નાથ... ઝાલ્યો છે તારો... ॥૩॥



(૯૨) મુસાફરી...

(રાગ : લુકા છુપી...)

પંખીડો ક્યારે, ઉડી જશે,
કરેલું ભેગુ, છુટી જશે, પળમાં...
મુસાફરી ઘણી કરી, થાક્યો હવે આત્મા,
સ્વને ભૂલી, મજા માણી, વસવું છે જાતમાં,
પલટાઈ જશે, રંગો બધા, છુટી જશે, સંગો બધા, પળમાં...
પંખીડો ક્યારે... ॥૧॥

એક દિન ચાલી જવાનું રે, ના કુણ આવે હારે, સાથે લાકડા છે,
ખાલી આવેલા ઝોલા, ખાલી જ જવાના છે, યાદ રહે,
અંજલી જોડી, સહુ પાછા વડે, કોઈ સાથે આવે ના,
કોણ માતા, કોણ પિતા, કોઈ સાથે આવે ના,
પંખીડો ક્યારે... ॥૨॥

કદી તડકા ને કદી છાયડા, કદી આપત્તિ ને સજા,
કદી સાંજ હો'તો કદી સવાર, કદી સમ્પત્તિ ને મજા,
કર્મોતણી છે આ બધી લીલા, તું મુંઝાવે શા?
મંજિલ તારી, ખુદમાં તું પામે, ભટકી રહ્યો છે શા?
મુસાફરી ઘણી કરી, શરણે આવી છું નાથ,
સ્વને ભૂલી, મજા માણી, સ્વીકારી લેજે ને નાથ,
કઠિન લાગે છે, મારી ડગર, પાર કરૂં હું કિમ? તારી વગર હે નાથ!
પંખીડો ક્યારે... ॥૩॥

થાકી ગયી છું ઘણુ ભમીને રે,
હાથે ભરેલું પાણી, નિસરતુ જાય રે,
સાચો માર્ગ મુજને, મારા નાથનો જણાય રે,
આ મુસાફરીનો અંત અહીં છે, સ્વને પામવાની રાહ મળી છે...
પંખીડો ક્યારે... ॥૪॥

(૯૩) મેરા જીવન તેરી શરણ...

મેરા જીવન તેરી શરણ...
સારે રાગ વિરાગ હુએ અબ,
મોહ સારે ત્યાગ હુએ અબ;
એક યહી મેરા બંધન, મેરા જીવન...॥૧॥
અવિરત રહા ભટકતા અબ તક,
ભટકૂં ઔર અભી મૈં કબ તક,
પાલૂં કેવલ તુઝ કો હી પ્રભુ,
એક યહી હૈ મેરી લગન... મેરા જીવન...॥૨॥
તેરે ચરણોં પર હોં અર્પણ,
મેરે જીવન કે ગુણ અવગુણ,
સારી વ્યથાએં દૂર કરો પ્રભુ,
હો કુસુમિત મેરા નંદન... મેરા જીવન...॥૩॥

(૯૪) મેરે સાહેબ ને મુજકો

મેરે સાહેબ ને મુજકો બહોત કુછ દિયા
મેરે ઘટ ઘટ મેં બસિયા હૈ મોરા પિયા. ॥૧॥
દાતા હૈ સાહેબજી માતા હૈ સાહેબજી
મૈંને કુછ ના કિયા ઉસને સબ કુછ કિયા
મેરે સાહેબ ને મુઝ કો બહોત કુછ દિયા. ॥૨॥
પ્રીત સે પાયો પરમ પદારથ
મેરે સાહેબ હી હૈ મેરી દુનિયા
મેરે સાહેબ ને મુઝ કો બહોત કુછ દિયા. ॥૩॥
સાહેબ સુમિરન તીરથ સમ હૈ
બીતે સુમિરન મેં હી દિન ઔર રંતિયા
મેરે સાહેબ ને મુઝ કો બહોત કુછ દિયા. ॥૪॥

દેવર્ધિ મહાવીરજી કી દેખત હી રહિએ
નંદપ્રભા મેં વીરજી કો દેખત હી રહિએ
મેરી આંખોં મેં રોશન હૈ ઉસકા દિયા
મેરે સાહેબ ને મુઝ કો બહોત કુછ દિયા. ॥૫॥

(૯૫) યુગોથી હું પુકારું છું...

યુગોથી હું પુકારું છું, પ્રભુ ક્યારે કૃપા કરશો?
વિનંતી હું ગુજારું છું, પ્રભુ ક્યારે કૃપા કરશો? ॥૧॥
પ્રવાસી કોઈ જંગલમાં, સલામત આશરો શોધે,
ગરમ રણમાં તરુવરનો, મુસાફર છાંયડો ગોતે,
તમોને એમ ચાહું છું, પ્રભુ ક્યારે કૃપા કરશો? ॥૨॥
સમાવી લે સરિતાને સમંદર જે ઉમળકાથી,
તમે દિલમાં સ્વીકારી લો, મને એવી જ મમતાથી,
વિયોગે હું સુકાઉં છું, પ્રભુ ક્યારે કૃપા કરશો? ॥૩॥
જનેતા જેમ ડગમગતા, શિશુની આંગળી ઝાલે,
તમે આપો સહારો તો, સરળ મારી સફર ચાલે,
તમારો સાથ માંગુ છું, પ્રભુ ક્યારે કૃપા કરશો? ॥૪॥

(૯૬) રમે રોમ રોમ...

રમે રોમ રોમ, (૨) અરિહંત આતમ આધાર...
એના નામની આગળ બોલું ઓમ્ મળે ઊર્જા અપરંપાર...
સાહેબનો મહિમા ભારી, સાહેબની છે બલિહારી,
મારા સાહેબ છે જયકારી,
મારા સાહેબ છે મનહારી. સાહેબ... હો...॥૧॥
પ્રભુ તેજ તેજ અંબાર ઘરે, શ્રી નંદપ્રભા મહારાજ
રુપ રંગ અદ્ભુત અહો! ત્રણ ભુવન છે શિરતાજ... સાહેબ ॥૨॥

સાહેબ મારા સંગે પળેપળ રહે છે,
સાહેબના નામે ધારા અખંડ વહે છે,
સાહેબ અનંત ઉપકાર, સાહેબ હૈયાનો હાર...
શુભધ્યાન, પ્રણિધાન, સાહેબજી મુજને આપે,
ભગવાન, ગુણગાન, કરનારનાં દુઃખડાં કાપે... સાહેબ ॥૩॥
મીઠું મીઠું મલકાતું મુખડું રમે છે,પદ્માસન મુદ્રા હૈયે રમે છે,
આંખોનું તેજ અપાર,રમણીય રુપ ઉદાર...
એ અજરઅમર, એ ગગન શિખર, એ દેવોના અધિદેવ,
ધરે પરમ પ્રેમ, કરે સાચી રહેમ, દેવર્ધિ છે એકમેવ... સાહેબ ॥૪॥

(૯૭) રાત દિવસ ઉપકારો તારા...

રાત દિવસ ઉપકારો તારા, યાદ બહુ આવે;
રાતે ચમકતા લાખ સિતારા, યાદ બહુ આવે. ॥૧॥
તે તો માફ કરીને મારો, સહજ સ્વીકાર કર્યો છે,
પણ મુજને અપરાધો મારા, યાદ બહુ આવે. ॥૨॥
મારી નાનકડી દુનિયામાં, પગલાં તે પાડ્યા છે,
તારી આ કરુણાની ધારા, યાદ બહુ આવે. ॥૩॥
તારી યાદમાં ખૂબ રડ્યો છું, ત્યારે તું મળ્યો છે,
કો'ક દિવસ એ આંસુ ખારા, યાદ બહુ આવે. ॥૪॥

(૯૮) રોમે રોમે હું તારો...

રોમે રોમે... હું તારો... થતો જાઉં છું,
તારા પ્રેમમાં... પ્રભુજી! હું ભીંજાઉં છું... રોમે રોમે૦॥૧॥
હવે પરવડે નહીં... રહેવાનું તારાથી દૂર,
તારે રહેવાનું હૈયામાં... હાજરાહજૂર,
તારા સ્મરણોમાં... ખોવાતો જાઉં છું... તારા પ્રેમમાં૦॥૨॥

હવે જોડું ના જગમાં... હું નાતો કોઈથી,
મને વ્હાલો તું વ્હાલો તું... વ્હાલો સૌથી,
તારી નજરોમાં... નજરાતો જાઉં છું... તારા પ્રેમમાં૦॥૩॥
હવે શરણું લીધું છે તો... શત રાખજે,
તારા બાળકને તારા... ચરણે રાખજે,
વીતરાગી તારા.. થકી હું સોહાઉં છું... તારા પ્રેમમાં૦॥૪॥

(૯૯) લગની લાગી છે...

લગની લાગી છે, કે અગની જાગી છે, તારા મિલનની પ્રભુ...
પળેપળ ઝંખ્યા કરૂં તને, કે લગની લાગી છે...
ઘેલું લાગ્યું મુજને, હું ક્યારે તુજને ભેટું?
તારા પાવન ખોળે, મીઠી નિંદરમાં લેટું?
શમણામાં રોજ હું, રોજ હું, નિરખ્યા કરૂં તને... કે લગની૦॥૧॥
હળવા હળવા હાલે, આ હૈયાનાં ધબકારા,
ઘડીએ ઘડીએ દિલમાં, વાગે તારાં ભણકારા,
અંતરના ગોખમાં, ગોખમાં, કલ્પ્યા કરૂં તને... કે લગની૦॥૨॥
જાય ભલે જન્મારો, પણ ધીરજ હું ના હારૂં,
મરવાની વેળાએ, પણ તારૂં નામ પુંકારૂં,
જીવું હું જ્યાં સુધી, ત્યાં સુધી, સમર્યા કરૂં તને... કે લગની૦॥૩॥

(૧૦૦) લાવો અંતરમાં અંતરીક્ષજી...

સોંપી તારા ચરણમાં, સર્વસ્વ મારું, હવે આરામી ક્ષણો,
રહું તારા શરણમાં, બાળ બની હું, ખરી આનંદી ક્ષણો...
મારો આરામ તું, મારો વિશ્રામ તું, અંતરીક્ષ પાર્શ્વ પ્રભુ તું...
લાવો અંતરમાં.. અંતરીક્ષજી.. ગાવો અંતરમાં.. અંતરીક્ષજી..
ભાવો અંતરમાં.. અંતરીક્ષજી.. લાવો અંતરમાં.. અંતરીક્ષજી.. ॥૧॥

યાચે તારી કને, એને આવી મળે, ખોબે-ખોબે ભરીને દે તું,
મારો ધબકાર તું, મારો રણકાર તું, અંતરીક્ષજી પ્રભુજી તું...
રડી-રડીને આંખો મારી, યાચે ભાવથી દીક્ષા પ્યારી,
જે આવે સમીપે તારી, એના જાયે તો વિઘ્નો હરી,
વિઘ્ન હરનાર તું, સાચો દાતાર તું, અંતરીક્ષજી પાર્શ્વ પ્રભુ તું.
લાવો અંતરમાં...॥૨॥

તને દિલમાં ધરી, નૈયા પાર કરી, જાવું સંસાર સાગર તરી,
મારો આધાર તું, મારો સથવાર તું, અંતરીક્ષજી પાર્શ્વ પ્રભુ તું...
તારા યોગ ને પામી કરી, બની જાઉં સરીખો તરી,
સુણો પાસજી વાત જરી, તમે પરમ જગધણી,
તારો વારસ હું, મારો પારસ તું, અંતરીક્ષજી પાર્શ્વ પ્રભુ તું...
લાવો અંતરમાં...॥૩॥

(૧૦૧) વાલમ આવોને...



હું મને શોધ્યા કરું, પણ હું તને પામ્યા કરું,
તું લઈને આવે લાગણીનો મેળો...
સાથ તું લાંબી મજલનો, સાર તું મારી ગઝલનો,
તું અધૂરી વાર્તાનો છેડો રે...
મીઠડી આ સજા છે, દર્દોની મજા છે,
તારો વિરહ પણ લાગે વ્હાલો રે...
વાલમ આવોને આવોને, વાલમ આવોને આવોને,
માંડી છે લવની ભવાઈ...
હો તા થૈયા થૈયા તા થૈયા થૈ તા થૈયા થૈયા તા થૈ...
કે વાલમ આવોને આવોને, મન ભીંજાવું આવોને
કેવી આ દિલની સગાઈ, કે માંડી છે લવની ભવાઈ
હો તા થૈયા થૈયા તા થૈયા થૈ તા થૈયા થૈયા તા થૈ...

રોજ રાતે કે સવારે ચાલતા ફરતા,
હું અને તારા વિચારો મારતા ગપ્પા,
તારી બોલતી આંખો જાણે બોલતી વાતો,
હર વાતમાં હું જાત ભૂલું રે...
કે વાલમ આવોને આવોને, વાલમ આવોને આવોને,
માંડી છે લવ ની ભવાઈ...
હો તા થૈયા થૈયા તા થૈયા થૈ તા થૈયા થૈયા તા થૈ...
કે વાલમ આવોને આવોને, મન ભીંજાવું આવોને,
કેવી આ દિલ ની સગાઈ, કે માંડી છે લવ ની ભવાઈ...
હો તા થૈયા થૈયા તા થૈયા થૈ તા થૈયા થૈયા તા થૈ...
યાદોના બાવળ ને આવ્યા ફૂલ રે હવે,
જો આવે તો દુનિયા આખી ધૂળ રે હવે,
હો તા થૈયા થૈયા તા થૈયા થૈ તા થૈયા થૈયા તા થૈ...

(૧૦૨) શંખેશ્વર તું સહારો...

રાગ : ઝૂમે રે ઝૂમે.../તિરંગા...)

તારા જ નામે, જીવું છું સ્વામી, શ્વાસે-શ્વાસે સ્મરું છું...
તારા જ નામે, જીત છે સ્વામી, તારા જ નામે તરું છું...
શ્વાસોમાં તું છે ખ્વાબોમાં તું છે, મારા જીવનમાં તું જ રહે,
બસ તું જ રમે, બસ તું જ ગમે, એક સાચો સહારો તું છે,
તને ઈન્દ્રો નમે, તારા ચરણો ચૂમે,
આખી દુનિયા તુજને પૂજે રે... ॥૧॥
ઓ શંખેશ્વર તું સહારો, મારા વિઘ્નોને તું હરનારો,
જ્યારે પુકારું તુજને, તું હાથ મારો ઝાલે,
ડુબતી જીવન નૈયા, લાવી દે તું કિનારે,
સમતા સમાધિ શક્તિને તું દેનારો,
ગુણ-કીર્તિ આપી દિવ્ય જીવન કરનારો... શ્વાસોમાં...॥૨॥

આખી દુનિયા ભલે તરછોડે, મારે રહેવું છે તારા ખોળે,
શ્રદ્ધા છે એક મારી, તારા નામની ખુમારી,
મારા રોમે-રોમે વ્યાપે, બસ એક પ્રીતી તારી,
તારા નામની માળા શ્વાસે-શ્વાસે ચાલે,
સુખ દરિયા મારા હૈયામાં છલકાયે... શ્વાસોમાં... ॥૩॥

(૧૦૩) શ્વાસોની માળામાં સમરું હું...

શ્વાસોની માળામાં... સમરું હું તારું નામ,
બની જાઉં તારો પ્રભુજી!... કરુણાનિધાન! શ્વાસોની૦॥૧॥
શાસનની સેવા કરતો રહું હું, ચરણોમાં મસ્તક ધરતો રહું હું,
ભરી દે તું ઝોળી પ્રભુજી! ઓ પ્રભુજી! શ્વાસોની૦॥૨॥
ઇચ્છા છે મારી તારા જેવો થાવું, સંયમ સ્વીકારી મોક્ષે હું જાઉં,
તન મન મારું પ્રભુજી! તુજ પર કુરબાન. શ્વાસોની૦॥૩॥
કૃપા કરો એવી ખીલે સત્ત્વ મારું, છોડીને જંજાળ બની જાઉં તારો,
જે દિન હું વીસરું તુજને છૂટે મારા પ્રાણ. શ્વાસોની૦॥૪॥
ઝાલો મારો હાથ હું ભટકી ન જાઉં,
સુખોમાં રહી તુજને વીસરી ન જાઉં,
તારો સમજી મુજને આપી દે ચરણોમાં સ્થાન. શ્વાસોની૦॥૫॥



(૧૦૪) શ્વાસોમાં મારા સમાવું તુજને...

(રાગ : તેરે સંગ યારા...)

મારા નાથ હું તારો છું... મને સૌથી વ્હાલો તું...
તું સાથ રહે હરપળ... બસ એટલું માંગું છું...
શ્વાસોમાં મારા સમાવું તુજને... કેમ હું ચાહું આટલું તુજને.. ॥૧॥
તું મારી અધુરી પ્યાસ છે, મને હાશ છે તું પાસ છે,
મારી જિંદગીની એક તુંહી જ આશ છે.
તું દિલની આસપાસ છે, તું નથી તો બધુ આભાસ છે,
મારો સહુથી ખાસમખાસ બસ તું એક છે... શ્વાસોમાં૦॥૨॥
સ્નેહાળ મારી માત તું, ભવરણમાં શીતલ છાય તું,
હવે તુજ વિના રહેવાય ના... આધાર... તું...
મારા સપનામાં છલકાય તું, સ્મરણોમાં આવી જાય તું,
હવે તુજ વિના જીવાય ના...ધબકાર.. તું... શ્વાસોમાં૦॥૩॥
તને છોડીને કયાંય ભટકું નહિ, આ દુનિયામાં કયાંય અટકું નહિ,
તું ના મળે તો હવે ના જીવવું માહરે...
તને હવે કશું કહેવું નથી, તારા સાથ વિના મરવું નથી,
કહે તું હવે શું મુજને કરવું માહરે... શ્વાસોમાં૦॥૪॥
એવી રાત નથી કોઈ માહરી, જ્યાં યાદ નથી પ્રભુ તાહરી
મારી નીંદમાં પણ ભીતરે તું જાગજે,
તું રહેજે મારી સાથમાં, હું જીવું છું તુજ વિશ્વાસમાં,
જનમો જનમનો સાથ તું નિભાવજે... શ્વાસોમાં૦॥૫॥



(૧૦૫) સમયની આ સૂની સૂની...

(રાગ : તમે વ્હાલનો દરિયો અમે તરસ્યા વ્હાલીડા...)

સમયની આ સૂની સૂની સફરની ડગરને,
પગલું જડ્યું છે તારું આજ, હો...(૨)
વ્હાલાને શોધી રહ્યું આ બાળકને સૂનું સૂનું,
મનડું રહે છે આ ઉદાસ,
મેં તો દીવડા પ્રગટાવ્યા મારા રોમરોમમાં...
વેદના મારે હવે સહેવાય ના...
તારા દેહરેથી બોલાવજો, મુજ મનના મોહનિયા,
હવે જલદીથી તેડાવજો, મુજ મનના મોહનિયા...
હું દર્શનનો તરસ્યો, તમે મારા છો દરિયા,
હવે જલદીથી તેડાવજો, મુજ મનના મોહનિયા... ॥૧॥
તારી પ્યારી યાદોમાં, સમય રડી જાય તો,
વધુ દૂર મુજને ના તમે રાખજો...(૨)
પળપળ પાંપણથી વરસે, પ્રેમનો પ્રવાહ તો,
ભીંજાવું મુજને છે, દ્વારને ઉઘાડજો,
મને તારા ખોળે રમાડો, મારા મનડાની મૈયા, (૨)
પણ બાળનાં આંસુ લૂછજો, મુજ મનના મોહનિયા...
હું શ્રેયાંસ છું તારો, તમે ઋષભજી પ્યારા,
હું રાજીમતી તારી, તમે નેમજી પ્યારા,
હવે બાળનાં આંસુ લૂછજો,મુજ મનના મોહનિયા,
તારા દેહરેથી બોલાવજો, મુજ મનના મોહનિયા... ॥૨॥



(૧૦૬) સિદ્ધારથના રાજકુંવરનું...

સિદ્ધારથના રાજકુંવરનું અમે લીધું આલંબન...
જય જય ત્રિશલાનંદન... ॥૧॥
ગુલાબજળથી સ્નાન કરાવું, ચંદનલેપ લગાવું,
શીતલ શીતલ શાતા દેવા, કોમળ ફૂલ બિછાવું,
તમે અમારા લાડકવાયા,વહાલ કરું કે વંદન... જય૦॥૨॥
લાડ કરું તો નાના લાગો, નમન કરું તો મોટા,
કરુણાજળનો તમે સમંદર, અમે છીએ પરપોટા,
કેસર ઘોળી ચરણ પુજૂં કે, આંખે આંજુ અંજન... જય૦॥૩॥
પાંપણ વચ્ચે છબી તમારી, ધબકારામાં નામ,
પરોઢે તારું સ્મરણ કરું ને, રાતે તું જ વિરામ,
ઉદયરતનની આશા પૂરો, હે પરદુઃખભંજન... જય૦॥૪॥



(૧૦૭) સૂરજ કી ગરમી સે...

સૂરજ કી ગરમી સે જલતે હુએ તન કો,
મિલ જાયે તરુવર કી છાયા...
ઐસા હી સુખ મેરે મનકો મિલા હે
મેં જબ સે શરણ તેરી આયા... મેરે નાથ... ॥૧॥
ભટકા હુઆ મેરા મન થા કોઈ, મિલ ના રહા હો સહારા,
લહેરો સે ભરી હુઈ નાવ કો જૈસે, મિલ ના રહા હો કિનારા,
ઉસ લડખડાતી હુઈ નાવ કો જો, કિસીને કિનારા દિખાયા,
ઐસા હી સુખ મેરે મનકો મિલા હે... ॥૨॥
શીતલ બની આગ ચંદન કે જૈસી, કૃપા હો જો તેરી,
ઉજયારી પૂનમ કી હો જાયે રાતે, જો થી અમાવસ અંધેરી,
યુગ યુગ સે પ્યાસી મરુભૂમિને, જૈસે સાવન કા સંદેશ પાયા,
ઐસા હી સુખ મેરે મનકો મિલા હે... ॥૩॥

(૧૦૮) સ્પર્શે છે તારો પ્યાર...

(રાગ : કભી અલવિદા ના કહેના...)

તું પ્રભુ! જો સાથ હો, ડરવાની શું વાત હો
સુક્યા સહુ ભવસાગરો, તરવાની શું વાત હો
તારી આજ્ઞા પાલનમાં, ગુરુચરણોના આંચલમાં મુજને
સ્પર્શે છે તારો પ્યાર (૨), ઝંખુ છું તારો સથવાર. ॥૧॥
તું સાંપ છે તો, કાંચળી પ્રભુ હું,
તું આભ છે, હું વાદળી પ્રભુ;
મારા હૃદયના ધબકારાઓનો,
તું માત્ર એક કારણ પ્રભુ(૨). તારી૦॥૨॥
પલ-પલમાં તો, તું જ વસે છે,
હૃદયકમળમાં, તું શ્વસે છે;
આંખોથી વહેતા, આંસુઓની ભીતર,
સ્મિત થઈને તું હસે છે (૨). તારી૦॥૨॥

(૧૦૯) સ્વામી! તારા સ્નેહનો...

(રાગ : મૈંને પૂછા ચાંદ સે...)

સ્વામી! તારા સ્નેહનો મને ધરવ નથી, પ્યાસ છીપતી નથી,
થાય છે કે બસ! ઘૂંટ પીધા કરું... હજી... હજી... હજી... ॥૧॥
સ્નેહ તો મળ્યો મને ઘણાનો, પણ બધા સ્વાર્થના સગાનો,
આતમાનો એક તું સ્વજન છે, તારો મારો સ્નેહ છે સદાનો,
ભાવ જેમાં સ્વાર્થનો લગીર પણ નથી, એવા આ સંબંધની,
થાય છે કે બસ! ગાંઠ બાંધ્યા કરું.. હજી.. હજી.. હજી.. ॥૨॥
સૂર્યનાં કિરણ વધે ઘટે છે, મેઘરાજ પણ કદી રુઠે છે,
ધાન્ય આપનારી ધરતી માતા, કો'ક દિ તો ધાન્ય ચોરી લે છે,
રાત-દિન વહે છે તારા સ્નેહની નદી, ઓટ આવતી નથી,
થાય છે કે બસ! ડૂબકી માર્યા કરું.. હજી.. હજી.. હજી.. ॥૩॥

તારો સ્નેહ પાપથી બચાવે, ધર્મની પ્રવૃત્તિઓ કરાવે,
દ્વાર દુર્ગતિનાં બંધ કરીને, સદ્‌ગતિ ભણી સફર કરાવે,
દીપ જે જલે છે મુજને માર્ગ ચીંધવા, મંજીલે લઈ જવા,
થાય છે કે બસ! તેજ ઝીલ્યા કરું.. હજી.. હજી.. હજી.. ॥૪॥



(૧૧૦) હજી નયનોનાં દ્વારે...

(રાગ : અભી મુજમેં કહીં...)

હજી નયનોનાં દ્વારે, નીંદોમાં આવ્યા કરે તું પ્રભુ,
ભીની યાદોંને લાવે, ઊર્મિ જગાવ્યા કરે તું પ્રભુ,
હવે લાગે પ્રભુ! મારી સાથે છે તું,પળ પળમાં તમારી સુવાસ,
તને ચાહ્યા કરું, ગુણ ગાયા કરું, પ્રભુ તું છે મારી દુનિયા,
તારા ચરણે રહું, તારી પૂજા કરું, તારો સાથ ના છોડું જરા. ॥૧॥
યાદમાં દિનરાત આવો છો, ખુશીઓથી ભરો છો જીવન,
લાગણીનું એક મોજું થઈ, નવરાવી દો છો તન-મન,
પલ પલ હું તને ચાહું, તું માહરી જિંદગી છે,
પલ પલ રટણ તુજ નામની બસ એક બંદગી છે... હવે લાગે૦॥૨॥
મીઠાં મીઠાં આપનાં સ્મરણો, મ્હેંકાવી દે છે હર દિશા,
પ્યારા પ્યારા પ્રીતનાં ગીતો, અજવાળી દે છે હર નિશા,
તુજ નયનની આ દિવ્ય પ્રીતિ બાંધી છે,
અદ્‌ભૂત તારું રુપ નયનોને સજાવે છે... હવે લાગે૦॥૩॥

(૧૧૧) હમેં રાસ્તો કી...

(રાગ : સાગર કિનારે...)

હમેં રાસ્તો કી જરુરત નહીં હૈ,
હમે તેરે પેરો કે નિશાન મિલ ગયે હૈ,
તુમ્હીં સે જ્ઞાન કા દીપક જલા હૈં,
તુમ્હીં સે ઘનઘોર અંધેરા મીટા હૈં,
તુમ જો નહીં તો મેરા કુછ ભી નહીં હૈ. હમે૦॥૧॥
છાયે જો દિલ પે ગમ કા અંધેરા,
તન્હાઈઓને જબ મનકો ઘેરા,
ખિલતા સવેરા લેકર તું રુબરુ હૈ. હમે૦॥૨॥
કલિયોં મેં તું હૈ, ફૂલો મેં તું હૈ,
સાગર કી ઈક ઈક લહર મેં ભી તું હૈ,
કહીં ભી મૈં જાઉં બસ તું હી તું હૈ. હમે૦॥૩॥
આજ્ઞા કા પાલન, યહી મેરી પૂજા,
તુમ હી તુમ હો કોઈ ન દૂજા,
તુમ સે હૈ સબકુછ રોશન, કણ કણ મેં તું હૈ. હમે૦॥૪॥

(૧૧૨) હર શ્વાસમાં સ્મરું...

(રાગ : મૈં કભી બતલાતા નહીં...)

હર શ્વાસમાં સ્મરું તમને પ્રભુ , ઉચ્છ્વાસે તુજને મારા નાથ!,
શમણામાં તારી યાદો મને, આવીને ભીંજવે મારા નાથ!,
હું જાગું છું જ્યારે મારા નાથ!, મારા મસ્તકે હોયે તારો હાથ ॥૧॥
આધાર તું ધબકાર તું, મારા જીવનનો રણકાર તું મારા નાથ!,
ભીતરે તું અંતરે તું, રોમે રોમે તું હી જ તું મારા નાથ!,
આવ્યો છું તારા શરણે પ્રભુ!, સ્વીકારોને મુજને મારા નાથ!,
સાથી તું મારો એક પ્રભુ!, પકડી લ્યોને હાથ મારા નાથ!,
તને વીનવું તું સુણજે મારા નાથ!, મારા મસ્તકે૦॥૨॥

તું માત છે, તું તાત છે, તું ભ્રાત છે, તું શાત છે મારા નાથ!,
તું જ્ઞાન છે, તું ધ્યાન છે, તું શાન છે, તું જાન છે મારા નાથ!,
ચરણમાં મને આપજે શરણ, તારો જ છું હું મારા નાથ!,
અર્પણ તુજને જીવન મુજને, નિર્મલ કરોને મારા નાથ!,
હું જાગું છું જ્યારે મારા નાથ! મારા મસ્તકે૦॥૩॥
તું મારું ગીત, તું મારું સ્મિત, તું મારી પ્રીત,
તું મારી જીત મારા નાથ!,
તું શ્વાસ છે, તું પ્યાસ છે, તું ખાસ છે, તું આશ છે મારા નાથ!,
દિલમાં પ્રભુ! મારા મનમાં, સ્મરણોમાં વસજે મારા નાથ!,
મંગલં તું સર્વમંગલં, મારા જીવનનું મારા નાથ!,
હું જાગું છું જ્યારે મારા નાથ! મારા મસ્તકે૦॥૪॥

(૧૧૩) હું તને ક્યાં મળું?...

હું તને ક્યાં મળું? પ્રભુ! મને કહેને તું,
ક્યાં મારું આ દિલ ધરું? પ્રભુ! મને કહેને તું, ॥૧॥
મેં કર્યા ભવ ઘણા, તું ક્યાયે ના મળ્યો,
ગોતું છું ભવેભવે, તોયે તું ના જડ્યો,
આ ભવે જો તું મળે, વિયોગને વિસારી લઉં. ॥૨॥
જ્યાં હતી ધારણા, ત્યાં જોયો ના તનેં,
ક્યાં તું છુપાયો છે, કોણ કહે મને?
તું જ થા પ્રગટ પ્રભુ! જીગરમાં છુપાવી લઉં. ॥૩॥
જે ક્ષણે મિલન થશે, તુજ સાથે ઓ પ્રભુજી,
ભવચક્રની આ ઘડી, અતુલ્ય હશે પ્રભુજી,
કેટલી રાહ બાકી હવે, રહેમ કરને મુજ પર... ॥૪॥

(૧૧૪) હું તને સમજાવું શું?...

(રાગઃ મેં તેનું સમજાવા કી...)

હું તને સમજાવું શું ? ન તુજ વિના ઠરતો હું,
તું શું જાણે પ્રીત મારી ? જોઉં હું રાહ તારી,
તું નાથ ને સાથ મારો,
હું તને સમજાવું શું ? ન તુજ વિના ઠરતો હું... ॥૧॥
મારા હૈયે શોધી લીધી છે, તુજ હોવાની સુવાસ,
તું જો મારી સાથે રહે તો, એ મારો અભિલાષ,
જીવન મારું હોયે, સઘળું તારું, હું શું કરું બીજું?
સાચી પ્રતીત મારી, જોઉં હું રાહ તારી,
તું નાથ ને સાથ મારો... હું તને...॥૨॥
આ નથી થતું સારું હવે, તું મારાથી દૂર રહે,
હું નિશદિન દર્શન વિના (૨), મારી આંખોથી આંસુ વહે...
તારા વિના ક્યાં હું જાઉં? મારા હૈયાના શ્વાસ!
તારા ચરણે શરણું મારું, એ મારો વિશ્વાસ,
તારી કૃપા હોયે, મંડન મારું, કરતી રહે,
ખૂટે ન હામ મારી, જોઉં હું રાહ તારી,
તું નાથ ને સાથ મારો... હું તને... ॥૩॥





(૧૧૫) હું તારો તું મારો...

(રાગ : સબ તેરા...)

તારું ને મારું હો મિલન, કે ઝંખે છે મારાં આ નયન,
શ્વાસોમાં તારું છે રટન, ઝંખું છું તારું જ શરણ,
હું તો તારા પ્રેમમાં છું ખોવાયો, તારા રંગમાં છું રંગાયો,
ના થાજે દૂર કદી... હું તારો તું મારો... હું તારો તું મારો... ॥૧॥
શું વાંક છે ગુરુ મારો, વચનોથી વંચિત રાખ્યો,
નિયતિનો શું છે ઇશારો, બસ મૌનનો યોગ પામ્યો,
એક વાર આવીને મુજને, મારા નામથી તો પુકારો,
અમૂલ્ય એ ક્ષણની મુજને, ક્યારેક તો ભેટ આપો...
તારો મારો પ્રેમ તો છે સવાયો, તારા મૌનમાં છું ભીંજાયો,
ના થાજે દૂર કદી... તું મારો હું તારો... હું તારો તું મારો... ॥૨॥
તું સૂરજ ને હું તારી રજ, કહું છું તુજને દિલની અરજ,
તું તારણને મારું શરણ કે મળે તુજ હસ્તે રજોહરણ,
અંતેવાસી થવાને તારો, એકાંતે કરુણા કરજો,
સર્વાંશે બનું અંશ તારો, હવે આવી ને મુજને તારો,
હું છું તારા વ્હાલામાં સૌથી વ્હાલો, તારો શિષ્ય સૌથી નિરાલો,
ના થાજે દૂર કદી... હું તારો તું મારો... હું તારો તું મારો... ॥૩॥
આપીને તારી ઓળખ, તુજ અંતરમાં વસાવ્યો,
અદૃશ્ય કૃપા વહાવી, તું દૂર જઈને છુપાયો,
રડતો રહ્યો છું હું ભવમાં, ક્યાં તારું સરનામું શોધું,
તારા ચરણે ભેટ ધરવા, મારામાં કાંઈ ના મારું,
તું છે મારો તીર્થ ને તીર્થંકર, બની જાઉં તારા માટે હું ગણધર...
ના થાજે દૂર કદી... તું મારો હું તારો... હું તારો તું મારો... ॥૪॥
ના દૂર તુજથી હું રહું કે, ના દૂર મુજથી તું થજે,
તારા જેવો હું બનું, કૃપા તું એવી કરજે,
હું તો બસ તારા ગુણોનો ગ્રાહક, તારા જ ગુણોનો ચાહક,
ગુણોનો વાહક બનું... તું મારો હું તારો... હું તારો તું મારો. ॥૫॥

(૧૧૬) હું દાસ તમારો છું...

(રાગ : જબ કોઈ બાત બિગડ જાએ...)

હું દાસ તમારો છું, તમારે શરણે આવ્યો છું,
તમે દિલમાં ધરજો ને, રાખીને નેહ,
દીવાનો હું તમારો છું, તમારો પ્રેમ ચાહું છું,
તમે દિલમાં ધરજોને, રાખીને નેહ... ॥૧॥
નયનમાં આવજો પ્યારા, તમારો વાસ ત્યાં કરજો,
તમારા દર્શને ભીના, તમે એને પ્રભુ કરજો... ॥૨॥
વરદાન એ દેજે, હૃદય એવું મને દેજે,
છલોછલ ભક્તિથી એને, ભરેલું તું પ્રભુ! કરજે... ॥૩॥
ઊંડા અંધારથી મુજને, પ્રકાશે તું પ્રભુ લઈ જા,
ઝલક તારી પ્રભુ! મુજને, એકાંતે આવી તું દઈ જા... ॥૪॥
ખાલી છે મારું આ જીવન, સુનૂં છે મારું આ અંતર,
કહું છું તુજને વ્હાલા!, હવે તું પાસ આવી જા... ॥૫॥

(૧૧૭) હું બાળ તમારો છું...

હે જિનેશ્વર... હે પરમેશ્વર... હે વ્હાલેશ્વર...
હે દીનબંધુ... હે જીવબંધુ... હે જગબંધુ ...
તારણહારા... પાલનહારા... રક્ષણહારા મારા....
પ્રીતમ પ્યારા... વ્હાલમ વ્હાલા... મોહનગારા મારા...
હું બાળ તમારો છું, તમારો વહાલ ચાહું છું,
તમે રાખજો માથે હાથ, તમે બનજો મારી માત,
તમારો પ્રેમ ચાહું છું... હું બાળ...॥૧॥
વ્હાલો પ્યારો મીઠો મારો, ઉપકારી જિણંદ,
ખોળે પોઢાડી આપે, આતમનો આનંદ,
તેં ખૂબ દીધો મને પ્રેમ, એનો આભાર માનું છું હું બાળ...॥૨॥

રાગ તોડી વૈરાગ્ય જગાડે, એવો તારો સ્નેહ છે,
કાઢો કષાયો ઉરના ભયવં! મમ મુંડાવેહ,
રહેવા સદ્ગુરુ સંગાથે, હવે સંયમ યાચું છું... હું બાળ...॥૩॥

(૧૧૮) હું મીરા હું રાધિકા...

હું મીરા હું રાધિકા, તું શ્યામ છે પ્રભુ!
હું સીતા તું રામ તું વિરામ છે પ્રભુ!
માત્ર તારા પ્રેમથી નભું (૨) હે પ્રભુ... ॥૧॥
મારા હૃદયમાં જે સદ્ભાવના,
તે તારી દયાના અમીછાંટણા;
હું તરસને પાણી તારું નામ છે પ્રભુ,
હું નીરસને તું જીગરની હામ છે પ્રભુ... ॥૨॥
મોતમાં એ ઓથ તું, મોત પછી સાથ તું,
હું પડું તો હાથ તું, હૈયું સાચી વાત તું,
હું દિવસનો થાક છું, પૂર્ણિમાની રાત તું,
પ્રભાત હું નિરાત તું, વ્હાલભરી વાત હું
હું આયખું ને શ્વાસ તારો પ્રેમ છે પ્રભુ,
હું ગરીબની દ્રષ્ટિ તારી રહેમ છે પ્રભુ....
ભીનું ભીનું હૈયું ને ભાવની ભીનાશ,
પ્રભુને રીઝવવો એક છે પ્રયાસ;
આવી જા ને પાસ લઈ લે બાથમાં પ્રભુ,
ભૂલી જા ને ભૂલ બધી અકળાવ ના પ્રભુ... ॥૩॥
રાગ-દ્વેષને અહંકાર નડે,
આતમા મારો ચકરાવે ચડે;
હું પર્યાપ્ત છું ને મારો પંથ તું પ્રભુ,
તું વિરાટ વિશ્વ તારો અંશ હું પ્રભુ... ॥૪॥

(૧૧૯) હૃદય મંદિરના મારા દેવ...

(રાગ : નયનને બંધ રાખીને...)

હૃદય મંદિરના મારા દેવ મેં તો, તમને માન્યા છે;
નજરમાં હો ભલે લાખો, હૃદયમાં તમને રાખ્યા છે. ॥૧॥
સાંનિધ્ય હો ભલે ના હો, પરંતુ સ્નેહ છે સાથે;
શ્રદ્ધાના સેતુએ મને, આપ સાથે જોડી રાખ્યા છે. ॥૨॥
આજ સુધી મને નહોતી, મારા અસ્તિત્વની ખબર;
જાણી લીધું છે મેં, સઘળું જ્યારથી, તમને જાણ્યા છે. ॥૩॥
અનરાધાર વરસે છે, આપના આશિષો મુજ પર,
આપની કૃપાનાં ફળ, સમયે સમયે, મેં તો ચાખ્યા છે. ॥૪॥
તમારી સ્તુતિ કરવામાં પડે છે, શબ્દો પણ ઓછા;
આ જ કારણથી મારા, મનના ભાવો, તમને સોંપ્યા છે. ॥૫॥
કરું હું આપ ચરણોમાં, સમર્પણ આયખું આખું;
આપના ઋણ સામે, તોય મૂલ્ય, ઓછા લાગ્યા છે. ॥૬॥
આપ ભગવાન છો મારા, ને સેવક આપનો હું છું;
આપ સાથે, ઋણાનુબંધ ભવોભવ, મેં તો માંગ્યા છે. ॥૭॥

(૧૨૦) હે ઉપકારી કૃપા વરસાવો...

(રાગઃ રામ કરે ઐસા હો જાયે)

હે ઉપકારી, કૃપા વરસાવો, સિદ્ધશિલાએ, મને તેડાવો,
રાહ જોવું... રાહ જોવું, પ્રભુ આવશે ને લઈ જાશે... ॥૧॥
જન્મોની પ્રીતિ મારી, આંખો બોલે, આંસુઓનાં સાગર છલકે,
યુગ-યુગનાં સ્વામી તમે, હૈયું બોલે, પ્રીતમાં મારૂં મનડું ડોલે,
હૈયું મારૂં હવે નહી વશમાં,
ઓ ભગવંત મને, પાસે બોલાવો, સિદ્ધશિલાએ, મને તેડાવો,
રાહ જોવું... રાહ જોવું, પ્રભુ આવશે ને લઈ જાશે... ॥૨॥

તારો મારગ લાગે મને, પ્યારો પ્યારો, આપો મને વેશ તમારો,
પાપ નથી રે કરવા મારે, આ જીવનમાં, સંયમ કેરા ભાવ પ્રગટાવો,
મારગ સાચો આ જગમાં, મળજો મને આ ભવમાં,
ઓ વીતરાગી, રાગ તોડાવો, વૈરાગીનાં ભાવ પ્રગટાવો,
રાહ જોવું... રાહ જોવું, પ્રભુ આવશે ને લઈ જાશે... ॥૩॥
તારા વિનાનું જીવતર લાગે, સુનું-સુનું, હૈયું મારૂં રૂદન ભીનું,
પ્રભુ નથી તો કાંઈ નથી રે, આ જીવનમાં, તારી સાથે તાર જોડાણું,
તારી પ્રીતિ એકજ સાચી,
ઓ ભગવંત મારા, ભાવ પ્રગટાવો, સિદ્ધશિલાએ, મને તેડાવો,
રાહ જોવું... રાહ જોવું, પ્રભુ આવશે ને લઈ જાશે... ॥૪॥

(૧૨૧) હે જીરાવલા! તું...

હે જીરાવલા! તું મનમાં સમાતો...
મને યાદ આવશે, તારી ગમતી વાતો...
તારી આંગી ઊતરે, તું લાગે મજાનો;
ને આંગી ચડે ત્યાં, તું લાગે અજાણ્યો.
પળ પળ રુપ પલટે, હર ક્ષણ તું મલકે;
આ પ્રેમરમતમાં, મારી આંખો છલકે.
આ ફરક હવે ના, કેમે ભુલાતો... મને૦॥૧॥
મેં ચંદ સમય જે, તુજ સાથે ગાળ્યો;
પણ આંખ ખૂલી ત્યાં, બસ તુજને ભાળ્યો.
તને પ્રેમ કરીને, અમે અહીંથી જાશું;
આ રંગમહેલમાં, હવે સ્મિત ને આંસુ.
આ વિરહ હવે ના, અમથી ખમાતો... મને૦॥૨॥
મરુધરમાં સ્વામી! તું શીતળ છાંયો;
તું ભીડ વચાળે, હું એકલવાયો.

હું ચરણકમળમાં, પ્રતિપળ રહેવાનો;
તું હૃદયકમળમાં, હરપળ રહેવાનો.
આ ઉદય કદી ના, ભૂલશે આ રાતો... મને૦॥૩॥

(૧૨૨) હે ત્રિશલાના જાયા!...

હે ત્રિશલાના જાયા! માંગું તારી માયા,
ઘેરી વળ્યા છે મુજને મારા, પાપોના પડછાયા. હે ત્રિશલા૦॥૧॥
બાકુળાના ભોજન લઈને, ચંદનબાળા તારી (૨)
ચંડકૌશીના ઝેર ઉતારી, એને લીધો ઉગારી (૨)
રોહિણી જેવા ચોરલુંટારા, તુજ પંથે પલટાયા. હે ત્રિશલા૦॥૨॥
જુદા થઈને પુત્રી જમાઈ, કેવો વિરોધ કરતાં?
ગાળો દે ગોશાળો તોયે, દિલમાં સમતા ધરતા,
ઝેરના ઘૂંટડા ગળી જઈને, પ્રેમના અમૃત પાયાં. હે ત્રિશલા૦॥૩॥
સુલસા જેવી શ્રાવિકાને, કરુણા આણી સંભારી,
વિનવું છું હે મહાવીર સ્વામી, લેશો નહિં વિસારી,
સળગતાં સંસારે દેજો, સુખની શીતળછાયા. હે ત્રિશલા૦॥૪॥

(૧૨૩) હે દીનબંધુ! હે દીનાનાથ!...

હે દીનબંધુ! હે દીનાનાથ!, તેરી દયા સે સબ હૈ સનાથ!;
જપું નામ... પ્રભુ નામ... રટું નામ... પ્રભુ નામ... ॥૧॥
પ્રભુ નામ હૈ તેરો સાચો, જો પાર લગા દે ભવ ફેરો;
મૈં તેરા હું તું હિ સંભાલ... તેરી દયા સે સબ હૈ સનાથ.. ॥૨॥
દોર જીવન કી તેરે હવાલે, તું ચાહે બિગાડે સંવારે;
મૈં તેરા હું તું હિ સંભાલ... તેરી દયા સે સબ હૈ સનાથ... ॥૩॥
જીવન કી સરગમ તું હી, મધુરા ગીત પ્રભુ! તું હી,
મૈં તેરા હું તું હિ સંભાલ... તેરી દયા સે સબ હૈ સનાથ... ॥૪॥

(૧૨૪) હે પ્રભુ! હે પ્રભુ!...

(રાગ : જય ગણેશ (૨) દેવા...)

હે પ્રભુ! હે પ્રભુ! ખૂબ ચાહું તને,
આપ દૂરે રહો એ ન ફાવે મને... ॥૧॥
આંખ શ્યામલ પ્રભુ ને ગુલાબી ગાલ છે,
આભમાં વાદળાં એટલું વ્હાલ છે,
નાથ! જોવા તને દેવો પણ થનગને... આપ દૂરે રહો૦॥૨॥
તારા હોઠે પ્રભુ! સ્મિત એવું વસે,
ફૂલ પણ જોઈને ખૂબ મીઠું હસે,
ફૂલ કહે નાથ! મને આપ રાખો કને... આપ દૂરે રહો૦॥૩॥
તારા શ્વાસોની સુગંધને માણતા,
એટલે ફૂલ શરમાઈ રાતા થતા,
ફૂલ કહે નાથ! અમે છોડ્યું મધુવનને... આપ દૂરે રહો૦॥૪॥
તારું રુપને સ્વરુપ જોઈ આંખો ઠરે,
એવું લાગે પ્રભુ મારી ચિંતા હરે,
એક અરમાન મને રાખ તારી કને... આપ દૂરે રહો૦॥૫॥



(૧૨૫) હે વીર મહાવીર...

હે વીર મહાવીર, હે વીર મહાવીર,
જગમાં સાચું તારું નામ, હે વીર મહાવીર (૨) ॥૧॥
તું છે માતા, તું જ પિતા છો (૨)
તું તો છે તારણહાર, હે વીર મહાવીર (૨) ॥૨॥
તું અંતર્યામી, જગનો સ્વામી (૨)
તારા ચરણોમાં મોક્ષ ધામ, હે વીર મહાવીર (૨) ॥૩॥
તું તો નૈયા, જીવતરની હંકારે (૨)
તું ઉગારે તું સંભાળે, હે વીર મહાવીર (૨) ॥૪॥
તું જગત્રાતા, વિશ્વ વિધાતા (૨)
તું તો છે હૈયાનો હાર, હે વીર મહાવીર (૨) ॥૫॥
હે વીર મહાવીર... હે વીર મહાવીર...
હે વીર મહાવીર... હે વીર મહાવીર...

(૧૨૬) હોઠ કરે છે તારું કીર્તન...

હોઠ કરે છે તારું કીર્તન, હૈયે રહે છે તારું ચિંતન...
પરમ પિતા તું પાવન પાવન... ॥૧॥
પરમેશ્વર તું પુણ્ય નિકેતન, તું છે આંખોનું આકર્ષણ;
તું છે આતમનું આલંબન... ॥૨॥
પ્રીતમ તું છે પરદુઃખભંજન, સુખ છલકાવે છે તુજ દર્શન;
પાપ મિટાવે તારું પૂજન... ॥૩॥
પ્રભુ! તું પૂર્ણ આનંદ સંવેદન, ક્ષણક્ષણ તુજને યાદ કરે મન;
નંદપ્રભાના નાથ નિરંજન... ॥૪॥

નમો આદીશ્વરમ્

(૧) અંતરની અયોધ્યાનો રામ છે...

અંતરની અયોધ્યાનો રામ છે, મનની મથુરાનો શ્યામ છે,
દાદા આદેશ્વરનો દરબાર છે, શત્રુંજયનો શણગાર છે. ॥૧॥
મારા જીવનની તું તો આંખ છે, તારા વિના જીવન રાખ છે. ॥૨॥
મૂર્તિ તારી અલબેલી છે, જીવનનો તું તો બેલી છે. ॥૩॥
આંખો તારી કામણગારી છે, તારા પર દુનિયા વારી છે. ॥૪॥
કરુણા તારા હૈયે અપાર છે, તુજથી સહુનો બેડો પાર છે. ॥૫॥

(૨) આદિનાથ દાદા મારે હૈયે વસોને...

(રાગઃ તાકતે રહતે તુજ કો શામ સવેરે..)

આદિનાથ દાદા મારે હૈયે વસોને, હૈયે વસોને મારા દિલમાં વસોને,
ગિરિરાજના આદિનાથ, મારે હૈયે વસોને નાથ,
સિદ્ધાચલના આદિનાથ, મારે હૈયે વસોને નાથ... ॥૧॥
તારી કૃપા જો મુજને મળશે, ભવોભવના મારા ફેરા ટળશે,
જિનવાણીનું શ્રવણ કરીને, સમ્યક્દર્શન મુજને મળશે,
તારા જેવા પ્રભુ મારે થાવું
દુર્ગતિમાં મારે નથી જાઉં...(૨)... ગિરિરાજના૦॥૨॥
મારા જીવનમાં, મારા નયનમાં, મારા હૃદયમાં વસજો તમે,
સ્મરણ તમારું, રટણ તમારું, શરણ તમારું મળજો મને,
આ ભવ મળીયા, પરભવ મળજો,
સેવા તમારી દાદા ભવોભવ મળજો...(૨) ગિરિરજના૦॥૩॥



(3) ઋષભજી બોલાવે...

(રાગ : ધીરે ધીરે બોલ કોઈ સુન ના લે...)

ઋષભજી બોલાવે છે, એના સપના આવે છે,
જે એના થઈ જાવે છે, એના એ થઈ જાવે છે,

ઋષભજી...॥૧॥

સપનામાં એનાથી વાતો થાય, આંખ ખૂલે ત્યાં સૌ પહેલા દેખાય,
હોઠ ને હૈયું એના ગીતો ગાય, એના નામ-સ્મરણથી સઘળું થાય..
એ આવશે... કોઈ પણ રીતે, એની યાદમાં રાતો વીતે,
અધરાતે હરખાવે છે ને મધરાતે મલકાવે છે,

ઋષભજી...॥૨॥

એનો એક ભરોસો સાચો થાય, એની પાસે હૈયું આ ખોલાય,
આમ જુઓ તો દૂર રહે છે ક્યાંય, આમ તો જાણે સાવ સમીપ કહેવાય..
એ ત્યાં રહે, હું અહીં રહું, તો પણ સુણે, હું જે કહું,
પછી એક ઇશારે આવે છે ને હળવેથી સમજાવે છે,

ઋષભજી...॥૩॥

દાદા એના આંગણ બેસાડે, સાંજ સવારે રાત અને દા'ડે,
મુશ્કેલીમાં મારગ દેખાડે, હાથ ઝાલીને મંદિર પહોંચાડે..
પગલું મુકું, રસ્તો જડે, રસ્તે ચડું મંઝિલ મળે,
ગિરિરાજના દર્શન પાવે છે એ પુણ્ય ઉદય પ્રગટાવે છે,

ઋષભજી...॥૪॥



(૪) ગિરિવર પર બેઠા છે...

(રાગ : એક દિન બિક જાયેગા...)

ગિરિવર પર બેઠા છે, આદિનાથ ભગવાન,
અનંતા સિદ્ધો છે, કરુણા નિધાન,
યાત્રા કરતા ગિરિવરની, ખપે કર્મ અમાપ,
નમો સિદ્ધાણંના ચાલે, મનમાં અજપા જાપ,
ગિરિવર પર બેઠા છે... યાત્રા કરતા...॥૧॥

અર્હમ્ સિદ્ધં ને વંદના...
પાંચ પાંડવો વીસ કરોડની સાથે સિદ્ધ્યા,
સત્તર કરોડની સાથે અજિતસેન મુક્તિએ પહોંચ્યા,
પાંચ કોટીશું ભરતરાય ને તેર કરોડ,
સોમયશા સિદ્ધ્યા વંદુ હું બે કર જોડ,
મારે પણ જોવો છે, સિદ્ધોનો પ્રદેશ,
સિદ્ધો ની કરુણાઓ, છૂટે રાગ ને દ્વેષ... યાત્રા કરતા...॥૨॥

એક કરોડ બાવન લાખ, પંચાવન હજાર,
મુનિવર પહોંચ્યા કર્મ ખપાવી મુક્તિ મોઝાર,
શાંતિ પ્રભુ ગિરિરાજ પર ચૌમાસુ કીધું,
કૈં કેટલાએ જીવોએ આત્મકલ્યાણ લીધું,
પ્રભુ હું કેમ રહું, આ સળગતે સંસાર,
જાવું મારે મોક્ષમાં વરસાવો અમીધાર... યાત્રા કરતા...॥૩॥

રામ ભરત તો ત્રણ કરોડની સાથે સિદ્ધ્યા,
સાગર ને ધીસાર એક કરોડશું સિદ્ધ્યા,
કદંબ ગણધર એક કરોડશું પામ્યા મુક્તિ,
આસો સુદ પૂનમના ત્રેસઠ કરોડની સિદ્ધિ,
લાગી છે લગની મુજને, મુક્તિ કેરી નાથ,
આદિનાથ દાદા મારો, હવે તો પકડો હાથ.. યાત્રા કરતા...॥૪॥

અણુ પરમાણુ શિવ બની જાયે પ્રાર્થના મારી,
આખા વિશ્વનું મંગલ થાયે લબ્ધિ તુમારી,
સર્વે જીવો મોક્ષે જાયે વિક્રમ કરીને,
પદ્મનંદીની નિર્મલ ભાવના દિલમાં ભરીને,
અજિતયશસૂરિના હૈયે, એવો છે ઉમંગ,
મુક્તિ દેનારો સહુને, ચઢજો ભક્તિ રંગ... યાત્રા કરતા... ॥૫॥

(૫) જેની કીકી કાળી છે...

(રાગઃ ક્યા ખૂબ લગતી હો...)

જેની કીકી કાળી છે... ને આંખ રુપાળી છે,
આદીશ્વરનું મુખ મલકતું, રુપની પ્યાલી છે;
મંદિરોની નગરીમાં જાહોજલાલી છે... જેની૦॥૧॥
મરુદેવા મા હરખાવે.. હરખાવે,
પુંડરિક સ્વામી જેની આંખમાં આંખ મિલાવે;
શેત્રુંજી નદીનાં પાણી... હાં પાણી,
લઈ આવે ને, સંઘ તને નવરાવે;
એનાં ઉપર છાયા કરવા, રાયણ ડાળી છે...
મંદિરોની નગરીમાં જાહોજલાલી છે... જેની૦॥૨॥
અહીં કહેનારા છે ઝાઝા... હાં ઝાઝા,
સાંભળનારા એક ઋષભ મહારાજા;
કોઈ વાતો કરતું ગાતું... હાં ગાતું,
કોઈ મારા જેવું આંસુમાં અટવાતું;
સાર કરે, સંભાળ કરે, એની પ્રીત નિરાળી છે...
મંદિરોની નગરીમાં જાહોજલાલી છે... જેની૦॥૩॥
તમે શ્વાસ લઈને બેઠાં... હાં બેઠાં,
પણ મારા તો શ્વાસ થઈને બેઠાં;
તુજ દ્વારે બજે શહેનાઈ... હાં શહેનાઈ,

મારા હૈયાની ઋષભ સંગ સગાઈ;
ઋષભકથા તો ઉદયરતનને વ્હાલી વ્હાલી છે...
મંદિરોની નગરીમાં જાહોજલાલી છે... જેની૦॥૪॥



(૬) દિલ મેં બસ જાઓ આદિનાથ દાદા...

(રાગ : ભર દો ઝોલી મેરી...)

દિલ મેં બસ જાઓ આદિનાથ દાદા,
તેરે બિન જિંદગાની અધૂરી...
મૈં હું બાલક મુઝે અપના લે, અપને દિલ મેં મુઝે તું સમા લે,
ગુનાહ મેરે સબ તું મીટા દે, તેરે જૈસા મુઝે તું બના દે,
આયા હું આજ ના, જાઉંગા ખાલી,
ભર દો નાથ મેરી, છોટી સી ઝોલી,
સિર પર રખ દો મેરે અપને દોનો હાથ,
અબ તો સુન લો, મેરી યહ બિનંતિ. તેરે બિન૦॥૧॥
તેરી પૂજા સે ખુશીયાઁ મૈં પાઉઁ પ્રભુ,
મેરી ભક્તિ સે તુજકો રીઝાઉઁ પ્રભુ,
દીવાના તેરા મૈં બના હું પ્રભુ,
તુજકો હી સદા ચાહતા હું પ્રભુ,
મૈં હું પ્યાસા મુઝે આજ અપના પ્યાર દે,
અબ સહી ના જાયે યહ દૂરી. તેરે બિન૦॥૨॥
મૈં હું દુઃખિયા તું હૈં સહારા, બિન તેરે મૈં હું બેબસ બિચારા,
દિલ મેં છાયા હૈં ઘોર અંધેરા, તેરે આને સે હોવે સવેરા,
સારી દુનિયા મૈં તુઝ પે લૂટા દૂં,
તુઝ કો આજ મૈં, અપના બના લું,
કરકે કરુણા મેરી બિગડી તું બના દે,
અબ તો આઓ ક્યોં કરતે હો દેરી, તેરે બિન૦॥૩॥

(૭) પ્રથમ રાજેશ્વર પ્રથમ સંયમધર...

(રાગ : નમામિ નેમિ...)

પ્રથમ રાજેશ્વર પ્રથમ સંયમધર પ્રથમ તીર્થંકર પ્યારા,
શત્રુંજયમંડન નાભિનંદન, મરુદેવાના દુલ્હારા;
ત્રણ જગના પાલનહારા, ભવિજીવના તારણહારા,
ગિરિરાજના સિતારા, બની શોભનારા જે;
નમો આદીશ્વરમ્ યુગાદિ જિનેશ્વરમ્,
નમો શત્રુંજયમ્ નમો સિદ્ધાચલમ્... ॥૧॥

અભવી-પાપી જીવ જેને, નજરે પણ ના દેખે,
સ્પર્શ જેનો પામી જીવો, ભવ્યતાને લેખે;
સ્વામી સીમંધરા, જેના ગુણ ગાવે,
શાશ્વતા એ ગિરિને, હું ભેટું ભાવે;
પૂર્વ નવ્વાણું વાર, સમોસર્યા આદિનાથ,
કરી યાત્રા નવ્વાણું વાર, આતમ પખાળું રે; નમો... ॥૨॥

રાયણરુખ સોહામણું, જીહાં પ્રભુના પાય,
મહિમા એનો જગમાં ન્યારો, સેવે સુરવર રાય;
નૃત્ય કરતા મોરલાનો, મીઠો ટહુકારો,
રણઝણતી ઘંટડીનો, મીઠો ઝમકારો;
શિખરે શિખરે લહેરાતી, પ્રભુની ધજા મલકાતી,
ગિરિરાજના ગુણલાં ગાતી, ગગને લહેરાતી રે; નમો... ॥૩॥

સિદ્ધિ ભદ્ર ૐકાર નંદન, અરવિંદસૂરિ રાયા,
વાવપથકના પ્રાણ પ્યારા, યશોવિજયસૂરિ વ્હાલા;
અનરાધાર કૃપા ગુરુવર, આપે વરસાવી,
આત્મના કલ્યાણની, શુભ ઘડી આવી;
શત્રુંજય ઉત્સવ આવ્યો, યાત્રા નવ્વાણું લાવ્યો,
ૐ શ્રી અજિત શાંતિ યશસ્વી, પરિવાર મન ભાયો રે; નમો...॥૪॥



(૮) વ્હાલા આદિનાથ મેં તો...

વ્હાલા આદિનાથ!... મેં તો પકડ્યો તારો હાથ,
મને દેજો સદા સાથ... ઓ(૩) ...વ્હાલા આદિનાથ ઓ...
આવ્યો તુમ પાસ... લઈ મુગતિની આશ,
મને કરશો ના નિરાશ. ઓ૦॥૧॥
તારા દર્શનથી મારાં નયનો ઠરે છે... નયનો ઠરે છે,
રોમે રોમ આ મારા પુલકિત બને છે... પુલકિત બને છે,
ભવોભવનો મારો ઊતરે છે થાક, હું તો પામું હળવાશ. ઓ૦॥૨॥
તારી વાણીથી મારું મનડું ઠરે છે... મનડું ઠરે છે,
કર્મવર્ગણા મારી ક્ષણે ક્ષણ ખરે છે... ક્ષણે ક્ષણ ખરે છે,
ઠરી જાય છે મારા કષાયોની આગ, છૂટે રાગ-દ્વેષની ગાંઠ. ઓ૦॥૩॥
તારી આજ્ઞાથી મારું હૈયું ઠરે છે... હૈયું ઠરે છે,
તુજ પંથે આગળ વધવા સત્ત્વ મળે છે... સત્ત્વ મળે છે,
ટળી જાય છે મારો મોહ અંધકાર, ખીલે જ્ઞાન અજવાશ. ઓ૦॥૪॥
તારું શાસન પામીને આતમ ઠરે છે... આતમ ઠરે છે,
મોક્ષ માર્ગમાં એ તો સ્થિર બને છે... સ્થિર બને છે,
મળ્યો તારો માર્ગ, મારા કેવા સદ્ભાગ્ય, મારા કેવા ધન્યભાગ. ઓ૦॥૫॥



(૯) સિદ્ધગિરીને ભેટવાનો...

(રાગઃ વિરતિધરનો વેશ પ્યારો પ્યારો)

સિદ્ધગિરીને ભેટવાનો ભાવ જાગ્યો રે...
ગિરિવરની ભક્તિમાં મારો મનડો લાગ્યો રે...(૨) ॥૧॥
ભવસાગરને તરવા માટે ગિરિવર નૈયા છે,
ઉજ્જ્વલ ગિરિને ભેટતા બસ હર્ષિત હૈયા છે,
મેરુ મહીધર તીરથ તને, મેં આરાધ્યો રે. ॥૨॥

સિદ્ધાચલ, વિમલાચલ રૈવત ગિરિવર નામ છે,
ભદ્રંકર ગુણકંદ ચરણમાં, નિત્ય પ્રણામ છે,
મહોદય ગિરિ મહાપિઠગિરિ શાશ્વત ભાખ્યો રે. ॥૩॥

(૧૦) સિદ્ધાચલ દરબાર જાજરમાન લાગે છે...

(રાગઃ વિરતિધરનો વેશ...)

સિદ્ધાચલ દરબાર, જાજરમાન લાગે છે...
રાજા ઋષભદેવ, મહેરબાન લાગે છે...
આજ અનંતા સિદ્ધોનો, અહેસાન લાગે છે..
શાશ્વત સુખના અહીં, સન્માન લાગે છે... ॥૧॥
કેવો એનો ઠાઠ છે, ને કેવો છે રુઆબ,
શત્રુંજયનાં બાગનું, શ્રી ઋષભજી છે ગુલાબ,
ફૂલોના ઝુલામાં કોઈ, મહેમાન લાગે છે... ॥૨॥
ગિરિ-શિખર પર નાથનું, સામ્રાજ્ય છે અકબંધ,
તો'યે ઋષભજી એ, રાખ્યો મુજથી સંબંધ,
આખો આ સંસાર હવે, સ્મશાન લાગે છે... ॥૩॥
આ તીરથનાં અણુ-અણુમાં, સિદ્ધના સ્પંદન,
ઋષભજીને રોજ કરું હું, લાખ-લાખ વંદન,
એની પાછળ દુનિયા આ, કુરબાન લાગે છે... ॥૪॥
કોઈ જે ન આપે, એ તો સઘળુ આપે છે,
મારા ઋષભજી તો, મારું ધ્યાન રાખે છે,
એના હૈયે કરુણાનું, મહામાન લાગે છે... ॥૫॥
શેત્રુંજીના જળમાં જેવી, ગિરિવરની છાયા,
ઋષભજીની એવી સહુને, લાગી છે માયા,
રણ-ઝણતા જળમાં ઘણા, અરમાન લાગે છે... ॥૫॥

જુઓ! ગગનનો સંગ કરે છે, ગરવો ગિરિરાજ,
ધરતી ને આકાશ પર છે, ઋષભજીનું રાજ,
ભારતની ભૂમિનું, આ વરદાન લાગે છે... ॥૬॥
રોજ સવારે આંખો જુએ, સૂર્યોદયને સંગ,
ઋષભજીની ગુણ-કીર્તિનો (સમૃદ્ધિનો), ઉછળતો ઉમંગ,
તીરથનું આ તીરથ, આલિશાન લાગે છે... ॥૭॥



(૧૧) સિદ્ધાચલ મારો સિદ્ધાચલ પ્યારો...

સિદ્ધાચલ મારો સિદ્ધાચલ પ્યારો,
મને સિદ્ધશિલાએ લઈ જનારો,
આદિનાથ મારો આદિનાથ પ્યારો,
સર્વ જીવોના હૈયાનો ધબકારો,
મારો રક્ષણહાર મારો તારણહાર,
મારા આતમને શુદ્ધિ દેનારો,
ગિરિરાજ, ગિરિરાજ, ગિરિરાજ, ગિરિરાજ,
ગિરિરાજ, ગિરિરાજ... જય ગિરિરાજ
આદિનાથ,આદિનાથ, આદિનાથ, આદિનાથ,
આદિનાથ, આદિનાથ.. જય આદિનાથ. ॥૧॥
તું મારો નાથ છે, તું મારો સાથ છે, તારા નામે વહે જીવનધારા,
તું મારો સાજ છે, તું જ સંગાથ છે, તુજથી થાવું મારે ભવપારા...
તારી કૃપાથી ઠરે વિકાર, તારી ભક્તિથી સઘળું સાકાર,
તુજમાં ભીંજાઉં હું અનરાધાર, તારામાં થઈ જાઉં એકતાર..
મારા હર એક શ્વાસમાં રહે તું, રોમે રોમે આનંદ ભરે તું,
જેવો છું એવો સ્વીકારે મને તું, તારા સ્નેહે શણગારે મને તું..
સિદ્ધાચલ મારો સિદ્ધાચલ પ્યારો.... ॥૨॥

(૧૨) સિદ્ધાચલના શિખરોને વંદન...

(રાગઃ હમારી અધૂરી કહાની...)

તીર્થોમાં કીધું જેને મહાતીર્થ છે,શત્રુંજય એ મહાતીર્થનું નામ છે..
કાંકરે કાંકરે, થયા સિદ્ધ અનંત, જાણી લો જાણી લો..
ભવિ આતમને જ, મળે છે આ તક, માણી લો માણી લો...
પૂર્વ નવાણું વાર, જ્યાં પધાર્યા આદિનાથ,
એવો શાશ્વત છે ગિરિરાજ...
એ ગિરીને ભેટતા, થઈ જશે ભવપાર, એવી શ્રદ્ધા ધરું મહારાજ...
સિદ્ધાચલના શિખરોને વંદન...શત્રુંજયના શિખરોને વંદન... ॥૧॥
તળેટીથી જાત્રાની, કરું હું શુભ શરુઆત,
દોડીને રામપોળ પહોંચું, થશે દાદાનો સંગાથ,
સાત શ્વાસો લઈ, મૂર્તિ અંજન થઈ, એવા દાદા બિરાજે છે જ્યાં...
ભાવથી જે ચડે, તેના કર્મો ખપે, ભરતક્ષેત્રનું મોક્ષ છે જ્યાં..
સિદ્ધાચલના શિખરોને વંદન...શત્રુંજયના શિખરોને વંદન... ॥૨॥

(૧૩) હું તો શત્રુંજય નદીની પાસે...

હું તો શત્રુંજય નદીની પાસે, જાઉં જળ ભરવા,
મારા હૈયે હરખ ન માય, જાઉં જળ ભરવા,
શીર ઉપર ઈંઢોણી બેડલું, જાઉં જળ ભરવા રે..જાઉં જળ ભરવા...
હું તો શત્રુંજય નદીની પાસે.. હું તો૦॥૧॥
મનડું નાચે, તનડું નાચે,
પહેરી પટોળું અંગ - અંગ નાચે, નાચે-નાચે મનડું નાચે..
મારું હૈયું કરે કલશોર, જાઉં જળ ભરવા..
અભિષેક કરવા,દાદાને ભેટવા, હું તો૦॥૨॥

આદિ જિણંદા, પ્યારા મુણીંદા,
એના અભિષેક કરવા ચાલી, કરવા ચાલી, આદિ જિણંદા..
મારા ઝાંઝર કરે ઝણકાર, જાઉં જળ ભરવા..
અભિષેક કરવા, દાદાને ભેટવા... હું તો૦॥૩॥





(૧૪) હો રાજ! મને લાગ્યો છે...

(રાગઃ હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ...)

હો રાજ! મને લાગ્યો છે ભક્તિનો રંગ,
ગિરિરાજ! મને લાગ્યો છે ભક્તિનો રંગ...
દાદા સીમંધરના દરબારે ગુંજ્યો છે ગિરિવરની... ભક્તિનો રંગ
ઈહાં પૂરવ નવાણું મરુદેવાના લાડકડે,
પાથરીયો ભક્તિનો રંગ... હો રાજ૦॥૧॥
પાવન તળેટીની પૂજા કરતાં કરતાં, પીધો છે... ભક્તિનો રંગ
રુડી નવલી નવટૂંકોની યાત્રા કરતાં કરતાં
સંભળાતો ભક્તિનો રંગ.. હો રાજ૦॥૨॥
વહેતી શેત્રુંજીની શીતલ સરવાણીમાં,વહ્યો છે... ભક્તિનો રંગ
રુડા રાયણ તરુવરીયાની નીલુડી છાયામાં,
છલકાતો ભક્તિનો રંગ... હો રાજ૦॥૩॥
ઉજલા મંદીરિયાની કતારોમાં, શોભે છે... ભક્તિનો રંગ...
રુડા ગગને લહેરાતી ધોળી ધજાઓમાં,
લહેરાતો ભક્તિનો રંગ... હો રાજ૦॥૪॥
લીલીછમ છાયામાં ચોમાસું વસનારે, ચાખ્યો છે... ભક્તિનો રંગ...
એવા ગરવા ગિરિરાજની જાત્રા નવ્વાણુંમાં,
રેલાતો ભક્તિનો રંગ... હો રાજ૦॥૫॥

અનંતા આતમને તાર્યા ઉગાર્યા છે, તારક છે... ભક્તિનો રંગ...
એ તો ભાવી અનંતાને સિદ્ધિ દેનારો છે,
સિદ્ધાચલ ભક્તિનો રંગ... હો રાજ૦॥૬॥
ધન ધન ધરતીને એ ધન ધન, રજ રેતીમાં, ધબકે છે...ભક્તિનો રંગ...
જેનો મહીમા વર્ણવાને, કવિઓએ ગીતોમાં,
ગાયો છે ભક્તિનો રંગ... હો રાજ૦॥૭॥
જય હો! સિદ્ધાચલજી! જય જય આદેશ્વરજી!
જયવંતી ભક્તિનો રંગ...
આજે આતમ જય કરવાનો આવ્યો છે અવસરીયો,
પીવો છે ભક્તિનો રંગ... હો રાજ૦॥૮॥



નેમ રસ

(૧) આનંદ રંગ...

આનંદ રંગ, ભગવંત સંગ, અનહદ ઉમંગ ઉપજાયો,
અમ અંગ અંગ, સાગર તરંગ, ઉછરંગ સુમંગલ પાયો,
ગુણગાન પ્રભુનાં, સૂરતાલમાં, અદ્ભૂત અનુપમ છાયો,
નેમિનાથ મંદિરે, મનોહર, નેમિનાથ મંદિરે. ॥૧॥
આંગી કેવી જાજરમાન, શોભે જાણે દેવવિમાન,
દીવે દીવે સોનેરી, જ્યોતિ કરતી નર્તનગાન,
આ પુણ્ય અમારા જાગ્યા કેવા! ભાગ્ય ફળ્યા છે કેવા!
જે શક્તિ મળી છે, તેના યોગે કરીએ ઉત્તમ સેવા. ગુણ૦॥૨॥
સુખકારણ દુઃખવારણ છે, જિનરાયા ભવતારણ છે,
ભયહારણ મદમારણ છે, વર્ધમાન ગુણધારણ છે,
જે ભક્તિ કરી તે ઓછી લાગે, જાગે નિત નિત પ્રીતિ,
અમ અંતર આ હંમેશા ગાતું, પરમ પ્રભુની ગીતિ. ગુણ૦॥૩॥

(૨) ગિરનારીનાં નેમ ...

ધોમ ધખતાં તાપમાં, તમે શીતળ છાયા છો,
ગિરનારીનાં નેમ, તમે હૈયે સમાયા છો... ॥૧॥
પ્રેમ દીધો તમે આઠ ભવોમાં, રાજીમતી થઈ રાગી,
આસું દીધા અંતે તો'ય, એ તો થયા વીતરાગી,
પ્રેમ ને આંસુ બે'ય રમતમાં, તમે જિતાયા છો... ॥૨॥
રાજીમતીના તારણહારા, માંગુ તમારી માયા,

કાળી-કાળી કીકીઓમાં, શામળીયા સચવાયા,
માંગુ તે દેનારા દાતા, તમે સવાયા છે... ॥૩॥
પગલે-પગલે નામ તમારૂં, લઈને હું તો ચાલુ,
શ્વાસે-શ્વાસે સ્મરણ તમારૂં, લાગે વ્હાલુ-વ્હાલું,
પ્રેમ બીડેલા પરબિડીયાંમાં, તમે લખાયા છો... ॥૪॥
હોઠ તમારા લાલ-ગુલાબી, જાદુઈ પરવાળો,
મરક-મરકતા હોંઠે બાંધ્યો, મૈં તો જીવનમાળો,
કહેશું કેવી રીતે સ્વામી! તમે પરાયા છો... ॥૫॥
રૂપ તમારું કસ્તૂરીને, કાજલનો સરવાળો,
તો'ય સૂરજનું તેજ વહાવી, સૃષ્ટિને અજવાળો,
ગુણ-કીર્તિના નાથ બનીને, તમે ગવાયા છો... ॥૬॥
ગુણોની જાહોજલાલી જોઈ, તમારી પાસે,
આજથી મારી આખી દુનિયા, નામ તમારે લખાશે,
મોક્ષ નગરના મહારાજા થઈ, તમે છવાયા છો... ॥૭॥

(3) ગિરનારે શોભે દેખો નેમજી શામલીયા...

(રાગ : કોન દિશા મેં લેકે ચલા રે...)

નેમ નેમ મારા, નેમ નેમ મારા, નેમ નેમ મારા નેમજી...(૨)
ગિરનારે શોભે દેખો નેમજી શામલીયા
મુખડું જોવા ને ટમટમ, ચમકે છે તારલીયા,
જોવા ચમકે છે તારલીયા, બેઠા મલકે છે શામલીયા,
રાજીમતીના મન બસીયા... ગિરનારે શોભે...॥૧॥
મધુવનમાં જ્યાં પગલા માંડે, યોગી એવા નેમકુમાર,
વિચરે ત્યાં વનરાજી ખીલતી, સાધનાની ઉગતી સવાર,
ઉગતા સાધકને વંદે, સુરજ ને ચાંદલીયા. ગિરનારે શોભે...॥૨॥
જુનાગઢની ધરતી કહેતી, નેમ રાજુલની પ્રીતકથા,

સાક્ષી બની સહસાવન કહેતું (૨) સંયમ કેવલ મોક્ષકથા,
અભિષેક કરવા રુમઝુમ, વરસે છે વાદળીયા. ગિરનારે શોભે... ॥૩॥
મધુર સ્વરે કોયલીયા ગાવે, જય જય દાદા નેમિનાથ,
દર્શન કરતા ભક્તો કહેતા, રાજુલ હું છું પકડો હાથ,
પર્વતનાશિખરપરસાથે(૨)ટહુકેછેમોરલીયા. ગિરનારેશોભે... ॥૪॥
રાજુલને તજી નેમકુમાર, ચઢીયા એ તો ગઢ ગિરનાર,
અખંડ પ્રીતને સાચવે, રાજુલ સતી શિરદાર,
નેમના પગલે ચાલવા, થનગને એ રાજુલ નાર,
પ્રીત થકી તે પામતી, હો કેવલ લક્ષ્મી શ્રીકાર (૨) ॥૫॥



(૪) ગિરનારે શ્રી પ્રભુ નેમ છે...

(દુહો)

અગ્યાર હજાર બસો કીલો, સુવર્ણથી કરી રક્ષા,
એ પેથડશાની તીર્થરક્ષા, એની કેવી અજબની કક્ષા,
શક્તિ ફોરવી તીર્થભક્તિની, આપી સુંદર શિક્ષા,
હોય સંયમના મનોરથ, તો નેમિ આપે દીક્ષા...
હૃદય મારું શ્વાસ ભરે છે, ધબકાર તો શ્રી નેમ છે,
સાધના પંથે સત્ત્વનો, રણકાર તો શ્રી નેમ છે.
કોઈના હોય જો સાથે મારી, સથવાર તો શ્રી નેમ છે,
સર્વત્ર છે સર્વસ્વ છે, દેવાધિદેવ નેમ છે...
ગીરનારે શ્રી પ્રભુ નેમ છે, એ નેમનો મને પ્રેમ છે,
મનમાં રમતું દિલને ગમતું, નામ વ્હાલું નેમ છે... ॥૧॥
નેમિનાથ દીનાનાથ, નેમિનાથ પ્રાણનાથ,
નેમિનાથ જગનાનાથ, નેમિનાથ નેમિનાથ,
નેમિનાથ દીનાનાથ, નેમિનાથ વ્હાલાનાથ,
બોલો જય જય નેમિનાથ...

તું ગીરનારે બીરાજે છે, હું સંસારે ખોવાયો છું,
ક્યારે મળશે મુજને તું, એ પ્રશ્ને પરોવાયો છું,
ચોર્યાશી હજાર વર્ષોથી, નેમ તું અહીં સોહે છે,
લાખ ચોરાશી યોનિ ભટક્યો, આજે તું મન મોહે છે,
તારી મારા ઉપર જાણે, આજે અનહદ રહેમ છે,
તારા ચરણે સોપ્યું જીવન, મારો સ્વામી નેમ છે...
ગીરનારે શ્રી પ્રભુ નેમ છે... ॥૨॥
કાજલના અંજન જેવા, સુંદર નેમિ નિરંજન છે,
ઝાકળ જેવું ભીનું-ભીનું, નેમિ તારું સ્પર્શન છે,
કામણગારું રૂપ તમારું, જોયું મેં પલવાર,
લાગે તુજને પામી આજે, ધન્ય થયો અવતાર,
અઘરૂં-અઘરૂં જીવતર મારું, કરતાં સહેલું નેમ છે,
મુમુક્ષુઓને મુનિજીવન, આપે વહેલું નેમ છે...
ગીરનારે શ્રી પ્રભુ નેમ છે... ॥૩॥

(૫) જય જય ગરવો ગિરનાર...

જય જય ગરવો ગિરનાર... જય જય ગરવો ગિરનાર...
નેમનાથ ગિરિ શણગાર... જય જય ગરવો ગિરનાર...
વંદન વંદન વંદન વંદન ગિરનાર તને વંદન... ॥૧॥
પંચમ શિખર શત્રુંજય તણું એ, સિદ્ધગિરિ છે ધામ,
કૈલાસ ઉર્જ્જયંત રૈવત નંદભદ્ર, સ્વર્ણ ગિરિ ગિરનાર,
નમો કર્ણવિહાર પ્રાસાદ... જય જય ગરવો ગિરનાર... ॥૨॥
જ્યાં શોભે અંબિકા માત, શાસનને સદા સુખકાર,
ભાવે પ્રણમું શ્રી નેમિજિનેશ્વર, ગિરિ ભૂષણ શણગાર,
પૃથ્વીના તિલક સમાન... જય જય ગરવો ગિરનાર... ॥૩॥

છે અનંત આત્માઓ તણી, દીક્ષા ભૂમિ ગિરનાર,
છે અનંત તીર્થંકરો તણી, કૈવલ્યભૂમિ ગિરનાર,
ને આવતી ચોવીસી તણી, નિર્વાણભૂમિ ગિરનાર,
અધ્યાત્મ નગરી ગિરનાર... જય જય ગરવો ગિરનાર... ॥૪॥
ચૌદ હજાર નદીનાં જ્યાં જળ સમાયાં, શીતળ ગજપદ કુંડ,
જ્યાં દૃષ્ટિ અનુભવે ધન્યતા જોઈ રાજુલ રહનેમિ ટૂંક,
દીક્ષા કેવળ સહસાવને નમો, સમવસરણ જિનબિંબ,
દીપે શિખરોની માળ...જય જય ગરવો ગિરનાર... ॥૫॥
જ્યાંના કણેકણમાં વસે, મહાપુરુષોનાં બલિદાન,
ધાર પેથડ સજ્જન ઝાંઝણશા નામે વહી આ રક્તધાર,
વંદુ હિમાંશુસૂરિ ધર્મરક્ષિત, હેમવલ્લભ મુનિરાય,
સૌ ચાલો જઈએ ગિરનાર...જય જય ગરવો ગિરનાર... ॥૬॥



(૬) જય હો ગિરનાર...

ગિરનાર ગિરિ તરણતારણ જહાજ,
નેમનાથ દાદો મારો ગિરિ શિરતાજ,
તારા ગુણ ગાતાં ગિરિ થાયે બેડો પાર,
હાથ મારો ઝાલી હવે ભવપાર ઉતાર,
તું જ મારો શ્વાસ ગિરિ તું જ વિશ્વાસ,
તું જ એક ગિરિ મારી આશ...
જય હો ગિરનાર ગિરનાર ગિરનાર...
ગરવો ગિરનાર ગિરનાર ગિરનાર...
જય હો ગિરનાર.... ગરવો ગિરનાર ॥૧॥
તાર ગિરિ તાર મને ભવસાગર તરાવ તું,
તું જ ભક્તિ તું જ શક્તિ તું શરણઆધાર,
તાર ગિરિ તાર મને ભવનિસ્તાર કરાવ તું,

તું જ ગતિ તું જ મતિ તું પરમઆધાર,
હો...ગિરનાર તારો છે સંગાથ, માથે હાથ તારો નેમનાથ,
ભવોભવ મળજો તારો સાથ, સ્વીકારો અરજ ઓ નાથ,
તું જ મારું ગીત ગિરિ, તું જ મારી પ્રીત છે,
તું જ મારું સ્મિત ગિરિ, તું જ મારી રીત છે,
તું જ મારો શ્વાસ ગિરિ તું જ વિશ્વાસ,
તું જ એક ગિરિ મારી આશ...
જય હો ગિરનાર ગિરનાર ગિરનાર... ॥૨॥
હો... તારું શરણું જેણે સ્વીકાર્યું, ગિરિ કર્યા અનંતા ઉદ્ધાર,
સિદ્ધપદગિરિ ગિરિરાય મને તારી કરો ઉપકાર,
તું જ મારું હિત ગિરિ, તું જ મારી જીત છે,
તું જ મારું લક્ષ્ય ગિરિ, તું જ થકી મોક્ષ છે,
તું જ મારો શ્વાસ ગિરિ તું જ વિશ્વાસ,
તું જ એક ગિરિ મારી આશ...
જય હો ગિરનાર ગિરનાર ગિરનાર... ॥૩॥

(૭) જોગી બનીને ચાલ્યા નેમકુમાર...

(દુહો)

વાદળથી વાતો કરે, ઉંચો ગઢ ગિરનાર,
પાવન થઈ ડોલી રહ્યો, જ્યારે આવ્યા નેમકુમાર,
રાજુલ આવી સાથમાં છોડી સકલ સંસાર,
અમર કહાની પ્રેમની ગાઈ રહ્યો ગિરનાર...

(મુખડું)

જોગી બનીને ચાલ્યા નેમકુમાર,
ધન્ય બન્યો રે પેલો ગઢ ગિરનાર,

વિચરે જ્યાં વિશ્વના તારણહાર,
ધન્ય બન્યો રે પેલો ગઢ ગિરનાર... ॥૧॥
જેને જગ કલ્યાણની લાગી લગન,
જીવનની સાધનામાં મનડું મગન,
અંતરમાં પ્રગટે છે પ્રીતની અગન,
આતમ ઉડે છે એનો ઉંચે ગગન (૨),
વાયરામાં વહેતી વસંતી બહાર... ॥૨॥
એના પ્રાણમાંથી પ્રસરે છે એવો પ્રકાશ,
ઉજાળી દીધા છે ધરતી આકાશ,
ભવોભવની પ્રીતડીનો બાંધ્યો છે પાશ,
પૂરી છે રાજુલના અંતરની આશ (૨),
મોક્ષે સિધાવ્યા રાજુલ નેમકુમાર... ॥૩॥

(૮) નિરખી નયણા ભીંજાય...

(રાગ : મિલે મન ભીતર...)

નિરખી નયણા ભીંજાય, નિરખી નયણા ભીંજાય,
શ્રી ગિરનારી નેમપ્રભુને, નિરખી નયણા ભીંજાય,
વ્હાલાજીનું મુખડું દેખી, હિયડે હરખ ન માય,
જિનેશ્વર! નિરખી નયણા ભીંજાય (૨). ॥૧॥
સ્વામી સ્પર્શે રોમરાજી, પલમાં પુલકિત થાય (૨),
શ્રી જિનવરના ગુણલાં ગાતા, આનંદ અતિ ઉભરાય. જિ૦॥૨॥
શ્યામલ વરણી દેહડીને, ઉજ્જ્વલ એની કાંતિ (૨),
અષાઢ માસે ઘનઘોર મેહે, વીજ તણી એ ભ્રાંતિ. જિ૦॥૩॥
પદવી લહીં ષટ્જીવત્રાતા, આપતા સૌને શાતા (૨),
સહસાવનમાં સાધનાએ, હુઆ કેવલજ્ઞાતા. જિ૦॥૪॥

ચંદનવને સર્પનાશે, મોર તણે ટહુકાર (૨),
શ્રી નેમીશ્વર નામ સમરતા, દૂર ટળે વિકાર. જિ૦॥૫॥
આર્ય અનાર્ય ભૂમિ વિહરતા, જિન વચનામૃત પાતા (૨),
શ્રી ગિરનારની પંચમટૂંકે, મુગતિપતિ એ થાતા. જિ૦॥૬॥
ઘેર બેઠાં એ ગિરિ ધ્યાવે, ભવચોથે શિવ જાવે (૨),
હેમ વદે એ ગિરિ સેવે, વલ્લભપદને પાવે. જિ૦॥૭॥

(૯) નેમ તું પ્રાણ આધાર...

નેમ તું પ્રાણ આધાર મેરો પ્રભુ, નેમ તું પ્રાણ આધાર....
વિસરું જો પ્રભુ એક ઘડી તો, પ્રાણ રહે ના હમાર. ॥૧॥
ભોગ ત્યજીને જોગ લેવાને, નીકળ્યા નેમકુમાર,
ગઢ ગિરનારને ઘાટે વસિયા, બ્રહ્મચારી શિરદાર. ॥૨॥
તુજ મૂરતિની ભક્તિ કરતાં, થાય હરિ એક તાન;
પદ તીર્થંકર કરે નિકાચિત, અકલ તુજ ઉપગાર. ॥૩॥
સમતારસ ભરીયો ગુણ દરિયો, નેમનાથ ગિરનાર;
સુતા જાગતા ધ્યાવું નિશદિન, શ્વાસમાંહિ સો વાર. ॥૪॥
મન માણિકકું સોંપ્યું મેં તો, મનમોહનને ઉધાર;
પ્રેમ વ્યાજ ચઢ્યો છે ઇતનો, કિમ છૂટશે કિરતાર. ॥૫॥
હારું નહિ તુજ બળ થકીજી, સિદ્ધસુખ દાતાર;
શ્રદ્ધા ભરી છે એક હૃદયમાં, તુજથી પામીશ પાર. ॥૬॥
શામળિયાકું અખિયન જાણે, કરુણારસ ભંડાર;
હેમ વદે પ્રભુ તુજ અખિયનકું, દીયો છબી અવતાર. ॥૭॥



(૧૦) નેમજીના નામની તું લૂંટ લૂંટી લે...

નેમજીના નામની તું લૂંટ લૂંટી લે;
નેમિનાં ચરણે જઈ બેડો પાર કરી લે. ॥૧॥
શરણે જાયે એને પ્રભુ રાહ બતાવે;
જપે નેમ એને મોહ કેમ સતાવે;
રાજુલના નાથનું તું નામ રટી લે. નેમિ૦॥૨॥
ધ્યાન ધરે એને પ્રભુ જ્ઞાન અપાવે;
જાપ જપે એના પ્રભુ પાપ ખપાવે;
હિતકારી નેમિને પ્રણામ કરી લે. નેમિ૦॥૩॥
કૃપા થાયે પ્રભુની તો દોષ દૂર થાય;
બંધનો જે રાગનાં એ ચૂર ચૂર થાય;
નેમિ ભજી સંસાર તમામ ત્યજી લે. નેમિ૦॥૪॥



(૧૧) નેમ રસ...

સંસારથી વિરતી રથનો ગિરનારથી મુક્તિપથનો... (૨)
સથવાર છે એક માહરો, આધાર છે એક બસ...
નેમ...નેમ...નેમ...નેમરસ!!! ॥૧॥
ઓ નેમ તું મારો પ્રેમ છે, સોંપ્યું તને આ જીવન...
જોઈ તને પહેલી જ ક્ષણે, મોહાયું છે મારું મન...
ગિરનારી બ્રહ્મચારી જાઉં તુજ પર હું ઓવારી,
મુક્તિનો વેષધારી રાજીમતી બનું તારી...
ભરથાર તું રહેજે મારો, ભવોભવની છે તરસ...
સથવાર છે એક માહરો, આધાર છે એક બસ...
નેમ...નેમ...નેમ...નેમરસ!!! ॥૨॥
ગિરનાર તો એ ભૂમિ છે, જ્યાં શિવ વર્યા, જીવ અનંત...
અરિહંત સિદ્ધ મુનિ તર્યા, ધન્ય બન્યા સાધુ સંત...

નેમિનો હાથ ઝાલી બનું હું પ્રશમ વ્રતધારી,
રૈવતનો સાથ પામી હવે બનવું મુક્તિગામી...
પ્રભુ નેમનો ગિરિ હેમનો, મારે બનવું છે વારસ...
સથવાર છે એક માહરો, આધાર છે એક બસ...
નેમ...નેમ...નેમ...નેમરસ!!! ॥૩॥

(૧૨) નેમિ નિરંજન...

(રાગઃ દેસ મેરે...)

ઓ નેમિ નિરંજન, શિવાદેવીનો નંદન,
રાજુલ મન વસિયો, નેમિ પ્રીતમ પ્યારો,
શ્યામળીયો મારો, મને સૌથી વ્હાલો,
ગિરનાર શણગારો, તું છે દુનિયા મારો... ॥૧॥
દર અમાવસની રાતે, શ્રી અંબિકાદેવી પધારે,
નેમને પ્રદક્ષિણા આપે,
ચૌદ હજાર નદીઓના પાણી, સ્પર્શે પ્રભુ ને છલકાઈ,
ગજપદ કુંડ અહીં એવું શોભે... ॥૨॥
ઓ ગિરનારી, તું છે વિતરાગી,
તારા અભિષેક પર જાઉ ઓવારી,
ને સંધ્યા સમયે, એ આરતી તારી,
એ દૃશ્ય જુહારી, ભીની અશ્રુ અમારી...
નેમી નામ પુકારી, રાજુલ આવી,
પ્રીતમ એના નવ ભવના, છે વિતરાગી... ॥૩॥
સહસાવનની આ ભૂમિ, જ્યાં નેમ સાધના સાંધી,
પામ્યા વિરતિ કેવલજ્ઞાની,
સંયમ જીવનની વેશા, મળજો મને હંમેશા,
રજોહરણ તુજ હસ્તે હું માંગુ... ॥૪॥

તારી અભિષેકની ધારા, એ નેમનાથના નારા,
નર અને નરેન્દ્રના વારા...
નથી માન કે અહંકારા, મુખ પર સહજની ધારા,
ધન્ય છે એ દૃશ્ય જોનારા... ॥૫॥
ઓ ગિરનારી, તું છે અવિનાશી,
વિનાશી તણો હું, થયો છું આશી,
બાંધી છે મેં તો, કર્મોની રાશિ,
માંગુ પ્રભુજી, દર્શન અવિનાશી... ॥૬॥
નેમિ નામનું અંજન, કરે નિરંજન,
કરજો મુજ હૃદયામાં, પ્રેમનું સિંચન,
હું ટીપાં માટે તરસ્યો, તે દરિયો આખો પીરસ્યો,
ગુરુ તણા વચનોથી, મને સ્પર્શ્યો,
સર્વત્ર પરમનું હોવું, બસ તારાથી એ જોવું,
હું અને મારાપણાનું ખોવું... ॥૭॥
ઓ ગિરનારી, તું છે અવિકારી,
પશુઓની વાતો, તે સર્વ સ્વીકારી,
જીવ માત્રમાં રહેલું, શિવ તત્ત્વ નિહારી,
તવ દ્રષ્ટિ આપો, એ અરજ અમારી... ॥૮॥



(૧૩) નેમિ પ્રીતમ પ્યારા...

(રાગઃ અભી મુઝમેં કહીં...)

નેમિ પ્રીતમ પ્યારા, વ્હાલા મારા નેમિનાથ (૨),
તુજ સંગ પ્રીતલડી એવી લાગી મને, નવભવ કેરી પ્રીતલડી...
પ્રભુ હાથ ઝાલી ભવપાર ઉતાર, ભવપાર ઉતારો મને,
મારા નેમિનાથ (૨), ભવપાર ઉતારો મને (૨) ... ॥૧॥
સંયમ લેવાને કાજ, પ્રભુ જઈ વસ્યાં ગઢ ગિરનાર,
સહસાવને કરી નિવાસ, પ્રભુ કેવલ વર્યા ગિરનાર,
રૈવતગિરિ મંડન દુઃખડા દૂર નિવારો,
સ્વર્ણગિરિ મંડન ભવના ફેરા ટાળો... પ્રભુ હાથ ઝાલી... ॥૨॥
દીક્ષા કેવલ ને નિર્વાણ, ત્રણ રત્ન પામ્યા ગિરનાર,
શાશ્વતગિરિ શણગાર, તમે છો જીવન આધાર,
શિવાદેવી નંદન ચરણ શરણ આપો,
મુજ ભક્તિની વિનંતિ પ્રભુજી સ્વીકારો... પ્રભુ હાથ ઝાલી... ॥૩॥

(૧૪) મારા ચિત્તમાં...

(રાગઃ ગુરુ પ્યાર હૈ...)

મારા ચિત્તમાં, મારા વિત્તમાં, નેમિનાથ તું, નેમિનાથ તું...
મારી ભક્તિમાં, અભિવ્યક્તિમાં... નેમિનાથ તું, નેમિનાથ તું. ॥૧॥
મારું સ્વપ્ન તું, મારી આંખ તું, મારું આભ તું, મારી પાંખ તું,
મારી માંગણી, બસ એક છે, તારા સંગમાં, મને રાખ તું,
તન મન તણી, મુજ શક્તિમાં... નેમિનાથ તું... ॥૨॥
મમ સત્ય તું, સૌન્દર્ય તું, જીવન તણું, તાત્પર્ય તું,
મમ દેવ તું, મમ ધર્મ તું, ઉપદેશ તું, ગુરુવર્ય તું,
શ્રદ્ધાભરી, અનુરક્તિમાં... નેમિનાથ તું. ॥૩॥

સાચી સમજ, મને આપજે, કાચી સમજ, પ્રભુ કાપજે,
જીવન તણી, કેડી ઉપર, કુમકુમના પગલાં થાપજે,
મુજ આતમા તણી તક્તીમાં... નેમિનાથ તું. ॥૪॥

(૧૫) મારા શમણામાં નેમ પ્રભુ આવતા...

મારા શમણામાં નેમ પ્રભુ આવતાં રે લોલ,
મારી આંખોમાં અમૃત વરસાવતા રે લોલ,
એ તો આવીને મુજને જગાડતા રે લોલ... ॥૧॥
મારી ઘેરી નીંદર ઉડાડતા રે લોલ,
એ તો ઉરના આસનીયે બિરાજતા રે લોલ,
હું તો અંતરથી આરતી ઉતારતો રે લોલ,
હું તો ભાવભર્યા ફૂલડે વધાવતો રે લોલ... મારા...॥૨॥
હું તો સ્નેહની સિતાર આજ છેડતો રે લોલ,
મારા સ્વામીને દિલથી રીઝવતો રે લોલ,
પ્રભુ હસી હસી મુજને બોલાવતા રે લોલ,
મને મુક્તિનો મારગ બતાવતા રે લોલ... મારા...॥૩॥
એના શિખરે ધજાઓ મોંઘી ફરફરે રે લોલ,
એના સોનેરી કળશા જનમન હરે રે લોલ,
એની ઝાળીની કોતરણી જીણવી રે લોલ,
મને જોવી ગમે બહુ એ અનેરી રે લોલ... મારા...॥૪॥



(૧૬) રાજુલને નેમ મળી જાશે...



(રાગ : રાધાને શ્યામ...)

કે આજે સંયમનું પાનેતર પહેરીને જો,
રાજુલને નેમ મળી જાશે તું જો...
રાજુલને નેમ મળી જાશે.
પ્રીતને નવી રીત મળી જાશે તું જો (૨)
રાજુલને નેમ મળી જાશે.
સંસાર ત્યજી નેમજી ચાલ્યા ધરી પાવન કેડી;
રાજુલરાણી પાછળ ચાલ્યા નેમ રાહ દોડી... ॥૧॥
નેમ તારી પ્રીતમાં હું શાનભાન ભૂલી જાઉં,
લાગ્યું રે અમને તારું ઘેલું,
નેમ તારા મારગડે હું પણ દોડી આઉં,
નથી રે તુજ વિણ રહેવું,
કે આજ સંયમનો સાજ નેમ દેશે તું જો,
મને સિદ્ધશિલાએ લઈ જાશે તું જો...
રાજુલને નેમ મળી જાશે. ॥૨॥
ગિરનારે શુભ ઘડી આવી ઊભી દ્વારે આજ,
ગિરિનું અંગ થાયે ઘેલું,
મળશે રજોહરણ નેમજીને હાથે આજ,
મનડું નાચે આજ મારું,
કે આજ નવભવની પ્રીત પૂરી થાશે તું જો...
કે સાચી પ્રીત કરી જાણી મારા નેમે તું જો...
કે આજે સંયમનું પાનેતર પહેરીને જો...
રાજુલને નેમ મળી જાશે. ॥૩॥



(૧૭) રોમે રોમે ગિરનાર...

નેમ નેમ નેમ વ્હાલા નેમ... (૨)
મારા રોમે તું ગિરનાર, મારા શ્વાસે તું નેમિનાથ... (૨)
મારો આધાર તું, મોક્ષ દાતાર તું...
મારો સથવાર તું... મારો પગથાર તું...
મુક્તિ તણું સરનામું તું, હૈયાનો ધબકાર તું...
રોમે રોમે ગિરનાર ગુંજે શ્વાસે શ્વાસે
શ્વાસે શ્વાસે નેમિનાથ બિરાજે રોમે રોમે... ॥૧॥
ગિરિના શિખરે છે તુજ સ્પંદન, કણ-કણમાં અહીં તારું જ કીર્તન...
શિવાદેવી નંદન નેમિ નિરંજન, રુપ તમારું શીતલ અંજન...
ગિરિ શણગાર તું, ગુણ ભંડાર તું,
મારો સથવાર તું, મારો પગથાર તું...
ભક્તિ તણું સરનામું તું, સરગમ ને સુરતાલ તું. રોમે૦॥૨॥
હૃદય મંદિરીયે છે તુજ આસન, તારી કૃપાથી મળ્યું જિનશાસન...
તન મન જીવન તુજને હો અર્પણ,તું છે મારગ મોક્ષનું દર્પણ...
દુઃખ હરનાર તું, સુખ દેનાર તું,
મારો સથવાર તું, મારો પગથાર તું...
શક્તિ તણું સરનામું તું, આતમનો રખવાળ તું. રોમે૦॥૩॥
નેમિનિરંજન કિમહી ના વીસરે (૨)
મનમોહનકી મોહનગારી, મૂરત દેખી હિયડું હરખે...
નેમિ નિરંજન કિમહી ના વીસરે (૨)
રોમે રોમે ગિરનાર ગુંજે, શ્વાસે શ્વાસે નેમિનાથ બિરાજે (૨)
હેમવલ્લભ કહે નામ પ્રભુનું (૨) જપીએ ભવજળ તરવા કાજે,
રોમે રોમે ગિરનાર ગુંજે, શ્વાસે શ્વાસે નેમિનાથ બિરાજે (૨)

(૧૮) શ્યામ! કહોને ક્યારે મળશું?...



શ્યામ! કહોને ક્યારે મળશું?
ડુંગરની ટોચેથી દેખો, અમે પ્રભુ ટળવળશું... શ્યામ૦॥૧॥
નથી ભૂલ્યા અમે તમને વ્હાલા, ભૂલ્યા અમારી જાતને વ્હાલા,
તમથી છેટા રહીને અમથા અગ્નિમાં પરજળશું! શ્યામ૦॥૨॥
આમ તેમ અમે ભટક્યા કરીએ, ધીમે પગલે વળગ્યા કરીએ,
બોલોને સ્વામી, એક બીજામાં કદી હવે ઓગળશું? શ્યામ૦॥૩॥
થાય અમોને, ગિરનારે તુજ ટેરવા પકડી ચડીએ,
થાય કદી તમને એવું કે, ચાલ આંગળી દઈએ...?
તમે અમે સંગાથે ક્યારે રાજુલ જેમ વિહરશું...? શ્યામ૦॥૪॥
સાચુ કહેજો, વ્હાલમ! તમને મળવાનું મન થાય છે અમને?
અમે વિયોગી છીએ તમે મળશો તો રળઝળશું. શ્યામ૦॥૫॥
તમારા મનની વાત અમે, ને અમારા દિલની વાત તમે રે,
ઉદય કહે એકબીજાને કદી હવે સાંભળશું? શ્યામ૦॥૬॥

(૧૯) સામું જુઓને-૧



સામું જુઓને મારી સામું જુઓને
એક વાર નેમ મારી સામું જુઓને...
કરુણાદૃષ્ટિથી મારી સામું જુઓને,
અમીદૃષ્ટિથી મારી સામું જુઓને... સામું...॥૧॥
નિગોદના દિવસો મને યાદ જ આવતા,
તું અને હું રહ્યા એક જ ધામમાં,
અનાદિકાળથી દુઃખોને ખમતાં,
આ ચોરાશી લાખ યોનિમાં ભમતાં,
ભવોભવ સુધી સાથે રહ્યા, આજે મને કેમ છોડી ગયા,

તારા વિના દાદા મને કોણ પૂછે ના,
મારી અખિયોના આંસુ કોણ લૂછે ના. સામું...॥૨॥
સંસાર અસાર છે, મોક્ષ જ સાર છે,
તારી વાતો મેં તો સુણી નલવાર છે
મોહમાયાના ઝૂલે હું ઝૂલીયો,
રાચીમાચીને કર્મો મેં બાંધ્યાં,
હસતાં હસતાં કર્મો મેં બાંધ્યાં,
આત્મામાં કર્મોના ઢગલા ભર્યા,
રોતાં રોતાં આજે મારાં કર્મો છૂટે ના,
દુઃખોના ડુંગર મારા આજે તૂટે ના. સામું૦॥૩॥
છેલ્લી વિનંતી મારી દાદા તું સુણજે,
અંત સમયે આવી તું મળજે,
પીડા જ્યારે રગ રગમાંથી વ્યાપે,
તારા દર્શનની ઠંડક તું આપજે,
જંજાળ જગની છોડી ગઈ,
મને તારા જ ધ્યાનમાં સ્થિર કરી,
સમાધિ મરણ મળે એવું હું માંગું,
ભવોભવના ફેરા ટળે એવું હું માંગું. સામું૦॥૪॥



(૨૦) સામું જુવોને-૨

જીવન સમર્પણ તુજને કર્યું છે, સર્વસ્વ મારું, મેં તુજને ધર્યું છે,
તારે તો લાખો પણ મારે તું એક છે,
દિન રાત યાદમાં, સ્મરણમાં તું એક છે,
તારી આણા હું મસ્તકે ધરું, તવ આણાથી શિવપદ પામું,
મન વચ કાયામાં, તુજને હું સ્થાપું

અંત સમય ધ્યાન ધરી મુક્તિ હું પામું,
સામું જુવોને મારી સામું જુવોને,
એકવાર દાદા મારી સામું જુવોને... ॥૧॥
મહાવિદેહમાં જન્મ મને આપજો,
સમવસરણમાં મુજને બોલાવજો,
અમૃત સમ એવી વાણી સંભળાવજો,
તારા જ હસ્તે મને રજોહરણ આપજો,
કરેમિ ભંતે મળે, સાધના મારી ફળે,
પંચમ જ્ઞાનને આત્મા વરે..
સમાધિ મરણ મળે એવું હું માંગું,
ભવોભવના ફેરા ટળે એવું હું માંગું. સામું૦॥૨॥
નેમિનાથ દાદા મને પ્રાણ થકી પ્યારા,
સર્વજીવોના એ તો તારણહારા,
મારા હૃદય મંદિરમાં બિરાજો,
કર્મો કાપી મને સિદ્ધ બનાવજો,
જિમ તારી તમે રાજુલનાર,
તિમ તમે આજે તારો આ બાળ...
તારી મારી પ્રીત ભવોભવની તું બાંધજે,
તારો મારો સાથ ભવોભવનો તું રાખજે,
નેમ બોલાવો મને નેમ બનાવો,
ગિરનાર બોલાવી મને નેમ બનાવો.
યાત્રા કરાવી મને નેમ બનાવો,
કૃપા વરસાવી ભવપાર ઉતારો. સામું૦॥૩॥





સુગંધનું સરનામું સંયમ

(૧) ક્યારે બનીશ હું સાચો રે સંત...

ક્યારે બનીશ હું સાચો રે સંત,
ક્યારે થશે મારા ભવનો રે અંત. ॥૧॥
લાખ ચોરાશીના ચોરે ને ચૌટે, ભટકી રહ્યો છું મારગ ખોટે,
ક્યારે મળશે મને મુક્તિનો પંથ. ક્યારે૦॥૨॥
કાલ અનાદિની ભૂલો છૂટે ના, ઘણુંયે મથું તોયે પાપો ખૂટે ના,
ક્યારે તોડીશ એ પાપોનો તંત. ક્યારે૦ ॥૩॥
છક્કાય જીવની હું હિંસા રે કરતો, પાપો અઢારે જરી ના વીસરતો,
મોહમાયાનો હું રટતો રે મંત્ર. ક્યારે૦॥૪॥
પતિત પાવન ઓ પ્રભુજી! ઉગારો, રત્નત્રયીનો હું યાચક તારો,
ભકત બની મારે થાવું મહંત. ક્યારે૦॥૫॥

(૨) છોડવા જેવો સંસાર છોડી...

(રાગ : મૌલા મેરે લે લે મેરી જાન...)

છોડવા જેવો સંસાર છોડી, મોહમાયાના બંધન તોડી...
જગતથી જે જુદા થાય.. મુનિ તારા દર્શનથી દુઃખ જાય... ॥૧॥
કહે મુનિવર રાયા, સાંભળ મારી કાયા,
ધરું નહીં તારી માયા, તપ તપું સુખદાયા,
નિત્ય સમરે એ ધન્ના મુનિ ને,

તપને અજવાળ્યો સમતા ધરીને... છોડવા જેવો... ॥૨॥
બાળને લાડ લડાવે, વૃદ્ધનું અંતર ઠારે,
ગ્લાનની ભક્તિ ટાણે, ગ્લાનિ કદી નહીં આણે,
કરવી નંદિષેણ મુનિ જેવી સેવા,
વહેલા લેવા છે શિવસુખ મેવા.. છોડવા જેવો... ॥૩॥
સ્વાધ્યાય પંચ પ્રકારે, ભણે ભણાવે ધારે,
આગમ અર્થ વિચારે, સંયમ તેજ સવારે,
ગુરુવર તમે છો સમકિતદાતા,
ગુરુવર મળજો તારી છાયા.. છોડવા જેવો... ॥૪॥
જ્ઞાની કહું કે ધ્યાની, તમે છો ગુણખાણી,
ગુણગરિમા જેની, જગતથી નહીં છાની,
રંગે ઉમંગે ગુરુવર પાયા,
આજે જયકાર એના ગવાયા.. છોડવા જેવો... ॥૫॥

(૩) જેનાં પાવન પગલાંથી...

જેનાં પાવન પગલાંથી ધરતી ધબકાર કરે,
ને વીર પ્રભુનો વેશ ધરી સંયમ શણગાર કરે,
દેવો પણ સાધુજીવનનો, જયજયકાર કરે, જયજયકાર કરે (૨) ॥૧॥
કોઈ ભક્ત બનીને આવે, અરે આવે આવે આવે,
પણ મનમાંહે મુનિવર, ના હરખાવે, ના હરખાવે,
કોઈ ઉપસર્ગો વરસાવે, એનું હૈયું તો, રમતું સમતાભાવે,
સન્માન અને અપમાન ભૂલી, સરખો ઉપકાર કરે. દેવો૦॥૧॥
દીક્ષા લઈને અણગારા, અણગારા રે અણગારા,
ભિક્ષા માટે ઘરઘરમાં, ફરનારા એ ફરનારા,
મળશે તો સંયમવૃદ્ધિ, ના મળશે તો માને તપની વૃદ્ધિ,
એ રાગ વિના ને દ્વેષ વિના, સહુનો સ્વીકાર કરે. દેવો૦॥૨॥

કોઈ નિંદે ને કોઈ વંદે, હાં વંદે રે ભાઈ વંદે,
ભીતરથી રહે આનંદે, આનંદે રે આનંદે,
મુનિવર જંગમ તીરથ છે, મારે રહેવું છે મુનિવરના સંબંધે,
મુનિરાજ તણા આ જીવનથી, ઉદય ભવપાર કરે. દેવો૦॥૩॥



(૪) ઝૂમે રે ઝૂમે આનંદે...

(રાગ : તિરંગા...)

મેરુ મહાલય, જેવા મહાવ્રત, ધરવા તું ચાલી ઉમંગે,
બાલી ઉંમરમાં, વૈરાગી થઈને, વહેતી તું ત્યાગ તરંગે,
દુંદુભિ બાજે, બાજે મૃદંગમ્, ગાજે ગગનની ગોખ તલે,
જગ આખું નમે, મહાત્યાગ કરે તું, રંગાઈ સંયમ રંગે,
"જય"નાદ કરે, ઉજમાળ રહે તું, ઝૂમે રે ઝૂમે આનંદે... ॥૧॥
તારો ઓઘો કેવો નાનો-નાનો,
આપે ઓળખ તારી વીરતાનો,
તું એની પ્રીત ધરજે, સંયમ કેલિ કરજે,
ગુરુકુલવાસ સેવી, મુક્તિની માળ વરજે,
તું નાની નાની શ્રમણી બનીને સોહે,
તુજ દર્શને લાખો ભાવિક મન મોહે...
દુંદુભિ બાજે... ઝૂમે રે ઝૂમે આનંદે... ॥૨॥
તારી દીક્ષાનો સંદેશ સુણતાં,
તને ઈન્દ્રો-નરેન્દ્રો રે નમતાં,
દીક્ષાના સ્વર્ણ પાને, તુજ નામ રે લખાશે,
ગુણ-કીર્તિ-યશ તારો, જિનશાસને ગવાશે,
તું સાધનાની શ્રેણિ, સદા આરોહે,
તુજ દર્શને લાખો ભાવિક મન મોહે...
દુંદુભિ બાજે... ઝૂમે રે ઝૂમે આનંદે... ॥૩॥

(૫) થાવું મારે રજોહરણ રસિયા રે...



હે... શણગારી સંયમની, મૈં સાજ સવારી રે,
અલગારી બનવાની, મૈં કરી તૈયારી રે,
મુક્તિના મારગને જોવા, મનથી વિચારી રે,
ગુરુવર સંગમાં આતમ રંગમાં આયા અવસરીયા રે,
થાવું મારે રજોહરણ રસિયા રે... ॥૧॥
પ્યારા પ્રીતમની પ્રીતને પામી, અરિહંત અવિકારી સાથમાં,
વ્હાલી ગુરુમાઁ નિરાળી, પીરસે છે વીરવાણી સંગાથમાં,
આપોને ઓઘો જલ્દી હાથમાં..
હે... થનગન નાચવા, નિજમાં રાચવા, ઉમંગ ઉછળીયા રે... ॥૨॥
જાગી પરમની તરસ જાગી, મુક્તિની લગની લાગી જેહથી,
એવા શ્રમણોની સંગત પામી, બનવું રે અનુગામી સ્નેહથી,
અંકિત કરવું રે મન તેહથી..
હે... વિરતી વરવા, વ્રતને ધરવા, સંયમ રંગરસિયા રે.. ॥૩॥

(૬) ધન્ય ધન્ય બનાવીશ જન્મ માહરો...



(રાગ : રોમે રોમે હું તારો થતો...)

ધન્ય ધન્ય બનાવીશ જન્મ માહરો,
મને પંથ જડ્યો છે દાદા તાહરો (૨)
જે પથ પર ચાલ્યા સ્વયં તીર્થંકરો,
એવો પંથ જડ્યો છે દાદા તાહરો... ધન્ય ધન્ય૦॥૧॥
કોઈ કહેશે કે હૈયે મને ડર હશે;
કોઈ કહેશે કે મુશ્કિલ સફર હશે,
મને વિશ્વાસ છે મારા શાસન પર;
જેની કરુણાથી ભીની આ સૃષ્ટિ સફર,
ગુરુ ભગવંતનો મળ્યો મને આશરો,
જેના ધણી બેઠા સ્વયં તીર્થંકરો... ધન્ય ધન્ય૦॥૨॥

જ્યારે સંયમ અપાશે હશે મુક્તિ લક્ષ;
નાચીશ ઓઘો લઈને હું સૌની સમક્ષ,
મનમાં રાખીશ સત્ય-અહિંસાનો પક્ષ;
દાદા રહેજો હાજરાહજુર પ્રત્યક્ષ,
મારા શ્વાસમાં શ્વાસ નવો પાથરો,
લખી આપો મુક્તિ સુખના હસ્તાક્ષરો... ધન્ય ધન્ય૦॥૩॥
ભલે ચાલતાં વિહારોમાં કાંટા ખૂંચે,
ભલે કોઈ મને સુખશાતા પૂછે,
ભલે ના કોઈ માન મળે ઊંચે;
ભલે કોઈ મને ગુરુ જેમ પૂજે,
નહી બાંધીશ હું આશાનાં વાદળો,
રાખીશ સમતા ને શાતામાં હર પળો... ધન્ય ધન્ય૦॥૪॥

(૭) પરથી થયા પરાયા...

પરથી થયા પરાયા... અમે સ્વના સગા થયા;
સંસારનો સાર સમજી... પરમના પથિક થયા;
આતમ થયો ઊજાગર... પરમાતમા થવા;
સંયમ!... મારો શ્વાસ... સંયમ!... પ્રભુનો અહેસાસ... ॥૧॥
કાયાનો મેલ ધોવા, કેટલા ભવો કર્યા,
આતમનો મેલ ધોવા, ગુરુના ચરણ મળ્યા,
ગુરુના વચનથી જાણે.. (૨) સિદ્ધિના દ્વાર ખૂલ્યા. સંયમ..॥૨॥
દુનિયાની દૃષ્ટિ છૂટી, અંતરના નયના ખૂલ્યા,
પ્રભુને પામવા હવે, પલ પલ તલસી રહ્યા,
પ્રીત પરમની પામવા.. (૨) પ્રભુના પગલે ચાલ્યા. સંયમ..॥૩॥
જગમાં મારું ન કોઈ, એ સત્યને સમજી ગયા,
આ આતમ એક જ મારો, એ સત્યને જાણી ગયા,
વીતરાગી જેવા બનવા...(૨) અમે વૈરાગી થયા. સંયમ...॥૪॥



(૮) પરમની સફરમાં...

પરમની સફરમાં એક જ સથવારમાં, શ્વાસથી અધિક વિશ્વાસ, (૨)
ગુરુવચન પર અંતર બહુમાનથી, પ્રગટે અજબ ઉલ્લાસ, (૨)
મને સંયમ જીવનની રઢ લાગી, મારા સ્વામી...
મને પરમતણા પંથની રઢ લાગી, મારા સ્વામી... ॥૧॥
ગુરુચરણને તન-મન-જીવનના, પુષ્પોથી પુજૂં દિન-રાત,
પાંપણ પલકાર પણ થાય ગુરુઆણથી, પ્રગટે જીવન પ્રભાત,
મેં તો શ્રમણની સાધના રે માંગી... મારા સ્વામી... ॥૨॥
ભવમાં ભટકતું ચેતનાનું પંખી, અંતર ઉપવનમાં આવે,
પાનખર વિરમે ને પ્રગટે વસંત ત્યાં, આનંદ ઉત્સવ પ્રગટાવે,
મારી અંતર સંવેદના રે જાગી... મારા સ્વામી... ॥૩॥
કંટકોની કેડી પર વિચરે આનંદથી, પરિષહોને વધાવે,
વીરના મારગડે વીર બની ચાલે, કાયા સહિષ્ણુ બનાવે,
મારો આતમ થયો રે વૈરાગી... મારા સ્વામી... ॥૪॥
પળના પ્રમાદ વીણ સ્વાધ્યાય રટણા, કરતા શ્વાસે-શ્વાસે,
ભાવ શ્રમણની ઉઘડે દિશાઓ, દોષો દૂર નાશે,
મારું જીવન બને રે બડભાગી... મારા સ્વામી... ॥૫॥
રાગ અને દ્વેષના બંધનો ટળ્યા ને, અંતર દશા અજવાળી,
જન્મો જૂના અંધાર ટળ્યા તસ, પ્રગટી જ્યોતિ નિરાળી,
મારી ભવભવની ભાવઠ રે ભાંગી... મારા સ્વામી... ॥૬॥



(૯) મનડો લાગો રે લાગો રે વિરતી મેં...

મનડો લાગો રે લાગો રે વિરતી મેં... (૨)
સાધુ જીવન કી ખૂબસૂરતી મેં.. હો... (૨)
મનડો લાગો રે લાગો રે વિરતી મેં.. (૨)
ધરું નહીં મેં ધન્યતા ધન મેં ના ધરતી મેં.. (૨)
ના કાયા કી માયા મેં.. (૨) ના કંચન કીર્તિ મેં,
મનડો લાગો રે લાગો રે વિરતી મેં... (૨) ॥૧॥
ખુદ્દારી સે છોડ રહા હૈ, તું દુનિયા યે સારી.. (૨)
યૌવન વય મેં તું બનેગા વીર કા વિરતીધારી.. (૨)
હમને જીવન વ્યર્થ ગવાયા, ઈચ્છાઓ કી પૂર્તિ મેં..(૨)
અબ જીવન કો સૌપના હૈ, પ્રભુવર કરુણા મૂર્તિ મેં,
ધરું નહીં મેં ધન્યતા ધન મેં ના ધરતી મેં.. (૨)
ના કાયા કી માયા મેં.. (૨) ના કંચન કીર્તિ મેં,
મનડો લાગો રે લાગો રે વિરતી મેં.. (૨) ॥૨॥



(૧૦) મને વેશ શ્રમણનો મળજો રે...

મને વેશ શ્રમણનો મળજો રે, મને વેશ શ્રમણનો ફળજો રે,
મમતા મોટાઈ મોહમાયાનાં... બંધન સઘળાં ટળજો રે. ॥૧॥
પંચ મહાવ્રત પાળું હું પાવન... નિર્દોષ ને નિષ્કલંક,
સમતામાં લયલીન રહેવું... સરખા રાય ને રંક,
આંખ ઈર્યાસમિતિએ ઢળજો રે... મને૦॥૨॥
આઠ પહોરની સાધના કાજે... વહેલી પરોઢે હું જાગું,
શ્વાસો લેવા માટે પણ હું... ગુરુની આજ્ઞા યાચું,
મન ગુરુઆણાએ ભળજો રે... મને૦॥૩॥

સૂત્ર અર્થ ને સ્વાધ્યાય સાધી... શાસ્ત્રો સઘળાં વાંચું,
જિનવાણીનું પરમ રહસ્ય... પામી અંતર રાચું,
મારી અજ્ઞાનતા સવિ ટળજો રે... મને૦॥૪॥
આહારમાં રસ હોય ન કોઈ... ઘર ઘર ગોચરી ભમવું,
ગામોગામ વિચરતાં રહેવું... કષ્ટ અવિરત ખમવું,
મારા કર્મો નિર્જરી જાજો રે... મને૦॥૫॥
દ્વેષ જીવનમાં કોઈ નથી રે... રાગના બંધન ત્યાગું,
મોહ માયાને તજવા માટે... ગુરુકુલવાસને યાચું,
મારા સઘળાં કષાયો ટળજો રે... મને૦॥૬॥
આજીવન અણિશુદ્ધ રહીને... પામું અંતિમ મંગલ,
સાધી સમાધિ મોક્ષને પંથે... આતમ રહે અવિચલ,
મારી સદ્ભાવનાઓ ફળજો રે... મને૦॥૭॥

(૧૧) મારે તો લેવાની છે દીક્ષા...



સંયમના ભાવની કરોને પરીક્ષા (૨)
મારે તો લેવાની લેવાની છે દીક્ષા...
લેવાની લેવાની લેવાની છે દીક્ષા...
લેવાની મનભાવની લેવાની છે દીક્ષા... (૨) ॥૧॥
જીદ કહો તો જીદ પરંતુ અહીં મુજને ના ફાવે (૨)
મુનિવર બનીને વિહરવું છે (૨) પળપળ આનંદ આવે...
સાધુપણાની હું ચાહું તે દીક્ષા... મારે તો૦॥૨॥
ખાવું, પીવું, હરવું, ફરવું શું છે આ જ જીવન? (૨)
લડવું, ઝઘડવું, મળવું, રઝળવું (૨) આ તે કેવું જીવન?
ઝંખે હવે હૈયું વૈરાગ્યની દીક્ષા... મારે તો૦॥૩॥

આ મારી માતા, આ મારા પિતા, આ મારાં ભાઈ-બહેન (૨)
સંસારી સગપણથી અદકેરાં લાગ્યા(૨), મુનિવરનાં ઢળતાં નૈન,
સાચા સંબંધની મેળવવા શિક્ષા... મારે તો૦॥૩॥
મીઠા મધુરા ને મનમગતા પામ્યો છું પરમાતમ, (૨)
જ્ઞાની ધ્યાની શ્રમણપુષ્પથી (૨), મઘમઘતું જિનશાસન,
અનંતા ભવોની અનંતી પ્રતીક્ષા... મારે તો૦॥૪॥



(૧૨) મારે બનવું છે અણગાર...

ગુરુ વચનો પર વિશ્વાસ કરી, આ ભોગો ને હું ઠુકરાવું છું,
બેરંગી આ સંસાર ત્યજીને, સંયમના રંગે રંગાઉ છું...
મારે બનવું છે અણગાર હવે, શણગાર બધા આ છોડીને,
મારે કરવા છે હવે કેસરીયા, કર્મોના બંધન તોડીને...
ઓ મારા પ્રભુ વિતરાગ વિભુ, મારી નસ નસમાં તારી આજ્ઞા છે,
કાચો ના પડે મારો વૈરાગ્ય, અંતરની એક જ પ્રાર્થના છે...
તારા શાસનમાં ભળી જાઉં, બસ તારામય બની જાઉં,
અંતરના એવા આશિષ આપજો...
તારા સંયમ ને હુ પામુ, મારા આતમને અજવાળું,
અંતરના એવા આશિષ આપજો...
તારા કુલમાં પિતા મને જન્મ મળ્યો, એ મારું પરમ સૌભાગ્ય છે,
તારા ખોળે મારો ઉછેર થયો, એ માં મારું અહોભાગ્ય છે,
તારું નામ સદા દીપાવીશ હું, તારા સંસ્કારોને પાળીશ હું,
તારી કુક્ષીને અજવાળીશ હું, તારી આંખોને ના ભીંજવીશ હું,
ઓ ઉપકારી માતા પિતા, મુજ જન્મ જીવનદાતા,
અંતરના એવા આશિષ આપજો...

(૧૩) મુનિ ક્યારે બનીએ...

મુનિ ક્યારે બનીએ, સુવ્રત ક્યારે લઈએ
મુનિસુવ્રત જેવા અમે ક્યારે થઈએ ॥૧॥
મારગ બતાવ્યો, બતાવ્યા છે તત્ત્વો, ચાલી શકીએ નથી એવું સત્વ
મમત્વ ને ત્યાગી, વિરક્ત ક્યારે થઈએ... મુનિસુવ્રત૦॥૨॥
સામેથી ચાલીને, તાર્યો રે અશ્વ,એવું છે સ્વામી તમારું મહત્વ, (૨)
તું તારવા આવે, તો અમે પણ તરીએ... મુનિસુવ્રત૦॥૩॥
સમભાવ રાખી, કર્મોને બાળી, શીઘ્ર હું જાવું, ભીતર મારી,
તું આંગળી ઝાલે, તો સહજ થઈ જઈએ... મુનિસુવ્રત૦॥૪॥

(૧૪) રજોહરણ સંગ લગી પ્રીતલડી...

(રાગ : મેરી માઁ કે બરાબર...)

સંયમ ઉપવન, સંયમ મધુવન, સંયમ થી ખીલે, મુક્તિ મારી,
શિવપદમાં રમે, મનડુ તલસે, પ્રભુના પગલે, વિરતી પ્યારી...
ભવસાગરમાં મારી નાવલડી, ગુરુ હેમ કૃપાથી તરી ગઈ,
રજોહરણ સંગ લગી પ્રીતલડી..(૨)
પ્રભુ કરુણાનો શુભ ધોધ વહે, ગુરુ સમતાનો કોઈ મોલ નહિં,
રજોહરણ સંગ લગી પ્રીતલડી..(૨) ॥૧॥
મારા તાત સ્નેહ દરિયા, મારી માત ખોળે નિંદીયા,
તારા ચરણે અર્પિત મારું આયખું...
તારા થશે આંગણ સૂના, પ્રવજ્યાના પ્રાંગણ રુડા,
હસતા હસતા આશિષ મુજને આપ તું....
સુખ શાશ્વત મુજને મળનારા, આતમમાં પ્રગટે અજવાળા,
વિરતી વાટે શમણાં જોઉં ન્યારા,
અક્ષતથી વધાવું અશ્રુથી, તારા સંસ્કારોનો મોલ નહિ...
રજોહરણ સંગ લગી પ્રીતલડી..(૨) ॥૨॥

તારી મારી કેવી સગાઈ, પ્રભુને સોનાથી વધાવી,
કરું મારા સંઘના વધામણાં...
શત શત નમન મુનિરાયા, ગુરુ માતા છે ઘડવૈયા,
ખોલ્યા મુક્તિના દરવાજા...
ગુરુવરની છે મીઠી વાણી, નંદીસૂત્ર ગુણની ખાણી,
ક્યારે આવે રજોહરણની ઘડી,
ઓઘો અણમૂલો પ્યારું રતન, તેની રજ રજ નો કોઈ મોલ નહિ...
રજોહરણ સંગ લગી પ્રીતલડી..(૨) ॥૩॥

(૧૫) વિરતી આપો...

(રાગઃ મેરે યારા)

સંયમ તણા ભાવો જાગ્યા રે, ગુરુ ચરણોમાં સુખ રહ્યા રે,
વિરતી કેરી વાતો સુણીને, વીર વચનોના નાદ વહ્યા રે,
હો માંગું હવે આજીવન સંગે રહેવા,
હો ઓઘો લઈ હું નાચું ઝુમું રે ઉમંગે એવા,
વિરતી આપો, વિરતી આપો, માંગુ ગુરુવર વિરતી આપો,
આતમના ઉજાશમાં, વીરના અહેસાસમાં,
વિરતી આપો, વિરતી આપો, માંગુ ગુરુવર વિરતી આપો... ॥૧॥
હો દુનિયાને જોઈ જાણી લીધી, કષાયોએ કારીગરી કીધી,
સાચી વાતો સીધે સીધી, અંતરમાં સમાવી દીધી,
સંસારીઓ કેરા સ્નેહ તજી, સંયમીના સાજે સજીધજી,
સિદ્ધિ પદે હૈયું સજી, અંતરંગે પ્રભુ ભજી,
હો માંગું હવે આજીવન સંગે રહેવા,
હો ઓઘો લઈ હું નાચું ઝુમું રે ઉમંગે એવા... વિરતી...॥૨॥

(ધૂન)

ગુણવૈભવના દાતાર, વિરતી આપોને ગુરુરાજ,

યશ પુણ્યના ભંડાર, વિરતી આપોને ગુરુરાજ,
મહા રશ્મિ પાથરનાર, વિરતી આપોને ગુરુરાજ,
મન હરખે મનોહાર, વિરતી આપોને ગુરુરાજ,
ઋત આવી થવા ભવપાર, વિરતી આપોને ગુરુરાજ,
કરું અંકિત ભાવે અપાર, વિરતી આપોને ગુરુરાજ... વિરતી...॥૩॥

(૧૬) સંયમ ક્યારે મળશે...



સિદ્ધિ માટે ગાવી પડે સાધનાની સરગમ,
આખરે તો લીધું સંયમ સ્વામીએ પણ સ્વયં;
ઓ સંયમ ક્યારે મળશે, ક્યારે ક્યારે મળશે,
મુજને ક્યારે મળશે, સંયમ ક્યારે મળશે... ॥૧॥
હતું રાજપાટ, હતાં એ સમ્રાટ,
તો યે વીરે લીધી વિરતિની વાટ;
સંગમ જેવા આવે સ્વામીને સતાવે,
સઘળું સહન કર્યું સ્વામીએ સમભાવે;
સુખસામગ્રી ને સુવિધાઓ સળગાવીને સઘળું,
સાચું સુખ મેળવવા માંડ્યું સંયમ પંથે ડગલું, સંયમ...॥૨॥
અનાદિ સમયથી મેં ભ્રમણ કીધું,
એમાં વાર અનંતી રજોહરણ લીધું;
હવે ભાવના છે એ જ કામના છે,
આજ પ્રાર્થના છે કરું સાધના જે;
એથી મુજને મળજો શક્તિ ને ટળજો આસક્તિ,
મોહ તણા આ બંધનમાંથી મળજો મુજને મુક્તિ;
મુક્તિ ક્યારે મળશે, વિરક્તિ ક્યારે મળશે
આસક્તિ ક્યારે ટળશે, મુક્તિ ક્યારે મળશે, સંયમ...॥૩॥

(૧૭) સંયમ મનોરથ...

(રાગ : ભારત કી બેટી)

રાત 'દિ મૈં સેવ્યા, વિરતીના વિચાર,
મૈં નજરે નિરખ્યા, શ્રમણોના આચાર,
હવે જાગી રે મનમાં એક જ પ્યાસ...
હું માંગું પરમનો પથ, મારા સંયમ મનોરથ,
મને લાગી સંયમની રઢ, મારા સંયમ મનોરથ,
પ્રભુ આણના લઈ શપથ, મારા સંયમ મનોરથ,
જાગી ગયો..જાગી ગયો રે... ॥૧॥
હે વીર તારી મીઠી વાતે, ગોયમાદિ વિનયી થયા,
ને શરણું સાચું પામીને, તુજ શાસન વંશી બન્યા,
એ વૈશાખી અગિયારસે, ઉજળા એ વેષ ધર્યા,
તે શાસન સ્થાપી ધન્યદિને, તુજ વેષમાં વેલા કર્યા,
એ ધન્ય પળે ભળવા, ગુરુ શરણમાં વિહરવા,
વીરવચને અંકિત થવાનો, એક જ આ તો છે જિનપથ...
હું માંગું પરમ નો પથ... ॥૨॥
ચૌદ રાજે અભયપથ, મારા સંયમ મનોરથ..
વીરનો નિર્મળ પથ, મારા સંયમ મનોરથ..
હસતા મુખે શપથ,મારા સંયમ મનોરથ..
આશિષ વર્ષાનો પથ, મારા સંયમ મનોરથ..
ખુશીમાં રહેવાનો પથ, મારા સંયમ મનોરથ..
કૃપાવૃષ્ટિ અનહદ, મારા સંયમ મનોરથ..
મારા સંયમ મનોરથ, મારા સંયમ મનોરથ... ॥૩॥



(૧૮) સર્વ સ્વીકારની સંયમ યાત્રા...

(રાગઃ ભલા ક્યા વો કરેગા લેકે ચઢાવા...)

સર્વ સ્વીકારની સંયમ યાત્રા, સાદિ અનંત છે વીરે કહીં,
ભવ ભ્રમણોની યાત્રાનો તો, અંત છે અનંત નહીં...
હું કહેતો નથી સંસારે દુઃખ, પણ શાશ્વત સુખનો અંશ નહીં,
ભવ ભ્રમણોની યાત્રાનો તો, અંત છે અનંત નહીં... ॥૧॥
પૈસા પાછળ ભવ જશે, સાથ ન આવશે પાઈ,
સ્વાર્થ ભરેલા સંબંધો છે, પ્રભુ સંગ કરી લે સગાઈ...
તું ભવ અનંતા કરી આવ્યો, તું નશ્વર દેહ પાછળ ભાગ્યો,
જીવનમાં સુખ જે કોતરે છે, મૃગજલ બની તે છેતરે છે;
કેમ મન મંદિર તારું ખાલી છે? કેમ ખાલી આતમ? સુખ નહીં,
ભવ ભ્રમણોની યાત્રાનો... ॥૨॥
નેમિનું બસ નામ જપે, બનશે નેમ જેમ એ મન મેરે,
દેહથી અંજન છે મન રંજન, છોડ્યા એને ધન કંચન;
આ નેમિ તો ગિરનારી છે, એને રાજુલ રાણી તારી છે,
વળી પશુઓને પણ ઉગારી રે, એતો પામ્યા શિવવધુ પ્યારી રે....
પુણ્ય નહીં જોશે એ તારું, બસ મન પવિત્ર છે કે નહીં,
ભવ ભ્રમણોની યાત્રાનો... ॥૩॥
હું કાંઈક છું એ ભ્રમણા છે, એનાથી દુઃખો બમણા છે,
બસ હું છું એવી માત્રા છે, ત્યાં સર્વ સ્વીકારની યાત્રા છે;
બસ આનંદ છે આનંદ છે જ્યાં , લેશ માત્ર સંકલેશ નહિ,
ભવ ભ્રમણોની યાત્રાનો...

(ધુન)

મુંડન કરાવી પ્રવ્રજ્યા સ્વીકારી, સ્વાધ્યાયે બેઠો રહે મૌન તું,
બંધ છે આંખોં આનંદે રાચો, સંયમ યાત્રા નો પથિક તું...



(૧૯) સાધનાના પંથે આજે...

સાધનાના પંથે આજે એક ઊંચો આતમ જાય,
આજ એને આપીએ અંતરના રુડા આશીર્વાદ;
વહેલી વહેલી મળજો એને મુક્તિની મંઝિલ (૨) ॥૧॥
જ્યાં જુઓ ત્યાં લોકો આજે સુખના સાધન માંગે છે,
ને દુઃખથી છેટા ભાગે છે,
વિરલા કોઈ નીકળે છે જે સુખસામગ્રી ત્યાગે છે,
ને કષ્ટ કસોટી માંગે છે;
વડલાનો છાંયો છોડીને (૨), રણના રસ્તે તપવા જાય. ॥૨॥
ધર્મ તણાં મારગમાં જાતાં લોકો હાંફી જાય છે,
ને વચમાં બેસી જાય છે;
અભિનંદન એ આત્માને જે લાંબી સફરે જાય છે,
ને હોંશે હોંશે જાય છે;
નાનું એવું બાળક જાણે (૨), મોટો ડુંગર ચઢવા જાય. ॥૩॥
રાગદ્વેષના આ દરિયામાં કૈંક જીવો ખેંચાય છે,
ને અધવચ ડૂબકા ખાય છે,
એ આત્માને વંદન હો જે સમયે જાગી જાય છે,
ને ડૂબતાં ઉગરી જાય છે;
સંયમનો સથવારો લઈને (૨), ભવનો સાગર તરવા જાય. ॥૪॥

(૨૦) હવે સામું જુઓ પ્રભુ પરમાત્મા...

(રાગ : જો ભેજીથી દુઆ...)

થશે સાચું, હવે શમણું, હર્ષ પાયો, આત્મા રે,
સહુથી પર, થવા ચાહું, મન ચહે છે, મુક્તિની ધરા રે,
હૈયું વિરતિના રંગે રમે છે, પાપ વિનાનું જીવન ગમે છે... ॥૧॥

મળે ક્યારે રજોહરણ, આ હાથોને,
આત્મશ્રેયાના ઉત્સવનો, થાશે રે સમય,
હવે સામું જુઓ, પ્રભુ! પરમાતમા!
કે હું સંયમ ધરી, તાહરા શરણે રહું સદા...
મને લાગી લગન, ગુરુવર માહરા,
કે હું શ્રમણી થઈ, તાહરા ચરણે રહું સદા...

શ્વાસોમાં રમે દિન-રૈન ગમે, બસ તારી, ડગર મન ભાવે,
અંતર તો કહે જગ છોડી હવે, પગ પાડું, હું પ્રભુ! તુજ રાહે..

સંસાર છે અસાર એ, વચન છે આપના,
મુજ હાથ ઝાલીને ઉગારો, મારો આત્મા,
હવે સામું જુઓ, પ્રભુ! પરમાતમા!
કે હું સંયમ ધરી, તાહરા શરણે રહું સદા...
મને લાગી લગન, ગુરુવર માહરા,
કે હું શ્રમણી થઈ, તાહરા ચરણે રહું સદા...

ઈહલોક સુખં, પરલોક હિતં, શ્રમણત્વમિદં રમણીયતરં...
શમ મોક્ષધરં, વર 'કીર્તિ' કરં, શ્રમણત્વમિદં રમણીયતરં...



મને સદ્‌ગુરુ મળ્યા

(૧) ઐસા ચિદ્‌રસ દિયો...

(રાગ : મૈલી ચાદર ઓઢકે કૈસે...)

ઐસા ચિદ્‌રસ દિયો ગુરુમૈયા, પ્રભુ સે અભેદ હો જાઉં મૈં;
સબ અંધકાર મિટા દો ગુરુમૈયા, સમ્યગ્‌દર્શન પાઉં મૈં... ॥૧॥
પ્રભુ સ્વરુપ હૈ અગમ અગોચર, કહો કૈસે ઉસે પાવું મૈં;
કરો કૃપા કરુણારસ સિન્ધુ, મૈં અજ્ઞાની બાલક હું... ॥૨॥
શિવરસ ધારા વરસાવો ગુરુમૈયા, સ્વારથ વ્યાધિ મિટાવું મૈં;
સવિ જીવ કરું શાસન રસિયા, એસી ભાવના ભાવું મૈં... ॥૩॥
સિદ્ધરસ ધારા વરસાવો ગુરુમૈયા, પરમાતમ કો પાવું મૈં;
આનંદરસ વેદન કરકે ગુરુમા, પરમાનંદ પદ પાવું મૈં... ॥૪॥
વિશ્વકલ્યાણી પ્યારી ગુરુમા, તેરી કૃપા મેં ખો જાવું મૈં;
દો ઐસા વરદાન ગુરુમૈયા, તેરે ગુણ નિત ગાવું મૈં... ॥૫॥

(૨) આપ છો મારા સંવેગ દાતા...

આપ છો મારા સંવેગ દાતા, આપ છો મારા શ્વાસોની શાતા,
આપ છો મારા હૈયે સમાતા, આપ છો મારા બ્રહ્મા-વિધાતા,
આપ છો મારા... ॥૧॥
આપનું પગલું, મારી દિશા છે, આપના સંગે, ખીલતી ઉષા છે,
આપના હોઠે, આપની ભાષા, આપના ખોળે, મળતા દિલાસા,
આપની છાયા, વાત્સલ્ય દાતા, આપ છો મારા... ॥૨॥
આપનું કેવું, ભોળું હૃદય છે, આપના નામે, સહુનો ઉદય છે,
આપ છો કેવા? આપની જેવા, આપની તુલના, થાય ના એવા,
આપની સેવા, ચાહું હું દાતા, આપ છો મારા... ॥૩॥

(૩) ગુરુ એવા મળ્યા...

(રાગ : એક તું ના મિલા...)

ગુરુ એવા મળ્યાં, મારા જીવતરમાં રંગો ભર્યા...
પુણ્ય એવા ફળ્યાં, મારા ભવોભવના ફેરા ટળ્યાં.... ॥૧॥
કરી જાતરા મેં શરુ જ્યારથી, હંમેશા બન્યા છે ગુરુ સારથી,
આંગળી ઝાલીને, મારી સંગાથે ડગલા ભર્યા. ગુરુ એવા૦॥૨॥
કદી લાગણીઓને ગાતી કરી, ને થઈ ભૂલ તો આંખ રાતી કરી,
સુખ દુનિયા તણાં, જેનાં ચરણોમાં આવી મળ્યાં. ગુરુ એવા૦॥૩॥
જેવો છું તેવો તમારો ઉદય, ગુરુ રામ નામે ધબકતું હૃદય,
હું ભૂલું ના જરા, મારી આંખોમાં આંસુ ભર્યા. ગુરુ એવા૦॥૪॥

(૪) ગુરુ તત્ત્વ તું...

ગુરુ તત્ત્વ તું, તીર્થ તું, તારણહાર તું, ગુણનો વૈભવ તું,
ગુરુ ધૈર્ય તું, ધ્યાન તું, ધ્યેય મારો તું, સરલ સ્વભાવી તું;
આત્મશુદ્ધિના યોગી, આત્મસુખના ભોગી, આત્મનંદી ગુરુ તું,
અધ્યાત્મના યોગી, ભક્તિમારગના જોગી, સમતાની પ્રતિમા તું. ॥૧॥
તુજ વચનમાં માધુર્ય, તુજ નયનમાં વાત્સલ્ય,
મુજ આતમ શિલ્પી, ગુરુવર મારી માતા તું,
તુજ હૃદયમાં કરુણા, તુજ ચિત્તમાં નિર્મલતા,
પ્રભુતાની પ્રતિમા, જિનવર તણી વાણી તું,
મળજો ભવોભવ ગુરુ, મને તારો જ સંગાથ,
શુભયોગ તારો પામી, થાઉં ભવથી નિસ્તાર... ॥૨॥
પ્રભુ હરપળ હૃદયમાં, વૈરાગ્ય છે જીવનમાં,
રગેરગમાં પ્રભુઆણા, પ્રભુવર ગુરુ તું હી જ તું,
કૃપાનિધિ ગુરુદેવ, ક્ષમાનિધિ ગુરુદેવ,

મારા મનના મંદિરે, મારા ગુરુવર તું હી જ તું,
ગુરુ તારા ચરણે કરું, મારું જીવન આ અર્પણ,
તુજ આણ શિર ધરી, કરું આતમ આ નિર્મલ... ॥૩॥

(૫) દેવાધિદેવ... ગુરુદેવ...

દેવ ભલેને મોટો છે પણ દેવોનો તું દેવ
દેવાધિદેવ... ગુરુદેવ...
દિવાકર દિલનો છે તું, નિશાકર નયનનો છે તું,
તું તો કેવો મજાનો મળ્યો, ખુશીનો તો ખજાનો મળ્યો
તને ના છોડું નાતો ના તોડું, કરું ભવોભવ તારા ચરણોની સેવ
ગુરુદેવ... ગુરુદેવ... ગુરુદેવ... ગુરુદેવ...
પ્યારા ગુરુદેવ! તારી સાથે આજે હું ઝગડો કરું છું,
આ રીતે પણ તારા પ્રત્યેના મારા પ્રેમને તગડો કરું છું,
તારા પ્રેમમાં પાગલ બની મને જીવવાની ટેવ...
મારો પ્રીતમ તું, મારો વ્હાલમ તું...
મોક્ષે જાશું સાથે આપણે બેવ...
ગુરુદેવ... ગુરુદેવ...ગુરુદેવ... ગુરુદેવ...



(૬) ગુરુમા મને સ્વીકારજો...

(રાગ : લગજા ગલે...)

ગુરુમા તમારા ચરણમાં, રહેવું છે આજીવન,
ગુરુમા તમારા વચનને, ઝીલવા છે આજીવન;
ગુરુમા મને સ્વીકારજો... ॥૧॥
વાત્સલ્યથી ભરપૂર છે, ગુરુ આપના વચન,
અવિરત કરુણાધારને, વરસાવતા નયન,
આપ થકી જ તરીશ હું, શ્રદ્ધા છે આજીવન. ગુરુમા મને૦॥૨॥

અસ્તિત્વ મારું ઓગળે, ગુરુ આપ ચરણમાં,
વ્યક્તત્વ મારું પાંગરે, ગુરુ આપ શરણમાં,
સમ્યક્ત્વની સરગમ થકી, મહેકે મારું જીવન. ગુરુમા મને૦॥૩॥
સર્વ સમર્પણની સાધના, શીખવાડજો ગુરુમાઁ,
આત્મ- રમણની ભાવના, પ્રગટાવજો ગુરુમાઁ,
પરને ભૂલી સ્વમાં હવે, રહેવું છે આજીવન. ગુરુમા મને૦॥૪॥

(૭) ગુરુવર યશોવિજય સૂરીશ્વર...

(મુખડા)

ગુરુમાં મારી સાથે છે તો હર પલ મારે ખુશાલી,
ગુરુમાં મારી સાથે નથી તો બધું જ ખાલી ખાલી,
મારી પ્યારી પ્યારી ગુરુમાં ખૂબ ખૂબ મને છે વહાલી,
વહાલી ગુરુમાંનાં ચરણોમાં મારે રોજ રોજ દિવાલી... ॥૧॥

ગુરુવર યશોવિજય સૂરીશ્વર, મારા હૃદયના પરમેશ્વર,
ગુરુવર યશોવિજય સૂરીશ્વર, મારા હૃદયના રાજેશ્વર...

પ્રભુના પ્રેમમાં ગુરુમાં તમે વિચરો,
પ્રભુ સ્વયં તમારામાં મને જડી ગયા,
તમારું મુખ લાગે સાક્ષાત્ પ્રભુ જેવું,
જાણે પ્રભુ સ્વયં એને હળવે હાથે ઘડી ગયા,
બાળ બની પ્રભુ સમ ગુરુમાંની આંગળી મેં તો ઝાલી... ॥૨॥

લાખો ભક્તો આપે માન તોય જે ડોલે નહી,
અજ્ઞાની કરે અપમાન તોય જે બોલે નહીં,
નિષ્કારણ કોઈની આગળ જે મુખને ખોલે નહીં,
નાનો-મોટો એમ જે કોઈને પણ તોલે નહીં,
જીવંત જિન સમ ગુરુમાંથી શાસનમાં જાહોજલાલી... ॥૩॥

(ધૂન)

ગુરુવર મારી માતા છે ને ગુરુવરથી સુખ-સાતા છે,
ગુરુવર ભવથી ત્રાતા છે ને ગુરુવર મોક્ષના દાતા છે,
ગુરુવર મારા તરુવર છે એ તરુવરનું હું પાન છું,
ગુરુવર મુજ ભગવાન છે ભગવાનમાં એકતાન છું...



(૮) જય જય યશોવિજય સૂરિરાયા...

જય જય યશોવિજય સૂરિરાયા (૪)
ભગવનના છો ભક્ત તમે ને ભક્તોના ભગવન છો,
તવ ચરણોની રજ પણ અમને લાગે જાણે ચંદન હો;
રોમ રોમ માં ઓમ વસે ને ઓમકારના નંદન છો,
આત્મસ્વરુપમાં રમણ કરે એ શ્રમણના ચરણે વંદન હો...
મહાવીર પૂત, તમે સિદ્ધી સૂત, અદ્ભૂત અવધૂત કહાયા...
જય જય યશોવિજય સૂરિરાયા (૪) ॥૧॥
ભક્તિયોગથી રોગ મટાડે ભોગના એ યોગી જોમે,
મૌન શિબિરથી તિમિર ઘટાડે મિહિર એ શાસન વ્યોમે;
તવ યુક્તિથી મુક્તિ આજે ખોલી દે જાણે દરવાજો,
વાવની નાવના ખેવનહારા તમે અમારા ગુરુવર મારા...
નિર્મલતમ આતમના ધારક ગૌતમ સમ ગુરુ અમ પાયા...
જય જય યશોવિજય સૂરિરાયા (૪) ॥૨॥
પલપલ તમને મલવાને સાંભલવાને ચાહે લાખો,
તુઝને જોવા, તુઝમાં ખોવા તરસે છે મારી આંખો;
શીશ ધરુ છું આશિષ આપો હાથ તમે માથે રાખો,
વિનતી એક જ મુક્તિના દરવાજે મને સાથે રાખો...
બસ વિનતી આ અવધારો, તારો કંચન માતના જાયા...
જય જય યશોવિજય સૂરિરાયા (૪) ॥૩॥

ભવિજન ભાયા, કવિજન ગાયા, સવિજન મન પર છાયા....
જય જય યશોવિજય સૂરિરાયા (૨)
શ્રમણ સંઘના પદસ્થ ગણ પણ ચરણે પ્રણમે પાયા...
જય જય યશોવિજય સૂરિરાયા (૨)
યશગાથા સૂરિ યશોવિજયની હંસસૂરિવર ગાયા...
જય જય યશોવિજય સૂરિરાયા (૨) ॥૪॥

(૯) જય હો... યશોવિજય સૂરિરાજ...

પડે પગલિયા ગુરુવરનાં ત્યાં પ્રગટ થતી દીપમાળા,
યશોવિજય ગુરુનાં નામે, છે ઝળહળતા અજવાળાં,
જય હો યશોવિજય સૂરિરાજ...
જય જય યશોવિજય ગુરુરાજ૦॥૧॥

એ મલકે તો લાગે સંસારીનો સંગ પરાયો,
એ છલકે તો ભીતર ઊગતો શીતળ ચંદન છાંયો,
એની વાચામાં પ્રગટે ભગવાનનાં રૂપ નિરાલા...
યશોવિજય૦॥૨॥

સ્થિર-શાંત ને શુદ્ધ સ્વરૂપી અખંડ આનંદ માણે,
જ્ઞાન-ધ્યાનનાં સૂર્ય-ઉદયથી પરમ તેજને જાણે,
એની આંખોમાં અવતરતી, આતમ અનુભવ શાળા....
યશોવિજય૦॥૩॥





(૧૦) તમે છો ભગવન્ તમે સહારા...

(રાગ : તુમ્હી હો માતા...)

તમે છો ભગવન્ તમે સહારા, ગુરુ તમોને નમન અમારા...
જ્યાં જ્યાં મૂકે છે પગલા અમસ્તા, એનાં ઇશારે ખૂલે છે રસ્તા;
વાણી પ્રભુની ફેલાવનારા... ગુરુ૦॥૧॥
અમારી આંખો નિંદરમાં પોઢી, ત્યારે વિહરતા કંબલને ઓઢી;
તમે છો સાગર તમે કિનારા... ગુરુ૦॥૨॥
આંખોમાં છલકે વૈરાગી મસ્તી, તમારા પગલે ઉઘડે સમસ્તિ;
અમે તો પામર તમે સિતારા... ગુરુ૦॥૩॥
તમારા નામે ઉદયને અસ્ત, તમારા નામે જીવન સમસ્ત;
તમે અમારા અમે તમારા... ગુરુ૦॥૪॥



(૧૧) તું ગૌતમ સમ લાગે મને...

ગુરુ રાખ મને તારી કને, તું ગૌતમ સમ લાગે મને...
ગ્રંથોમાં છે ખૂબ ગવાયા, શાસ્ત્રોમાં છે ખૂબ છવાયા,
તીર્થંકર મહાવીર પ્રભુથી, પણ નીકળ્યાં ગૌતમ સવાયા... ॥૧॥
એક એક શિષ્યને, સિદ્ધિનું દાન આપી ગયા,
અચરજ પામે સૌ જીવો, એવા વીરલા એ થયા,
આવું સદીઓમાં, યુગયુગમાંહિ ક્યારે બને,
આવું યુગયુગમાં, યુગયુગમાંહિ ક્યારેક બને... ॥૨॥
ગુરુ રાખ મને તારી કને, તું ગૌતમ સમ લાગે મને...
મનમંદિરમાં તું જ રમે છે, મને તમારો સંગ ગમે છે,
જ્યારે તમારો સંગ મળે છે, જીવનમાં રંગ ભળે છે,
તું મારો ગૌતમસ્વામી, તારી મારી જોડી જામી,
તુજ થકી વીર ને પામી, મારે બનવું આતમરામી,
તું મારો ગૌતમસ્વામી, મારે બનવું આતમરામી... ॥૩॥



(૧૨) તું છે તો...

(રાગ : તું હૈ તો દિલ ધડકતા હૈ...)

કંઈ ના ચાહું, ઝંખના તારી, પામીને ગુરુ, માંગુ શું પ્રભુ સમજી,
તું છે તો દિલ ધબકતું છે, તું છે તો શ્વાસ ચાલે છે..
તું ના તો પર પરમાં હું રહી જાત, તું છે તો છે પરમનો સાથ,
તું છે તો રાહ ના ભટકું, તું છે તો પાપથી અટકું..
કે તારા વિના સાંજ હો ના સવાર, થશે સંવેગથી ભવપાર,
તું છે તો દિલ ધબકતું છે...

મુજમાં તારો અંશ-અંશ, પામું મારા સારથી,
સૌ જનમ પણ ઓછા લાગે, લાગે તારી સાથજી,
છું ઋણી તારો ઋણી, ધૂલ છું તારા ચરણોની,
હું હારું ત્યાં તું જીતાવે, નાવ તું મારા જીવનની,
સાથ તારી જીત નાતે, જીત ના લાગે, તું છે તો...
છે ઋણાનુબંધ જે, આ બંધ ના તૂટે કદી,
શ્વાસ છૂટે હાથથી પણ, હાથ ના છૂટે કદી,
હું નાસમજ નાદાન છું, તું આવી મુજને થામી લે,
લાગે કે પ્રભુ પુકારે, જ્યારે તું મારું નામ લે,
એક સંગે મુક્તિ પામું, અલગ ના થાજે, તું છે તો...



(૧૩) દર્શનથી તારા...

(રાગ : હે જીરાવાલા! તું...)

દર્શનથી તારા, મારું મુખડું મલકે,
યાદોથી તારી, મારી આંખો છલકે;
ગુરુ તારા ચરણે, મથુરા ને કાશી,
એ ચરણે રહેવા, હું સદાય આશી;
ગુરુમાઁ કદી ના દિલથી ભૂલાયે,
ગુરુ તારી છબીમાં, ગૌતમ દેખાયે...(૨) ગુરુમાઁ કદી૦॥૧॥

પ્રીતિથી તારી, સંસાર ભૂલાયે,
ભક્તિથી તારી, સંયમ પમાયે;
આજ્ઞાપાલનથી, તદ્રૂપ બનાયે,
જીવન અર્પણથી, મોક્ષે જવાયે... ગુરુમાઁ કદી૦॥૨॥

તુજ હાથ ફરે ને, દુઃખો દૂર થાતા,
તુજ અનુશાસનથી, દોષો પલાતા;
સમીપે આવું, જ્યારે ઓ ગુરુમાતા,
મુજ તન-મન આતમ, પાવન થાતા... ગુરુમાઁ કદી૦॥૩॥

તપ ત્યાગથી શોભે, ગુરુ આપની કાયા,
સૌભાગ્યે મળી છે, ગુરુ આપની છાયા;
આપની છાયાની, મને લાગી માયા,
પ્રભુ સુધી પહોંચવા, બની મીડિયા વાયા... ગુરુમાઁ કદી૦॥૪॥



(૧૪) નાની મારી પગલી ઉપર...

નાની મારી પગલી ઉપર વરસાવોને હેલી જી,
તમે અમારું વૃક્ષ મનોહર અમે તમારી વેલી જી
ગુરુમૈયા... મારી ગુરુમૈયા... ॥૧॥

નાની મારી આંખોમાં, સપના મોટા ને જાજાજી;
મારા આદીશ્વર દાદાએ, ખોલ્યા છે દરવાજાજી,
રમતા રમતા ઘણુ ભણીશું, ભણતા-ભણતા ખેલીજી... તમે૦ ॥૨॥
નાની નાની શ્રમણી હું તો, મારી કોમલ કાયાજી;
મળે ગુરુજીનો પડછાયો, મારી છતર - છાયાજી
સંસારીનું જીવતર અઘરું, દીક્ષા સહેલી સહેલીજી... તમે૦ ॥૩॥
ગુરુમૈયાની આંગલી ઝાલી, આખી દુનિયા ફરશુજી;
નાની છું પણ રાજકુમારી મોટો દરિયો તરશુજી
ઉદય કહે ભગવાનની દીકરી લાગે છે અલબેલીજી... તમે૦ ॥૪॥

(૧૫) મારી તો દુનિયા...

(રાગઃ તેરે હવાલે...)

ના છો તમે, પાસ પણ હંમેશા સાથ છો...
કે હાથ આપનો સદા માથે રાખજો... (૨)
મારી તો દુનિયા, હું ને મારા ગુરુ
તુજ વિના ના કોઈ, આતમ મિત મારું... (૨) ॥૧॥
હું પામર છું, તું પરમ છે, હું સામાન્ય, તું ઉત્તમ છે,
તુજને વંદન મારૂં હર રોમ કરે,
કલ્યાણ મારૂં, કર્તવ્ય તારૂં, તુજને સોંપ્યું, સર્વસ્વ મારૂં
મારા આતમનો ઉદ્ધાર તું કરજે
આશાતના કે અવિનય ના તારો હું કરું
હો સાથ જો ગુરુ તારો, તો શાને હું ડરું?...
મારી તો દુનિયા, હું ને મારા ગુરુ
તુજ વિના ના કોઈ, આતમ મિત મારું... ॥૨॥



(૧૬) પરમાત્માનું રુપ તું...

(રાગ : હે કાલરાત્રી છે કલ્યાણી...)

રોમે રોમમાં, સત્ત્વ જગાડે, તત્ત્વોથી ભર્યા મારા ગુરુ...
પુદ્‌ગલ પરની, મમતા મટાડે, સમતાથી સજ્યા મારા ગુરુ...
ઓ મારા ગુરુ ઓ મારા ગુરુ, તને જોઇને હું એક કહું,
પરમાત્માનું રુપ તું... ॥૧॥
ઓ મારા ગુરુ ઓ મારા ગુરુ, અંતરથી આજે એક કહું,
પરમાત્માનું રુપ તું...
દૂર કરે જે અંધાપો, એવો તું છે એક દીવો,
આત્માને ઝળહળાવે છે તું....
ગુરુવર પ્રેમનો પ્યાલો, પળે પળે મારે પીવો,
પ્યાસ મારી છિપાવે છે તું...
મારા દુઃખ ટળે ને સુખ મળે, તારા ચરણે સર્વસ્વ મળે,
નામ તારું જીવનને ઉજાળે.
અમાવસ ને જે કરે પૂનમ, છે એવું અજબ સ્વરુપ તું,
પરમાત્માનું રુપ તું... ઓ મારા ગુરુ૦॥૨॥
આ તન થી મારો, આતમ છે આ અલગો,
સમજાવ્યું છે તે મને,
શું કહું તારી માયા, વિસરાઈ મારી કાયા,
જીવન સમર્પ્યું મેં તને....
આહારની સંજ્ઞા તોડી, મારા કર્મોને તોડાવ્યા તે,
શરણે તું મુજને રાખજે...
મારાથી ગુરુ જે કઈ થયું, તે શક્તિનો છે સ્રોત તું.
પરમાત્મા નું રુપ તું... ઓ મારા ગુરુ૦॥૩॥

(૧૭) મને સદ્‌ગુરુ મળ્યા...



ભૂલ્યા રે અમે (૪)
કટપુતલા રે કાઠે ના જી, અમે મેલી રે મેલી માટી ના જી (૨)
ભૂલા રે પડ્યા (૨), આવી રે ચઢ્યા ક્યાં આવી ચઢ્યા,
મને સદ્‌ગુરુ મળ્યા (૨) કે સાચા ગુરુ મળ્યા, મને સદ્‌ગુરુ મળ્યા,
મારા તો જાણે કે ભાગ્ય ખુલ્યા, મને સદ્‌ગુરુ મળ્યા (૨). ॥૧॥
અંધારામાં હું ભૂલી રહ્યો, ભવરણમાં જાને હું ભટકી રહ્યો
ભૂલા રે પડ્યા (૨), આવી રે ચઢ્યા ક્યાં આવી રે ચઢ્યાં,
મને સદ્‌ગુરુ મળ્યા (૨),
નાવલડી મારી એ તારી રહ્યા, મને સદ્‌ગુરુ મળ્યા (૨). ॥૨॥

(૧૮) મળ્યા સંત સ્વરુપે ભગવંત...

(પૂ.આ.ભ.શ્રી મુનિચંદ્રસૂરિ મ.સા.ની રૂપમી આચાર્ય પદવી નિમિત્તે)
(રાગ : તારું ધાર્યું બધું થાય છે...)

મળ્યા સંત સ્વરુપે ભગવંત, જાગ્યા પુણ્ય જન્મોના અનંત
તિત્થયર સમ ઓ ગુરુવર, તુમ ચરણોમાં શત (૨) નમન... ॥૧॥
હોઠે શાસ્ત્ર વચન, હૈયે પ્રભુનું સ્મરણ,
હાથ ગ્રંથો લખે, આંખે અમીનું ઝરણ... હો... હો...
રાત દિવસ રહે સંશોધનમાં જે રક્ત,
બની દેહથી પર, જિનવાણીમાં મસ્ત;
જીવંત આગમનું તું તો નિદર્શન,
તારા દર્શનથી મન આ પ્રસન્ન... તિત્થયર... ॥૨॥
સૂરિ પદ પર રહે, ના એ ગર્વ કરે,
ગુરુઆણા વહે, ગુરુચરણે રહે, હો... હો...
નાના ભૂલકા સાથે, એ તો બાળ બને,
મીઠી વાર્તા કહી, સૌના મન હરે,

કરે પ્રેમે એ સૌનું જતન,
જિનશાસનનું જે છે રતન... તિત્થયર... ॥૩॥
તારો વંશ મળે, તુજ કને માંગીએ,
તારો અંશ મળે, તારા ગુણ પામીએ હો... હો...
શ્રુતની વૃદ્ધિ થાયે, એ છે સ્વપ્ન તારું,
એને સાકાર કરવા, હો જીવન મારું,
આજે આપો ગુરુ એ વચન,
તારી છાયા રહે હરજનમ... તિત્થયર... ॥૪॥

(૧૯) મહા ઉપકારીને વંદન હજારો...

(રાગઃ મહા હેતવાળી...)

ખોવાયો હતો હું ભવના ભ્રમણમાં,
ને ફેરા ફર્યો જન્મ ને મરણના,
સૂતો હતો આ આતમને આપે જગાડ્યો,
મહા ઉપકારીને વંદન હજારો... ॥૧॥
શિષ્યોના કર્મોનો ભાર ઉપાડે,
ને કર્મોના બંધન હળવા કરાવે,
ચિત્તમાં એક જ ચિંતા સતાવે,
રહી જાય ના કોઈ મઝધારે,
નીકળ્યા હતા સ્વ કલ્યાણ કાજે,
છતાં ડૂબતા આતમને બચાવે,
જહાજ સમાન સર્વને ઉગારે,
તરી જાય પોતે ને સર્વને તારે,
ખોવાયો હતો હું ભવના ભ્રમણમાં... ॥૨॥
કરુણાનિધાન ગુરુદેવ છે મળ્યાં,
દૃષ્ટિ પામીને અનેકો છે તર્યા,

મારી ભક્તિમાં શક્તિ હું એવી જગાવું,
તારી સંગે જ મુક્તિને હું પામી જાવું...
તારી કૃપાથી સહુ કામ થાતા,
ઉપકારો ના કદીયે વિસરાતા,
આભમાં અગણિત ઝળકે છે તારા,
એનાથી વધુ ઉપકારો તમારા,
ખોવાયો હતો હું ભવના ભ્રમણમાં... ॥૩॥

(૨૦) માનું ગુરુ અનહદ આભાર...

(રાગ : હે દીનબંધુ...)

ગુરુવર મારા કરુણાધાર, માનું ગુરુ અનહદ આભાર,
મને સૂઝતી ના કોઈ વાતો અને મારગ કો ના ભળાતો,
પંથ બતાવ્યો અનરાધાર... ॥૧॥
તુજ નામ મથુરા-કાશી, મહેસૂસ થતી ના ઉદાસી,
ગુરુનાં નામે નિત તહેવાર... ॥૨॥
તમે નામ અમારું આપ્યું, અમે જીવન તમોને આપ્યું,
એક સહારો એક આધાર... ॥૩॥
તમે વ્હાલ બધા પર વેર્યું, એમાં નામ ઉદયનું ઉમેર્યું,
માફ કર્યા અપરાધો અપાર... ॥૪॥



(૨૧) મારી ગુરુમાઁ વ્હાલી છે...

(રાગઃ ક્યા ખૂબ લગતી હો.../જેની કીકી કાળી...)

મારી ગુરુમાઁ વ્હાલી છે, મારી ગુરુમાઁ પ્યારી છે,
મારા ગુરુનું મુખ મલકતું રુપની પ્યાલી છે,
એના પ્રતાપે વાવ પથકમાં (જિનશાસનમાં) જાહોજલાલી છે. ॥૧॥
ગુરુમાઁ છે વ્હાલનો દરિયો (૨),
પ્રભુ ભક્તિથી એનો આતમ ભરિયો,
એના શરણે જે કોઈ આવે (૨),
ગુરુમાઁ એને વ્હાલથી નવરાવે,
લાડ કરે, પ્યાર કરે, એની પ્રીત નિરાળી છે. ॥૨॥
તમે સર્વ જીવોના પ્યારા (૨),
પણ મારા તો હૃદયના ધબકારા,
તુજ દ્વાર બજે શહેનાઈ (૨),
મારા હૈયાની ગુરુજી સંગ સગાઈ,
મારી ગુરુમાઁ વાવ પથકને (જિનશાસનને) વ્હાલી-વ્હાલી છે. ॥૩॥
અહી કહેનારા છે ઝાઝા (૨),
સાંભળનારા યશોવિજય મહારાજા,
કોઈ વાતો કરતું-ગાતું-છલકાતું,
કોઈ મારા જેવું આંસુમાં અટવાતું
એના સ્વરમાં રાત-દિવસ પ્રભુભક્તિની પ્યાલી છે. ॥૪॥



(૨૨) મીલે હો ગુરુ હમકો...

(રાગ : મીલે હો તુમ હમકો...)

મીલે હો ગુરુ હમકો, યે ભાગ્ય હમારા હૈ,
શિષ્ય તેરા હોના એહસાસ હી ન્યારા હૈ,
તેરા હી ઈંગીત મીલે ઉત ચલે,
સોચે કયા સમજે, ફીર હમ ભલા. ॥૧॥
તેરે નામ કી હિ માલા જપતે હૈ,
સાંસોં કી લય મેં તુમ કો રટતે હૈ,
ઝીંદગી મેં મેરી કૈસે કોઈ કમી હો,
તેરા હોના ગુરુવર સબકુછ હૈ,
સદા હી તુમને તો હમેં સંભાલા હૈ. ॥૨॥
તેરે ચરણોં મેં વારી હો જાઉં મેં,
ભક્તિ મેં સુધબુધ સારી ખો જાઉં મેં,
બંદગી જો ઐસી હો તો લુ અમર,
ગૌતમજી કે જૈસા મર કે ભી,
ડરું મૈં કયું આખીર, જો તું સહારા હૈ... ॥૩॥

(૨૩) મેં ઝાલ્યો તારો હાથ...

(રાગ : મૈયા તેરી જયજયકાર.../સુગંધ નુ સરનામું...)

મેં ઝાલ્યો તારો હાથ ગુરુમાઁ! હવે થયો હું સનાથ ગુરુમાઁ!
તારા ચરણોની છે આશ ગુરુમાઁ! પ્રભુ પ્રીતિની છે પ્યાસ ગુરુમાઁ!
જીવન તારે ચરણે સમર્પણ, મારા સ્મિતનું તું જ છે કારણ,
તારી ભક્તિથી મહેકું ગુરુમાઁ! મેં ઝાલ્યો...
મારા હૃદયના ધબકાર, ગુરુ યશોવિજય જયકાર...
કરુણા જેની અપરંપાર, ગુરુ યશોવિજય જયકાર... ॥૧॥

છે આંખોમાં કરુણા, હૃદયમાં નિર્મલતા, ચિત્તમાં છે શીતલતા,
વાણીમાં મધુરતા, સાથ તારો મલ્યો છે ગુરુમાઁ;
ભવસાગરથી સહેજે ડરું ના, મારા હૃદયના... ॥૨॥
આત્માનંદનું ધામ છે તું, આ સંસારે વિશ્રામ છે તું,
મારા તીર્થનું ધામ છે તું, હું હનુમાન અને રામ છે તું,
આતમરામી, આતમજ્ઞાની,
સાધકોનો પ્રાણ છે ગુરુ તું, મારા હૃદયના... ॥૩॥



(૨૪) મોહે લાગી લગન ગુરુ...

મોહે લાગી લગન ગુરુ! ચરનન કી...
ચરણ બિના મોહે કછુ નહિ ભાવે, જગ માયા હૈ સપનન કી,
ભવસાગર અબ સુખ ગયો હૈ, ફિકર નહિ મોહે તરનન કી.. ॥૧॥
ચરનન ધ્યાન સે આનંદ પરગટ, ચિંતા ગઈ અબ મરનન કી,
આનંદ રસ મેં ઝીલત-ઝીલત, પ્યાસ લગી પ્રભુ રટનન કી. ॥૨॥
અંગ અંગ મૈં જ્વાલા ઉપજી, ગુરુ વિરહ કે અગનન કી,
તિનહી કારણ ભાન નહીં મનુ, ગ્રીષ્મ ઋતુ કે તપનન કી. ॥૩॥
અમર ભયે હમ ચરણ કી છાવ મેં, ભાગી ચિંતા જનનન કી,
રસના મોરી રત બની જો, આશ કરે તોરે ભજનન કી. ॥૪॥
કાન મેં ગુંજ રહી હૈ અહર્નિશ, વાણી ગુરુ મુખ ઝરનન કી,
લગન લાગી ગુરુ! તેરે ચરણ કી, ઔર ઉનકે શરણન કી. ॥૫॥



(૨૫) રંગી દો પ્રભુના રંગે ...

(રાગ : ઝૂમે રે ઝૂમે આનંદે.../તિરંગા...)

સદ્‌ગુરુઃ શરણં મમ, પરમગુરુ શરણં મમ
તવ વચનં શરણં મમ, તવ આજ્ઞા શરણં મમ
સર્વસ્વીકારની સાધનાદાતા, કૃપા કરો ગુરુમૈયા!
ભવસાગરમાં તું હી જ શાતા, પાર ઉતારો મુજ નૈયા! ॥૧॥

વીરના વારસ, આપો પરમ રસ, સ્પર્શે છે તારો પ્રેમ મને,
જય જય ગુરુદેવ, વ્હલા ગુરુદેવ, અર્પુ હું સઘળું ઉમંગે,
જય જય ગુરુદેવ, પ્યારા ગુરુદેવ, રંગીદો પ્રભુના રંગે... ॥૨॥

તારો વ્હાલ છે કેવો મજાનો, ગુણવૈભવનો તું ખજાનો,
ભીતર લગાવી ડૂબકી, જગથી રહે તું ન્યારો,
નિર્મળ હૃદયનો સ્વામી, સહુ જીવને તું પ્યારો,
તુજ વદન કમલનું સ્મિત સહુને મોહે,
સ્વાનુભૂતિનો શિરતાજ થઈને સોહે... વીરના વારસ૦॥૩॥

તારી વાણી આતમને જગાવે, પ્રભુપ્રીતિનો રંગ લગાવે,
કૃપા તું એવી કરજે, દોષો તું મારા હરજે,
ચરણે સ્વીકારી મુજને, પલ-પલ તું સાથ રહેજે,
તું સાધકોના ભીતરને અજવાળે,
તુજ સ્નેહથી ભક્તોના શ્વાસ ચાલે... વીરના વારસ૦॥૪॥

અર્પુ હું સઘળું ઉમંગે, રંગી દો પ્રભુના રંગે...
જુગ જુગ જીવો ગુરુમૈયા, જુગ જુગ જીવો સૂરિ યશોવિજય ગુરુમૈયા,
જુગ જુગ જીવો ગુરુમૈયા, જુગ જુગ જીવો મારા યશોવિજય ગુરુમૈયા,
જુગ જુગ જીવો ગુરુમૈયા, અમને તારો ગુરુમૈયા...
સૂરિ યશોવિજય મારા યશોવિજય મારા વ્હાલા ગુરુમૈયા...

(૨૬) રોમે રોમે પરમનો વાસ...

(રાગ : ગલીમે આજ ચાંદ નિકલા...)

રોમે રોમે પરમનો વાસ, ગુરુમાં એવા મળ્યા,
જાણે પ્રભુનો મળ્યો સહવાસ, ગુરુમાં એવા મળ્યા (૨) ॥૧॥
નયણા કરુણા રસથી ભરેલા, પ્રભુ શાસન-આજ્ઞાને વરેલા,
જ્ઞાન ભક્તિનો સુરીલો જે પ્રાસ (૨) ગુરુમાં...॥૨॥

શબ્દો જેના મંત્ર બને છે, આભા જેની યંત્ર બને છે,
જેના ગ્રંથો બને ઉપન્યાસ (૨) ગુરુમાં...॥૩॥
સર્વ સ્વીકારની સુરત લાગે, આનંદઘનની મૂરત લાગે,
હૈયું રમતું રોમાંચથી રાસ (૨) ગુરુમાં...॥૪॥
ધાર્યું કરવાનો રોગ મટાડે, સમર્પણનું ચૂરણ ચટાડે,
કરે સાધનાનો શિલાન્યાસ (૨) ગુરુમાં...॥૫॥
ગુણો સહુને કીધાં કરું હું, અમૃતવાણી પીધાં કરું હું,
પીધે નાહિ છીપાયે પ્યાસ (૨) ગુરુમાં...॥૬॥
યશોવિજય ગુરુમાં બહુ પ્યારા, ઓલીયા અવધૂત જગથી ન્યારા,
ચાલે ભક્તોના શ્વાસો શ્વાસ (૨) ગુરુમાં...॥૭॥
મુજ અજ્ઞાનીને તારજો ગુરુમાં, અરજી હૈયે ધારજો ગુરુમાં,
સાકેત ને ઘણો વિશ્વાસ (૨) ગુરુમાં...॥૮॥

(૨૭) સદ્‌ગુરુ પરમાત્મા...

સદ્ગુરુ પરમાત્મા, હમકો તું લે ચલ વહાં...
તેરી શરણ હો, તેરી લગન હો, ના હો કોઈ કામના... ॥૧॥
ભૂલે કભી હમ રાહ દિવાકર, યાદ કરે હમ તેરે વચન,
તન-મન-ધન સબ તુમકો સમર્પણ અબ તેરા હે યે જીવન;
અંતરમેં તું હી બસા, તુજ સે હી મેરા જહાં;
તુજ કો હિ ધ્યાઉં, શીશ ઝુકાઉં, ચરણો મેં રખના સદા... ॥૨॥
અજ્ઞાન અંધેરા મિટ જાયે ગુરુમાઁ, વો રોશની તુમ દેના હમે,
બિખરે કભી ના સાથ રહે હમ, સંયમ પથ પર ચલતે રહે;
જાને હમ ક્યા કૈ ધરમ (પરમ), અચ્છે હો હમારે કરમ,
સેવા મેં અર્પણ, હો મેરા જીવન, હૈ બસ યહી પ્રાર્થના... ॥૩॥

તારી અભિષેક ધારા

(૧) સ્તુતિ...

જિમ ભાવ નિક્ષેપે મહાવિદેહમાં સીમંધરો,
તિમ સ્થાપના નિક્ષેપથી, આ ભરતમાં શંખેશ્વરો;
આર્હન્ત્ય અતિશયથી પૂજાતા, નાથ ભવ બંધન હરો,
શંખેશ્વરા પ્રભુ પાર્શ્વનો, અભિષેક વિશ્વ મંગલ કરો. ॥૧॥

અભિષેક થાય આપનો ને, થાય શુદ્ધિ માહરી,
અભિષેકમાં શીતલ જળે, વધતી શીતલતા માહરી;
છો શુદ્ધ બુદ્ધ પ્રભુ તમે, મુજ પાપ દોષોને હરો,
પ્રભુ આપની અભિષેક પૂજા, વિશ્વનું મંગલ કરો. ॥૨॥

તુજ બિંબ પરથી વહી રહી, અભિષેકની ધારા પ્રભુ,
તુજ ભક્તના આતમ તણા, ધોતી કરમ સઘળાં પ્રભુ;
સાક્ષાત્ બિંબ વહાવે તુજ,વાત્સલ્ય વસુધારા પ્રભુ,
શંખેશ્વરા પ્રભુ પાર્શ્વનો, અભિષેક વિશ્વ મંગલ કરો. ॥૩॥

જે જન્મ સમયે મેરુગિરિની, સ્વર્ણ રંગી ટોચ પર,
લઈ જઈ તમોને દેવને ,દાનવ ઘણો ભાવે સભર;
ક્રોડો કનક કળશો વડે, કરતા મહાઅભિષેકને,
ત્યારે તમોને જેમને જોયા હશે તે ધન્ય છે.
આજે તમોને જેમને જોયા હશે તે ધન્ય છે. ॥૪॥

અભિષેક છે પ્રભુ આપનો, શાંતિ અને તુષ્ટિ કરે,
મહાપુષ્ટિ રિદ્ધિ સિદ્ધિ ને, સમૃદ્ધિ ઉન્નતિ સુખ કરે;
પાપો પખાળે દોષ જાવે, મુક્તિ પાવે ભવ તરે,
આજે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ॥૫॥

અભિષેકની ધારા વહંતી, શુકલવર્ણી સોહતી,
તન-મન સકલ નિર્મળ કરંતી, ભક્તોના મન મોહતી;
વરસાવતા કરુણા-ઝરણ, પ્રભુજી તમે જે આ ક્ષણે,
આજે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ॥૬॥
ભક્તિભર્યો સુધર્મ ઈન્દ્ર, જાણી અવસર જન્મનો,
સવિ દેવ દેવી સાથમાં, ઉત્સવ કરે મહાપુણ્યનો,;
મેરુશિખર ઉપર આપનો, અભિષેક જે છે ગુણકરો,
પ્રભુ! ભવ્ય આપનો જન્મ ઉત્સવ, આજ અહીંયા અવતરો.
પ્રભુ! ભવ્ય આપનો જન્મ ઉત્સવ, નયન મન પાવન કરો. ॥૭॥

(૨) કરીએ મહા-અભિષેક...

(રાગ : જય જય ગરવો ગિરનાર)

કરીએ મહા-અભિષેક, કરીએ મંગલ અભિષેક,
કરીએ અખંડ અભિષેક, મારા પ્રભુજીના અભિષેક..(૨)
મહા અભિષેક, મહા અભિષેક, પ્રભુજીના મહા અભિષેક (૨) ॥૧॥
અદ્‌ભુત સુંદર, અખંડ અનુપમ, જલ ધારા વહેતી...(૨)
નિર્મલ પાવન, પરમ પાવન, મુજ આતમને કરતી..
વિશ્વ કલ્યાણને કાજ, કરીએ મહા અભિષેક...
આત્મ કલ્યાણને કાજ, કરીએ મંગલ અભિષેક.. કરીએ...॥૨॥

(૩) ઝૂલે મહાવીરજી ખેલે મહાવીરજી...

ઝૂલે મહાવીરજી ખેલે મહાવીરજી,
ઝીણી ઝીણી ઘૂઘરીઓ ગાવે;
રુડાં પારણિયે રમે દેવ દેવીઓને ગમે,
મોંઘા મહેલોમાં બાળપણ વિતાવે... ॥૧॥

ફૂલની પથારીમાં, પોઢે છે પ્રેમથી,
દેવતાઓ ગીતો સંભળાવે;
અંગુઠે અમૃતનો, આનંદ એ લે છે,
ત્રિશલાજી પારણું ઝુલાવે. ॥૨॥
ચાંદલિયો આંખોમાં, શીતલતા આંજે છે,
સૂરજનું તેજ છે કપાળે;
હોઠ તો હંમેશ હસે, ગાલે ગુલાલ વસે,
સૌને બાંધે છે પ્રેમજાળે... ॥૩॥

(૪) તારી અભિષેક ધારા...

(રાગઃ રમૈયા વતા વૈયા...)

તારી અભિષેક ધારા, તારી અભિષેક ધારા,
જોઈ દુઃખ જાયે અમારા, જોઈ દુઃખ જાયે અમારા... ॥૧॥
સોનાના કલશો ભરાય, હાંડા કુંભો ભરાય,
ક્ષીરનીરનાં જાણે સાગર લહેરાય (૨),
કેવી ધારા વરસે, જોવા હૈયા તલસે,
એ ધારા ઝીલસે નક્કી ભવ એ તરસે (૨)
સાગરીયા ઓછા પડે, ભક્તિની જોડ ના જડે,
આદેશ્વર છે અમારા, આદેશ્વર છે અમારા... તારી૦॥૨॥
ચોસઠ ઈન્દ્રો આવે, ઈન્દ્રાણીઓ આવે,
બધા ભક્તિમાં ભીંજાય કોરા કોઈ ના રહી જાય (૨)
મળી આવે નરનાર, આજે આનંદ અપાર,
હૈયું થાયે એકતાર, જાણે મુક્તિનો અણસાર (૨),
પ્રભુ છે મોટી હસ્તી, ભક્તોની જામે મસ્તી,
કર્મો ગળી જાય પોબારા, કર્મો નાસી જાય નઠારા, તારી૦॥૩॥



(૫) મારા રુપાળા ભગવાન...

ઓ મારા રુપાળા ભગવાન, તમારું રુપ ભૂલાવે ભાન,
તમારો ઉજળો ઉજળો વાન, તમારું રુપ ભૂલાવે ભાન. ॥૧॥
તારી અણિયારી પાંપણમાં, મને મોરપીંછ દેખાતું;
તારા ભાલ-તિલકમાં જાણે, કે મેઘધનુષ વિખરાતું,
તારા પ્રેમ તણી પહેચાન. તમારું૦॥૧॥
કોઈ હળવે હળવે હાથે, તારા અંગ અંગને લૂંછે;
પેલું અંગલૂંછણું પૂછે, તારા દેહથી કોમળ શું છે?
આ દુનિયા છે કુરબાન. તમારું૦॥૨॥
હું ફૂલ ચડાવું તુજને, તો ફૂલ ઘણું શરમાતું;
સૌંદર્ય તમારું નિરખી, એનું અંગ ગુલાબી થાતું,
તારું દર્શન અમૃત પાન. તમારું૦॥૩॥
હે ભુવન વિમોહન સ્વામી! ત્રિભુવનને ભલે વિસારો;
પણ ઉદયરતન ઝંખે છે, તારી આંખનો નેહ-ઈશારો,
મારી વિનંતી ધરજો કાન. તમારું૦॥૪॥



(૬) વીર ઝૂલે, ત્રિશલા ઝુલાવે...

વીર ઝૂલે ત્રિશલા ઝૂલાવે,ધીરે ધીરે મીઠા મીઠા ગીત સુણાવે, ॥૧॥
ઘડી રમે ઘડી હસે કરે મનમાની, શિશુ બનીને ખેલે જગનો સ્વામી!
પ્યાર ભરી માતા પોઢાડે, પોઢાડે. ધીરે ધીરે૦॥૨॥
સોનાનાં ફૂમતાં, હીરાનાં ઝૂમખાં, પારણિયે બાંધ્યા, મોતીના ઝૂમખાં,
ઝળહળાં તેજ કરે નિલમ પરવાળા, રુપા કેરી ઘંટડીના થાય રણકારા,
હીરાતણી દોરી બંધાવે, બંધાવે. ધીરે ધીરે૦॥૩॥
માતા હરખાતી, મનમાં મલકાતી, મુખડું દેખીને, મમતા છલકાતી,
ચુમી ભરે વ્હાલ કરે, બને ઘેલી ઘેલી, હૈયું વરસાવે હેતની હેલી,
સ્નેહભર્યા નયણે નિહાળે, નિહાળે. ધીરે ધીરે૦॥૪॥

(૭) સોના રુપાના કળશે...

(રાગ : યે બંધન તો...)

સોના રુપાના કળશે પ્રભુને નવરાવું હરસે,
પાવન નદીઓના પાણી, દેવો લાવ્યા છે તાણી,
આ ધારા તો.. પુણ્યની ધારા છે.. પ્રભુજી તો મ્હારા છે. ॥૧॥
વાદળ ઉમટે રોજ ગગનમાં અભિષેક જળ ભરવા,
હું પંચેન્દ્રિય છું પણ ચાહું એકેન્દ્રિય પદ ધરવા,
તારા અંગ અંગના સ્પર્શે ખળ-ખળ થઈને હું નાચું,
તારી અભિષેક પૂજામાં હું એજ વિચારે રાચું... આ...॥૨॥
દેવોની દુનિયાનો મેળો લાગ્યો છે આકાશે,
સ્પર્શ તમારો પામી સ્વામી! મેરુ પણ ભીંજાશે,
અભિષેકની રંગ છટાઓ, તવ મસ્તક ઉપર વહેતી,
એ જોવા દેવની આંખો જાણે અનિમેષ રહેતી. આ...॥૩॥
રોજ પરોઢે જળની ધારા થઈને ચરણ પખાળું,
સૂર્ય ઉદયના તેજે ચમકે મુખડું તારું રુપાળું,
લઈ આવું મેઘ સવારી ભરી આવું જળની ક્યારી,
પક્ષાલ પૂજામાં આજે લાવું કળશો શણગારી... આ..॥૪॥

(૮) સોનાના પારણીયે ઝૂલે...

(રાગ : ચાંદી જૈસા રંગ હૈં તેરા...)

પ્રેમ અને કરુણાથી સોહે જેના રુડા ગાલ,
સોનાના પારણીયે ઝૂલે માઁ ત્રિશલાનો લાલ...
જન્મ મહોત્સવ કરવા સૌએ મેરુ ઉપર આવે,
દેવ વિમાને બેસી ઇન્દ્ર ઇન્દ્રાણી હુલરાવે,
દેશ દેશ ના જળ મંગાવી પ્રભુ ને સૌ નવરાવે,
માડી કેરા જાયા ઉપર, સૌના વરસે વ્હાલ... સોનાના૦॥૧॥

ઝગમગ ઝગમગ જ્યોતિ એના, નયનોમાંથી વરસે,
ત્રણ ભુવનનો સ્વામી આજે, બાળ બનીને હરખે,
બાળને જોઈ માતા ઘેલી, ઘેલી થઈને હરખે,
હૈયાથી ચાંપીને માડી, ચૂમે એના ગાલ... સોનાના૦॥૨॥
સૂર્ય અધિકા તેજે સોહે, કંચન વર્ણ શરીર,
પુત્ર લક્ષણ પારણે દેખી, પારખી લીધું હીર,
શાંત સલુણા મુખે સોહે, સમતા રસ ગંભીર,
એના દરિશન કરતા કરતા, કોટી થયા છે ન્યાલ... સોનાના૦॥૩॥



(૯) હાથમાં કળશા ભરી આજ...

(રાગઃ ગુરુએ આપ્યો ઓઘો...)

અભિષેક કાજે આવતો, કરવા નિર્મલ દેહ,
તુજ નામમાં અંકિત કરું, કરમોનો કરું છેદ...
હાથમાં કળશા ભરી આજ, નવરાવું મારા નાથ (૨)
જળ ઉમંગે ભરું, વિવિધ સુગંધ કરું (૨)
બનવા નિર્મળ નાથ... હાથમાં કળશા...॥૧॥
મેરુગિરી આવે છે,
સુરપતિ લાવે છે ભાવે પ્રભુમાં અંકિત રે (૨)
નદીઓના જળ વહે,
દેવો આનંદ લહે નિર્મળ થાએ ચિત્ત રે (૨)
જોઈ તારા રુપને, ભુલું સ્વરુપને (૨)
થાવું મારે એકાકાર... હાથમાં કળશા...॥૨॥
ક્ષીરોદધિ પાણી છે, પ્રભુજીની વાણી છે કરુણારસે રેલાય રે (૨)
સુખડ ચંદન, કેશર કસ્તુરી, અંગેઅંગ ફેલાય રે (૨)
પ્રભુ દેદાર જોઈ, મન આનંદે હોઈ (૨)
નિર્મલ આંખો વરસે છે... હાથમાં કળશા...॥૩॥

અજબ ધુન અર્હમ્‌ની

(૧) અજબ ધુન અર્હમ્‌ની લાગી રે...

(રાગઃ દેશી)

અર્હમ્‌ અર્હમ્‌ અર્હમ્‌ અર્હમ્‌
અજબ ધુન અર્હમ્‌ની લાગી રે (૨),
આ ધુને મારો આતમ ગયો જાગી રે,
અજબ ધુન અર્હમ્‌ની લાગી રે...
કે અર્હમ્‌ અણુ અણુમાં ગાજે, કે અર્હમ્‌ પરમાણુમાં ગાજે,
આ ધુને મારો આતમ ગયો જાગી રે... અજબ ધુન...॥૧॥
કે અર્હમ્‌ રોમે રોમે ગાજે, કે અર્હમ્‌ રગ રગમાં દોડે રે,
આ ધુને મારો અહં ગયો ભાગી રે... અજબ ધુન...॥૨॥
કે અર્હમ્‌ હોઠે હોઠે ગાજે, કે અર્હમ્‌ હૈયે હૈયે બિરાજે,
આ ધુને મારા દુર્ગુણ ગયાં ભાગી રે... અજબ ધુન...॥૩॥
કે અર્હમ્‌ શંખેશ્વરમાં ગાજે, કે અર્હમ્‌ સિદ્ધાચલમાં ગાજે,
આ ધુને મારો આતમ ગયો જાગી રે... અજબ ધુન...॥૪॥

(૨) આણી મન શુદ્ધ આસ્થા...

આણી મન શુદ્ધ આસ્થા, દેવ જુહારું શાશ્વતા;
પાર્શ્વનાથ મનવાંછિત પૂર, ચિંતામણી મારી ચિંતા ચૂર. ॥૧॥
અણિયાલી તારી આંખડી, જાણે કમલ તણી પાંખડી;
મુખ દીઠે દુઃખ જાવે દૂર, ચિંતામણી મારી ચિંતા ચૂર. ॥૨॥
કો કોઈને કોઈને નમે, મારા મનમાં તું હી રમે;
સદા જુહારું ઉગતે સૂર, ચિંતામણી મારી ચિંતા ચૂર. ॥૩॥

મુજ મન લાગી તુજશું પ્રીત, દૂજો કોઈ ન આવે ચિત્ત;
કર મુજ તેજ પ્રતાપ પ્રચૂર, ચિંતામણી મારી ચિંતા ચૂર. ॥૪॥
શંખેશ્વરના સાચા દેવ, અશુભ કર્મને પાછા ઠેલ;
તું છે મારે હાજરા હજૂર, ચિંતામણી મારી ચિંતા ચૂર. ॥૫॥
આ સ્તોત્ર જે મનમાં ધરે, તેહના કાજ સદાય સરે;
આધિ-વ્યાધિ દુઃખ જાવે દૂર, ચિંતામણી મારી ચિંતા ચૂર. ॥૬॥
ભવોભવ દેજો તુમ પદ સેવ, શ્રી ચિંતામણી અરિહંત દેવ;
સમયસુંદર કહે ગુણ ભરપૂર, ચિંતામણી મારી ચિંતા ચૂર. ॥૭॥

(3) આદેશ્વર વંદના...

આદેશ્વર જિનરાજને ભાવે કરું હું વંદના,
મારા શત્રુંજયના તાજને ભાવે કરું હું વંદના...
મરુદેવાના નંદને ભાવે કરું હું વંદના,
મુજ પળપળના આનંદને (૨) ભાવે કરું હું વંદના. આદીશ્વર૦॥૧॥
મુજ આંખલડીના તારને ભાવે કરું હું વંદના,
મુજ હૃદયના ધબકારને (૨) ભાવે કરું હું વંદના. આદીશ્વર૦॥૨॥
પુણ્યતણાં ભંડારને ભાવે કરું હું વંદના,
ગુણો તણાં દરબારને (૨) ભાવે કરું હું વંદના. આદીશ્વર૦॥૩॥
વિશ્વહિતેશ્વરને ભાવે કરું હું વંદના,
રાજરાજેશ્વરને... (૨) ભાવે કરું હું વંદના. આદીશ્વર૦॥૪॥
સંયમના દાતારને ભાવે કરું હું વંદના,
મોક્ષ તણા દાતારને (૨) ભાવે કરું હું વંદના. આદીશ્વર૦॥૫॥

અહો! જિનશાસનમ્

(૧) અહો! જિનશાસનમ્...

વંદન હો વીરને શૌર્યરસધારને, સમતા ભંડાર વળી કરુણાવતારને;
આપનું શાસન પામી... આપ કને માંગતો,
કેસરિયો રંગ... જિનશાસનનો આપજો... કેસરિયો રંગ૦॥૧॥

સાડા બાર વર્ષોની સાધનાના અંતમાં,
વૈશાખી સાંજે વસે જ્ઞાનની વસંતમાં;
વરસે જિન મેહુલો... જૈનત્વ વહાવતો... કેસરિયો રંગ૦॥૨॥

ઇન્દ્ર-ચક્રી-રાજા-સુકાનીના પદ તણું,
શાસનવિહીન હું મનુષ્યપણું અવગણું;
શાસન સુભટની... પદવી પ્રભુ! આપજો... કેસરિયો રંગ૦॥૩॥

સત્તા-સૌંદર્ય-સુકાનને ન માપતો,
શાસનની તોલે હું કોડો ના માનતો;
દેવોના માલિકને... ડીંગો બતાવતો... કેસરિયો રંગ૦॥૪॥

રાજવીઓ મંત્રીઓ શ્રેષ્ઠીઓ ને શ્રાવકો,
વીરવચન વાહકો શાસનના ચાહકો;
આદર્શો એમના... અંતરે વસાવજો... કેસરિયો રંગ૦॥૫॥

શાસનને કાજે જેણે સુખ સાહ્યબી ત્યજી,
શાસનને કાજે જેણે જીદંગી ધરી દીધી;
શાસન શહીદોને... અંજલિ હું આપતો... કેસરિયો રંગ૦॥૬॥

વાયરો વિષમ તેથી મુજને ઉગારજો,
દઈને પ્રશમ કુણા કાળજાને ઠારજો;
કાષ્ઠ સીસમ શી મને... મક્કમતા આપજો... કેસરિયો રંગ૦॥૭॥

કર્મથી ને કાળથી કુમિત્રોના વારથી,
રક્ષા કરજો મારી વાસના પ્રહારથી;
કાબરિયો ચીતરેલો... રંગ આ ઉતારજો... કેસરિયો રંગ૦॥૮॥
વ્હાલા મારા વીરજી! વારસ બનાવજો,
શ્યામળ પાષાણ છું આરસ બનાવજો,
શ્રદ્ધાના સ્વર્ણસ્પર્શો... પારસ બનાવજો... કેસરિયો રંગ૦॥૯॥
શાસન હીલનાને ટાણે અમ હૃદય દાઝતા,
પડકારો દેખીને આંખે અશ્રુ બાઝતા,
હૈયાના ભાવ ફળે... એવું બળ આપજો... કેસરિયો રંગ૦॥૧૦॥
હિંમત ખૂટે ના કદી શ્રદ્ધા તૂટે ના;
શાસનના રાગ સામે કોઈ કદી ના;
શાંતિની પળમાં કે...સાહસની ચળવળમાં.. કેસરિયો રંગ૦॥૧૧॥
સૂર્ય તેજ સૂરિવરનું આંખે ચમકાવજો,
પુણ્ય તેજ તેમનું કાર્યમાં ઝળકાવજો;
જ્ઞાન તેજ તેમનું... બુદ્ધિએ સમાવજો... કેસરિયો રંગ૦॥૧૨॥
શાસનની ચાલે મુજ પગલાં મંડાવજો,
શાસનના વ્હાલે મુજ આતમા પલાળજો;
શાસનના તાલે મુજ... રોમ રોમ નાચજો... કેસરિયો રંગ૦॥૧૩॥
શાસન આરાધના પળપળ હું માંગતો,
શાસન પ્રભાવના હું ઘટ ઘટમાં ચાહતો;
શાસન સેવાના રુડા અવસરિયા આપજો... કેસરિયો રંગ૦॥૧૪॥
તારા શાસનનો છું પ્રેમી સદાયનો,
તારા શાસનનો હું ઋણી સદાયનો;
સેવક છું સૈનિક છું... તત્પરતા આપજો.. કેસરિયો રંગ૦॥૧૫॥

શાસનના દીવડામાં તન મનનું તેલ દઈ,
શાસનના કોડિયામાં જીવતરની વાટ થઈ;
પ્રગટેલા દીવડાને... પ્રગટેલો રાખજો... કેસરિયો રંગ૦॥૧૬॥
ભવોભવ મળજો શાસન ભાવના એ ભાવજો,
પામ્યા શાસન તેની ધન્યતા અનુભવજો;
અંતર કહે છે પછી... કર્મને હંફાવજો... કેસરિયો રંગ૦॥૧૭॥
મારા અંતરની કાળાશ બધી કાઢજો,
સાધુ જીવનની સફેદી મને આપજો;
સર્વ જીવ મૈત્રીની... હરિયાળી આપજો.. કેસરિયો રંગ૦॥૧૮॥
અર્હંનો નાદ દિનરાત રહે ગાજતો,
સિદ્ધોની શુદ્ધિનું લક્ષ્ય હું સાધતો;
કેસરિયો ચાંદલો... ભાલે ચમકાવજો... કેસરિયો રંગ૦॥૧૯॥
શ્વાસને શરીરથી અધિક ચહું શાસનમ્,
રોમ રોમે નાદ ગુંજે અહો! જિનશાસનમ્;
ભક્તિ, મૈત્રી, શુદ્ધિને, શૌર્યથી સજાવજો.. કેસરિયો રંગ૦॥૨૦॥

(૨) આ શાસન તારણહારુ...

(રાગ : યે બંધન તો../સોના રુપાના કળશે...)

આ શાસન તારણહારુ, આતમ પાવન કરનારું
જીવોનું હિત કરનારુ, આ ભવથી તારણહારુ
આ શાસન તો પ્રાણથી પ્યારું છે, જિનશાસન અમારું છે... ॥૧॥
જે શૌર્ય સરીતા વહાવે, ક્ષમા સુગંધ પ્રસરાવે,
બળ જો હો તો નિર્બળના, રક્ષણને જે શીખવાડે;
જે વિષધરને પણ ઠારે, અભિમાનીને પણ વારે,
લાલચને જે લલકારે, વિકરાળ કાળ પડકારે. આ શાસન૦॥૨॥

જેણે ઝીલ્યું છે રોમ રોમમાં, શ્વાસ શ્વાસમાં શાસન,
હર ઘડી હર પળ જસ નેત્રમાં, જાણે થયું અધિવાસન;
જેણે ભૌતિકતાને ત્યાગી, થાવા શાસનના રાગી,
તસ ચરણે હું લાગું છું, ને આલંબન માંગુ છું. આ શાસન૦॥૩॥
જેમ ઉદધિ ઉછાળે તરંગો, જયાં દીઠે પૂનમ ચંદા,
શાસન સેવા અવસર દેખી, તિમ ઉછાળે આ બંદા;
નવિ ગણુ તન મનને સ્વજન ને, નહીં ધન ને, ને જીવનને,
એમ થાતુ ઘડી ઘડી મનને, સવિ જીવ ચાહે શાસનને. આ શાસન૦॥૪॥

(3) જિનવર! તારું શાસન... આ જગમાં...

(રાગ : ચાહા હૈ તુઝકો...)

જિનવર! તારું શાસન... આ જગમાં છે મહાન,
એના આધારે... મારે તરવો આ સંસાર,
મને એજ તારશે ભવપાર ઉતારશે,
મઝધારમાં નૈયા કાંઠે પહોંચાડશે,
એવી મુજને શ્રદ્ધા છે.. સાચી સાચી શ્રદ્ધા છે,
દૃઢ મુજને શ્રદ્ધા છે... પાકે પાયે શ્રદ્ધા છે... ॥૧॥
નશ્વર સંબંધો જ્યારે સાથ છોડશે,
ત્યારે નિશ્ચય મારો હાથ પકડશે,
સમજણ દેશે...સાંત્વના દેશે... શક્તિ પણ દેશે,
ભૂલો જો પડીશ મુજને... માર્ગ દેખાડશે,
ઢીલો જો પડીશ મારું... સત્ત્વ એ વધારશે... ॥૨॥
મુંઝવણ થશે તો માર્ગદર્શન આપશે,
અવઢવમાં સાચી મને સમજણ આપશે,
મોક્ષમાર્ગનું... એકાંતે આકર્ષણ આપશે,

પુરુષાર્થ કરશે એને... આધાર આપશે,
સમર્પિત થયેલાનું... ધ્યાન સદા રાખશે... ॥૩॥
અજ્ઞાન અંધકારને એ દૂર કરશે,
જ્ઞાનના અજવાળા એ જરુર કરશે,
સત્ત્વ દેશે... તત્ત્વ દેસે... મિથ્યાત્વ હરશે,
અશુદ્ધ એવા આતમાને શુદ્ધ એ બનાવશે,
સાધના કરાવી અંતે... સિદ્ધ પણ બનાવશે... ॥૪॥
શાસન એકાંતે સહુને સુખદાયી છે,
શાસનથી વિપરીત બહુ દુઃખદાયી છે,
જિનશાસનની... પ્રત્યેક આજ્ઞા... શિરદાયી છે,
આજ્ઞા જે પાળશે તે... શિવસુખ પામશે,
શરણે જશે જે એના... ભવદુઃખ ભાંગશે... ॥૫॥

(૪) લહરા દો...

(રાગઃ લહરા દો)

જૈની હૈ હમ તો આજ કે, દુનિયા કો જાકે બોલ દો, બોલ દો..
ઐસે જાગો રે સાથિયોં, દુનિયા કી આઁખેં ખોલ દો, ખોલ દો..
લહરા દો લહરા દો, જિનશાસન કા પરચમ લહરા દો...
બહને દો બહને દો, જ્ઞાન કી ગંગા ઘર ઘર બહને દો.. ॥૧॥
અહિંસા પરમો ધર્મ અપના, જયણા અપની માતા હૈ, (૨)
દેવ ગુરુ ઔર ધર્મ દિખાએ, સચ્ચા માર્ગ વો હોતા હૈ; (૨)
સચ્ચી શ્રદ્ધા દિલ મેં હો તો, પરમાત્મા સમ હોતા હૈ,
જા જમાને કો દિખા દે, સચ્ચા સુખ ક્યા હોતા હૈ... ॥૨॥



(૫) વંદે શાસનમ્...

વંદે શાસનમ્... વંદે શાસનમ્...
વંદે શાસનમ્.. વંદે શાસનમ્...
ઓ વીર તારું શાસન મુજને પ્રાણ થકી પણ પ્યારું,
તારા શાસન કાજે જીવી ફીટવાની હિંમત ધારું,
તારા શાસન કાજે મરી ફીટવાની હિંમત ધારું...
વંદે શાસનમ્ (૨) ॥૧॥

વૈશાખ સુદ અગિયારસ દિવસે, શાસન સ્થાપ્યું તેં તો,
ભવ તરવા કાજે એ નાવડુ, તરતું મૂક્યું તેં તો,
જન્મ્યા અમે જિનશાસન માંહી, ગૌરવ એનો ધારું...
વંદે શાસનમ્ (૨) ॥૨॥

ચોર લુટારા ડાકુ તર્યા, તારા આ શાસનથી,
આશા છે નિશ્ચય અમે તરશું, ભીમ ભયંકર ભવથી,
લોહી તણા આ બુંદે બુંદે, શાસન પ્રેમ વધારું...
વંદે શાસનમ્ (૨) ॥૩॥

જિનશાસનની રક્ષા કાજે, કુરબાની છે મારી,
અંગે અંગે વ્યાપી રહી છે, જિનશાસન ખુમારી,
પ્રાણ અમારો ઋણ તમારું, હે વીર શાસન તારું...
વંદે શાસનમ્ (૨) ॥૪॥

વિષય કેરી આગ ને ઠારે, શાસનરુપી પાણી,
પાપી ને પણ પુનિત કરતી, વીરની મધુરી વાણી,
રગ રગ માંહી નસ નસ માંહી, વસજો શાસન તારું...
વંદે શાસનમ્ (૨) ॥૫॥

જુગ જુગ સુધી જગ હિતકાજે, જીવો આ જીનશાસન,
એના ચરણે ધરશુ અમે આ, તન મનને નર જીવન,
શાસન કેરી જ્યોતિ કાપે, પાપ તણું અંધારું...
વંદે શાસનમ્ (૨) ॥૬॥

શાસન કેરી ભક્તિ કરતાં, દેહ ભલે છુટી જાતો,
મોત મળે શાસન ખાતર તો, અંગે હરખ ન માતો,
જયવંતુ જિનશાસન પામી, લાગે જગ આ ખારું...
વંદે શાસનમ્ (૨) ॥૭॥

(૬) શાસન મેરે શાસન મેરે આબાદ રહે તું...

(રાગ : એ વતન વતન મેરે આબાદ રહે તું...)

શાસન મેરે શાસન મેરે આબાદ રહે તું,
શાસન મેરે શાસન મેરે મેરી જાન હૈ રે તું,
મોક્ષમાર્ગ કી હી એક પહચાન હૈ તું,
શાસનમ્ જિન શાસનમ્... ॥૧॥
તું હી મેરી મંઝિલ હૈ પહચાન તુઝી સે (૨),
રહું મૈં જહાં ભી મેરી બુનિયાદ રહે તું (૨), શાસન મેરે૦...॥૨॥
તુઝપે કોઈ ગમ કી આંચ આને નહીં દૂં(૨)
કુર્બાન મેરી જાન તુઝ પે શાદ હે તું. શાસન મેરે૦...॥૩॥





(૭) રજા આપો હવે દાદા!..

(રાગ : તમે આંખે કર્યું...)

રજા આપો હવે દાદા!, અમારી વાત થઈ પૂરી,
અધૂરી વાત છે તોયે, આ મુલાકાત થઈ પૂરી. અમારી૦॥૧॥
કર્યાં કામણ તમે એવાં, અમે તારા બની બેઠા,
તમારી પ્રીતમાં ઘાયલ, અમે ઘેલા બની બેઠા,
તમે આધાર થઈ બેઠા, અમે લાચાર થઈ બેઠા. અમારી૦॥૨॥
તમે સરિતા તણી લહેરો, તમે સાગર ઘણો ગહેરો,
તમારા સ્મિતનાં પુષ્પો, અને ઝાકળ ભીનો ચહેરો,
તમારા મુખને જોયું, હવે ફરિયાદ થઈ પૂરી. અમારી૦॥૩॥
સ્મરણ તારું હંમેશાં દે, મરણ ટાણે સમાધિ દે,
રહે નિર્લેપતા સુખમાં, અને દુઃખમાં દિલાસો દે,
ફક્ત જો આટલું આપો, અમારી માંગણી પૂરી. અમારી૦॥૪॥
ઉદય વિનવે છે કર જોડી, ફરી આવીશ હું દોડી,
ઝુકાવી આંખને અમથી, રજા આપો હવે થોડી,
જવાનું મન નથી થાતું, અમારી આજ મજબૂરી. અમારી૦॥૫॥
દીવાઓ સાવ બૂઝયા, તેલ ખૂટ્યું, રાત થઈ પૂરી. અમારી૦
અમારો કંઠ થાક્યો, ગાન થંભ્યું, વાત થઈ પૂરી... અમારી૦
તમે મોક્ષે જઈ બેઠા, અમે સંસાર લઈ બેઠા... અમારી૦
અધૂરી વાત થઈ પૂરી, મધુરી વાત થઈ પૂરી. અમારી૦॥૬॥

સજ્ઝાય વિભાગ

(૧) જગત હૈ સ્વાર્થ કા સાથી...

જગત હૈ સ્વાર્થ કા સાથી, સમજ લે કૌન હૈ અપના
યે કાયા કાચકા કુંભા, નાહક તું દેખ કે ફૂલતા,
પલક મેં ફૂટ જાવેગા, પત્તા જ્યું ડાલસે ગિરતા. જગત૦॥૧॥
મનુષ્યકી એસી જીંદગાની, અબી તુ ચેત અભિમાની;
જીવનકા ક્યા ભરોસા હૈ? કરી લે ધર્મકી કરણી. જગત૦॥૨॥
ખજાના, માલને મિલ્કત, ક્યું કહેતાં મેરા મેરા તું?
ઈહાં સબ છોડ જાના હે, ન આવે સાથ અબ તેરા. જગત૦॥૩॥
કુટુંબ-પરિવાર-સુત-દારા, સુપન સમ દેખ જગ સારા;
નીકલ જબ હંસ જાવેગા, ઉસી દિન હે સભી ન્યારા. જગત૦॥૪॥
તરે સંસાર સાગર કો, જપે જો નામ જિનવર કો;
કહે '**ખાંતિ**' વહી પ્રાણી, હટાવે કર્મ જંજીર કો. જગત૦॥૫॥

(૨) ધર્મ દૃઢતાની સજ્ઝાય...

(રાગઃ તું પ્રભુ મારો, હું પ્રભુ તારો...)

જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી;
કેવા વ્રતધારી આગે થયા નરનારી રે;
થયા નરનારી તેને વંદના હમારી. જુઓ૦॥૧॥
જુઓ જુઓ જંબૂસ્વામી, બાળ વયે બોધ પામી;
તજી ભોગ રિદ્ધિ જેણે, તજી આઠ નારી. જુઓ૦॥૨॥
ગજસુકુમાલ મુનિ, ધખે શિર પર ધૂણી;
અડગ રહ્યા તે ધ્યાને, ડગ્યા ના લગારી. જુઓ૦॥૩॥

કોશ્યાના મંદિર મધ્યે, રહ્યા મુનિ સ્થૂલભદ્ર;
વેશ્યા સંગ વાસો તોયે, થયા ના વિકારી. જુઓ૦॥૪॥
સતી તે રાજુલ નારી,જગમાં ન જોડી એની;
પતિવ્રતા કાજે કન્યા, રહી તે કુંવારી. જુઓ૦॥૫॥
જનક સુતા તે સીતા, બાર વર્ષ વનમાં વીત્યા;
ઘણું કષ્ટ વેઠ્યું તોયે, ડગ્યા ના લગારી. જુઓ૦॥૬॥
ધન્ય ધન્ય નરનારી, એવી દૃઢ ટેક ધારી;
જીવિત સુધાર્યું જેણે, પામ્યા ભવ પારી. જુઓ૦॥૭॥
એવું જાણી સુજ્ઞ જનો, એવા ઉત્તમ આપ બનો;
'વીરવિજય' ધર્મ પ્રેમે, દીએ ગતિ સારી. જુઓ૦॥૮॥

(3) ક્રોધની સજ્ઝાય...

કડવા ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસતણો રસ જાણીએ, હલાહલ તોલે. ॥૧॥
ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફળ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. ॥૨॥
સાધુ ઘણો તપીઓ હતો, ધરતો મન વૈરાગ;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીયો નાગ. ॥૩॥
આગ ઊઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ નવિ મળે તો, પાસેનું પરજાળે. ॥૪॥
ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવળ નાણી;
હાણકરે જે હેતની જાળવજો એમ જાણી. ॥૫॥
'ઉદયરત્ન' કહે ક્રોધને, કાઢજો ગળે સાહી;
કાયા કરજો નિર્મળી, ઉપશમ રસે નાહી. ॥૬॥

અનુક્રમણિકા-૨ (પ્રાચીન સ્તવનો અકારાદિ ક્રમે)

અંતરજામી સુણ અલવેસર...	૨૨૦
અખિયાં દરિશન કી હૈ...	૨૨૧
અખિયાં હરખણ લાગી...	૨૨૧
અજબ બની રે મેરે...	૧૦૨
અજિત અજિતજિન...	૭૮
અજિત જિણંદ દયા કરો રે...	૭૯
અજિત જિણંદશું પ્રીતડી...	૮૦
અજિત જિણંદા!...	૮૦
અજિત જિણેસર ચરણની...	૮૧
અજિત જિનેશ્વર સાંભળો રે...	૮૧
અનંત જિનરાજના ચરણાની...	૧૪૬
અનંત પ્રભુ કે આશ કી...	૧૪૭
અનંતવિરજ અરિહંત!...	૩૦૦
અબ મેં સાચો સાહિબ...	૩૦૨
અબ મોહે! ઐસી આય...	૨૨૨
અબોલડાં શાના લીધાં છે...	૩૦૨
અભિનંદન જિન દરિસણ...	૯૨
અભિનંદન સ્વામી હમારા...	૯૩
અર જિનવર દીયે દેશના...	૧૮૧
અરજ સુણો હો નેમ...	૨૦૪
અરનાથકું સદા મોરી...	૧૮૦
અષ્ટ ભવાંતર વાલહો રે...	૨૦૫
અહા! કેવું ભાગ્ય જાગ્યું...	૨૫૬
અહો ભવિ પ્રાણી રે...	૩૩૮
અહો શ્રી સુમતિ જિન...	૯૭
અહો! અહો! પાસજી!...	૨૨૨
આઈ બસો ભગવાન...	૨૨૩
આજ જિનરાજ મુજ...	૨૮૪
આજ જિનરાજ! મુજ કાજ...	૨૫૭
આજ મનોરથ માહરો...	૨૨૪
આજ મારા પ્રભુજી સામું...	૩૦૩
આજ મારાં નયણાં સફળ...	૩૮
આજ સફલ દિન મુજ તણો...	૧૯૧
આનંદ કી ઘડી આઈ...	૩૦૪
આવ આવ રે માહરા મનડા...	૨૫૮
ઊંચા ઊંચા શત્રુંજયનાં...	૩૮
ઋષભ જિણંદ દયાલ રે...	૬૨
ઋષભ જિણંદશું પ્રીતડી...	૬૨
ઋષભ જિણંદા ઋષભ...	૬૩
ઋષભ જિનરાજ મુજ આજ...	૬૩
ઋષભ જિનેશ્વર પ્રીતમ...	૬૫
ઋષભદેવ હિતકારી...	૬૫
એક દિન પુંડરીક...	૫૭
એકવાર બોલો મારાં નાથ...	૨૦૭
એકવીસમા જિન આગલેજી...	૧૯૭
ઐસી દશા હો ભગવન...	૩૯
ઓલગડી અવધારો...	૨૨૪
ઓલગડી તો કીજે ...	૧૯૨
કરુણાયર પ્રભુ વીનવું રે...	૧૪૮
કરુણાસાગર જીવજીવન...	૨૫૯
કુંથુ જિનેશ્વર જાણજો રે...	૧૭૪
કુંથુ જિનેશ્વર સાચો દેવ...	૧૭૫
કુંથુ જિનેશ્વર સાહિબ...	૧૭૬
કોયલ ટહુંકી રહી મધુવન...	૨૨૫
ક્યું કર ભક્તિ કરું...	૩૦૫
ક્યું જાણું કયું બની આવશે...	૯૩

ક્યું ન ભયે હમ મોર... ૪૦
ક્યું ન હો સુનાઈ સ્વામી... ૧૦૭
ક્ષણ ક્ષણ સાંભરો શાંતિ... ૧૬૧
ગઢ ગિરનારે જઈ રહ્યા રે... ૨૦૭
ગિરિરાજકું સદા મોરી વંદના... ૪૩
ગિરિવર દરિસણ વિરલા પાવે... ૪૦
ગિરુઆ રે ગુણ તુમ તણા... ૨૬૦
ગોયમ કહે સુણો વીરજી રે... ૨૬૦
ચંદ્રપ્રભ ચિત્તમાં વસ્યા... ૧૧૨
ચંદ્રપ્રભ જિન સાહિબા રે... ૧૧૩
ચંદ્રપ્રભની ચાકરી નિત્ય... ૧૧૩
ચઉમાસી પારણું આવે... ૨૬૧
ચિત્ત સમરી શારદા... ૨૨૬
છેલ્લો બોધ આપી... ૨૬૨
જઈને રહેજો મારા વાલાજી... ૨૦૮
જગ જનમન રંજે રે... ૧૬૨
જગચિંતામણિ જગગુરુ... ૬૬
જગજીવન જગવાલહો... ૬૭
જગત દિવાકર જગત... ૧૬૩
જગપતિ તું તો દેવાધિદેવ!... ૨૬૨
જય! જય! પાસ જિણંદા... ૨૨૭
જિણંદા! વે દિન ક્યું... ૩૦૫
જિન તેરે ચરણ કી શરણ... ૩૦૬
જિનજી ત્રેવીશમો જિન પાસ... ૨૧૯
જ્ઞાન અનંતુ તાહરે રે... ૧૪૮
જ્ઞાનાદિક ગુણ સંપદા રે... ૮૨
જ્ઞાની વિણ કિણ આગળ... ૧૭૬
તમે મહાવિદેહ જઈને... ૨૮૫
તાર તુજ તાર મુજ... ૨૨૭
તાર મુજ તાર મુજ તાર... ૧૬૪
તાર હો તાર પ્રભુ મુજ... ૨૬૩
તારક બિરુદ સુણી કરી... ૧૩૦
તારજો દીન દયાળ... ૧૩૫
તારા નયના રે પ્યાલા... ૨૨૮
તારી મૂરતિએ મન મોહ્યું રે... ૨૮૬
તારી મૂરતિનું નહિ... ૨૨૯
તારે વયણે મનડું વીંધ્યું રે... ૨૬૪
તાહરી અજબશી યોગની... ૧૧૮
તું ગત મેરી જાને જિનજી... ૮૩
તું પારંગત તું પરમેશ્વર... ૧૬૫
તું પ્રભુ મારો હું પ્રભુ... ૨૩૦
તુજ મુખ સન્મુખ નિરખતાં... ૧૨૫
તુમ દરિસણ ભલે પાયો... ૬૭
તુમે બહુ મૈત્રી રે સાહેબા... ૧૩૧
તેરો દરશ મન ભાયો... ૨૬૪
તો બિન ઓર ન જાચું... ૩૦૬
તો શું પ્રીત બંધાણી... ૨૬૫
તોરણ આવી રથ ફેરી ગયા... ૨૦૯
થાશું પ્રેમ બન્યો છે રાજ... ૧૫૩
દાદા આદીશ્વરજી દૂરથી... ૬૮
દિલ ભરી દરિશન પાઉં કે... ૧૯૩
દિલભર દરશન પાઉં રે... ૧૯૮
દિલરંજન જિનરાજજી રે... ૯૯
દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ... ૯૪
દીઠો સુવિધિ જિણંદ... ૧૧૯
દીન દુખિયાનો તું છે... ૨૬૬
દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે... ૧૪૧
દેખણ દે રે સખી! મુને... ૧૧૪
દેખત હી ચિત્ત ચોર લિયો... ૨૦૯
દેખો માઈ! અજબ રુપ... ૨૧૦
દ્વારાપુરીનો નેમ રાજિયો... ૨૧૦
ધન દિન વેળા ધન ઘડી તેહ... ૧૬૬
ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી... ૨૮૭
ધરમ જગનાથનો ધર્મ... ૧૫૪
ધરમ પરમ અરનાથનો... ૧૮૧
ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું... ૧૫૫
ધર્મ જિનેશ્વર ધર્મધુરંધર... ૧૫૭
ધર્મ જિનેશ્વર સુણ... ૧૫૭
ધાર તલવારની સોહિલી... ૧૪૯
ધ્રુવપદ રામી!... ૨૩૦

નવપદ ધરજો ધ્યાન... ૩૩૯
ના રે પ્રભુ નહિ માનું... ૨૬૭
નાભિરાયા વંશે વારું... ૬૮
નિત્ય સમરું સાહિબ... ૨૩૨
નિરંજન નાથ મોહે... ૩૦૬
નિરખી નિરખી તુજ બિંબને... ૧૦૮
નિરખ્યો નેમિ જિણંદને... ૨૦૪
નીલુડી રાયણ તરુ તળે... ૫૫
નેમજી રે... તોરણે... ૨૧૧
નેમિ જિનેશ્વર નિજ... ૨૧૧
નેમિ નિરંજન નાથ... ૨૧૨
પંચમ સુરલોકના વાસી રે... ૧૮૬
પંથડો નિહાળું રે... ૮૩
પદ્મપ્રભ જિન જઈ અલગા... ૧૦૩
પદ્મપ્રભ જિન! તુજ મુજ... ૧૦૩
પદ્મપ્રભ પ્રાણ સે પ્યારા... ૧૦૪
પરમાતમ પૂરણકલા... ૨૧૩
પરમાનંદ વિલાસી... ૩૦૭
પાયોજી! મૈંને તેરો... ૩૦૭
પારસનાથ આધાર... ૨૩૩
પાર્શ્વ જિણંદા વામાજી... ૨૩૩
પાર્શ્વ જિન! તાહરા... ૨૩૪
પાસ શંખેશ્વરા સાર... ૨૩૪
પુષ્કલવઈ વિજયે જયો રે... ૨૮૮
પૂજના તો કીજે રે બારમા... ૧૩૬
પ્યારા સીમંધર સ્વામી... ૨૮૮
પ્રણમું પદ પંકજ પાસના... ૨૩૫
પ્રણમો શ્રી અરનાથ... ૧૮૨
પ્રથમ જિનેશ્વર પ્રણમીએ... ૬૧
પ્રભાતે ઊઠી કરું વંદના રે... ૨૮૯
પ્રભુ જગજીવન જગબંધુ... ૨૩૬
પ્રભુ તુજ દરિશન મળીયો... ૯૫
પ્રભુ તુજ નામ છે નાથ... ૧૫૦
પ્રભુ તેરી મૂરતિ મોહનગારી... ૧૦૫
પ્રભુ પાર્શ્વ જિણંદ સદા... ૨૩૭
પ્રભુ મલ્લિજિણંદ શાંતિ... ૧૮૭
પ્રભુ મેરે ઐસી આય... ૩૦૮
પ્રભુ! તાહરો તાગ... ૧૮૩
પ્રભુ! તેરે નયન કી બલિહારી... ૯૬
પ્રભુજી! તુમ દીઠે... ૩૦૮
પ્રભુજી! મુજ અવગુણ... ૧૪૨
પ્રીતલડી બંધાણી રે વિમલ... ૪૧
પ્રીતલડી બંધાણી રે... ૮૪
બાપલડા રે પાતિકડા તુમે... ૪૨
બાલુડો નિઃસ્નેહી થઈ ગયો રે... ૭૦
બાળપણે આપણ સસનેહી... ૬૯
બેર બેર નહિ આવે... ૩૦૯
ભક્તવત્સલ પ્રભુ સાંભળો રે... ૭૦
ભક્તિ સદા સુખદાઈ... ૩૦૯
ભરતની પાટે ભૂપતિ રે... ૪૩
ભવજલ પાર ઉતાર... ૨૩૭
ભવિયણ વંદો ભાવશું રે... ૨૧૪
ભેટીએ ભેટીએ... ૨૩૮
મન મોહ્યું પ્રભુ ગુણ... ૩૧૦
મનડું કિમહિ ન બાજે હો... ૧૭૭
મનના મનોરથ સવિ ફળ્યા એ... ૪૪
મનમંદિર મોહન આવીયે... ૨૬૭
મનમોહન પ્રભુ પાસજી... ૨૩૮
મલ્લિ જિણંદ સદા નમીયે... ૧૮૭
મલ્લિ જિણેસર મુજને... ૧૮૮
મલ્લિનાથ જગનાથ ... ૧૮૮
મહાવીરસ્વામી રે વિનંતી... ૨૬૮
માતા ત્રિશલાનંદ કુમાર... ૨૬૯
માતા મરુદેવીના નંદ... ૭૧
મારા સાહિબ! શ્રી અરનાથ... ૧૮૪
મારી નાવલડી મઝધાર... ૩૧૦
મારું મન મોહ્યું રે... ૪૫
મારો મુજરો લ્યોને રાજ... ૧૬૬
મુખ ખોલ જરા... ૨૩૯
મુજ ઘટ આવજો રે નાથ... ૧૧૫

મુજ મન પંકજ ભમરલો... ૧૯૮
મુજ મન ભમરો... ૧૦૯
મુજ મનડામાં તું વસ્યો રે... ૧૨૬
મુજ સરીખા મેવાસી ને... ૨૩૯
મુજરો લ્યોને માહરો સાહિબા... ૮૬
મુનિસુવ્રત જિન વંદતાં... ૧૯૪
મુનિસુવ્રત જિનરાય... ૧૯૩
મુનિસુવ્રત મન મોહ્યું મારું... ૧૯૫
મૂરતિ હો પ્રભુ મૂરતિ... ૧૫૧
મેરે પ્રભુશું પ્રગટ્યો... ૩૧૧
મેરે સાહિબ તુમ હિ હો... ૨૪૦
મેરો પ્રભુ પારસ... ૨૪૧
મેરો મન! કિતહી ન લાગે... ૧૩૧
મેરો મન! હરખે પ્રભુ... ૩૧૨
મૈં આજ દરિસણ પાયા... ૨૧૫
મૈં કીનો નહીં... ૧૨૦
યાત્રા નવ્વાણું કરીએ... ૪૫
રાધા જેવા ફૂલડાં ને... ૨૪૧
રીઝો રીઝો શ્રી વીર દેખી.... ૩૩૪
રુડી ને રઢિયાળી રે... ૨૭૦
લઘુ પણ હું તુમ મન નવિ... ૧૨૧
લાગી રે મુને! ધર્મ... ૧૫૮
લાગ્યો લાગ્યો પ્રભ શું નેહ... ૯૯
વર્ધમાન જિનવરના... ૨૭૧
વામાનંદન જગદાનંદન... ૨૪૨
વામાનંદન વંદના... ૨૪૨
વાસુપૂજ્ય જિન... ૧૩૬
વાસુપૂજ્ય જિન ત્રિભુવન... ૧૩૭
વિનંતી કૈસે કરું... ૩૧૨
વિમલ જિન વિમલતા... ૧૪૩
વિમલ જિનેશ્વર જગતનો... ૧૪૩
વિમલ જિનેશ્વર મુજ... ૧૪૪
વિમલગિરિ વંદો રે... ૪૭
વિમલગિરિ વિમલતા સમરીયે... ૪૬
વિમલગિરિ શિખર સુંદર... ૪૬
વિમલનાથ મુજ મન વસે... ૧૪૪
વિમલાચલ નિતુ વંદીએ... ૪૮
વિરહ સે ભયો રે ઉદાસી... ૨૭૧
વીર જિણંદ જગત... ૨૭૨
વીર જિનેશ્વર ચરણે... ૨૭૨
વીર વડ ધીર મહાવીર... ૨૭૩
વીર વહેલા આવો રે... ૨૭૪
વીર વિણ વાણી કોણ... ૨૭૬
વીરજી સુણો એક... ૨૭૬
શત્રુંજય ગઢના વાસી રે... ૪૮
શરણ તુમારે આયો... ૨૪૩
શા માટે સાહિબ... ૨૪૪
શાંતિ જિન એક મુજ... ૧૬૭
શાંતિ જિનેશ્વર સાચો... ૧૬૮
શાંતિ જિનેશ્વર સાહિબા રે... ૧૬૮
શાંતિ! તેરે લોચન હૈ... ૧૬૯
શાસન નાયક વીરજી... ૩૩૦
શાસન નાયક શિવસુખ દાયક... ૨૫૫
શીતલ જિન મોહે પ્યારા... ૧૨૬
શીતલ જિનપતિ પ્રભુતા... ૧૨૭
શીતલ જિનપતિ લલિત... ૧૨૮
શુભ વેળા શુભ અવસરે... ૮૫
શોભા શી કહું રે શેત્રુંજા તણી... ૪૯
શ્રી અનંતજિન શું કરો... ૧૫૨
શ્રી અરજિન ભવજલનો... ૧૮૫
શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા... ૧૧૫
શ્રી ચિંતામણી પ્રભુ... ૨૪૪
શ્રી જગનાથ જગગુરુ દેવ રે... ૭૨
શ્રી જિનવરને પ્રગટ થયું રે... ૩૨૭
શ્રી નમિ જિનવર સેવ... ૧૯૯
શ્રી નમિજિનની સેવા કરતાં... ૧૯૯
શ્રી નમિનાથને ચરણે... ૨૦૦
શ્રી પદ્મપ્રભ જિન ગુણનિધિ... ૧૦૫
શ્રી પદ્મપ્રભના નામને રે... ૧૦૬
શ્રી મુનિસુવ્રત સાહિબા રે... ૧૯૫

શ્રી વાસુપૂજ્ય નરિંદનોજી... ૧૩૮
શ્રી શંકર ચંદ્રપ્રભ રે લો... ૧૧૬
શ્રી શંખેશ્વર નિજ રંગી... ૨૪૫
શ્રી શાંતિ જિનેશ્વર દીઠો... ૧૬૯
શ્રી શીતલજિન ભેટીએ... ૧૨૮
શ્રી શ્રેયાંસ કૃપા કરો... ૧૩૨
શ્રી શ્રેયાંસ જિન અંતરજામી... ૧૩૨
શ્રી શ્રેયાંસ જિન સાહિબા... ૧૩૩
શ્રી શ્રેયાંસ પ્રભુ તણો... ૧૩૪
શ્રી સંભવ જિનરાજજી રે... ૮૭
શ્રી સંભવજિન સાથે મેં તો... ૮૭
શ્રી સીમંધર જિનવર સ્વામી... ૨૯૦
શ્રી સીમંધર વિનંતી... ૨૯૦
શ્રી સીમંધર સાહિબા સુણો... ૨૯૧
શ્રી સીમંધર સાહિબા હું કેમ... ૨૯૨
શ્રી સીમંધર સાહિબા... ૨૯૧
શ્રી સીમંધરસ્વામી મુક્તિના... ૨૯૩
શ્રી સુપાસ આનંદમેં... ૧૦૯
શ્રી સુપાસ જિન વંદીએ... ૧૧૦
શ્રી સુપાસ જિનરાજ... ૧૧૧
ષટ્દરશણ જિન અંગ... ૨૦૧
સંભવ જિન જબ... ૮૮
સંભવ જિનવર ખુબ બન્યો રે... ૮૯
સંભવ જિનવર વિનંતી... ૯૦
સંભવદેવ તે ધુર સેવો સવે રે... ૯૦
સકલ સમતા સુરલતાનો... ૩૧૩
સમકિત દાતા સમકિત આપો... ૯૧
સમય સમય સો વાર... ૨૪૫
સમરથ સાહિબ સમતા દરિયો... ૭૨
સમવસરણ બેસી કરી રે... ૧૭૮
સરસ્વતી સ્વામીને પાયે... ૨૭૭
સહજ ગુણ આગરો... ૨૪૬
સાર કર સાર કર સ્વામી... ૨૪૭
સાહિબા જિનરાજ હમારા... ૧૩૮
સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ! ૧૭૯
સિદ્ધગિરિ મંડણ પાય નમીજે... ૭૩
સિદ્ધાચલ શિખરે દીવો રે... ૫૦
સિદ્ધાચલગિરિ ભેટ્યા રે... ૫૧
સિદ્ધાચલના વાસી... ૫૨
સિદ્ધાચલનો વાસી પ્યારો... ૫૨
સિદ્ધારથના રે નંદન... ૨૭૮
સીમંધર જિન વંદીએ... ૨૯૪
સુખદાઈ રે સુખદાઈ... ૨૪૮
સુગુણ સુગુણ સૌભાગી... ૭૪
સુણ સુગુણ સનેહી... ૨૭૯
સુણજો સાજન સંત... ૩૩૨
સુણો ચંદાજી! સીમંધર... ૨૯૪
સુણો પાર્શ્વ જિનેશ્વર... ૨૪૯
સુણો શાંતિ જિણંદ!... ૧૭૦
સુણો શાંતિ જિનેશ્વર... ૧૭૧
સુણો સુવિધિ જિણંદ... ૧૨૨
સુમતિ ચરણકજ આતમ... ૧૦૦
સુમતિનાથ ગુણશું મિલીજી... ૧૦૦
સુરજમંડન પાર્શ્વ જિણંદા... ૨૫૦
સુવિધિ જિણંદ મુજ... ૧૨૩
સુવિધિ જિણેસર પાય નમીને... ૧૨૪
સેવક કિમ અવગણીએ હો... ૧૮૯
સેવો ભવિયાં વિમલ... ૧૪૫
સોળમાં શાંતિ જિનેશ્વર દેવ કે... ૧૬૦
સ્વામી તુમે કાંઈ કામણ... ૧૩૯
હમ મગન ભયે પ્રભુ ... ૧૭૨
હમ લીને હે પ્રભુ... ૩૧૩
હું તો પામ્યો પ્રભુના પાય રે... ૭૫
હે પ્રભુ! પાર્શ્વ... ૨૫૦
હો અવિનાશી! નાથ... ૨૫૧
હો જિનવરજી અબ મેરે... ૧૪૦
હો મન! તે તો કર્યું જિન... ૧૦૧

સવાર-સાંજના પચ્ચક્ખાણ



સવારના પચ્ચક્ખાણ

નવકારશી-મુટ્ઠિસહિઅંઃ ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ)

પોરિસિ-સાઢ્ઢપોરિસિ-પુરિમઢ્ઢ-અવઢ્ઢઃ ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢં, અવઢ્ઢં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ)

આયંબિલ-નીવિ-એકાસણું-બિયાસણુંઃ ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢં, અવઢ્ઢં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં, આયંબિલં, નિવ્વિગઇઅં વિગઇઓ પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્ત-વિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં, એગાસણં, બિયાસણં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), તિવિહંપિ, આહારં, અસણં, ખાઇમં, સાઇમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ (વોસિરામિ)

ચઉવિહાર ઉપવાસઃ સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ)

તિવિહાર ઉપવાસઃ સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં, પાણહાર, પોરિસિં, સાડ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમટ્ઠં, અવડ્ઢં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ, (પચ્ચક્ખામિ), અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણવા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ (વોસિરામિ)

દેશાવગાસિકઃ દેસાવગાસિયં, ઉવભોગં, પરિભોગં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ)

સાંજના પચ્ચક્ખાણો

પાણહારઃ પાણહાર દિવસચરિમં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ)

ચઉવિહાર–તિવિહાર–દુવિહારઃ દિવસચરિમં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખાઇ), ચઉવિહંપિ, આહારં, તિવિહંપિ આહારં, દુવિહંપિઆહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ)

મુટ્ઠિસિઃ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ)

મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ પારવાનું સૂત્રઃ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ ફાસિઅં પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડં.

તિવિહાર ઉપવાસ પચ્ચક્ખાણ પારવાનું સૂત્રઃ સૂરે ઉગ્ગએ ઉપવાસ કર્યો તિવિહાર, પોરિસિ, સાઢપોરિસિ, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢ, અવડ્ઢ, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાણ કર્યું પાણહાર પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં, તસ્સ મિચ્છા મિ દુક્કડં.

(એકથી વધારે ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું હોય તો બીજા દિવસે
'પોરિસીથી...મિચ્છામિ દુક્કડં' સુધીનો પાઠ બોલવો)

આયંબિલ-નીવિ-એકાસણું-બિયાસણું પારવાનું સૂત્રઃ ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિ, સાઢપોરિસિ, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાણ કર્યું ચઉવિહાર, આયંબિલ-નીવિ-એકાસણું-બિયાસણું પચ્ચક્ખાણ કર્યું તિવિહાર, પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં, તસ્સ મિચ્છામિ દુક્કડં.



આજ્ઞાહીનં, ક્રિયાહીનં,
મંત્રહીનં ચ યત્કૃતમ્ ।
તત્સર્વં કૃપયા દેવ!,
ક્ષમસ્વ પરમેશ્વર! ॥

કેવા તું કામણ કરે

'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે..'
આ છે પૂ. આનંદઘનજી ભગવંત ની
પ્યારી વાણી.

પ્રભુ છે પ્રિયતમ.
'મને એ જ વ્હાલો, એ જ વ્હાલો.
બીજું કોઈ નહિ વ્હાલું, બીજું કશું
નહિ વ્હાલું...
પ્રભુને પ્રિયતમ બનાવવા માટેનું પહેલું
પગથિયું: 'કેવા તું કામણ કરે, તુજ
વિણ બીજું ના ગમે..'

PARMESHWAR STUDIOS
+91 9901754118